G.U.P. 1109–450–1–'77

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની જાન્યુઆરી માસની સભા, શનિવાર, તા. ૮-૧-૧૯૭૭ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. અધ્યક્ષસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૮-૧-૧૯૭૭
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણ સંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહ	હાજર
૫.	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ	ગેરહાજર
૬.	શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર
૭.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય સંતપ્રસાદ રણછોડલાલ ભટ્ટ	હાજર
૧૦.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૧.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૨.	શ્રી નરહરિ મૂળજીભાઈ પરીખ	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	ડૉ. પી પી. મહેતા	હાજર
૧૫.	શ્રી. રમેશચંદ્ર મણિલાલ શાહ	હાજર
૧૬.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૧૭	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ	હાજર
૧૮.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

સભાનું કામકાજ શરૂ કરતાં પહેલાં કુલપતિશ્રીએ એકિઝકયુટિવ કાઉન્સિલના સૌ સભ્યોને આવકાર આપીને તેમના સાથ અને સહકારથી યુનિવર્સિટીની વિદ્યાપ્રવૃત્તિઓનું કામકાજ સુમેળે ચાલશે તેવી આશા વ્યક્ત કરી.

તે પછી યાદી પરનાં કામકાજ હાથ ધરવામાં આવ્યાં.

૧. તા. ૯-૧૧-૧૯૭૬ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૯–૧૧–૧૯૭૬ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) પૃષ્ઠ ૧૧ : બાબત નં. ૨૮ હેઠળની નોંધ ત્યાંથી રદ કરીને બાબત નં. ૨૭ હેઠળ મૂકવી.

(૨) પૃષ્ઠ ૨૧ અને ૨૨ : એકેડેમિક કાઉન્સિલની ભલામણો છપાઈ નથી તે પરિશિષ્ટ "ક" તરીકે ઉમેરી લેવી.

(૩) પૃષ્ઠ ૫ : બાબત નં. ૭૦ના પાઠમાં ઇન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ કેમિસ્ટ્રીના વિષયમાં બે રીડરની જગ્યાઓ દર્શાવવામાં આવેલી છે તે જગ્યાઓ પૈકી એક જગ્યા માઇક્રો-એનાલિસિસ માટે અને બીજી બાયો-ફાર્માસ્યુટિકલ માટે એમ સ્પષ્ટતા કરવી, અને પોલિમર સાયન્સના વિષય માટે જે શિક્ષકોની જગ્યાઓ દર્શાવવામાં આવેલી છે તે હેઠળ નીચેની નોંધ ઉમેરવી :

'Preference will be given to candidates having Engineering/ Technology background.'

૨. ૧૯૭૬–૭૯ના ચાલુ ત્રિવાર્ષિક ગાળા માટે ગુજરાત સરકારે તેમના ઠરાવ નં. યુ.એચ.જી. ૧૧૭૩–૧૦૭૪૭ (૭૬)—કેએચ, તા. ૨૬–૧૧–૧૯૭૬થી ગુજરાત યુનિવર્સિટીને ફર્નિચર અને ઈકિવપમેન્ટ માટે વાર્ષિક રૂા. ૫૦,૦૦૦ લેખે વધારાની બ્લૉક ગ્રાન્ટ મંજૂર કરી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ફર્નિચર અને ઇકિવપમેન્ટની બાબતમાં આ યુનિવર્સિટીની વધતી જતા જરૂરિયાત અંગે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરીને તે અંગે વધારાની બ્લૉક ગ્રાન્ટ મંજૂર કરવા માટે વિનંતી કરવી.

૩. ગુજરાત રાજ્ય સરકારશ્રી તરફથી નીચે જણાવેલ યુનિવર્સિટી છાત્રાલયો માટેના ફર્નિચરની ખરીદી માટે રૂા. ૭૪,૬૮૯-૦૦ની ગ્રાન્ટ મંજૂર કર્યા અંગેના સરકારશ્રીના

મેમો ક્રમાંક યુ.એસ.જી. ૧૧૭૪-૧૭૭૪-ખ, તા. ૩-૧૧-૧૯૭૬ની નોંધ લેવા બાબત :

નં.	છાત્રાલયની વિગત.	
૧.	૯૬ વિદ્યાર્થીઓના છાત્રાલય માટે	રૂ. ૩૯,૬૦૦-૦૦
૨.	૫૦ અનુ. વિદ્યાર્થીઓના છાત્રાલય માટે	રૂ. ૧૯,૫૭૫-૦૦
૩.	૫૦ અનુ. વિદ્યાર્થિનીઓના છાત્રાલય માટે	રૂ. ૧૫,૫૧૪-૦૦
		રૂ. ૭૪,૬૮૯-૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪. ચોથી પંચવર્ષાય યોજનાં હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં સુધારવામાં આવેલાં પગારધોરણના સંદર્ભમાં રાજ્ય સરકારના તા. ૯-૩-૧૯૭૦ના જી.આર.ની જોગવાઈઓ સામે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં રૂપે. એપ્લિ. નં. ૪૦૨, ૪૪૩, ૬૬૨, ૪૭૪, ૯૫૦, ૭૧૮થી થયેલ ૧૨૮ અરજીઓ નામદાર વડી અદાલતે કાઢી નાખ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫. ફેબ્રુઆરી ૨૨ અને ૨૩, ૧૯૭૭ના સમય દરમિયાન Indian Institute of Geomagnetism "Magnetospheric physics" પર બે દિવસનો પરિસંવાદ મુંબઈ મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૬. ફેબ્રુઆરી ૨૬ થી ૨૮, ૧૯૭૭ના સમય દરમિયાન The Indian Society of International Law, અને ધી ઇન્ડિયન એસોસીએશન ઑફ ઇન્ટરનેશનલ લૉ એન્ડ ડિપ્લોમસીનું ૧૩ મું વાર્ષિક અધિવેશન ન્યૂ દિલ્હી મુકામે યોજાનાર છે તેમાં યુનિ.ના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે, રાખેતા મુજબની શરતોએ, આચાર્ય શ્રી ડી. ડી. દેસાઈને મોકલવા.

૭. જાન્યુઆરી ૨૧ થી ૨૪, ૧૯૭૭ના સમય દરમિયાન Association of Physicians of India વાર્ષિક અધિવેશન બીજાં અન્ય મેડિકલ એસોસિયેશનના સંયુક્ત સાહકારથી કલકત્તા મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે, ૨ ખેતા મુજબની શરતોએ ડૉ. પી. પી. મહેતાને મોકલવા.

૮. **Educated Unemployed Relief Scheme** ના ઉપક્રમે **Director of Manpower, Employment & Training, Gujarat State, Ahmedabad** તરફથી તેઓના તા. ૮-૧૨-૧૯૭૬ના પત્ર ક્રમાંક **TRG-1076-101427**, તા. ૧-૧-૧૯૭૭થી નીચે દર્શાવેલ વિવિધ અભ્યાસક્રમો ચલાવવાની મંજૂરી આપ્યાની નોંધ લેવા બાબત.

અનુ. નં.	કોર્સનું નામ	વિદ્યાર્થીને પ્રવેશ આપવા માટે મંજૂર થયેલી સંખ્યા
1.	Computer Programming-I	30
2.	Office Management	25
3.	Banking Practice & Management	25
4.	Export Business & Management	25
5.	Materials Management	25
6.	Salesmanship & Market Research	30
7.	Language Improvement (English)	30
8.	Industrial Engg. & Management	30
9.	Stenography	30

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૯. **હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી જયકૃષ્ણ ઇન્દ્રજી સંશોધન ઍવોર્ડ ફેાર ઝૂલેાજી-૧૯૭૫**ની નિષ્ણાત સમિતિના એક સભ્ય ડૉ. આર. ડી. આડતિયાની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત.

[નોંધ.—સમિતિના અન્ય સભ્યો નીચે મુજબ છે :

૧. ડૉ. આનંદ સારાભાઈ
૨. ડૉ. એન. બી. દનામદાર
૩. ડૉ. સી. એચ. પાઠક
૪. પ્રો. અજિતરાય ક. માંકડ (હરિ ૐ આશ્રમના પ્રતિનિધિ)]

સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ ઍવોર્ડ માટે મળેલા પ્રદાનનેા ઉપયેાગ યુનિવર્સિટીની સંશેાધન પ્રવૃત્તિઓ કે અન્ય કેાઈ ઉપયેાગી વિદ્યાપ્રવૃત્તિને માટે થઈ શકે તે માટે સદરહુ ટ્રસ્ટના સત્તાવાળાઓ સાથે ઘટતી ચર્ચાવિચારણા કરીને પેાતાનેા લેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યેાની સમિતિ નીમવી :

૧. કુલપતિશ્રી
૨. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ.

દરમિયાન સદરહુ બાબતની વિચારણા મેાકૂફ રાખવી.

૧૦. સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાની ત્રિવાર્ષિક તપાસના અહેવાલ પર વિચારણા કરી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવા માટેની સ્થાયી સમિતિ પરના સભ્યોની મુદત તા. ૧૬-૧૨-૧૯૭૭ના રોજ પૂરી થઈ હોઈ તે સમિતિની પુનર્રચના કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિ નીચે મુજબ રચવી :

૧. પ્રો. ડી. એન. પાઠક
૨. આચાર્ય એસ. આર. ભટ્ટ
૩. આચાર્ય કે. એન. શાહ
૪. આચાર્ય એચ. પી. પંડ્યા
૫. પ્રો. કે. એસ. શાસ્ત્રી.

૧૧. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા/મરામત કરાવવા અંગે સ્ટે. ૧૮૮(૨) પ્રમાણેની તેમના પ્રો. ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	કર્મચારીનું નામ તથા સરનામું	લોનની રકમ	સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	કયા કારણસર લોનની માગણી કરી છે?
૧.	શ્રી જી. એમ. પરમાર પ્યુન-કમ-એટેન્ડન્ટ, ડી.પી.ઈ. વિભાગ	૪,૦૦૦	ના	મકાન મરામત માટે
૨.	શ્રી એમ. ડી. ડાભી પટાવાળા, મંથ્રાલય	૨,૬૦૦	ના	,,
૩.	વી. બી. પટેલ જુ. ક્લાર્ક, પરીક્ષા વિભાગ	૭,૦૦૦	ના	,,
૪.	શ્રી. એન. કે વાઘેલા સફાઈ કામદાર	૨,૫૦૦	ના	,,

[**નોંધ.**—(૧) શ્રી. જી. એમ. પરમાર ખાતે તા. ૩૧-૩-૧૯૭૬ સુધીમાં રૂ. ૪,૦૦૦ (રૂ. ૪૦૦૧-૪૨) જમા છે, તેમાંથી તેઓની પ્રો. ફંડની લોનના રૂ. ૩૬૦/- તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૨) શ્રી. એમ. ડી. ડાભી ખાતે તા. ૩૧-૩-૧૯૭૬ સુધીમાં રૂા. ૨,૬૦૦/- (રૂ. ૨,૬૩૨-૭૭) જમા છે. તેમાંથી તેમની પ્રો. ફંડ લોનના રૂ. ૯૬૦/- તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૩) શ્રી. વી. બી પટેલના ખાતે તા. ૩૧-૩-૧૯૭૬ સુધીમાં રૂ. ૭,૦૦૦/- (રૂ. ૭,૩૪૨-૩૧) જમા છે તેમાંથી તેમની પ્રો. ફંડ લોનનાં રૂ. ૧,૪૦૦/- તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૪) શ્રી. એન. કે. વાઘેલા ખાતે તા. ૩૧-૩-૧૯૭૬ સુધીમાં રૂ. ૨,૫૦૦/- (રૂ. ૨,૫૯૦-૮૭) જમા છે તેમાંથી તેમના પ્રો. ફંડ લોનના રૂ. ૨૫૦/- તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર મંજૂર કરવી.

૧૨. શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણને જૂન ૧૯૭૭થી "સિનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ"નું શિક્ષણકાર્ય કરવા માટે પરવાનગી આપવા માટેની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને સિનિયર સર્ટિફિકેટ કોર્સ-ઇન-ઇંગ્લિશનું શિક્ષણ-કાર્ય કરવા માટે ત્રણ વર્ષ માટે પરવાનગી આપવી.

૧૩. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં શિક્ષણશાસ્ત્રના રીડર તરીકે કામ કરતા ડૉ. આર. જી. ભટ્ટને તા. ૨૧-૨-૧૯૭૭ના રોજ ૬૦ વર્ષ પૂરાં થતાં હોઈ તેમની નિવૃત્તિવય મર્યાદામાં વધારો કરી આપવા અંગેની તેમની તા. ૧૫-૧૦-૧૯૭૬ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૪-૯-૧૯૬૫ની સભામાં નિવૃત્તિવય મર્યાદા અંગે નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વહીવટી અને શિક્ષકવર્ગના કર્મચારીઓની નિવૃત્તિવય મર્યાદા ૬૦ વર્ષની રાખવી, પણ આ વયમર્યાદા સિન્ડિકેટને યોગ્ય લાગે તે કેસોમાં જરૂરી તબીબી તપાસ કરાવીને પ્રત્યેક વર્ષે એક વર્ષ સુધી એમ ૬૫ વર્ષ સુધી લંબાવી શકાશે. કોઈ પણ કર્મચારીને ૬૫ વર્ષ પૂરાં કર્યા પછી તેને કોઈ પણ સંજોગોમાં યુનિવર્સિટીની સેવામાં રાખી શકાશે નહીં."

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના તા. ૨૩-૧૧-૧૯૭૬ના ઠરાવના સંદર્ભમાં જે શિક્ષકો નવાં પગારધોરણોનો લાભ ન લેતાં જૂનાં પગારધોરણોમાં ચાલુ રહેવા ઇચ્છતા હોય તેમને ૬૦ વર્ષ પૂરાં થયા પછી યુનિવર્સિટીના તત્કાલીન નિવૃત્તિવયના નિયમ મુજબ ચાલુ રાખી શકાય કે કેમ તે અંગે રાજ્ય સરકારની પાસેથી સ્પષ્ટતા મેળવવી.

સદરહુ બાબતના સંદર્ભમાં સભાગૃહમાં બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિવૃત્તિવય અંગેનો પ્રશ્ન પણ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે તે બાબતમાં પણ રાજ્ય સરકાર પાસેથી તેમના કર્મચારીઓની નિવૃત્તિવય અંગેની માહિતી મેળવીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

દરમિયાન , ડૉ. આર. જી. ભટ્ટને ચાલુ સત્રના અંત સુધી ચાલુ રાખવા.

૧૪. પરીક્ષા ફી રિફંડ કરવા અંગે ઓ. ૧૩૦ નીચે જણાવેલ કલમ નં. ૩ ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત.

"Examination fees once paid shall not be refunded except in the circumstances and to the extent mentioned under below :

(1) Where the candidate dies prior to the examination, the entire fee shall be refunded.

(2) Where the candidate remains absent at the examination, one half of the fee shall be refunded.

(3) Such refund must be claimed by the candidate within a period of four months from the date of declaration of the result of the examination in which he/she was to appear."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૩૦ હેઠળ નીચેની પેટાકલમ નં. (3) ઉમેરવી અને તેને તાત્કાલિક અમલમાં આવે તે રીતે સુધારીને સદરહુ ઑર્ડિનન્સ મંજૂર કરવો :

(3) Such refund must be claimed by the candidate within a period of six months from the date of declaration of the result of the examination in which he/she was to have appeared.

૧૫. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી અને સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણોનો લાભ માન્ય સંસ્થાઓના શિક્ષકોને પણ આપવા અંગે અધ્યક્ષશ્રી, લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ તરફથી આવેલ તા. ૨૪-૧૨-૧૯૭૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માન્ય સંસ્થાઓના શૈક્ષણિક સ્ટાફને સેન પગારધોરણોનો લાભ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી. દરમિયાન માન્ય સંસ્થાઓના શિક્ષકોનાં પગારધોરણો સુધારીને નીચે મુજબ નિયત કરવાં :

Demonstrator/Tutor	...	Rs. 500-20-700-25-900
Lecturer	...	Rs. 700-40-1,100-50-1,300
		assessment-50-1,600

૧૬. બી.એ. તથા બી.એસસી. આંકડાશાસ્ત્રના મુખ્ય અને ગૌણ વિષયના પ્રશ્નપત્ર દીઠ અઠવાડિયામાં અનુકૂળતા મુજબ ઓછામાં ઓછા ત્રણ અને વધુમાં વધુ પાંચ તાસ રાખવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પર એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯-૮-૧૯૭૬ની સભામાં સદરહુ ભલામણ અંગે શિક્ષણ નિયામકશ્રીને તેમની અનુમતી આપવા માટે લખી જણાવવું એમ ઠરાવેલું તેના સંદર્ભમાં શિક્ષણ નિયામકશ્રી તરફથી આવેલ તા. ૩૦-૧૧-૧૯૭૬ના પત્રથી નીચે પ્રમાણે જણાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"..... for the purpose of providing the staff in Government Colleges and for the purpose of admissibility of grant-in-aid to the non-Government colleges, the number of lectures for Statistics, (Principal and Subsidiary) may continue to be taken as three as at present.

Extra lectures may be given if there is a spare capacity or by the conversion of tutorial periods into lecture periods."

સદરહુ બાબતના સંદર્ભમાં ઠરાવવામાં આવ્યું કે રાજ્યની યુનિવર્સિટીઓ શૈક્ષણિક દૃષ્ટિએ જે નિર્ણય કરે તેને અમલમાં મૂકવા માટે યુનિવર્સિટી અને/અથવા કૉલેજને જે વધારાનો ખર્ચ થાય તે ગ્રાન્ટને પાત્ર ગણવો જોઈએ એવી રજૂઆત રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરવા માટેનો પ્રસ્તાવ રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓના સંયુક્ત બોર્ડની વિચારણા માટે મોકલવો.

૧૭. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં મનોવિજ્ઞાન, લૉજિક, ફિલોસોફી વિભાગના એક અધ્યાપક શ્રી. કે. બી. માંકડને ૬૬+૪ ને બદલે ૬૬+૬ તાસ આપવામાં આવ્યા છે તે વ્યવસ્થાને ચાલુ વરસ પૂરતી માન્ય ગણવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વ્યવસ્થા, સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને ઘટતો ઠપકો આપીને, માન્ય રાખવી.

૧૮. શિક્ષકોનાં પગારધોરણો કેટલીક શરતોને આધીન સુધારતાં સરકારી જી.આર. નં. એમ. આઈ. એસ. ૧૦૭૫-૪૯૪૭-કે.એચ, તા. ૩-૧૧-૧૯૭૬ના રોજ બહાર પડ્યો છે, તેના સંદર્ભમાં યુનિ.માં લેવાનાર પરીક્ષાઓના પરીક્ષણ, નિરીક્ષણ તેમ જ અન્ય કામોની વહેંચણી અંગે નીતિનિયમો અને ધોરણો શાં રાખવાં તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી અને તેને પોતાનો અહેવાલ ચાલુ માસના અંત સુધીમાં રજૂ કરવા જણાવવું :

૧. પ્રો. ડી. એન. પાઠક
૨. આચાર્ય એસ. આર. ભટ્ટ
૩. આચાર્ય કે. એન. શાહ
૪. ડૉ. એમ. એન. દેસાઈ
૫. પ્રો. કે. એસ. શાસ્ત્રી
૬. આચાર્ય બી. એમ. પીરઝાદા
૭. પ્રો. એ. ટી. દેસાઈ
૮. શ્રી. પરીક્ષા નિયામક, આપોઆપ

વધુમાં ઠરાવવામાં આવ્યું કે રાજ્ય સરકારના તા. ૩-૧૧-૧૯૭૬ના જી.આર.ના સંદર્ભમાં યુનિવર્સિટી અને કૉલેજોમાં વૅકેશનની બાબતમાં યુનિવર્સિટીનાં ધારાધોરણો સુધારવા માટે પણ પોતાની ભલામણ રજૂ કરવા ઉપરની સમિતિને જણાવવું.

૧૯. શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી (કચ્છ)એ. ઑ. ૧૨૦-એફની જોગવાઈ અનુસાર જૂન ૧૯૭૭થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર અને બી.એ. (ગૌણ)માં સંસ્કૃતના વિષયોનું શિક્ષણકાર્ય બંધ કરવા માંગેલ પરવાનગી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી તપાસ કરીને તથા કૉલેજના સત્તાવાળાઓ સાથે ઘટતી વાતચીત કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય દર્શનસિંઘ શીખ
૨. ડૉ. રમણલાલ જોશી

૨૦. માર્ચ-એપ્રિલ ૧૯૭૬માં લેવાયેલ થર્ડ બી.એ. પરીક્ષાના "ઇકોનોમિક્સ ઑફ અન્ડર-ડેવલપ્ડ" કન્ટ્રીઝ વિષયના પરીક્ષકો અંગે તા. ૬-૧૦-૧૯૭૬ની પરીક્ષા શુદ્ધિ સમિતિની ભલામણો કે જે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૯-૧૦-૧૯૭૬ની સભામાં મંજૂર કરેલ છે તે અંગે કોર્ટ સભ્ય શ્રી. સી. એમ. શેઠે આ બાબત અંગે તેમના તા. ૨૨-૧૧-૧૯૭૬ના પત્રથી પુનઃ વિચારણા કરવાનું જણાવ્યું હોવાથી તે પ્રત્યે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રશ્ન પરીક્ષાશુદ્ધિ સમિતિની વિચારણા માટે મોકલવો.

૨૧. પીએચ.ડી. પદવી માટે સંશોધન શિષ્યવૃત્તિઓ એનાયત કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૨૪-૧૨-૧૯૭૬ના રોજ મળેલ સભાની ભલામણ પર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૪-૧૨-૧૯૭૬ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૪-૧૨-૧૯૭૬ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૨૨. એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ શ્રી. એમ. એમ. પટેલ કોમર્સ કોલેજ, હિંમતનગરમાં શિક્ષણકાર્ય કરતા શ્રી. એચ. પી. હાલાણીની નિમણૂક કાર્યભારના સંદર્ભમાં આવશ્યક હોવા છતાં તેમને ૧૯૭૬-૭૭ના શૈક્ષણિક વર્ષમાં નિમણૂક આપતાં સર્વિસમાં બ્રેક આપેલો છે તે અંગે તેમની ફરિયાદના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

અને

૯૫. સંલગ્ન કોલેજો/માન્ય સંસ્થાઓના શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીઓનાં પગારધોરણો, સેવાની શરતો, ઇત્યાદિ બાબતમાં જે પ્રશ્નો ઊભા થાય તે બાબતમાં વિચારણા કરી અહેવાલ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૯-૫-૧૯૭૬ની સભામાં નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની પુનઃ રચના કરવા બાબત.

બાબત નં. ૨૨ના સંદર્ભમાં બાબત નં. ૯૫ પણ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

તે પછી બાબત નં. ૯૫ અંગે ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કોલેજોના શિક્ષકવર્ગ અને બિન-શિક્ષકવર્ગના કર્મચારીઓની સેવાની શરતોમાંથી ઊભા થતા પ્રશ્નો અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાયી સમિતિ નીમવી :

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ
૨. આચાર્ય એચ. પી. પંડ્યા
૩. પ્રો. કે. એસ. શાસ્ત્રી
૪. શ્રી. નરહરિભાઈ પરીખ
૫. શ્રી. શરદભાઈ પટેલ

બાબત નં. ૨૨ અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત ઉપર બાબત નં. ૯૫ના ઠરાવમાં જણાવેલ સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૨. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ તરફથી જૂન ૧૯૭૭ થી બી.એ.(પ્રિન્સિ.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ માટેની અરજી. (એ. કા. બા. ક્ર. ૨)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ફરાવવામાં આવે છે કે સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ નિમણૂકો અંગેની શરતો સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૭ થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. રાજ્યશાસ્ત્ર વિષયનાં વ્યવસાયી જર્નલો અને અભ્યાસ સામયિકો મંગાવવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓનાં પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લહેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ફરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૪. યુનિવર્સિટી ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ તરફથી જૂન ૧૯૭૭થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી. (એ. કા. બા. ક્ર. ૩)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ફરાવવામાં આવે છે કે યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૭થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને

ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂંકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. ગ્રંથાલયમાં પ્રત્યેક મુખ્ય વિષય માટે રૂ. ૨,૦૦૦ અને ગૌણ વિષય માટે રૂ. ૧,૦૦૦નાં નવાં પુસ્તકો વસાવવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૫. આર. આર. લાલન કૉલેજ, ભૂજ (કચ્છ) તરફથી જૂન ૧૯૭૭થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી ગણિતશાસ્ત્ર, હિંદી, અને બી.એ. (ગાણ)માં આંકડાપદ્ધતિ તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેની કાયમી જોડાણ માટેની અરજી (એ.કા.બા.ક.૫).

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર. આર. લાલન કૉલેજ, ભૂજ (કચ્છ) નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એ (પ્રિન્સિ.)માં અંગ્રેજી અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૭થી તા. ૧૪-૬-૧૯૮૨ સુધીનું ચાલુ જોડાણ, તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગણિતશાસ્ત્ર અને બી એ.(સબો.)માં આંકડાપદ્ધતિ તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૭થી તા. ૧૪—૬—૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂંકો કરવામાં આવે :
(૧) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૨) ગણિતશાસ્ત્રના એક ટ્યૂટર

(૩) આંકડાપદ્ધતિના એક ટ્યૂટર
(૪) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૫) જીવવિજ્ઞાન ગૌણ વિષય લઈને અને વનસ્પતિવિજ્ઞાન મુખ્ય વિષય લઈને બી.એસસી. થયા હોય તેવા એક અધ્યાપક;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને જર્નલ્સ માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, નોંધવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકતી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૬. યુ. પી. આર્ટ્સ એન્ડ એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ તરફથી જૂન ૧૯૭૭ થી બી.એ. (બ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિંદી, સંસ્કૃત; બી.એ. (સબો.)માં અંગ્રેજી, ઇતિહાસ અને મનોવિજ્ઞાન; બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી (એ. કા. બા. ક્ર. ૬)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે યુ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫—૧—૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એ.(બ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થ-શાસ્ત્ર, હિન્દી, સંસ્કૃત; બી.એ. (સબો.)માં અંગ્રેજી, ઇતિહાસ અને મનોવિજ્ઞાન અને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૭ થી તા. ૧૪—૬—૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. સંસ્કૃતના એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૭. શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા તરફથી જૂન ૧૯૭૭થી બી.એ.માં ઇતિહાસ (મુખ્ય)ના અભ્યાસક્રમો શીખવવા માટે આવેલ ચાલુ જોડાણ માટેની અરજી. (એ. કા. બા. ક્ર. ૭)

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૭થી તા. ૧૪–૬–૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરના ભલામણ મંજૂર કરવી.

૨૮. શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કૉલેજ, કપડવંજ તરફથી જૂન ૧૯૭૭થી બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને બી.એ.(ગૌણ)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઇતિહાસ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી. (એ. કા. બા. ક્ર. ૯)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; બી.એ (ગૌણ)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઇતિહાસ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧–૬–૧૯૭૭થી તા. ૧૪–૬–૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૯. દેસાઈ સી. એમ. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વીરમગામ તરફથી જૂન ૧૯૭૭થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, તથા બી.એ. (સબો.)માં આંકડા-

શાસ્ત્ર, મનોવિજ્ઞાન અને સંસ્કૃત તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી. (એ. કા. બા. ક્ર. ૧૦)

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે દેસાઈ સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ.(ગૌણ)માં મનોવિજ્ઞાન, સંસ્કૃત, આંકડાશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૭થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. હૉસ્ટેલ, વિદ્યાર્થિની ખંડ તથા અધ્યાપક ખંડમાં પાણી તેમ જ જરૂરી બધી જ સેનિટરી વ્યવસ્થા કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૦. શ્રી. સહજાનંદ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૭થી બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી. (એ. કા. બા. ક્ર. ૧૧)

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે

તા. ૧૫-૫-૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૭થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. અંગ્રેજીના બંડ સમયના વ્યાખ્યાતા નીમવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. અંગ્રેજી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૧. શ્રી આર. પી. અનડા કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ તરફથી જૂન ૧૯૭૭થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી. (એ. કા. બા. ક્ર. ૧૨)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે શ્રી આર. પી. અનડા કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૭ થી તા. ૧૪-૬-૧૯૮૨ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૨. કૉલેજ ઑફ્ એજ્યુકેશન, દરામલી તરફથી જૂન ૧૯૭૭થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી. (એ. કા. બા. ક્ર. ૧૩)

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ્ એજ્યુકેશન, દરામલી નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૭થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. અગાઉ છૂટા કરવામાં આવેલા શિક્ષકના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૧-એની જોગવાઈઓનું પાલન કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૩. પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ તરફથી જૂન ૧૯૭૭થી બી.એસસી.-(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર અને બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી. (એ. કા. બા. ક્ર. ૧૬)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એસસી (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧–૬–૧૯૭૭ થી તા. ૧૪–૬–૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રોવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૪. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૭થી બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી. (એ. કા. બા. ક્ર. ૧૭)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧–૬–૧૯૭૭થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવવામાં આવે અને અત્યાર સુધીની શરતોના

સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.''

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૫. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૭થી બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી. (એ. કા. બા. ક્ર. ૧૮)

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

''આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૭થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું વધારાનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. આંકડાશાસ્ત્રના વિષય માટે ઑ. ૧૨૦-એ મુજબ જરૂરી શિક્ષકગણ નીમવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. ગ્રંથાલયમાં આંકડાશાસ્ત્રના વિષયમાં પુસ્તકો ખરીદવા માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૬. શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણ તરફથી જૂન ૧૯૭૭થી બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી. (એ. કા. બા. ક્ર. ૨૧)

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૭થી તા. ૧૪–૬–૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૭. શ્રી એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત તરફથી જૂન ૧૯૭૭થી ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી. (એ. કા. બા. ક્ર. ૨૩)

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૭ સુધીમાં કરે તો તેને ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૭થી તા. ૧૪–૬–૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. મકાનના પ્રથમ મજલે આવેલી પ્રયોગશાળાઓમાં પાણીની સુવિધા માટે ઓવરહેડ ટાંકી બાંધવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૮. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૬થી ડિપ્લોમા ઇન સાયન્ટિફિક સ્ટડી ઑફ ધી ડેવલપમેન્ટલી હૅન્ડિકેપ્ડ (ડી.એસ.એસ.ડી.એચ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાની માન્યતા માટેની અરજી. (એ. કા. બા. ક્ર. ૨૪)

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે કરે તો તેને ડિપ્લોમા ઇન સાયન્ટિફિક સ્ટડી ઑફ ધી

ડેવલપમેન્ટલી હેન્ડિકેપ્ડ (ડી. એસ. એસ. ડી. એચ.) શીખવવા માટે વધારાની માન્યતા પશ્ચાદ્‌વર્તી તારીખથી એટલે કે તા. ૧૫-૬-૧૯૭૬થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધી આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂક કરવામાં આવે :

(૧) એક કો-ઑર્ડિનેટર (માન્ય અનુસ્નાતક શિક્ષકની પાત્રતા ધરાવતા)

(૨) એક સીનિયર સ્પિચ થેરાપિસ્ટ (માન્ય અનુસ્નાતક શિક્ષકની પાત્રતા ધરાવતા);

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૩. પ્રોવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે. ''

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૮-અ. તે પછી સંલગ્ન કૉલેજોના જોડાણની શરતોનું પરિપાલન સંતોષપૂર્વક થયું છે કે કેમ તે જોવું જોઈએ એમ સભાગૃહે લાગણી વ્યક્ત કરી.

તે પરથી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાયી સમિતિ નીમવી :

૧. પ્રો. ડી. એન. પાઠક

૨. આચાર્ય એસ. આર. ભટ્ટ

૩. આચાર્ય કે. એન. શાહ

૪. આચાર્ય એચ. પી. પંડ્યા

૫. પ્રો. કે. એસ. શાસ્ત્રી

૩૯. ફેબ્રુઆરી ૧૩ થી ૧૬, ૧૯૭૭ના સમય દરમ્યાન ઇન્ડિયન એસોસિયેશન ઑફ્ ટીચર એડ્યુકેટર્સનું ૧૯મું વાર્ષિક અધિવેશન ગોરખપુર મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. કે. જી. દેસાઈને રાખેતા મુજબની શરતોએ મોકલવા.

૪૦. કૉમનવેલ્થ ફાર્માસ્યુટિકલ ઍસોસિયેશનની બીજી વિશ્વ પરિષદ, મુંબઈ મુકામે જાન્યુઆરી ૧૯૭૭માં યોજાનાર હોવાથી એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદને નાતાલની રજાઓ તા. ૨૫-૧૨-૧૯૭૬થી તા. ૧-૧-૧૯૭૭ના બદલે તા. ૧૫-૧-૧૯૭૭થી તા. ૨૨-૧-૧૯૭૭ સુધી પાળવાની પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૪૧. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૮-૧૯૭૬ની સભામાં પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૭૭થી ચાલુ જોડાણ માટેની અરજી ઉપર સદરહુ કૉલેજના શિક્ષકોની લેણી રકમની ચુકવણી થયેથી વિચારણા કરવા ઠરાવેલું, પરંતુ સદરહુ કૉલેજે હજુ સુધી શિક્ષકોની લેણી રકમની ચુકવણી કરી નથી, તો આ અરજી બાબતમાં આગળ શું કાર્યવાહી કરવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના શિક્ષકોને તેમની લેણી રકમની ચુકવણી ત્વરિત કરી શકાય તે હેતુથી રાજ્ય સરકારના શિક્ષણખાતા સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ રચવી :

૧. ડૉ. વી. સી. શાહ
૨. આચાર્ય કે. એન. શાહ
૩. આચાર્ય એચ. પી. પંડ્યા
૪. પ્રો. કે. એસ. શાસ્ત્રી

૪૨. માણેકલાલ નાણાવટી લૉ કૉલેજ, અમદાવાદે તેઓની કૉલેજમાં શિક્ષણકાર્ય કરતા શ્રી. એ. નટરાજન ૧૯૭૬-૭૭ના શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્ર દરમ્યાન નિવૃત્તિ વયમર્યાદા વટાવી ગયા છે, છતાં તેઓની સેવાઓ લેવાનું ચાલુ રાખ્યું છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વ્યવસ્થા ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી અને જૂન ૧૯૭૭થી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું અને ઉમેરવું કે જો તેમ કરવામાં આવશે નહીં તો નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૪૩. શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ ઍન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગરના હાલના આચાર્યશ્રી વાય. ડી. ભાવે તા. ૨૫-૬-૧૯૭૬ના રોજ એટલે કે સત્રની અધવચ્ચે ૬૫ વર્ષ પૂરાં કરતા હોઈ તેમની સેવાઓ ૧૯૭૬-૭૭ના શૈક્ષણિક વર્ષ પૂરતી લેવા દેવા અંગે પરવાનગી માંગતા સદરહુ કૉલેજના મંત્રીશ્રીની વિનંતી ઉપર

એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪-૪-૧૯૭૬ની સભામાં શ્રી. વાય. ડી. ભાવેની સેવાઓ ૧૯૭૬-૭૭ના પ્રથમ સત્રના અંત સુધી લેવા પરવાનગી આપી હતી પરંતુ બીજા સત્રમાં નવા આચાર્યશ્રીની નિમણૂક કરવામાં આવી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ સભાગૃહે તેની તા. ૨૪-૪-૧૯૭૬ની સભામાં કરેલા ઠરાવનું પુનરુચ્ચારણ કરવું.

૪૪. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સુધારવામાં આવેલા પગારધોરણની બાબતમાં પ્રા. એમ. જી. પાઠકજીએ ગુજરાતની વડી અદાલતમાં (સ્પે. સિ. એપ્લિ. ૯૫૦થી) કરેલી રિટ અરજીના સંદર્ભમાં આવેલ ચુકાદાના સંબંધકર્તા નીચેના ભાગની નોંધ લેવા બાબત :

"For the reasons stated in the common judgment recorded in Spl.C.A. No. 402/1974 the Court partly allows the Special Civil Application to the extent that the petitioner shall be entitled to be paid in the scale of Rs. 400-800 for the period be worked in the private colleges after his retirement from Govt. service and further directs that the application is dismissed in all other respect with no order as to costs."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૫. સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે ગ્રેચ્યુઇટી અંગે થયેલ ખર્ચ ગ્રાન્ટને પાત્ર ન ગણવાનું સરકારશ્રીએ ઠરાવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રીશ્રી સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. કુલપતિશ્રી

૨. આચાર્યશ્રી એસ. આર. ભટ્ટ

૩. પ્રો. કે. એસ. શાસ્ત્રી.

૪૬. સંલગ્ન કૉલેજોના શિક્ષકો અંગે નીચે પ્રમાણેની યાદીઓની નોંધ લેવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજોના માન્ય થયેલા શિક્ષકોની યાદી.

(૨) સંલગ્ન કૉલેજોમાં જે શિક્ષકોની નિમણૂક અમાન્ય કરવામાં આવે છે તે તથા છૂટા થયેલા/ છૂટા કરવામાં આવેલા શિક્ષકોની યાદી.

(૩) આ અગાઉ માન્ય થયેલા શિક્ષકો જેઓ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી સંલગ્ન કૉલેજમાં જોડાયા છે તેની યાદી.

(૪) જોડાણના સંદર્ભમાં જે શિક્ષકની નિમણૂકને માન્ય કરવામાં આવી છે તેની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.

૪૭. યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ(૧)(બી)(૧) અને (૨) અનુસાર સંલગ્ન કૉલેજોએ શિક્ષકોની નિમણૂક કરતી વખતે પ્રત્યેક કૉલેજની જે તે વરણી સમિતિ ઉપર યુનિવર્સિટીના પ્રતિનિધિ હોવા આવશ્યક હતા તેમ છતાં પણ એજ્યુકેશન કૉલેજ, ઢરા-મલીમાં શિક્ષણના પ્રાધ્યાપક શ્રી. આઈ. કે. સુથારની નિમણૂક યુનિવર્સિટી પ્રતિનિધિ વગર કરવામાં આવી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂક માન્ય કરવી નહીં અને સદરહુ કૉલેજને જણાવવું કે યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ જરૂરી કાર્યવાહી કરીને યોગ્ય લાયકાત ધરાવતા પ્રાધ્યાપકની નિમણૂક ત્વરિત કરીને તેની યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવી.

૪૮. ડેવલપમેન્ટ ઑફ ટીચર્સ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટની યોજના માટે રાજ્ય સરકાર તરફથી તેમના મેમોરેન્ડમ નં. યુ.એસ.જી.—૧૧૭૨-૬૭૨૭-થી નીચે જણાવ્યા પ્રમાણેના આવર્તક તથા અનાવર્તક ખર્ચની જવાબદારી સને ૧૯૮૦-૮૧ના વર્ષ બાદ સ્વીકારવાનું મંજૂર કર્યાની નોંધ લેવા બાબત :

(સદરહુ યોજના માટે યુનિ. ગ્રા. કમિશને સને ૧૯૮૦-૮૧ સુધીના ખર્ચની જવાબદારી ૧૦૦ ટકા મુજબની લીધી છે.)

I. Recurrent :

1. Professor	One		
2. Lecturer	One		
Research in Examinations :			
3. Statistician	One	... Rs.	10,000/- P.A.
Instructional Material and other Research programme.			
4. Research Assistant	Three	... Rs.	10,000/- P.A.

II. Non-recurrent :

Furniture, equipment and Test material	... Rs.	35,000/-

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪૯. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના ઉપક્રમે માઉન્ટ આબુ મુકામે એપ્રિલ-મે ૧૯૭૬ દરમ્યાન યોજાયેલ પર્વતારોહણ તાલીમ શિબિર માટે ભારત સરકારના શિક્ષણ અને સમાજકલ્યાણ ખાતાના પત્રાંક એફ. ૬-૭-૬૬-એન.એસ.વાય-૨, તા. ૧૮-૧૨-૧૯૭૬થી રૂ. ૪,૭૫૪(રૂપિયા ચાર હજાર સાતસો ચોપન પૂરા)નું અનુદાન મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૫૦. વાય. એસ. આર્ટ્સ એન્ડ કે. એસ. શાહ કોમર્સ કૉલેજ, દેવગઢબારિયામાં ઇતિહાસ અને જગતના ધર્મોના શિક્ષણકાર્ય માટે યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષક અપ્રાપ્ય હોવાથી, સદરહુ વિષયના શિક્ષણકાર્ય માટે શ્રી. જી. કે. ભટ્ટની ખંડ સમયની કરેલી નિમણૂક ચાલુ વર્ષ પૂરતી માન્ય ગણવા આચાર્યશ્રીએ કરેલી વિનંતી ઉપર વિચારણા કરવા બાબત

(નોંધ.—શ્રી. જી. કે. ભટ્ટની વય ૬૫ વર્ષ કરતાં વધુ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂક ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી અને જૂન ૧૯૭૭થી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું અને ઉમેરવું કે જો તેમ કરવામાં આવશે નહીં તો નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહિ.

૫૧. ગુજરાત યુનિવર્સિટી કન્ઝ્યુમર્સ કો-ઑ. સ્ટોર્સ લિ.ના પેટાનિયમો (બાય-લોઝ) નિયમ ૨૦ (અ) પ્રમાણે તેની વહીવટી સમિતિ પર ગુજરાત યુનિવર્સિટી તરફથી ચાર પ્રતિનિધિઓની નિમણૂક કરવા વિચારણા કરવા બાબત.

(નોંધ.—સંબંધકર્તા પેટાનિયમનો પાઠ નીચે મુજબ છે :

20(*a*) The managing committee shall consist of 13 members as follows :

1. 4 members to be nominated by the University.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્ટોર્સની વહીવટી સમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. ડૉ. વી. સી. શાહ
૨. આચાર્યશ્રી એચ. પી. પંડ્યા
૩. શ્રી. નરહરિભાઈ પરીખ
૪. શ્રી. શરદભાઈ પટેલ

૫૨. શિક્ષકોનાં પગારધોરણો કેટલીક શરતોને આધીન સુધારતાં સરકારી જી.આર. નં. એમ આઈ.એસ. ૧૦૭૫-૪૯૪૭ કે.એચ. તા. ૩-૧૧-૧૯૭૫ના બહાર પડેલ છે તેના સંદર્ભમાં યુનિવર્સિટીના તમામ શિક્ષકોને પરીક્ષાનું કામ સોંપવાનું હોય તો પરીક્ષકોની નિમણૂક માટે જુદી જુદી અભ્યાસસમિતિઓએ તૈયાર કરેલ પેનલો હવે છાપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષકોની પેનલો સાઇક્લોસ્ટાઈલ કરાવવી.

૫૩. વિદ્યાર્થીઓએ પરીક્ષા દરમ્યાન અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાધ્યાપક-પરીક્ષકો-નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ ભલામણો રજૂ કરવા અંગે ૧૯૭૭ના વર્ષ માટે પરીક્ષા શુદ્ધિ સમિતિની રચના કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓએ પરીક્ષા દરમિયાન અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો તેમ જ પ્રાધ્યાપકો-પરીક્ષકો-નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગે નીચે મુજબ સમિતિ નીમવી :

૧. ડૉ. વી. સી. શાહ
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. આચાર્યશ્રી કે. એન. શાહ
૪. આચાર્યશ્રી એચ. પી. પંડ્યા
૫. ડૉ. પી. પી. મહેતા
૬. શ્રી. આર. એમ. શાહ
૭. શ્રી. નરહરિભાઈ પરીખ.

૫૪. જાન્યુઆરી ૧૭ થી ૨૨, ૧૯૭૭ના સમય દરમિયાન જિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા તરફથી ઇન્ટરનેશનલ ગોંડવાનાનો ૪ થો પરિસંવાદ કલકત્તા મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૫૫. ગ્રંથાલય સમિતિના તા. ૧૮-૧૧-૧૯૭૬ની સભાના નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

"યુનિવર્સિટીની જરૂરિયાતો ધ્યાનમાં લઈને ૧૯૭૬-૭૭ના વર્ષ દરમિયાન નીચે જણાવેલ પુસ્તક વિક્રેતાઓ પાસેથી તેમણે આપેલી તેમ જ માન્ય રાખેલી શરતોએ અમેરિકન પ્રકાશનોમાં એક ડૉલરના રૂ. ૯-૭૦ ઓછા ૧૦ ટકાના દરે, બ્રિટિશ પબ્લિકેશનમાં એક પાઉન્ડના રૂ. ૧૫-૪૫ ઓછા ૧૦ ટકાના દરે તથા ભારતીય અંગ્રેજી પ્રકાશનમાં ૧૦ ટકા વળતર આપનાર નીચે જણાવેલ વિક્રેતાઓ પાસેથી ખરીદવાં :

(૧) મે. હિમાંશુ બુક કંપની, અમદાવાદ
(૨) મે. ઇન્ટરનેશનલ બુક હાઉસ, મુંબઈ
(૩) મે. ન્યૂ ઑર્ડર બુક કંપની, અમદાવાદ
(૪) મે. પ્રિન્ટ ઓ-બુકસ, અમદાવાદ

આ ઉપરાંત ગુજરાતી પુસ્તકો ૧૦ ટકા, હિંદી જનરલ પુસ્તકો ૧૫ ટકા, ગુજરાત રાજ્યમાં માન્ય થયેલાં હિંદી પાઠ્યપુસ્તકો ૬૨½ ટકા, તેમ જ મરાઠી પુસ્તકો ૬૨½ ટકા વળતરથી મે. આર. આર. શેઠની કંપની પાસેથી ખરીદવાં. કાયદાનાં પુસ્તકો કોઈપણ જાતના વળતર સિવાય પૂરાં પાડવામાં આવશે.

એસ. ડી. બુક્સ માટે વધુમાં વધુ ૧૦ ટકા સુધીના સર્વિસ ચાર્જીસ સ્વીકારવા જે પુસ્તક વિક્રેતાઓ તૈયાર હોય તેમના ભાવ સ્વીકારવાનું તથા અમેરિકન અને બ્રિટિશ પ્રકાશકો સિવાયના અન્ય વિદેશી પ્રકાશનો માટેની ઉપરના જે તે વિક્રેતાઓની શરતો મંજૂર રાખવાનું ઠરાવવામાં આવે છે.

ઉપરના કોઈ પુસ્તક વિક્રેતા આપણે આપેલા ઑર્ડરનાં પુસ્તકો મુદત દરમ્યાન પૂરાં ન પાડે અને તે બીજા ગ્રંથ વિક્રેતા પાસેથી હાજર સ્ટોકમાંથી મળી શકે તેમ હોય તો તેમની પાસેથી ઉપરની શરતોએ ખરીદવાનું રાખવું.

આ ઉપરાંત જે પુસ્તકો બીજા કોઈ વિક્રેતા પાસેથી હાજર સ્ટોકમાંથી મળી શકે તેમ હોય અને તે લેવા માટે જે તે વિદ્યાશાખાના ડીન અથવા ભવનના અધ્યક્ષશ્રીની ભલામણ આવે તો એ વિક્રેતા પાસેથી તે પુસ્તકો ઉપરના ભાવે ખરીદવાનું રાખવું. અમદાવાદના પ્રકાશકોનાં પ્રકાશનો જે પ્રકાશકોની પોતાની પાસેથી ખરીદવાથી ઉપરના ભાવે તેના કરતાં સસ્તાં પડે તો તે પુસ્તકો તેના પ્રકાશકો પાસેથી ખરીદવાં.

જ્યારે જ્યારે યુ.જી.સી. ગુડ ઑફિસ તરફથી ડૉલર, પાઉન્ડ અને અન્ય દેશોના ચલણના વિનિમય દરોમાં ફેરફાર સૂચવવામાં આવે ત્યારે તે સ્વીકાર્ય ગણવાં.

૨. ગ્રંથાલયનાં તા. ૧–૪–૧૯૭૫થી તા. ૩૧–૩–૧૯૭૬ સુધીના વાર્ષિક હેવાલની નોંધ લેવામાં આવે છે અને તે એક્ઝિકયુટિવ કાઉન્સિલની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે.''

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના ઉપરના ઠરાવની નોંધ લેવી.

૫૬. વિદ્યાર્થી પ્રતિનિધિઓની કાયદાની વિદ્યાશાખાની એક બેઠક માટેની ચૂંટણી માટે શ્રી. હરિયંત શેલતે ગુજરાત હાઈ કોર્ટ, અમદાવાદમાં રૂપે. સિવિલ એપ્લિકેશન નં. ૨૧૫૦ રિટ કરેલ છે તેના માટે કુલપતિશ્રીએ એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકયાના કાર્યની નોંધ લેવા તેમ જ તે અંગેનો ખર્ચ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી અને તે અંગે જરૂરી ખર્ચ અને કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૭. કૉમ્પ્યુટર સેન્ટરના સિનિયર પ્રોગ્રામર શ્રી. આર. જે. પાઠક તા. ૩૧-૭-૧૯૭૬થી રાજીનામું આપી છૂટા થયા હોઈ તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેમની તા. ૧૧-૧૧-૧૯૭૬ની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.–શ્રી. પાઠક તા. ૧૮–૪–૧૯૭૪ના રોજ સેન્ટરમાં જોડાયા હતા અને તા. ૩૧–૭–૧૯૭૬ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. જે. પાઠકને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ તેમને પરત કરવી.

૫૮. જર્હોન કમિટી (કમિટી ટૂ રિવ્યુ ધી સ્ટેટ ઑફ હાયર એજ્યુકેશન ઇન ગુજરાત સ્ટેટ)ની ભલામણો અને તે અંગે રાજ્ય સરકારના નિર્ણયોની જાણ કરતા ગુજરાત રાજ્યના શિક્ષણ ખાતાના સંયુક્ત સચિવના તા. ૧૫-૧૧-૧૯૭૬ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૯. શ્રીમતી બી. સી. જે. એજ્યુકેશન કૉલેજ, ખંભાતમાં શિક્ષણના ટયૂટર તરીકે નિમાયેલા શ્રી. જી. બી. શુકલની નિમણૂક ચાલુ વર્ષ પૂરતી માન્ય કરવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**–(૧) શ્રી. જી. બી. શુકલ બી.એ. બીજો વર્ગ, બી.એડ. બીજો વર્ગ, એમ.એડ. બીજો વર્ગ અને પીએચ.ડી.ની પદવી ધરાવે છે તથા બી.એડ. થયા પછી ૧ વર્ષનો હાઈસ્કૂલનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે જે નિયમ પ્રમાણે બે વર્ષનો હોવો જરૂરી છે.

(૨) શ્રી. જી. બી. શુકલની નિમણૂક ઑર્ડિ. ૧૬૩ અનુસાર વરણીસમિતિ પર યુનિ.ના પ્રતિનિધિ વગર કરવામાં આવી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂક માન્ય કરવી નહીં અને સદરહુ કૉલેજને જણાવવું કે યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ જરૂરી કાર્યવાહી કરીને યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક ત્વરિત કરીને તેની યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવી.

૬૦. ગ્રંથાલય સમિતિના તા. ૧૮-૧૧-૧૯૭૬ના નીચેના ઠરાવને મંજૂર કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે યુ.જી.સી. તરફથી પંચવર્ષીય યોજના દરમ્યાન મળેલ રૂ. ૧૦,૦૦,૦૦૦ની પુસ્તકો માટેની ગ્રાન્ટ આ સાથેના પરિશિષ્ટ મુજબ ફાળવવી અને તે એકિઝકયુટિવ કાઉન્સિલની મંજૂરી માટે મોકલવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૧. સને ૧૯૭૭ના પ્રથમ છ માસ દરમ્યાન લેવાનારી જુદી જુદી પરીક્ષાઓ શરૂ થવાની તારીખો આ સાથેની યાદી મુજબ નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી યાદીની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૬૨. સ્ટાફના વહીવટી પ્રશ્નો અંગે સ્થાયી સમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચેના સભ્યો નીમવા :

૧. આચાર્યશ્રી એસ. આર. ભટ્ટ
૨. પ્રો. ડી. એન. પાઠક
૩. આચાર્યશ્રી હરિશંકર પંડ્યા
૪. શ્રી. મણિભાઈ બ્રહ્મભટ્ટ
૫. શ્રી. નરહરિભાઈ પરીખ
૬. શ્રી. શરદભાઈ પટેલ

૬૩. વિજ્ઞાન વિદ્યાશાખામાં સંશોધન અંગેનું ઉત્કૃષ્ટ કાર્ય કરવા બદલ સને ૧૯૭૫ના વર્ષ માટેના આચાર્ય ડૉ. કે. જી. નાયક ચંદ્રક માટે તે અંગેની સમિતિની ભલામણ પરથી ડૉ. વિનોદકાંત ચૂનીલાલ શાહને પાત્ર જાહેર કરવામાં આવેલ છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૪. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુરને જૂન ૧૯૭૭થી જુનિયર અને સીનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશના અભ્યાસક્રમો શીખવવા માટે પરવાનગી આપવા માટેની સદરહુ કૉલેજની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જૂન ૧૯૭૭થી ઉપરના વર્ગો ચલાવવા માટે ત્રણ વર્ષ માટે પરવાનગી આપવી.

૬૫. શ્રી. જે. બી. હક્કર કૉમર્સ કૉલેજ, ભૂજને જુનિયર કોર્સ ઇન ઇંગ્લિશના અભ્યાસક્રમો શીખવવા માટે પરવાનગી આપવાની સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ઉપરના વર્ગો ચલાવવા માટે કાયમી ધોરણે પરવાનગી આપવી.

૬૬. એકિઝકયુટિવ કાઉન્સિલની નવેસરથી રચના થતાં ઑર્ડિ. ૬૨-એ હેઠળ ફાઇનાન્સ સમિતિની પુનર્રચના માટેની વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) ફાઇનાન્સ સમિતિ ઉપર ત્રણ વર્ષ માટે સભ્યો નીમવામાં આવે છે.

(૨) ઑ. ૬૨-એ :

The members of the Finance Committee shall be (1) The Vice-Chancellor, Ex-officio (Chairman) (2) Three other persons appointed by the Executive Council from amongst its members.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચેના ત્રણ સભ્યોની નિમણૂક કરવી :

૧. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ

૨. ડૉ. વી. સી. શાહ

૩. શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય

૬૭. શ્રી. કિશનદાસ કીકાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધૂકાના ચાર વિદ્યાર્થીઓની બરતરફી બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૯-૧૦-૧૯૭૬ની સભામાં

થયેલા ઠરાવ અનુસાર કુલાધિપતિશ્રીના આદેશ માગતા તેમના નાયબ સચિવના તા. ૮-૧૧-૭૬ના પત્રાંક જી.એસ. ૧૧/૫૮૩૩/૭૧૪૩/૭૬થી નીચે પ્રમાણે જણાવ્યું હોઈ તેની નોંધ લેવા બાબત :

"I am desired by the Chancellor to refer to your letter No. Academic/34427 of 1976, dated the 15th October, 1976, on the subject mentioned above and to state that as recommended in the concluding portion of the report of inquiry of Prof. Pathak, Principal Mehta and Principal Pancholi, the matter may be treated as closed, as the College has already issued Transference Certificates to the four students and they have already secured admission in a college in Ahmedabad."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૮. તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ તથા તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર (કચ્છ)ને ભાષાની લઘુમતીની કક્ષામાં ગણવા સદરહુ કૉલેજોના સંચાલક બોર્ડ તરફથી આવેલી અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—રાજ્ય સરકારના તા. ૧-૯-૧૯૭૬ના પત્રમાં જણાવ્યા પ્રમાણે આ કૉલેજોના સંચાલકો તેમ જ વહીવટકારો ભાષાની લઘુમતીમાં છે અને જો તેમ હોય તો યુનિવર્સિટી કૉલેજોને લઘુમતીની કક્ષા આપી શકે તેમ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૯. યુનિવર્સિટી ધારામાં કેટલીક જોગવાઈઓ કરવા બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૯-૧૦-૧૯૭૬ની સભામાં નિયુક્ત થયેલી સમિતિની તા. ૮-૧૧-૧૯૭૬ની સભાની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણ પૈકી ભલામણ નં. ૨ પરત્વે ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજોના શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ અને તેમના સંચાલકો વચ્ચે તેમની સેવાની શરતોને લગતા કોઈ પ્રશ્નો અંગે કોઈ વિવાદ ઊભો થાય તો તે વિવાદ હલ કરવા માટે ન્યાયિક અદાલત (જ્યુડિશિયલ ટ્રિબ્યુનલ) નીમવા ઘટતી ધારાકીય જોગવાઈ કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની અન્ય ભલામણો જોઈતપાસીને પોતાનો સુચિંતિત અહેવાલ આપવા માટે બાબત નં. ૯૫ હેઠળ નીમવામાં આવેલી સમિતિને જણાવવું.

૭૦. આચાર્યશ્રી એમ. સી. દેસાઈ ચંદ્રક ૧૯૭૫-૭૬ (સમાજવિજ્ઞાનના વિષયો) અંગે આવેલાં સંશોધનપત્રો મનોવિજ્ઞાન વિષયને લગતાં હોવાથી નિર્ણાયક સમિતિના એક સભ્ય ડૉ. એમ. બી. દેસાઈ અભિપ્રાય આપી શકે તેમ નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—નિર્ણાયક સમિતિના સભ્યો નીચે પ્રમાણે છે :

૧. પ્રો. નારાયણ આર. શેઠ

૨. ડૉ. એમ. બી. દેસાઈ

૩. ડૉ. આલુ જે. દસ્તૂર.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ ઉપર ડૉ. એમ. બી. દેસાઈની જગ્યાએ પ્રો. એ. એસ. પટેલને નીમવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. મધુરીબહેન શાહને વધારાના સભ્ય તરીકે નીમવા.

૭૧. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ માટે યુ.જી.સી.એ તેના તા. ૩૦-૪-'૭૬ના પત્રથી મંજૂર કરેલ Placement Officerની જગ્યાનું પગારધોરણ તથા લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવા અંગે વિચારણા કરવા બાબત :

પગારધોરણ : રૂ. ૭૦૦-૪૦-૯૦૦ ઈ.બી. ૪૦-૧,૧૦૦-૫૦-૧,૩૦૦

લાયકાતનું ધોરણ : At least Second class Honours graduate, a Master's degree or its equivalent will be preferred and should have at least 3 years' working in a supervisory capacity, be able to counsel young men with maturity, be able to speak English well and handle correspondence.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ નીચે મુજબ રાખવું :

"A Master's Degree in Second Class preferably in Business Management and 3 years' experience of work in a supervisory capacity with ability to counsel young men and women with maturity and ability to speak and handle correspondence in English."

૭૨. સમાજવિદ્યા ભવનમાં પટાવાળાની હંગામી જગ્યા પર કામ કરતા શ્રી. એમ. ડી. વાઘેલાની તા. ૧-૭-૧૯૭૧થી તા. ૩-૧૨-૧૯૭૩ સુધીની સેવાઓને સ્ટે. ૧૮૦(બી) પ્રમાણે સળંગ સેવાઓ ગણી પ્રો. ફંડનો લાભ આપવા અંગેની તેમની તા. ૨૧-૧૨-૧૯૭૬ ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના પટાવાળા શ્રી. એમ. ડી. વાઘેલાને પ્રોવિડંટ ફંડનો લાભ તા. ૧-૭-૧૯૭૧થી આપવો.

૭૩. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં શિક્ષકગણની નીચેની જગ્યાઓ માટે ત્રણ ત્રણ સભ્યોની વરણી સમિતિ ઉપર નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. પ્રોફેસર ઑફ ઇંગ્લિશ	૧ જગ્યા
૨. પ્રોફેસર ઑફ ગુજરાતી	૧ જગ્યા
૩. પ્રોફેસર ઑફ ફિઝિકસ	૧ જગ્યા
૪. રીડર ઇન એજ્યુકેશન	૧ જગ્યા
૫. રીડર ઇન કેમિસ્ટ્રી	૧ જગ્યા
૬. રીડર ઇન પર્શિયન	૧ જગ્યા

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી જગ્યાઓ માટેની વરણીસમિતિઓ પર તેમનાં નામ સામે જણાવેલ સભ્યો પૈકી ક્રમાનુવર્તી ત્રણ સભ્યોની નિમણૂક કરવી :

પ્રોફેસર ઑફ ઇંગ્લિશ	૧. ડૉ. જી. સી. બેનરજી ૨. પ્રો. રમેશ મોહન ૩. ડૉ. અમરિક સિંધ ૪. શ્રી. વી. વી. જૉન ૫. પ્રો. આર. આઈ. પટેલ ૬. પ્રો. આર. એન. મહેતા
પ્રોફેસર ઑફ ગુજરાતી	૧. શ્રી. મનસુખલાલ ઝવેરી ૨. શ્રી. અમૃતલાલ યાજ્ઞિક ૩. શ્રી. સુંદરમ્ ૪. શ્રી. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી ૫. ડૉ. ભોગીલાલ સાંડેસરા
પ્રોફેસર ઑફ ફિઝિકસ	૧. પ્રો. ડી. એસ. કોઠારી ૨. પ્રો. બી. એમ. ઉદગાંવકર ૩. ડૉ. વર્મા (નેશનલ ફિઝિકલ લેબોરેટરી) ૪. ડૉ. જી. કે. એન. મેનન ૫. પ્રો. એસ. ધવન
રીડર ઇન એજ્યુકેશન	૧. શ્રીમતી મધુરીબહેન શાહ ૨. પ્રો. એસ. શુકલ (જામિયા મિલિયા) ૩. ડૉ. એસ. કે. મિત્રા ૪. ડૉ. જે. એમ. કોલ ૫. પ્રિન્સિપાલ, રિજિયોનલ કોલેજ ઑફ અજમર

રીડર ઇન કેમિસ્ટ્રી	૧. પ્રો. રામાચાર
	૨. પ્રો. આર. એન. ચક્રવર્તી (કલકત્તા)
	૩. પ્રો. ખી. ડી. તિલક (પૂના)
	૪. પ્રો. સી. એન. આર રાવ (કાનપુર)
	૫. પ્રો. જી. એન. સહરિયર (દિલ્હી)
રીડર ઇન પર્શિયન	૧. ડૉ. ડી. પી. ધાઈ
	૨. પ્રો. એમ. એફ. લોખંડવાલા (વડોદરા)
	૩. હેડ, પર્શિયન ડિપાર્ટમેન્ટ, ઈસ્માઈલ કૉલેજ,
	૪. હેડ, પર્શિયન ડિપાર્ટમેન્ટ (જામિયા મિલિયા)
	૫. હેડ, પર્શિયન ડિપાર્ટમેન્ટ, અલીગઢ
	૬. હેડ, પર્શિયન ડિપાર્ટમેન્ટ, દિલ્હી.

૭૪. એકિઝકયુટિવ કાઉન્સિલની નવેસરથી રચના થયેલ હોવાથી નીચે જણાવેલ બૅંકો સાથે ચાલુ ખાતાની લેવડદેવડ કરવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યોમાંથી ચાર સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

૧. બૅંકનું નામ	ખાતાનું નામ
૧. સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયા, યુનિવર્સિટી બ્રાન્ચ, ૨. સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયા, ભદ્ર ૩. બૅંક ઑફ બરોડા, નવરંગપુરા ૪. બૅંક ઑફ બરોડા, હાઈકોર્ટ સામે	ગુજરાત યુનિવર્સિટી જનરલ ફંડ એકાઉન્ટ્સ
૨. બૅંક ઑફ ઇન્ડિયા, નવરંગપુરા ...	૧. ગુજરાત યુનિવર્સિટી ઇયરમાર્ક્ડ ફંડ એકાઉન્ટ્સ ૨. ગુજરાત યુનિવર્સિટી મકાન ફંડ એકાઉન્ટ્સ

(**નોંધ.**—હાલમાં નીચે જણાવેલ વ્યક્તિઓમાંથી કોઈ પણ બે વ્યક્તિઓની સંયુક્ત સહીથી લેવડદેવડ થાય છે :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ	...	કુલપતિશ્રી
૨. શ્રી. ડી. એન. પાઠક	...	એકિઝ. કાઉ.ના સભ્ય
૩. શ્રી. એમ. સી. શાહ		,,
૪. શ્રી. અનંતરાય એમ. રાવળ		,,
૫. શ્રી. વી. સી. શાહ		,,
૬. શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ		,,)

આથી ઠરાવવામાં આવે છે કે (૧) સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયા, યુનિવર્સિટી બ્રાન્ચ, (૨) સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયા, ભદ્ર, (૩) બૅંક ઑફ ઇન્ડિયા, નવરંગપુરા, (૪) બૅંક ઑફ બરોડા, હાઈકોર્ટ સામે, ગુજરાત યુનિવર્સિટી જનરલ ફંડ એકાઉન્ટ, ગુજરાત યુનિવર્સિટી ઇયર માર્કડ ફંડ એકાઉન્ટ અને ગુજરાત યુનિવર્સિટી બિલ્ડિંગ એકાઉન્ટનાં ચાલુ ખાતાં ચલાવવા (operate કરવા) માટે નીચે મુજબની વ્યવસ્થા મંજૂર કરવી :

(અ) રૂ. ૧,૦૦૦ (રૂપિયા હજાર) સુધીની રકમ માટે યુનિવર્સિટીના હિસાબનીશ શ્રી. બી. કે. શાહ તથા યુનિવર્સિટીના નાયબ કુલસચિવ શ્રી. શતાગ્રત પી. મેઢને સંયુક્ત સહીથી લેવડ-દેવડ કરવાની સત્તા આપવી.

(બ) રૂ. ૧૦,૦૦૦ (રૂપિયા દસ હજાર) સુધીની રકમ માટે યુનિવર્સિટીના હિસાબનીશ શ્રી. બી. કે. શાહ અને કુલસચિવ શ્રી. કંચનલાલ સી. પરીખને સંયુક્ત સહીથી લેવડદેવડ કરવાની સત્તા આપવી.

(ક) ઉપરોક્ત (અ) અને (બ)ની વ્યવસ્થા ઉપરાંત નીચેની વ્યક્તિઓમાંથી કોઈ પણ બે વ્યક્તિઓને સંયુક્ત સહીથી લેવડદેવડ કરવાની સત્તા આપવી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિશ્રી

૨. પ્રો. ડી. એન. પાઠક

૩. ડૉ. વી. સી. શાહ

૪. આચાર્ય એમ. સી. શાહ

૫. ડૉ. એમ. એન. દેસાઈ

૬. શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ, કુલસચિવશ્રી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરના ઠરાવમાં જણાવેલા અધિકારીઓ રજા ઉપર હોય કે જગ્યાઓ ખાલી પડે તો તેઓની જગ્યાએ જે અધિકારી નીમવામાં આવે તેઓને લેવડદેવડ કરવાની સત્તા આપવી અને બૅંકને તેની જાણ કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૫. પૉલિવેલંટ સેન્ટર માટે મંજૂર કરેલ નીચેની જગ્યાઓ માટે જગ્યાનાં નામ સામે બતાવેલ લાયકાતનાં ધોરણો નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	જગ્યાનું નામ	પગારધોરણ	લાયકાતનું સૂચિત ધોરણ
1.	Technical Programme Officer	Rs. 700–1,300	A B.E. with 5 years' experience in Engineering or Engineering Education or Industry.

2. Artist-cum-Projectionist	Rs. 425-700	S.S.C. and Technical qualification approved by the State Govt. for appointment as a Projectionist and 2 to 3 year's experience of handling various projection equipment such as 16 m.m. projects film strip projector, epidiascope, etc.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હંગામી જગ્યાઓ માટે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો ઉપર મુજબ નિયત કરવાં.

(**નોંધ.**—ટેકનિકલ પ્રોગ્રામ ઑફિસરની જગ્યા માટેની લાયકાતના ધોરણમાં બી.ઈ. મિકેનિકલ અને/અથવા ઈલેકિટ્રકલ અથવા ઈલેકટ્રોનિકસ શાખાની પદવી રહેશે એમ સ્પષ્ટતા કરવામાં આવી.)

૭૬. તા. ૧૮-૧૦-૧૯૭૫ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે શ્રીમતી સરસ્વતી જગમોહન પરીખ ચંદ્રક માટે માન્ય કરેલા નિયમમાં દાનના પત્ર અન્વયે સુધારો મંજૂર કરવા બાબત.

"શ્રીમતી સરસ્વતી જગમોહન પરીખ ચંદ્રક"એ નામનો આશરે રૂ. ૩૪૦-૦૦ની કિંમતનો સુવર્ણમંડિત ચંદ્રક દર વર્ષે આ યુનિવર્સિટી તરફથી એમ. એસ. જનરલ સર્જરીની પરીક્ષામાં રેગ્યુલર બેચ ઑકટોબર અને રિપીટર બેચ માર્ચ-એપ્રિલમાં જે વિદ્યાર્થી પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવીને સદરહુ પરીક્ષા માટે નીમવામાં આવેલી પરીક્ષકોની સમિતિ દ્વારા બેસ્ટ પરફોર્મન્સ પ્રાપ્ત કરશે તેને અથવા પહેલા પ્રયત્ને અને એમ.એસ.ની પરીક્ષા પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓને જે વિદ્યાર્થીએ એમ.બી.,બી.એસ.ની પરીક્ષા પ્રથમ પ્રયત્ને વધુમાં વધુ ગુણાંક મેળવેલ હોય તેવાને એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે દાતા સાથે વાતચીત કરીને પોતાની ભલામણ રજૂ કરવા માટે ડૉ. પી. પી. મહેતાને જણાવવું.

૭૭. યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓનાં પગારધોરણો અને બીજી સેવાઓની બાબતો અંગેના રાજ્ય સરકારના નાણા ખાતાના ઠરાવ નં. પી. સી. આર. ૩૦૭૫-૮૬—એમ, તા. ૨૩-૬-૧૯૭૬ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૯-૧૧-૧૯૭૬ની સભામાં સ્વીકાર કરેલો હોઈ યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓને આપવામાં આવતાં

નીચેનાં ભથ્થાંઓ અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	જગ્યાનું નામ	ભથ્થું (માસિક)
૧.	મદદનીશ કુલસચિવ તથા કુલપતિશ્રીના અંગત સચિવ	રૂ. ૯૦
૨.	કુલસચિવશ્રીના અંગત સચિવ-કમ-કાર્યાલય નિયામક	રૂ. ૭૦
૩.	ડ્રાઈવર	રૂ. ૨૫
૪.	સિનિયર ઑપરેટર	રૂ. ૧૫
૫.	હેડ ટાઇપિસ્ટ	રૂ. ૩૦
૬.	ટાઇપિસ્ટ	રૂ. ૧૦
૭.	લિફ્ટ એલાવન્સ	રૂ. ૫
૮.	અધ્યક્ષ, ગ્રંથાલય શાસ્ત્રભવન	રૂ. ૫૦
૯.	મદદનીશ ગ્રંથપાલ	રૂ. ૨૫

નોંધ.—રાજ્ય સરકારના ઠરાવમાંનો સંબંધકર્તા ભાગ નીચે પ્રમાણે છે :

1. The over-time allowance and such other odd allowances should be discontinued forthwith except in the case of Press employees, rate of over-time allowance should be on par with the over-time allowance for employees in the State Presses.

2. The special pay to several categories as shown in the table below are not found justifiable and it is accordingly recommended that these should be withdrawn. Similarly grant of a special pay at the rate of 10 per cent of basic pay in a case of Deputy Engineer and Rs. 50/- per month in another such case. (Both under the Saurashtra University do not seem to conform to any standards and, therefore, these should be withdrawn.

Sr. No.	*Category*	*University*	*Amount of Special pay*
1.	Jamadars and Havaldars	Gujarat	Rs. 10/- p.m.
2.	Naik, Peon-cum-Attendants	Gujarat	Rs. 5/- p.m.
3.	P.A. to Vice-Chancellor	M. S., Baroda	Rs. 35/- p.m.
4.	Guest House Supervisor	M. S., Baroda	Rs. 30/- p.m.

5.	P.A. to Vice-Chancellor	South Gujarat	Rs. 90/- p.m.
6.	(*i*) P.A. to Rector (*ii*) P.A. to Registrar	South Gujarat	Rs. 70/- p.m.
7.	Head Driver	South Gujarat	Rs. 50/- p m.
8.	Drivers	South Gujarat	Rs. 25/- p.m.
9.	Peon-cum-Driver working as Driver	,,	Rs. 25/- p m.
10.	Peon doing work of Electrician	,,	Rs. 25/- p.m.
11.	P.A. to Vice-Chancellor	Saurashtra	Rs. 50/- p.m.
12.	Asstt. Registrar	,,	Rs. 50/- p.m.
13.	P.A. to Vice-Chancellor	,,	Rs. 50/- p.m.

[**નોંધ.**—બીજા પગારપંચ સમક્ષ નીચેનાં ભથ્થાંની રજૂઆત કરવાની રહી ગઈ હતી :

૧.	મદદનીશ કુલસચિવ તથા કુલપતિશ્રીના અંગત સચિવ	રૂ. ૯૦-૦૦ માસિક
૨.	કુલસચિવશ્રીના અંગત સચિવ-કમ-કાર્યાલય નિયામક	રૂ. ૭૦-૦૦ ,,
૩.	હેડ ટાઇપિસ્ટ	રૂ. ૩૦-૦૦ ,,
૪.	લિફ્ટ એલાવન્સ	રૂ. ૫-૦૦ ,,
૫.	અધ્યક્ષ, ગ્રંથાલયશાસ્ત્ર ભવન	રૂ. ૫૦-૦૦ ,,
૬.	મદદનીશ ગ્રંથપાલ	રૂ. ૨૫-૦૦ ,,]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કર્મચારીઓના ઘરભાડા ભથ્થા અંગેના પ્રશ્ન સહિત સદરહુ કર્મચારીઓના ઉપર જણાવેલા ભથ્થાના પ્રશ્નો અંગે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરીને તેને અનુમતિ આપવા માટે વિનંતી કરવી.

૭૮. શ્રી. શરદભાઈ પટેલ તરફથી આવેલા નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ ૧ :

"યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે રાજ્ય સરકારશ્રીએ યુનિવર્સિટીને તેના જી.આર. ક્રમાંક પી.સી.આર. ૩૦૭૫-૮૬-એમ, તા. ૨૩-૬-૧૯૭૬થી નવાં પગારધોરણોનો અમલ કરવાનું જણાવતાં યુનિવર્સિટીએ તેમ કર્યું છે, પણ સૂચવેલાં પગારધોરણો વ.માં

નાના અને ટૂંકી આવક ધરાવતા કર્મચારીઓ માટે સૂચવેલાં નવાં પગારધોરણોમાં સીલિંગ તથા મળતા ઇજાફાઓ પણ ઘટાડી નાંખવામાં આવ્યા છે આ બાબતમાં સમગ્ર પ્રશ્નો અંગે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘે તેના આવેદનપત્રાંક ૨૧૯૦, તા. ૧૩-૧૦-૧૯૭૬થી કુલપતિશ્રી સમક્ષ કરેલી વિગતવાર રજૂઆતો લક્ષમાં લઈ મજકૂર આવેદનપત્રમાં કરવામાં આવેલી ન્યાયી અને વાજબી રજૂઆતો ઉપર સંપૂર્ણ સહાનુભૂતિથી વિચારણા કરી કર્મચારીઓની વાજબી રજૂઆતો સ્વીકારવા ગુજરાત યુનિવર્સિટી એકિઝકયુટિવ કાઉન્સિલની આ સભા પ્રજાકીય રાજ્ય સરકારશ્રીને ભારપૂર્વક ભલામણ કરે છે."

પ્રસ્તાવ ૨ :

"This meeting of the Gujarat University Executive Council strongly recommends to the State Government that the Section 16-Class II-Ordinary members-Sub-section B (ii) be amended to read as under :—

Five representatives of the members of non-teaching staff out of which two shall be from the University and other three shall be from affiliated colleges including recognised institutions and approved institutions to be elected in the manner specified in Statutes.

Provided that for purpose of election of Ordinary members a person entitled to stand as a candidate or to vote in more than one constituency shall, before such date as may be appointed by Statutes, elect the constituency from which he desires to stand as a candidate or to vote at the election and shall not be entitled to stand or to vote in more than one constituency."

પ્રસ્તાવ ૩:

"This meeting of the Gujarat University Executive Council strongly recommends to the State Government that the following sub-section be added to Section 19 (1) as sub-section (xiii) :

Two representatives of the members of the non-teaching staff out of which one shall be from the University staff and the other one shall be from affiliated colleges including recognised institutions and approved institutions staff elected by the Court from amongst its members."

પ્રસ્તાવ ૪ :

"યુનિવર્સિટીમાં મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, લોકલ કોમ્પેનસેટરી ભથ્થું જેવાં ભથ્થાંઓ શિક્ષક કર્મચારીઓ અને બિનશિક્ષક કર્મચારીઓને કોઈ પણ જાતના ભેદભાવ વિના એક જ

ધોરણે આપવામાં આવે છે. મોંઘવારી ભથ્થું જીવનધોરણની સમતુલા જળવાય તે હેતુસર આપવામાં આવતું હોઈ આ ભથ્થું ચૂકવવામાં કર્મચારી-કર્મચારી વચ્ચે ભેદભાવ રાખવો વાજબી નથી તેમ આ સભા દૃઢપણે માને છે. તા. ૧-૧-૧૯૭૩ બાદ પણ આ ભથ્થું શિક્ષક અને બિન-શિક્ષક કર્મચારીઓને એક જ ધોરણે ચૂકવવાનું હવે શરૂ થયું છે. પણ તા. ૧-૪-૧૯૬૭થી તા. ૩૧-૧૨-૧૯૭૨ના ગાળા દરમ્યાન બિનશિક્ષક કર્મચારીઓને મર્જ્ડ સ્કેલ ઉપર મર્જ્ડ મોંઘવારી ભથ્થું ચૂકવવાનો અને શિક્ષક કર્મચારીઓને તા. ૧-૪-૧૯૬૬થી મર્જ્ડ સ્કેલ ઉપર અનમર્જ્ડ મોંઘવારી ભથ્થું ચૂકવવાનો નિર્ણય લઈ તેનો અમલ કરી યુનિવર્સિટીએ રાજ્ય સરકારે આ ભથ્થું પણ ચૂકવવામાં એક જ સંસ્થામાં કામ કરતા કર્મચારી-કર્મચારી વચ્ચે જે ભેદભાવ ઊભો થયેલ છે તેની આ સભા સખેદ નોંધ લે છે અને બિનશિક્ષક કર્મચારીઓને પણ શિક્ષક કર્મચારીઓની માફક તા. ૧-૬-૧૯૬૭થી તા. ૩૧-૧૨-૧૯૭૨ના ગાળા દરમ્યાન મર્જ્ડ સ્કેલ ઉપર અનમર્જ્ડ મોંઘવારી ભથ્થું મળવું જોઈએ અને તેઓને તે મુજબ આ ગાળા દરમ્યાનના મોંઘવારી ભથ્થાનો ડિફરન્સ ચુકવણીમાં આપી તા. ૧-૬-૧૯૬૭થી તા. ૩૧-૧૨-૧૯૭૨ના ગાળા દરમિયાન આ ભથ્થું ચૂકવવામાં જે અસમાનતા થયેલી છે તે સત્વરે દૂર કરવા ગુજરાત યુનિ-વર્સિટી એકિઝકયુટિવ કાઉન્સિલની આ સભા પ્રજાકીય રાજ્ય સરકારશ્રીને ભારપૂર્વક ભલામણ કરે છે."

પ્રસ્તાવ ૫

"યુનિવર્સિટીના ક્વાર્ટર્સમાં રહેતા ઘણી જ ઓછી આવક ધરાવતા ચોથા વર્ગના કર્મચારીઓ પાસેથી ટોકન રૂ. ૧-૦૦ ઘરભાડું લઈ તેમને યુનિવર્સિટીનાં રહેઠાણો રહેવા માટે આપવાં."

પ્રસ્તાવ ૬

"ગુજરાત યુનિવર્સિટીનો નવો કાયદો અમલમાં આવ્યા બાદ સંલગ્ન કૉલેજોના અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક કર્મચારીઓ માટે પગારધોરણ તથા સેવાઓની શરતો નિયત કરવાની યુનિવર્સિટીને સત્તા મળ્યા બાદ તે અંગે જે જે નિયમો-ઠરાવો આ સભાએ કર્યા છે તેનો મોટા ભાગની કૉલેજોએ અમલ કર્યો છે તેને આ સભા આવકારે છે, પણ તાજેતરમાં આપવામાં આવેલાં કેટલાંક ભથ્થાં, વયગાળાની રાહત વગેરે આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે તથા છેલ્લાં કેટલાંક મોંઘવારી ભથ્થાં પણ હજુ સુધી કૉલેજોના શિક્ષક અને બિનશિક્ષક કર્મચારીઓને હજુ સુધી ચૂકવવામાં આવ્યાં નથી તો તે તથા તે અંગેનું તમામ એરિયર્સ ચૂકવી આપી યુનિવર્સિટીને સત્વરે જાણ કરવાનો આ સભા સંબંધિત કૉલેજોને પુનઃ આદેશ આપે છે."

પ્રસ્તાવ ૭

"અગાઉ આ સભાએ ઠરાવેલ છે કે યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને જે પગારધોરણો તથા ભથ્થાં મળે અને સેવાની શરતો નિયત થાય તેનો લાભ સંલગ્ન કૉલેજોના અને માન્ય સંસ્થાઓના કર્મચારીઓને પણ આપવો. તાજેતરમાં સરકારશ્રી તરફથી આવેલ પગારધોરણો વ. અંગેના જી.આર.નો અમલ કરવાનું યુનિવર્સિટીએ નક્કી કરેલ હોઈ તેનો લાભ પણ સંલગ્ન કૉલેજોના અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક કર્મચારીઓને આપવાનું આ સભા ઠરાવે છે અને તેનો અમલ કરવા કૉલેજોને જણાવે છે."

પ્રસ્તાવ ૮

"યુનિવર્સિટીમાં વિવિધ જગ્યાઓ (કેડરો) ઉપર કામ કરતા બિનશિક્ષક કર્મચારીઓના કામના પ્રકારો (ફરજો) તથા તેમનો કાર્યભાર ચોક્કસપણે હજુ સુધી નિયત કરવામાં આવ્યો નથી તો યુનિવર્સિટી માન્ય કર્મચારી સંઘના પ્રતિનિધિઓને વિશ્વાસમાં લઈને તે કાર્યભાર સત્વરે નિયત કરતાં પગલાં ભરવાં અને તે મુજબ જ પ્રત્યેક કેડર ઉપર કામ કરતા જે તે કર્મચારી પાસેથી કામ લેવાનો આગ્રહ રાખવો."

પ્રસ્તાવ ૯

"યુનિવર્સિટીમાં બિનશિક્ષક કર્મચારીઓને પ્રમોશનની ઘણી જ જૂજ તકો હોવાથી જુનિયર ક્લાર્ક ૧૫ વર્ષ સુધી જુ. ક્લાર્ક જ રહેવા પામે છે. આ જોતાં કર્મચારીઓને પ્રમોશનની થોડી તકો મળે તે માટે પ્રમોશનવાળી જગ્યાઓ નવી ઉધાડવા જરૂરી કાર્યવાહી હાથ ધરવા આ સભા ઠરાવે છે."

પ્રસ્તાવ ૧૦ :

"ઑર્ડિનન્સ ૯૬ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાનું આ સભા ઠરાવે છે :

Every college shall submit to the Executive Council by 31st of July information regarding the subjects taught at the college, teaching and non-teaching staff, number of students, etc. in prescribed form."

આથી ઠરાવવામાં આવે છે કે (૧) ઉપરના પ્રસ્તાવ નં. ૧થી ૫ રાજ્ય સરકારની વિચારણા માટે મોકલવા.

(૨) ઉપરનો પ્રસ્તાવ નં. ૬ મંજૂર કરવો.

(૩) ઉપરનો પ્રસ્તાવ નં. ૭ સભાગૃહમાં વિચારણા માટે આવ્યો ત્યારે તે શ્રી. શરદભાઈ પટેલે પાછો ખેંચી લીધો તેથી તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહીં.

(૪) ઉપરના પ્રસ્તાવ નં. ૮ અંગે રાજ્યની બીજી યુનિવર્સિટીઓ અને રાજ્ય સરકાર પાસેથી જરૂરી માહિતી મંગાવવી અને તે આવ્યેથી આગળ વિચારણા કરવાનું રાખવું.

(૫) ઉપરનો પ્રસ્તાવ નં. ૯ રાજ્ય સરકારની વિચારણા માટે મોકલવો.

(૬) ઉપરના પ્રસ્તાવ નં. ૧૦માં જણાવેલ ઑર્ડિ. ૯૬ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

"Every college shall submit to the Executive Council by 15th August information regarding the subjects taught at the college, teaching and non-teaching staff, number of students, etc. in prescribed form."

૭૯. નીચેનો સ્ટે. ૨૦૪ રદ કરવા અંગે વિચારણા કરવા બાબત :

Statute 204 :

"The scales of pay of the teachers in the University Departments are fixed as under :

1. Professor..Rs. 1,100-50-1,300-60-1,600
2. Readers..Rs. 700-50-1,250
3. Lecturers..Rs. 400-40-800-50-950
4. Demonstrators..Rs. 250-15-400.

In addition to the above scales of pay the teachers shall be entitled to Dearness Allowance, if any, at the rates that may be sanctioned by the Syndicate on the basis of the Gujarat Government pay-scales, in which Dearness Allowance is merged and such other allowances, if any, that may be sanctioned by the Syndicate from time to time.

The provision of the revised pay-scales shall be deemed to take effect from 1st April, 1966 and the provision for payment of Dsarness Allowance and other allowances, if any, will be deemed to take effect from 1st April, 1965."

(નોંધ.—સ્ટે. ૨૦૪ બિનજરૂરી હોવાના કુલપતિશ્રીના મંતવ્યને રાજ્યના શિક્ષણખાતાએ તેમના તા. ૫–૧૧–૧૯૭૬ના પત્રથી અનુમોદન આપેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્ટેચ્યૂટ રદ કરવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

૮૦. પ્રેસના મશીન વિભાગના બેબકોક સિલિન્ડર પ્રિન્ટિંગ મશીન અંગે મંગાવેલાં ટેન્ડરો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ફાઇનાન્સ કમિટીની વિચારણા માટે મોકલવી અને તેની ભલામણ આવ્યે તે પર ઘટતો નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૮૧. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદમાં અંગ્રેજીના ખંડ સમયના ટ્યૂટર શ્રી. આર. એસ. દેસાઈની નિમણૂક માન્ય કરવા અંગે સદરહુ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂક માન્ય કરવી નહીં.

૮૨. ફેબ્રુઆરી ૬, ૧૯૭૭ના સમય દરમિયાન વલ્લભવિદ્યાનગર મુકામે યોજાનાર અંગ્રેજીના શિક્ષણ અંગેના પરિસંવાદમાં યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓને મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે આચાર્ય એસ. આર. ભટ્ટ અને પ્રો. કે. આર. ચન્દ્રશેખરનને મોકલવા.

૮૩. માર્ચ-એપ્રિલની પરીક્ષાઓમાં નિમાતા પ્રાશ્નિકની કરવામાં આવેલ નિમણુક ઑકટોબરની પરીક્ષા માટે પણ ચાલુ રહે તેમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ-એપ્રિલની પરીક્ષાઓમાં નિમાતા પ્રાશ્નિકો પૈકી જરૂરી પ્રાશ્નિકોની નિમણુક તે પછીની ઑકટોબર-નવેમ્બરની પરીક્ષાઓ માટે કરવા માટે જે તે વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીની ભલામણો મેળવીને તે અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૪. માર્ચ-એપ્રિલ/ઑકટોબર ૧૯૭૭ની પરીક્ષાઓનાં પરિણામો માટે ગુણપત્રકો અને ઑફિસ રજિસ્ટર વગેરેની આશરે રૂ. ૫૦,૦૦૦ની અંદાજી કિંમતે કન્ટિન્યુઅસ સ્ટેશનરી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો અને તે મુજબ મે. બિઝનેસ ફૉર્મ્સ પાસેથી ઉપર મુજબ આશરે રૂ. ૫૦,૦૦૦ની અંદાજી કિંમતે કન્ટિન્યુઅસ સ્ટેશનરી ખરીદવાનું રાખવું.

૮૫. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૧૦૧ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૮૬. ગુજરાત યુનિવર્સિટીની પાંચમી પંચવર્ષીય યોજના Reorganisation of Post-graduate education in college માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને રૂ. ૧૦,૦૦,૦૦૦ જે ફાળવેલ હતા તેમાંથી રીડર્સ ક્વાર્ટર્સ અંગે થયેલ બચત રૂ. ૨,૫૦,૦૦૦-માંથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને તેમના તા. ૩૦-૧૨-૧૯૭૬ના પત્ર ક્રમાંક એફ. ૧૮-૩-૧૯૭૬ (ડી ૪૯)થી નીચે દર્શાવેલ વિગત પ્રમાણે પુનઃ ફાળવણી કરવાની મંજૂરી આપ્યાની નોંધ લેવા બાબત :

Department of Geography :		
1. Equipment	..	Rs. 1·25 lakhs
2. Books	..	Rs. 0·50 lakhs
Department of Law :		
1. Books		Rs. 0·75 lakhs
		Rs. 2·50 lakhs

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી

૮૭. યુનિવર્સિટી કાર્યાલય, સમાજવિદ્યા ભવન અને ગ્રંથાલયમાં નીચેના સીનિયર ક્લાર્ક અને સીનિયર ટાઇપિસ્ટની કુલપતિશ્રીએ કરેલી નિમણૂકોની નોંધ લેવા બાબત :

(૧) શ્રી. જે. એ. પટેલ, સીનિયર ક્લાર્ક

(૨) શ્રી. આર. આર. ભાવસાર, સીનિયર ટાઇપિસ્ટ

(૩) શ્રી. કે. બી. શાહ, સીનિયર ક્લાર્ક

(૪) શ્રી. કે. ટી. ચાંલ્લાવાલા સીનિ. ક્લાર્ક
(૫) શ્રી. વી. બી. પટેલ ,,
(૬) શ્રી. જે. વી. શુક્લ ,,
(૭) શ્રી. બી. આર. ચૌહાણ ,,

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૮. પૉલિવેલન્ટ એડલ્ટ એજ્યુકેશન સેન્ટર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદની "પ્રોગ્રામ-કમ-ફાઇનાન્સ કમિટી"ની મિનિટ્સ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો પૈકી ભલામણ નં. ૫ મંજૂર કરીને તેનો અમલ તા. ૧-૪-૧૯૭૬થી કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની અન્ય ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩-૧૧-૧૯૭૬ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૮૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) પરિષદ-પરિસંવાદોમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગેની બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬-૬-૧૯૭૬ની સભામાં કરેલા નિયમોને આધીન પ્રત્યેક પ્રતિનિધિએ વિષયને અનુરૂપ રજૂ કરેલું પેપર પરિષદમાં સ્વીકારાયું હોવું જોઈએ તે શરતે ડૉ. કે. જી. મહેતાને આણંદ મુકામે યોજાયેલ 'IInd Workshop on Improvement on Medicinal' નિમણૂક કરવામાં આવી હતી પરંતુ ડૉ. કે. જી. મહેતાને પેપર રજૂ કરવા માટેના સમયનો અભાવ હોવાથી તેમાંથી મુક્તિ આપ્યાના;

(૨) કુલાધિપતિશ્રીના સેક્રેટરીના તા. ૧૬-૧૧-૧૯૭૬ના પત્ર અન્વયે શ્રી. બી. એમ. પીરજાદાને યુનિવર્સિટી કોર્ટના સભ્યપદેથી ફારેગ કરવામાં આવતાં તેમણે યુનિવર્સિટી સામે હાઈકોર્ટમાં દાખલ કરેલ રિટ અરજીના સંદર્ભમાં શ્રી. સુરેશભાઇ શેલતને યુનિવર્સિટી તરફથી વકીલ તરીકે રોકયાના તથા તે અંગેના તમામ ખર્ચ ચૂકવ્યાના;

(૩) શ્રી. બી. કે. પટેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી એલ. એમ પટેલ કોમર્સ કૉલેજ, સાવલીમાં વાણિજ્ય વિષયના શિક્ષણકાર્ય માટે શ્રી. કે. જે. દેસાઈની કરેલ નિમણૂકને ચાલુ સત્ર પૂરતી માન્ય રાખ્યાના;

(૪) ભવન્સ કૉલેજ, ડાકોરમાં બી.એ.(સ્પે.)માં સંસ્કૃત વિષય શીખવવાનો બંધ કરવાની આપેલી પરવાનગી બાદ તે વિષય ફરી સ્પેશિયલ વિષય તરીકે શીખવવાની સંચાલકમંડળની અરજી પરથી ભવિષ્યમાં સદરહુ વિષયનું સ્પેશિયલ કક્ષાનું શિક્ષણકાર્ય બંધ કરવું હોય તો તે માટે નવેસરથી કાર્યવાહી કરવી જોઈશે એ શરતે બી.એ.(સ્પે.)માં સંસ્કૃતનું શિક્ષણ-કાર્ય ચાલુ રાખવા માટે અનુમતિ આપ્યાના;

(૫) સને ૧૯૭૭ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટી કાર્યાલય તથા યુનિવર્સિટી પ્રેસ માટેની રજાઓ રાજ્ય સરકાર મુજબ આ સાથેના પરિશિષ્ટ "ચ" મુજબ મંજૂર કર્યાના;

(૬) પરીક્ષાનિયામક શ્રી. જે. એમ. મહેતાની તેમના શારીરિક તપાસ અંગેના ડૉ. જે. એલ. ભટ્ટના હેવાલના સંદર્ભમાં સેવાની મુદત વધુ એક વર્ષ માટે એટલે કે તા. ૭-૧-૧૯૭૭થી તા. ૬-૧-૧૯૭૮ સુધી લંબાવી આપ્યાના;

(નોંધ.—શ્રી. જે. એમ. મહેતા તા. ૬-૧-૧૯૭૭ના રોજ ૬૧ વર્ષ પૂરાં કરે છે.)

(૭) આઈ. એ. એસ. માટે નીમવામાં આવેલ મૅનેજિંગ કમિટીની તા. ૧૨-૯-૧૯૭૫ની તેમ જ તા. ૧૨-૧૦-૧૯૭૬ના રોજ મળેલી સભાની કાર્યવાહી મંજૂર કર્યાના;

(૮) ગુજરાત સ્ટેટ સીડ્ઝ કૉર્પોરેશનના શ્રી. ડી. યુ. ઢોલરિયા કે જેમની સેવાઓ આપણે ત્યાં ખેતી સંશોધન નિરીક્ષક તરીકે ઉછીની લેવામાં આવી છે તેમને "સોલા સોડાઈન સેપ્લાનામ યાસીયાનમ ક્લાર્કે"ની સંશોધન યોજના નીચે સીનિયર રિસર્ચ આસિસ્ટન્ટ તરીકે તા. ૧-૧૨-૧૯૭૬થી રૂ. ૪૦૦-૦૦ના વેતનથી નિમાયા હોવાથી અને તેઓ આપણા ફાર્મ અંગેનું ધ્યાન રાખતા હોવાથી તેમને હાલમાં આપવામાં આવેલું ભાડામુક્ત રહેઠાણ ચાલુ રાખવા અંગેની મંજૂરી આપ્યાના;

(૯) એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૧-૯-૧૯૭૬ની સભાના ઠરાવ અન્વયે ડૉ. એચ. એન. રાવળને "Indian Science Congress"માં ભૂવનેશ્વર મોકલવાનું ઠરાવ્યું હતું, પણ તેઓ જઈ શકે તેમ ન હોવાથી પ્રો. દર્શનસિંગને મોકલવાનું મંજૂર કર્યાના;

(૧૦) રાજ્ય સરકારે જાહેર કર્યા મુજબ ગુરુવાર, તા. ૨-૧૨-૧૯૭૬ના બકરી ઈદ (ઈદ-એ-અઝા) નિમિત્તે યુનિવર્સિટી કાર્યાલયમાં (પ્રેસ સિવાય), ગ્રંથાલય તથા વિદ્યાભવનોમાં રજા જાહેર કર્યાના;

(નોંધ.—યુનિવર્સિટી પ્રેસ રાબેતા મુજબ ચાલુ રાખવામાં આવ્યું હતું. પ્રેસને તે દિવસને બદલે વર્ષ દરમિયાન કોઈ બીજા દિવસે રજા ભરી આપવામાં આવશે.)

(૧૧) ઇન્સ્પેકટર જનરલ ઑફ ફૉરેસ્ટ્સ અને ભારત સરકારના ખેતીવાડી અને સિંચાઈ ખાતાના ઍક્સ-ઑફિશિયો ઍડિશનલ સેક્રેટરીએ તેમના તા. ૧૮-૧૦-૧૯૭૬ના પત્ર ક્રમાંક ડી.ઓ. નં. ૪-૪-૭૫-એફઆર.વાય. ૧થી "Ecological survey of wild life and the Forest communities of Panchmahals District" અંગેની સંશોધન યોજનાની કામગીરી યુનિવર્સિટીના પ્રાણીવિજ્ઞાનના રીડર ડૉ. એ. બી. વ્યાસને સોંપવા અંગેની તથા તે માટેની અનુદાનની રકમ રૂ. ૧,૭૫,૦૦૦ યુનિવર્સિટીને આપવા અંગેની આવેલ દરખાસ્તનો સાભાર સ્વીકાર કર્યાના;

(૧૨) યુનિવર્સિટી કાર્યાલય, ભવનો, ગ્રંથાલય તથા યુનિવર્સિટી મુદ્રણાલયના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓને અનાજ, તેલ વગેરે જીવનજરૂરિયાતની વસ્તુઓ ખરીદવા માટે ૧૦ સરખા હપતામાં વસૂલ થાય તે રીતે બે મૂળ માસિક પગાર અથવા વધુમાં વધુ રૂ. ૬૦૦-૦૦ની મર્યાદાને આધીન રકમનું તસલમાત (ઍડવાન્સ) આપ્યાના;

(૧૩) પ્રી-મેડિકલ ડેન્ટલ પરીક્ષામાં ઑકટોબર ૧૯૭૬માં અથવા તે અગાઉ લેવાયેલ પરીક્ષામાં અનુત્તીર્ણ રહેલ અથવા સદરહુ પરીક્ષા માટે જેમનાં સત્રો માન્ય થયેલ હોય, પરંતુ પરીક્ષામાં બેઠા ન હોય તેવા વિદ્યાર્થીઓની વધારાની એક પરીક્ષા માર્ચ-એપ્રિલ ૧૯૭૭માં લેવાની પરવાનગી આપ્યાના;

(૧૪) ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં સ્ટેનોગ્રાફરની એક કાયમી જગ્યા પર નિમણૂક કરવાની ભલામણ કરવા માટે નીમેલી વરણીસમિતિની તા. ૧૬-૧૨-૧૯૭૬ની સભાની ભલામણ અન્વયે શ્રી. જે. એચ. રાવને રૂ. ૪૭૫-૨૦-૬૧૫ ઈ.બી. ૨૦-૬૭૫-૨૫-૮૦૦ના પગારધોરણમાં રૂ. ૪૭૫ના મૂળ માસિક પગારથી નિમણૂક કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૯૦. ગુજરાત યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવન માટે યુનિવર્સિટી ગુણવત્તા શિષ્યવૃત્તિ અને યુનિવર્સિટી માફી શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગેની ગણતરીનું ધોરણ વિદ્યાર્થી દીઠ રૂ. ૧૨૫-૦૦ (એક ટર્મના) પ્રમાણે ટ્યૂશન ફીની આવક ગણીને તેના ૭૫ ટકા પ્રમાણે યુનિવર્સિટી ગુણવત્તા શિષ્યવૃત્તિ તથા ૭૫ ટકા પ્રમાણે યુનિવર્સિટી માફી શિષ્યવૃત્તિ એનાયત કરવાની મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૯૧. યુનિવર્સિટી ગ્રંથાલયની પાસે બંધાઈ રહેલ સરદાર પટેલ વાચન કેન્દ્રના મકાનમાં આર. સી. સી. સ્લેબ માટે એ.સી.સી. સિમેન્ટ ૫૪ "J R. Dastur" એ. સી. સી. સિમેન્ટના સ્ટોકિસ્ટ પાસેથી રૂ. ૩૯૦-૩૭ પૈ. ઓછા રૂ. ૪-૦૦ ડિસ્કાઉન્ટ ૧ મે. ટન પર (i.e. રૂ. ૩૮૬-૩૭ પૈ. ૧ મે. ટન કંપની પ્રમાણે) ભાવ પ્રમાણે ખરીદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો અને તે મુજબ એ.સી.સી. સિમેન્ટ ૫૪ જે. આર. દસ્તૂર પાસેથી એક મેટ્રિક ટનના રૂ. ૩૯૭-૩૭ પૈ. — રૂ. ૪-૦૦ ડિસ્કાઉન્ટ = રૂ. ૩૮૬-૩૭ પૈ.ના ભાવથી ખરીદ કરવાનું રાખવું.

૯૨. ભાષા-સાહિત્ય ભવનનાં રીડર ડૉ. (કુમારી) એસ્થરબહેન એ. સોલોમનને તા. ૧-૪-૧૯૭૬થી રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧, ૬૦૦ એસેસમેન્ટ ૬૦-૧૯૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૬૦૦-૦૦ પછી એસેસમેન્ટ માટે સમિતિની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

("The assessment at Rs. 1,600/- in the Reader's scale of Rs. 1,200-50-1,300-60-1,600 assessment 60-1,900 shall be done by a Committee to be appointed by the University in which there will be at least one representative of the Director of Education.")

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૩. બાંધકામ સમિતિની તા. ૭-૧-૧૯૭૭ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૭-૧-૧૯૭૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(**નોંધ.**—સદરહુ સમિતિની ભલામણમાં 'ઇલેક્ટ્રિક વાયરિંગ અંગેનું કામકાજ' એ શબ્દોને બદલે 'ઇલેક્ટ્રિક વાયરિંગ અંગેના પ્લાન અને દેખરેખનું કામકાજ' એ શાબ્દિક સુધારા સાથે ભલામણ નં. ૬ મંજૂર કરવામાં આવી.)

(સદરહુ સમિતિની તા. ૭—૧—૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૯૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતા શ્રી. એન. એ. ગઢવીને તેઓના વતનમાં મકાન મરામત કરાવવા અંગે સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે રૂ. ૧૨,૫૦૦-૦૦ની લોન આપવા અંગે તેઓની તા. ૪-૧-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) તેઓના ખાતે ૩૧-૩-૧૯૭૬ના રોજ રૂ. ૧૨,૬૮૦-૬૮ જમા છે. તેમાંથી તેઓના બિલ્ડિંગ લોનના રૂ. ૨,૪૬૧-૦૦ તથા પ્રો. ફંડ લોનના રૂ. ૩,૦૦૦-૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૨) એક્ઝિકયુટિવ કાઉન્સિલે બીજી વાર બિલ્ડિંગ લોન આપવા અંગે તેની તા. ૨૧-૧-૧૯૭૬ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે પોતાના પ્રો. ફંડમાંથી કોઈપણ કર્મચારીએ એક વાર લોન લીધા પછી ફરીથી લોન લેવાનો પ્રસંગ તેને માટે ઊભો થાય તો તે બાબત અંગે કોઈ ચોક્કસ ધારાધોરણ ઘડવાને બદલે પ્રત્યેક કેસ તેના ગુણદોષ પર વિચારવાનું રાખવું."]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૫. સદરહુ બાબતની વિચારણા અગાઉ બાબત નં. ૨૨ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૯૬. તા. ૧૭ જાન્યુઆરી ૧૯૭૭થી કાર્યાલયનો સમય એક કલાક વધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૭. પોલિમર સાયન્સનો વિભાગ નડિયાદના બદલે અમદાવાદ શરૂ કરવા શ્રી. ધર્મસિંહ દેસાઈએ તેમના તા. ૩૧-૧૨-૧૯૭૬ના પત્રથી દર્શાવેલ અસંમતિ અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની ભલામણ પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની ભલામણ મંજૂર કરવી અને આ પ્રદાન પેટે શ્રી. ધર્મસિંહભાઈ દેસાઈએ તા. ૧૫-૪-૧૯૭૫ના રોજ યુનિવર્સિટીમાં જમા કરાવેલ રૂપિયા એક લાખની રકમ પાછી મોકલવી.

(સદરહુ સમિતિની ભલામણની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૯૮. નવેમ્બર ૭ થી ૧૧ના સમય દરમિયાન બેંગ્લોર મુકામે Mental Retardation પર યોજનાર ત્રીજા એશિયન અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેના બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

૯૯. માર્ચ-એપ્રિલ ૧૯૭૬ની પરીક્ષાઓમાં કેટલાક કિસ્સાઓમાં વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ ફેર તપાસડાવવાનું જરૂરી બનતાં જે કેટલાક પરીક્ષકોને વધારાનું કામકાજ સોંપવામાં આવ્યું તેમને તે વધારાના કામકાજ માટે પુરસ્કાર આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૬ની પરીક્ષાઓમાં કેટલાક કિસ્સાઓના વિશિષ્ટ સંજોગો જોતાં સંબંધકર્તા પરીક્ષકોને તેમણે કરેલા વધારાના કામકાજ માટે પુરસ્કારરૂપે ઉચ્ચક રકમ મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૦. નવાં પગારધોરણો સ્વીકારવા અંગેનો વિકલ્પ બદલવા અંગેની શ્રી. એન. આર. જોશી અને શ્રી. આર. કે. યાજ્ઞિકની તા. ૫-૧-૧૯૭૭ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં નીચેનાં કર્મચારીઓનાં પોતાનાં નવાં પગારધોરણો સ્વીકારવા માટેનો વિકલ્પ બદલવા માટેની અરજીઓ પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૧. શ્રી. રમણુભાઈ એચ. પટેલ
૨. શ્રી. એસ. એન. શાહ
૩. કુ. ઇન્દુબહેન બી. પટેલ
૪. શ્રી. તુલસીદાસ કડિયા
૫. શ્રી. સી. ડી. ડાકોર
૬. શ્રી. મગનભાઈ એ. ડાભી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ઉપરના કર્મચારીઓનાં નવાં પગારધોરણો સ્વીકારવા માટેનો વિકલ્પ બદલવા માટેની વિનંતી મંજૂર કરવી.

૧૦૧. યુનિવર્સિટીની પરીક્ષાઓના કામકાજ માટે નિમણૂકોના સંદર્ભમાં સગા-સંબંધી (relatives)ની વ્યાખ્યા સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વ્યાખ્યા નીચે મુજબ વંચાય તે મુજબ સુધારવી :

" પતિ, પત્ની, પુત્ર, પુત્રી, સગો ભાઈ કે સગી બહેન, પુત્રવધૂ, જમાઈ, સાળો, સાળી, પૌત્ર અને પૌત્રી. "

તે પછી બાબત નં. ૮૫ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૮૫. યુનિવર્સિટી ધારાની કલમ ૨૧ (૧) (૫) મુજબ એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્યો પૈકી બે સભ્યોની એકેડેમિક કાઉન્સિલ ઉપર નિયુક્તિ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલ પર એક્ઝિકયુટિવ કાઉન્સિલના પ્રતિનિધિઓ તરીકે આચાર્ય એસ. આર. ભટ્ટ અને પ્રો. કે. એસ. શાસ્ત્રીની નિમણૂક કરવી.

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

એક્ઝિ. કાઉન્સલ/૬૦૪૨૫/૧૯૭૭

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
તા. ૭-૨-૧૯૭૭

કે. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧

તા. ૯–૧૧–૧૯૭૬ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાના નોંધનાં પાનાં ૨૧ અને ૨૨ પર એકૅડેમિક કાઉન્સિલની ભલામણો નીચે મુજબ વંચાશે :

બાબત ક્રમાંક ૫૯

"આથી ઠરાવવામાં આવે છે કે એસ. એલ. યુ. આર્ટ્સ કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી, સમાજશાસ્ત્ર, ભૂગોળ તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૭થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડાભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

બાબત ક્રમાંક ૬૦

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા ૧૫–૬–૧૯૭૭થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં

ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડાભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

બાબત ક્રમાંક ૬૧

"આથી ઠરાવવામાં આવે છે કે ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, પાલનપુર, નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એડ ના અભ્યાસક્રમો શીખવવા માટે તા.૧૫–૬–૧૯૭૭થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કૉલેજના મકાનમાં દૃશ્યશ્રાવ્ય ખંડની અલગ વ્યવસ્થા કરવામાં આવે;

૨. વિજ્ઞાનના પ્રયોગો કરવા માટે પ્રયોગશાળાની કૉલેજમાં અલગ વ્યવસ્થા કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડાભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતના યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

બાબત ક્રમાંક ૬૨

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એમ. એન. કે. દલાલ એજ્યુકેશન કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૭થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડાભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે."

બાબત ક્રમાંક ૬૩

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી જે. બી. ઠક્કર કૉમર્સ કૉલેજ, ભૂજ (કચ્છ) નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૭થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડાભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

બાબત ક્રમાંક ૬૪

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી. કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૭થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોના ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડાભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે."

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨૧

પીએચ.ડી. પદવી સંશોધન શિષ્યવૃત્તિઓ—જુનિયર ફેલોશિપ આપવા માટે આવેલી અરજીઓ ઉપર વિચારણા કરી પોતાની ભલામણો કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની વર્ષ ૧૯૭૬-૭૭ની ત્રીજી સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શુક્રવાર, તા. ૨૪-૧૨-૧૯૭૬ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે કુલપતિશ્રી ઈશ્વરભાઈ જે. પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિશ્રી	હાજર
૨. પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૩. પ્રો. ડી. એન. પાઠક	ગેરહાજર
૪. ડૉ. એમ. એન. દેસાઈ	ગેરહાજર
૫. ડૉ. જે. એ. યાજ્ઞિક	હાજર.

૧. સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૨૮-૯-૧૯૭૬ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવા બાબત.

સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૨૮-૯-૧૯૭૬ના રોજ મળેલી સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી :

"શિષ્યવૃત્તિ સમિતિની તા. ૨૮-૯-૧૯૭૬ની સભામાં શ્રીમતી પટેલ બકુલા ધીરુભાઈને આપવામાં આવેલી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની જુનિયર રિસર્ચ ફેલોશિપ તેઓ સ્નાતક પદવી પાસ વર્ગમાં ધરાવતા હોવાથી નિયમાનુસાર પાત્ર નહીં હોવાથી પાછી ખેંચવી."

૨. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના વિભાગના ડૉ. એમ. એન. દેસાઈના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થી શ્રી. હરીશ જી. દેસાઈને તા. ૨૦-૧૧-'૭૩થી ત્રણ વર્ષ માટે આપવામાં આવેલ યુ.જી.સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ તેમના માર્ગદર્શક શિક્ષકની ભલામણ અનુસાર ચોથા વર્ષ માટે એટલે કે તા. ૨૦-૧૧-૧૯૭૭ સુધી લંબાવી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. ૧૯૭૬-૭૭ના વર્ષ દરમ્યાન ફાજલ પડેલ નીચેની શિષ્યવૃત્તિઓ માટે પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓ તરફથી આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત :

૧. ગુજરાત રાજ્ય સરકારની સંશોધન શિષ્યવૃત્તિ (ફક્ત વિજ્ઞાનના વિષય માટે)
૨. યુ.જી.સી.ની જુનિયર ફેલોશિપ.

આથી આ સભા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે કે :

(૧) ગુજરાત રાજ્ય સરકારની ફક્ત વિજ્ઞાનના વિષય માટે પીએચ.ડી. સંશોધન માટે નોંધાયેલા વિદ્યાર્થીઓ માટેની માસિક રૂ. ૨૫૦ની એક એવી આપવાની બાકી રહેતી એક સંશોધન શિષ્યવૃત્તિ વર્ષ ૧૯૭૬–૭૭ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન નીચે જણાવેલ વિદ્યાર્થીને તેઓ શિષ્યવૃત્તિના સમય દરમ્યાન નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહીં તે શરતે તા. ૧૫–૬–૧૯૭૬ અથવા તેઓ પીએચ.ડી. પદવી માટે નોંધાયા હોય તે તારીખ—એ બેમાંથી જે મોડી હોય ત્યારથી મજકૂર શિષ્યવૃત્તિની શરતો અને નિયમોને આધીન એક વર્ષ માટે એનાયત કરવી :

વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષક અને સંસ્થાનું નામ
શ્રીમતી ગોપાલન શાન્તિપ્રસન્ના	ગણિતશાસ્ત્ર	પ્રો. આઈ. એચ. શેઠ, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ–૯.

(૨) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની યોજના હેઠળ પ્રથમ બે વર્ષ માટે રૂ. ૪૦૦ વત્તા વાર્ષિક રૂ. ૧,૫૦૦ની કન્ટિન્જન્સી ગ્રાન્ટવાળી એક જુનિયર રિસર્ચ ફેલોશિપ, પીએચ.ડી. પદવી માટે નોંધાનાર નીચેના વિદ્યાર્થીને તેઓ જુનિયર રિસર્ચ ફેલોશિપના સમય દરમ્યાન નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહીં તે શરતે અને મજકૂર રિસર્ચ ફેલોશિપ માટેની શરતો અને નિયમોને આધીન તેઓ સંશોધનકાર્ય શરૂ કરે અગર પીએચ.ડી. પદવી માટે નોંધાયા હોય તે તારીખ—એ બેમાંથી જે મોડી હોય તે તારીખથી હાલ પૂરતું બે વર્ષ માટે આપવી :

વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષક અને સંસ્થાનું નામ
શ્રી. લક્ષ્મણ બાપુરાવ ઉત્તરવાર	બોટની	ડૉ. બી. એસ. વૈદ્ય, યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ–૯.

(૩) પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા અગર હવે પછી નોંધાનાર નીચેના વિદ્યાર્થીઓને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની જુનિયર રિસર્ચ ફેલોશિપ આપવા અંગે દિલગીરી જાહેર કરવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષક અને કૉલેજ/સંસ્થાનું નામ
૧.	શ્રી. દવે ચૈતન્ય ગિરજાપ્રસાદ	રસાયણવિજ્ઞાન	ડૉ. પી. આર. શાહ, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૨.	શ્રી. અગ્નિહોત્રિ કિશોર ગજાનન	,,	ઉપર મુજબ
૩.	શ્રી. શાહ ગિરીશકુમાર વાડીલાલ	,,	ડૉ. એમ. એન. દેસાઈ, યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ—૯

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષક અને કૉલેજ/સંસ્થાનું નામ
૪.	કુ. ઉપાધ્યાય અચલા પ્રતાપરાય	સંસ્કૃત	ડૉ. નગીનભાઈ શાહ, એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, અમદાવાદ
૫.	શ્રી. વૈષ્ણુવ પંકજ પ્રદ્યુમનરાય	વનસ્પતિવિજ્ઞાન	ડૉ. જે. જે. ચિનોય, યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ–૯
૬.	કુ. નાણાવટી કૃપા પુંડરિકભાઈ	,,	ડૉ. બી એસ. વૈદ્ય, યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ–૯
૭.	કુ. પ્રજ્ઞા બિપિનચંદ્ર ઝવેરી	ગુજરાતી	ડૉ. બી. જે. ઝવેરી, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા
૮.	શ્રી. લોહ લાલજીભાઈ પૂંજાભાઈ	અર્થશાસ્ત્ર	ડૉ. એ. બી. મહેતા, ગુજરાત કૉલેજ, અમદાવાદ–૬
૯.	કુ. ત્રિવેદી નીતાકુમારી કૈલાસરાય	ભારતીય સંસ્કૃતિ	ડૉ. પી. સી. પરીખ, ભો. જે. અધ્યયન અને સંશોધન વિદ્યાભવન, અમદાવાદ
૧૦.	શ્રી. જગલામૌડી વેન્કટેશ્વરરાવ હનુમૈયાહ	ગણિતશાસ્ત્ર	ડૉ. એમ. મિશ્રા, યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ
૧૧.	શ્રી. પંડ્યા લલિતકુમાર મોહનલાલ	હિન્દી	ડૉ. જી. ડી. શર્મા, ગવર્નમેન્ટ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ડા. હ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ગ"

કામકાજ ક્રમાંક ૬૧

પરીક્ષા શરૂ થવાની તારીખો

ક્રમાંક	પરીક્ષાનું નામ	પરીક્ષા શરૂ થવાની તારીખો
૧.	સર્ટિફિકેટ એકઝામિનેશન ઈન કૉમ્પ્યુટર પ્રોગ્રામિંગ	૧૪-૨-૭૭
૨.	બી.એડ., ભાગ ૨	૨૮-૨-૭૭
૩.	એમ.એસસી. (મેડિકલ)	૭-૩-૭૭
૪.	એમ.ડી.એસ., ભાગ ૧	૭-૩-૭૭
૫.	એમ.ડી.એસ., ભાગ ૨	૭-૩-૭૭
૬.	એમ.ડી.	૭-૩-૭૭
૭.	એમ.એસ.	૭-૩-૭૭
૮.	ડિપ્લોમા ઈન એનેસ્થેસિયા	૭-૩-૭૭
૯.	ડી.એમ.આર.ઈ., ભાગ ૧–૨	૭-૩-૭૭
૧૦.	ડી.જી.ઓ.	૭-૩-૭૭
૧૧.	ડી.ઓ.	૭-૩-૭૭
૧૨.	ડિપ્લોમા ઈન પેડિયાટ્રિકસ	૭-૩-૭૭
૧૩.	ડી.વી. ઍન્ડ ડી.	૭-૩-૭૭
૧૪.	ડી.પી.એમ., ભાગ ૧–૨	૭-૩-૭૭
૧૫.	ડિપ્લોમા ઈન ટ્યુબરકયુલોસિસ	૭-૩-૭૭
૧૬.	ડી.એલ.ઓ	૭-૩-૭૭
૧૭.	ડી.પી.એમ.	૭-૩-૭૭
૧૮.	ડિપ્લોમા ઈન સાયકોલોજિકલ મેડિસિન, ભાગ ૧-૨	૭-૩-૭૭
૧૯.	ડી.સી.પી.	૭-૩-૭૭
૨૦.	ડી.ઓ.આઈ.એચ.	૭-૩-૭૭
૨૧.	બી.એડ., ભાગ ૧	૧૬-૩-૭૭
૨૨.	પ્રી-યુનિ. વાણિજ્ય	૧૬-૩-૭૭
૨૩.	પ્રી-યુનિ. વિનયન	૨૧-૩-૭૭
૨૪.	પ્રી.-યુનિ. વિજ્ઞાન	૨૧-૩-૭૭
૨૫.	એમ.એ., ભાગ ૧ અને ૨ (રેગ્યુલર તેમ જ એકસ્ટર્નલ)	૨૧-૩-૭૭
૨૬.	એમ.એસસી., ભાગ ૧ અને ૨ (મૅથ્સ.)	૨૧-૩-૭૭
૨૭.	ફર્સ્ટ ઈયર અને સેકન્ડ ઈયર ડિપ્લોમા ઈન લિંગ્વિસ્ટિકસ	૨૧-૩-૭૭

ક્રમાંક	પરીક્ષાનું નામ	પરીક્ષા શરૂ થવાની તારીખ
૨૮.	ફર્સ્ટ બી.એ.	૨૮-૩-૭૭
૨૯.	ફર્સ્ટ બી.એસસી.	૨૮-૩-૭૭
૩૦.	એમ.એસસી., ભાગ ૧ (અધર ધેન મૅથ્સ.)	૩૦-૩-૭૭
૩૧.	એમ.એસસી., ભાગ ૨ (અધર ધેન મૅથ્સ.)	૩૧-૩-૭૭
૩૨.	ફર્સ્ટ બી.કૉમ.	૪-૪-૭૭
૩૩.	એફ.વાય. ફાર્મસી (ડિપ્લોમા)	૪-૪-૭૭
૩૪.	ઈન્ટર ફાર્મસી (ડિપ્લોમા)	૪-૪-૭૭
૩૫.	ફર્સ્ટ બી.ફાર્મ.	૪-૪-૭૭
૩૬.	સેકન્ડ બી.ફાર્મ.	૪-૪-૭૭
૩૭.	થર્ડ બી.ફાર્મ.	૪-૪-૭૭
૩૮.	ફોર્થ બી.ફાર્મ. (ફાઇનલ બી.ફાર્મ.)	૪-૪-૭૭
૩૯.	ફર્સ્ટ એમ.ફાર્મ.	૪-૪-૭૭
૪૦.	સેકન્ડ એમ.ફાર્મ.	૪-૪-૭૭
૪૧.	ઈજનેરી વિદ્યાશાખાની સેમેસ્ટર પરીક્ષાઓ	૭-૪-૭૭
૪૨.	થર્ડ બી.એ.	૯-૪-૭૭
૪૩.	થર્ડ બી.એસસી. (સ્પે. અને જન.)	૯-૪-૭૭
૪૪.	થર્ડ બી.કૉમ.	૧૧-૪-૭૭
૪૫.	એમ.કૉમ., ભાગ ૧ અને ભાગ ૨ (રેગ્યુલર તેમ જ એક્સ્ટર્નલ)	૧૧-૪-૭૭
૪૬.	બૅચેલર ઑફ લાઇબ્રેરી સાયન્સ	૧૫-૪-૭૭
૪૭.	પ્રી-મેડિકલ	૧૫-૪-૭૭
૪૮.	ફર્સ્ટ ઈયર બી.એસસી. (નર્સિંગ)	૧૫-૪-૭૭
૪૯.	સેકન્ડ ઈયર બી.એસસી. (નર્સિંગ)	૧૫-૪-૭૭
૫૦.	ફર્સ્ટ એમ.બી.,બી.એસ.	૧૫-૪-૭૭
૫૧.	સેકન્ડ એમ.બી.,બી.એસ.	૧૫-૪-૭૭
૫૨.	થર્ડ એમ.બી.,બી.એસ.	૧૫-૪-૭૭
૫૩.	ફર્સ્ટ બી.ડી.એસ.	૧૫-૪-૭૭
૫૪.	સેકન્ડ બી.ડી.એસ.	૧૫-૪-૭૭
૫૫.	થર્ડ બી.ડી.એસ.	૧૫-૪-૭૭
૫૬.	ફાઇનલ બી.ડી.એસ.	૧૫-૪-૭૭
૫૭.	ડી.પી.ઓ.ટી.	૧૫-૪-૭૭
૫૮.	ડી.પી.એસ.હબલ્યુ.	૧૫-૪-૭૭
૫૯.	ફર્સ્ટ ઈયર બી.એસસી., એ.એસ.ટી.	૧૫-૪-૭૭
૬૦.	સેકન્ડ ઈયર બી.એસસી., એ.એસ.ટી.	૧૫-૪-૭૭
૬૧.	ડી.એમ.એસ.પી., ભાગ ૧ અને ૨	૧૫-૪-૭૭
૬૨.	ડી.પી.એન.	૧૫-૪-૭૭

ક્રમાંક	પરીક્ષાનું નામ	પરીક્ષા શરૂ થવાની તારીખો
૬૩.	ડી.એસ.ઈ.એન.સી.	૧૫-૪-૭૭
૬૪.	પીએચ.ડી. ટ્રાન્સલેશન ટેસ્ટ	૧૫-૪-૭૭
૬૫.	ફર્સ્ટ એલએલ.બી. (મોનસૂન સેમેસ્ટર)	૧૮-૪-૭૭
૬૬.	સેકન્ડ એલએલ.બી. (મોનસૂન સેમેસ્ટર)	૧૮-૪-૭૭
૬૭.	થર્ડ એલએલ.બી. (મોનસૂન સેમેસ્ટર)	૧૮-૪-૭૭
૬૮.	માસ્ટર ઑફ લેબર વેલ્ફેર	૧૮-૪-૭૭
૬૯.	ડી.એલ.પી.	૧૮-૪-૭૭
૭૦	ડી.ટી.પી.	૧૮-૪-૭૭
૭૧.	એફ.વાય. ડિપ્લોમા ઇન ડ્રામા	૧૮-૪-૭૭
૭૨.	એસ.વાય. ડિપ્લોમા ઇન ડ્રામા	૧૮-૪-૭૭
૭૩.	સેકન્ડ બી.કૉમ.	૧૯-૪-૭૭
૭૪.	ફર્સ્ટ એલએલ.બી. (વિન્ટર સેમેસ્ટર)	૨૦-૪-૭૭
૭૫.	સેકન્ડ એલએલ.બી. (વિન્ટર સેમેસ્ટર)	૨૧-૪-૭૭
૭૬.	થર્ડ એલએલ.બી. (વિન્ટર સેમેસ્ટર)	૨૧-૪-૭૭
૭૭.	સેકન્ડ બી.એ.	૨૧-૪-૭૭
૭૮.	સેકન્ડ બી.એસસી.	૨૧-૪-૭૭
૭૯.	ડિપ્લોમા ઇન મૅથેમેટિકલ ઇકોનોમિક્સ	૨૩-૫-૭૭
૮૦	એલએલ.એમ., ભાગ ૧ અને ૨	૨૩-૫-૭૭
૮૧.	એમ.એડ.	૨૩-૫-૭૭
૮૨	એમ.ઈ. ભાગ ૧	૨૩-૫-૭૭
૮૩.	એમ.ઈ. ભાગ ૨	૨૩-૫-૭૭
૮૪.	જુનિ. સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ	૧૮-૭-૭૭
૮૫.	સિનિ. સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ	૧૮-૭-૭૭

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૮૮

POLYVALENT ADULT EDUCATION CENTRE
UNIVERSITY SCHOOL OF SOCIAL SCIENCES
GUJARAT UNIVERSITY, AHMEDABAD-380 009.

Minutes of the Meeting on 'Programme-cum-Finance' Committee

A meeting of the 'Programme-cum-Finance Committee' of the Polyvalent Centre was held in the room of the Chairman of the Advisory Committee of the Polyvalent Centre. The following members were present in it :

1. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor, Gujarat University
2. Shri Hasmukhbhai Shah, Vice-President, Guj. Chambers of Commerce
3. Shri J. M. Mehta, Acting Registrar, Gujarat University
4. Dr. Paresh Majmundar, Honorary Director, Polyvalent Centre
5. Shri B. M. Patel, Development Officer, Gujarat University.

The decisions taken were as follows :

1. The list of the programmes annexed (Annexure 'A') with this minutes be approved and to do as many of them as is possible be organised during the remaining part of the current year. The list of the courses suggested by Mrs. Elaben Bhatt are given in Annexure 'B'. It was decided that Mrs. Elaben Bhatt should be assisted in the execution of as many of them as is possible.
2. The banks which have loaned money to Auto Rickshaw drivers be approached and with their help courses for the Auto Rickshaw Drivers be organised on the lines on which the courses were organised for Pedal Rickshaw drivers.
3. The committee sanctioned the expenditure of Rs. 13,007-00 incurred by in the Polyvalent Centre.
4. (*a*) The honorarium of the Course Director be fixed at Rs. 20/- per day and the maximum amount for a course should not exceed Rs. 250/-.

   (*b*) The amount payable for clerical and typing assistance for a course should not be more than 10% for its budgeted expenditure.

5. The Honorary Director of the Centre should be given an honorarium of Rs. 300/- per month.

6. The Committee approved the following budget (Annexure 'C') for the year 1976-77 for the Polyvalent Centre.

The meeting terminated with a vote of thanks to the chair.

(Annexure A)

List of the Courses which may be conducted by Polyvalent Centre, Ahmedabad

Courses :

1. Weaving
2. Bench Fitters and Sheet Metal
3. Mechanical Draftsman
4. Projector Operation 16 & 35 m.m.
5. Industrial Electricity
6. Boiler attending
7. Workshop Calculations
8. Use of Vernier & Micro-meters
9. Metrology & Quality
10. Maintenance of Chemical Plant
11. Scooter Maintenance
12. Efficient Fuel and Steam Utilisation
13. Wireman domestic electricity and allied electrical appliances.
14. Course for Jobbers
15. Course in Tailoring
16. Home Science
17. Arts & Culture Hobby etc.f
18. Functional English Basic English
19. Secretarial Courses
20. Supervisory Skills / Middle Management

21. Home & Family Living Domestic Services
22. Functional Gujarati
23. School Administration
24. First Aid Home Nursing
25. Music Appreciation
26. Course for Clerks from Education Department
27. Training Course for Peons
28. Laundry Workers
29. Cartoon Drawing
30. Citizenship (Hotel Boys)
31. Utilisation of Bank Services
32. Radio Repairing
33. Rickshaw Driving
34. Motor Driving
35. Photography
36. Book Keeping and Accountancy
37. ' Ambar Charkha '
38. Typing.

(Annexure B)

PROGRAMME

No.	*Subject*	*Participants*	*Approx. duration*	*Month*
1.	Social Legislations for Women	Field & Social Workers	Three days 6	November
2.	Clay Modelling	Slum Children	Fifteen days	November
3.	Painting & Home Decoration	Slum Girls	Fifteen days	November
4.	Sewing Machine Maintenance & Repairs	Garment Workers	Five days	December
5.	Accounting–Simple methods	Street vendors	Three days	December

6. Personal Hygiene	Hand Printers	Three days	December
7. Vegetable and fruit preservation	Vegetable vendors	Three days	December
8. Dramatics	Daughters of Textile workers	Fifteen days	December
9. Folk Music	Daughters of textile workers	Fifteen days	January
10. Home Budgeting	Women Workers	Five days	January
11. Special Cooking	Used garment dealers	Five days	January
12. Sex Education	Trainees of Embroidery Class	Three days	January
13. Mother craft	Mothers of Nursery children	Three days	January

Budget for the Polyvalent centre for the year 1976--1977

		Rs.	Rs.
(1)	**Staff**		
	(*a*) Honorarium of Honorary Director @ Rs. 300/- p.m. for 4 months i.e. from Nov. 1976 to Feb. 1977	1,200/-	21,900/-
	(*b*) Programme officers (2 posts) in scale of Rs. 700-1300 i.e. 1000/- p.m. = 1000 × 2 × 4	8,000/-	
	(*c*) Head Clerk in scale of Rs. 425-700 i.e. 600/- p.m. for 4 months.	2,400-/	
	(*d*) Stenographer in scale 425-700 for 4 months	2,400/-	
	(*e*) L. D. C. Typist (260-400)	1,200/-	
	(*f*) Accounts Clerk cum Cashier (330-560)	1500/-,	
	(*g*) Peons (2 posts) (196-232)	1,200/-	
	(*h*) Artist-cum-projectionist (425-700)	2,400/-	
	(*i*) Driver	1,600/-	
(2)	**Programmes**		**18,000/--**
	(*a*) Honorarium of course directors @ Rs. 20/- per day but not exceeding Rs. 250/- per course	4,000/-	
	(*b*) Honorarium @ Rs. 15/- per lecture + Rs. 5/- towards conveyance allowance where no University conveyance is utilised	6,000/-	
	(*c*) Clerical and typing assistance	1,000/-	

	(*d*) Conveyance charges & petrol charges if University car is used for the purpose. (So long as centre is not provided vehicle.)	7,000/-	
	(*e*) Misc. & other expenses	—	
(3)	**Equipments**		**64,700/--**
	(*a*) Ambassador car	32,700/-	
	(*b*) Two typewriter (English & Gujarati)	7,000/-	
	(*c*) One Duplicating Machine	10,000/-	
	(*d*) Steel and Wooden Furniture	15,000/-	
(4)	**Office Administration**		**24,000/--**
	(*a*) Travelling expenses	4,000/-	
	(*b*) Misc. Expenditure of office	4,000/-	
	(*c*) Stationery & Printing	5,000/-	
	(*d*) Contingencies	5,000/-	
	(*e*) Telephone	4,000/-	
	(*f*) Maintenance & repair of equipments.	2,000/-	
		Total	**1,28,600/--**

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૮૯ (૫)

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં ૧૯૭૭ ના વર્ષમાં પાળવાની રજાઓની યાદી

૧.	મહોરમ (આસુરા અથવા દશમો મહોરમ)	શનિવાર	૧–૧–૧૯૭૭
૨.	મકરસંક્રાંતિ	શુક્રવાર	૧૪–૧–૧૯૭૭
૩.	પ્રજાસત્તાક દિન	બુધવાર	૨૬–૧–૧૯૭૭
૪.	રામનવમી	મંગળવાર	૨૯–૩–૧૯૭૭
૫.	મહાવીર જયંતિ	શનિવાર	૨–૪–૧૯૭૭
૬.	ગુડ ફ્રાઇડે	શુક્રવાર	૮–૪–૧૯૭૭
૭.	સ્વાતંત્ર્ય દિન	સોમવાર	૧૫–૮–૧૯૭૭
૮.	પારસી નૂતન વર્ષ દિન	શનિવાર	૨૭–૮–૧૯૭૭
૯.	ગોકુલ અષ્ટમી	મંગળવાર	૬–૯–૧૯૭૭
૧૦.	રમજાન ઈદ (ઈદ-ઉલ-ફિત) અને	શુક્રવાર	૧૬–૯–૧૯૭૭
૧૧.	સંવત્સરી		
૧૨.	દશેરા	શુક્રવાર	૨૧–૧૦–૧૯૭૭
૧૩.	સરદાર વલ્લભભાઈ પટેલ જન્મદિન	સોમવાર	૩૧–૧૦–૧૯૭૭
૧૪.	દિવાળી	ગુરુવાર	૧૦–૧૧–૧૯૭૭
૧૫.	દિવાળી (નૂતન વર્ષ દિન)	શનિવાર	૧૨–૧૧–૧૯૭૭
૧૬.	ગુરૂ નાનકનો જન્મદિન	શુક્રવાર	૨૫–૧૧–૧૯૭૭
૧૭.	મહોરમ (આસુરા અથવા દશમો મહોરમ)	બુધવાર	૨૧–૧૨–૧૯૭૭

નોંધ—નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી તે રજાના દિવસો તરીકે જાહેર કરેલ નથી :

૧.	હોળી (બીજો દિવસ)	૬–૩–૧૯૭૭
૨.	રક્ષાબંધન (નાળિયેરી પૂર્ણિમા)	૨૮–૮–૧૯૭૭
૩.	મહાત્મા ગાંધી જન્મદિન	૨–૧૦–૧૯૭૭
૪.	નાતાલ	૨૫–૧૨–૧૯૭૭

પરિશિષ્ટ "છ"

કામકાજ ક્રમાંક ૯૩

બાંધકામ સમિતિની એક સભા તા. ૭-૧-૧૯૭૭ ને શુક્રવારના રોજ બપોરના ૩-૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. નવનીતલાલ સા. શોધન	હાજર
૩. શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર
૪. શ્રી. પી. જે. મહેતા	ગેરહાજર
૫. શ્રી. કિશોરચંદ્ર સંઘાણી	ગેરહાજર
૬. ડૉ. આર સી. સેનપાલ	હાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૮-૧૧-૧૯૭૬ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૮-૧૧-૧૯૭૬ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સ્ટેટ બૅંકના બાંધકામમાં કંત્રાટી મે. કનડા એન્જિનિયરિંગ કંપનીને તા. ૩૧-૧-૧૯૭૭ સુધીની સમયમર્યાદા વધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેટ બૅંકના બાંધકામમાં કંત્રાટી મે. કનડા એન્જિનિયરિંગ કં ને તા. ૩૧-૧-૧૯૭૭ સુધીની સમયમર્યાદા વધારી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. સરદાર વલ્લભભાઈ પટેલ વાચનકેન્દ્ર (રીડિંગ સેન્ટર)ના બાંધકામ માટે કંત્રાટી મે કનડા એન્જિનિયરિંગ કંપનીને તા. ૩૦-૧૧-૧૯૭૭ સુધીની સમયમર્યાદા વધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ પટેલ વાચનકેન્દ્રના બાંધકામ માટેના કંત્રાટી મે. કનડા એન્જિનિયરિંગને તા. ૩૦-૫-૧૯૭૭ સુધીની સમયમર્યાદા વધારી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને તે ભલામણ કરવી.

૪. કૉમ્પ્યુટર સેન્ટરના મકાન માટેની પાઇપલાઈન પ્રેસના મકાનની બાજુમાંથી નાખવામાં આવી તે કાઢી આયર્ન પાઇપલાઈન તથા તેના ફિટિંગો અંગેના વધારાના કામકાજ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉમ્પ્યુટર સેન્ટરનાં મકાન માટેની પાઇપલાઇન પ્રેસના મકાનની બાજુમાંથી નાંખવામાં આવી તે કાસ્ટ આયર્ન પાઇપલાઈન તેમ જ તેના ફિટિંગ્સ માટેનું વધારાનું કામકાજ આ સાથેની **યાદી "ક"** પ્રમાણે મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. જિમનેશિયમના મકાન માટેનું વૂડન ફ્લોરિંગ, આર.સી.સી. સ્લેબ તેમ જ ઊધઈની ટ્રીટમેન્ટ અંગેનું કામકાજ હાલ મુલતવી રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જિમનેશિયમના મકાન માટેનું વૂડન ફ્લોરિંગ, આર.સી.સી. સ્લેબ તેમ જ ઊધઈ અંગેનું કામકાજ આગળ ધપાવવું તેમ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલા કોમર્સના મકાન માટે ઇલેક્ટ્રિક વાયરિંગ અંગેનું કામકાજ સ્થપતિ મે. મધુકર ઠાકોરને સોંપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં જે બાંધકામ એકસપોઝ્ડ આર.સી.સી. તેમ જ ચણતરમાં હોય તેવાં કામો માટે ઇલેક્ટ્રિક વાયરિંગ અંગેનું કામકાજ તે કામના સ્થપતિને સોંપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર માઇક્રોબાયોલોજીના મકાનના બાંધકામ માટે સ્થપતિ તરીકે મે. હસમુખ સી. પટેલની નિમણૂક કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર એમ.એસસી. માઇક્રો-બાયોલોજી મકાનના બાંધકામ માટે સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલની નિમણૂક કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૮. યુનિવર્સિટીનાં બાંધકામો માટે સ્ટ્રકચરલ એન્જિનિયર તરીકે સેવાઓ આપવા માટે શ્રી. દિનેશ આર. શાહની તા. ૨૭-૧૨-૧૯૭૬ની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ**.—હાલ સ્ટ્રકચરલ એન્જિનિયર તરીકે—

૧. શ્રી. વી. એમ. એસ.
૨. શ્રી. અગેીન એન્જિનિયર, તથા
૩. શ્રી. દેવેન્દ્ર શાહ-ફક્ત સ્થપતિ શ્રી. કમલ મંગળદાસના કામકાજ માટે.]

આથી ઠરાવવામાં આવે છે કે તેઓની વિનંતિ માન્ય થઈ શકે તેમ નથી તેવી દિલગીરી વ્યક્ત કરવી.

૯. સ્ટેટ બેંકના બાંધકામમાં અમુક આઈટેમના જથ્થામાં વધારો થાય છે, પરંતુ કુલ ટેન્ડર ખર્ચમાં વધારો થતો નથી તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામા આવે છે કે સ્ટેટ બેંકના મકાનના બાંધકામમાં અમુક આઇટેમના જથ્થામાં વધારો થાય છે, પરંતુ કુલ ટેન્ડર ખર્ચમાં વધારો થતો નથી તેવી આઇટેમોની **યાદી "ખ"** મુજબના જથ્થાનો વધારો મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૦. સ્કૂલ ઑફ કોમર્સમાં રૂ. ૪,૯૮,૮૭૦/-ના રિવાઈઝ્ડ એસ્ટિમેટ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્કૂલ ઑફ કોમર્સના મકાનનો આ સાથે સામેલ કરેલ **યાદી "ગ"** મુજબનો રૂ. ૪,૯૮,૮૭૦નો રિવાઇઝ્ડ એસ્ટિમેટ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. ટેક્સ્ટાઈલ કેમિસ્ટ્રીના આવેલ પ્લાન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટેક્સ્ટાઈલ કેમિસ્ટ્રીના પ્લાન અંગે ડૉ. આર. સી. સોનપાલનું સલાહસૂચન લઈ યોગ્ય કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૨. યુનિવર્સિટી કૅમ્પસમાં બાંધવામાં આવેલ જિમ્નેશિયમના મકાનમાં વૂડન ફ્લોરિંગ નીચે પ્લેન્ટ સિમેન્ટ કૉંક્રીટ તથા આર.સી.સી. વર્ક માટે આવેલ એક ટેન્ડર પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—પી..સી.સી. તથા આર.સી.સી. વર્ક માટે એક જ ટેન્ડર આવેલ છે જે મુજબ ખર્ચ રૂ. ૩૦,૦૦૦ જેટલું થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે જિમ્નેશિયમના બાંધકામમાં બેડમિંટન કૉર્ટ માટે વૂડન ફ્લોરિંગ નીચે આર.સી.સી. સ્લેબ વગેરે અંગેનું કામકાજ સ્કૂલ ઑફ કૉમર્સ બિલ્ડિંગના કૉંત્રાટી મે. બી. પટેલ ઍન્ડ કં.ને આ સાથેની **યાદી "બ"** પ્રમાણેના દરથી કુલ રૂ. ૨૫,૫૦૦ના ખર્ચથી આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

[**નોંધ.**—આ કામ માટે પ્રેસ નોટથી ટેન્ડરો મંગાવવામાં આવ્યાં હતાં. પરંતુ એક જ પાર્ટીનું મોંઘા ભાવનું રૂ. ૩૦,૩૦૦-૦૦ નું ટેન્ડર આવેલ હતું.]

૧૩. રીડર્સ ક્વાર્ટર્સના શ્રી. હસમુખ સી. પટેલના પ્લાન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આઠ રીડર્સ ક્વાર્ટર્સ માટેના **સાઇટ** પ્લાન તથા મકાન માટેના શ્રી. હસમુખ **સી.** પટેલ તરફથી આવેલ પ્લાન તથા રૂ. ૫,૦૦,૦૦૦ના અંદાજ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૪. સ્થપિત શ્રી. હસમુખ સી. પટેલે તૈયાર કરેલા બૉયઝ હૉસ્ટેલના પ્લાન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે **સ્થપતિ** શ્રી. હસમુખ સી. પટેલે તૈયાર કરેલા બૉયઝ હૉસ્ટેલના સાઈટ પ્લાન તથા રૂપિયા ૬,૦૦,૦૦૦ના અંદાજ તથા મકાનનો પ્લાન મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૫. કુલપતિશ્રીની મંજૂરીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી. :

સેન્ટર ફૉર મૅનેજમેન્ટ, સેન્ટ્રલ લેબોરેટરી તથા શ્રી. વિમળભાઈ શાહ વાચનકેન્દ્રના બાંધકામ માટેના કૉંટ્રાટી મે. કનાડા ઍન્ડ કં.ના સ્ટીલની ખરીદી પેટે ૯૦ ટકા ઍડવાન્સની માંગણી કરતા તા. ૪-૧-૧૯૭૭ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટર ફૉર મૅનેજમેન્ટ, સેન્ટ્રલ લેબોરેટરી તથા શ્રી વિમળભાઈ શાહ વાચનકેન્દ્રના મકાનના બાંધકામ માટે ખાસ કેસ તરીકે અપવાદરૂપે આ ત્રણ બાંધકામ પૂરતું મે. કનાડા એન્જિ. કં. સ્ટીલની ખરીદી પેટે ૯૦ ટકા ઍડવાન્સનું પેમેન્ટ કરવા માટેની માંગણી મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મીસ્ત્રી
કુલસચિવ વતી.

યાદી 'ક'

કોમ્પ્યુટર સેન્ટરના મકાન માટે કાસ્ટ આયર્ન ફિટિંગ નાખ્યા તેના વધારાના કામકાજની યાદી

નં.	આઇટમ	જથ્થો	કોન્ટ્રાક્ટરે માંગેલ ભાવ રૂ. પૈસા	મંજૂર કરવાના ભાવ રૂ. પૈસા	રકમ રૂ. પૈસા
૧.	જૂની પાઇપલાઈન ફાઢવાની	૩૭૦ ફૂટ	૦૦-૬૦	૦૦-૨૫	૯૨-૫૦
૨.	આસ્ફાલ્ટ રોડ તોડવાનો	૨૦૦ ,,	૧-૫૦	નથી આપવાના	
૩.	વાલ્વ ચેમ્બર મોટી	૧ ,,	૨૨૫-૦૦	૭૫-૦૦	૭૫-૦૦
૪.	,, ,, નાની	૨ ,,	૧૨૫-૦૦	૫૦-૦૦	૧૦૦-૦૦
૫.	૩'' કા. આ. વાલ્વ (લીડર)	૧ ,,	૫૫૦-૦૦	૪૭૫-૦૦	૪૭૫-૦૦
૬.	૬'' × ૬'' × ૩'' કા. આ. એસ. એસ. ટી.	૧ ,,	૪૧૦-૦૦	૨૪૫-૦૦	૨૪૫-૦૦
૭.	૬'' રોલર	૧ ,,	૩૧૫-૦૦	૧૨૦-૦૦	૧૨૦-૦૦
૮.	૩'' કા. આ. એફ. એસ. ટેઈલ પીસ	૪ ,,	૧૩૦-૦૦	૬૦-૦૦	૨૪૦-૦૦
૯.	૩'' કા. આ. બેન્ડ ૨૨૫''	૧ ,,	૧૨૦-૦૦	૭૦-૦૦	૭૦-૦૦
૧૦.	૩'' × ૩'' × ૩'' ડી.એસ.ટી ફ્લેન્જ સાથે	૧ ,,	૧૬૦-૦૦	૧૧૫-૦૦	૧૧૫-૦૦
૧૧.	,, ,, કા.આ. ટી.એસ.એસ	૧ ,,	૧૬૦-૦૦	૧૪૦-૦૦	૧૪૦-૦૦
૧૨.	૩'' ફ્લેન્જ નટ, બોલ્ટ રબર પોકિંગ સાથે	૩ ,,	૫૦-૦૦	૫૦-૦૦	૧૫૦-૦૦
૧૩.	બુશિંગ ૩'' × ૨''	૩ ,,	૧૫-૦૦	૧૫-૦૦	૪૫-૦૦
					૧૮૬૭-૫૦

યાદી "ખ" (બિલ્ડિંગ કમિટી)

તા. ૭-૧-૧૯૭૭

સ્ટેટ બેંકના મકાનના બાંધકામમાં નીચે જણાવેલ આઈટેમોના જથ્થામાં વધારો થાય છે જેની યાદી આ સાથે સામેલ છે.

It is found during execution of work that there are excess in the following items :

Item No.	*Discription*	*As per tender*	*Quantity as per execution*	*Amount as per tender*	*As per execution*	*Excess Amount*
1	2	3	4	5	6	7
Bill No. 1 Plinth						
Item No. 3 filling		280	290	1,120-00	1,160-00	40-00
Bill No. 2						
Item II. B.B.L.C.		130	155	7,540-00	8,990-00	1,450-00
Item 3 : R.C.C. 175		125	130	45,000-00	46,800-00	1,800-00
Bill No. 3						
Item 2 : Partition		50	65	1,000-00	1,300-00	300-00
Bill 4						
Item : 1. White glaze tiles		65	85	8,450-00	11,050-00	2,600-00
Item : 3 Polished stones		10	60	1,300-00	800-00	6,500-00
Item : I. P. S.		25	65	625-00	1,625-00	1,000-00
Bill : 5						
Item. 3. Maindoor		10	12	3,000-00	3,600-00	600-00
Bill 4 : Louvered		30	42	930-00	13,020-00	3,720-00
Bill No. 7						
Item. 1 : Sagol finish plaster		1000-00	—	8,000-00	11,200-00	3,200-00
Item 2 : Water-proof plaster		25	—	250-00	650-00	400-00
Sanitary-Plumbing						
Item : 4. English type W.C.		1	3	500-00	1,500-00	1,000-00
Item 4 wash pasin		1	4	450-00	1,800-00	1,350-00
Item 6 Nahni traps		5	10	100-00	300-00	150-00
Item 8 Bibcock		3	6	120-00	240-00	120-00
					Total...	24,230-00

યાદી "ગ"

No. 866/3

Date : January 4, 1977

Proposed School of Commerce for Gujarat University

Item No.	*Item*	*Rate*	*Original qty.*	*Original amount*	*Revised qty*	*Revised amount*
Excavator :						
1.	Excavation	3.00	170 cum	510.00	526.92	1,580.76
2.	Filling light wt. material	7.00	35 cum	245.00	35	245.00
3.	Filling in plinth sand	15.00	100 cum	1,500.00	100	1,500.00
4.	Earth Filling up to 5'=00" width	12.00	800 cum	9,600.00	1,500 coat 800 coat i.c. 2,300 coat	18,000.00 9,600.00
Concretor :						
1.	B.B.L.C.	50.00	80 cum	4,000.00	350	17,500.00
2.	P.C.C.	450.00	5 cum	2,250.00	—	—
3.	R.C.C. All types of RCC member (*a*) from foundation to all levels in (1 : 2 : 4)	500.00	290 sq.m.	1,45,000.00	290	1,45,000.00
	in (1 : 1½ : 3)	800.00	3 cum	2,400.00	3	2,400.00
4.	Extra for exposed concrete	20.00	1,900 sq.m.	38,400.00	1800	36,000.00

Item No.	Item	Rate	Original Cty.	Origial Amount	Relised Cty.	Revised Amount
Brick Layer :						
1.	Bk masonry	115.00	700 cum	80.500.00	865	99,475.00
2.	Bk „ Partition	15.00	1,040 sq.m.	1,800.00	120	1,800.00
3.	Extra for expose bk	10.00	1,040 sq.m.	10,400.00	910	9,100.00
4.	Bk pointing	3.00	1,040 sq.m.	3,120.00	910	9,100.00
5.	Water replelant paint	5.00	1,040 sq.m.	5,200.00	910	4,550.00
6.	Bk. paving	15.00	120 sq.m.	1,800.00	120	1,800.00
Pavior Tiler :						
1.	White glazed tiles	80.00	120 sq.m.	9,600.00	40	3,200.00
2.	Mosaic tiles	25.00	1,010 sq.m.	25,250.00	1,060	26,500.00
3.	Polished kotah stone	65.00	40 sq.m.	2,600.00	40	2,600.00
4.	Roughened strip	10.00	50 Rmt.	500.00	30	500.00
5.	Green polish kotah stone	50.00	40 sq.m.	2,000.00	40	2,000.00
6.	P/F screen wall	250.00	6 sq.m.	1,500.00	6	1,500.00
7.	I.P.S. 50 mm thick	12.00	25 sq.m.	300.00	25	300.00
7. Carpenter Jointer :						
1.	P/F Panelled door	250.00	85 sq.m.	21,250.00	90	22,500.00
2.	Flush shutters	250.00	10 sq.m.	2,500.00	10	2,500.00
3.	Main door	300.00	10 sq.m.	3,000.00	10	3,000.00
4.	Windows	150.00	160 sq.m.	24,000.00	160	24,000.00
5.	Glazed window	160.00	50 sq.m.	8,000.00	—	—
6.	P. V. C. handrel	15.00	35 Rmt.	525.00	35	925.00
7.	Fixed glass or wood	125.00	24 sq.m.	3,000.00	5	625.00

Grill Work & Gates :					
1. Welded grill work	4.00	640 kg.	2,560.00	640	2,560.00
Plastering work :					
1. Cement plaster	6.00	1700 sq.m.	10,200.00	1900	11,400.00
2. Water proof plaster	7.00	25 sq.m.	275.00	25	175.00
3. Sandface plaster	12.00	50 sq.m.	600.00	100	1,200.00
Painting Work :					
1. White wash	0.35	1700 sq.m.	595.00	1900	665.00
2. Plastic paint	10.00	5 sq.m.	50.00	5	50.00
Roof :					
1. Water spont	15.00	12 Nos.	180.00	12	180.00
2. –do–3" to 4" A.C.	10.00	5 Nos.	50.00	5	50.00
3. Glass mirror	50.00	4 Nos.	200.00	4	200.00
4. Towel rod	10.00	4 Nos.	40.00	4	40.00
5. Immediate finish	2.50	20 sq.m.	50.00	20	50.00
6. R.C.C. Jali	40.00	10 sq.m.	400.00	10	400.00
Water Proofing					
1. Water proofing	20.00	535 sq.m.	10,700.00	535	10,700.00
2. Smooth Cement finish	30.00	535 sq.m.	1,605.00	535	1,605.00
3. Grey mosaic tiles	20.00	240 sq.m.	4,800.00	240	4,800.00
4. Cement vats	5.00	85 Rmt.	425.00	85	425.00
1. Crazy paving mossic tiles	20.00	60 sq.m.	1200.00	—	—
2. Crazy white glared tiles	25.00	25 sq.m.	625.00	80	2,000.00

એસ્ટિમેટ્સ પટ્ટિકાસ : પા. ૨–૧–૧૯૭૭

Item No.	Item	Rate	Original qty.	Original amount	Revised qty.	revised amount
	Water Supply & Drainage :					
1.	(*a*) C.I. Pipe 4″ dia	25.00	100 Rmt-	25,00.00	100	2,500.00
	(*b*) ,, ,, 3″ dia	22.00	10 Rmt.	220.00	10	220.00
	(*c*) A.C. Pipe 4″ dia	10.00	5 Rmt.	50.00	5	50.00
	(*d*) ,, ,, 4″ ,,	9.00	5 Rmt.	45.00	5	45.00
	(*e*) Storeware 6″ dia	15.00	100 Rmt.	1,500.00	100	1,500.00
	(*f*) —do— 4″ ,,	12.00	20 Rmt.	240.00	20	240.00
	(*g*) Soilpipe 4″ C.A.	30.00	30 Rmt.	900.00	30	900.00
	(*h*) Polythone Pipe 1¼″	20.00	10 Rmt.	200.00	10	200.00
	(*i*) A.C. Pipe 2½″ dia	8.00	20 Rmt.	160.00	20	160.00
	(*j*) R.C.C. Pipe 6″ dia	20.00	10 Rmt.	200.00	10	200.00
	(*k*) ,, ,, 9″ dia	25.00	10 Rmt.	250.00	10	250.00
2.	G.I. "B" Class					
	(*a*) ½″ dia	10.00	100 Rmt.	1,000.00	100	1000.00
	(*b*) ¾″ dia	15.00	15 Rmt.	225.00	15	225.00
	(*c*) 1″ dia	20.00	100 Rmt.	2,000.00	100	2,000.00
	(*d*) 1¼″ dia	22.00	10 Rmt.	220.00	10	220.00
	(*e*) 1½″ dia	25.00	10 Rmt.	250.00	10	250.00
	(*f*) 2″ diaincl. lead joing	20.00	10 Rmt.	200.00	10	200.00
3.	Indian W.C. Pan	100.00	8 Nos.	800.00	8	800.00
4.	European w.c.	300.00	1 No.	300.00	1	300.00
5.	Wash basin	200.00	7 Nos.	1,400.00	7	1,400.00
						4.80,590.76

অতিরিক্ত মুদ্রিত : ৫০ কপি ৫-৭-১৯৫৩

6. P/F panhi trap		15.00	10 Nos.	150.00	10	150.00
7. Plushing valve		50.00	9 Nos.	450.00	9	450.00
8. Stop cocks		15.00	15 No.	225.00	15	225.00
9. Manhole (*a*) Light cover		350.00	4 No.	1,400.00	4	1,400.00
(*b*) Heavy cover		300.00	1 No.	300.00	1	300.00
10. Inspection chamber		250.00	21 No.	250.00	1	250.00
11. Gully trap		40.00	8 No.	320.00	8	320.00
12. Mica tarp valve		10.00	1 No.	10.00	1	10.00
13. Sewar trap		65.00	1 No.	65.00	1	65.00
14. Nacel valve	-½" dia	30.00	3 No.	90.00	3	90.00
	-¾" dia	40.00	2 No.	80.00	2	80.00
	-1" dia	60.00	3 No.	180.00	3	180.00
	1¼" dia	65.00	2 No.	130.00	2	130.00
	1½" dia	75.00	2 No.	150.00	2	150.00
	2" dia	125.00	2 No.	250.00	2	250.00
15. A.C. or C.I. cowal						
(*a*) for 3"-pipe		10.00	1 No.	10.00	1	10.00
(*b*) 4" ,,		15.00	2 No.	30.00	2	30.00
(*c*) 2½" ,,		10.00	1 No.	10.00	1	10.00
16. 3" dio C.I. pipe		25.00	100 Mt.	2,500.00	100	2,500.00
17. Cast iron tee		25.00	1 No.	25.00	1	25.00
18. -do- tail pieces		25.00	2 Nos.	50.00	2	50.00
19. Urinals		150.00	10 No.	1,500 00	10	1,500.00
20. Centre point fillings		10.00	50 No.	500.00	50	500.00
				4,66,140.00		4,89,263.76
					Plus Rs.	9,600.00
						4,98,865.76

યાદી "ઘ"

Providing R.C.C. slab for Badminton in Gymnasium
Contractor : B. Patel & Co.
Rates as per the building for School of Commerce.

(1) Providing & Laying in position reinforced cement concrete 1:2:4 proporation including reinforcement etc. complete as per tender item No.3 of Contractor for on page 6	Rs. 500 Per cmt.
(2) Providing & Laying 1:2:4 c.c. for I.P.S. in 50 mm. thickness average as directed	Rs. 12 per smt.
(3) Providing & laying sand face cement plaster as per item No. 3 of plastering work of the tender of M/s. B. Patel & Co.	Rs. 12 per smt.

Total cost Rs. 25500/- for this work.

પરિશિષ્ટ "જ"
કામકાજ માંક ૯૭

પેાલિમર સાયન્સનેા વિભાગ નડિયાદને બદલે અમદાવાદ મુકામે શરૂ કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલના ઠરાવ મુજબ શ્રી. ધર્મસિંહ દેસાઈની સંમતિ મેળવવા માટે તા. ૧૫-૧૨-૧૯૭૬ના રેાજ શ્રી. ધર્મસિંહભાઈને નડિયાદ મુકામે શ્રી. ઈશ્વરભાઈ પટેલ મળ્યા હતા અને એમને કેન્દ્રો અંગેની યુ.જી.સી.ની કાર્યનીતિથી પરિચિત કરી સંમતિ આપવા વિનંતી કરી હતી. મૂળ યેાજનામાં પેાલિમર એન્જિનિયરિંગનેા જે નવેા કાર્યક્રમ મૂકયેા છે તે હિસાબે અટિરાનું સાંનિધ્ય આવશ્યક છે તે સમજાવ્યું. એમણે આ નવા વસ્તુની વિગતેા લખી મેાકલવા જણાવ્યું. એ એમને તા. ૨૨-૧૨-૧૯૭૬ના પત્રથી મેાકલી આપી.

તે પછી તા. ૨૭-૧૨-૧૯૭૬ના રેાજ એમની સાથે વાતચીત કરી પણ એમની ઇચ્છા જિલ્લાના વિકાસની દૃષ્ટિએ આ નડિયાદમાં થાય તેમ જ રહે છે.

ઈશ્વરભાઈ પટેલ
બિહારીલાલ કનૈયાલાલ

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦૦૦૯.

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલની ફેબ્રુઆરી માસની સભા, શનિવાર, તા. ૧૯-૨-૧૯૭૭ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૯-૨-૧૯૭૭
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણ સંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહ	ગેરહાજર
૫.	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ	હાજર
૬.	શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર
૭.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય સંતપ્રસાદ રણછોડલાલ ભટ્ટ	હાજર
૧૦.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૧.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૨.	શ્રી. નરહરિ મૂળજીભાઈ પરીખ	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૫.	શ્રી. રમેશચંદ્ર મણિલાલ શાહ	હાજર
૧૬.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર
૧૭.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૧૮.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૧૯.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ	ગેરહાજર
૨૦.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

યાદી પરનું કામકાજ હાથ ધરવામાં આવ્યું તે પહેલાં નીચેના શોકદર્શક ઠરાવો રજૂ કરવામાં આવ્યા :

(૧) "આ સભા ભારતના રાષ્ટ્રપતિ શ્રી. ફકરૂદ્દીન અલી અહમદના અણચિંતવ્યા અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ આપણો દેશ પ્રતિષ્ઠાભર્યું સ્થાન પ્રાપ્ત કરે તે માટે રાષ્ટ્રની પ્રજા પરમ પુરુષાર્થ માટે સજ્જ બની રહી છે તે તબક્કે શ્રી. અહમદ જેવા સન્નિષ્ઠ, દેશભક્ત અને દીર્ઘદૃષ્ટિવાળા રાજપુરુષની ખોટ વસમી નીવડે તે દેખીતું છે. શ્રી. અહમદે રાષ્ટ્રની સેવાનાં અનેક જવાબદારીભર્યાં સ્થાનો ગૌરવપૂર્વક શોભાવ્યાં છે અને આ દેશની અને તેની પ્રજાની નિઃસ્વાર્થભાવે ઘણી મૂલ્યવાન સેવા બજાવી છે તેનું આ સભા કૃતજ્ઞભાવે સ્મરણ કરીને તેમને ભાવપૂર્વક શોકાંજલિ સમર્પે છે."

(૨) "આથી આ સભા આપણી યુનિવર્સિટી કોર્ટના સભ્ય (આર્ટ્સ વિભાગના અધ્યાપક પ્રતિનિધિ) શ્રી. ચૌધરી ભગવાનદાસ ગણેશજીના અકાળ અવસાનથી ઊંડા શોકની લાગણી વ્યક્ત કરે છે અને તેમના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રભુને પ્રાર્થના કરે છે અને તેમનાં કુટુંબીજનો ઉપર અચાનક આવી પડેલી આ આપત્તિ સહન કરવા માટે તેમને શક્તિ આપે તેવી પ્રભુને પ્રાર્થના કરે છે."

ઉપરના બેઉ ઠરાવો સભાગૃહે બે મિનિટનું મૌન પાળીને પસાર કર્યા.

તે પછી કુલપતિશ્રીએ આ સભાગૃહના બે નવા સભ્યો આચાર્ય ડી. ડી. દેસાઈ અને આચાર્ય બી. એમ. પીરજાદાને આવકાર આપ્યો.

તે પછી યાદી પરનાં કામકાજ હાથ ધરવામાં આવ્યાં.

૧. તા. ૮-૧-૧૯૭૭ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૮-૧-૧૯૭૭ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

બાબત નં. ૭૮ના પ્રસ્તાવો નં. ૧થી ૫ અને ૯ ઉપરના ઠરાવો નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા :

'આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના પ્રસ્તાવો નં. ૧થી ૫ અને ૯ અંગે રાજ્ય સરકાર પાસે ઘટતી રજૂઆત કરીને તેને અનુમતિ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.'

૨. માર્ચ-એપ્રિલ ૧૯૭૭માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાધ્યિકો-પરીક્ષકોની નિમણૂકો અંગે જે તે વિદ્યાશાખાની પરીક્ષા સમિતિઓની ભલામણો અને તે પર એકેડેમિક કાઉન્સિલે કરેલાં સૂચનો(જો હોય તો)ને અનુલક્ષીને પ્રાધ્યિકો-પરીક્ષકોની નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે આચાર્ય કે. એન. શાહનો તા. ૧૮-૨-૧૯૭૭નો પત્ર પણ સભાગૃહના ધ્યાન પર લાવવામાં આવ્યો.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે ૧૯૭૭ના વર્ષના પૂર્વાર્ધમાં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓની બાબતમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) બી.એડ.ની પરીક્ષા માટે પ્રાશ્નિકો અને પરીક્ષકોની નિમણૂકો કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

(૨) એમ.ડી., એમ.એસ., એમ.ડી.એસ. અને તબીબી વિદ્યાશાખાની અન્ય અનુસ્નાતક ડિપ્લોમા પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો અને પરીક્ષકોની નિમણૂકો કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

(૩) ઉપર નં. (૧) અને (૨)માં જણાવેલ પરીક્ષાઓ સિવાયની અન્ય પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો, પરીક્ષકો અને મોડરેટરોની યાદી જોઈતપાસીને તેમાં ઘટતા સુધારાવધારા સૂચવવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી તથા તે સમિતિની ભલામણ મુજબ જરૂરી નિમણૂકો કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

૧. ડૉ. પી. પી. મહેતા
૨. આચાર્ય ડી. ડી. દેસાઈ
૩. આચાર્ય એસ. આર. ભટ્ટ
૪. ડૉ. એમ. એન. દેસાઈ
૫. આચાર્ય કે. એન. શાહ
૬. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૭. શ્રી. નરહરિ એમ. પરીખ
૮. શ્રી. રજનીકાન્ત વી. પટેલ
૯. આચાર્ય બી. એમ. પીરજાદા
૧૦. શ્રી. રમેશચન્દ્ર એમ. શાહ
૧૧. આચાર્ય એમ. સી. શાહ
૧૨. આચાર્ય હરિશંકર પંડ્યા.

૩. માર્ચ–એપ્રિલ ૧૯૭૭માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં પરીક્ષા સમિતિ કે એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યો હોવા છતાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨ (૧૩) (૩) અન્વયે પ્રાશ્નિકો–પરીક્ષકો તરીકે સૂચવાયા હોવાથી તેમની નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂકો મંજૂર કરવી.

૪. ચોથી પંચવર્ષીય યોજનાના ગાળામાં મંજૂર કરવામાં આવેલ યુનિવર્સિટી છાત્રાલયોનાં મકાનો માટે ફર્નિચર ખરીદવા માટે શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદે તેમના પત્ર નં. એસ–૯૫–૬૮/૭૬–૭૭–એ–૪૫૭૦૮૭, તા. ૧૦–૧–૧૯૭૭ થી રૂ. ૩૩,૩૦૦(અંકે રૂપિયા તેત્રીસ હજાર ત્રણસો પૂરા)નું અનુદાન મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૫. સને ૧૯૭૬-૭૭ના વર્ષ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી અન-એસાઈન્ડ ગ્રાન્ટ માટે રૂ. ૧૫,૦૦૦ની આર્થિક સહાય મંજૂર કરી હતી, પરંતુ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૮-૧૯૭૬ની સભામાં રૂ. ૧૮,૦૦૦નો અંદાજ મંજૂર કર્યો છે તે નીચે પ્રમાણે રૂ. ૧૫,૦૦૦ની કુલ મર્યાદામાં રહીને ફેર ફાળવણી મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

Scheme	*Estimate For 1975-76*	*Actual for 1975-76*	*Estimate approved by Ex. Council dated 7-8-1976*	*Revised estimate for 1976-77*	*Rate of UGC's share*
1. Travel grant to teachers in Universities for attending International Conference abroad	Nil	Nil	Nil	Nil	Nil 50 %
2. Travel grant to teachers (*a*) Research Scholars/Technicians/or Visiting centres of Research	8,000-00 (for a+b)	1,032-50	2,000-00	2,000-00	100 %
or (*b*) to attend academic conferences/ seminars within India		9,149-52	10,000-00	8,000-00	100 %
3. Exchange of teachers	2,000-00	2,059-65	5,000-00	2,000-00	100 %
4. Extension work by Uni. teachers	1,000-00	2,338-96	—	2,000-00	100 %
5. Computer assistance buying the time of the computer	4,000-00	419-37	1,000-00	1,000-00	100 %
7. Preparation and development of teaching materials and aid.	Nil	Nil	Nil	Nil	100 %
Total	15,000-00	15,000-00	18,000-00	15,000-00	

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ ગ્રાન્ટની ફાળવણી અંગેનો ઉપરનો પ્રસ્તાવ મંજૂર કરવો.

૬. ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓએ પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ) મેળવ્યું નહિ હોવાથી મજકૂર પ્રમાણપત્ર મેળવી લેવાની મુદત લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓને આગામી માર્ચ-એપ્રિલની પરીક્ષામાં બેસવા માટે તેમના હિસાબે અને જોખમે કામચલાઉ પરવાનગી આપવી અને તેઓ પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર રજૂ કરે નહીં ત્યાં સુધી તેમનું પરિણામ અનામત રાખવું.

૭. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯/૧૬--૧--૧૯૭૨ની સભામાં જે જગ્યાઓનું પગારધોરણ રૂ. ૪૫૦ કે તેથી ઓછી રકમથી શરૂ થતું હોઈ તે જગ્યાઓ ઉપર નિમણૂક કરવાની સત્તા કુલપતિશ્રીને આપેલી. હવે યુનિવર્સિટીએ નવાં પગારધોરણો (મર્જ્ડ ડી.એ.વાળાં) અંગેના રાજ્ય સરકારનો ઠરાવ સ્વીકારેલ હોઈ કુલપતિશ્રીને નિમણૂક કરવાની સત્તાની મર્યાદા જે રૂ. ૪૫૦ સુધીની મૂળ માસિક પગાર સુધીની છે તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની ચર્ચા દરમ્યાન આચાર્ય બી. એમ. પીરજાદાએ કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે એકિઝકયુટિવ કાઉન્સિલ પોતાની સત્તા કાયમ માટે કોઈને સોંપી (ડેલિગેટ કરી) શકે? કુલપતિશ્રીએ ચુકાદો આપતાં જણાવ્યું કે એકિઝકયુટિવ કાઉન્સિલે એક ઠરાવથી સોંપેલી સત્તા પાછી ખેંચાય નહિ ત્યાં સુધી તે તેમ સોંપાયેલી (ડેલિગેટેડ) રહી શકે.

તે પછી સદરહુ બાબત અંગે કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે તેની વધુ વિચારણા મોકૂફ રાખવી.

૮. હરિ: ૐ આશ્રમ પ્રેરિત એલેમ્બિક સંશોધન એવોર્ડ ૧૯૭૬ અંગે બે વાર જાહેરાત કરવા છતાં તે સ્પર્ધામાં કોઈ હરીફે ભાગ લીધો નથી તેથી હરિ: ૐ આશ્રમે તેના તા. ૧૮-૧--૧૯૭૭ના પત્રથી પ્રદાનની રૂ. ૫૦,૦૦૦ની રકમ વ્યાજ સાથે પરત કરવા જણાવ્યું છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેની વિચારણા, આ સભાની તા. ૮-૧-૧૯૭૭ની સભાની બાબત નં. ૯ ઉપરના ઠરાવથી નીમવામાં આવેલી સમિતિનો હેવાલ આવે ત્યાં સુધી મોકૂફ રાખવી.

૯. યુનિવર્સિટી કાર્યાલય અને ભવનોમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો તેમનાં નામ સામે બતાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	વિભાગનું નામ	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	ડૉ. એસ. ડી. વર્મા	પ્રોફેસર	સ્પેઇસ સેન્ટર	૧૪-૩-૧૯૭૭	૧૫-૩-૧૯૭૭
૨.	શ્રી. કે. સી. સોલંકી	પટાવાળા	સમાજવિદ્યા ભવન	૧-૨-૧૯૭૭	૬-૨-૧૯૭૭

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	વિભાગનું નામ	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૩.	શ્રી. વાય. યુ. મહાજન	જુ. કલાર્ક	ભાષા-સાહિત્ય ભવન	૧૭–૨–૧૯૭૭	૧૮–૨–૧૯૭૭
૪.	શ્રી. આર. કે. પરીખ	જુ. કલાર્ક એકાઉન્ટ્સ	વિજ્ઞાન વિદ્યા-ભવન	૨૮–૨–૧૯૭૭	૧–૩–૧૯૭૭
૫.	શ્રી. એમ. ડી. સોની	હેડક્લાર્ક	કાર્યાલય	૨૮–૨–૧૯૭૭	૧–૩–૧૯૭૭
૬.	શ્રી. જે. એસ. શાહ	,,	,,	,,	,,
૭.	શ્રી. બી. એલ. જાડાવાલા	,,	,,	,,	,,
૮.	શ્રી. બી. ડી. પટેલ	,,	,,	૪–૩–૧૯૭૭	૫–૩–૧૯૭૭
૯.	શ્રી. પી. સી. શાહ	,,	ગ્રંથાલય	૧–૩–૧૯૭૭	૨–૩–૧૯૭૭
૧૦.	શ્રી. જે. સી. પટેલ	ઇલે. એન્જિ.	એસ્ટેટ	૧૯–૩–૧૯૭૭	૨૦–૩–૧૯૭૭

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે ડૉ. એસ. ડી. વર્માને યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકવિદ્યા વિભાગમાં અવકાશ વિજ્ઞાન(સ્પેસ સાયન્સ)ના પ્રોફેસર તરીકે તા. ૧૫–૩–૧૯૭૭થી કાયમ કરવા, પરંતુ તેમને ઘટતી ચેતવણી આપવા માટે કુલપતિશ્રીને સૂચવવું.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ઉપર જણાવેલ બાકીના તમામ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૧૦. યુનિવર્સિટી મુદ્રણાલયના જુ. કલાર્ક શ્રી. કે. બી. પંડ્યાને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩-ઈબી-૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) તા. ૧૦–૩–૧૯૭૭થી ઓળંગવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧. જૂની એસ.એસ.સી. પાસ થનાર વિદ્યાર્થીઓને ૧૯૭૭–૭૮ના વર્ષમાં પ્રી યુનિ.ના વર્ગોમાં દાખલ કરવા અંગે શિક્ષણ નિયામકશ્રીએ પટેલ જે. બી. ફૂદેલવાળા આર્ટ્સ એન્ડ પટેલ એ. એમ. ફૂદેલવાળા કૉમર્સ કૉલેજ, બોરસદને લખેલ તા. ૧૫–૧–૧૯૭૭ના પત્રાંક યુબીકે–૯ (આઈ) જનરલ/કે–૪૭૮૧ જેની નકલ યુનિવર્સિટીને મોકલી છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨. 'વિદ્યા' (એ-હ્યુમેનિટીઝ) અંકના સંપાદકમંડળના આવાહક પ્રો. ડી. એન. પાઠકે કરેલ સૂચન મુજબ સદરહુ અંકમાં વાણિજ્ય વિદ્યાભવન અને બિઝનેસ મૅનેજમેન્ટ તરફથી મળતા સંશોધન-લેખોને તે અંકમાં સ્થાન આપવા અંગે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. ડી. એન. પાઠકનું સદરહુ સૂચન મંજૂર કરવું.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે વિદ્યા(હ્યુમેનિટીઝ)ના સંપાદકમંડળમાં નીચેના સભ્યોનાં નામ ઉમેરવાં :

૧. ડૉ. એમ. પી. કકર
૨. ડૉ. એન. દાસગુપ્તા
૩. આચાર્ય દર્શનસિંઘ શીખ.

(૩) વધુમાં ઠરાવવામાં આવ્યું કે 'વિદ્યા'(ભાષાઓ)ના સંપાદકમંડળમાં આચાર્ય એસ. આર. ભટ્ટનું નામ ઉમેરવું.

૧૩. તબીબી વિજ્ઞાનક્ષેત્રમાં "Tropical Diseases and their Remedies" અંગે પાયાનું સંશોધન કરનારને ઉત્તેજન આપવા હરિ: ૐ આશ્રમ પ્રેરિત એલેમ્બિક એવોર્ડ ૧૯૭૬ના વર્ષ માટે સંશોધનપત્રો મંગાવવાની મુદત તા. ૧૫--૯--૧૯૭૬ અને ત્યાર બાદ તે મુદત ૩૧--૧૨--૧૯૭૬ સુધી વધારવામાં આવેલી પરંતુ સદરહુ સ્પર્ધા માટે કોઈના તરફથી આવેદનપત્રો ન આવેલાં હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેની વિચારણા, આ સભાની તા. ૮-૧-૧૯૭૭ની સભાની બાબત નં. ૯ ઉપરના ઠરાવથી નીમવામાં આવેલી સમિતિના હેવાલ આવે ત્યાં સુધી, મોકૂફ રાખવી.

૧૪. નવે. ૭ થી ૧૧, ૧૯૭૭ના સમય દરમિયાન બેંગ્લોર મુકામે Mental Retardation પર યોજાનાર ત્રીજા એશિયન અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નીચેના સભ્યો પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

૧. ડૉ. બી. કે. રામાનુજમ્
૨. ડૉ. એ. સી. શ્રીવાસ્તવ
૩. ડૉ. એમ. આર. કુલકર્ણી.

૧૫. ભાષા-સાહિત્ય ભવનનાં રીડર ડૉ. (કુમારી) એસ્તરબહેન એ. સોલોમનને તા. ૧--૪--૧૯૭૬થી રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦ એસેસમેન્ટ-૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૬૦૦ પછી એસેસમેન્ટ માટે સમિતિની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(The assessment at Rs. 1,600/- in the Reader's scale of Rs. 1,200-50-1,300-60-1,600 assessment 60-1,900 shall be done by a Committee to be appointed by the University in which there will be at least one representative the Director of Education.)

સદરહુ બાબતના સંદર્ભમાં ઠરાવવામાં આવ્યું કે તા. ૨૩-૨-૧૯૭૬ના ગુજરાત સરકારના ઠરાવની કંડિકા નં. ૧૨ના હેતુ માટે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોનું મૂલ્યાંકન કરવા માટે સર્વસામાન્ય ધોરણો (નોર્મ્સ) ઘડવા અંગે પોતાની સુચિંતિત ભલામણ રજૂ કરવા માટે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭-૨-૧૯૭૭ની સભામાં બાબત નં. ૬ પરના ઠરાવથી નીમેલી સમિતિને જણાવવું અને એ હેવાલ આવ્યેથી આગળની કાર્યવાહી કરવી.

૧૬. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિક–પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૧૩–૧–૧૯૭૭ના રોજ મળેલ ૧૯૭૭ના વર્ષની પરીક્ષાશુદ્ધિ સમિતિની પ્રથમ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

અને

૧૭. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિક–પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૮–૧–૧૯૭૭ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

અને

૬૦. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો ઉપર તેમજ પ્રાશ્નિક, પરીક્ષક, નિરીક્ષક અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા માટે ૧૯૭૭ના વર્ષની પરીક્ષા શુદ્ધિ સમિતિની તા. ૯-૨-૧૯૭૭ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૧૬, ૧૭ અને ૬૦ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની તા. ૧૩–૧–૧૯૭૭, તા. ૨૮–૧–૧૯૭૭ અને તા. ૯–૨–૧૯૭૭ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની સભાઓની ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૧૮. ફાઈનાન્સ સમિતિની તા. ૪–૨–૧૯૭૭ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૪–૨–૧૯૭૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૪–૨–૧૯૭૭ની સભાની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૧૯. સને ૧૯૬૬થી બિનઉપયોગી પ્રશ્નપત્રો, ગદ્યપદ્યસંગ્રહો તેમ જ એકસ્ટર્નલ પરીક્ષાનાં આવેદન-પત્રોનો નિકાલ કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગદ્યપદ્યસંગ્રહો સિવાયના સદરહુ સાહિત્યને યુનિવર્સિટીના સ્ટોક રજિસ્ટરમાંથી કમી કરવું, અને તેનો નિકાલ કરતી વખતે શકય હોય ત્યાં સુધી કાગળના કારખાના માટે તેનો માવો બનાવી શકાય તે રીતે તેનો નિકાલ કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ ગદ્યપદ્યસંગ્રહોની નકલો પૈકી પચીસ-પચીસ જેટલી નકલો યુનિવર્સિટી ગ્રંથાલયમાં રાખવી અને બાકીની નકલો ખાતામાં આપવી.

૨૦. રસાયણવિજ્ઞાન વિષયમાં ડૉ. જે. જે. ત્રિવેદી દ્વારા પીએચ.ડી. પદવી માટે મહાનિબંધ રજૂ કરનાર શ્રી. એસ. પી. પરીખના મહાનિબંધ પરત્વે આવેલા પરીક્ષકોના હેવાલો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. પી. પરીખનો સદરહુ મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે ગ્રાહ્ય રાખવો.

૨૧. સાબર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પ્રાંતીજમાં વાણિજ્ય વિષયના શિક્ષણકાર્ય માટે મુલાકાતી પ્રાધ્યાપકની કરેલી વ્યવસ્થા ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં વાણિજ્ય વિષયના શિક્ષણકાર્ય માટે મુલાકાતી પ્રાધ્યાપકની કરેલી વ્યવસ્થા ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૭થી યોગ્ય લાયકાત ધરાવતા પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તેમ કરવામાં આવશે નહિ તો સદરહુ વિષયમાં શિક્ષણકાર્ય ચાલુ રાખી શકાશે નહિ.

૨૨. એન. એસ. પટેલ લૉ કૉલેજ, મોડાસામાં આચાર્યશ્રી પી. પી. પંડિતના અચાનક અવસાનથી ખાલી પડેલી જગ્યા પર નિવૃત્તિ-વયમર્યાદા વટાવી ગયેલ શ્રી. વી. આર. રણદીવેની કરેલી નિમણૂક ચાલુ સત્ર પૂરતી ગ્રાહ્ય ગણવા માટે શ્રી. મથુરાદાસ એલ. ગાંધી હાયર એજ્યુ. સોસાયટી, મોડાસાના માનદ મંત્રી-શ્રીએ તેમના તા. ૨૦–૧–૧૯૭૭ ના પત્રથી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્ય શ્રી. પી. પી. પંડિતનું અચાનક અવસાન થયું તે સંજોગોમાં તેમની જગ્યાએ શ્રી. વી. આર. રણદીવેની પુનઃ કરવામાં આવેલી નિમણૂક ફક્ત ચાલુ સત્ર પૂરતી ગ્રાહ્ય રાખવી અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૭થી યોગ્ય લાયકાત ધરાવતા આચાર્યની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તેમ કરવામાં આવશે નહિ તો કૉલેજનું શિક્ષણકાર્ય ચાલુ રાખી શકાશે નહિ.

૨૩. સંલગ્ન કૉલેજો—માન્ય સંસ્થાઓ તથા યુનિવર્સિટીના શિક્ષકોને "મિસા" હેઠળ ધરપકડ કરવામાં આવે ત્યારે અખત્યાર કરવાની કાર્યપદ્ધતિ અંગે માર્ગદર્શન આપતો રાજ્ય સરકારનો તા. ૨૫–૧૧–૧૯૭૬નો પરિપત્ર ક્રમાંક યુએસજી ૧૧૭૬/સી/૪૩૦૬—ખ, શિક્ષણનિયામકશ્રીએ તેમના તા. ૧૩–૧–૧૯૭૭ના પત્રથી શૈક્ષણિક સંસ્થાઓના ધ્યાન પર લાવવા યુનિવર્સિટીને મોકલ્યો હોઈ તે બાબતમાં ઘટતી વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં બાબત નં. ૮૭ પર ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

તે પછી બાબત નં. ૨૩ અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૭. "મિસા" (Maintenance of Internal Security Act) હેઠળ અટકાયતમાં રાખવામાં આવેલ બે અધ્યાપકો અને તેમને અટકાયતના સમય દરમ્યાન તેમના કાપવામાં આવેલા પગારની ચુકવણી કરવા માટે કૉલેજને આપવા માટેની તા. ૧૫-૨-૧૯૭૭ના પત્રથી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે 'મિસા' (Maintenance of Internal Security Act) હેઠળ અટકાયતમાં રાખવામાં આવેલા અધ્યાપક કૉલેજમાં પુનઃ કામે ચડે ત્યારે તેમની અટકાયતના સમય

દરમ્યાન તેમના પગાર(ભથ્થાં સહિત)માંથી જે કપાત કરવામાં આવેલી હોય તે તમામ કપાતની ચુકવણી કરવી આવશ્યક રહેશે એમ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને જણાવવું.

૨૪. તબીબી અભ્યાસક્રમની પ્રાયોગિક પરીક્ષામાં લેબોરેટરી સ્ટાફની નિમણૂક અંગે નીચેનો નિયમ મંજૂર કરવા અંગે તથા સદરહુ નિયમ પ્રાક્ટિકો-પરીક્ષકોને આપવામાં આવતી સૂચનાની પુસ્તિકામાં તથા સ્કેલ ઑફ રેમ્યુનરેશનની પુસ્તિકામાં સામેલ કરવા અંગે વિચારણા કરવા બાબત :

"No person whose relative is appearing at any of the examinations in the Faculty of Medicine should be appointed as a Laboratory Supervisor or a Laboratory Assistant or an Expert Assistant at that exmination.

The term relative includes the following :

"Wife, husband, son, daughter, grand-son, grand-daughter, brother, sister, son-in-law, daughter-in-law, brother-in-law and sister-in-law."

Step relations are not included in the above definition."

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી અભ્યાસક્રમની પ્રાયોગિક પરીક્ષામાં લેબોરેટરી સ્ટાફની નિમણૂકના સંદર્ભમાં સગાસંબંધી (relatives)ની વ્યાખ્યા નીચે મુજબ સુધારાને મંજૂર કરવી તથા તે સુધારા સાથેનો ઉપરનો ઠરાવ મંજૂર કરવો :

"No person whose relative is appearing at any of the examinations in the Faculty of Medicine should be appointed as a Laboratory Supervisor or a Laboratory Assistant or an Expert Assistant at that examination.

The term relative includes the following :

'Wife, husband, son, daughter, grand-son, grand-daughter, brother, sister, son-in-law, daughter-in-law, brother-in-law and sister-in-law.' Step relations are included in the above definition."

૨૫. દર આંતરે વર્ષે વેદ, ઉપનિષદ કે ગીતા અંગેના શિબિર યોજવા માટે પટેલ લલિતાબહેન ભોગીલાલ ચૂનીલાલ ટ્રસ્ટ વતી શ્રી. રતિલાલ ભોગીલાલ ટ્રસ્ટ તથા ડૉ. કૃષ્ણકાંત રતિલાલ ટ્રસ્ટ તરફથી યુનિવર્સિટીને આપવામાં આવેલ રૂ. ૫,૦૦૦(અંકે રૂપિયા પાંચ હજાર પૂરા)ના પ્રદાનનો સ્વીકાર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા સદરહુ પ્રદાનની નીચેની શરતો સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) આ ટ્રસ્ટના વ્યાજનો ઉપયોગ આંતરે આંતરેના વર્ષે વેદ, ઉપનિષદ કે ગીતા અંગેનો શિબિર યોજવામાં કરવો અને શિબિરના નિમંત્રણમાં 'પટેલ લલિતાબહેન ભોગીલાલ ચૂનીલાલ ટ્રસ્ટ ટ્રસ્ટ પ્રોત્સાહિત શિબિર' એવો ઉલ્લેખ કરવો.

(૨) ટ્રસ્ટનો હેવાલ યુનિવર્સિટીના વાર્ષિક હેવાલમાં પ્રસિદ્ધ કરવો અને તેની એક નકલ મોકલવી.

(સદરહુ શિબિર પ્રદાનની રકમના વ્યાજમાંથી યોજવાનો છે.)

(**નોંધ.**—ટ્રસ્ટનો હેવાલ યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલમાં પ્રસિદ્ધ કરવાની પ્રથા નથી તેથી નં. ૨ની શરત સ્વીકારી શકાશે નહિ.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ શિબિરો વૈચારિક અને વૈશ્લેષણીય પ્રકારના શિબિરો રહેશે એમ સ્પષ્ટતા કરવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૩૬, ૪૨, ૭૬, ૮૬ અને ૯૫ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૩૬. પરીક્ષા કામને લગતા નીચેના ઓ. ૧૬૪માં બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ કે જેઓ યુનિવર્સિટીની પરીક્ષાઓને લગતા કામકાજ માટે પુરસ્કારને પાત્ર છે તેમને માટે પરીક્ષાકાર્યના દિવસે ફરજ પરની રજા પર ગણવાનો ઉલ્લેખ થયેલો છે તે અંગે પુનઃ વિચારણા કરીને સદરહુ ઑર્ડિનન્સમાં ઘટતો સુધારો કરવા બાબત :

O. 164 :

"It shall be obligatory for the Principals/Heads and every member of the teaching and non-teaching staff of the affiliated colleges, recognised institutions as also the Directors, Heads and members of the teaching and non-teaching staff of University Departments to perform, any duty or duties in respect of any examination work assigned to them by the University, of an affiliated college or recognised institution.

If any member refuses or fails to perform the duty under any pretex whatsoever it shall be considered to be an act of misconduct and/or indiscipline on his part and such act shall render himself liable to such action as deemed fit by the University, Executive Council and/or the College/Institution authorities.

All members of the teaching and non-teaching staff while on such assignments, will be considered on duty and shall be granted duty leave."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑર્ડિનન્સનો અમલ હાલ મોકૂફ રાખવો.

૪૨. રાજય સરકારના જી.આર.નં. એમ. આઈ. એસ. ૧૦૭૫-૪૯૪૭ કે.એચ.. તા. ૨૩-૧૧-૧૯૭૬ અનુસાર શિક્ષકોનાં પગારધોરણો કેટલીક શરતોને આધીન સુધારવામાં આવ્યાં છે તેના સંદર્ભમાં યુનિવર્સિટી દ્વારા લેવા-

નાર પરીક્ષાઓના પરીક્ષણ, નિરીક્ષણ તેમજ અન્ય કામોની વહેંચણી અંગે નીતિનિયમો શા રાખવા તે અંગે વિચારણા કરી હેવાલ રજૂ કરવા બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮-૧-૧૯૭૭ની સભામાં નીમેલી સમિતિની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૮-૧-૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૪૪. (૧) સદરહુ બાબતની વિચારણા સભાની શરૂઆતમાં કરવામાં આવેલ હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૦. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૧૬ અને ૧૭ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ ને ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૭૬. લોકસભાની આગામી ચૂંટણીનો કાર્યક્રમ ધ્યાનમાં રાખતાં તેમ જ આ અંગે કેન્દ્ર સરકારના કેળવણી ખાતાના તા. ૨-૨-૧૯૭૭ના પત્રાંક એફ-૪-૧-૭૭ યુ. ૧ને પણ ધ્યાનમાં લેતાં યુનિવર્સિટીની કેટલીક પરીક્ષાઓ અગાઉ જે તારીખે શરૂ કરવાનું નકકી કરવામાં આવ્યું છે તેને બદલે જે તે પરીક્ષાઓ હવે તેની સામે દર્શાવેલ નવી તારીખે શરૂ કરવાના કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આગામી માર્ચ એપ્રિલ માસમાં શરૂ થનાર પરીક્ષાઓના પ્રારંભની તારીખોની સુધારેલી યાદી મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે એમ.ડી., એમ.એસ, એમ.ડી.એસ. અને તબીબી વિદ્યાશાખાની અન્ય ડિપ્લોમા પરીક્ષાઓ તા. ૨૨-૩-૧૯૭૭ પછી શરૂ કરવાનું રાખવું અને તે માટેની ચોક્કસ તારીખો નિયત કરવા માટે શ્રી. પરીક્ષા નિયામકને સત્તા આપવી.

(મંજૂર કરવામાં આવેલી સુધારેલી યાદીની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૮૬. માર્ચ-એપ્રિલ ૧૯૭૭ માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓના કામકાજને પહોંચી વળવા વિલંબ ન થાય તે અંગે આનુષંગિક પત્રવ્યવહારોના ભાગ તરીકે પરીક્ષા વિભાગના સભ્યો અને ટાઈપિસ્ટોને કાર્યાલયના સમય બાદ રોકવાનું જરૂરી બને તેમ હોવાથી કાર્યાલય સમય ઉપરાંત વધારાના સમય માટે તેમને રોકવાનું થાય તે માટે ઓવરટાઈમ ભથ્થું આપવા અંગે વિચારણા કરવા બાબત.

કેટલાક ચર્ચાવિચારણાને અંતે સદરહુ બાબતની વધુ વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૭. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૨૩ પછી કરવામાં આવેલ હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે

૯૫. તબીબી વિદ્યાશાખાની તા. ૩-૨-૧૯૭૭ની સભાની ભલામણ અનુસાર શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ તથા બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.ડી.-એમ.એસ. પદવીના વિષયોમાં નીચેની સંખ્યામાં વધારાની (સુપરન્યુમરરી) જગાઓ ઊભી કરવા વિચારણા કરવા બાબત.

પદવીનું નામ	વિષય	વધારાની જગાની સંખ્યા	
		શેઠ કે. એમ. સ્કૂલ	બી. જે. મેડિકલ કૉલેજ
૧. એમ.ડી. બ્રાન્ચ ૩	ગાયનેકૉલોજી-ઑબ્સ્ટ્રેટ્રિકસ	૧૪	૧૮
૨. એમ.ડી. બ્રાન્ચ ૫	પિડિયાટ્રિકસ	૪	૧૩
૩. એમ.ડી. બ્રાન્ચ ૬	એનેસ્થેસિયા	—	૭
૪, એમ.ડી. બ્રાન્ચ ૯	રેડિયોલોજી	૫	૧
૫. એમ.ડી. બ્રાન્ચ ૧૧	ડર્મેટોલોજી-વેનિરિયોલોજી	—	૪
૬. એમ.ડી. બ્રાન્ચ ૧૨	સાયકોલોજિકલ મેડિસિન	૧૩	૮
૭. એમ.ડી. બ્રાન્ચ ૧૪	ટયુબરકયુલોસિસ ઍન્ડ ચેસ્ટ ડિસીસીઝ	—	૯
૮. એમ.એસ. બ્રાન્ચ ૨	ઈ.એન.ટી.	—	૧
૯. એમ.એસ. બ્રાન્ચ ૪	ઓર્થોપેડીકસ	—	૯

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ફેકલ્ટીની ઉપરની ભલામણો મંજૂર કરવી.

તે પછી સમયના અભાવે યાદી પરનાં બાકીનાં કામકાજ ઉપર વિચારણા થઈ શકી નહિ અને સભા સમાપ્ત થઈ હતી.

નં. એક્ઝિ. કાઉન્સિલ/૫૬૬૯૧/૧૯૭૭.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
તા. ૧-૩-૧૯૭૭.

કે. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૮

ફાઇનાન્સ સમિતિની તા. ૪–૨–૧૯૭૭ની એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણો

૧. આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે તા. ૨૫–૧–૧૯૭૭ની સભામાં કરેલ ભલામણોમાં કેળલ ખરીદવાના જથ્થામાં નીચે પ્રમાણે સુધારો કરવો :

૧.	વીસ પેરનો આર્ડર	૧,૦૦૦ મીટર
૨.	પાંચ પેરનો આર્ડર	૧,૧૦૦ મીટર
૩.	બે પેરનો અનઆર્ડર	૧,૨૦૦ મીટર
૪.	પાંચ પેરનો અનઆર્ડર	૬૦૦ મીટર

૨. આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય માટે ટેન્ડરમાં જણાવેલ શરતો પ્રમાણે—ડુપ્લિકેટિંગ પેપર, સ્ટેન્સિલ પેપર, ડુપ્લિકેટિંગ ઇન્કટ્યૂબ ખરીદવી :

ક્રમ	વસ્તુનું નામ	જથ્થો	વેપારીનું નામ	ભાવ રૂ. પૈ.	નોંધ
૧	૨	૩	૪	૫	૬
૧.	ડુપ્લિકેટિંગ પેપર ફૂલ્સકેપ સાઈઝ : એક રીમનો ભાવ	૫૦૦૦ રીમ	જગદમ્બા ટ્રેડિંગ કોર્પોરેશન	૧૩–૭૫ બેલાપુર ઇન્ડસ્ટ્રીઝ ત્રણ એક્કા. ૨.૪ કિ.ગ્રામ	સૌથી ઓછા ભાવ હોવાથી
૨.	ડુપ્લિકેટિંગ પેપર ફ્રીફ સાઈઝ : એક રીમનો ભાવ	૧૦૦ રીમ	,,	૨૭–૫૦ બેલાપુર ઇન્ડસ્ટ્રીઝ ત્રણ એક્કા. ૪.૮ કિ.ગ્રામ	,,
૩.	સ્ટેન્સિલ પેપર ફૂલ્સકેપ સાઈઝ બે ક્વાયર પેકિંગ એક ક્વાયરનો ભાવ	૪૦૦ ક્વાયર્સ	ધીરજ સ્ટેશનરી માર્ટ	૧૯–૩૨ કોરસ ડ્રાયટાઈપ	સારી જાતના હોવાથી

૧	૨	૩	૪	૫	૬
	ઉપર મુજબ	૪૦૦ ફવાયર્સ	ઇન્ડિયન ડુપ્લિકેટર (પ્રા.) લિ.	૨૧-૦૦ નં. ૬૨ ટેક્ષ વગેરે અલગ	યુનિવર્સિટી પાસે ઇન્ડિયન ડુપ્લિકેટર મશીન હોવાથી સર્વિસમાં યુનિવર્સિટીને ઉપયોગી હોવાથી.
૪.	ડુપ્લિકેટિંગ ઇન્ક ટ્યૂબ : એક ટ્યૂબનો ભાવ	૩૫૦ ટ્યૂબ	ધીરજ સ્ટેશનરી માર્ટ	૧૦-૫૦ કોરસ	સારી જાતની હોવાથી
	,,	૧૫૦ ટ્યૂબ	ઇન્ડિયન ડુપ્લિકેટર પ્રા. લિ.	૧૨-૫૦ નં. ૪૪ કોમ. ટેક્ષ વગેરે જુદા	યુનિવર્સિટી પાસે ઇન્ડિયન ડુપ્લિકેટર મશીન હોવાથી યુનિવર્સિટીને ઉપયોગી હોવાથી
		૨૦૦ ટ્યૂબ	,,	૧૯-૦૦ નં. ૪૪ ટેક્ષ વગેરે જુદા	,,

૩. આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય તથા વિદ્યાભવનો માટે ડુપ્લિકેટિંગ મટિરિયલ્સ ખરીદવા મે. ઇન્ડિયન ડુપ્લિકેટર (પ્રા.) લિ. અને કોરસ ઇન્ડિયા લિ. સાથે તા. ૧-૪-૧૯૭૭થી તા. તા. ૩૧-૩-૧૯૭૮ સુધી રેઇટ કોન્ટ્રેક્ટ કરવો.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૪૨

રાજ્ય સરકારના જી. આર. નં. એમ.આઈ.એસ. ૧૦૭૫–૪૯૪૭–કેએચ, તા. ૨૩–૧૧–૧૯૭૬ અનુસાર શિક્ષકોનાં પગારધોરણો કેટલીક શરતોને આધીન સુધારવામાં આવ્યાં છે તેના સંદર્ભમાં યુનિવર્સિટી દ્વારા લેવાનાર પરીક્ષાઓના પરીક્ષણ, નિરીક્ષણ તેમ જ અન્ય કામોની વહેંચણી અંગે નીતિનિયમો શા રાખવા તે અંગે વિચારણા કરી હેવાલ રજૂ કરવા માટે આ યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૮–૧–૧૯૭૭ની સભામાં એક સમિતિ નીમી હતી, જેની સભા તા. ૧૮–૧–૧૯૭૭, તા. ૨૯–૧–૧૯૭૭ અને તા. ૨–૨–૧૯૭૭ ના રોજ રાખવામાં આવી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

	તા. ૧૮–૧–'૭૭	તા. ૧૯–૧–'૭૭	તા. ૨–૨–'૭૭
૧. પ્રિન્સિ. એસ. આર ભટ્ટ	હાજર	હાજર	હાજર
૨. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર	હાજર	હાજર
૩. પ્રો. ડી. એન. પાઠક	હાજર	હાજર	હાજર
૪. પ્રિન્સિ. કે. એન. શાહ	હાજર	હાજર	હાજર
૫. પ્રિન્સિ. બી. એમ. પીરજાદા	હાજર	હાજર	હાજર
૬. પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૭. પ્રો. એ. ટી. દેસાઈ	હાજર	હાજર	હાજર
૮. શ્રી. જે. એમ. મહેતા (આવાહક)	હાજર	હાજર	હાજર

સભાનું પ્રમુખસ્થાન આચાર્ય શ્રી. એસ. આર. ભટ્ટે સંભાળ્યું હતું.

સભાની શરૂઆતમાં સમિતિના આવાહકશ્રીએ આ સમિતિ કેમ અને કયા કામ માટે નીમવામાં આવી તેની સભ્યોને જાણ કરી અને સાથે સાથે કાર્યાલયે આ અંગે તૈયાર કરેલા કેટલાક મુદ્દાઓ તથા ગુજરાત યુનિવર્સિટી ટીચર્સ એસોસિયેશનના પ્રમુખ તરફથી આવેલ તા. ૪–૧૦–૧૯૭૬નો પત્ર રજૂ કરી તેમાં જણાવેલ મુદ્દાઓ પ્રત્યે સભ્યોનું ધ્યાન દોર્યું હતું. તે પછી હાલની પરીક્ષા પદ્ધતિ, પ્રત્યેક કેન્દ્રમાં લેવાતી પરીક્ષાનું સંચાલન, યુનિવર્સિટી પરીક્ષાઓનું ધોરણ, યુનિવર્સિટી અને કૉલેજોમાં વૅકેશન રાખવા અંગે તથા યુનિવર્સિટી પરીક્ષાઓમાંથી કેટલીક પરીક્ષાઓ કૉલેજને સોંપવી

કે કેમ વગેરે બાબતો અંગે લંબાણ ચર્ચાવિચારણા બાદ આ સમિતિ નીચે મુજબની ભલામણ કરે છે:

૧. આ સમિતિએ સેન કમિશનના જી આર.માં સૂચવેલાં પગારધોરણો તથા પરીક્ષા, નિરીક્ષણનાં ધોરણો બાબત ગંભીરતાપૂર્વક વિચારણા કરી હતી, અને એ ધોરણોનો જો અમલ ન થાય તો તેને આધારે આનુષંગિક વેતનવિહીન પરીક્ષણ-નિરીક્ષણ બાબતોનો અમલ વ્યવહારુ નથી, અને હજુ સુધી તે અમલી બન્યાં નથી. તેથી યુનિવર્સિટીના નિયમ મુજબના મહેનતાણા (અગાઉનાં વર્ષોના તેમ જ ચાલુ વર્ષના) આપવાની ભલામણ સહિત પરીક્ષાનો કાર્યક્રમ અને કામગીરી પાછલાં વર્ષો મુજબ ગોઠવવાની આ સમિતિ સ્પષ્ટ ભલામણ કરે છે.

૨. આ યુનિવર્સિટી તરફથી લેવાતી પરીક્ષાઓમાંથી જે પરીક્ષાના જે વિષયોમાં પૂરતા પ્રમાણમાં પરીક્ષકો ન મળે તો આ યુનિવર્સિટી તરફથી લેવાતી પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની પરીક્ષામાં પરીક્ષકો નીમવા માટે હાલ જે લાયકાતનું ધોરણ છે તેમાં છૂટછાટ કરવાની જરૂર પડે તો તેમ કરવા ભલામણ કરે છે.

૩. હાલના નિયમ મુજબ વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને કાયદા વિદ્યાશાખાઓની પરીક્ષાઓમાં જેમણે ચાર વાર લાગલગાટ કામ કર્યું હોય તેમને જો બીજા પરીક્ષકો મળતા હોય તો નીમવામાં આવતા નથી તે પ્રથા બંધ કરવી.

૪. કોઈ પણ પરીક્ષામાં કોઈ પણ વિષયમાં શકય હોય ત્યાં સુધી પરીક્ષકને ૩૦૦થી વધુ ઉત્તરવહીઓનું પરીક્ષણકાર્ય ન કરવું પડે તે રીતે પરીક્ષકોની નિમણૂક કરવી.

૫. યુનિ. પરીક્ષાનાં પેપરો જો ત્રણ કલાકનાં હોય તો રોજની વધુમાં વધુ ૩૦ ઉત્તરવહીઓ તપાસી શકે અને જો પેપર બે કલાકનું હોય તો રોજની વધુમાં વધુ ૪૦ ઉત્તરવહીઓ તપાસી શકે તે રીતે પરીક્ષકોને તપાસવા માટે સમય આપવો. પરંતુ જો એક સેકશન તપાસવાનું હોય તો પ્રતિદિન ૫૦ ઉત્તરવહીઓ તપાસવાનો સમય આપવો.

અમદાવાદ–૯.
તા. ૭–૨–૧૯૭૭

ક. ર. જોશી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૭૬

લોકસભાની આગામી ચૂંટણીનો કાર્યક્રમ ધ્યાનમાં રાખતાં તેમ જ આ અંગે કેન્દ્ર સરકારના કેળવણી ખાતાના તા. ૨-૨-૧૯૭૭ના પત્રાંક એફ-૪-૧/૭૭-યુ. ૧ને પણ ધ્યાનમાં લેતાં નીચે દર્શાવેલ યુનિવર્સિટીની પરીક્ષાઓ અગાઉ જે તારીખે શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે તેને બદલે જે તે પરીક્ષા હવે તેની સામે દર્શાવેલ નવી તારીખે શરૂ કરવાનું સૂચન છે :

પરીક્ષાનું નામ	અગાઉ શરૂ કરવાની નક્કી થયેલ તારીખ	હવે સૂચવેલ શરૂ થવાની નવી તારીખ
બી.એડ. ભાગ ૧	૧૬-૩-'૭૭	૨૪-૩-'૭૭
પ્રી-યુનિ. વાણિજ્ય	૧૬-૩-'૭૭	૨૪-૩-'૭૭
પ્રી-યુનિ. વિનયન	૨૧-૩-'૭૭	૩૦-૩-'૭૭
પ્રી-યુનિ. વિજ્ઞાન	૨૧-૩-'૭૭	૩૦-૩-'૭૭
એમ.એ.—ભાગ ૧ અને ૨ (રેગ્યુલર તેમ જ એકસ્ટર્નલ)	૨૧-૩-'૭૭	૨૫-૩-'૭૭
એમ.એસસી. ભાગ ૧ અને ૨ (મેથ્સ અને સ્ટેટિસ્ટિક્સ)	૨૧-૩-'૭૭	૨૫-૩-'૭૭
ફર્સ્ટ બી.એ.	૨૮-૩-'૭૭	૭-૪-'૭૭
ફર્સ્ટ બી.એસસી.	૨૮-૩-'૭૭	૭-૪-'૭૭
ફર્સ્ટ બી.કોમ.	૧૧-૪-'૭૭	૧૩-૪-'૭૭
થર્ડ બી.એ.	૯-૪-'૭૭	૧૬-૪-'૭૭
થર્ડ બી.એસસી. (સપ્લે.-જન.)	૯-૪-'૭૭	૧૬-૪-'૭૭
થર્ડ બી.કોમ.	૧૧-૪-'૭૭	૧૮-૪-'૭૭
ફર્સ્ટ ઇયર બી.એસસી. (નર્સિંગ)	૧૫-૪-'૭૭	૯-૩-'૭૭
સેકન્ડ ઇયર બી.એસસી. (નર્સિંગ)	૧૫-૪-'૭૭	૯-૩-'૭૭
ફર્સ્ટ એલએલ.બી. (મોનસૂન)	૧૮-૪-'૭૭	૨૧-૪-'૭૭

પરીક્ષાનું નામ	અગાઉ શરૂ કરવાની નક્કી થયેલ તારીખ	હવે સૂચવેલ શરૂ થવાની નવી તારીખ
સેકન્ડ એલએલ.બી. (મોનસૂન)	૧૮-૪-'૭૭	૨૧-૪-'૭૭
થર્ડ એલએલ.બી. (મોનસૂન)	૧૮-૪-'૭૭	૨૧-૪-'૭૭
માસ્ટર ઑફ લેબર વેલ્ફેર	૧૮-૪-'૭૭	૨૮-૪-'૭૭
ડી.એલ.પી.	૧૮-૪-'૭૭	૨૧-૪-'૭૭
ડી.ટી.પી.	૧૮-૪-'૭૭	૨૧-૪-'૭૭
સેકન્ડ બી.કૉમ.	૧૯-૪-'૭૭	૨૬-૪-'૭૭
ફર્સ્ટ એલએલ.બી. (વિન્ટર)	૨૦-૪-'૭૭	૨૩-૪-'૭૭
સેકન્ડ એલએલ.બી. (વિન્ટર)	૨૧-૪-'૭૭	૨૫-૪-'૭૭
થર્ડ એલએલ.બી. (વિન્ટર)	૨૧-૪-'૭૭	૨૫-૪-'૭૭
સેકન્ડ બી.એ.	૨૧-૪-'૭૭	૨૫-૪-'૭૭
સેકન્ડ બી.એસસી.	૨૧-૪-'૭૭	૨૮-૩-'૭૭

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦૦૦૯.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની માર્ચ માસની સભા, રવિવાર, તા. ૨૦-૩-૧૯૭૭ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૦-૩-૧૯૭૭
૧.	શ્રી ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણ સંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચન્દ્ર ચંદુલાલ શાહ	હાજર
૫.	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ	હાજર
૬.	શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર
૭.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય સંતપ્રસાદ રણછોડલાલ ભટ્ટ	હાજર
૧૦.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૧.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૨.	શ્રી. નરહરિ મૂળજીભાઈ પરીખ	ગેરહાજર
૧૩.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૫.	શ્રી. રમેશચંદ્ર મણિલાલ શાહ	હાજર
૧૬.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર
૧૭.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૧૮.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૧૯.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ	હાજર
૨૦.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર

૧. તા. ૧૯-૨-૧૯૭૭ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૯–૨–૧૯૭૭ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ(૧)(એ) અન્વયે સંલગ્ન બિનસરકારી કૉલેજોમાં ગવર્નિંગ બોડીની રચના કર્યા પછી તેના અમલ સામે ભારતની વરિષ્ઠ અદાલતે આગાઉ મનાઈહુકમ આપ્યો હતો તે ઉઠાવી લેતા વરિષ્ઠ અદાલતના તા. ૧૦-૧૨-૧૯૭૬ના ચુકાદાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા તે અંગે સંલગ્ન કૉલેજોને પરિપત્ર મોકલીને જરૂરી કાર્યવાહી કરવા માટે જણાવવું.

૩. રાજ્ય સરકારે દાખલ કરેલ ૧૦+૨+૩ની શિક્ષણની નવી તરાહને અનુલક્ષીને સંલગ્ન કૉલેજોમાં ફાજલ પડતા શિક્ષકોની બાબતમાં રાજ્ય સરકારના તા. ૭-૩-૧૯૭૭ના ઠરાવ ક્રમાંક એન. જી. સી. ૧૦૭૬/૧૩૯૦૮-ખ: (૧)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪. ગુજરાત રાજ્યના શિક્ષણનિયામકશ્રી તરફથી તેમના તા. ૫-૧-૧૯૭૭ના પત્ર ક્રમાંક ૨/એજેએન/૫૨૮/૭૬-૭૭/પી. ૩૫૩૩-૩૬૩૩થી ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવન માટે વર્ષ ૧૯૭૬-૭૭ દરમ્યાન "Planning Forums for undertaking constructive activities" માટે રૂ. ૧,૬૦૦ની ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૫. ગુજરાત યુનિવર્સિટીના સમાજ વિદ્યાભવનના અધ્યક્ષ શ્રી. ડી. એન. પાઠકની સંશોધન યોજના "Study of 6th Lok Sabha Election—March 1977" અંગે Indian Council of Social Sciences Research, New Delhi તરફથી તેઓના તા. ૧૮-૨-૧૯૭૭ના પત્રાંક F. 1. 45177–RG.થી રૂા. ૨૦,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૬. તા. ૭, ૮ મે ૧૯૭૭ના રોજ અખિલ ભારતીય સંસ્કૃત મહામંડળનું પાંચમું અધિવેશન દિલ્હી મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહામંડળના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે રાજેના મુજબની શરતોએ પ્રો. વી. જી. પંડ્યાને મોકલવા.

૭. મે ૩૦થી ૩૧, ૧૯૭૭ના સમય દરમિયાન જૂનાગઢ મુકામે ગુજરાત એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી "Agricultural Financing" પર અખિલ ભારતીય પરિસંવાદ યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે રાજેના મુજબની શરતોએ પ્રો. બબાભાઈ પટેલને મોકલવા.

૮. યુનિવર્સિટી કાર્યાલયના ચોકીદાર શ્રી. ગયાદીન સુખીરામ ગડરિયાનો એક વર્ષનો લંબાવેલો અજમાયશી સમય તા. ૧૫-૪-૧૯૭૭ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૬-૪-૧૯૭૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧--૨--૧૯૭૬ની સભામાં તેમનો અજમાયશી સમય એક વર્ષ માટે લંબાવ્યો હતો.)

ચોકીદાર શ્રી. ગયાદીન સુખીરામ ગડરિયાની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. ગયાદીન સુખીરામ ગડરિયાને ચોકીદારની જગ્યા પર તા. ૧૬--૪--૧૯૭૭થી કાયમ કરવા.

૯. યુનિવર્સિટી મુદ્રણાલયના જુ.કલાર્ક શ્રી કે. બી. પંડ્યાને રૂ. ૧૫૩-૫-૧૮૩-૧૦-૨૪૩-ઈબી-૧૫-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) તા. ૧૦-૩-૧૯૭૭થી ઓળંગવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી મુદ્રણાલયના જુ. કલાર્ક શ્રી. કે. બી. પંડ્યાની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. કે. બી. પંડ્યાને ઉપર જણાવેલા પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૨૪૩/- પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧૦--૩--૧૯૭૭ થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૦. પ્રકાશન વહીવટી સમિતિના નીચે દર્શાવેલ ચાર સભ્યોનાં સભ્યપદની મુદત તા. ૨૨-૪-૧૯૭૭ના રોજ પૂરી થતી હોઈ ઑર્ડિ. ૬૨--ઈ(૧)(૩) પ્રમાણે સદરહુ સમિતિ પર ચાર સભ્યોની નિમણૂક કરવા વિચારણા કરવા બાબત :

(૧) આચાર્ય જે. જે. ત્રિવેદી
(૨) આચાર્ય એસ. આર. મલેતા
(૩) આચાર્ય એમ. એસ. પંડિત
(૪) આચાર્ય વી. જે. ત્રિવેદી.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રકાશન વહીવટી સમિતિ પર નીચેના સભ્યોને તા. ૨૩--૪--૧૯૭૭થી ત્રણ વર્ષ માટે નીમવા :

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ
૨. આચાર્ય ડી. ડી. દેસાઈ
૩. આચાર્ય હરિશંકર પંડ્યા
૪. આચાર્ય કે. એન. શાહ.

૧૧. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં પ્લેસમેન્ટ ઑફિસરની જગ્યા માટે વરણી સમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ જગ્યાનું પગારધોરણ રૂ. ૭૦૦-૪૦-૧૧૦૦-૫૦-૧૩૦૦ નું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨. ફાઇનાન્સ સમિતિની તા. ૨૫-૧-૧૯૭૭ની સભાની આ સાથેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની તા. ૨૫–૧–૧૯૭૭ની સભાની ભલામણ નં. ૩ પર નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય તથા વિદ્યાભવનોના વિભાગોને આંતરિક ટેલિફોનની સગવડ આપી શકાય તે માટે ૫૦ લાઇનને બદલે ૧૦૦ લાઇનના ટેલિફોન એક્સચેન્જની સાધનસામગ્રી વસાવવા માટેની કાર્યવાહી કરવી તથા તે અંગેનું જરૂરી ખર્ચ મંજૂર કરવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે તે સિવાયની સદરહુ સમિતિની અન્ય ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૫–૧–૧૯૭૭ની સભાની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૧૩. માર્ચ–એપ્રિલ ૧૯૭૭ માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં જુદાં જુદાં કેન્દ્રો પર સિનિયર સુપરવાઈઝરની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સભાગૃહને જાણ કરવામાં આવી કે યુનિવર્સિટીની કેટલીક પરીક્ષાઓ માટે સિનિયર સુપરવાઈઝરોની નિમણૂકો કુલપતિશ્રીના આદેશથી કરવામાં આવી છે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી તથા હવે પછી જે સિનિયર સુપરવાઈઝરોની નિમણૂકો કરવાની જરૂર જણાય તે કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૪. ઑડિ. એમ. એ. (એક્ષટર્નલ)-૨ હેઠળ નીચેનો ભાગ ઉમેરીને તે પ્રમાણે સુધારેલો સદરહુ ઑર્ડિનન્સ મંજૂર કરવાની ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૭-૨-૧૯૭૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"Notwithstanding anything contained above a candidate who has passed his Bachelor's degree examination either with Psychology or Statistics or Geography or Home Science as a Principal or as a Subsidiary subject, shall, at his option, be permitted to select any of the subjects or group of subjects other than the aforementioned subjects, as per the scheme of the M.A. External degree course."

(એ. કા. બાબત ક્રમાંક ૨)

આથી ઠરાવવામાં આવે છે કે ઑડિ. એમ.એ. એક્ષટર્નલ–૨માં ઉપરનો ભાગ ઉમેરીને સદરહુ સુધારેલો ઑર્ડિનન્સ તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૫. ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૭-૨-૧૯૭૭ની સભાની ભલામણ અનુસાર સુધારેલો ઑડિ. એમ.એ. (એક્ષટર્નલ)-૮ નીચે મુજબ મંજૂર કરી તેને તાત્કાલિક અમલમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત :

O. M.A. (Ext.) 8 :

"A candidate who has passed the M.A. Degree Examination offering any two groups, one group from each of the two groups of History (A & B), Economics (C & D), Sociology (E & F), and

Politics (G & H) under the relevant rules of the University shall be permitted to re-appear at the M.A. Part II Examination with the remaining group of four papers of the subject concerned, such remaining group being other than the one offered by him at the previous examination. Such a candidate shall be required to register himself afresh and to pay Rs. 155/-(i.e. Rs. 100/- as Registration fee+Rs. 50/— as Examination fee and Rs. 5/- for mark statement).

Provided further that in the case of a candidate who thus appears at the examination with the remaining group of the subject concerned, the marks obtained by him in the four papers of the group offered by him previously, shall be carried forward such a candidate will be entitled to a class in the examination admissible under the rules of the University in that behalf, but will not be entitled to any prize or scholarship or medal or any award."

(એ. કા. બાબત ક્રમાંક ૨૨)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઓર્ડિ. એમ.એ. એક્ષટર્નલ--૮ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૬. ઓર્ડિ. એમ.બી.બી.એસ.—૯ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તેને જૂન ૧૯૭૮થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭-૨-૧૯૭૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. M.B.B.S.—9 :

" Failure to pass the examination will not debar candidates from appearing at any subsequent examination on the submission of a new application, the payment of a fresh fee and the production of certificates showing that they have, during the interval between the declaration of their failure and subsequent reappearance at the examination, pursued a further course of study in the subjects of the examination to the satisfaction of the head of a Medical College recognised by the University; provided, however, that candidates who fail to pass this examination on four occasions will not be eligible to reappear thereat.

Candidates shall be deemed to have failed to pass an examination under the above clause if their names have been submitted by the Principal of their college for inclusion in the list of candi-

dates appearing for the examination, and if the candidates have failed to pass examination because they have not attained the standard of passing."

(એ. કા. બાબત ક્રમાંક ૪)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑર્ડિ. એમ.બી.બી.એસ. ૯ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને જૂન ૧૯૭૮થી અમલમાં મૂકવો.

૧૭. ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૭-૨-૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

"કાયદાનો અભ્યાસક્રમ પહેલી એલએલ.બી.થી શરૂ થતો હોવાથી જૂન ૧૯૭૭થી એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પહેલી એલએલ.બી.ના ક્લાસમાં પ્રવેશ આપવો નહીં."

(એ. કા. બાબત ક્રમાંક ૧૫ અને ૨૮)

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ યુનિવર્સિટીનાં ધારાધોરણોમાં જરૂરી સુધારા કરવાની કાર્યવાહી કરવી.

૧૮. મનોવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર તરીકે કામ કરતા શ્રી. એ. જી. શિકારીની નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ખાસ કેસ તરીકે માન્ય કરવાની ગુજરાત કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. એ. જી. શિકારી બી.એ. અને એમ.એ.ની પદવીઓ મનોવિજ્ઞાન સાથે પાસ વર્ગમાં ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં શ્રી. એ. જી. શિકારીની નિમણૂક મનોવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર તરીકે ખાસ કેસ તરીકે ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી જ ગ્રાહ્ય રાખવી અને જૂન ૧૯૭૭થી યોગ્ય લાયકાત ધરાવતા અન્ય શિક્ષકની નિમણૂક કરીને યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવા જણાવવું અને ઉમેરવું કે જો તેમ કરવામાં આવશે નહીં તો સદરહુ વિષયમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૧૯. માણેકલાલ નાણાવટી લૉ કૉલેજ, અમદાવાદમાં એકાઉન્ટન્સી અને ટૅક્ષેશન લૉ ના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે જોડાયેલા શ્રી. એમ. બી. દેસાઈની નિમણૂક માન્ય કરવા અંગે કૉલેજના આચાર્યશ્રીએ કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. એમ. બી. દેસાઈની નિમણૂક તા. ૧-૭-૧૯૭૪ના રોજ કરવામાં આવી હતી. તેઓ સી.એ. તથા એલએલ.બી.ની પદવી બીજા વર્ગમાં ધરાવે છે. જોડાયા તે સમયે જરૂરી શૈક્ષણિક પાત્રતામાં એક વર્ષનો ધંધાકીય અનુભવ ખૂટતો હતો, હવે તેઓ જરૂરી શૈક્ષણિક પાત્રતા ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના એકાઉન્ટન્સી અને ટૅક્ષેશન લૉ ના ખંડ સમયના વ્યાખ્યાતા શ્રી. એમ. બી. દેસાઈનો, તા. ૧-૭-૧૯૭૪ના રોજ તેમની નિમણૂક થઈ તે વખતે તેમને ખૂટતો એક વર્ષનો ધંધાકીય અનુભવ ક્ષમ્ય ગણવો અને સદરહુ નિમણૂક માન્ય ગ્રાહ્ય રાખવી.

૨૦. શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ ઍન્ડ શ્રી ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ સને ૧૯૭૬-૭૭ની ઑર્ડિ. ૯૬ અન્વયે મોકલેલ માહિતી પરથી તર્કશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવાની

ઊણપ અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯-૧૧-૧૯૭૬ની સભામાં ઠરાવ્યા અનુસાર પાત્રતા ધરાવતા સદરહુ શિક્ષકની નિમણૂક કરવા જણાવ્યું હતું પરંતુ કૉલેજે હજુ સુધી તે નિમણૂક કરી ન હોઈ તે પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—કૉલેજને તેના તા. ૪--૨--૧૯૭૭ના પત્રાંક સ્ટેટિ. ૩૬--૧૧૩૨થી લૉજિક વિષયમાં વ્યાખ્યાતાની નિમણૂક માટે બે વાર જાહેરખબર આપી. પરંતુ ઉમેદવારના અભાવે નિમણૂક કરવી શકય નથી તેમ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં તર્કશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતાની ઊણપ ફકત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી જ ગ્રાહ્ય રાખવી અને જૂન ૧૯૭૭થી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરીને યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવા જણાવવું અને ઉમેરવું કે જો તેમ કરવામાં આવશે નહીં તો સદરહુ વિષયમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૨૧. વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગરે તેઓના મનોવિજ્ઞાન-સોજિકના વ્યાખ્યાતા શ્રી વી.બી. શાહને ૧૬+૫નો કાર્યભાર સોંપ્યો છે તે વ્યવસ્થા ચાલુ વર્ષ પૂરતી જ મંજૂર કરવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વ્યવસ્થા ફકત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી જ ગ્રાહ્ય રાખવી અને જૂન ૧૯૭૭થી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરીને યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવા જણાવવું અને ઉમેરવું કે જો તેમ કરવામાં આવશે નહીં તો સદરહુ વિષયમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૨૨. આર. આર. લાલન કૉલેજ, ભૂજે સને ૧૯૭૬-૭૭ની ઑડિ. ૯૬ અન્વયે મોકલેલ માહિતી પરથી ઇતિહાસ, આંકડાશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર અને જીવવિજ્ઞાનના વિષયોમાં જરૂરી નિમણૂકો ન કર્યાની ઊણપ અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯-૧૧-૧૯૭૬ની સભામાં ઠરાવ્યા મુજબ જરૂરી શિક્ષકોની નિમણૂક તાકીદે કરવા જણાવેલું, પરંતુ હજુ સુધી કૉલેજે સદરહુ નિમણૂકો કરી નથી તો તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૭થી સદરહુ વિષયોમાં યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તેમ કરવામાં આવશે નહીં તો સદરહુ વિષયોમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૨૩. શ્રી. જે. બી. ઠક્કર કૉમર્સ કૉલેજ, ભૂજને જૂન ૧૯૭૭થી સત્ર ફી રૂ. ૧૭૫ ને બદલે રૂ. ૨૧૦ રાખવા દેવા પરવાનગી આપવા સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના નાણાકીય પ્રશ્નો અંગે રાજ્ય સરકારે નીમેલી સમિતિ (પોલ સમિતિ)ની ભલામણો પરથી રાજ્ય સરકારના નિર્ણયની જાણ થાય ત્યાંસુધી રાહ જોવી. દરમિયાન સદરહુ કૉલેજનો પ્રસ્તાવ મંજૂર કરવો નહીં.

૨૪. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૭-૮-૧૯૭૬ની સભામાં સ્વીકારવામાં આવેલ "શેઠ રૂપસી માધવજી સ્મૃતિશુદ્ધાદ્વૈત આચુભાષ્ય પારિતોષિક" ગુજરાત યુનિવર્સિટીની એમ.એ.ની અનુસ્નાતક પદવી પરીક્ષા માટે એનાયત કરવા માટેના પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૨૫. "સ્વ. શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સંસ્કૃત પારિતોષિક" અંગેનો સંબંધકર્તા નિયમ નીચે પ્રમાણે વંચાય તેમ સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

"'સ્વ. શ્રી. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સંસ્કૃત પારિતોષિક' એ નામનું આશરે રૂ. ૨૮૫--૦૦ની કિંમતનું એક પારિતોષિક આ યુનિવર્સિટીની માર્ચ--એપ્રિલમાં લેવાતી એસ.વાય.બી.એ.ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં મેળવી મુખ્ય વિષય સંસ્કૃતમાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવશે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પારિતોષિક અંગેનો સંબંધકર્તા નિયમ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો.

૨૬. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૪-૧૨-૧૯૭૧ની સભામાં રૂ. ૩૫૦--૦૦ કે તેથી વધુ પગાર મેળવનાર યુનિવર્સિટીના કર્મચારીઓને સ્કૂટર ખરીદવા માટે વાહન ખર્ચના ૮૦% સુધીની લોન આપવાનું ઠરાવ્યું છે. પરંતુ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે રાજય સરકારે મોંઘવારી ભથ્થું ભેળવીને નવું પગારધોરણ મંજૂર કર્યું છે તેને અનુલક્ષીને સદરહુ ધોરણ અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓને સ્કૂટર ખરીદવા માટેની લોન આપવા અંગે ઓછામાં ઓછા પગાર રૂ. ૩૫૦/- નું જે ધોરણ છે તેમાં ફેરફાર કરવો નહીં.

૨૭. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૦-૧૨-૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"The Board of Studies in Psychology strongly feels that two teachers of Psychology should be sent as delegates to various conferences of Psychology held every year. It is further requested that the name suggested by the Board of Studies should be considered sympathetically."

(**નોંધ.**—અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીએ આ સંદર્ભમાં નીચે મુજબ નોંધ કરેલ છે :

"Please note that the last paragraph of the minutes expressing the feeling of the members of the Board implies that every year suggesting names of delegates to the different conferences should be made on item in the agenda for the meeting of the Board in the 1st term so that suggestions can be made in time."]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૮. એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદમાં જાહેર ખબર આપવા છતાં યોગ્ય ઉમેદવાર નહીં મળવાથી તૃતીય બી.એસસી.માં આંકડાશાસ્ત્ર મુખ્ય વિષયના શિક્ષણકાર્ય માટે એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના

આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપકની સેવાઓ લેવામાં આવે છે. તે વ્યવસ્થા ચાલુ વરસ પૂરતી ગ્રાહ્ય ગણવાની સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદમાં આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક માટે કરવામાં આવેલી વ્યવસ્થા ફકત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી જ ગ્રાહ્ય રાખવી, અને જૂન ૧૯૭૭થી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરીને યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવા જણાવવું અને ઉમેરવું કે જો તેમ કરવામાં આવશે નહીં તો સદરહુ વિષયમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૨૯. શ્રી નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુરમાં જૂન, ૧૯૭૭થી બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્રના વિષયનું શિક્ષણકાર્ય બંધ કરવા માટે શ્રી નરેન્દ્ર એજ્યુકેશન સોસાયટીના માનદમંત્રી તરફથી આવેલ અરજી પરત્વે તપાસ કરી હેવાલ રજૂ કરવા એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૧-૯-૧૯૭૬ની સભામાં ઠરાવ ક્રમાંક ૪૦થી નિમાયેલી સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો હેવાલ સ્વીકારવો અને તે મુજબ સદરહુ કૉલેજને જણાવવું કે બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્રના વિષયનું શિક્ષણકાર્ય બંધ કરવા માટે પરવાનગી આપી શકાય તેમ નથી.

૩૦. ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૬-૧૧-૧૯૭૬ની સભામાં સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને સ્વાયત્તતા આપવા માટે તેણે તેની તા. ૧૬-૧-૧૯૭૬ની સભામાં નિયત કરેલાં ધારાધોરણો વધુ મતે મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ધારાધોરણો મંજૂર કરવાં.

(મંજૂર કરવામાં આવેલાં સદરહુ ધારાધોરણોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૩૧. ઑર્ડિ. આર્ટ્સ-૬માં નીચે મુજબ સુધારો કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૬-૧૧-૧૯૭૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

"O. Ext. Arts 6 Group IIમાં વિષયોની યાદીમાં Co-operation વિષયની નીચે ક્રમાંકમાં 'Geography (as Subordinate subject)' એમ ઉમેરવું."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. એક્ષ્ટર્નલ આર્ટ્સ--૬માં ઉપર મુજબ સુધારો કરવો તથા તે પ્રમાણે સુધારેલા ઑર્ડિ. એક્ષ્ટર્નલ આર્ટ્સ--૬ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૩૨. કડીની કૉમર્સ કૉલેજમાં ૧૯૭૫-૭૬ની સાલમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ પ્રો. ડી. ડી. દવે અનુસ્નાતક કેન્દ્રના વહીવટ અંગેનું મહેનતાણું માંગતાં આ બાબતમાં રાજ્ય સરકારને પુછાવતાં તેમના તરફથી આવેલ નીચે મુજબની સ્પષ્ટતાની નોંધ લેવા બાબત :

"To clarify that no Professor-in-charge of a centre appointed by the University to look after the P. G. work of the centre will be eligible for additional remuneration for the P. G. work."

(**નોંધ.**—એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૪--૪--૧૯૭૬ની સભાના ઠરાવ પ્રમાણે અનુસ્નાતક કેન્દ્રોમાં વ્યાખ્યાન લેતા શિક્ષકોને તેમ જ પ્રોફેસર-ઇન-ચાર્જને પણ મહેનતાણું ચૂકવવું નહિ તેમ ઠરાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૩. તોલાણી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ તથા તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર(કચ્છ)ને ભાષાની લઘુમતીની કક્ષામાં ગણવા સદરહુ કૉલેજના સંચાલક બોર્ડ તરફથી આવેલી અરજી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) રાજ્ય સરકારના તા. ૧--૯--૧૯૭૬ના પત્રમાં આ અંગે નીચે મુજબ જણાવ્યું છે :

" I am directed to refer to your letter No. Academic/20896/1975, dated 2-9-1975 on the subject mentioned above, and to state that according to legal opinion the dicision of the Supreme Court that Sections 33A, 40, 41, 51A(1) (b), 51A(2) (b) and 52A of the Gujarat University Act, 1949 as amended do not apply to institutions established and administered by linguistic and religious minorities, is based on Article 30 of the Constitution of India. Accordingly exemption can be claimed by educational institutions which is both established and administered by a minority. The institution established by a minority from the inception should also be continued to be administered by a minority. The claim to exemption would get forfeited if the management or administration ceases at any time to bear the character of minority. The institution run by the composite body but subsequently taken over by a minority community and run by it must be held that it is established and administered by a minority. The entire constitution of management or trust must bear the character of the minority. Any community religious or linguistic which is numerically less than 50% the population of the state is a minority. It is irrelevant that in addition to the minority community, others from other minority, community or even from the majority community can take advantage or these institutions. In view of the above, the Gujarat University, may decide whether a particular institution can be considered as an institution of minority."]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ ના સંદર્ભમાં ભાષાની લઘુમતી ગણવાની બાબતમાં ઉપર જણાવેલાં ધોરણો સ્વીકારવાં.

૩૪. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી અને સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણ અંગે રાજ્ય સરકારના તા. ૨૩-૧૧-૧૯૭૬ના સુધારેલા ઠરાવના સંદર્ભમાં નીચેની બાબતો પરત્વે વિચારણા કરવા બાબત :

(ક) કંડિકા (૧૫)માં જણાવ્યા પ્રમાણે સંલગ્ન કૉલેજમાં વ્યાખ્યાતા તથા આચાર્યોની નિમણૂક માટેની વરણીસમિતિ પર કૉલેજના સંચાલક મંડળના ચૅરમેને વરણીસમિતિ પર તજ્જ્ઞોની નિમણૂક કરવા માટે તેની યાદી તૈયાર કરવા અંગે.

(નોંધ.—(૧) આચાર્યની નિમણૂક માટેની વરણીસમિતિ પર તજ્ઞોની યાદી પર કુલ દસ સભ્યો લેવાના થાય છે.

(૨) આ અંગે અગાઉના તા. ૨૩-૨-૧૯૭૬ના સરકારી ઠરાવના સંદર્ભમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલી સમિતિની ભલામણ નીચે મુજબ છે :

"સંલગ્ન કૉલેજોમાં વ્યાખ્યાતા તેમ જ આચાર્યોની નિમણૂક માટેની વરણી-સમિતિમાં જે તે વિષયોના નિષ્ણાતોની નામાવલિ તૈયાર કરવાની છે ને નામાવલિ તૈયાર કરવાનું કામ સંબંધકર્તા અભ્યાસસમિતિને મોકલવું. અભ્યાસસમિતિની ભલામણ એકેડેમિક કાઉન્સિલનાં સલાહસૂચન લઈ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ મંજૂર કરે.

(ખ) કંડિકા (૬)માં જણાવ્યા પ્રમાણે સંલગ્ન કૉલેજના શિક્ષકોને કાયમ કરવાની બાબતમાં કાર્યક્રમ ઑર્ડિનન્સથી નિયત કરવા અંગે

(નોંધ.—આ અંગે અગાઉના તા. ૨૩-૨-૧૯૭૬ના સરકારી ઠરાવના સંદર્ભમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલી સમિતિની ભલામણ નીચે મુજબ છે :

"શિક્ષકોને કાયમ કરવા અંગે ઑર્ડિનન્સ ઘડવો તથા તેમાં નીચેની જોગવાઈ રાખવી:

પ્રોબેશન સમય પૂરો થતાં પહેલાં પરંતુ નિમણૂકના ત્રણ માસ પછી કોઈ પણ સમયે શિક્ષકને કાયમી કરવા અંગે વિચારી શકે, પરંતુ સંબંધકર્તા શિક્ષકને ઓછામાં ઓછા છ મહિના પહેલાં સંચાલક મંડળે/કૉલેજે તેની જાણ કરવી જોઈએ.

શિક્ષકને કાયમી કરવો કે કેમ તે અંગેની સમિતિની રચના નીચે પ્રમાણે કરવી :

(૧) કુલપતિ નિયુક્ત યુનિવર્સિટીનો એક પ્રતિનિધિ

(૨) કૉલેજના આચાર્ય

(૩) કૉલેજના સંચાલકમંડળના પ્રતિનિધિ

(ગ) કુલપતિશ્રીની પૂર્વ-પરવાનગીથી અન્ય યુનિવર્સિટીઓનું પરીક્ષણનું કાર્ય, વાર્ષિક વેતનના ૩૦ ટકાથી વધે નહિ તેવી જોગવાઈ છે તેને શિક્ષકોની સેવાના નિયમોમાં આવરી લેવા અંગે.

(ઘ) વ્યાખ્યાનના પગારધોરણમાં રૂ. ૧૩૦ એસેસમેન્ટ માટે કંડિકા(૧૨)માં જણાવ્યા પ્રમાણેની સમિતિ નીમવા બાબત.

નોંધ.—આ અંગે અગાઉ તા. ૨૩-૨-૧૯૭૬ના સરકારી ઠરાવના સંદર્ભમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલી સમિતિની ભલામણ નીચે મુજબ છે :

(અ) બિનસરકારી કૉલેજોના વ્યાખ્યાતાના પગારધોરણમાં રૂ. ૧,૩૦૦ પછીના મૂળ પગારમાં ઇજાફા પૂર્વે મૂલ્યાંકન (Assessment) માટે નીચે પ્રમાણેની સમિતિની રચના કરવી :

(૧) સંબંધકર્તા કૉલેજ સંચાલક મંડળના ચેરમેન

(૨) આચાર્ય

(૩) વિભાગના વડા

(૪) કુલપતિશ્રીના એક પ્રતિનિધિ

(૫) શિક્ષણનિયામકના એક પ્રતિનિધિ.

(બ) યુનિવર્સિટીનાં ભવનોના વ્યાખ્યાતાના પગારધોરણમાં રૂ. ૧,૩૦૦ પછીના મૂળ પગારમાં ઇજાફા પૂર્વે મૂલ્યાંકન (Assessment) માટે નીચે પ્રમાણેની સમિતિ નીમવી :

(૧) કુલપતિશ્રી

(૨) એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ તેનો સભ્ય

(૩) સંબંધકર્તા વિદ્યાભવનના અધ્યક્ષ

(૪) સંબંધકર્તા યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના વડા

(૫) આ યુનિવર્સિટીના ના હોય તેવા પરંતુ સંબંધકર્તા વિષયના કુલપતિશ્રી-નિયુક્ત તજ્જ્ઞ.

(ચ) કંડિકા (૧૩)માં જણાવ્યા પ્રમાણે કાર્યભારને અનુલક્ષીને ટ્યૂટર્સ--ડેમોન્સ્ટ્રેટર્સની જગાને વ્યાખ્યાતામાં યથાક્રમે ફેરવવા અંગે વિચારણા કરી રાજ્ય સરકાર સમક્ષ જરૂરી પ્રસ્તાવ રજૂ કરવા અંગે.

(છ) કંડિકા(૧૪)માં જણાવ્યા પ્રમાણે પ્રતિ ત્રણ વર્ષે થનાર એસેસમેન્ટ માટે પદ્ધતિ મુકરર કરવા અંગે.

નોંધ. - આ અંગે અગાઉ તા. ૨૩--૨--૧૯૭૬ના સરકારી **ઠરાવના સંદર્ભમાં એક્ઝિક્યુટિવ** કાઉન્સિલે નિયુક્ત કરેલી સમિતિની ભલામણ નીચે **મુજબ છે।**

"યુનિવર્સિટીના તેમ જ કૉલેજના શિક્ષકો માટે પ્રતિ ત્રણ વર્ષે થનાર મૂલ્યાંકન માટે શૈક્ષણિક બાબતો ઉપરાંત શિક્ષક તરીકેનું આચરણ 'વર્તણૂક' તેમ જ તેની નિયમિતતા ઇત્યાદિ બાબત લક્ષમાં લેવી જોઈએ, એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."]

(જ) ૧ માર્ચ ૧૯૭૬ પછી સામાન્યત: યુનિવર્સિટીએ રાજ્ય સરકારની પૂર્વસંમતિ વિના કોઈ પણ કક્ષાના શિક્ષકોની નવી નિમણૂકો ન કરવાના વિધાન બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૭--૨--૧૯૭૭ની સભામાં બાબત નં. ૬ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૫. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજોના વિકાસ કાર્યક્રમો બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૮-૧-૧૯૭૭ના ડી. ઓ. પત્રાંક એફ. ૧.૬૨-૭૬(સીપી)થી જણાવવામાં આવ્યું છે તેની સ્થાયી સમિતિની નીચેની ભલામણો તેણે તા. ૧૮-૧૦-૧૯૭૬ની સભામાં સ્વીકારી છે, તો તે બાબતમાં જરૂરી વિચારણા કરવા બાબત :

"Universities may be requested to organize workshops of Principals of eligible colleges where the objectives and details of the various schemes could be clarified to the Principals and guidance given for preparation of proposals in an acceptable form. If the universities desired, an officer of the Commission could attend such workshops. In such a workshop, which may be of a duration of two days only, the proforms for supplying basic information could also be discussed.

"For proper and integrated development of affiliated colleges, the universities may be requested to take expeditious steps for the

establishment of college development councils. Such a council may include members from the universities/colleges and state governments."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની ઉપરની ભલામણો સ્વીકારવી અને તે અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે સંબંધકર્તા કૉલેજોને જણાવવું.

૩૬. સમાજવિદ્યા ભવનના સ્ટેનોગ્રાફર શ્રી. જી. એફ. પટેલે તા. ૨૦-૧-૧૯૭૧થી સરેલા પંચે સૂચવેલું પગારધોરણ સ્વીકારવા અંગેનો આપેલો વિકલ્પ બદલીને (option) હવે તે વિકલ્પ તા. ૨૦-૧-૧૯૭૪થી સ્વીકારવા દેવાની પરવાનગી માંગતા તેઓના તા. ૩૧-૧૨-૧૯૭૬ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેનોગ્રાફર શ્રી. જી. એફ. પટેલને સુધારેલું પગારધોરણ તા. ૨૦-૧-૧૯૭૪થી સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૩૭. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે બતાવ્યા પ્રમાણે અગાઉ એક વાર સ્વીકારેલ પગારધોરણના વિકલ્પ બદલવા દેવા અંગેની પરવાનગી આપવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા હોદ્દો	વિભાગ	તા. ૧-૧-૧૯૭૩થી અગાઉ સ્વીકારેલ પગારધોરણ	હવે તા. ૧-૧-૧૯૭૩ થી જે પગારધોરણ સ્વીકારવા માંગતા હોય તે
૧	૨	૩	૪	૫
૧.	શ્રી. કે. પી. સોલંકી સફાઈ કામદાર	એસ્ટેટ	જૂનું પગારધોરણ	નવું પગારધોરણ
૨.	શ્રી. કે. ડી. વાઘેલા પટાવાળા	સમાજવિદ્યા ભવન	નવું પગારધોરણ	અગાઉનું જૂનું પગારધોરણ
૩.	શ્રી. હીરા બાપુ સફાઈ કામદાર	એસ્ટેટ	જૂનું પગારધોરણ	નવું પગારધોરણ
૪.	શ્રી. આર. કે. વાઘેલા પટાવાળા	વિજ્ઞાન વિદ્યાભવન	નવું પગારધોરણ	અગાઉનું જૂનું પગાર-ધોરણ
૫.	શ્રી. સી. ડી. ઠાકોર પટાવાળા	હૉસ્ટેલ	નવું પગારધોરણ ૧-૬-૧૯૭૩ને બદલે	નવું પગારધોરણ ૧-૬-૧૯૭૫થી

(**નોંધ.**— સફાઈ કામદાર/પટાવાળા :
(૧) જૂનું પગારધોરણ : રૂ. ૯૪-૩-૧૦૯-૪-૧૩૩-૧-૧૧૩
(૨) નવું પગારધોરણ : ૧૯૬-૩-૨૩૨).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી પગારધોરણનો વિકલ્પ બદલવા માટે પરવાનગી આપવી.

૩૮. શ્રી. શરદભાઈ પટેલ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ ૧

"સેન કમિટીએ તેના હેવાલમાં સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલોને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ ગણ્યા છે, યુનિવર્સિટીએ પણ તેનાં સત્તામંડળોની મતદારયાદીમાં તેમને બિનશિક્ષક કર્મચારી ગણ્યા છે. હાલમાં આ ગ્રંથપાલોને રૂ. ૩૦૦-૨૫-૬૦૦નું પગારધોરણ અગાઉ યુનિવર્સિટીએ ઠરાવ્યા મુજબ મળે છે. હવે જ્યારે કૉલેજોના અન્ય બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનાં પગારધોરણોનું રિવિઝન તાજેતરમાં યુનિવર્સિટીએ કર્યું છે તે વખતે કૉલેજોમાં કામ કરતા ગ્રંથપાલોને, યુનિવર્સિટીના ગ્રંથપાલનો સુધારેલો સ્કેલ લાગુ ન પાડી શકીએ તે સ્વાભાવિક છે, તેથી સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલોને યુનિવર્સિટીના આસિસ્ટન્ટ ગ્રંથપાલનું પગારધોરણ રૂ. ૫૦૦-૨૫-૭૦૦ ઈ.બી. ૨૫-૭૫૦-૯૦૦ આપવાનું આ સભા ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ નં. ૧ ની વિચારણા મોકૂફ રાખવી.

પ્રસ્તાવ ૨

યુનિવર્સિટીએ સંલગ્ન કૉલેજોમાં કામ કરતા બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને, યુનિવર્સિટીના બિનશિક્ષક કર્મચારીઓ માટે સરકારશ્રીના જી.આર. મુજબ નિયત થયેલા સ્કેલ લાગુ પાડવાનું તાજેતરમાં ઠરાવેલ છે. તેમાં યુનિવર્સિટીના એકાઉન્ટન્ટ, કે ડે. એકાઉન્ટન્ટને લાગુ પાડેલ સ્કેલ સંલગ્ન કૉલેજોના એકાઉન્ટન્ટોને લાગુ ન પાડી શકાય તે સ્વાભાવિક છે. સાથે સાથે કૉલેજોના એકાઉન્ટન્ટની ફરજો તથા કાર્યક્ષેત્ર જોતાં તેને સીનિયર ક્લાર્કનું પગારધોરણ અપાય તે પણ વાજબી નથી. તેથી સંલગ્ન કૉલેજોમાં એકાઉન્ટન્ટની જગ્યા ઉપર કામ કરતા કર્મચારીને યુનિવર્સિટીના આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટનું પગારધોરણ રૂ. ૫૦૦-૨૫-૭૦૦ ઈ.બી. ૨૫-૭૫૦-૩૦-૯૦૦ આપવાનું આ સભા ઠરાવે છે."

(**નોંધ.**—કૉલેજના એકાઉન્ટન્ટની ફરજો તથા કાર્યક્ષેત્ર :

૧. કેશબુક રિસીટ અને પેમેન્ટ સાથે રાખવી.
૨. ખાતાવહીમાં પોસ્ટિંગ કરવું.
૩. બેલેન્સશીટ્સ (સરવૈયું) તૈયાર કરવું.
૪. બજેટ તૈયાર કરવું.
૫. સેલેરી--બિલ તૈયાર કરવું.
૬. પેમેન્ટ માટેનાં બિલો ચેક કરી પેમેન્ટ કરવું.
૭. બૅંક રિકન્સિલિયેશન સ્ટેટમેન્ટ દર માસે કરવું.
૮. ફી-રિકન્સિલિયેશન બનાવવું, લેજર તથા જી.આર. સાથે મેળવવું.
૯. યુ.જી.સી. રિવાઈઝ્ડ પે-ફિક્સેશન ટીચિંગ સ્ટાફનું તૈયાર કરવું.
૧૦. યુનિવર્સિટીએ જણાવેલ રિવાઈઝ્ડ પે-ફિક્સેશન નોન--ટીચિંગ સ્ટાફનું તૈયાર કરવું.
૧૧. મેઈન્ટેનન્સ ગ્રાન્ટ માટેના સ્ટેટમેન્ટ તથા બિલ બનાવી સરકારને મોકલવાં.
૧૨. સરકારમાંથી ફ્રીશિપ તથા લોન વગેરે મેળવવા બિલ તથા સ્ટેટમેન્ટ તૈયાર કરવાં.
૧૩. પેમેન્ટ રજિસ્ટર તૈયાર કરી ઑડિટ કરાવવાં.
૧૪. ઈ.બી.સી., ફ્રીશિપ, નોન-બી.સી. ફ્રીશિપ, બી.સી. ફ્રીશિપ, પોલિટિકલ સફરર્સ સ્કોલરશિપ ઓર્થોપેડિક સ્કોલરશિપ, હાયર એજ્યુકેશન સ્કોલરશિપ, યુ.જી.સી. સ્ટડન્ટ એઈડ ફંડ,

ફ્રી લેંડિંગ લાઈબ્રેરી બુક્સ, તેમ જ કૉલેજ ફ્રીશિપ વગેરેનો હિસાબ રાખવો તથા આ ફ્રીશિપો મંગાવી ફ્રી એડજસ્ટમેન્ટ કરવી તથા ઑડિટ કરાવવા તથા સરકારી ઑડિટ (ડી.ઈ.) તથા એ. જી. ઑડિટર પાસે ઑડિટ કરાવવા. આ રીતે ઘણી જ નાણાકીય જવાબદારી કૉલેજના એકાઉન્ટન્ટના શિરે હોય છે.)

અને

૪૨. યુનિવર્સિટીના બિનશિક્ષક કર્મચારીઓનાં પગારસ્કેલો વગેરે અંગે રાજ્ય સરકારે નીમેલ પગારપંચ-(દેસાઈ પંચ)ની ભલામણો પરથી રાજ્ય સરકારે બહાર પાડેલ તા. ૩૦-૬-૧૯૭૬ના સરકારી ઠરાવ ક્રમાંક પીસીઆર. ૩૦૭૫—૮૬—એમ કે જે સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓને લાગુ પાડવાનું એક્ઝિક્યુટિવ કાઉન્સિલે ઠરાવેલ છે, તે અંગે સંલગ્ન કૉલેજો તરફથી ઉપસ્થિત કરવામાં આવેલ નીચેના મુદ્દાઓ અંગે વિચારણા કરવા બાબત :

(૧) ગ્રંથપાલ, હિસાબનીશ અને કેશિયરનાં પગારધોરણ અંગે

(**નોંધ.**— સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૩થી અમલી પગારધોરણ મુજબ સંલગ્ન કૉલેજોના હિસાબનીશને યુનિવર્સિટીના સીનિયર ક્લાર્કના અને કેશિયરને યુનિવર્સિટીના જુનિયર ક્લાર્કના પગારધોરણમાં મૂકેલ છે.)

(૨) ઓરિયર્સ(તફાવત)ની ચુકવણી રાજ્ય સરકારના કર્મચારીઓની જેમ કરવી કે રોકડમાં ?

(૩) પગારધોરણ અમલની તારીખ.

પ્રસ્તાવ નં. ૨ અને બાબત નં. ૪૨ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. સી. શાહ

૨. આચાર્ય કે. એન. શાહ

૩. શ્રી. શરદભાઈ પટેલ.

૩૯. સી. એમ. પટેલ ફરતીકૂઈવાળા આર્ટ્સ ઍન્ડ ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈમાં બી.એ. (સબો.)માં હિન્દી તથા અંગ્રેજીનું શિક્ષણકાર્ય બંધ કરવાની બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૧-૯-૧૯૭૬ની સભામાં ઠરાવ ક્રમાંક ૬૭થી નિયુક્ત થયેલી સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો હેવાલ સ્વીકારવો અને તે મુજબ બી.એ. (સબો.)માં હિન્દી તથા અંગ્રેજીના વિષયોનું શિક્ષણકાર્ય બંધ કરવા પરવાનગી આપવી નહીં.

૪૦. રાજ્ય સરકારના નાણાખાતાના તા. ૩૦-૬-૧૯૭૬ના ઠરાવ ક્રમાંક પીસીઆર—૩૦૭૫—૮૬—એમ મુજબ યુનિવર્સિટીના બિનશિક્ષક કર્મચારીઓના તાજેતરમાં સુધારવામાં આવેલાં પગારસ્કેલો કે જે સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પણ લાગુ પાડવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે ઠરાવેલ છે તેનો લાભ માન્ય સંસ્થાઓના બિનશિક્ષક કર્મચારીગણને આપવા અંગે અધ્યક્ષશ્રી, લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ તરફથી આવેલ તા. ૨૫-૧-૧૯૭૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને માટે સુધારવામાં આવેલાં પગારધોરણો માન્ય સંસ્થાઓના કર્મચારીઓને પણ લાગુ પાડવાં અને તે અંગેનો ખર્ચ અનુદાનને પાત્ર ગણવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

૪૧. સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓના શિક્ષક/બિનશિક્ષક કર્મચારીઓની સેવાની શરતો અંગે જે પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરીને ભલામણો કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નિયુકત કરેલ સ્થાયી સમિતિની તા. ૧-૨-૧૯૭૭ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની તા. ૧-૨-૧૯૭૭ની સભાની ભલામણો પર કેટલીક ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સદરહુ સમિતિની ભલામણ નં.૧ સ્વીકારવી.

(૨) સદરહુ સમિતિની નં.૨ અંગે ભલામણ આવ્યેથી તે પર વિચારણા કરી શકાશે.

(૩) સદરહુ સમિતિની ભલામણ નં.૩ સ્વીકારવી.

(૪) અને (૫) : સદરહુ સમિતિની ભલામણો નં.૪ અને ૫ અંગે ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના નિયમો પ્રમાણે પગારધોરણ તેમજ અન્ય ભથ્થાં ચૂકવવાની આ કૉલેજોએ ગંભીર ઉપેક્ષા કરી છે, તેથી આવા કિસ્સાઓમાં યુનિવર્સિટીનાં ધારાધોરણોનો અસરકારક અમલ થાય તે માટે યોગ્ય પગલાં લેવાની જોગવાઈ કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૬) સદરહુ સમિતિની ભલામણ નં.૬ની પેટાભલામણ નં. (૪) નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને સદરહુ ભલામણ મંજૂર કરવી :

'(૪) આ ઉપરાંત શૈક્ષણિક ક્ષેત્રે ગંભીર કટોકટી સર્જે તેવી પરિસ્થિતિ, યુનિવર્સિટીના નિયમોનો ભંગ કરીને, ઊભી કરતી શૈક્ષણિક સંસ્થાઓના સંચાલકો યુનિવર્સિટીનાં ધારાધોરણોનો અસરકારક અમલ કરે તે માટે યોગ્ય પગલાં લેવાની જોગવાઈ કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.'

(૭) સદરહુ સમિતિની આ અંગેની ભલામણ સ્વીકારવી.

(સદરહુ સમિતિની તા. ૧-૨-૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૪૨. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં.૩૮(૨) સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૪૩. યુનિવર્સિટીની મોટરકાર (નં. GJG. 6568)--૧૯૭૦માં ખરીદેલી હોવાથી રિપેરિંગનો વધુ ખર્ચ આવતો હોવાથી એક નવી ગાડી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મોટરગાડી(નં. જીજીજી. ૬૫૬૮)નું સમારકામ કરાવવું અને તે માટે જરૂરી ખર્ચ મંજૂર કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે નવી મોટરગાડી ખરીદવાનું મંજૂર કરવું.

૪૪. બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૨૧--૧--૧૯૭૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

૧૦(ખ)

"પર્વતારોહણ શિબિરો (ભાઈઓ માટે બે અને બહેનો માટે એક એમ કુલ ત્રણ) અને મનાલી ખાતે આઈસ એન્ડ સ્નો ટ્રેકિંગ તાલીમ શિબિર, આઈ.એ.એસ. પૂર્વે તાલીમ શિબિર, હિમાલયની ગિરિ-

માળામાં ટ્રેકિંગ, ઉનાળામાં નર્મદાનો હોડીપ્રવાસ, સાગરસફર કન્ટ્રીક્રાફ્ટમાં, નદીતટે પગપાળાનો પ્રવાસ, ભાઈઓ અને બહેનો માટે જુદા જુદા ઘોડેસવારી તાલીમશિબિરો, મહાભારત અને રામાયણ પરના બે જુદા જુદા ભારતીય સંસ્કૃતિ શિબિરો, વાચનશિબિરો, કચ્છના રણમાં ભાઈઓ તેમ જ બહેનો માટે રણછાવણી, સંગીત, નૃત્ય અને નાટ્યપ્રવૃત્તિઓના શિબિરો ઉપરાંત બે-એક શિબિરો—આ સઘળી પ્રવૃત્તિઓના આ વર્ષની રજાઓ દરમિયાન કરવા માટેના આયોજન અંગે જરૂરી સઘળાં પગલાં લેવાની અને જરૂરી ખર્ચ મંજૂર કરવાની સત્તા કુલપતિશ્રીને આપવા અને આ અંગેનો જરૂરી ખર્ચ કરવાની સત્તા યુવક કલ્યાણ વિભાગના નિયામકને આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને આ બોર્ડ ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ શિબિરો અંગે જરૂરી સલાહસૂચનો આપવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય બી. એમ. પીરજાદા

૨. આચાર્ય હરિશંકર પંડ્યા.

૪૫. ઑર્ડિ. ૩૭ અન્વયે ગ્રાન્ટસ યુટિલાઈઝેશન કમિટીના સભ્યપદે નિમાયેલા ડૉ. જે. એન. પટેલની મેડિકલ કૉલેજ, સુરતમાં બદલી થવાના કારણે ખાલી પડેલ જગાએ તા. ૧૬-૧૧-૧૯૭૮ સુધીના સમય માટે અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— તા. ૧૫-૧૧-૧૯૭૫ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે ડૉ. જે. એન. પટેલની ગ્રાન્ટસ યુટિલાઈઝેશન કમિટીના સભ્યપદે તા. ૧૭-૧૧-૧૯૭૫થી તા. ૧૬-૧૧-૧૯૭૮ સુધીના સમય માટે નિમણૂક કરી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. જે. એન. પટેલની જગ્યાએ તા. ૧૬-૧૧-૧૯૭૮ સુધીના સમય માટે ડૉ. પી. પી. મહેતાને નીમવા.

૪૬. અર્થશાસ્ત્ર વિષયના શિક્ષણકાર્ય માટે નિમાયેલ પ્રા. જી. કે. ભટ્ટ હાજર ન થતાં શ્રી. એમ. એસ. મહેતાની મુલાકાતી પ્રાધ્યાપક તરીકે નિમણૂક ચાલુ સત્ર પૂરતી માન્ય કરવાની સી. એન્ડ એસ. એચ. દેસાઈ આર્ટ્સ એન્ડ એલ. કે. દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોરના આચાર્યશ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં અર્થશાસ્ત્ર વિષયના શિક્ષણકાર્ય માટે કરવામાં આવેલી વ્યવસ્થા અપવાદ રૂપે ફક્ત ચાલુ સત્ર પૂરતી જ માન્ય કરવી, અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૭થી યોગ્ય લાયકાત ધરાવતા અર્થશાસ્ત્રના શિક્ષકની નિમણૂક કરવી આવશ્યક રહેશે, અને જો તેમ કરવામાં આવશે નહીં તો તે વિષયમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૪૭. ગુજરાત યુનિવર્સિટીમાં કામ કરતા નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા/મરામત કરાવવા અંગેના સ્ટે. ૧૮૮(૨) પ્રમાણેની તેમનાં પ્રૉવિડંટ ફંડ ખાતાંમાંથી લોન આપવા

અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા વિભાગ	લોનની રકમ	સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	કયા કારણસર લોનની માગણી કરી છે?
૧.	શ્રી. એન. એ. ગઢવી, વિજ્ઞાન વિભાગ સ્ટેનોગ્રાફર	રૂ. ૧૨,૧૦૦	હા	વતનમાં મકાન-મરામત કરાવવા અંગે
૨.	શ્રી. એસ. એન. ઉત્તેકર, મનોવિજ્ઞાન વિભાગ પટાવાળા	રૂ. ૨,૨૫૦	ના	મકાનમરામત કરાવવા અંગે
૩.	શ્રી. બી. એમ. પટેલ, વિકાસ અધિકારી	રૂ. ૨૫,૦૦૦	ના	મકાનમરામત કરાવવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન તેમના પ્રૉવિડન્ટ ફન્ડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ મંજૂર કરવી.

૪૮. સ્વ. કવિ પ્રિયકાન્ત મણિયારની સ્મૃતિમાં ગુજરાત યુનિવર્સિટી તરફથી લેવાતી એમ.એ.ની અનુસ્નાતક પદવી પરીક્ષામાં ક્રમાનુવર્તી નીચે દર્શાવેલ ભાષાઓમાં (ભાષાશાસ્ત્રના વિષય સહિત) પ્રતિવર્ષ સૌથી વધુ ગુણાંક મેળવી (દ્વિતીય વર્ગથી ઓછા નહીં) પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "સ્વ. કવિ પ્રિયકાન્ત મણિયાર સ્મૃતિ ચંદ્રક" એનાયત કરવા માટે શ્રીમતી રંજનબહેન પ્રિયકાન્ત મણિયાર તરફથી રૂ. ૭,૫૦૦નું પ્રદાન તથા માર્ચ ૧૯૭૭ માટે વધારાના પ્રદાનની રકમ રૂ. ૫૦૦ સ્વીકારવા માટે શ્રીમતી રંજનબહેન મણિયારના તા. ૭--૨--૧૯૭૭ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ**— ભાષાઓનો ક્રમ નીચે પ્રમાણે રહેશે :

૧. ગુજરાતી
૨. સંસ્કૃત
૩. અંગ્રેજી
૪. પ્રાકૃત
૫. હિન્દી
૬. ઉર્દૂ
૭. ભાષાશાસ્ત્ર.)

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે ચન્દ્રક આપી શકાય તે માટે રૂ. ૫૦૦ની રકમ સહિત કુલ રૂ. ૮,૦૦૦ના પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૪૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) "Association of Physicians of India"ના કલકત્તા મુકામે યોજાનાર અધિવેશનમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮--૧--૧૯૭૭ની સભામાં ડૉ. પી. પી. મહેતાને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા ઠરાવ્યું હતું, પરંતુ તેઓએ જવાની અશકિત દર્શાવતાં તેઓની જગ્યાએ ડૉ. પી. આર. ભટ્ટને નીમ્યાના અને સમયના અભાવે 'પ્રત્યેક પ્રતિનિધિએ વિષયને અનુરૂપ રજૂ કરવું પડતું પેપર પરિષદમાં સ્વીકારાયું હોવું જોઈએ' તે શરતમાંથી મુકિત આપ્યાના;

(૨) ફેબ્રુઆરી ૯થી ૧૨, ૧૯૭૭ના સમય દરમિયાન નાગપુર મુકામે યોજાનાર Evaluation, Testing and Advising પર યોજાનાર અધિવેશનમાં હાજરી આપવા યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ બ્યૂરોના નાયબ અધિકારી શ્રી. મહેન્દ્ર એચ. ભટ્ટની નિમણૂક કર્યાના;

(૩) ઈજનેરી, તબીબી, દંતવિદ્યા, ફાર્મસી અને નર્સિંગની કૉલેજોના સરકારી સેવકો સિવાયના શિક્ષકોને માર્ચ-એપ્રિલ ૧૯૭૬ અને તે પછીની પરીક્ષાઓનાં પરીક્ષણ અને નિરીક્ષણ કામ માટે મહેનતાણું ચૂકવવાની મંજૂરી આપ્યાના;

(૪) કાર્યાલયની તા. ૭-૧-૧૯૭૭ની નોંધના સંદર્ભમાં તા. ૨૧-૧-૧૯૭૭થી કાર્યાલયનો સમય બીજો આદેશ થાય ત્યાં સુધી રજાના દિવસો સિવાય સવારના ૧૧-૦૦ થી ૬-૩૦ અને શનિવારે સવારે ૧૧-૦૦ થી ૨-૪૫ પ્રમાણે રાખ્યાના;

(**નોંધ.**—પગારસુધારા અંગેના રાજ્ય સરકારના ઠરાવ અનુસાર એકસ્ટ્રા વર્ક ભથ્થું તા. ૧-૪-૧૯૭૫ થી પ્રત્યેક વર્ષે ૨૦ ટકા જેટલું ઘટે છે તે લક્ષમાં લઈને આ વર્ષે વધારાનો સમય કલાકને બદલે પોણો કલાક રાખવામાં આવ્યો છે.)

(૫) એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦-૧૨-૧૯૭૫ની સભામાં યુનિવર્સિટી કાર્યાલય માટે ૧૯૭૬ના વર્ષ માટે વધારાની બે રજાઓ કુલપતિકાને યોગ્ય લાગે તો મંજૂર કરવાની સત્તા આપેલી તેના સંદર્ભમાં યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને માટે સોમવાર તા. ૨૫-૧૦-૧૯૭૬ની "ભાઈબીજ"ના દિવસે એક રજા મંજૂર કર્યાના;

(૬) મૈસુર મુકામે તા. ૨૮-૧૨-૧૯૭૬ થી તા. ૩૧-૧૨-૧૯૭૬ના અરસામાં યોજાયેલ All India Economic Conferenceમાં સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. એમ. પી. ભટ્ટને ભવનના પ્રતિનિધિ તરીકે ખાસ અપવાદ તરીકે નીમ્યાના;

(૭) "લાયન્સ કલબ ઑફ અમદાવાદ સાઉથ અંધ-વિદ્યાર્થી શિષ્યવૃત્તિ" ગુજરાત યુનિવર્સિટીની અનુસ્નાતકની પદવી પરીક્ષાના અભ્યાસ માટે એનાયત કરવા માટેના નિયમો મંજૂર કર્યાના;

(૮) રસાયણવિજ્ઞાન વિષયમાં પીએચ.ડી. પદવી માટે ડૉ. આર. કે. શાહના માર્ગદર્શન હેઠળ નોંધવામાં આવેલા વિદ્યાર્થી શ્રી. યુ. એચ. મંકોડીને મરણોત્તર પીએચ.ડી. પદવી એનાયત કર્યાના;

(**નોંધ.**—સ્વ. શ્રી. મંકોડીનો મહાનિબંધ સ્વીકૃત થયો હતો, અને ફક્ત મૌખિક પરીક્ષા જ બાકી હતી.)

(૯) નીચે જણાવેલા પીએચ.ડી.ના હાલ પરદેશ ગયેલા વિદ્યાર્થીઓની મૌખિક પરીક્ષા ઑર્ડિ. ૩૨૧-અ અન્વયે પરદેશ ખાતે યોજવા માટે મંજૂરી આપ્યાના :

૧. શ્રી. રિઝવાન હક્ક, ભૌતિકવિજ્ઞાન, Orsay (Germany)
૨. શ્રી. પી. એન. ગુઝદાર, ભૌતિકવિજ્ઞાન, Princeton (U.S.A.)
૩. શ્રી. પી. કે. ચતુર્વેદી, ભૌતિકવિજ્ઞાન, Washington (,,);

(૧૦) આગામી ઉનાળાની રજાઓમાં ગુજરાત યુનિવર્સિટી તરફથી વિદ્યાર્થીઓ માટે આગામી મે માસમાં માઉન્ટ આબુ ખાતે "ગીતા અધ્યયન શિબિર" યોજવા અને તે માટેના અંદાજી ખર્ચ રૂ. ૪,૬૦૦ના મંજૂર કર્યાના;

(૧૧) ડૉ. તપસ્વી એસ. નાન્દી કૃત "સારદીપિકા" પુસ્તકનો યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડે તેમના પ્રકાશન તરીકે અસ્વીકાર કરેલો હોઈ સદરહુ પુસ્તકને યુનિવર્સિટી પ્રકાશન તરીકે મંજૂર કરી પ્રકાશિત કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૫૦. સરકારી ઑડિટરોએ તપાસેલા સને ૧૯૭૪-૭૫ના વાર્ષિક હિસાબો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૪-૭૫ના વાર્ષિક હિસાબોની નોંધ લેવી.

૫૧. સ્વ. ડૉ. એમ. એન. શાહ સન્માન નિધિ ગ્રંથમાળા/પ્રકાશન સલાહકાર સમિતિની તા. ૨૯-૧-૧૯૭૭ના રોજ મળેલ સભામાં થયેલ ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૯-૧-૧૯૭૭ની સભાએ કરેલી ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૯-૧-'૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૫૨. આ યુનિવર્સિટીની સ્વીકૃત સંસ્થા તરીકે માન્યતા ધરાવતી "વેધશાળા", અમદાવાદને "એટમોસ્ફ્યરિક ઓપ્ટિકસ" વિષયમાં વધારાની માન્યતા આપવાની બાબતમાં તપાસાર્થે જવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિ પર ડૉ. ડી. લાલે કામ કરવાની અશકિત દર્શાવી હોઈ તેમની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાનિક તપાસસમિતિ પર ડૉ. ડી. લાલની જગ્યાએ ડૉ. સુધીરભાઈ પંડ્યાની નિમણૂક કરવી.

૫૩. આચાર્યશ્રી, શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવીએ કૉલેજના મોટા ભાગના શિક્ષકોને છૂટા થવા નોટિસ આપેલી હોઈ તે અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણોના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના સંચાલકો સાથે જરૂરી વિચારવિનિમય અને ચર્ચાવિચારણા કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. સી. શાહ

૨. પ્રો. કે. એસ. શાસ્ત્રી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૦-એફના સંદર્ભમાં વિષય બાંધ કરવાની સદરહુ કૉલેજની અરજી અંગે આ સભાગૃહે તેની તા. ૮-૧-૧૯૭૭ની સભામાં બાબત નં. ૧૯ હેઠળ નીમેલી સમિતિનું કાર્ય પણ ઉપર નં. (૧)માં જણાવેલી સમિતિને સોંપવું અને તા. ૮-૧-૧૯૭૭ના રોજ નીમવામાં આવેલી સમિતિની રચના પાછી ખેંચી લેવી.

૫૪. એમ.બી.,બી.એસ.ની પરીક્ષા પાસ કર્યા પછી ઑર્ડિ. એમ.બી.,બી.એસ. ૧૮ અને ૧૯ મુજબ ફરજિયાત રોટેટિંગ ઈન્ટર્નશિપ માટે યુનિવર્સિટીએ જે હૉસ્પિટલો માન્ય કરી છે તેમાંથી નીચેની હૉસ્પિટલોની માન્યતા નિયમ મુજબ નહીં હોવાથી રદ કરવા મેડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાએ તેના તા. ૧૯-૧૦-૧૯૭૬ના

પત્રથી જણાવ્યું હોઈ અને સદરહુ સૂચન તબીબી વિદ્યાશાખાએ તેની તા. ૩-૨-૧૯૭૩ની સભાએ મંજૂર કરવા ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

(૧) સ્ટેટ હોસ્પિટલ, ડીસા

(૨) હેલ્થ સેન્ટર, અલિયાબાડા

(૩) મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ, કડી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને ફરજિયાત રોટેટિંગ ઈન્ટર્નશિપ માટે ઉપર જણાવેલ ત્રણ હોસ્પિટલોની માન્યતા રદ કરવી.

૧૫૫. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ સેલ્ફ્ન કોલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવા અંગેના રાજ્ય સરકારના તા. ૨૩-૧૧-૧૯૭૬ના જી.આર.એમ.આઈ.એસ. ૧૦૭૫-૪ ૯૪૭-ખ માં શિક્ષકોની સેવાઓ, શરતો ઈત્યાદિ નિયત કર્યા છે તેમાં આચાર્યો-શિક્ષકોની નિમણૂક અંગેની વરણીસમિતિની રચના કરવાની જે જોગવાઈઓ છે તે ઓ. ૯૭માં આવરી લઈ સદરહુ ઓર્ડ. આ સાથે જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવા તથા પ્રવર્તમાન ઓ. ૧૯૬૩ રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા ઓર્ડિ. ૯૭ મંજૂર કરવો તથા હાલનો ઓર્ડિ. ૧૯૬૩ રદ કરવો અને આ ઠરાવને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૫૬. યુનિવર્સિટી ધારાનો કલમ ૩૩-એ (૧) (બી) અને (૨) અનુસાર સેલ્ફ્ન કોલેજોએ શિક્ષકોની નિમણૂક કરતી વખતે પ્રત્યેક કોલેજની જે તે વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ હોવા આવશ્યક હતા તેમ છતાં નીચેની કોલેજોમાં તેમનાં નામ સામે જણાવેલ વિષય માટે યુનિવર્સિટીના પ્રતિનિધિ સિવાય કેટલાક શિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે તો તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કોલેજનું નામ	શિક્ષકનું નામ	હોદ્દો અને વિષય	કોલેજનો ખુલાસો
૧	સાબર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, પ્રાંતીજ	શ્રી. એમ. એમ દવે	વેપારી કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા	પ્રા. પ્રેમે એકાએક રાજીનામું મોકલાવતાં વાણિજ્ય કાયદાના બીજા પ્રાધ્યાપકની શોધ કરવી પડેલી અને વર્ગો ચાલુ હતા તેથી શ્રી. દવેની નિમણૂક કરેલી હતી. સંજોગોને ધ્યાનમાં લઈ નિમણૂક ગ્રાહ્ય ગણવા વિનંતી કરી છે.

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	હોદ્દો અને વિભાગ	કૉલેજનો ખુલાસો
૨.	શ્રી. જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ	શ્રી. એસ. જે. અમીન	માનસશાસ્ત્રના વ્યાખ્યાતા	શ્રી. અમીનની નિમણૂક માત્ર એક શૈક્ષણિક વર્ષ પૂરતી કરવામાં આવી છે અને તે કામચલાઉ છે.
૩.	શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ	શ્રી. એમ. પી. પટેલ	બિઝનેસ મૅનેજમેન્ટના વ્યાખ્યાતા	શ્રી. સોલંકીએ બીજા સત્રની અધવચ્ચમાં રાજીનામું આપતાં શ્રી. પટેલને વિદ્યાર્થીઓનો અભ્યાસ ક્રમ ઝડપે તે હેતુથી કામચલાઉ બઢતી આપવામાં આવી છે જે ગ્રાહ્ય રાખવા વિનંતી કરી છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂકો માન્ય કરવી નહીં અને સંબંધકર્તા કૉલેજોને જણાવવું કે યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ યોગ્ય વરણીસમિતિની રચના કરીને જરૂરી નિમણૂકો કરવા માટે નવેસરથી કાર્યવાહી કરવી.

૫૭. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ઈન્ડિયન સોસાયટી ફૉર ગાંધિયન સ્ટડીઝ અને પંજાબી યુનિવર્સિટી, પતિયાળાના સંયુક્ત ઉપક્રમે "Relevance of Gandhiji to the contemporary situation" પર તા. ૩૦, ૩૧ જાન્યુઆરી તથા ફેબ્રુઆરી ૧ લીના રોજ યોજવામાં આવેલ અધિવેશનમાં હાજરી આપવા માટે યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રા. રમેશભાઈ ભટ્ટની નિમણૂક કર્યાના.

(૨) મુંબઈ મુકામે યોજાયેલ The workshop on the teaching of English language and literatureમાં ભાગ લેવા યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય એસ. આર. ભટ્ટની નિમણૂક એકિઝક્યુટિવ કાઉન્સિલની તા. ૯-૧૧-૧૯૭૬ની સભામાં કરવામાં આવી હતી, પરંતુ તેઓએ અશક્તિ દર્શાવી હોઈ તેમની જગ્યાએ પ્રા. દિગીશ મહેતાની નિમણૂક કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૫૮. પગારપંચની ભલામણો પર વિચારણા કરીને રાજ્ય સરકારે કરેલા ઠરાવ તા. ૩૦-૬-૧૯૭૬નાજી.આર. (અન્વયે આ સભાગૃહના તા. ૯-૧૧-૧૯૭૬ના ઠરાવ અન્વયે સુધારવામાં આવેલા પોતાના પગાર-ધોરણ તથા પરીક્ષાભથ્થાની બાબતમાં પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડ્યાએ ગુજરાત હાઈકોર્ટમાં કરેલી અરજી (Spl. C. A. No. 1965/76) પરથી થયેલી કાર્યવાહીના સંદર્ભમાં તેમના તરફથી આવેલ તા. ૨-૨-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની રથાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૫૯. શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ એમ. કે. કોમર્સ કોલેજ, પેટલાદ તરફથી જૂન, ૧૯૭૭થી બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન અને બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી. (એ. કા. બા. ક્ર. ૩)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ એમ. કે. પટેલ કોમર્સ કોલેજ, પેટલાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૭થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેતી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦--૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૪) પ્રોવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

સદરહુ બાબતના સંદર્ભમાં વધુમાં ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજોના જોડાણ/ચાલુ જોડાણ/ વધારાના જોડાણની અરજીની બાબતમાં સ્થાનિક તપાસસમિતિના હેવાલનું ફૉર્મ ઘડવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ
૨. આચાર્ય કે. એન. શાહ
૩. આચાર્ય બી. એમ. પીરજાદા
૪. પ્રો. કે. એસ. શાસ્ત્રી
૫. શ્રી. શરદભાઈ એમ પટેલ

૬૦. સાબરમતી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૭૭થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ. (સબો.)માં હિન્દી, ઇતિહાસ, માનસશાસ્ત્ર તથા બી.કોમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી (એ. કા. બા. ક્ર. ૫).

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સાબરમતી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એ.

(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ. (સબૉ.)માં હિન્દી, હિનિહાસ, માનસશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉંટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪--૬--૧૯૭૭થી તા. ૧૪--૬--૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

Notwithstanding anything contained in the foregoing paragraph, a visiting teacher other than the full-time teacher working in colleges in the Faculties of Arts including Education, Science and Commerce who on invitation participates in the teaching programme of any department of any School of the University or any post-graduate centre shall be paid remuneration at the rate of Rs. 20/- per lecture actually delivered by him. Such a visiting teacher shall not be entitled to claim any conveyance charges.

(સદરહુ બોર્ડની તા. ૧૧--૨--૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૧૦૫. (૧) રાષ્ટ્રીય સેવા યોજના માટે ૧૯૭૭-૭૮ના વર્ષ માટે ભારત સરકાર તરફથી ગુજરાત રાજયને ફાળે આવેલ વધારાની ૪૦૦૦ની સંખ્યામાંથી આપણી યુનિવર્સિટીને કૉલેજોને ફાળવવાની પ્રોજેકટ માટેની સંખ્યા જે ૫૪૦૦ વિદ્યાર્થીઓની હતી તે વધારીને ૬૪૦૦ની કરવામાં આવી છે અને શિબિર માટે ૩૨૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા ફાળવી છે તેથી રાષ્ટ્રીય સેવા યોજના કાર્યક્રમોના ખર્ચ પેટે આર્થિક સહાય ૧૯૭૭-૭૮ના વર્ષ માટે અંદાજે નીચે મુજબ કુલ રૂ. ૫,૫૬,૮૦૦ની મળશે તેની નોંધ લેવા બાબત :

(અ) પ્રોજેકટ પેટે વિદ્યાર્થી ૬૪૦૦×૫૭ રૂ. = રૂ. ૩,૬૪,૮૦૦
(બ) કેમ્પ પેટે વિદ્યાર્થી ૩૨૦૦×૬૦ રૂ. = રૂ. ૧,૯૨,૦૦૦

રૂ. ૫,૫૬,૮૦૦

(૨) ભારત સરકારના કેળવણી ખાતા તરફથી ૧૯૭૭-૭૮ના વર્ષ માટે એન.એસ.એસ.ના પ્રોજેક અને શિબિર માટેની મળેલ રૂ. ૫,૫૬,૮૦૦ની ગ્રાન્ટમાંથી નીચે મુજબનું અંદાજી ખર્ચ મંજૂર કરવા બાબત :

૧. વહીવટી, પ્રોજેકટ અને તેની સાધનસામગ્રીનું ખર્ચ રૂ. ૩,૬૪,૮૦૦
૨. શિબિરો અને શિબિરોની સાધનસામગ્રીનું ખર્ચ રૂ. ૧,૯૨,૦૦૦

રૂ. ૫,૫૬,૮૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત નં. (૧) ની નોંધ લેવી અને સદરહ બાબત નં. (૨)માં જણાવેલો પ્રસ્તાવ મંજૂર કરવો.

૧૦૬. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ કે. એસ. કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા તરફથી જૂન ૧૯૭૭થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, બી.એ. (સબો.)માં ઈતિહાસ, મનોવિજ્ઞાન, સંસ્કૃત, અંગ્રેજી, હિંદી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા, નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, બી.એ. (સબો.)માં ઈતિહાસ, મનોવિજ્ઞાન, સંસ્કૃત, અંગ્રેજી, હિંદી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૭થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર કૉલેજની નજીક ભાડામુકત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે ત્યારે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ

કરવામાં આવે;

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૫) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

(૬) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને માટે ગ્રૅજ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦૭. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર તરફથી જૂન ૧૯૭૭થી બી.એ.-(પ્રિન્સિ.)માં ગુજરાતી, બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૭ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૭ થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે ત્યારે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૪) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને માટે ગ્રૅચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦૮. શેઠ ડી. એલ. લૉ કૉલેજ, ભૂજ તરફથી જૂન ૧૯૭૭થી તૃતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ ડી. એલ. લૉ કૉલેજ, ભૂજ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૭ સુધીમાં કરે તો તેને તૃતીય વર્ષ એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૭ થી તા. ૧૪--૬--૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કરીની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ **કરવામાં આવે;**

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૪) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને માટે ગ્રૅચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦૯. જૂન ૧૯૭૮થી નવી કૉલેજ અને વધારાની વિદ્યાશાખાના જોડાણ માટેની નીચેની અરજીઓ પર ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨) અન્વયે જરૂરિયાત (need) નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	જોડાણઅરજી અંગેની વિગત
૧.	બનાસકાંઠા જિલ્લા કેળવણી મંડળ, પાલનપુર તરફથી પાલનપુર મુકામે વાણિજ્ય વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટેની જોડાણઅરજી.
૨.	કાપડિયા એન. એન. એમ. એસ. આર્ટ્સ કૉલેજ, સંખેડા તરફથી સદરહુ કૉલેજમાં વાણિજ્યની વધારાની વિદ્યાશાખા શરૂ કરવા માટેની જોડાણઅરજી.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે પાલનપુરની આજુબાજુના વિસ્તારમાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિનયન અને વાણિજ્યની કૉલેજોમાં વધુ વિદ્યાર્થી-પ્રવેશ માટે ક્ષમતા હોઈ બનાસકાંઠા જિલ્લા કેળવણી મંડળ, પાલનપુર તરફથી પાલનપુરમાં વાણિજ્ય વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવાની જરૂરિયાત સ્વીકારવી નહીં.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સંખેડાની આજુબાજુના વિસ્તારમાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વાણિજ્યની કૉલેજોમાં વિદ્યાર્થી-પ્રવેશ માટે ક્ષમતા હોઈ કાપડિયા એન. એન. એમ. એસ. આર્ટ્સ કૉલેજ, સંખેડા તરફથી સદરહુ કૉલેજમાં વાણિજ્યની વધારાની વિદ્યાશાખા શરૂ કરવા માટેની જરૂરિયાત સ્વીકારવી નહીં.

૧૧૦. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૭–૮–૧૯૭૬ની સભામાં પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૭૭થી ચાલુ જોડાણ માટેની અરજીની બાબતમાં સદરહુ કૉલેજના શિક્ષકોની લેણી રકમની ચુકવણી થયેથી વિચારણા કરવા ઠરાવેલું, પરંતુ સદરહુ કૉલેજે શિક્ષકોની લેણી રકમની ચુકવણી હજુ સુધી કરી ન હોવાથી જોડાણઅરજી બાબતમાં આગળ શું કાર્યવાહી કરવી તે અંગે વિચારણા કરવા બાબત.

આ સભાગૃહે તેની તા. ૭–૮–૧૯૭૬ની સભામાં બાબત નં. ૬૪થી ઠરાવ્યા મુજબ સદરહુ કૉલેજે સંબંધકર્તા શિક્ષકોને તેમની બાકી નીકળતી લેણી રકમની ચુકવણી કરીને યુનિવર્સિટી કાર્યાલયને હજુ સુધી જાણ કરી નથી તે હકીકતને લક્ષમાં લઈને ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જૂન ૧૯૭૭થી ચાલુ જોડાણ આપવા માટેની આગળની કાર્યવાહી કરી શકાય તેમ નથી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૭થી તેઓ કોઈ પણ વિદ્યાર્થીને પ્રવેશ આપી શકશે નહીં.

૧૧૧. નાણાકીય, રહેઠાણની વ્યવસ્થા ઇ. કારણોને લીધે સને ૧૯૭૮માં ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે યોજનાર ભારતીય વિજ્ઞાન પરિષદ (ઈન્ડિયન સાયન્સ કૉંગ્રેસ)નું ૬૫મું અધિવેશન યોજવું ખૂબ મુશ્કેલ હોઈ તે યોજવા માટેનું નિમંત્રણ રદ કરવાનું સૂચવતા ડૉ. વી. સી. શાહના તા. ૨૧–૨–૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં ડૉ. વી. સી. શાહે મૌખિક રજૂઆત કરી કે તેમણે સદરહુ પત્ર લખ્યા પછી ભારતીય વિજ્ઞાન પરિષદના મંત્રી સાથે વાતચીત કરી છે અને આ તબક્કે હવે નિમંત્રણ રદ કરવું યોગ્ય થશે નહીં.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ નિમંત્રણ રદ કરવું નહીં.

૧૧૨. બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૨૧–૧–૧૯૭૭ની સભાની ભલામણ અન્વયે સને ૧૯૭૩–૭૪ના વર્ષની તબીબી તપાસનો હેવાલ પ્રસિદ્ધ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સદરહુ હેવાલના પ્રકાશનનો ખર્ચ અંદાજે રૂપિયા એક હજાર જેટલો થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હેવાલ છપાવીને પ્રસિદ્ધ કરવાની જરૂર નથી.

૧૧૩. યુનિવર્સિટી ટીચર્સ હૉસ્ટેલ/ક્વાર્ટર્સમાં રહેતા અને કોઈ પણ પ્રકારની શિષ્યવૃત્તિ નહીં મેળવતા નીચેના ત્રણ રિસર્ચ સ્કોલરોને ક્વાર્ટર્સ ખાલી કરાવવા જણાવેલ છે, પરંતુ ક્વાર્ટર્સ ખાલી થયા નથી તો

હવે શાં પગલાં લેવાં તે અંગે વિચારણા કરવા બાબત.

૧. શ્રીમતી એન. જી. દવે—બોટાની
૨. કુ. સ્મિતા એસ. આચાર્ય—અર્થશાસ્ત્ર
૩. શ્રી. જી. એમ. છીપા—ફિઝિકસ.

(**નોંધ.**—યુનિવર્સિટી ટીચર્સ હૉસ્ટેલ/ક્વાર્ટર્સમાં હાલમાં કુલ ૧૧ રિસર્ચ સ્કોલરો રહે છે જેમાંથી આઠ સભ્યોને શિષ્યવૃત્તિ મળે છે. જેઓ ક્વાર્ટર્સ ખાલી ન કરે ત્યાં સુધી તેઓની શિષ્યવૃત્તિ અટકાવી રાખેલ છે અને ઉપરોકત ત્રણ સભ્યોને કોઈ પણ જાતની સ્કોલરશિપ મળતી નથી તો આ તમામ સ્કોલરોને આપેલ રહેઠાણ ખાલી કરાવવા જરૂરી કેવાં પગલાં લેવાં કે શું કાર્યવાહી કરવી તે અંગે આ બાબત પ્રસ્તુત કરવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી અને તેને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે જણાવવું :

૧. પ્રો. ડી. એન. પાઠક
૨. ડૉ. વી. સી. શાહ
૩. ડૉ. એમ. એન. દેસાઈ.

૧૧૪. રાજય સરકારના નાણાખાતાના તા. ૧૬–૧૨–૧૯૭૬ના સરકારી ઠરાવ કમાંક પીસીઆર. ૧૦૭૬-૧૨૧-એમ.થી તા. ૧–૧–૧૯૭૭થી સુધારેલ મોંઘવારી ભથ્થાના દરો સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાના શિક્ષક અને બિનશિક્ષક કર્મચારીગણને લાગુ પાડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુધારેલા મોંઘવારી ભથ્થાના દરો સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકવર્ગના અને બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પણ તા. ૧–૧–૧૯૭૭ થી લાગુ પાડવા.

૧૧૫. મેડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાના સેક્રેટરી તરફથી આવેલા તા. ૨૬–૪–૧૯૭૬ના પત્ર ઉપર વિચારણા કરી ઑર્ડિ. એમ.ડી. ૭માં પેટાકલમ ૭ ઉમેરવાની તબીબી વિદ્યાશાખાની તા. ૩–૨–૧૯૭૭ની સભાની ભલામણ સ્વીકારવાની અને તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૭–૨–૧૯૭૭ની સભામાં કરેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ ઑર્ડિ. એમ.ડી. ૭માં પેટા-કલમ ૭ ઉમેરીને સદરહુ સુધારેલો ઑર્ડિનન્સ મંજૂર કરવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(ઑર્ડિ. એમ.ડી. ૭માં ઉમેરવામાં આવેલ પેટાકલમ ૭ ની નકલ **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.)

૧૧૬. ઑર્ડિ. ૩૦૦–જી, અને ઑર્ડિ. ૩૦૦–આઈ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭–૨–૧૯૭૭ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ. કા. બાબત કમાંક ૩૦) :

O. 300-G :

Examination for the Diploma in Anaesthesia of the Gujarat University will be held twice a year at a time and date fixed by the University.

O. 300-I :

The candidate will be allowed to appear at least two years after taking his M.B.,B.S. Degree, provided that he has held the appointment of a Resident Anaesthetist or Registrar or Tutor or Post-graduate student in a teaching institution a period of four academic terms recognised for the purpose under a recognised teacher.

A certificate to this effect and to the effect that he has completed a course of instruction comprising lecturers prescribed in the syllabus from the teacher and the Head of the Institution must be produced with the form of application for the examination.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૩૦૦-જી અને ઑર્ડિ. ૩૦૦-આઈ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવાની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવી.

૧૧૭. ચોથી બી.ડી.એસ. પરીક્ષાના કેટલાક વિષયો ત્રીજી બી.ડી.એસ.ની પરીક્ષામાં મૂકયા હોવાથી ત્રીજી બી.ડી.એસ. પરીક્ષામાં એક વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીને એ.ટી.કે.ટી. આપવામાં આવે છે તે સુધારીને બે વિષયોમાં નાપાસ થનાર વિદ્યાર્થીને એ.ટી.કે.ટી. આપવા અને તે માટે ઑર્ડિ. ૩૭૧ નીચે મુજબ સુધારી તેને તાત્કાલિક અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૭-૨-૧૯૭૭ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

O. 371 (In force from examination of March/April, 1977 and onwards) :

No candidate shall be admitted to the Final B.D.S. Examination unless he has passed the Third B.D.S. Examination and shall have been engaged in Dental studies for at least two clear terms after passing the Third B.D.S. Examination.

A candidate who has passed in all the subjects but two at the Third B.D.S. Examination of this University in conformity with R. 254-C will be allowed to keep terms and appear for the Final B.D.S. Examination after keeping two terms provided that he has passed in the remaining subjects of the Third B.D.S. Examination at least one clear term before he appears for the Final B.D.S. Examination.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ ઑર્ડિ. ૩૭૧ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૧૮. એક વખત એમ.ડી.એસ.ની પરીક્ષા પાસ થયા પછી બીજી વિષયમાં એમ.ડી.એસ.ની પરીક્ષા આપવી હોય તેમને માટે ઑર્ડિ. ૩૭૭-જી નીચે મુજબ સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં

મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭–૨–૧૯૭૭ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૧૯) :

O. 377-G :

A candidate who has appeared and passed M.D.S. Examination of Gujarat University in one speciality can appear for the same examination in other speciality provided he attends four clinical terms and writes dissertation in that speciality. He however in such circumstances will be exempted from appearing in M.D.S. Part 1 Examination.

A candidate after passing M.D.S. Part 1 Examination of the Gujarat University and intends to change the subject of speciality can do so, but he will have to keep four fresh terms and write a dissertation afresh. In such circumstances, he will be exempted from M.D.S. Part 1 Examination.

A candidate who has done M.D.S. from other Universities and intends to change the subject of his speciality, he will have to keep four fresh terms, write a dissertation and pass both M.D.S. Part 1 and Part 2 Examinations.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ ઓર્ડિ. ૩૭૭–જી ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૧૯. એમ.એ.ના વિદ્યાર્થીઓ માટે પ્રત્યેક વિષયના અભ્યાસક્રમની જુદી પુસ્તિકા બહાર પાડવાનું સૂચન મંજૂર કરવાની તથા વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના તમામ વિષયોના અભ્યાસક્રમોની જુદી પુસ્તિકાઓ બહાર પાડવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭–૨–૧૯૭૭ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૨૧).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

૧૨૦. કાયદાની વિદ્યાશાખાની તા. ૧૦–૧૧–૧૯૭૬ની સભાએ બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના તા. ૧૧–૬–૧૯૭૬ના પત્રના સંદર્ભમાં કરેલી નીચેની ભલામણો એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭–૨–૧૯૭૭ની સભામાં મંજૂર કરવા ભલામણ કરેલ હોઈ તે ઉપર વિચારણા કરવા બાબત :

1. No student should be admitted to the course of instruction in Law unless he has interalia obtained at least 40% in the aggregate.

2. There should be actual instruction on week days for three hours on each day.

3. Permission of Bar Council of India should be obtained before granting affiliation to any new Law colleges by the University.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણો મંજૂર કરવી.

૧૨૧. શ્રીમતી તારાબહેન સુંદરલાલ રાયચંદ કૉમર્સ કૉલેજ, પાટણના અધ્યાપક શ્રી. આર. એમ. અગ્રવાલની "મિસા" હેઠળની અટકાયતમાંથી મુકિત પછી કૉલેજે તેમને નોકરી પર લીધા નથી તથા તેમના જેલવાસ દરમિયાનનો પગાર પણ કૉલેજ તરફથી ચૂકવવામાં આવ્યો ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૧૨–૩–૧૯૭૭ના પત્રથી જણાવ્યું છે કે શ્રી. આર. એમ. અગ્રવાલ સતત ગેરહાજર રહ્યા હોઈ તેમની જગ્યાએ અન્ય શિક્ષકની નિમણૂક કરવામાં આવી હતી. તેમની કૉલેજને ગ્રાન્ટ મળતી નથી તેથી એક જગ્યા માટે બે વ્યકિતને પગાર આપી શકાય તેમ નથી.

વધુમાં આચાર્યશ્રીએ જણાવ્યું છે કે શ્રી. આર. એમ. અગ્રવાલને આગામી શૈક્ષણિક સત્રથી નિમણૂક આપી શકાય તેમ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એમ. અગ્રવાલને તેમની અટકાયત દરમ્યાનના સમયગાળા માટે તેમને તેમનાં ભથ્થાં સહિતનો પૂરેપૂરો પગાર ચૂકવી આપવો આવશ્યક છે તેમ સદરહુ કૉલેજને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના જે શિક્ષકોને મિસા કે ડિફેન્સ ઑફ ઈન્ડિયા એકટ હેઠળ અટકાયતમાં રાખવામાં આવેલા હોય તેમની અટકાયતના સમયગાળા દરમ્યાન કૉલેજે કરેલી વૈકલ્પિક શૈક્ષણિક વ્યવસ્થા માટેનું ખર્ચ પણ વધારાના ખર્ચ તરીકે અનુદાનને પાત્ર ગણવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૨૨. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૧૬૩ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૧૨૩. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી અને સંલગ્ન કૉલેજોના શિક્ષકોના સુધારવામાં આવેલ પગારધોરણના સંદર્ભમાં પરીક્ષાકાર્ય અને અનુસ્નાતક શિક્ષણકાર્યના મહેનતાણા બાબતમાં નીચે ટાંકેલ રાજ્ય સરકારના તા. ૮ માર્ચ ૧૯૭૭ના સરકારી ઠરાવ ક્રમાંક એમઆઈએસ–૧૦૭૫-કેએચ. પર વિચારણા કરવા બાબત :

Resolution :

According to condition 8 of Government Resolution, Education Department No.MIS–1075/4947-KH, dated 26–11–1976, a teacher or Principal shall not be paid any remuneration for examination work including invigilation work in his University or college. He shall also not be paid for post-graduate work but P.G. work has to form part of the normal work load of the teachers. It has been represented to Government that since the examination work was not compulsory till Government first issued the orders on 23–2–1976, remuneration may be paid for the examination and P.G. work for the period till 23–2–1976. Government has considered the representation and has decided that remuneration for examination and P.G. work may be paid to the teachers for the period till 23–2–1976 only. The condition 8 of the Government Resolution shall be operative with effect from 24–2–1976.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના સદરહુ ઠરાવનો સ્વીકાર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ અંગે રાજ્ય સરકાર સમક્ષ ધટતી રજૂઆત કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. કુલપતિશ્રી

૨. આચાર્ય એસ. આર. ભટ્ટ

૩. પ્રો. કે. એસ. શાસ્ત્રી.

૧૨૪. યુનિવર્સિટી ગ્રંથાલયના હેડકલાર્ક શ્રી. એમ. એસ. જોશીની નિવૃત્તિવય મર્યાદા તા. ૬-૫-૧૯૭૭ના રોજ પૂરી થતી હોઈ તેમાં વધારો કરી આપવા અંગેની તેઓની તા. ૨૮-૨-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. એમ. એસ. જોશીને તા. ૬-૫-૧૯૭૭ના રોજ ૬૨ વર્ષ પૂરાં થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે હેડકલાર્ક શ્રી. એમ. એસ જોશીને પોતાની તબીબી તપાસ કરાવવા માટે ડૉ. પી. પી. મહેતાનો સંપર્ક સાધવા માટે જણાવવું અને તેમની તપાસ અંગેનો હેવાલ આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

સદરહુ બાબતના સંદર્ભમાં શ્રી. બી. ડી. પટેલની અરજી પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. બી. ડી. પટેલને પોતાની તબીબી તપાસ કરાવવા માટે ડૉ. પી. પી. મહેતાનો સંપર્ક સાધવા માટે જણાવવું અને તેમની તપાસ અંગેનો હેવાલ આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૨૫. યુનિવર્સિટીનાં પ્રદાનો સ્વીકારવા માટે હાલના સ્ટે. ૧૯૫માં જે પ્રદાનની વાર્ષિક આવક રૂ. ૩૫૦-થી ઓછી ન હોય તેવાં પ્રદાનો સ્વીકારવાની જોગવાઈ છે તેને બદલે સ્ટેચ્યૂટમાં અમુક મુકરર રકમનું પ્રદાન લેવાની જોગવાઈ ઉમેરવાનું યુનિવર્સિટી માટે શકય છે કે કેમ તે અંગે રાજ્ય સરકારના શિક્ષણખાતાના તારીખ ૧૪-૨-૧૯૭૭ના પત્રાંક એસજીએસ-૧૦૭૬/૨૦૬૩૧-કેએચ. પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૬. કવિશ્રી નાનાલાલ સેન્ટેનરી સેલિબ્રેશન અંગે ગુજરાત રાજ્યના શિક્ષણખાતાએ તેઓના તા. ૧૦-૨-૧૯૭૭ના ઠરાવ નં. એમઆઈએસ-૬૦૭૬/૫૧૫૨-બીથી ગુજરાત યુનિવર્સિટી માટે અનુદાનની રકમ રૂ. ૧૫,૦૦૦ (અંકે રૂપિયા પંદર હજાર) પૂરા મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૨૭. ૧૯૭૭-૭૮ના વર્ષમાં ગુજરાત યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિદ્યાભવનના ઉપક્રમે યોજવામાં આવનાર "Seminar on the Mother on Education" અંગે યુ. ગ્રા. ક.ને તેમના તા. ૫-૩-૧૯૭૭ના પત્ર ક્રમાંક F. 3-31/77 (FIP)થી અનુદાનની રકમ રૂ. ૪,૧૬૮ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૨૮. ગુજરાત યુનિવર્સિટીના પોલિવેલન્ટ એડલ્ટ એજ્યુકેશન સેન્ટર માટે ૧૯૭૬--૭૭ના વર્ષ માટેની અનુદાનની રકમ રૂ. ૧,૦૦,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ પૂરા) ભારત સરકારે તેમના તા. ૯--૩--૧૯૭૭ના પત્ર કમાંક એફ. ૩--૨૧/૭૬--એન.એફ.ઈ.આઈ.થી મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૨૯. શ્રી. શરદભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"પ્રત્યેક સંલગ્ન કૉલેજમાં ગ્રંથપાલની એક જગ્યા યુનિવર્સિટીએ નિયત કરી છે, અને તે જગ્યા બંધ કરવાની નહીં હોવા છતાં, કેટલીક કૉલેજોએ ચાલુ ગ્રંથપાલોને પણ ૧૦+૨+૩ની **નવી** તરાહની યોજનાને લઈ ફાજલ પડતા સ્ટાફ હેઠળ ગણી ગ્રંથપાલને છૂટા કરવાની નોટિસો આપી છે, તેવું મારા ધ્યાન પર તેમ જ કુલપતિશ્રીના ધ્યાન પર લેખિત રીતે લાવવામાં આવ્યું છે, તેથી આ સભા સંબંધિત કૉલેજોને આદેશ આપે છે કે ચાલુ ગ્રંથપાલોને સરપ્લસ સ્ટાફ ગણવાનો નથી, અને તે અંગેની જે કોઈ કાર્યવાહી યા નોટિસો અપાઈ હોય તે સત્વરે પાછી ખેંચી લેવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૧૩૦. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાક્ટિનક--પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૧૫--૩--૧૯૭૭ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૫-૩-૧૯૭૭ની સભાની ભલામણો નં. ૧૧ અને ૧૩ અંગેની વિચારણા મોકૂફ રાખવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે ઉપર નં. (૧)માં જણાવેલી ભલામણો નં. ૧૧ અને ૧૩ સિવાયની સદરહુ સમિતિની બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૫-૩-૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૧૩૧. હરિ ૐ આશ્રમ પ્રેરિત સંશોધન એવોર્ડો માટે મળેલાં પ્રદાનોનો ઉપયોગ કરવાની બાબતમાં સદરહુ ટ્રસ્ટના સત્તાવાળાઓ સાથે ચર્ચાવિચારણા કરવા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮--૧--૧૯૭૭ની સભામાં નીમેલી સમિતિના હેવાલ અંગે તથા એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૯--૨--૧૯૭૭ની સભામાં નીચેની બાબતો આ સમિતિનો હેવાલ આવે ત્યાં સુધી મોકૂફ રાખી હતી તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) તબીબી વિજ્ઞાનક્ષેત્રમાં Tropical Diseases and their Remedies અંગે પાયાનું સંશોધન કરનારને ઉત્તેજન આપવા હરિ ૐ આશ્રમ પ્રેરિત એલેમ્બિક એવોર્ડ--૧૯૭૬ના વર્ષ માટે સંશોધનપત્રો મંગાવવાની મુદત તા. ૧૫--૯--૧૯૭૬ અને ત્યાર બાદ તે મુદત ૩૧--૧૨--૧૯૭૬ સુધી વધારવામાં આવેલી, પરંતુ સદરહુ સ્પર્ધા માટે કોઈના તરફથી આવેદનપત્રો ન આવેલાં હોઈ

તે અંગે વિચારણા કરવા બાબત.

(૨) હરિ ૐ આશ્રમ પ્રેરિત ઓલેમ્બિક સંશોધન એવોર્ડ--૧૯૭૬ અંગે બે વાર જાહેરાત કરવા છતાં તે સ્પર્ધામાં કોઈ હરીફે ભાગ લીધો નથી તેથી હરિ ૐ આશ્રમે તેના તા. ૧૮-૧-૧૯૭૭ના પત્રથી પ્રદાનની રૂ. ૧૦,૦૦૦ની રકમ વ્યાજ સાથે તેઓને પરત કરવા જણાવ્યું છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો હેવાલ સ્વીકારવો.

(સદરહુ સમિતિના હેવાલની નકલ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૧૩૨. વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના રીડર ડૉ. એ. વી. ગજજરને યુનિવર્સિટી ઑફ મેનિટોબા, વિનિપેગ (કેનેડા)ના પ્રોફેસર કે. સુબ્રમણ્યમ સાથેના સંયુક્ત Research Projectમાં કામ કરવાનું પ્રા. સુબ્રમણ્યમ તરફથી આમંત્રણ મળ્યું હોઈ, ડૉ. ગજજરને મે ૧૯૭૭થી ઑગસ્ટ ૧૯૭૭ સુધીની ૪ માસની અભ્યાસ-રજા આપવા અંગેની તેઓની તા. ૧૨--૩--૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં ભારત સરકારની મંજૂરી મળ્યેથી વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના રીડર ડૉ. એ. વી. ગજજરને યુનિવર્સિટી ઑફ મેનિટોબા, વિનિપેગ (કેનેડા)ના પ્રોફેસર કે. સુબ્રમણ્યમ સાથેના સંયુક્ત પ્રોજેક્ટમાં કામ કરવા માટે આગામી મે ૧૯૭૭થી ઑગસ્ટ ૧૯૭૭ સુધીની ચાર માસની અભ્યાસ-રજા નીચેની શરતોએ આપવી:

(૧) રજા દરમ્યાન તેમને પગાર વગેરે અંગે શું આપવું તે અંગે આ સભાગૃહનો નિર્ણય શ્રી. ગજજરે સ્વીકારવો જોઈશે;

(૨) તેમને આપવામાં આવેલી રજાની મુદત પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી પર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછાં ૨ વર્ષ સુધી તેઓની જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરશે, તે મુજબની બાંયધરી તેમના તરફથી આપવામાં આવે;

(૩) તેમને આપવામાં આવેલી રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહીં;

(૪) ઉપર જણાવેલ શરત નં.(૧), (૨) અને (૩)નું તેઓ પાલન કરી શકે નહીં તો તેમને રજા દરમ્યાન જો પગાર આપવામાં આવ્યો હોય તો પગારનાં નાણાં **તથા ત્રણ માસના પગાર** જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરે; અને

(૫) ઉપર જણાવેલી શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેઓએ આપવાની રહેશે.

૧૩૩. શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાતના આચાર્યશ્રી તરફથી જૂન ૧૯૭૭થી આગળના જોડાણ માટે કાર્યવાહી શરૂ કરવા અંગે આવેલી રજૂઆત પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે પુનર્વિચારણા માટે અવકાશ નથી એમ સદરહુ કૉલેજના આચાર્યશ્રીને જણાવવું.

૧૩૪. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૦૪ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે મમાં દર્શાવવામાં આવેલી છે.

૧૩૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૦૪ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૧૩૬. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭-૩-૧૯૭૭ની સભાએ સેન કમિશને સૂચવેલાં પગારધોરણોના સંદર્ભમાં ઉદ્‌ભવતા પ્રશ્નો અંગે વિચારણા કરી લેવાલ આપવા એકેડેમિક કાઉન્સિલે નીમેલી સમિતિની નીચેની ભલામણ ચાલુ વર્ષ પૂરતી કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક. ૯) :

"ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે વેકેશન હાલના નિયમો મુજબ તા. ૧૫ મી માર્ચથી સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં છે તે જ પ્રમાણે યુનિવર્સિટીનાં ભવનોમાં ચાલુ રાખવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ ચાલુ વર્ષ પૂરતી સ્વીકારવી.

સદરહુ બાબતના સંદર્ભમાં ઓર્ડિ.૧૬૪ જેનો અમલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૯-૨-૧૯૭૭ની સભામાં બાબત નં. ૩૬થી મોકૂફ રાખવાનું ઠરાવવામાં આવેલું હતું તે પર વિચારણા કરવામાં આવી.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ ઑર્ડિનન્સ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

O. 164 :

It shall be obligatory for the Principals / Heads and members of the teaching and non-teaching staff of the affiliated colleges, recognised institutions as also the Directors, Heads and members of the teaching and non-teaching staff of the University to perform any duty or duties in respect of any examination work assigned to them as Examiners / Paper-setters / Moderators / Chairmen / Conveners by the University or an affiliated college or a recognised institution.

If any member refuses or fails to perform the duty under any pretext whatsoever, it shall be considered to be an act of misconduct and / or indiscipline on his part and such act shall render himself liable to such action as deemed fit by the University Executive Council and / or the college/institution authorities.

All members of the teaching staff in colleges in the Faculties of Arts including Education, Science, Commerce and Law shall, while on such assignments by the University, be considered on duty and will be granted duty leave; and all members of the teaching staff in the faculties other than the Faculties of Arts including Education, Science, Commerce and Law and also all members of the non teaching staff shall be paid remuneration at such rates payable for their examination assignments as may be in force from time to time.

Note.— It is understood that the Principles of affiliated colleges, Heads of recognised Institutions and Heads of University Departments shall, whenever necessary, arrange for senior supervision work in respect of University examinations in consultation with the members of the teaching staff so as to ensure smooth and efficient conduct of examinations.

૧૩૭. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭--૩--૧૯૭૭ની સભાએ ડૉ. એ. બી. વ્યાસે પ્રાણીવિજ્ઞાન વિષયમાં ડી.એસસી. (D.Sc.) પદવી માટે રજૂ કરેલ પ્રકાશિત સંશોધન કાર્ય માટે રેફરીઓ નીમવા બાબતમાં પ્રાણી-વિજ્ઞાનની અભ્યાસસમિતિએ તેની તા. ૧૯--૨--૧૯૭૭ની સભામાં કરેલ નીચેની ભલામણ મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત (એ. કા. બાબત ક્રમાંક ૪) :

"આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એ. બી. વ્યાસે પ્રાણીવિજ્ઞાન વિષયમાં ડી.એસસી. (D.Sc.) પદવી માટે રજૂ કરેલ પ્રકાશિત સંશોધન કાર્ય માટે નીચે જણાવ્યા પ્રમાણે રેફરીઓ નીમવા ભલામણ કરવામાં આવે છે :

(1) Prof. Bernad C. Patter,
Prof. of Zoology,
University of Georgia,
Athens, Ga 30602, U.S.A.

(2) Dr. H. Lieth,
Prof. & Head of Botany Department,
Chaple Hill University,
North Careline, U.S.A.

(3) Prof. M. D. Engelmann,
Michigan State University,
East Lansing, Michigan, U.S.A.

(4) Dr. R. H. Whittaker,
Section of Ecology & Systematics,
Cornell University, Ithaca,
New York State, U.S.A.

(5) Dr. M. M. Geel,
Prof. of Zoology,
Government College,
Bareily (U.P.)."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

૧૩૮. ડૉ. કુ. એન. જે. ચિનોયે પ્રાણીવિજ્ઞાન વિષયમાં ડી.એસસી.(D.Sc.) પદવી માટે રજૂ કરેલ પ્રકાશિત સંશોધન કાર્ય માટે રેફરીઓ નીમવાની બાબતમાં પ્રાણીવિજ્ઞાનની અભ્યાસસમિતિએ તેની તા. ૧૯-૨-૧૯૭૭ની સભામાં કરેલી નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭-૩-૧૯૭૭ની સભાએ મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. (કુ.) એન. જે. ચિનોયે પ્રાણીવિજ્ઞાન વિષયમાં ડી.એસસી. પદવી માટે રજૂ કરેલ પ્રકાશિત સંશોધન કાર્ય માટે નીચે જણાવેલ રેફરીઓ નીમવા ભલામણ કરવામાં

આવે છે :

(1) Prof. Linus Pauling,
Director, Institute of Orthomolecular Medicine, 2700,
Sand Hill Road, Menlo Park, California 94025.

(2) Prof. Albert Izent Gyorgyi,
The Institute for Muscle Research at the Marine Biology Laboratory,
Woods Hole, Massachusetts-02543 (U.S.A.).

(3) Dr. Bert M. Tolbert,
Director, Uni. of Colorado,
Boulder, Colorado 080302.

(4) Dr. Lubicz Nawrocki,
Worcestor Foundation for Experimental Biology,
Shrewsbury, Massachusetts-01545 (U.S.A.).

(5) Emil Ginter,
Institute of Human Nutrition, Research, Bratislava,
Czechoslovakia."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

૧૩૯. સેન સમિતિની ભલામણોના સંદર્ભમાં યુનિવર્સિટી વિદ્યાભવનોમાં આપાતું વૅકેશન હવે વરસમાં કુલ્લે આઠ સપ્તાહનું રાખવાનું હોઈ વૅકેશનનો ચોક્કસ સમયગાળો નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭-૨-૧૯૭૭ની સભામાં બાબત નં. ૬ના ઠરાવથી નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૪૦. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના નીચેના શિક્ષકોની નિવૃત્તિવય મર્યાદા સત્રના અંત સુધી લંબાવ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા ૧૪મી જૂન ૧૯૭૭ સુધીના વૅકેશન સમયનો પગાર તેમને આપવાનું મંજૂર કરીને તેમને સેવામાં ચાલુ ગણવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	ભવનનું નામ	નિવૃત્તિવય તારીખ	ક્યાં સુધી લંબાવવી
૧.	પ્રા. ઓ. એમ. રાવળ	ભાષા-સાહિત્ય ભવન	૧૫-૩-૧૯૭૭	સત્રના અંત સુધી
૨.	પ્રા. કે. આર. ચંદ્રશેખરન	,,	૧૫-૩-૧૯૭૭	,,
૩.	ડૉ. આર. જી. ભટ્ટ	મનોવિજ્ઞાન વિદ્યાભવન	૧૫-૩-૧૯૭૭	,,
૪.	પ્રા. પી. ડી. પાઠક	વિજ્ઞાન વિદ્યાભવન	૧૫-૪-૧૯૭૭	,,

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના સદરહુ શિક્ષકોએ ૧૯૭૬-૭૭ના આખા શૈક્ષણિક વર્ષ માટે પોતાની સેવાઓ આપેલી હોઈ તેમને ઉનાળાના વેકેશનનો પગાર આપવો જોઈએ અને તેથી સદરહુ શિક્ષકોની સેવાની મુદત તા. ૧૪-૬-૧૯૭૭ સુધી લંબાવવી.

૧૪૧. "આચાર્યશ્રી એમ. સી. દેસાઈ ચંદ્રક" (સમાજ વિજ્ઞાન) ૧૯૭૩-૭૪ના વર્ષ માટેની નિર્ણાયક સમિતિએ એક પણ કૃતિને સુવર્ણચંદ્રક માટે પાત્ર ન ગણેલ હોઈ તે અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૪૨. બાંધકામ સમિતિની તા. ૧૪-૩-૧૯૭૭ની ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪-૩-૧૯૭૭ની સભાની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

એમ.એસસી. (માઈક્રોબાયોલોજી) વિભાગ માટેનું મકાન વનસ્પતિવિજ્ઞાન વિભાગના મકાનની પૂર્વ બાજુએ વર્કશોપના મકાનની સામે રાખવામાં આવે.

(સદરહુ સમિતિની તા. ૧૪-૩-૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૧૪૩. ૧૯૭૭-૭૮ તથા ૧૯૭૮-૭૯નાં બે વર્ષ માટે "એપોઇન્ટમેન્ટ ઑફ વિઝિટિંગ ફેકલ્ટી ઇન ધી યુનિવર્સિટીઝ"ની યોજના માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧૨-૩-૧૯૭૭ના પત્રાંક એફ. ૧૮-૭-૭૬ -(ડી. એમ)થી રૂ. ૧,૦૦,૦૦૦(અંકે રૂપિયા એક લાખ)ની ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૪૪. જૂન ૧૯૭૭થી જોડાણ માંગતી નીચે જણાવેલ કૉલેજોની જોડાણઅરજીઓ ઉપર નિમાયેલી સ્થાનિક તપાસસમિતિના લેવાલો હજુ સુધી આવ્યા ન હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	કૉલેજનું નામ
૧.	લૉ કૉલેજ, ગોધરા
૨.	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ તપાસસમિતિઓના લેવાલો ત્વરિત મોકલી આપવા માટે જે તે સભ્યોને જણાવવું.

૧૪૫. સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈકોનોમિકસ ઍન્ડ સોશિયલ રિસર્ચ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૭થી અર્થશાસ્ત્રના વિષયોમાં પીએચ.ડી.ના અભ્યાસક્રમો માટે માન્યતા ચાલુ રાખવા માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ ઇન્સ્ટિટયૂટ ઑફ ઇકોનોમિકસ ઍન્ડ સોશિયલ રિસર્ચ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૭ સુધીમાં કરે તો તેને અર્થશાસ્ત્રમાં પીએચ.ડી.ના અભ્યાસક્રમો માટે તા. ૧૫--૬--૧૯૭૭થી કાયમી માન્યતા આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી:

(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૨) પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે ગ્રૅચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૪૬. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૯૬ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૪૭. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ સેન સમિતિની ભલામણો અન્વયે યુનિવર્સિટીના શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણો રાજય સરકારશ્રીએ મંજૂર કરેલ તે અંગેની આર્થિક સહાય પેટે રૂ. ૮,૦૦,૦૦૦ (રૂપિયા આઠ લાખ પૂરા) હિસાબે (ઑન એકાઉન્ટ) ચૂકવવાનું મંજૂર કર્યાના શિક્ષણનિયામકશ્રીના તા. ૧૧-૩-૧૯૭૭ના પત્રાંક યુ.જી.સી. ફિફ્થ પ્લાન-ઈ. ૭૨૭૯–૮૬ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૪૮. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિ વિભાગના શિક્ષક ડૉ. એ. બી. વોરાની સંશોધન યોજના Effect of water deficit as simulated by low moisture level, desicoation and osmotice on proline content of germination seed of diverse food researves--starch, projemy, fat અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્ર નં. F. 25-4 (7609) / 77 (SR-I), તા. ૫-૩-૧૯૭૭થી અનુદાનની રકમ રૂ. ૩,૦૦૦ (રૂપિયા ત્રણ હજાર) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૪૯. ઇન્ટરનેશનલ કૉન્ફરન્સ ઑફ યુનિવર્સિટી ઑફ ઑકસફર્ડમાં આગામી તા. ૧૦-૭-૧૯૭૭થી તા. ૨૨-૭-૧૯૭૭ના અરસામાં યોજાનાર "The United States and New International problem"ના અધિવેશનમાં ભાગ લેવાનું ઑકસફર્ડ યુનિવર્સિટીના ડિફેન્સ સ્ટડીઝના મંત્રીશ્રી મેકબે તરફથી મળેલ આમંત્રણના સંદર્ભમાં આ કૉન્ફરન્સમાં ભાગ લેવાની પરવાનગી આપવા તથા આ અંગે જરૂરી ટ્રાવેલ ગ્રાન્ટ તથા અન્ય

આર્થિક સહાય આપવા અંગેના પ્રો. ડી. એન. પાઠકના તા. ૧૧-૩-૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમંત્રણ સ્વીકારવા માટે ભારત સરકારની અનુમતિ મળ્યેથી તે સ્વીકારવા માટે પ્રા. ડી. એન. પાઠકને પરવાનગી આપવી અને તે માટે જરૂરી રજાઓ ખાસ રજાઓ (સ્પેશિયલ લીવ) તરીકે મંજર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં પ્રો. પાઠકને આ બાબતમાં જરૂરી આર્થિક સહાય આપવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને ભલામણ કરવી.

૧૫૦. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૯૬ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૫૧. શ્રી. શરદભાઈ પટેલના નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

(૧) "યુનિવર્સિટીના એકેડેમિક વિભાગમાં કાર્યાલય નિયામક તરીકે હાલમાં સેવાઓ આપતા શ્રી. વી. એમ. વ્યાસને ૧૯૫૫થી તેમની સીનિયોરિટીને આંચ આપીને વખતોવખત જુદી જુદી કક્ષા પરની બઢતી માટે વિપરીત અસર પહોંચાડીને યુનિવર્સિટીએ આર્થિક ગેરલાભ તથા સીનિયોરિટીના ધોરણે મળતા અન્ય લાભોને નુકસાન થાય તે રીતે તેમની સર્વિસ કારકિર્દીને અસર કરી છે. તેમને થયેલા આ અન્યાયોને દૂર કરવા, તેમનો કેસ વિગતે પુન: તપાસી, તેમની રજૂઆતો સાંભળી, આ અંગેની પોતાની સુચિંતિત ભલામણો આ સભાને સુપરત કરવા આ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને રિફર કરવાનું ઠરાવે છે."

(૨) "યુનિવર્સિટીમાં અગાઉ બીજા અને ચોથા શનિવારે રજા અને ૧૨ આકસ્મિક રજાઓ આપવામાં આવતી હતી. ત્યાર બાદ તમામ શનિવારો અર્ધા દિવસ કર્યા છતાં આકસ્મિક રજાઓ ૧૫ ને બદલે ૧૨ જ રાખવામાં આવી. આ બાબતમાં મેં કુલપતિશ્રીને અગાઉ પત્ર લખી, રાજ્યની અન્ય યુનિવર્સિટીઓમાં તથા સરકારશ્રીમાં શું પરિસ્થિતિ પ્રવર્તે છે તેની માહિતી મંગાવવા લખેલું, તેના સંદર્ભમાં કાર્યાલય પાસે આવેલ માહિતી ઉપર વિચારણા કરી આ બાબત અંગે રાજ્ય સરકારમાં યા મહદંશે રાજ્યની અન્ય યુનિવર્સિટીઓમાં જે પ્રથા અમલમાં છે તે મુજબ યુનિવર્સિટીમાં પણ શનિવારોની તથા આકસ્મિક રજાઓની પ્રથા રાખવાનું આ સભા ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બન્ને પ્રસ્તાવો સ્ટાફ અંગેની સ્થાયી તપાસસમિતિની વિચારણા માટે મોકલવા.

૧૫૨. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણા તરફથી જૂન ૧૯૭૭થી તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

[નોંધ.—સદરહુ કૉલેજની જોડાણઅરજી અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૬-૧૧-૧૯૭૬ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે:

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજ અંગે બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની તપાસનો અહેવાલ આવ્યેથી એકેડેમિક કાઉન્સિલ વતી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ઘટતી ભલામણ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી."]

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની નોંધમાં નિર્દિષ્ટ એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી.

૧૫૩. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી અને સંલગ્ન કૉલેજોના શિક્ષકોના સુધારેલા પગારધોરણના સંદર્ભમાં રાજ્ય સરકારના તા. ૨૩-૨-૧૯૭૬ના સરકારી ઠરાવમાં સંલગ્ન કૉલેજોમાં પ્રાધ્યાપકની કક્ષા રાખી નથી. આથી સંલગ્ન વિનયન, શિક્ષણ, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજોના ૧૫મી જૂન ૧૯૭૭થી જોડાણ માંગતી અરજીઓ પર મૂકેલી શરતોમાં જ્યાં જ્યાં પ્રાધ્યાપકની નિમણૂક અંગેની શરત મૂકવામાં આવી છે ત્યાં હવે તે માટે આગ્રહ રાખવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે વિનયન (શિક્ષણ સહિત), વિજ્ઞાન, વાણિજ્ય અને કાયદાની વિદ્યાશાખાઓના અધ્યક્ષશ્રીઓની બનેલી સમિતિ નીમવી.

૧૫૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી તેમના તા. ૧૫-૩-૧૯૭૭ના પત્ર ક્રમાંક એફ્. ૫-૪૧-૭૭ (એફ્.આઈ.પી.)થી એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં કૉલેજ શિક્ષકો માટે "સમર ઈન્સ્ટિટ્યૂટ ઇન ગુજરાતી" યોજવા અંગે કુલ અંદાજી ખર્ચ રૂ. ૪,૬૮૫ (રૂપિયા ચાર હજાર છસો પંચાસી) મંજૂર કરી અનુદાનના પ્રથમ હપતાના રૂ. ૪,૦૦૦ (રૂપિયા ચાર હજાર પૂરા) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૫૫. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ ની જોગવાઈમાંથી મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદને મુક્તિ આપવા અંગે રાજ્ય સરકારને ઘટતું લખાણ કરવા માટેના અમદાવાદ મ્યુ. કૉર્પોરેશનના કમિશનરશ્રીના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ ની જોગવાઈમાંથી મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદને, તે સ્ટેચ્યુટરી કૉર્પોરેશનને હસ્તક ચાલતી સંસ્થા હોઈ, મુક્તિ આપવા માટે ગુજરાત યુનિવર્સિટી ધારામાં ઘટતો ફેરફાર કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૫૬. પીએચ.ડી. પદવી માટે સંશોધન શિષ્યવૃત્તિઓ ઓનાયત કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૧૬-૩-૧૯૭૭ના રોજ મળેલ સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૬-૩-૧૯૭૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૬-૩-૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ણ"** તરીકે સામેલ છે.)

૧૫૭. ગુજરાત યુનિવર્સિટીની ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન કમિટીની તા. ૧૫-૩-૧૯૭૭ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૫-૩-૧૯૭૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૫-૩-૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૧૫૮. માર્ચ ૧૯૭૫માં લેવાયેલ પ્રથમ બી.એ. પરીક્ષાના વિદ્યાર્થી નં. ૮૮૬૪ કુ. શોભનાબહેન વિ. પરીખને તા. ૧-૬-૧૯૭૬ સુધી આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષા કે અભ્યાસક્રમમાં પ્રવેશ આપવાની મનાઈ

ફરમાવવામાં આવી હતી. તે પછી તેમણે મનાઈ હુકમ મેળવીને યુનિવર્સિટીની સામે અદાલતમાં સિવિલ સૂટ તેમ જ કન્ટેમ્પ્ટ એપ્લિકેશન કરેલ અને તે બન્ને તેમણે પાછાં ખેંચ્યાં હોઈ ગોધરાની સિટી સિવિલ કોર્ટમાં આપણે કરેલ અપીલ પાછી ખેંચી છે તે બાબતની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૫૯. ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત દ્વારા સંચાલિત બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતના કર્મચારીઓને સદરહુ કૉલેજ જૂન ૧૯૭૭થી બંધ કરવાની છે તેમ જણાવી છૂટા થવાની નોટિસો આપવામાં આવી છે તેવી જાણ કરતા શ્રી. એન. સી. ભાવસારના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કૉલેજના સંચાલકમંડળ સાથે ચર્ચાવિચારણા કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ

૨. આચાર્ય બી. એમ. પીરજાદા

૩. ડૉ. વી. સી. શાહ

૪. પ્રા. કે. એસ. શાસ્ત્રી.

૧૬૦. યુનિવર્સિટી મુદ્રણાલયમાં સેકશન હેડ-કમ-કમ્પોઝીટર તરીકે કામ કરતા શ્રી. ખોડીદાસ લલ્લુભાઈ પટેલનું તા. ૪-૩-૧૯૭૭ના રોજ દુ:ખદ અવસાન થયું હોઈ સ્ટે. ૧૯૩-એ પ્રમાણે તેમના ખાતે નીકળતી ગ્રૅચ્યુઈટીની રકમ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ખોડીદાસ લલ્લુભાઈ પટેલના અવસાનની સખેદ નોંધ લેવી અને તેમને ખાતે નીકળતી ગ્રેચ્યુઈટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના વારસ/વારસોને ચૂકવી આપવી.

૧૬૧. ડાયરેક્ટર ઑફ પ્રોહિબિશન ઍન્ડ એક્સાઈઝ, અમદાવાદ તરફથી તેમના પત્ર ક્રમાંક પીપોજી.૫-૨-૭૭-૩૦૬, તા. ૧૭-૩-૧૯૭૭થી Orientation અન્વયે Training to college staff and the students, etc. on drugs addition, 1976--77 માટે રૂ. ૩,૫૦૦નું અનુદાન મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૬૨. રાજ્ય સરકારના ઠરાવ નં. એમ.આઈ.એસ. ૧૦૭૫-૪૯૪૭-કેએચ તા. ૨૩-૧૧-૧૯૭૬ના ઠરાવની નીચેની કંડિકા અંગે વિચારણા કરી જરૂરી વ્યવસ્થા કરવા બાબત :

"(6) The period of probation of a teacher shall in no case be more than 24 months. The Executive Council/Governing Body of the college may for reasons to be recorded, waive the conditions of probation. The Executive Council/Governing Body shall have the right to assess suitability of a teacher for confirmation even before the expiry of the period of 24 months from the date of his/her appointment but not earlier than 9 months from the date. A suitable provision may be made in the

Ordinance/Statutes prescribing a schedule for placing cases regarding confirmation before the appropriate authority well in time before the date of expiry of the probation period."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭--૨--૧૯૭૭ની સભામાં બાબત નં.- ૬ પરના ઠરાવથી નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૬૩. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) શ્રી. એમ. ડી. પંચોલીને તા. ૨૬-૨-૧૯૭૭ના રોજ ભૂજ લૉ કૉલેજની સ્થાનિક તપાસ અર્થે જવાનું હતું તે માટે તેમને એજ્યુકેશન કૉલેજ, મુન્દ્રાના વાર્ષિક મહોત્સવ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જવાનું થતાં ત્યાંથી એક જ દિવસે બન્ને કામને પહોંચી વળી શકે તે માટે તેમને ટેક્સી દ્વારા ગાંધીધામથી મુન્દ્રા, મુન્દ્રાથી ભૂજ તથા ભૂજથી ગાંધીધામ ગયેલ તે અંગેના ટેક્સી ભાડાના રૂ. ૧૫૮-૨૫ (અંકે રૂપિયા એકસો અઠાવન અને પચીસ પૈસા) નું ખર્ચ મંજૂર કર્યાના;

(૨) રાજ્ય સરકારે જાહેર કર્યા મુજબ શનિવાર તા. ૧૯-૩-૧૯૭૭ના રોજ લોકસભાની ચૂંટણી નિમિત્તે યુનિવર્સિટી કાર્યાલય, વિદ્યાભવનો, ગ્રંથાલય તથા મુદ્રણાલયમાં રજા જાહેર કર્યાના;

(૩) રાજ્ય સરકારે જાહેર કર્યા મુજબ ગુરુવાર, તા. ૩-૩-૧૯૭૭ના રોજ ઈદે મિલાદ નિમિત્તે યુનિવર્સિટી કાર્યાલય, ગ્રંથાલય, વિદ્યાભવનો તથા યુનિવર્સિટી મુદ્રણાલયમાં રજા જાહેર કર્યાના;

(૪) બી. એમ. ઈન્સ્ટિટયૂટની અનુસ્નાતક ડિપ્લોમા પરીક્ષાઓ જેવી કે ડી.પી., ડી.એમ. ઍન્ડ એસ.પી. તથા ડી.એસ.એસ.ડી.એચ.ની પરીક્ષાઓ કે જે તા. ૧૫-૪-૧૯૭૭ના રોજ શરૂ કરવાની હતી તેને બદલે તા. ૪-૪-૧૯૭૭થી શરૂ કર્યાના;

(૫) સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. એમ. પી. ભટ્ટને તેઓ વારાણસી મુકામે આગામી તા. ૨૦-૨૩ ફેબ્રુઆરી ૧૯૭૭ના અરસામાં યોજાનાર "ઑલ ઈન્ડિયા ઍકેડેમી ઑફ સોશિયલ સાયન્સીઝ" ના અધિવેશનમાં વિભાગીય પ્રમુખ તરીકે જવાબદારી સંભાળનાર હોઈ ખાસ અપવાદ તરીકે ભવનના પ્રતિનિધિ તરીકે ઉપરોકત સેમિનારમાં મોકલવાની પરવાનગી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

તે પછી બાકી રહેલી બાબત નં. ૧૨૨ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૨૨. શ્રી. શરદભાઈ પટેલના નીચેના પ્રસ્તાવો ઉપર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ ૧

"નવી તરાહના સળગતા પ્રશ્નને લઈ એક જ સંસ્થા/કૉલેજમાં કામ કરતા ફાજલ પડતા શિક્ષકોને રક્ષણ આપવા સરકારશ્રીએ બહાર પાડેલા જી.આર.ના પગલાને આ સભા આવકારે છે પણ તેની સાથે સાથે આ જી.આર.માં ફાજલ પડતા કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓને રક્ષણ આપવાની વાતને પણ સમાવી લેવામાં આવી હોય તો તે વધુ આવકાર્ય પગલું ગણાયું હોત. હજી પણ મોડું થયું નથી. ગુજરાત યુનિવર્સિટી એકિઝકયુટિવ કાઉન્સિલની આ સભા નવી તરાહના આ પ્રશ્નને લઈ જે જે કૉલેજોમાં બિનશિક્ષક કર્મચારીઓ ફાજલ પડે તેમને હાયર સેકન્ડરી બોર્ડ, શાળાઓ

અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં સમાવી લઈ પૂરેપૂરું રક્ષણ આપવા અને પગાર પ્રોટેકટ કરવા અંગે સત્વરે જી.આર. બહાર પાડવા રાજ્ય સરકારને ભારપૂર્વક ભલામણ કરે છે, અને આ બાબતને ટોચ-અગ્રિમતા આપવા વિનંતી કરે છે."

પ્રસ્તાવ ૨

"આ સભાએ યુનિવર્સિટી કર્મચારીઓ માટે લાગુ પાડવામાં આવેલાં નવાં પગારધોરણો, કૉલેજોના અને માન્ય સંસ્થાઓના કર્મચારીઓને લાગુ પાડવાનું ઠરાવેલું હોઈ, તેનો અમલ કૉલેજ સંચાલકમંડળો/આચાર્યો ઝડપી રીતે કરે તેવો સ્પષ્ટ આદેશ તેમને આપે છે અને આ અંગેના ખર્ચ પર ગ્રાન્ટ સત્વરે મળે અને તમામ આનુષંગિક ચુકવણીઓને કૉલેજોના તથા માન્ય સંસ્થાઓના બિનશિક્ષક કર્મચારીઓને ૩૧ મી માર્ચ ૧૯૭૭ સુધીમાં થઈ જાય તેવી કાર્યવાહી કરવા કૉલેજોને તથા રાજ્ય સરકારને ભારપૂર્વક ભલામણ કરે છે."

પ્રસ્તાવ ૩

"કૉલેજોમાં કામ કરતા ઇલેકિટ્રશિયન, ગેસ મિકેનિક, મિકેનિક, લાઇબ્રેરી એટેન્ડન્ટ, એકાઉન્ટ ક્લાર્કનાં નવાં પગારધોરણો અંગે કોઈ જ સ્પષ્ટતા યુનિવર્સિટીએ કૉલેજોને મોકલેલ પરિપત્રમાં નહીં હોઈ તે કેડરોનાં સ્કેલ સત્વર નક્કી કરવા કૉલેજોના સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને રિફર કરવાનું તથા કૉલેજોના કર્મચારીઓનાં મંડળોને સાંભળીને આ સમિતિ પોતાની ભલામણો આ સભાને સત્વરે આપવાનું આ સભા ઠરાવે છે."

પ્રસ્તાવ ૪

"યુનિવર્સિટીમાં કેશનું કામ સંભાળતા કર્મચારીને જે કેશ એલાવન્સ આપવામાં આવે છે તે તથા ટાઇપિસ્ટોને જે ધોરણે તે ભથ્થું આપવામાં આવે છે તે ધોરણે કૉલેજોના સંબંધિત કર્મચારીઓને આ ભથ્થું આપવાનું આ સભા ઠરાવે છે."

પ્રસ્તાવ ૫

"કૉલેજોના શિક્ષક અને બિનશિક્ષક કર્મચારીઓને તથા તેમનાં કુટુંબીજનોને તબીબી સહાય તથા કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓનાં બાળકોને શૈક્ષણિક સહાય આપવા અંગેનો પ્રશ્ન વિગતવાર રીતે જોઈતપાસી જઈ પોતાનો ભલામણો આ સભાને આપવા આ પ્રશ્ન કૉલેજોની સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને રિફર કરવાનું આ સભા ઠરાવે છે."

પ્રસ્તાવ ૬

"કૉલેજોએ શિક્ષકો અને બિનશિક્ષક કર્મચારીઓને આપેલી નોટિસો પાછી ખેંચી લેવા આ સભા સંલગ્ન કૉલેજોને આદેશ આપે છે."

પ્રસ્તાવ ૭

"કૉલેજનાં સ્થાનિક તપાસસમિતિ પર નિયુકત થયેલા મોટા ભાગના સભ્યો કૉલેજની તપાસમાં બિનશિક્ષક કર્મચારી અંગેની કોઈ માહિતી, એફિલિયેશનની એક શરત હોવા છતાં તપાસ કરતા નથી તેથી આ તપાસસમિતિમાં એક બિનશિક્ષક કર્મચારીઓના પ્રતિનિધિનો પણ સમાવેશ કરવાનું આ સભા ઠરાવે છે જેથી બિનશિક્ષક કર્મચારીઓના પ્રશ્નો અંગે તેમ જ વહીવટી બાબતો અંગે મદદરૂપ થઈ શકે."

પ્રસ્તાવ ૮

"પરીક્ષાના કાર્યમાં તેનાં આવેદનપત્રો એ સહુથી અગત્યનું કામ છે. આ આવેદનપત્રો વિદ્યાર્થીઓને આપવાં, આવેદનપત્રો ભરવાં, પરીક્ષા કોડ નંબર નાંખવા, નાણાં સ્વીકારવાં, ફૉર્મમાં કૉલેજોની વિગતો ભરવી, ફૉર્મ તપાસવાં અને સમયસર યુનિવર્સિટીને મોકલવાં વગેરે અગત્યની જવાબદારી કૉલેજ કર્મચારીઓ પર હોઈ જે માટે આ કૉલેજ કર્મચારીઓને ફૉર્મ દીઠ રૂ. ૦-૨૫ મહેનતાણું આપવાનું આ સભા ઠરાવે છે."

પ્રસ્તાવ ૯

"(૧) યુનિવર્સિટી પરીક્ષાઓમાં વધુ સંખ્યા હોય ત્યારે દરેક પ્રશ્નપત્ર વખતે જુદી જુદી બેઠક વ્યવસ્થા કરવી પડતી હોય છે ત્યારે તે માટે યોગ્ય વેતન મળતું નથી તો દરેક જુદી બેઠક વ્યવસ્થા માટે જુદું વેતન મળે તેવું આ સભા ઠરાવે છે.

(૨) સ્ટેશનરી સુપરવાઈઝરના વેતનમાં રૂ. ૬ નક્કી કરેલ હોઈ તે રકમ મંજૂર કરવા તથા સ્ટેશનરી સુપરવાઈઝરના કાર્યને ધ્યાનમાં લઈ એક દિવસ આગળ અને એક દિવસ પાછળ (પ્રેપરેશન ડે) આપવો.

(૩) પટાવાળાઓનું કામ આ દિવસમાં ખૂબ વધી જાય છે. આથી તેમના વેતનમાં ફેરફાર કરી દિવસના રૂ. ૭ નક્કી કરવા."

પ્રસ્તાવ ૧૦

"યુનિવર્સિટી જે જે કર્મચારીઓને પરીક્ષાનું અનિવાર્ય અને સમયમર્યાદામાં કામ પૂરું કરવાનું હોય તેના માટે કાર્યાલયના સમય પહેલાં કે બાદ રોકે છે તેમને ઓવરટાઇમ ચાલુ રાખવાનો પ્રસ્તાવ કાર્યાલયે આ સભાની વિચારણા માટે મૂકેલો છે. પરીક્ષાઓનું સમગ્ર તંત્ર વ્યવસ્થિત ચાલે અને પરીક્ષાઓ લેવાનું અને પરિણામો જાહેર કરવાનું કામ નિયત સમયમર્યાદામાં જ સમગ્ર સમાજ અને વિદ્યાર્થી આલમના હિતમાં થાય તે જોવાની જવાબદારી પણ આ સભાની છે. અત્યાર સુધી ઓવરટાઇમના જે દરો હતા તે ઘણાં જ વર્ષો જૂના તથા ઘણા જ ઓછા તથા કર્મચારીઓનું શોષણ કરનારા હોઈ, તે દરો જુનિયર ક્લાર્ક-ટાઇપિસ્ટને રૂ. ૩-૦૦, સીનિયર ક્લાર્ક-ટાઇપિસ્ટને રૂ. ૩-૨૫, હેડક્લાર્કને રૂ. ૩-૫૦ અને ચોથા વર્ગને રૂ. ૨-૨૫ આપીને પરીક્ષાને લગતું કામ સમયસર નિયત સમયમર્યાદામાં થાય તે માટે આપવાનું આ સભા ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ પ્રસ્તાવ નં. ૧ મંજૂર કરવો.

(૨) સદરહુ પ્રસ્તાવ નં. ૨ મંજૂર કરવો.

(૩) અને (૪) સદરહુ પ્રસ્તાવો બાબત નં. ૩૮(૨) અને ૪૨ પરના ઠરાવથી નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવા.

(૫) સદરહુ પ્રસ્તાવ તા. ૮-૧-૧૯૭૭ની સભાની બાબત નં. ૯૫ પરના ઠરાવથી નીમવામાં આવેલી સમિતિની વિચારણા માટે મોકલવો.

(૬) સદરહુ પ્રસ્તાવ અંગે ઠરાવવામાં આવ્યું કે કૉલેજોએ શિક્ષકો અને બિનશિક્ષક કર્મચારીઓને આપેલી નોટિસો પાછી ખેંચી લેવા આ સભા સંલગ્ન કૉલેજોને ભલામણ કરે છે.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે કૉલેજોના બિનશિક્ષકવર્ગના જે કર્મચારીઓ નવી તરાહના અમલને કારણે ફાજલ પડે તેમને સુપરન્યુમરરી ગણી ઉચ્ચતર માધ્યમિક શાળામાં સમાવી લેવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૭) સદરહુ બાબત અંગે કૉલેજોની સ્થાનિક તપાસસમિતિઓને ઘટતી સૂચના આપવાનું રાખવું.

(૮) સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો નહીં એમ વધુમતે ઠરાવવામાં આવ્યું.

(૯) સદરહુ પ્રસ્તાવ નં. ૯ સ્વીકારવો નહીં એમ વધુમતે ઠરાવવામાં આવ્યું.

(૧૦) સદરહુ પ્રસ્તાવ નં. ૧૦ સ્વીકારવો નહીં એમ વધુમતે ઠરાવવામાં આવ્યું.

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉન્સિલ/૧૮૮૭૮/૧૯૭૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
તા. ૧૬-૪-૧૯૭૭

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૨

ફાઇનાન્સ સમિતિની તા. ૨૫-૧-૧૯૭૭ની સભાની એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણો :

૧. આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી પરીક્ષાની જૂની ઉત્તરવહીઓ તથા અન્ય વેસ્ટ પેપરોનો નિકાલ કરવા માટે આવેલાં ટેન્ડરોમાંથી મે. નીરજ એન્ડ કં. જયપુરનું ટેન્ડર નીચે પ્રમાણે સ્વીકારવું. મે. નીરજ એન્ડ કં. યુનિવર્સિટીનું કામ છેલ્લાં કેટલાંક વર્ષોથી સંતોષકારક રીતે કરે છે અને તેઓના ભાવ સમગ્ર રીતે જોતાં યુનિવર્સિટીને ફાયદાકારક હોવાથી મે. નીરજ એન્ડ કં.ને ટેન્ડરની શરતો મુજબ કામ સોંપવું :

ક્રમાંક	વસ્તુનું નામ	વેપારીનું નામ	એક કિલોનો ભાવ રૂ. પૈસા
૧.	જૂની ઉત્તરવહીઓ	નીરજ એન્ડ કં.	૧--૭૫
૨.	યુનિવર્સિટી રેકોર્ડ	,,	૧--૪૫
૩.	પ્રેસ-કતરણ	,,	૦--૮૫
૪.	સ્વીપિંગ	,,	૦--૬૫

૨. આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના મોનોટાઇપ મશીન માટે મે. ઇન્ડિયન સ્ટાન્ડર્ડ મેટલ કં. લિ., મુંબઈ પાસેથી ટેન્ડરમાં જણાવેલ શરતોએ ૯--૧૯ની ટાઇપ મેટલ રૂ. ૨૧--૨૦ પૈસા કિલોના ભાવ અન્ય ખર્ચ--ટેક્ષ વગેરે જુદા ગણી ૧,૭૦૦ (એક હજાર સાતસો) કિલો ટાઇપ મેટલ ખરીદવી.

૩. આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસ ઉપર ઇન્ટરનલ ટેલિફોનની વ્યવસ્થા કરવા માટે ટેન્ડરમાં જણાવેલ શરતો પ્રમાણે કેબલ, મઝદા કેબલ કં., દિલ્હી પાસેથી સૌથી ઓછા ભાવ હોવાથી ખરીદવો :

		મીટર	એક મીટરનો ભાવ રૂ. પૈસા
૧.	પાંચ પેરનો આર્મ્ડ	૧૦૦૦	૪--૦૦
૨.	દસ પેરનો આર્મ્ડ	૫૦૦	૬--૫૦
૩.	વીસ પેરનો આર્મ્ડ	૮૦૦	૧૦--૦૦
૪.	સિંગલ પેરનો અનઆર્મ્ડ	૧૦૦૦	૦--૩૨
૫.	બે પેરનો અનઆર્મ્ડ	૧૦૦૦	૦--૮૦
૬.	ત્રણ પેરનો અનઆર્મ્ડ	૨૦૦	૧--૧૦
૭.	પાંચ પેરનો અનઆર્મ્ડ	૨૦૦	૧--૮૦

૪. આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના હાલના કોમ્પ્યુટર વિભાગના આઇ.બી.એમ. ૧૬૨૦ સાથે પ્રિન્ટિંગ વ્યવસ્થા નથી. આ અંગે કુલપતિશ્રીએ કરેલો પત્રવ્યવહાર સમિતિ સમક્ષ મૂકવામાં આવ્યો હતો. ત્યાર બાદ ભલામણ કરવામાં આવી કે હાલના કોમ્પ્યુટર મશીન સાથે પ્રિન્ટિંગ વ્યવસ્થા કરવામાં આવે તો તે યુનિવર્સિટીને ઉપયોગી તથા કરકસરયુકત થશે. આથી આવેલા પ્રસ્તાવો પર નેગોશિયેશન કરવા કુલપતિશ્રીને સત્તા આપવી અને આ અંગે અંદાજે રૂ. ૨,૦૦,૦૦૦ (રૂપિયા બે લાખ)ના ખર્ચને મંજૂરી આપવી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨૪

"શેઠ રૂપસી માધવજી સ્મૃતિ શુદ્ધાદ્વૈત આણુભાષ્ય પારિતોષિક"

૧-૨. દાતાનું નામ તથા સરનામું : ટ્રસ્ટીશ્રી, રૂપસી માધવજી ટ્રસ્ટ,
દ્વારા મેસર્સ મનુભાઈ ડુંગરસી એન્ડ કં., માણેકજી વાડિયા બિલ્ડિંગ,
૧૨૭, મહાત્મા ગાંધી રોડ, ફોર્ટ, મુંબઈ (બી.આર)

૩. પ્રદાનની રકમ : રૂ. ૧૦,૦૦૦--૦૦

૪. પ્રદાનનો પ્રકાર : આશરે રૂ. ૯૫૦--૦૦ની રકમનું એક પારિતોષિક

૨.	ડૉ. એન. એ. આચાર્ય	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	સાબરકાંઠા જિલ્લાના પાળિયા અને તેનું સાંસ્કૃતિક સ્વરૂપ	૧૦૦/-	૧૯૭૨-૧૯૭૩	બુદ્ધિપ્રકાશ : નવેમ્બર ૧૯૭૬, અંક ૧૧મો
૩.	ડૉ. સી. કે. અકુવાલા	શ્રી. વૈદ્ય એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	Survey of the experimental work related to Theory papers prescribed for students of Education Colleges as per B.Ed. syllabus of Gujarat University	૪૦૦/-	૧૯૭૩-૧૯૭૪	અભ્યાસક્રમ અને આયોજન : મે ૧૯૭૬

ઉપરના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષયમાં સંશોધનકાર્ય માટે આપવામાં આવેલી સંશોધન ગ્રાન્ટના સંદર્ભમાં તેમનું સંશોધનકાર્ય પૂરું થયા બાદ તે પ્રકાશિત કરેલ જેની રિપ્રિન્ટ યુનિવર્સિટીને મોકલવામાં આવી છે તેની નોંધ લેવી.

૩. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સંખેડાના આચાર્યશ્રી એસ. એમ. શાહને Development of co-operative credit since Independence in Sankheda Taluka પર સંશોધન કરવા માટે ૧૯૭૫-૭૬ના વર્ષમાં રૂ. ૨,૦૦૦/-ની જે સંશોધન ગ્રાન્ટ મંજૂર કરેલ એ પર તે મંજૂર કરવામાં આવેલ કે તે ગ્રાન્ટની રકમની ૨૦ ટકા જેટલી રકમ કૉલેજ ભોગવે. શ્રી. શાહ તેમની નાદુરસ્ત તબિયતને કારણે સંશોધનકાર્ય સંતોષકારક રીતે કરી શકે તેમ નહિ હોવાથી ગ્રાન્ટની પ્રથમ હપતાની ચૂકવેલ રકમ રૂ. ૮૦૦/- તેમણે તા. ૪-૯-૧૯૭૬ના રોજ પરત કર્યાની નોંધ લેવા અંગે.

આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સંખેડાના આચાર્યશ્રી એસ. એમ. શાહને વર્ષ ૧૯૭૫-૭૬ દરમ્યાન મંજૂર કરેલ રૂ. ૨,૦૦૦ની સંશોધન ગ્રાન્ટમાંથી પ્રથમ હપતા પેટે ચૂકવેલ રૂ. ૮૦૦/-ની રકમ તેણે પરત કર્યાની નોંધ લેવી.

૪. ગુજરાત કૉલેજ, અમદાવાદના કુ. કે. એલ. વ્યાસને Germination studies on seeds of plantages Ovta (Isupgul) એ વિષય પર સંશોધન કરવા માટે પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ મળેલ સંશોધન ગ્રાન્ટમાંથી રૂ. ૨,૦૦૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા અંગે.

ગુજરાત કૉલેજ, અમદાવાદના કુ. કે. એલ. વ્યાસને Germination studies on seeds of plantages Ovta (Isupgul) પર સંશોધન કરવા માટે રૂ. ૨,૦૦૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫. પાંચમી યોજના હેઠળ યુ. જી. સી. તરફથી મળેલ સંશોધન ગ્રાન્ટને લક્ષમાં રાખી સંશોધન ગ્રાન્ટ માટે આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત.

ઉચ્ચ શિક્ષણના ઉત્કર્ષ માટે તેના અંતર્ગત ભાગ તરીકે વિશ્વવિદ્યાલયમાં સંશોધન પ્રવૃત્તિ-ઓને સઘન બનાવવાના તથા તેને વિકસાવવાના હેતુ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી

પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે તેના સદર્ભમાં સંલગ્ન કૉલેજોના/માન્ય સંસ્થાઓના તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો તરફથી વર્ષ ૧૯૭૬-૭૭માં સંશોધન ગ્રાન્ટ મેળવવા માટે આવેલ અરજીઓ પરથી નીચે જણાવેલ શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષય પર સંશોધન કરવા માટે તેમનાં નામની સામે જણાવેલ રકમ, નીચેની શરતોએ મંજૂર કરવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

ક્રમાંક	શિક્ષકનું નામ અને કૉલેજ/સંસ્થાનું નામ	સંશોધન યોજનાનું શીર્ષક	મંજૂર કરેલ રકમ રૂપિયા
૧	૨	૩	૪
૧.	મિસિસ ઈલા યુ. પાઠક, એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	English–Indo Anglian Literature	૧,૦૦૦/-
૨.	શ્રી. નવનીતલાલ એ. આચાર્ય, એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	ગુજરાતના સિક્કાઓ (પ્રાચીન કાળથી બ્રિટિશ શાસન સુધી)	૧,૦૦૦/-
૩.	શ્રી. જયંતકુમાર આર. શુકલ, એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	The Individual satyagraha of 1940–41	૯૦૦/-
૪.	શ્રી. મહેતા પ્રમોદરાય એ., નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	Rural Sociology–Changing nature of Socio-Economic Relationships among the peasantry in a Gujarat Village	૭૫૦/-
૫.	કુ. ભાવના પી. ત્રિવેદી, એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	Philosophy Research papers pertaining to the fields of gita Advaita vedanta and Indian Philosophy	૯૦૦/-
૬.	શ્રી. બુધ્ધીશ એમ. મોદી, વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	The Influence of Education on Socio–Economic status	૭૫૦/-
૭.	શ્રી. કિરીટકુમાર એ. ગાંધી, આર. પી. અનડા કૉલેજ ઑફ એજ્યુકેશન, બોરસદ	Educational Administration–A study of school climate as a function of personality of school personnel and pupil control Indiology	૭૫૦/-

૧	૨	૩	૪
૮.	શ્રી. ચંદ્રકાન્ત એ. ટોપીવાલા, નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડાહોદ	Applied T. G. Linguistico Linguistic operations in Modern Gujarati poetry-criticism	૭૫૦/-
૯.	શ્રી. હરીશચંદ્ર ડી. વ્યાસ, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સાવલી	Sanskrit (Purana) Legends in puranas (with reference to selected three Legends)	૭૫૦/-
૧૦.	શ્રી. બલદેવભાઈ જી. પટેલ, સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા	Biology (Ecology) Biomars structured in college campus at Modasa	૧૦૦/-
૧૧.	કુ. સુશીલા એલ. દલાલ, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	Development Biochemistry-Biosynthesis and Metabolism of Ascorbic acid in differenting plant cells	૧,૦૦૦/-
૧૨.	શ્રી. સતીષ આર. દવે, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	Developmental Botany-Histo-Chemistry Histo-Chemical Embryology eactitative & Quantitative changes in Metabolitics during differentiation of ceroto phyllum demersum another ovule Embryo and seed development	૧,૦૦૦/-
૧૩.	ડૉ. આર. કે. શાહ અને ડૉ. એમ. એસ. દુબલે (ભેગા મળીને) યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	Industrial pollutions, trace element and other wastes on growth of Fishes and other organism	૨,૦૦૦/-
૧૪.	શ્રી. મંગળદાસ કે. પટેલ, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર	બિઝનેસ મૅનેજમેન્ટ	૭૫૦/-

૧	૨	૩	૪
૧૫.	શ્રી. મહેશચંદ્ર જે. પંડ્યા, આર્ટ્સ કૉલેજ, મોડાસા	History-Contribution of Sabarkantha District in freedom movement of India	૭૫૦/-
૧૬.	શ્રી. જોસેફ એલ. પરમાર આર્ટ્સ કૉલેજ, મોડાસા	Language development of Modern Gujarati Prose (1850-1915)	૭૫૦/-
૧૭.	શ્રી. પંડ્યા વિનોદ ઓ., આર્ટ્સ કૉલેજ, મોડાસા	Sanskrit-Shrimad Bhagwat Namanukrma kathakosha	૫૦૦/-

શરતો

૧. જે શિક્ષકોએ તેમની સંશોધન યોજના અંગે તેમના અરજીપત્રકમાં જે ખર્ચ દર્શાવ્યું છે તેમાંથી (૧) પુસ્તકોની ખરીદી માટે, (૨) સાધનોની ખરીદી માટે, (૩) જર્નલ્સની ખરીદી માટે, તથા (૪) સ્ટેશનરીની ખરીદી માટેનો ખર્ચ સ્વીકાર્ય ગણાશે નહીં. તે અંગેના તમામ ખર્ચની વ્યવસ્થા શિક્ષકે પોતે કરવાની રહેશે.

૨. સંશોધનકાર્ય માટે મુસાફરી કરવાની જરૂર હોય તો સંશોધન ગ્રાન્ટ મેળવનાર શિક્ષકે "પબ્લિક ટ્રાન્સપોર્ટ" જેવી કે એસ. ટી. બસ દ્વારા અથવા ટ્રેન દ્વારા કરેલી મુસાફરી ગ્રાહ્ય રહેશે, તે સિવાય અન્ય વાહન મારફતે કરેલ મુસાફરી ખર્ચ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

૩. સંશોધન માટે મદદનીશ રિસર્ચ આસિસ્ટન્ટનો ખર્ચ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

૪. સંશોધન માટે મંજૂર કરવામાં આવેલી સંશોધન ગ્રાન્ટના ૨૦ ટકા ખર્ચ શિક્ષકે અગર શિક્ષક જે કૉલેજ/સંસ્થામાં જોડાયેલા હોય તે કૉલેજ/સંસ્થાએ ભોગવવાનો રહેશે.

૫. કૉલેજ/સંસ્થામાં જોડાયેલા શિક્ષકો જેમને ઉપર જણાવ્યા મુજબની સંશોધન ગ્રાન્ટ તેમના વિષયમાં સંશોધન અર્થે મંજૂર કરવામાં આવી છે તેઓની સેવા જૂન ૧૯૭૭ પછી ચાલુ રહેવી આવશ્યક છે.

(નોંધ.—જૂન ૧૯૭૭ પછી કૉલેજ/સંસ્થામાં ચાલુ રહેતા હશે નહીં તો તે શિક્ષકે તેમને આપવામાં આવેલ સંશોધન ગ્રાન્ટની રકમ પૂરેપૂરી પરત કરવાની રહેશે.)

૬. સંશોધન ગ્રાન્ટ મેળવનાર શિક્ષકના પ્રવાસના સમય માટેના રોકાણ ભથ્થા તરીકે કશું ખર્ચ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

વધુમાં, આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે ભવિષ્યમાં સંશોધન ગ્રાન્ટ મેળવવા માટે શિક્ષકો તરફથી અરજીઓ આવે તે પરથી (૧) યોજના કેટલી ઉપયોગી છે, અને (૨) કેટલી રકમ આપી શકાય ઇત્યાદિ અંગે કોઈ તજ્જ્ઞ કે સીનિયર પ્રાધ્યાપકનો અભિપ્રાય મેળવવા કુલપતિશ્રીને સત્તા આપવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ડા. હ. પટેલ
કુલસચિવ વતી

Gujarat University Press, Ahmedabad-380009.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની એપ્રિલ માસની સભા, શનિવાર તા. ૨૩–૪–૧૯૭૭ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૩–૪–૧૯૭૭
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણ સંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચન્દ્ર ચંદુલાલ શાહ	ગેરહાજર
૫.	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ	ગેરહાજર
૬.	શ્રી. શરદભાઈ એમ. પટેલ	ગેરહાજર
૭.	પ્રા. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય સંતપ્રસાદ રણછોડલાલ ભટ્ટ	હાજર
૧૦.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૧.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૨.	શ્રી. નરહરિ મૂળજીભાઈ પરીખ	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	ડૉ. પી. પી. મહેતા	ગેરહાજર
૧૫.	શ્રી. રમેશચન્દ્ર મણિલાલ શાહ	હાજર
૧૬.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર
૧૭.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૧૮.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૧૯.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ	હાજર
૨૦.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

યાદી પરનું કામકાજ હાથ ધરતાં પહેલાં પ્રમુખશ્રીએ નીચેનો શોકદર્શક પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો :

'ગુજરાત યુનિવર્સિટીની સેનેટ અને સિન્ડિકેટના ભૂતપૂર્વ સભ્ય અને ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ આરોગ્ય મંત્રી અને અમદાવાદ નગરના ભૂતપૂર્વ મેયર ડૉ. વાસુદેવ ત્રિપાઠીના અવસાનથી આ સભા ઊંડા શોકની લાગણી અનુભવે છે, અને શિક્ષણ અને સમાજસેવાના ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલી સન્નિષ્ઠ સેવાઓને કૃતજ્ઞતાપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે.'

ઉપરનો પ્રસ્તાવ સભાગૃહે ઊભા થઈને બે મિનિટનું મૌન પાળીને પસાર કર્યો.

૧. તા. ૨૦--૩--૧૯૭૭ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૦--૩--૧૯૭૭ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ, બાબત નં. ૫૫ ના ઠરાવમાં નિર્દિષ્ટ સુધારેલો ઑર્ડિ. ૯૭ અને બાબત નં. ૭૪ના ઠરાવમાં નિર્દિષ્ટ સ્ટે. ૧૮૦--સી.ની નકલ અનુક્રમે પરિશિષ્ટ 'ક' અને 'ખ' તરીકે ઉમેરીને, મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

(સદરહુ **પરિશિષ્ટો "ક" અને "ખ"** સામેલ છે.)

૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮--બી અન્વયે સ્વાયત્તતા મેળવવા માટેની નીચેની કૉલેજો તરફથી આવેલ અરજીઓ ઉપર સ્થાનિક તપાસસમિતિઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

૧. શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રી. કૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા
૨. શ્રી. બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસા
૩. સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા
૪. શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોનું ધ્યાન સ્વાયત્તતા અંગેનાં સુધારેલાં ધોરણો (નૉર્મ્સ) તરફ ખેંચીને પુછાવવું કે તેના સંદર્ભમાં તેઓ તેમની અરજીઓ ચાલુ રાખવા માંગે છે કે કેમ.

૩. જૂન ૧૯૭૮ થી નવી કૉલેજ શરૂ કરવા માટેની નીચેની અરજીઓ ઉપર ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨) અન્વયે જરૂરિયાત (need) નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. આર્ય સમાજ, મહેસાણા તરફથી મહેસાણા ખાતે (બહેનો માટેની) વિનયનની નવી કૉલેજ શરૂ કરવા માટેની જોડાણઅરજી.

૨. સોશિયલ સર્વિસ સર્કલ ટ્રસ્ટ, ગાંધીધામ તરફથી ગાંધીધામ ખાતે (હિંદી માધ્યમની) શિક્ષણની નવી કૉલેજ શરૂ કરવા માટેની જોડાણઅરજી.

(નોંધ.--જોડાણઅરજી સાથે મોકલવાની રૂ. ૧,૦૦૦ની અનામત અને રૂ. ૨૧૦ની ફી અંગે સોશિયલ સર્વિસ સર્કલ ટ્રસ્ટ, ગાંધીધામે તેમણે જૂન ૧૯૭૭થી જોડાણ મેળવવા માટે કરેલ અરજી સાથે મોકલેલ રૂ. ૧,૨૧૦ ની રકમ લક્ષમાં લેવાનું લખ્યું છે. પરંતુ સદરહુ જોડાણઅરજી અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે કૉલેજની જરૂરિયાત ન સ્વીકારતાં તેમણે રાજ્ય સરકારને અપીલ કરી છે આથી તે જોડાણ-અરજી પરની કાર્યવાહી પૂરી થઈ ન ગણાય એટલે ઑર્ડિ. ૧૨૦ અન્વયે રૂ. ૧,૦૦૦ અનામત હાલને તબક્કે પરત કરી શકાય નહીં. આથી જૂન ૧૯૭૮થી જોડાણ મેળવવા માટેની તેમની અરજી સાથે તેમણે રૂ. ૧,૨૧૦ ની રકમ મોકલવી જોઈએ જે તેમણે મોકલી નથી.)

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨) અન્વયે જરૂરિયાત (need) નક્કી કરવા બાબતમાં સદરહુ કૉલેજની જોડાણ અરજી અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૪-૧૯૭૭ની સભાની ભલામણ સ્વીકારવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૨) અન્વયે જરૂરિયાત (need) નક્કી કરવા બાબતમાં સદરહુ કૉલેજની જોડાણ અરજી અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૪-૧૯૭૭ની સભાની ભલામણ સ્વીકારવી.

ઉપર નિર્દિષ્ટ અરજીઓ પરની એકેડેમિક કાઉન્સિલની ભલામણ ઉપરાંત નીચેની સંસ્થાઓ તરફથી જૂન ૧૯૭૮ થી નવી કૉલેજ અને વધારાની વિદ્યાશાખા શરૂ કરવા માટેની જોડાણ અરજીઓ પરની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૦-૩-૧૯૭૭ની સભાના ઠરાવ પરની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૪-૧૯૭૭ની સભાની ભલામણો પર વિચારણા કરવામાં આવી :

(૧) બનાસકાંઠા જિલ્લા કેળવણીમંડળ, પાલનપુર તરફથી પાલનપુર મુકામે વાણિજ્ય વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટેની જોડાણ અરજી.

(૨) કાપડિયા એન. એમ. એમ. સાર્વજનિક આર્ટ્સ કૉલેજ, સંખેડા તરફથી સદરહુ કૉલેજમાં વાણિજ્યની વધારાની વિદ્યાશાખા શરૂ કરવા માટેની જોડાણ અરજી.

તે પર ઠરાવવામાં આવ્યું કે—

(૧) સદરહુ જોડાણઅરજી પરની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૦-૩-૧૯૭૭ની સભાની ભલામણ સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૪-૧૯૭૭ ની સભાની ભલામણ મંજૂર કરવી.

(૨) સદરહુ જોડાણઅરજી પરની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૦-૩-૧૯૭૭ની સભાની ભલામણ સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૪-૧૯૭૭ ની સભાની ભલામણ મંજૂર કરવી.

૪. અમદાવાદ ટેક્ષ્ટાઈલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન (અટિરા), અમદાવાદને રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના વિષયોમાં પીએચ.ડી. પદવી માટે સંશોધન કરવા માટે ચાલુ માન્યતા તથા મનોવિજ્ઞાનના વિષયમાં પીએચ.ડી. પદવી માટે સંશોધન કરવા માટે તા. ૧૫-૬-૧૯૭૭થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીની વધારાની માન્યતા આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

[નોંધ.—શિક્ષક તથા બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને ધારાધોરણો અનુસાર પગારધોરણ અને અન્ય ભથ્થાં આપવા ઇ.ની શરતના તથા પ્રૉવિડંટ ફંડ અને ગ્રૅચ્યુઇટીની જોગવાઈઓની શરતોના પરિપાલન અંગે સદરહુ સંસ્થાએ તેના તા. ૩ એપ્રિલ ૧૯૭૭ના પત્રાંક ડી.આઈ.આર. ૭૭થી નીચે મુજબ જણાવ્યું છે :

(1) The salaries, Dearness Allowances and House Rent Allowances paid to the teaching and non-teaching (in our case research and non-research) staff are according to the CSIR Scales which have been revised in 1974 following the recommendations of the Third Pay Commission. The question of retrenchment of teachers does not arise in our case.

(2) Our Provident Fund rules are according to the requirements of the Act. The Provident Fund Commissioner, Ahmedabad, has authorised us to administer the Fund ourselves subject to fulfilment of the terms and conditions of the Provident Fund Act.

(3) Gratuity is paid to employees drawing a salary (basic) of less than Rs. 1,000/- according to the Payment of Gratuity Act. For those getting a basic salary over Rs. 1,000/- gratuity is paid according to the CSIR Model Scheme.]

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન (અટિરા) અમદાવાદને રસાયણ વિજ્ઞાન અને ભૌતિક વિજ્ઞાનના વિષયોમાં પીએચ.ડી. પદવી માટે સંશોધન કરવા માટે તા. ૧૫--૬--૧૯૭૭થી તા. ૧૪--૬--૧૯૮૦ સુધીની ચાલુ માન્યતા આપવી તથા મનોવિજ્ઞાનના વિષયમાં પીએચ.ડી. પદવી માટે સંશોધન કરવા માટે તા. ૧૫--૬--૧૯૭૭થી તા. ૧૪--૬--૧૯૮૦ સુધીની વધારાની માન્યતા આપવી.

૫. કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમ માટેની સમિતિની તા. ૧૪--૨--૧૯૭૬ની સભાની ભલામણો સ્વીકારવા વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૬--૧૦--૧૯૭૬ની સભાની ભલામણ પરત્વે એકેડેમિક કાઉન્સિલની તા. ૭--૨--૧૯૭૭ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪--૨--૧૯૭૬ની સભાની ભલામણો બી.ઈ. (ઇલેકિટ્રકલ) અને બી.ઈ. (મિકેનિકલ)ની સાથે બી.ઈ. (સિવિલ) શબ્દોનો પણ ઉમેરો કરીને મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨૮--૩--૧૯૭૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિ. વિનયનની વધુ એક પરીક્ષા ઑકટોબર ૧૯૭૭માં લેવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની એક વધુ પરીક્ષા ઑકટોબર ૧૯૭૭માં યોજવાનું રાખવું.

૭. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૩/૨૪--૩--૧૯૭૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ત્રીજા વર્ષ બી.કૉમ.ની પરીક્ષામાં તથા એમ.કૉમ. ભાગ ૧ અને ભાગ ૨ ની પરીક્ષામાં વિદ્યાર્થીઓને જે નંબરો આપવામાં આવે છે તે પરીક્ષકોને પ્રશ્નપત્રો તપાસવા મોકલતી વખતે યુનિવર્સિટી કાર્યાલયમાં "ડમી" નંબરો આપીને મોકલવા ભલામણ કરવી. જો આ બંને પરીક્ષાઓ માટે માર્ચ--એપ્રિલ ૧૯૭૭ની પરીક્ષામાં શકયત: ન બને તો ત્રીજા વર્ષ બી.કૉમ.ની પરીક્ષા માટે "ડમી" નંબર આપવાની પ્રથા દાખલ કરવી અને એમ.કૉમ.ની પરીક્ષા માટે ડમી નંબર આપવાની પ્રથા આવતા વર્ષથી દાખલ કરવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો અને વિનયન અને વિજ્ઞાનની વિદ્યાશાખાઓને પણ પોતપોતાની વિદ્યાશાખાની પરીક્ષાઓના સંદર્ભમાં ડમી નંબરોની પ્રથા અંગે વિચારણા કરવા સૂચવવું.

૮. **યુનિવર્સિટીમાં શિક્ષકોની જગ્યાઓ ખાલી પડે તે તારીખથી બે વર્ષના ગાળામાં પૂરવામાં આવે તો વધારાની બ્લોક મેન્ટેનન્સ ગ્રાન્ટ ચૂકવવામાં આવશે તેવા રાજ્ય સરકારના તા. ૧૫-૩-૧૯૭૭ના ઠરાવ ક્રમાંક યુ.એસ.જી. ૧૧૭૭-કેએચની નોંધ લેવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૯. **કૉલેજને ભાષાકીય કે ધાર્મિક લઘુમતીની કક્ષા આપવાની બાબતમાં રાજ્ય સરકારના તા. ૧-૯-૧૯૭૬ના પત્રાંક જી.યુ.ઓ. ૧૦૭૫-૬૬૬૩-ખ થી દર્શાવેલ માર્ગદર્શક ધોરણો જે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૦-૩-૧૯૭૭ની સભાએ સ્વીકાર્યાં છે તેના સંદર્ભમાં સદરહુ કૉલેજોને ભાષાકીય ધાર્મિક લઘુમતીની ગણવા અંગેની તેમની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.**

૧. તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, આદિપુર ... ભાષાકીય લઘુમતી
૨. તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર ... ભાષાકીય લઘુમતી
૩. રોઝી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિન્દ્રપુર ... ધાર્મિક લઘુમતી.

(નોંધ.—ઉપરની કૉલેજોના સંસ્થાપકો તથા સંચાલકો ભાષાકીય ધાર્મિક લઘુમતી કોમના છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી માન્ય કરવી, માત્ર સરકારી ગાઈડ લાઈન્સને અનુરૂપ એ છે કે કેમ તે કાયદાશાસ્ત્રના ટીનશ્રી જોઈ લે એટલે લાગતાવળગતાને જાણ કરવી.

૧૦. **પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીને તેઓની કૉલેજમાં છેલ્લાં પાંચ વર્ષથી સેવા બજાવતા બિનશિક્ષક કર્મચારીઓના પગાર, નામ, હોદ્દા તથા અન્ય માહિતી મોકલવા માટે યુનિવર્સિટી કાર્યાલય તરફથી આર. ડી. ઓ. પત્ર સહિત દસ જેટલા પત્રો લખવા છતાં માહિતી મોકલી નથી તો તે પરત્વે વિચારણા કરવા બાબત.**

અને

૬૫. **એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૦-૩-૧૯૭૭ની સભાના ઠરાવ અન્વયે પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદને તેને તેમના શિક્ષકોની બાકી નીકળતી લેણી રકમની ચુકવણી કરી ન હોઈ તેમની જૂન ૧૯૭૭ ની ચાલુ જોડાણ મેળવવાની અરજી પર આગળ કાર્યવાહી થઈ શકે તેમ નથી તથા જૂન ૧૯૭૭ થી તેઓ કોઈ પણ વિદ્યાર્થીને પ્રવેશ આપી શકશે નહિ તેવી જાણ કરતા પત્રના અનુસંધાનમાં સદરહુ કૉલેજના આચાર્યશ્રી તરફથી મળેલ તા. ૧૯-૪-૧૯૭૭ના પત્રાંક ૧એ-એફી-૮૨૪૫ પર વિચારણા કરવા બાબત.**

બાબત નં. ૧૦ના સંદર્ભમાં બાબત નં. ૬૫ પણ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

તે પછી બાબત નં. ૧૦ અંગે ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી કાર્યાલયના પત્રોના જવાબ આપવામાં શિથિલતા દર્શાવવા માટે સદરહુ કૉલેજનાં આચાર્યને ઠપકો આપવો.

તે પછી બાબત નં. ૬૫ અંગે કેટલીક ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે આ સભાગૃહે તેની તા.૨૦-૩-૧૯૭૭ની સભામાં કરેલા ઠરાવમાં કશો ફેરફાર કરવાનું કારણ જણાતું નથી અને તેથી તે ઠરાવનું પુનરુચ્ચારણ (reiteration) કરે છે.

૧૧. સરદાર વલ્લભભાઈ સમાજ સેવા ટ્રસ્ટ, નડિયાદ સંચાલિત યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદનું જોડાણ સને ૧૯૭૬–૭૭ના (ચાલુ વર્ષના) બીજા સત્રના અંતથી પરત કરવાનું જણાવતા સદરહુ ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટીના તા. ૧૨–૪–૧૯૭૭ના પત્ર ઉપર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના સંચાલકમંડળ સાથે ઘટની ચર્ચાવિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ
૨. પ્રો. કે. એસ. શાસ્ત્રી

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજ ચાલુ રાખવામાં સંચાલકમંડળને આર્થિક મુશ્કેલીઓ પડે છે તે જોતાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની આ સભા રાજ્ય સરકારને ભલામણ કરે છે કે આ સંસ્થાને જોઈતી નાણાકીય સહાય તત્કાલ જાહેર કરવામાં આવે, જેથી કૉલેજ ચાલુ રહી શકે. જો આર્થિક સહાય તત્કાલ જાહેર કરીને કૉલેજને ચાલુ રાખવાનું રાજ્ય સરકારને માટે શક્ય ન બને તો રાજ્ય સરકાર પોતે અથવા સ્વાયત્ત કૉર્પોરેશન દ્વારા આ કૉલેજનું સંચાલન સંભાળી લે તેમ રાજ્ય સરકારને આ સભા ભલામણ કરે છે.

ઉપર જણાવ્યા મુજબ આ કૉલેજનું સંચાલન પોતા થકી અથવા સ્વાયત્ત કૉર્પોરેશન દ્વારા સંભાળવાનું રાજ્ય સરકારને માટે શક્ય ન હોય તો યુનિવર્સિટીને એ કૉલેજ ચલાવવા માટે પૂરેપૂરા ખર્ચની તથા કૉલેજ ચલાવવા માટે વરસોવરસ જે સઘળી આર્થિક ખાધ પડે તે પૂરેપૂરી ભરપાઈ કરવાની તમામ જવાબદારી સ્વીકારવા માટે રાજ્ય સરકાર તરફથી સ્પષ્ટ બાંયધરી આપવામાં આવે તો જ અને ત્યારે જ, ખાસ અપવાદરૂપે, આ કૉલેજનું સંચાલન સંભાળવા માટેની જરૂરી કાર્યવાહી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ હાથ ધરવી અને સાથેસાથે સ્પષ્ટતા કરવી કે આ બાબત ભવિષ્યમાં શિરસ્તારૂપ લેખાશે નહીં અને અપવાદરૂપ જ ગણાશે.

૧૨. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં સને ૧૯૭૭–૭૮ના વર્ષમાં એકાઉન્ટ્સના ટીચર્સ માટે પરિસંવાદ યોજવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૨૮–૩–૧૯૭૭ના પત્ર ક્રમાંક એફ. નંબર ૩–૩૧–૧–૭૭ એફ.આઈ.પી.થી રૂ. ૧૪,૬૧૭નું અંદાજી ખર્ચ મંજૂર કરી તે પેટે રૂ. ૧૩,૦૦૦ (રૂપિયા તેર હજાર પૂરા) અનુદાન પેટે મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૩. હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. જયકૃષ્ણ ઇન્દ્રજી સંશોધન ઍવૉર્ડ્ઝ ફૉર ઝૂલૉજી–૧૯૭૫ની નિષ્ણાત સમિતિના એક સભ્ય ડૉ. આર. ડી. આડતિયાની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત.

[નોંધ.–૧. સમિતિના અન્ય સભ્યો નીચે મુજબ છે જેઓનાં માનદ્યો મળી ગયેલાં છે :

૧. ડૉ. આનંદ સારાભાઈ
૨. ડૉ. એન. બી. ઈનામદાર
૩. ડૉ. સી. એચ. પાઠક
૪. પ્રા. અજિતરાય ક. માંકડ (હરિ ૐ આશ્રમના પ્રતિનિધિ)

૨. ઉપરોક્ત સ્પર્ધામાં માત્ર એક જ હરીફે ભાગ લીધો છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. આર. ડી. આડતિયાએ હવે સંમતિ દર્શાવી છે તો એમની નિમણૂક ચાલુ રાખવી, અને વધારામાં ડૉ. એચ. બી. તિવારી (ઉદેપુર)ને નીમવા.

૧૪. હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. કે. એમ. કાંટાવાલા સંશોધન એવોર્ડ માટે શ્રી. કાંટાવાલાએ સંશોધન એવોર્ડ આપવા અંગેની સામાન્ય નીતિ અને વિષયોની તૈયાર કરેલી માહિતી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંશોધન એવોર્ડ માટે સામાન્ય નીતિ અને વિષયો આ સાથે જોડેલા પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા.

(સામાન્ય નીતિ અને વિષયોની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૧૫. ગુજરાત રાજ્યની કોઈ કૉલેજ કે યુનિવર્સિટીમાંથી શિક્ષકો યુનિવર્સિટીમાં જોડાતા હોય તેવા કિસ્સામાં દરેક કિસ્સા ગુણવત્તાના ધોરણે તપાસી શકાય તેમ સ્પષ્ટતા કરતાં સંયુક્ત શિક્ષણનિયામકના તા. ૯-૨-૧૯૭૭ના પત્રના સંદર્ભમાં વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના શિક્ષકોને સેન સમિતિનાં પગારધોરણોમાં પગાર નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	**શિક્ષકનું નામ**	**હોદ્દો તથા વિભાગ**	**જોડાયા તારીખ**	**જોડાયા ત્યારે મૂળ માસિક પગાર**
૧.	શ્રી. આર. ટી. રતાણી	આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા, વિજ્ઞાન વિદ્યાભવન	૧૧-૧૧-૧૯૭૬	રૂ. ૫૬૦-૦૦
૨.	શ્રી. એસ. જી. દેસાઈ	રીડર ઈન માઈક્રોબાયોલોજી, વિજ્ઞાન વિદ્યાભવન	૧૦-૧૧-૧૯૭૬	રૂ. ૮૦૦-૦૦

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને સદરહુ અધ્યાપકોનો મૂળ માસિક પગાર સુધારેલા પગારધોરણમાં નીચે મુજબ નિયત કરવો :

શ્રી. આર. ટી. રતાણી	રૂ.	૯૦૦ (તેમને હવે પછીનો વાર્ષિક ઈજાફો તા. ૧-૬-૧૯૭૭ના રોજ આપવાનો થશે.)
શ્રી. એસ. જી. દેસાઈ	રૂ.	૧,૨૦૦

૧૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી તેમના તા. ૧૦-૩-૧૯૭૭ના પત્રાંક એફ. ૫-૫૭-૭૭/એફ, તા. ૧૦-૫-૧૯૭૭થી ૩૧-૫-૧૯૭૭ દરમ્યાન "Summer Institute in Research & Methodology in Psychology for College Teachers—1977" યોજવા માટેનો અંદાજી ખર્ચ રૂ. ૧૪,૧૦૦ (રૂપિયા ચૌદ હજાર એકસો પૂરા) મંજૂર કરી પ્રથમ હપતા પેટે રૂ. ૧૧,૦૦૦ (રૂપિયા અગિયાર હજાર પૂરા) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૭. પોલિવેલેન્ટ એડલ્ટ એજ્યુકેશન સેન્ટરના ઉપક્રમે તા. ૨૬-૩-૧૯૭૭ થી કલે મોડલ્સ, પેઈન્ટિંગ્સ અને રમકડાંનું પ્રદર્શન યોજવા અંગે પોલિવેલેન્ટ એડલ્ટ એજ્યુકેશન સેન્ટરના માનદ અધ્યક્ષશ્રી તરફથી આવેલ પત્ર નંબર ૯૮૯ તા. ૧૫-૨-૧૯૭૭ મુજબ રૂ. ૧,૧૫૦ (રૂપિયા એક હજાર એક સો પચાસ પૂરા) ના ખર્ચનું અંદાજપત્રક મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાર્યક્રમ માટે રૂ. ૧,૧૫૦ સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૧૮. ગુજરાત રાજ્યના શિક્ષણખાતાના તા. ૨૫--૩--૧૯૭૭ના પત્રાંક આર.વાય.એમ. ૧૦૭૧-૧૬૯૬૦ (૭૭) એનએમ.થી યુનિવર્સિટી કેમ્પસમાં ગુરુ નાનક ભવનના બાંધકામ માટેનાં રૂ. ૪,૯૦,૦૦૦ (રૂપિયા-ચાર લાખ નેવું હજાર પૂરા)નો અંદાજી ખર્ચ મંજૂર રાખીને હાલ રૂ. ૧,૨૫,૦૦૦ (રૂપિયા એક લાખ પચ્ચીસ હજાર પૂરા) અનુદાન પેટે યુનિવર્સિટીને ચૂકવ્યાની નોંધ લેવા બાબત.

(નોંધ.—ગુરુ નાનક ભવનની યોજના સ્વીકારવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૭--૭--૧૯૭૬ની સભામાં ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૯. સેન કમિટી અને દેસાઈ પંચની ભલામણો પરથી કરવામાં આવેલા રાજ્ય સરકારના ઠરાવો મુજબના સુધારાઓ સહિત કરેલા સંલગ્ન કૉલેજના અનુક્રમે શિક્ષક અને બિનશિક્ષક વર્ગના કર્મચારીઓનાં તાજેતરમાં સુધારવામાં આવેલ પગારધોરણો ઇત્યાદિ અંગેનો ખર્ચ રાજ્ય સરકાર ૧૦૦ ટકા સુધી ઉપાડે નહીં ત્યાં સુધી તેનો અમલ કરી શકાય તેમ નથી તેમ જણાવતા શ્રી. મથુરાદાસ એલ. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી, મોડાસાના માનદ મંત્રીના તા. ૨૮--૩--'૭૭ના તે પત્રો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૦. રાજ્ય સરકાર તરફથી યુનિવર્સિટીમાં નવાં અનુસ્નાતક ભવનો તથા વિભાગો માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મંજૂર કરેલ જગ્યાઓ માટેની અનુમતિ અંગે તથા આ તમામ જગ્યાઓના આવર્તક ખર્ચની સમગ્ર જવાબદારી પંચવર્ષીય યોજનાના અંતે વહન કરવા તથા રીડર્સ ક્વાર્ટર્સ માટે યુ. ગ્રા. કમિશને બાંધકામ અંગેની રૂ. ૧,૦૦,૦૦૦ (પાંચ લાખ)ની યોજના સાથે ૧૦ ટકા પ્રમાણેની રાજ્ય સરકારની આર્થિક સહાય ½ ગ્રાન્ટ તરીકે તથા ½ લોન તરીકે આપવા માટે મંજૂર કર્યા અંગેના તેમના તા. ૩૧--૩--૧૯૭૭ના ઠરાવ ક્રમાંક યુ.એસ.જી. ૧૧૭૬ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૨૧. સને ૧૯૭૫--૭૬ના વર્ષના ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો પરની યુનિવર્સિટી ઑડિટર્સ મેસર્સ લાખિયા ઍન્ડ કં.ની ઑડિટ નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑડિટ નોંધ તથા તે પરના કાર્યાલયના જવાબો મંજૂર કરવા અને ઑડિટર્સનો આભાર માનવો.

૨૨. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં પ્લેસમેન્ટ ઑફિસરની જગ્યા માટે વરણીસમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

(આ જગ્યાનું પગારધોરણ રૂ. ૭૦૦--૪૦--૧,૧૦૦--૫૦--૧,૩૦૦ નું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટે નીચે મુજબ વરણીસમિતિની નિમણૂક કરવી :

(૧) ડૉ. સૅમ્યુઅલ પૉલ
(૨) શ્રી. મલકાણી
(૩) પ્રો. કે. એસ. બાસુ (મુંબઈ).

૨૩. યુનિવર્સિટીનાં પ્રદાનો સ્વીકારવા માટે હાલના સ્ટે. રૂલમાં જે પ્રદાનની વાર્ષિક આવક રૂ. ૩૫૦ થી ઓછી ન હોય તેવાં પ્રદાનો સ્વીકારવાની જોગવાઈ છે તેને બદલે સ્ટેચ્યૂટમાં અમુક ચોકકસ રકમનું પ્રદાન લેવાની જોગવાઈ ઉમેરવાનું યુનિવર્સિટી માટે શકય છે કે કેમ તે અંગે રાજય સરકારના શિક્ષણખાતાના તા. ૧૪--૨--'૭૭ના પત્રાંક એસ.જી.એસ--૧૦૭૬/૨૦૬૩૧--કેએચ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીના હાલના સ્ટેચ્યૂટમાં કશો ફેરફાર કરવાની જરૂર જણાતી નથી.

૨૪. Grant in aid for the additional expenditure on account of Revised Pay-scales of the non-teaching staff માટે શિક્ષણનિયામકશ્રી, ગુજરાત રાજય, અમદાવાદે તેમના પત્ર નં. એસ. ૯૬ એન ટી-સ્ટાફ-કે ૭૯૪૮-૫૯ તા. ૩૦--૩--૧૯૭૭થી રૂ. ૧૦,૦૦,૦૦૦ (અંકે રૂપિયા દસ લાખ) પૂરાનું અનુદાન મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૨૫. એન. એસ. એસ. સલાહકાર સમિતિની તા. ૨૧--૩--૧૯૭૭ની સભાની ભલામણ મુજબ આગામી ઉનાળાના વેકેશનમાં યુનિવર્સિટીના ઉપકમે રાષ્ટ્રીય સેવા યોજનાના વિવિધ પ્રકારના ચાર આંતર-કોલેજ શિબિરો યોજવાનું અને તેનું અંદાજી ખર્ચ રૂ. ૨૭,૦૦૦ થશે તે પૈકી ભારત સરકારે આપેલ વિદ્યાર્થી દીઠ રૂ. ૬ લેખે અંકે રૂ. ૨૬,૪૦૦નો ખર્ચ એન. એસ. એસ.ની શિબિરની ગ્રાન્ટમાં અને રૂ. ૬૦૦નો ખર્ચ પ્રોજેકટની ગ્રાન્ટમાં ભારત સરકારની સૂચના મુજબ પાડવાનું મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

૨૬. નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ, અમદાવાદ દ્વારા "The constitution (42nd Amendment) Bill 1976 (Bill No. 91-F of 1976) as passed by the House of Parliament" અંગે તા. ૨૧--૩--૧૯૭૭ના પત્રાંક એફએ/એએમડી/એ/૫/૨/૭૭/૧૦૮૬થી આવેલ સુધારાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૭. ડૉ. બી. કે. સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટમાં ટીચિંગ રિસર્ચ એસોસિયેટ તરીકે કામ કરતા શ્રી. એમ. એલ. ત્રિવેદી તા. ૨--૧૧--૧૯૭૭ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેમની તા. ૧૨--૪--૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ત્રિવેદી ભવનમાં તા. ૧૧--૬--૧૯૭૬થી જોડાયા હતા અને તા. ૨--૧૧--૧૯૭૭ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. એલ. ત્રિવેદીને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તેમના છૂટા થયા પછી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પરત કરવી.

૨૮. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૮--૧૦--૧૯૭૬ની સભામાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના અભ્યાસપ્રવાસ માટે આર્થિક સહાય અને અન્ય ખર્ચ માટે હાલનાં ધારાધોરણમાં ફેરફાર સૂચવવા માટે નીમેલી સમિતિએ સૂચવેલ નિયમો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની ભલામણ નં. ૮ 'ભવનના અધ્યક્ષ'ને બદલે 'વિભાગના વડા' એ ફેરફાર સહ નિયમો મંજૂર કરવા.

(સદરહુ નિયમોની નકલ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

૨૯. ફાઇનાન્સ સમિતિની તા. ૧૪--૪--૧૯૭૭ ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪--૪--૧૯૭૭ ની સભાની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

(૧) બાબત નં. ૪ ઉપરની ભલામણ ચાલુ પરીક્ષાની મોસમ શરૂ થઈ ત્યારથી અમલમાં આવે તે રીતે મંજૂર કરવી.

(૨) ભલામણ નં. ૫ માં 'સદરહુ લોખંડ (સ્ટીલ) યુનિવર્સિટીનાં મકાનોના બાંધકામમાં વાપરવામાં આવશે નહીં તે શરત ઉમેરવી.

(સદરહુ સમિતિની તા. ૧૪--૪--૧૯૭૭ ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૩૦. વિજ્ઞાન વિદ્યાભવનના સ્પેસ સાયન્સીઝ વિભાગમાં ટેકનિકલ આસિસ્ટન્ટ (ઈલેકટ્રોનિકસ) તરીકે કામ કરતા શ્રી. એસ. એસ. મજમુદારનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૯--૫--૧૯૭૭ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૦--૫--૧૯૭૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મિકેનિકલ ટેકનિકલ આસિસ્ટન્ટની જગ્યા મંજૂર કરી છે તો શ્રી. મજમુદારની જગ્યાનું નામાભિધાન બદલવાનું રહેશે તથા તે જગ્યા પર કાયમ કરવાનું રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકવિજ્ઞાનના વિભાગમાં સ્પેસ સાયન્સના ટેકનિકલ આસિસ્ટન્ટ (ઈલેકટ્રોનિકસ)ની જગ્યાનું નામાભિધાન 'મિકેનિકલ ટેકનિકલ આસિસ્ટન્ટ' રાખવું.

તે પછી શ્રી. એસ. એસ. મજમુદારની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, અને ઠરાવવામાં આવ્યું કે શ્રી. એસ. એસ. મજમુદારને મિકેનિકલ ટેકનિકલ આસિસ્ટન્ટની જગ્યા પર તા. ૧૦--૫--૧૯૭૭ થી કાયમ કરવા.

૩૧. વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ અને આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. સી. જી. ખત્રી ભારત સરકારની મંજૂરી મળ્યા પહેલાં અને રજાઓ મંજૂર કરાવ્યા સિવાય યુનિવર્સિટી ઑફ ટોરન્ટો, કેનેડા જવા રવાના થયા તેના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮--૯--૧૯૭૬ના રોજ નીમેલી તપાસસમિતિની તા. ૧૮-૩--૧૯૭૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણની નોંધ લેવી.

૩૨. શિક્ષણનિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ તરફથી તેમના પત્ર ક્રમાંક એસ-૯૭-૪૮-૭૬-૭૭ -એ-૭૩૬૩-૭૨, તા. ૧૪--૩--૧૯૭૭ થી વિદ્યાર્થિનીઓના છાત્રાલય (ચોથી પંચવર્ષીય યોજના, ડેવેલપમેન્ટ સ્કીમ)-ના બાંધકામ માટે કુલ રૂ. ૧૬,૦૦૬-૬૭ (રૂપિયા સોળ હજાર છ અને પૈસા સડસઠ પૂરા)ની લોન (અગાઉ

ગ્રાન્ટ પેટે આપેલ રૂ. ૧,૩૨૦--૬૭ લોનની અંદર ગણી બીજા રૂ. ૧૪,૬૮૬ મંજૂર કર્યા એમ બન્ને મળીને કુલ લોન રૂ. ૧૬,૦૦૬--૬૭ મંજૂર કરેલ છે તે નીચેની શરતોએ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત :

1. The amount of loan should bear interest at the rate of 11% per annam.
2. The loan alongwith its interest should be repaid in Eight equal yearly instalments and the repayment shall start one year after the payment of the loan.
3. If the repayment of the instalment of principal and interest of loan is not made on the due dates, then penal rate of interest should be charged @ 2½% over and above the normal rate prescribed above.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૩૩. સ્ટુડન્ટ્સ સેન્ટર અને કેન્ટીન તથા લાઈબ્રેરીના બાંધકામ માટે ગુજરાત સરકારશ્રીએ શિક્ષણ ખાતાના ઠરાવ નંબર યુ. એસ. જી. ૧૧૭૫/કે.એચ. તા. ૨૯--૯--૧૯૭૬ થી જે મંજૂરી આપી હતી તેને બદલે અનુક્રમે વિદ્યાર્થીઓના છાત્રાલયના બાંધકામ માટે તથા ચોથા વર્ગના કર્મચારીઓના મકાનના બાંધકામ માટે નીચેની વિગતે તેમના ઠરાવ નંબર કોરિ જેન્ડમ યુ.એસ.જી. ૧૧૭૭-કેએચ, તા. ૨૪--૨--૧૯૭૭ થી મંજૂરી આપ્યાની નોંધ લેવા બાબત:

Sr. No,	*Scheme*	*Approved Cost*	*Share*		*Govt. share*		*Re-marks*
			U.G.C.	*State*	*Grant*	*loan*	
1	2	3	4	5	6	7	8
	Existing						
3.	Construction of students Centre and canteen	6,00,000	3,00,000,	3,00,000	100%	—	—
5.	Construction of extension of library	2,00,000	1,00,000	1,00,000	100%	—	—
	Substitute						
3.	Construction of Men's Hostel	6,00,000	3,00,000	3,00,000	66⅔%	33⅓%	—
5.	Construction of class IV staff quarters.	2,00,000	1,00,000	1,00,000	66⅔%	33⅓	—

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૩૪. સ્ટાફના વહીવટી પ્રશ્નો માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૨–૩–૧૯૭૭ ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨-૩–૧૯૭૭ ની સભાની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

(૧) 'ટાઈપિસ્ટ અંગે ચટાવાળાની સેવાઓ તમામ વિભાગોને મળી રહે તે રીતે તે એપોર્શન કરવા માટે વિદ્યાલયોના અધ્યાપકશ્રીઓને જણાવવું.'

(૨) બાબત નં. ૫ ઉપરની ભલામણનો અમલ તા. ૧૫મી જૂન ૧૯૭૭થી કરવામાં આવે.

(સદરહુ સમિતિની તા. ૨૨–૩–૧૯૭૭ ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૩૫. ગ્રોશ વર્ગના કર્મચારીઓના રહેઠાણ માટેની યોજના અંગે રાજ્ય સરકારના ફાળા તરીકે યુનિવર્સિટીને આપવાની થતી ગ્રાન્ટના પ્રથમ હપ્તા તરીકે રૂ. ૯૩,૦૦૦ (રૂપિયા નેવું હજાર પૂરા)ની ચુકવણી કરવાનું મંજૂર કર્યાના ગુજરાત રાજ્ય સરકારના ઠરાવ ક્રમાંક યુ.એસ.જી. ૧૧૭૭-કેઓચ, તા. ૨૨–૩–૧૯૭૭ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૩૬. ગુજરાત યુનિવર્સિટી સુપરવાઈઝરી સ્ટાફ એસોસિયેશનની તા. ૧૭–૩–૧૯૭૭ના રોજ મળેલી કારોબારીના નીચેના ઠરાવો પર વિચારણા કરવા બાબત :

(૧) "નોકરીના સમય દરમિયાન કર્મચારીઓને બઢતી આપવામાં આવે ત્યારે રાજ્ય સરકારનાં ધારાધોરણ પ્રમાણે બઢતીના પગારધોરણમાં રદેજ આપ કર્યા પછી એક ઈન્ક્રીમેન્ટ આપવા અંગેની બાબત લાંબા સમયથી યુનિવર્સિટીનાં સત્તામંડળોની વિચારણા હેઠળ છે. આ સંજોગોમાં રાજ્ય સરકારના ધોરણે જ આપવાની હોઈ તે અંગે તાકીદે નિર્ણય લઈ તેનો અમલ કરવા ગુજરાત યુનિવર્સિટી સુપરવાઈઝરી સ્ટાફ એસોસિયેશનના કારોબારી મંડળની આ સભા યુનિવર્સિટીને આગ્રહભરી વિનંતી કરે છે."

(૨) "ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૭–બી અન્વયે રચાનાર યુનિવર્સિટીના બિનશિક્ષક કર્મચારીઓ માટેની જોઈન્ટ કન્સલ્ટેટિવ કમિટી પર આ એસોસિયેશનને પ્રતિનિધિત્વ આપવા માટે ગુજરાત યુનિવર્સિટી સુપરવાઈઝરી સ્ટાફ એસોસિયેશનના કારોબારી મંડળની આ સભા યુનિવર્સિટીને આગ્રહભરી વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ પ્રસ્તાવ નં. ૧ની બાબતમાં રાજ્ય સરકારને આ અગાઉ રજૂઆત કરી છે તેના જવાબની રાહ જોવી.

(૨) સદરહુ પ્રસ્તાવ નં. ૨ સ્વીકારવો.

૩૭. પ્રી-યુનિ. સાયન્સની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને પ્રતિવર્ષ "ડૉ. કે. એસ. નારગુન્દ પારિતોષિક" એનાયત કરવામાં આવે છે તેને બદલે સદરહુ પારિતોષિક માર્ચ ૧૯૭૭થી એફ.વાય.બી.એસસી.ની

પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવા અંગે નિયમમાં ફેરફાર કરવા માટે ડૉ. કે. એસ. નારગુન્ડ સન્માનનિધિ સમિતિ, અમદાવાદ તરફથી આવેલ તેમના તા. ૧૦–૩–૧૯૭૭ ના પત્રના સંદર્ભમાં કાર્યાલય તરફથી તૈયાર કરવામાં આવેલ નીચે દર્શાવેલ સૂચિત નિયમ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

A prize to be called " Dr. K. S. Nargund Science Prize of Rs. 100 in cash or books at the option of the prize winner shall be awarded anually to student who passes the First B.Sc. Examination in First Class at First trial and secures the highest number of marks in the following groups in rotation :

1. Physics–Chemistry–Mathematics Group.
2. Physics–Chemistry–Biology Group.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાન અંગેનો ઉપરનો નિયમ મંજૂર કરવો.

૩૮. યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોની જુદી જુદી પરીક્ષા માટે સત્રો રાખતા વિદ્યાર્થીઓ અંગે તેમણે રાખેલ હાજરી ખોટી રીતે પુરાવ્યા અંગેની મળતી ફરિયાદો બાબત અંગેના કેસો પર વિચારણા કરવા માટે સમિતિની રચના કરવા બાબત તેમજ તે સમિતિની સમયમર્યાદા નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાયી સમિતિ નીમવી :

૧. આચાર્ય કે. એન. શાહ
૨. આચાર્ય બી. એમ. પીરજાદા
૩. પ્રો. આર. એમ. શાહ.

૩૯. મે, ૧ થી જૂન ૧૦, ૧૯૭૭ના સમય દરમિયાન ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ મુકામે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી યોજનાર "Nature of Geography" પરના અભ્યાસવર્ગમાં બે શિક્ષકોને મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસવર્ગમાં આ યુનિવર્સિટી તરફથી શ્રી. અંબુભાઈ દેસાઈ અને શ્રી. વી. બી. દલાલને મોકલવા.

૪૦. તા. ૨૪થી ૨૭ ઑક્ટોબર ૧૯૭૭ના રોજ દરમિયાન "Indian Philosophical Congress"નું ૫૨મું અધિવેશન ગૌહત્તી મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે રાખેતા મુજબની શરતોએ પ્રો. એમ. વી. બક્ષીને મોકલવા.

૪૧. શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકામાં એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના પ્રાધ્યાપક તરીકે કામ કરતા શ્રી. આર. આર. પટેલ તા. ૯–૧૦–૧૯૭૬થી રાજીનામું આપીને છૂટા થતાં સદરહુ કૉલેજે તેમની જગ્યાએ બીજા સત્ર પૂરતી શ્રીમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં કાર્ય કરતા શ્રી. એ. ઓ. કાશિયાની મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કરેલ નિમણુક મંજૂર રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજે શ્રી. એ. ઓ. કારિયાની મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કરેલી વ્યવસ્થા ફકત ચાલુ સત્ર પૂરતી ગ્રાહ્ય રાખવી અને જૂન ૧૯૭૭ થી યોગ્ય લાયકાત ધરાવતા પ્રાધ્યાપકની નિમણુક કરવી આવશ્યક રહેશે અને જો તેમ કરવામાં આવશે નહીં તો તે વિષયમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૪૨. સંલગ્ન કૉલેજોના શિક્ષકો અંગેની નીચે પ્રમાણેની યાદીઓની નોંધ લેવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજોના માન્ય થયેલા શિક્ષકોની યાદી

(૨) આ અગાઉ માન્ય થયેલા શિક્ષકો જેઓ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી સંલગ્ન કૉલેજમાં જોડાયા છે તેની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.

૪૩. ગુજરાત યુનિવર્સિટીમાં કામ કરતા નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલાં કારણોસર મકાન બંધાવવા-મરામત કરાવવા માટે સ્ટે. ૧૮૮ (૨) હેઠળ તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ-વિભાગ	લોનની રકમ	સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	કયા કારણસર લોનની માંગણી કરી છે?
(૧)	શ્રી. એમ. એમ. પંચાલ, લેબો. આસિ., વિજ્ઞાન વિદ્યાભવન	રૂ. ૭,૨૦૦	ના	હા. બોર્ડના ફ્લેટ માટે
	(નોંધ.—શ્રી. પંચાલને આ લોન તા. ૭-૧૧-૧૯૭૭ પછી આપવાની રહેશે.)			
(૨)	શ્રી. પી. એલ. પરમાર, કમ્પાઉન્ડર, યુનિ. આરોગ્ય કેન્દ્ર	રૂ. ૬,૬૦૦	ના	,,
(૩)	શ્રી. આર. બી. સાડીવાલા, પ્લાન્ટ કલેકટર, વિજ્ઞાન વિદ્યાભવન	રૂ. ૭,૮૦૦	ના	,,
(૪)	શ્રી. આર. ડી. ભાવસાર, જુ. કલાર્ક, પરીક્ષા વિભાગ	રૂ. ૯,૬૦૦	ના	,,
(૫)	શ્રી. એમ. બી. દવે, હેડકલાર્ક, એકેડેમિક વિભાગ	રૂ. ૧૩,૨૦૦	હા	હા. સોસાયટીમાં જોડાયા હોવાથી
(૬)	શ્રી. એન. એમ. પટેલ, વ્યાખ્યાતા, વિજ્ઞાન વિદ્યાભવન	રૂ. ૨૯,૮૦૦	ના	ગુ. હા. બોર્ડની ટેનામેન્ટ યોજના માટે
(૭)	શ્રી. બી. એમ. મોદી, પ્રયોગશાળા મદદનીશ, વિજ્ઞાન વિદ્યાભવન	રૂ. ૧૫,૭૨૧	ના	,,
	(નોંધ.—શ્રી. બી. એમ. મોદીને આ લોન તા. ૧૧-૬-૧૯૭૭ પછી આપવાની રહેશે.)			
(૮)	શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ	રૂ. ૮૮,૧૦૦	હા	મકાન-બાંધકામ માટે

[નોંધ.—(૧) શ્રી. એમ. એમ. પંચાલના ખાતે તા. ૩૧--૩--૧૯૭૭ સુધીમાં રૂ. ૭,૨૦૦ (રૂ. ૭,૨૫૧-૫૨) જમા છે તેમાંથી તેમની પ્રૉવિડંટ ફંડની લોન રૂ. ૨૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે. શ્રી. પંચાલને સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે ૭--૫--૧૯૭૭ના રોજ ૧૨ વર્ષ પૂરાં થતાં હોઈ ત્યાર બાદ આ લોન આપવાની રહેશે.

(૨) શ્રી. પી. એલ. પરમાર ખાતે તા. ૩૧--૩--૧૯૭૭ સુધીમાં રૂ. ૬,૬૦૦ (રૂ. ૬,૬૦૨--૦૬) જમા છે.

(૩) શ્રી. આર. બી. સાડીવાલા ખાતે તા. ૩૧--૩--૧૯૭૭ સુધીમાં રૂ. ૭,૮૦૦ (રૂ. ૭,૮૨૧--૫૦) જમા છે.

(૪) શ્રી. આર. ડી. ભાવસારના ખાતે તા. ૩૧--૩--૧૯૭૭ સુધીમાં રૂ. ૯,૬૦૦ (રૂ. ૯,૯૨૫--૦૫) જમા છે.

(૫) શ્રી. એમ. બી. દવેના ખાતે તા. ૩૧--૩--૧૯૭૭ સુધીમાં રૂ. ૧૩,૨૦૦ (રૂ. ૧૩,૨૮૪--૭૫) જમા છે તેમાંથી તેઓની રૂ. ૮,૯૩૧ ની બિલ્ડિંગ લોનની રકમ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૬) શ્રી. એન. એમ. પંડ્યા ખાતે તા. ૩૧--૩--૧૯૭૭ સુધીમાં રૂ. ૨૯,૮૦૦ (રૂ. ૨૯,૮૯૯-૯૨) જમા છે.

(૭) શ્રી. બી. એમ. મોદી ખાતે તા. ૩૧--૩--૧૯૭૭ સુધીમાં રૂ. ૫,૭૨૫ (રૂ. ૫,૭૨૫--૨૭) જમા છે તેમાંથી તેઓની પ્રૉવિડંટ ફંડ લોનના રૂ. ૧,૩૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૮) શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ ખાતે તા. ૩૧--૩--૧૯૭૭ સુધીમાં રૂ. ૮૮,૧૦૦ (રૂ. ૮૮,૧૩૨--૮૫) જમા છે તેમાંથી તેમની બિલ્ડિંગ લોનના રૂ. ૬૮,૩૫૪ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.]

[નોંધ.—એક્ઝિક્યુટિવ કાઉન્સિલે બીજી વાર લોન આપવા અંગે તેની તા. ૨૧--૧--૧૯૭૬ ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"……..વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૮૮ (૨) હેઠળ પોતાના પ્રૉવિડંટ ફંડમાંથી કોઈ પણ કર્મચારીએ એક વાર લોન લીધા પછી ફરીથી લોન લેવાનો પ્રસંગ તેને માટે ઊભો થાય તો તે બાબત અંગે કોઈ ચોક્કસ ધારાધોરણો ઘડવાને બદલે પ્રત્યેક કેસ તેના ગુણદોષ ઉપર વિચારવાનું રાખવું."]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૪૪. ડૉ. બી. આર. મુખરજી (કનો, નાઇજિરિયા, વેસ્ટ આફ્રિકા)એ નીચે દર્શાવેલ બૉંકો, બ્રોકર્સ અને વીમા કું.માંથી તેમના નામે જમા નીકળતી રકમો અને શૅરો વેચતાં ઊપજતી રકમો ગુજરાત યુનિવર્સિટીમાં

"મહાત્મા ગાંધી મેમોરિયલ ફંડ" નામે ટ્રસ્ટ ફંડ સ્થાપવા અને મળેલ રકમના વ્યાજની આવકનો ઉપયોગ માનસિક સ્વાસ્થ્યના ક્ષેત્રમાં તબીબી સંશોધન માટે કરવા સમગ્ર રકમ ગુજરાત યુનિવર્સિટીને સુપરત કરવાનું જણાવતાં તેમના તા. ૧૬--૩--૧૯૭૭ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત :

1. United Commercial Bank, Calcutta
2. Indian Overseas Bank, Calcutta
3. State Bank of India, Calcutta
4. Chung Khiaw Bank Ltd., Singapore
5. Hang Sang Bank Ltd., Hongkong
6. Bain & Co. Hongkong
7. Sun Alliance and London Insurance Group (through Gardive Matterson & Co., Hongkong)
8. Personal Financial Consultants Ltd., Hongkong
9. Great Eastern Life Insurance Co. Ltd., Singapore
10. Sea Groatt & Campbell, Kuala Lumphur, Malayria.

(નોધ.—જો ડૉ. મુખરજીનું અવસાન તેમના માતુશ્રી જેઓ ૮૧ વર્ષનાં છે તેમના પહેલાં થાય તો તેમનાં માતુશ્રીને તેમની હયાતી દરમિયાન આ ટ્રસ્ટ ફંડના રોકાણના વ્યાજના ૫૦ ટકાની રકમ આપવી તેમ તેઓ જણાવે છે.)

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાન, ભારત સરકારની અનુમતિને આધીન સ્વીકારવું.

૪૫. કાયદાની કૉલેજોને સ્વતંત્ર કાયદાની કૉલેજો કરવાની બાર કાઉન્સિલ ઑફ ઈન્ડિયાની ભલામણને અનુલક્ષીને વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ લૉ, અમદાવાદ તથા વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણાને જૂન ૧૯૭૮ થી વિભાગીકરણ કરવા બાબતની અરજીઓ મોકલવાનું જણાવતાં આ બંને કૉલેજોનું સંચાલન કરનાર વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશનના મૅનેજિંગ ટ્રસ્ટીએ તેમના તા. ૨૨--૩--૧૯૭૭ના પત્રાંક ૧૯૮૧થી જણાવ્યું છે કે આ બંને કૉલેજો જુદી પાડવાની ટ્રસ્ટની ઈચ્છા નથી તેમ છતાં યુનિવર્સિટી સત્તામંડળો સ્વતંત્ર કૉલેજો કરવાનો નિર્ણય લઈ તેની જાણ કરશે તો ટ્રસ્ટ ઘટતું કરશે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના સંચાલકમંડળને જણાવવું કે સદરહુ બાબત અંગે ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની તા. ૨૨-૧૧-૧૯૭૫ની ભલામણની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં વાણિજ્ય અને કાયદાની વિદ્યાશાખાઓ અલગ કરવી.

૪૬. યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં જુનિયર કલાર્ક તરીકે કામ કરતા શ્રી. વાય. યુ. મહાજનની તા. ૮--૭--૧૯૭૪થી તા. ૧૭--૨--૧૯૭૬ સુધી હંગામી સેવાઓ પર સ્ટે. ૧૮૦(૨) પ્રમાણે પ્રોવિડંટ ફંડનો લાભ આપવા અંગેની તેઓની તા. ૧૨--૪--૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વાય. યુ. મહાજનને પ્રૉવિડંટ ફંડની યોજનાનો લાભ તા. ૮--૭--૧૯૭૪થી આપવાનું રાખવું.

૪૭. શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક સ્મારક માનવવિદ્યા ગ્રંથ પ્રકાશન ફંડની યોજના હેઠળ પ્રકાશનો હાથ ધરવા અંગેની સલાહકાર સમિતિના નીચેના સભ્યોના સભ્યપદની ત્રણ વર્ષની મુદત તા. ૧૭--૫--૧૯૭૭ના રોજ પૂરી થતી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) આચાર્ય ય. પ્રા. શુકલ

(૨) ડૉ. ભોગીલાલ જે. સાંડેસરા.

[**નોંધ.**—સદરહુ સમિતિ પર અન્ય સભ્યો નીચે મુજબ છે :

(૧) કુલપતિશ્રી

(૨) ગુજરાતી વિષયની અભ્યાસસમિતિના અધ્યક્ષ

(૩) યુનિવર્સિટી-ભાષા સાહિત્ય ભવનના ગુજરાતી વિષયના પ્રાધ્યાપક

(૪) યુનિવર્સિટી ભાષા--સાહિત્ય ભવનના ભાષાવિજ્ઞાન વિષયના પ્રાધ્યાપક].

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર આચાર્ય ય. પ્રા. શુકલ અને ડૉ. ભોગીલાલ સાંડેસરાને વધુ ત્રણ વર્ષ માટે ચાલુ રાખવા.

૪૮. યુનિવર્સિટી કાર્યાલયનો સમય શનિવારે રાજ્ય સરકારના ધોરણે બીજો અને ચોથો બંધ રાખવા તથા તેના સંદર્ભમાં ૧૨ આકસ્મિક રજા આપવા તથા શનિવારનો સમય ૧૧--૦૦ થી ૨--૦૦ (વિરામ વગર) રાખીને ૧૫ આકસ્મિક રજા આપવા અંગેના શ્રી. શરદ પટેલના તા. ૨૨--૧--૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૯. નીચેની કૉલેજો જેમનું જોડાણ તા. ૧૪--૬--૧૯૭૮ના રોજ પૂરું થાય છે તેમને જૂન ૧૯૭૮થી આગળ જોડાણ ચાલુ રાખવા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અન્વયે તા. ૩૧--૩--૧૯૭૭ પહેલાં જોડાણઅરજી મોકલવી જોઈતી હતી, પરંતુ તે સમયમર્યાદા બહાર મોકલેલ હોઈ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અન્વયે શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ તે સ્વીકારવા કુલપતિશ્રીએ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરેલી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

(૧) શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાંગામ--કરજણ

(૨) વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર

(૩) નગરપંચાયત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા

(૪) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ

(૫) શેઠ ડી. એલ. લૉ કૉલેજ, ભૂજ (કચ્છ).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજીઓ સ્વીકારીને તે અંગે જરૂરી કાર્યવાહી કરવાનું રાખવું.

૫૦. પોલિવેલેન્ટ સેન્ટર માટે **Programme Officer**ની જગ્યાની સામે બતાવેલ લાયકાતનાં ધોરણો નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	જગ્યાનું નામ	પગારધોરણ	જગ્યાની કુલ સંખ્યા	લાયકાતનું સૂચિત ધોરણ
(1)	Programme Officer	Rs. 700-1,300	2	Master's Degree in any of the Social Sciences or Social work or Labour Welfare in Second class and 3 to 5 years' teaching or field experience.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સેન્ટરમાં પ્રોગ્રામ ઑફિસરની હંગામી જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ ઉપર મુજબ નિયત કરવું.

૫૧. **લેકચરર ઇન તામિલની જગ્યા માટે વરણીસમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.**

[**નોંધ.**—એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬-૬-૧૯૭૬ ની સભામાં (Will be decided later on)તે પ્રમાણે ઠરાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટે વરણીસમિતિ પર ક્રમાનુવર્તી નીચે મુજબ બે સભ્યો નીમવા :

૧. શ્રી. કે. રામમૂર્તિ

૨. શ્રીમતી સગુણા રામનાથન

૩. શ્રી. પી. એમ. શ્રીનિવાસાચારી.

૫૨. **સ્ટાફ ક્વાર્ટર્સ (ટાઈપ ૧ ના ૧૬ તથા ટાઈપ ૨ ના ૧૬)ના બાંધકામ માટેની યોજના અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી કમિશનના ૫૦ ટકા પ્રમાણેની ગ્રાન્ટ આપવાનું મંજૂર કર્યા અંગેના તથા ટાઈપ ૧ ના ૧૬ ક્વાર્ટર્સ માટેનો અંદાજી ખર્ચ રૂ. ૯,૯૧,૨૦૦ મંજૂર કર્યા અંગેના તેમના તા. ૧૯-૪-૧૯૭૭ના પત્ર ક્રમાંક એફ. ૧૮-૮-૧૯૭૬ (ડી. ૪ એ) ની નોંધ લેવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૫૩. **બાંધકામસમિતિની તા. ૧૮-૪-૧૯૭૭ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.**

સદરહુ સમિતિની તા. ૧૮-૪-૧૯૭૭ની સભાની બાબત નં. ૧૦ ઉપરની ભલામણ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને વધુમને મંજૂર કરવામાં આવી :

(અ) આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટર ફોર મૅનેજમેન્ટના મકાનમાં ઈલેક્ટ્રિક વાયરિંગના કામ માટે આવેલાં કુલ આઠ ટેન્ડરો પૈકી સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ તથા કૉન્ટ્રાક્ટરોએ અગાઉ કરેલાં કામોની ગુણવત્તા વગેરે અંગે વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે અમીન ઈલેક્ટ્રિક કું.નું

લોએસ્ટ ટેન્ડર હોવા છતાં એને આ પ્રકારના કામનો પૂરતો અનુભવ નથી અને મે. જોશી ઈલેકિટ્રક વર્ક્સની અગાઉની આ પ્રકારની કામગીરી સંતોષકારક માલૂમ પડેલી હોવાથી લોએસ્ટ ટેન્ડરની મર્યાદામાં આવે તે પ્રમાણે મે. જોષી ઈલેકિટ્રક વર્ક્સનું રૂ. ૧૨,૦૦૦/-નું ટેન્ડર મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ્રલ લેબોરેટરીના મકાનમાં ઈલેકિટ્રક વાયરિંગના કામ માટે આવેલાં કુલ દસ ટેન્ડરો પૈકી સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ તથા કોન્ટ્રાકટરોએ અગાઉ કરેલાં કામોની ગુણવત્તા અંગે વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે અમીન ઈલેકિટ્રક કું. નું લોએસ્ટ ટેન્ડર હોવા છતાં એને આ પ્રકારના કામનો પૂરતો અનુભવ નથી અને મે. જોશી ઈલેકિટ્રક વર્ક્સની અગાઉની આ પ્રકારની કામગીરી સંતોષકારક માલૂમ પડેલી હોવાથી લોએસ્ટ ટેન્ડરની મર્યાદામાં આવે તે પ્રમાણે મે. જોશી ઈલેકિટ્રક વર્ક્સનું રૂ. ૧૩,૨૬૫/-નું ટેન્ડર મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(ક) આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. વિમળભાઈ શાહ રીડિંગ સેન્ટરના મકાનમાં ઈલેકિટ્રક વાયરિંગના કામ માટે આવેલાં કુલ આઠ ટેન્ડરો પૈકી સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ તથા કોન્ટ્રાકટરોએ અગાઉ કરેલાં કામોની ગુણવત્તા વ. અંગે વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે અમીન ઈલેકિટ્રકનું કું. નું લોએસ્ટ ટેન્ડર હોવા છતાં એને આ પ્રકારના કામનો પૂરતો અનુભવ નથી અને મે. જોશી ઈલેકિટ્રક વર્ક્સની અગાઉની આ પ્રકારની કામગીરી સંતોષકારક માલૂમ પડેલી હોવાથી લોએસ્ટ ટેન્ડરની મર્યાદામાં આવે તે પ્રમાણે મે. જોશી ઈલેકિટ્રક વર્ક્સનું રૂ. ૧૦,૭૫૨/-નું ટેન્ડર મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

સદરહુ સમિતિની બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૮--૪--૧૯૭૭ ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૫૪. Indian Statistics of Technology, Madrasના આશ્રયે તા. ૩૦--૫--૧૯૭૭થી તા. ૧૮--૬--૧૯૭૭ના સમય માટે યોજાનાર Summer School on Computer Oriented Statistical Methodologyમાં વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા શ્રી. આઈ. ડી. પટેલને મોકલવા અંગેના તા. ૧૭--૩--૧૯૭૭ ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમર સ્કૂલમાં આંકડાશાસ્ત્રના ભવનના વ્યાખ્યાતા શ્રી. આઈ. બી. પટેલને મોકલવા.

૫૫. યુનિવર્સિટીના પ્રકાશન વિભાગમાં પ્રકાશન અધિકારી તરીકે કામ કરતા શ્રી. કે. ડી. પંડ્યાને રૂ. ૬૫૦-૩૦-૭૪૦-૩૫-૮૧૦ ઈ.બી. ૩૫-૮૮૦-૪૦-૧,૦૦૦ ઈ.બી. ૪૦-૧,૨૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૦૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) તા. ૧૨--૫--૧૯૭૭થી ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડ્યાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. કે. ડી. પંડ્યાને રૂ. ૬૧૦-૩૦-૭૪૦-૩૫-૮૧૦ ઈ.બી. ૩૫-૮૮૦-૪૦-૧,૦૦૦ ઈ.બી. ૪૦-૧,૨૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૦૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧૨-૫-૧૯૭૭થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૫૬. માનનીય શ્રી. દેસાઈ પંથના હેવાલને આધારે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓનાં સુધારેલાં પગારધોરણ બાબતમાં ઊભા થતા પ્રશ્નો અંગે વિચારણા કરીને ભલામણો રજૂ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦-૩-૧૯૭૭ની સભામાં નિયુકત કરેલ સમિતિની તા. ૨૮-૩-૧૯૭૭ના રોજ મળેલ સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો બાબત નં. **૧-બ**ની ભલામણમાં નીચે મુજબના સુધારા સાથે મંજૂર કરવી :

"જે કૉલેજમાં એકાઉન્ટન્ટની જગ્યા ન હોય તે કૉલેજમાં એકાઉન્ટ્સ કલાર્કને સીનિયર કલાર્કનું રૂ. ૩૩૦-૧૦-૩૮૦ ઈ.બી. ૧૨-૪૪૦ ઈ.બી. ૧૧-૫૬૦નું પગારધોરણ આપવામાં આવે."

સદરહુ સમિતિની ભલામણ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.

૫૭. કુલપતિશ્રીઓ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) યુનિવર્સિટી પરીક્ષાના પ્રશ્નપત્રનાં પ્રૂફ પ્રેસ પર વાંચવા આવનારને પ્રૂફ વાંચવા અંગે પુરસ્કાર આપવાનું મંજૂર રાખ્યાના;

(૨) સને ૧૯૭૬-૭૭ના પુનર્નિર્મિત અંદાજપત્રમાં ગ્રંથાલયમાં પુસ્તક ખરીદીના મથાળે રૂ. ૭૧,૦૦૦ની વધુ જોગવાઈ કરવાનું મંજૂર કર્યાના.

(પુસ્તક ખરીદી માટેની રૂ. ૨,૦૦,૦૦૦ની જોગવાઈ હતી તે હવે વધીને રૂ. ૨,૭૧,૦૦૦ની કરવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૫૮. પંચવર્ષીય યોજના નીચે મંજૂર થયેલી નીચેની જગ્યાઓ સ્થાપવાની તા. ૨૧-૪-૧૯૭૭ની એકેડેમિક કાઉન્સિલની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	વિભાગ	જગ્યાનું નામ	જગ્યાની સંખ્યા
(૧)	ફિઝિકસ વિભાગ	ટેકનિકલ આસિસ્ટન્ટ	બે જગ્યા
(૨)	પોલિટિકસ વિભાગ	જુ. રિસર્ચ ફેલો, રિજિયોનલ પોલિટિકસ	એક જગ્યા
(૩)	લેંગ્વેજ લેબોરેટરી	ટેકનિશિયન	ત્રણ જગ્યા
(૪)	આંકડાશાસ્ત્ર વિભાગ	સ્ટેટિસ્ટિકસ આસિ.	એક જગ્યા.

[નોંધ.—ઉપરોકત જગ્યા માટે રૂ. ૪૦૦(ફિકસ્ડ)નું માસિક વેતન તથા પીએચ.ડી. માટે રજિસ્ટર્ડ થયેલા હોવા જોઈએ.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યાઓ સ્થાપવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી,

૫૯. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં રીડર ઇન બિઝનેસ મૅનેજમેન્ટની બે જગ્યાઓ તથા રિસર્ચ આસિ.ની જગ્યા માટે તા. ૧૯-૩-૧૯૭૭ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો મંજૂર કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૧-૪-૧૯૭૭ની સભાએ બહુમતે કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ જગ્યાઓ માટેની વરણીસમિતિની ભલામણો ઉપર કેટલીક ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. બિઝનેસ મૅનેજમેન્ટના રીડરની બે જગ્યાઓ પૈકી એક જગ્યા પર શ્રી. આર. આર. શાહની નિમણૂક માટે ભલામણ કરવામાં આવી છે, પરંતુ તેમની લાયકાત અને અનુભવના સંદર્ભમાં તે ભલામણ વધુ વિગતે તપાસવાની જરૂર રહે છે. દરમિયાન રીડર ઇન બિઝનેસ મૅનેજમેન્ટની બીજી જગ્યા પર ડૉ. (શ્રીમતી) મધુરીબહેન આર. શેઠની રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦ ઍસેસમેન્ટ ૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૨૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

[**નોંધ.**—આ બેઉ ઉમેદવારોના વિષયોની વિશિષ્ટતા (Speciality) ભિન્ન ભિન્ન છે.]

૨. સદરહુ ભવનમાં ટીચિંગ રિસર્ચ આસિસ્ટન્ટની પાંચ જગ્યાઓ પૈકી એક જગ્યા પર કુ. રુકશાના પઠાણની રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૫૦-૧,૩૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી અને બીજી જગ્યા માટે જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી.

૬૦. "યુનિવર્સિટી સ્ટાફ સ્પૉર્ટ્સ ઍન્ડ રિક્રિયેશન ક્લબ" ને ચાલુ વર્ષ ૧૯૭૭-૭૮ માટે આર્થિક સહાય મંજૂર કરવા અંગે સદરહુ ક્લબના ઉપપ્રમુખશ્રીના તા. ૨૦-૪-૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ગયા વર્ષ માટે રૂ. ૩,૦૦૦ની આર્થિક સહાય મંજૂર કરવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ક્લબને ચાલુ વર્ષે રૂ. ૩,૦૦૦/-ની આર્થિક સહાય મંજૂર કરવી

તે પછી સમયના અભાવે યાદી ઉપરનાં બાકીનાં કામ હાથ ધરી શકાયાં નહીં.

તે પછી સભા બરખાસ્ત થઈ હતી.

નં. એક્ઝિ. કાઉન્સિલ/૨૨૮૨૩/૧૯૭૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
તા. ૧૩-૧૦-૧૯૭૭

ડી. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧

Following is the draft of the revised O. 97 :

Every college and recognised institution shall report to the Executive Council all changes in its teaching staff within fifteen days from the date on which he has joined or is relieved, as the case may be. Those appointments which are not reported within this period shall not be approved for the said academic term.

(*Note.*— 1. In the case of Medical Colleges, they shall also report the changes in the staff of the Hospital where the students of these colleges are required to do their clinical work.

2. In case of Colleges other than Government Colleges or Colleges maintained by the Government a certified copy of the recommendation of the Selection Committee be enclosed.

For recruitment of Lecturers and Principals in affiliated Colleges (other than Government Colleges or Colleges maintained by the Government) there shall be Selection Committees which will consist of—

I. Lecturers :

(*a*) Chairman of the Governing Body of the College or his nominee,

(*b*) A nominee of the Vice-Chancellor,

(*c*) Two experts to be nominated by the Chairman out of the Panel of experts approved by the University,

(*d*) Principal of the College,

(*e*) Head of the Department concerned of the College, and

(*f*) A representative of the Director of Education.

No selection will be considered valid unless at least one Expert is present. The recommendations of the Selection Committee shall be subject to the approval of the Vice-Chancellor.

II. Principal :

(*a*) Chairman of the Governing Body of the College,

(*b*) One member of the Governing Body,

(*c*) Two mominees of the Vice-Chanceller,

(*d*) Two experts to be appointed by the Chairman of the Governing Body, out of a panel of ten members approved by the Univrsity, and

(*e*) The Director of Education or his nominee not below the rank of a Jt. Director.

No Selection will be considered valid unless at least one Expert is present. The recommendations of the Selection Committee shall be subject to the approval of the Vice-Chancellor and the Government.

Synopsis of the persons to be called for interview shall be circulated to all the members of the Selection Committee well in advance.

Where an appointment is made in violation of Section 51-A of the Gujarat University Act, the said appointment shall be deemed to be null and void.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૧

Statute 180 (C):

A non-teaching employee of the University shall be entitled to the benefits of Pension Scheme inclusive of Family Pension, Gratuity and General Provident Fund according to the rules of the Gujarat State Government applicable to its employees from time to time;

Notwithstanding anything contained elsewhere in the Statutes, a non-teaching employee of the University who has already been in the employment of this University on or before 31st December, 1976 shall be entitled to excercise his option either to opt for the above provision of Pension Scheme or to continue to draw the benefits of Provident Fund and Gratuity as are available under Statute 180-181-182-183-184 -185-186-187-188 and Statute 193-A; provided that such an option is excercised within a period of six months from the date on which this Statute comes into force.

In cases where the employees opt for the Scheme of Pension, etc. the contribution of the University together with interest thereon will be credited to the University.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૧૪

Shri Hari Om Ashram Prerit Shri Kantilal M. Kantawala Research Award

(Public Trust Regd. No. Kaira E 1301)

The Board of Trustees of Shri Hari Om Ashram of Nadiad instituted a "Hari Om Ashram Prerit Shri Kantilal M. Kantawala Research Award Endowment" for research in special branches in Engineering under their resolution No. 187, dated 28th November, 1973. The terms and conditions of this award are as under :

The Gujarat University received a sum of Rs. 50,000/- (Rupees fifty thousand only) from the Trustees of Shri Hari Om Ashram, Nadiad and invested this amount in fixed deposit. The Gujarat University under Executive Council's resolution No. 112, dated 15-12-1973 has accepted the donation for the purpose in view.

The amount of this endowment shall be invested in an A class Scheduled Bank in maximum long term fixed deposits so as to earn the highest annual rate of interest. The annual amount derived from the interest shall be entirely utilised for giving away the award prizes in cash/cash and medal every year.

The name of this endowment will be "Hari Om Ashram Prerit Shri Kantilal M. Kantawala Research Award Endowment".

The detailed rules and regulations governing the awards shall be framed by the Gujarat University and the endowment shall be administered by the Gujarat University.

The Awards will be made every year by the Gujarat University to any Engineer or Scientist in the State of Gujarat who has done outstanding original research work in the subjects specified in the detailed rules and regulations.

An expert committee will be appointed every year by the Gujarat University and their names will be announced before inviting entries for the awards.

The Expert Committee will assess all the entries and declare its verdict which will be final.

In case, in any particular year, no entry is received or no award is made, the amount of interest accrued out of the endowment money will be credited to and added to the endowment fund.

All administrative expenses like printings, publicity, postage, travelling expenses of the members of the Expert Committee and any other incidental expenses of any kind whatsoever shall be borne by the Gujarat University. No amount will be used from the endowment money or from the interest received thereon for these purposes. Interest will be entirely used for the purpose of awards.

Form of Entry

HARI OM ASHRAM PRERIT SHRI KANTILAL M. KANTAWALA RESEARCH AWARDS

Year–

Subjects of competition (*a*) (*b*) *or* (*c*) (*d*)

Last date of receiving the entry Date

List of members of the Expert Committee

× × ×

(1) Subject for which the applicant has given the entry :

(2) Name beginning with surname in Block letters :

(3) Full Address :

(4) Date of Birth :

(5) Academic Qualifications :

(6) Designation :

(7) Place of work :

(8) Posts held in the past :

(9) Field of Specialisation :

(10) List of research papers published in reputed Indian and foreign journals. (During last five years) Publication of Books.

(11) A brief resume of the important findings of your research work and their impact in practice :

(12) Membership of Engineering Associations and Bodies :

(13) Particulars of top level conferences, symposia, seminars attended in the last five years with participation :

(14) Number of Research Workers working under your guidance :

(15) Details of any honours, Awards or prizes won by you in the subject of entry :

Place :

Date :

Signature of the Competitor
for the Award

Annexure "A"

HARI OM ASHRAM PRERIT SHRI KANTILAL M. KANTAWALA RESEARCH AWARD

Detailed rules and regulations

(*A*) *Subjects* :

(1) The Awards will be for outstanding original research in the following of fields of Engineering :

(*a*) Structural Engineering including Bridge Engineering.

(*b*) Soil Mechanics and Foundation Engineering.

(*c*) Public Health Engineering (with special reference to water supply, drainage and sewage disposal of small towns with population ranging from 25000 to 50000).

(*d*) Hydraulics and Hydrodynamics.

(2) Every year there shall be two awards for only two of the above subjects. The above four subjects will be taken two at a time i.e; (*a*) and (*b*) in the first year and (*c*) and (*d*) in the second year. The same subjects will repeat every alternate year.

(3) The awards will be in the form of cash prize (Rs. 2,500/-) or cash prize (Rs. 2,000/-) and a medal (Rs. 500/-). Amount will be specified every year while inviting the entries depending upon the interest earned during the previous year :

(*B*) *Expert Committee :*

(4) Expert Committee will be appointed by the Gujarat University *every year* before inviting the entries and their names shall be notified along with the prescribed form. There will be one member as the nominee of Hari Om Ashram, Nadiad.

(5) No member of the Expert Committee will be allowed directly or indirectly to participate in the competition.

(6) If any member is unable to work after the entries are invited, the Gujarat University will have a right to appoint another member except in the case of nominee member of the Hari Om Ashram in which case Ashram shall nominate another member.

(*C*) *Time-table* :

(7) Entries will be invited in the prescribed form in January every year specifying the subjects and the members of the Expert Committee and normally period of about four months will be given for the receipt of entries for the award. No entries will be accepted after the prescribed date and if received will not be considered for awards.

(8) The Expert Committee will review all the entries within about four months after the last date of receipt of entries and give their verdict. It will be open to the Expert Committee not to make any award in any subject to distribute the awards between more than one entry. The verdict of the expert committee shall be final.

(9) The awards if declared will be invariably distributed by the Gujarat University before the expiry of the year i.e. prior to 31st December of the year concerned.

(*D*) *Qualification for the participants* :

(10) Competition shall be open to persons for their research work in Gujarat State during the period of five years preceding the year of competition.

(11) Competitors shall not be above the age of 50 years on 1st January of the year for which the entries are invited.

(12) Competition is open to only (*i*) Qualified Engineers (*ii*) Members of Institution of Engineers and (*iii*) Scientists working in Engineering Research Institutions, Universities Engineering Colleges and Polytechnics.

(*B*) *General Guidelines*

(13) The competitors shall give their complete bio-data as mentioned in the prescribed form. Incomplete entries may not be considered.

(14) Research work shall be original and must be out of work done in the Gujarat State. His positive consideration on the subject will get due weightage.

(15) The competitor shall have to his credit any one or more of

the following achievements :

(*i*) Significant original achievement in Research which has practical application in execution.

(*ii*) Economy that can be achieved in practice as a result of this research.

(*iii*) Clarity of thinking, precision and methodology adopted for particular research.

(*iv*) Original publications on the subject.

(16) Any attempt to influence a member of the Expert Committee will disqualify the competitor from getting the award.

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૨૮

અભ્યાસ પ્રવાસ અંગે અનુસ્નાતક વિદ્યાભવનો માટે આર્થિક સહાય અંગેના નિયમો

૧. જે વિષયના અભ્યાસક્રમમાં અભ્યાસ પ્રવાસ એક આવશ્યક અંગ તરીકે રાખવામાં આવ્યો હશે તે જ અભ્યાસ પ્રવાસ માટે આર્થિક સહાય મળી શકશે.

૨. અભ્યાસ પ્રવાસમાં વિદ્યાર્થીઓ સાથે માત્ર એક જ શિક્ષક અને એક પટાવાળાનો અથવા એક વનસ્પતિ (પ્રાણી સંગ્રહ નિષ્ણાતનો) (પ્લાન્ટ કલેકટર અથવા એનિમલ કલેકટર) ખર્ચ મંજૂર કરી શકાશે.

૩. અભ્યાસ પ્રવાસમાં એક કે વધુ વિદ્યાર્થિનીઓ હોય તો ભવનની એક શિક્ષિકા અગર તો સીનિયર સંશોધન કરતી વિદ્યાર્થિની સાથે મોકલવી આવશ્યક રહેશે. તેઓએ પણ વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ સાથે સેકન્ડ કલાસમાં મુસાફરી કરવાની રહેશે.

૪. બની શકે ત્યાં સુધી શિક્ષકે વિદ્યાર્થીઓ સાથે જ સેકન્ડ કલાસમાં મુસાફરી કરવી.

૫. વિદ્યાર્થીઓને અભ્યાસ પ્રવાસ દરમ્યાન રેલવે કન્સેશન, બસ, બોટ વગેરેના ખર્ચનો જે અંદાજ થાય તેના ૫૦ ટકા જેટલી રકમ આર્થિક સહાય પેટે આપી શકાશે.

૬. જ્યે નિયમ પ્રમાણે રેલવે કન્સેશન મળી શકે તેમ ન હોય અથવા પ્રવાસનો જે ભાગ અન્ય સાધન દ્વારા કરવાનું અનિવાર્ય હોય તો તેવા કેસમાં થયેલ કુલ ખર્ચના ૫૦ ટકા જેટલી રકમ આર્થિક સહાય તરીકે આપી શકાશે.

૭. અભ્યાસ પ્રવાસ સત્ર સમય દરમિયાન ન યોજતાં વેકેશનના ગાળા દરમિયાન યોજવા આવશ્યક રહેશે.

૮. ખર્ચ બાબતમાં ભવનના અધ્યક્ષે ઉપરના નિયમોને અનુસરીને પ્રમાણપત્ર આપવું આવશ્યક ગણાશે.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૨૯

ફાઈનાન્સ સમિતિની એક સભા તા. ૧૪-૪-૧૯૭૭ ને ગુરુવારના રોજ બપોરના ૨-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઈશ્વરભાઈ જે. પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ (કુલપતિશ્રી)	હાજર
૨. શ્રી. રામમૂર્તિ, શિક્ષણનિયામકશ્રી	ગેરહાજર
૩. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૪. ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર.

૧. ફાઈનાન્સ સમિતિની તા. ૧૭-૩-૧૯૭૭ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૧૭-૩-૧૯૭૭ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી પરીક્ષાની બેઠકવ્યવસ્થાના વધારાના મહેનતાણા અંગે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થા બિનશિક્ષક (અમદાવાદ શહેર) કર્મચારી મંડળના મંત્રીના તા. ૨૩-૩-૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ મુલતવી રાખવી.

૩. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગના પ્લેટિનમને રવિન્દ્ર હિંદુસ્તાન પ્લેટિનમ પ્રા. લિ. પાસે ફ્રેબ્રિકશન કરાવવા અંગે વિચારણા કરાવવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાનવિદ્યા ભવનના રસાયણવિજ્ઞાન વિભાગના પ્લેટિનમને મે. રવિન્દ્ર હિંદુસ્તાન પ્લેટિનમ પ્રા. લિ., મુંબઈ પાસે ફ્રેબ્રિકેશન કામ તેઓના તા. ૧૭-૩-૧૯૭૭ના પત્રમાં જણાવ્યા પ્રમાણેના ભાવે અને શરતો મુજબ કરાવવું અને આ અંગે રૂા. ૩૫૦૦ (રૂપિયા ત્રણ હજાર અને પાંચસો રૂપિયા)નું ખર્ચ મંજૂર કરવું.

૪. તા. ૨૦-૩-૧૯૭૭ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે ઠરાવ નં. ૧૨૨થી નીચેનો શ્રી. શરદભાઈ પટેલનો પ્રસ્તાવ નં. ૧૦ આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે ઉપર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ-૧૦

"આ યુનિવર્સિટી જે જે કર્મચારીઓને પરીક્ષાનું અનિવાર્ય અને સમયમર્યાદામાં કામ પૂરું કરવાનું હોય તેના માટે કાર્યાલયના સમય પહેલાં કે બાદ રોકે છે તેમને ઓવરટાઈમ ચાલુ રાખવાનો પ્રસ્તાવ કાર્યાલયે અ

સભાની વિચારણા માટે મૂકેલો છે. પરીક્ષાઓનું સમગ્ર તંત્ર વ્યવસ્થિત ચાલે અને પરીક્ષાઓ લેવાનું અને પરિણામો જાહેર કરવાનું કામ નિયત સમયમર્યાદામાં જ સમગ્ર સમાજ અને વિદ્યાર્થી-આલમના હિતમાં થાય તે જોવાની જવાબદારી પણ આ સભાની છે. અત્યાર સુધી ઓવરટાઈમના જે દરો હતા તે ઘણા જ વર્ષો-જૂના તથા ઘણા જ ઓછા તથા કર્મચારીઓનું શોષણ કરનારા હોઈ તે દરો જુનિયર ક્લાર્ક ટાઈપિસ્ટને રૂ. ૩-૦૦ સીનિયર ક્લાર્ક-ટાઈપિસ્ટને રૂ. ૩-૨૫, હેડક્લાર્કને રૂ. ૩-૫૦ અને ચોથા વર્ગને રૂ. ૨-૨૫ આપીને પરીક્ષાને લગતું કામ સમયસર નિયત સમયમર્યાદામાં થાય તે માટે આપવાનું આ સભા ઠરાવે છે."

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે પરીક્ષા અંગેનું અનિવાર્ય અને સમય-મર્યાદાના કામ માટે જે કર્મચારીઓને કાર્યાલયના સમય બાદ રોકવામાં આવે તેઓને નીચેના દરે વધુ કામ ભથ્થું આપવું :

	રૂ. પૈસા
૧. પટાવાળા વગેરેને	... ૨-૨૫ દર કલાકે
૨. જુનિયર ક્લાર્ક, ટાઈપિસ્ટ વગેરેને	... ૩-૦૦ ,,
૩. સીનિયર ક્લાર્ક-ટાઈપિસ્ટ વગેરેને	... ૩-૨૫ ,,
૪. હેડક્લાર્ક વગેરેને	... ૩-૫૦ ,,

(કોઈ પણ દિવસ કોઈ પણ કર્મચારીને ચાર કલાક કરતાં વધુ સમય માટે રોકી શકાશે નહીં.)

૫. યુનિવર્સિટીના માઈલ્ડ સ્ટીલ અને ટોર સ્ટીલના જથ્થાનો નિકાલ કરવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આવેલાં ટેન્ડરોમાંથી મે. બી. પટેલ એન્ડ કું. સૌથી વધુ ભાવ આપતા હોવાથી તેઓને એક ટનના નીચે પ્રમાણેના દરે સ્ટીલ આપવું :

	માઈલ્ડ સ્ટીલના	ટોર સ્ટીલ
૧. ૧૬ એમ.એમ. થી ૧૨ એમ.એમ.	૧૭૫૦-૦૦	૧૮૫૦-૦૦
૨. ૧૬ એમ.એમ. થી ૨૩ એમ.એમ.	૧૭૦૦-૦૦	૧૭૫૦-૦૦

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે તેઓ હાલ યુનિવર્સિટીના વાણિજ્ય વિદ્યાભવનનું મકાન બાંધે છે. આથી આ સ્ટીલ તેઓ જો આમાં વાપરે તો યુનિવર્સિટીએ તેઓને ૭૫ ટકા સ્ટીલની રકમ એડવાન્સ આપવાની હોય છે તે જોતાં આ સ્ટીલ તે કામ માટે તેઓને આપવું અને રૂ. ૫૦ વધારે લઈને તેઓ જ્યારે સ્ટીલ મકાનબાંધકામમાં વાપરે ત્યારે તેઓને બિલમાંથી સ્ટીલની રકમ કાપી લેવી.

૬. "વલ્લભભાઈ પટેલ એ સ્ટડી ઈન લીડરશિપ" પુસ્તકને છાપવા આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે "સંશોધનાત્મક અભ્યાસ—વલ્લભભાઈ પટેલ—એ સ્ટડી ઈન લીડરશિપ" તૈયાર થયેલ મેન્યુસ્ક્રિપ્ટ મે. નવજીવન ટ્રસ્ટને છાપવા માટે આપવું. તે પેટે તેઓ પાસેથી દશ ટકા રોયલ્ટી તેઓના તા. ૩-૨-૧૯૭૭ના પત્રમાં જણાવ્યા પ્રમાણે લેવાની રાખવી.

વંચુમાં ભલામણ કરવામાં આવે છે કે પ્રકાશનના કુલ ખર્ચના ૫૦ ટકા કે રૂ. ૬,૦૦૦ બેમાંથી જે ઓછા હોય તે રકમ તેઓને ઍડવાન્સ પેટે આપવી અને વેચાણ રકમના ૫૦ ટકા તેઓ યુનિવર્સિટીને પરત કરે તેમ વ્યવસ્થા કરવી. પરંતુ આ રકમ વધારેમાં વધારે ત્રણ વર્ષના ગાળામાં તેઓએ પરત કરવાની રહેશે.

૬. વિજ્ઞાનવિદ્યા ભવનના માઈક્રોબાયોલોજી વિભાગ માટે રસાયણો ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સાથેના યાદી "**અ**"માં બતાવ્યા પ્રમાણેનાં રસાયણો વિજ્ઞાનવિદ્યા ભવનના માઈક્રોબાયોલોજી વિભાગ માટે ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ ખરીદવાં.

૭. વિજ્ઞાન વિદ્યાભવનના માઈક્રોબાયોલોજી વિભાગ માટે રસાયણો તથા કમ્પોનેન્ટસ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાનવિદ્યા ભવનના માઈક્રોબાયોલોજી વિભાગ માટે રસાયણો તથા કમ્પોનેન્ટસ આ સાથેના યાદી "**બ**"માં જણાવ્યા પ્રમાણે તથા ટેન્ડરમાં જણાવેલ શરતો પ્રમાણે ખરીદવાં.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૩૪

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા મંગળવાર, તા. ૨૨-૩-૧૯૭૭ના રોજ ૧૨-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઈશ્વરભાઈ જે. પટેલે લીધું હતું :

૧.	શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ (કુલપતિ)	હાજર
૨.	આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર
૩.	પ્રા. ડી. એન. પાઠક	હાજર
૪.	આચાર્ય હરિશંકર પી. પંડ્યા	હાજર
૫.	શ્રી. મણિભાઈ જી. બ્રહ્મભટ્ટ	હાજર
૬.	શ્રી. નરહરિ એમ. પરીખ	ગેરહાજર
૭.	શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર

૧. તા. ૮-૧૦-૧૯૭૬ની સમિતિની સભાની નોંધ લેવા બાબત.

તા. ૨૧-૨-૧૯૭૭ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કાર્યાલયના સ્ટેનોટાઇપિસ્ટ શ્રી. એલ. સી. પંચાલ કે જેઓ તા. ૧-૧-૧૯૭૩ પછી જોડાયા છે, તેઓને સુધારેલા પગારધોરણમાં જૂના પગાર કરતાં ઓછો પગાર મળતો હોવાથી, જૂના પગાર-ધોરણમાં ચાલુ રાખવા અંગે તેમની તા. ૨૯-૧૧-૧૯૭૬ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે જે કર્મચારીઓ તા. ૧-૧-૧૯૭૩ પછી જોડાયા હોય તેમને નવા પગારધોરણમાં મૂકતાં જો તેઓના જૂના પગારધોરણમાં પગાર તથા મોંઘવારી ભથ્થું મળીને કુલ રકમ જે થાય તે નવા પગારધોરણમાં પગાર તથા મોંઘવારી ભથ્થું મળીને થતી કુલ રકમ કરતાં વધુ થતી હોય તો તેઓને તફાવતની રકમ અંગત ભથ્થા (પરસનલ ઍલાવન્સ) તરીકે આપવી અને ભવિષ્યમાં તેમને મળતા પગારવધારા સામે ઍડજસ્ટ કરવી. (to be merged in future increment.)

શ્રી. પંચાલના કેસમાં તથા બીજાના કેસોમાં પણ આમ કરવું."

૩. સમાજવિદ્યા ભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિએ કરેલી નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) ભવનના વિભાગીય ગ્રંથાલયમાં હાલમાં એક ક્લાર્ક અને એક પટાવાળાની સેવાઓ અપૂરતી છે. તેથી એક તાલીમ પામેલ અને અનુભવી ક્લાર્કની જરૂરિયાત છે.

(૨) ભવનના સંશોધન મદદનીશને માસિક ઉચ્ચક રૂ. ૩૦૦/- વેતન મળે છે તે ઘણું ઓછું છે; તો વેતન અંગે યોગ્ય કરવા ભલામણ છે.

(૩) ભવનના સરળ સંચાલન માટે કેટલીક વહીવટી ક્ષેત્રની ભલામણો જેવી કે સ્ટેનોગ્રાફરની જગ્યા વધારવી જોઈએ, દરેક હેડને ટાઈપિસ્ટ અને પટાવાળાની સુવિધા મળવી જોઈએ.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(૨) આથી ભલામણ કરવામાં આવે છે કે આ બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને લખી પુછાવવું.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪. રાજ્ય સરકારના ઠરાવમાં જાણાવેલ સિલેકશન ગ્રેડો જે તે સંબંધિત કર્મચારીઓને સીનિયોરિટી મુજબ આપવા અંગે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના પત્રાંક ૩૦૦૨ તા. ૨૩-૧૨-૧૯૭૬ પર વિચારણા કરવા બાબત.

[નોંધ.— રાજ્ય સરકારના ઠરાવ પ્રમાણે

(૧) જુ. કલાર્ક ૧૫ ટકા જગાઓ સિલેકશન ગ્રેડ
(૨) સી. કલાર્ક ,, ,,
(૩) ડ્રાઈવર ,, ,,
(૪) કમ્પાઉન્ડર ૨૦ ટકા જગાઓ સિલેકશન ગ્રેડ.]

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સિલેકશન ગ્રેડ અંગે કુલપતિશ્રીએ નીમેલી વરણીસમિતિને આ અંગે પસંદગી કરવાનું કહેવું. વધુમાં ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીમાં ડ્રાઈવરની ત્રણ કાયમી જગ્યાઓ અને કમ્પાઉન્ડરની બે કાયમી જગ્યાઓ હોવાથી અનુક્રમે ૧૫ ટકા અને ૨૦ ટકા માટે સિલેકશન ગ્રેડ કેટલી જગ્યા રાખી શકાય તે બાબતમાં રાજ્ય સરકારને પુછાવવું.

૫. સ્કૂલ ઑફ કૉમર્સમાં એક સ્ટેનોગ્રાફરની કાયમી જગ્યા ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વાણિજ્ય ભવન માટે સ્ટેનોગ્રાફરની એક કાયમી જગ્યા રૂ. ૪૭૧-૨૦-૬૧૧-ઈબી. ૨૦-૬૭૫-૨૫-૮૦૦ ના પગારધોરણમાં ઊભી કરવી.

૬. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટના વિભાગીય ગ્રંથાલયમાં એક કાયમી પટાવાળાની જગ્યા ઊભી કરવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૬-૧૨-૧૯૭૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં પટાવાળાની એક કાયમી જગ્યા અને સફાઈ કામદારની એક કાયમી જગ્યા રૂ. ૧૯૬-૩-૨૩૨ના પગારધોરણમાં ઊભી કરવી. "

૭. યુનિવર્સિટીનાં ભવનો અને વિભાગોમાં પટાવાળાઓ રજાઓ ઉપર જાય ત્યારે અવેજી વ્યવસ્થા કરવા અંગે નિયમો કરવા અંગે કાર્યાલયની તા. ૨-૧૦-૧૯૭૬ની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી વિદ્યાભવનો અને અન્ય વિભાગોમાં પટાવાળાઓ તથા સફાઈ કામદારો ૧૫ દિવસ કરતાં ઓછા દિવસોની રજા ઉપર જાય ત્યારે પણ વૅકેશન સિવાયના સમયમાં જરૂર જણાય તો અવેજી વ્યવસ્થા કરવી. વૅકેશન દરમિયાન પટાવાળાઓ ૧૫ દિવસથી વધારે દિવસોની રજા ઉપર હોય તો જ અવેજી વ્યવસ્થા કરવાનું રાખવું. વધુમાં ભલામણ કરવામાં આવે છે કે સફાઈ કામદાર વૅકેશન દરમિયાન ૧૫ દિવસ કરતાં ઓછા દિવસોની રજા ઉપર જાય ત્યારે પણ અવેજી વ્યવસ્થા કરવાની જરૂર જણાય તો તે કરવી.

૮. યુનિવર્સિટીએ સ્ટેન્સિલ કટિંગ કરવા અંગે ખરીદેલા સ્કેનર મશીનની કામગીરી સંભાળવા માટે યોગ્ય મહેનતાણું આપવા અંગે સ્ટેનોગ્રાફર શ્રી. બી. ટી. પઠાણની તા. ૧૨-૧-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૯. રવિવાર કે રજાના દિવસોની કામગીરી બદલ હાલ ચાર કલાકથી ઓછા સમયની કામગીરી માટે રૂ. ૩ અને ચાર કલાકથી વધુ કામગીરી બદલ રૂ. ૬ના અપાતા ભથ્થામાં યોગ્ય વધારો કરી આપવા અંગે ડ્રાઈવરોની તા. ૧૧-૧૨-૧૯૭૬ની સંયુકત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રવિવાર કે રજાના દિવસોએ ફરજ પર બોલાવવામાં આવે તો ડ્રાઈવરોને ૪ કલાક કે તેથી ઓછા સમયની કામગીરી માટે રૂ. ૧ અને ૪ કલાકથી વધુ સમયની કામગીરી માટે રૂા. ૧૦નું દૈનિક ભથ્થું આપવું.

૧૦. યુનિવર્સિટી કાર્યાલય, ગ્રંથાલય, યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર, સી.એમ.ઓ. તથા કુલપતિશ્રીના કાર્યાલયના ટાઈપિસ્ટોને રાજ્ય સરકારના ધોરણે રૂ. ૨૦નું ટાઈપિંગ ભથ્થુ આપવાનું મંજૂર કર્યું તે ધોરણે સ્ટેનોગ્રાફરને પણ યોગ્ય ભથ્થું આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં રાજ્ય સરકારને પુછાવવું.

૧૧. યુનિવર્સિટીના ટાઈપિંગ વિભાગમાં કામ કરતા શ્રી. આર. આર. ભાવસારની નિમણૂક ગ્રંથાલયમાં સીનિયર ટાઈપિસ્ટ તરીકે કરવામાં આવતાં તેઓ આ જગ્યા ભવિષ્યમાં બદલી અંગેની સીનિયોરિટીને બાધ ન આવે તે રીતે હાલ પૂરતી સ્વીકારતા ન હોઈ આ અંગે વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે આ બાબતમાં રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો અંગે રાજ્ય સરકારને પુછાવવું.

૧૨. હંગામી દૈનિક ધોરણે કામ કરતા બિલ્ડિંગ મિસ્ત્રી શ્રી. એ. બી. શુકલને રૂ. ૧૦ ને બદલે રૂ. ૧૧, તા. ૧૨--૯--૧૯૭૫થી આપવા અંગે તેઓની તા. ૨૧--૧--૧૯૭૬ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે બિલ્ડિંગ મિસ્ત્રી શ્રી. એ. બી. શુકલને દૈનિક રૂ. ૧૧ પ્રમાણેનું વેતન આ ભલામણની મંજૂરીની તારીખથી આપવાનું રાખવું.

૧૩. રાજ્ય સરકારના પગારધોરણ તથા નોકરીની અન્ય સવલતો અંગેના તા. ૨૩--૬--૧૯૭૬ના ઠરાવ અન્વયે હવે અધિક સમયનું વેતન (ઓવરટાઈમ) તથા બીજાં ભથ્થાં બંધ કર્યાં હોઈ તેના સંદર્ભમાં ગ્રંથાલયના કર્મચારીઓને જાહેર રજામાં કામ કરવા બદલનો પગાર તથા (ઓવરટાઈમ) આપવા અંગેના તેઓના તા. ૧૩-૧૨-૧૯૭૬ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગ્રંથાલયના કર્મચારીઓને જાહેર રજાના દિવસે કામ કરવા માટે જુનિયર કલાર્ક અને તેની ઉપરની કક્ષાના કર્મચારીઓને દૈનિક રૂ. ૧૨નું અને જુનિયર કલાર્કની કક્ષાની નીચેની કક્ષાના કર્મચારીઓને દૈનિક રૂ. ૬-૦૦નું મહેનતાણું આપવું.

૧૪. રાજ્ય સરકારના તા. ૨૩-૬-૧૯૭૬ના ઠરાવ અન્વયે આસિ. કેશિયરની કામગીરી બજાવતા શ્રી. એન. એન. શુકલને રૂ. ૩૦-૦૦નું માસિક ભથ્થું આપવા અંગેની તેઓની તા. ૨૯-૧૨-૧૯૭૬ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે મદદનીશ કેશિયર શ્રી. એન. એન. શુકલને માસિક રૂ. ૨૧-૦૦નું કેશ એલાવન્સ આપવું.

૧૫. યુ.જી.સી.ની પંચવર્ષીય યોજનાના સંદર્ભમાં ગ્રંથાલયના પુસ્તકવિધિના વધારાના કામને પહોંચી વળવા માટે નીચે પ્રમાણેનો હંગામી સ્ટાફ નીમવા અંગે યુનિવર્સિટી ગ્રંથાલયના તા. ૧૦-૨-૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત :

૨ ટેકનિકલ આસિસ્ટન્ટ
૨ જુનિયર ક્લાર્ક
૩ પટાવાળા

કુલ ૭

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુ.જી.સી.ની પંચવર્ષીય યોજનાના સંદર્ભમાં ગ્રંથાલયના પુસ્તક ખરીદીના વધારાના કામ માટે તથા પુસ્તકવિધિના વધારાના કામને પહોંચી વળવા ગ્રંથાલયમાં નીચે જણાવ્યા પ્રમાણે જગ્યાઓ રીડિંગ સેન્ટરની યોજના મંજૂર થતાં, હંગામી ધોરણેથી ઊભી કરવી :

	હંગામી જગ્યાઓ	પગારધોરણ
(૧) ટેકનિકલ આસિસ્ટન્ટ	૨	રૂ. ૪૨૫-૧૫-૫૦૦ ઈબી ૧૫-૫૬૦-૨૦-૬૦૦ ઈબી ૭૦૦
(૨) જુનિયર ક્લાર્ક	૨	રૂ. ૧૨-૦૦ દૈનિક લેખે.
(૩) પટાવાળા	૩	રૂ. ૬-૦૦ દૈનિક લેખે.

૧૬. વિજ્ઞાન વિદ્યાભવનના લેબો. આસિસ્ટન્ટની તથા લાઇબ્રેરિયમ આસિસ્ટન્ટની જગ્યા પર કામ કરતા કર્મચારીઓને તા. ૧-૧-૭૩થી રૂ. ૪૨૫-૮૦૦નું પગારધોરણ આપવા અંગે તેઓ તરફથી આવેલ તા. ૯-૩-૭૭ની રજૂઆત અંગે વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા દેસાઈ પંચની ભલામણોના સંદર્ભમાં યુનિવર્સિટીના બીજા કર્મચારીઓએ કરેલી રજૂઆતોની સાથે કરવી.

૧૭. મદદનીશ ડી.પી.ઈ. શ્રી. એલ. એ. ઠક્કરને તેમનાથી જુનિયર મદદનીશ ડાયરેક્ટર ઑફ યૂથ વેલ્ફેર શ્રી. કે. એચ. દવે કરતાં તા. ૧-૬-૧૯૬૭થી મર્જ્ડ પગારધોરણના અમલના કારણે પગાર ઓછો મળે છે તે બરોબર કરી આપવા અંગેની તેઓની તા. ૧૫-૩-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે મદદનીશ ડી. પી. ઈ. શ્રી. એલ. એ. ઠક્કરની વિનંતી માન્ય રાખવી. તેઓના પગારમાં સાઈકલ ભથ્થું મર્જ કરતાં તા. ૨૭-૧૦-૧૯૬૮થી મદદનીશ ડાયરેક્ટર ઑફ યૂથ વેલ્ફેર શ્રી. કે. એચ. દવે કરતાં તેઓનો ઓછો પગાર થાય છે. શ્રી. ઠક્કરને તા. ૧-૭-૧૯૬૯ના રોજ મૂળ પગાર રૂ. ૪૬૩-૦૦ આપવામાં આવતો હતો અને શ્રી. દવેને તા. ૨૭-૧૦-૧૯૬૮નો મૂળ પગાર રૂ. ૪૬૩-૦૦નો આપવામાં આવતો હતો. તેથી શ્રી ઠક્કરને પણ તારીખ ૨૭-૧૦-૬૮ના રૂ. ૪૬૩-૦૦નો મૂળ પગાર કરી આપવો અને ત્યારથી તેમના વાર્ષિક પગારવધારાની તારીખ (શ્રી. દવેના પગારવધારાની તારીખ પ્રમાણે) ૨૭મી ઑક્ટોબરની રાખવી અને તે પ્રમાણે શ્રી ઠક્કરના પગારનું એડજસ્ટમેન્ટ કરવું.

ત્યાર બાદ સભા સમાપ્ત થઈ હતી.

ભો. કે. શાહ
કુલસચિવ વતી

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૫૩

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૮--૪--૧૯૭૭ ને સોમવારના રોજ બપોરના ૩--૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી તેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

(૧) કુલપતિશ્રી	હાજર
(૨) શ્રી. નવનીતલાલ સા. શેાધન	ગેરહાજર
(૩) શ્રી. પી. જે. મહેતા	હાજર
(૪) શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર
(૫) શ્રી. કિશોરચંદ્ર સંઘાણી	ગેરહાજર
(૬) ડૉ. આર. સી. સેાનપાલ	હાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૧૪--૩--૧૯૭૭ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૪--૩--૧૯૭૭ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સ્ટેટ બૅંકના મકાનના બાંધકામમાં અમુક આઈટમના જથ્થામાં તથા કિંમતમાં વધારો થાય છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેટ બૅંકના મકાનબાંધકામમાં આ સાથેની **યાદી "અ"** પ્રમાણે જથ્થામાં થયેલો વધારો મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. સેન્ટર ફૉર મૅનેજમેન્ટના મકાનના બાંધકામમાં અમુક આઈટમના જથ્થામાં વધારો થાય છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટર ફૉર મૅનેજમેન્ટના મકાનના બાંધકામમાં જથ્થામાં થયેલો વધારો **યાદી "બ"** પ્રમાણે મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સના ટ્રાન્સફૉર્મરથી એલ. ટી. કેબલ સેકશન પીલર, ફયુઝ બૉકસ વિ. નાંખી હાલમાં નવાં તૈયાર થઈ રહેલાં મકાનોમાં ઈલેકિટ્રક સપ્લાય આપવા માટેના થનાર ખર્ચ અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આશરે રૂ. ૨૦,૦૦૦--૦૦નો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ટ્રાન્સફૉર્મરથી એલ. ટી. કેબલ સેકશન પીલર,

ફયુઝ બૉકસ વ. નાંખી હાલમાં તૈયાર થઈ રહેલાં નવાં મકાનોમાં ઈલેકિટ્રક સપ્લાય આપવા માટે રૂ. ૨૦,૦૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. સ્ટેટ બૉંકના બાંધકામમાં પ્લાનના વધારાના કામકાજ અંગે વિચારણા કરવા બાબત.

(વધારાના કામકાજનું તારણ કે જેની કુલ કિંમત રૂ. ૪,૮૨૧-૮૨ પૈસા થાય છે તે તારણ આ સાથે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેટ બૉંકના બાંધકામમાં વધારાના કામકાજના દર આ સાથેની યાદી "ક" પ્રમાણે મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. ઈન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ લેબોરેટરીના બાંધકામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ લેબોરેટરીના બાંધકામ માટે આવેલાં ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કૉન્ટ્રાકટર મે. મોના એસોશિયેટ્સનું રૂ. ૪,૧૯,૮૭૬-૮૮નું ટેન્ડર નીચે (બ) અને (ક)માં જણાવેલી બાબતને આધીન મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(બ) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોકત ટેન્ડરમાં એકસપોઝ્ડ કૉંક્રીટ વર્ક તથા મોરબી એકસપોઝ બ્રીકનો વર્કનો ભાવ અનુકમે રૂ. ૩૦ તથા રૂ. ૭૫ ચોરસ મીટરનો છે તે ભાવ ઘણો જ વધારે છે તો તેમાં યોગ્ય ઘટાડો કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(ક) આ સાથેની યાદી "ડ" પ્રમાણેની બાબતો અંગેના ભાવ તે યાદીમાં જણાવ્યા પ્રમાણે ગણવા.

૭. આઈ.એ.એસ. ટ્રેઈનિંગ સેન્ટરના મકાનના બાંધકામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૮. સ્કૂલ ઑફ કૉમર્સના મકાનના ઈલેકિટ્રક વાયરિંગ માટેના કામનાં આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્કૂલ ઑફ કૉમર્સના મકાનમાં ઈલેકિટ્રક વાયરિંગના કામ માટે આવેલાં કુલ સાત ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કૉન્ટ્રાકટર મે. જોષી ઈલેકિટ્રક વર્કસનું રૂ. ૨૨,૨૨૫ પૈસાનું ટેન્ડર મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૯. ગુરુ નાનક ભવનમાં બાંધકામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુરુ નાનક ભવનના બાંધકામ માટે ફકત એક જ કૉન્ટ્રાકટરનું ટેન્ડર આવેલું છે અને તેના ભાવ ઘણા ઊંચા હોવાથી આ કામ માટેનાં ટેન્ડરો ફરીથી મગાવવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૦. સેન્ટર ફૉર મૅનેજમેન્ટ, સેન્ટ્રલ લેબોરેટરી અને વી. એસ. રીડિંગ સેન્ટર, સરસપુરના ઈલેકિટ્રક વાયરિંગનાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટર ફૉર મૅનેજમેન્ટના મકાનમાં ઈલેકિટ્રક વાયરિંગના કામ માટે આવેલાં કુલ આઠ ટેન્ડરો પૈકી સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ તથા કૉન્ટ્રાકટરોએ અગાઉ કરેલાં કામોની ગુણવત્તા વિગેરે અંગે વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે લોએસ્ટ ટેન્ડરની મર્યાદામાં આવે તે પ્રમાણે મે. જોષી ઈલેકિટ્રક વર્કસનું રૂ. ૧૨,૦૦૦નું ટેન્ડર મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ્રલ લેબોરેટરીના મકાનમાં ઈલેકિટ્રક વાયરિંગના કામ માટે આવેલાં કુલ દસ ટેન્ડરો પૈકી સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ તથા કૉન્ટ્રાકટરોએ કરેલાં કામોની ગુણવત્તા અંગે વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે લોએસ્ટ ટેન્ડરની મર્યાદામાં આવે તે પ્રમાણે મે. જોષી ઈલેકિટ્રક વર્કસનું રૂ. ૧૩,૨૬૫નું ટેન્ડર મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(ક) આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વિમળભાઈ શાહ રીડિંગ સેન્ટરના મકાનમાં ઈલે. વાયરિંગના કામ માટે આવેલાં કુલ આઠ ટેન્ડરો પૈકી સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ તથા કૉન્ટ્રાકટરોએ કરેલાં કામોની ગુણવત્તા વિ. અંગે વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે લોએસ્ટ ટેન્ડરની મર્યાદામાં આવે તે પ્રમાણે મે. જોષી ઈલેકિટ્રક વર્કસનું રૂ. ૧૦,૭૧૨ નું ટેન્ડર મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. યુનિવર્સિટી કૅમ્પસમાં બંધાઈ રહેલા રીડિંગ સેન્ટરના બાંધકામમાં અમુક આઈટમના જથ્થામાં વધારો થાય છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રીડિંગ સેન્ટરના બાંધકામમાં જથ્થામાં થયેલો વધારો આ સાથેની **યાદી** "ફ" પ્રમાણે મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. યુનિવર્સિટી કૅમ્પસમાં ચાલતાં બાંધકામો માટે પાણી પુરવઠો યુનિવર્સિટી તરફથી આપવામાં આવે છે તેનો ચાર્જ નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૅમ્પસમાં હાલ ચાલતાં યુનિવર્સિટીનાં બાંધકામો માટે પાણી તથા વીજળી આપવામાં આવે તો, તેનો ચાર્જ નીચેના દરે રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

		રૂ. પૈસા	
૧. કૉંક્રીટ	...	૦-૬૦	૧૦૦ ઘનફૂટના
૨. ચણતરકામ	...	૦-૫૦	૧૦૦ ઘનફૂટના
૩. પ્લાસ્ટર	...	૦-૩૦	૧૦૦ ચો. ફૂટ
૪. ફલોરિંગ	...	૦-૨૦	૧૦૦ ચો. ફૂટ
૫. માટીપુરાણ	...	૦-૧૫	૧૦૦ ઘનફૂટ
૬. ઈલેકિટ્રક ચાર્જ પૉલિશ કામ માટે	...	૧-૨૦	૧૦૦ ચો. ફૂટ.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી તરફથી તેના કૉન્ટ્રેક્ટરો/સંસ્થાઓને પાણી આપવામાં આવે તો તે માટેના ચાર્જ નીચે પ્રમાણેના દરથી લેવાનું રાખવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

		રૂ. પૈસા	
૧.	કૉંક્રીટ	... ૦--૯૦	૧૦૦ ઘનફૂટના
૨.	ચણતરકામ	... ૦--૭૧	૧૦૦ ઘનફૂટના
૩.	પ્લાસ્ટરકામ	... ૦--૪૫	૧૦૦ ચો. ફૂટ
૪.	ફ્લોરિંગ	... ૦--૩૦	૧૦૦ ચો. ફૂટ
૫.	માટીપુરાણ	... ૦--૨૫	૧૦૦ ઘનફૂટના.

ઇલેકિટ્રક ચાર્જ મીટરના રીડિંગ પ્રમાણે દર યુનિટના રૂ. ૦--૫૦ પૈસા પ્રમાણે વસૂલ કરવો."

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી

परिशिष्ट "अ"

Statement of excess in the quantities in the work of State Bank of India building.

Item No.	*Description*	*Quantity*		*Amount*		*Excess Amount*	
		As per Tender	*As per Execution*	*As per Tender*	*As per Execution*	*Rs.*	*P.*
1	2	3	4	5	6	7	
Bill No. 1							
item No. 1	Excavation for foundation	425	450	2,125	2,250	125-00	
item No. 2	Light Wt. material i.e. thor filling	35	36	1,050	1,110	60-00	
item No. 4	Earth filling by imported earth	140	350	1,400	3,500	2,100-00	
Bill No. 2							
item No. 1	B.B.L.C.	155	160	8,990	9,280	290-00	
Bill No. 5							
item No. 4	Louvered window	42	43	13,020	13,330	310-00	
Bill No. 6							
item No. 1	Grill work & gate	400	545	3,200	4,360	1,160-00	
Bill No. 7							
item No. 1	Sagol finish plaster	1400	1430	11,200	11,440	240-00	
Bill No. 8							
item No. 2	Plastic paint	5	110	60	1,320	1,260-00	
Bill No. 9							
item No. 1	R.W.P.4" dia.	50	51	1,500	1,530	30-00	

1	2	3	4	5	6	7
SANITARY & PLUMBING						
item No. 1	(*b*) C.I. Pipe 3″ dia.	10	21	360	756	396-00
1	(*e*) Stone ware 4″ dia.	10	36	150	540	390-00
item No. 2	(*a*) G.I. Pipe 1½″ dia.	10	15	170	255	85-00
2	(*c*) G.I. Pipe 1″ dia.	10	200	260	5,200	4,940-00
item No. 8	(*a*) Manhole with light C. I. Cover	2	5	500	1,250	750-00
item No. 11	B. B. Masonry Gully Trap.	3	11	120	440	320-00
Extra						
item No. 1	Extra over for exposed Brick Masonry.	400	530	1,400	1,855	455-00
Extra						
item No. 2	Cement pointing	400	530	1,120	1,484	264-00
Extra						
item No. 3	Water repalent paint	400	530	1,300	1,723	423-00

यादी 'ब'

Statement of excess quan ity in the work of Centre for Menagement

Item No.	Description	Quantity		Amount		Amount
		As per Tender	As per Execution	As per Tender	As per execution	Rs. p.
Bill No. 1						
Item No. 4	Earth filling by imported earoll.	500 cmt.	900 cmt.	5,000	9,000	4,000-00
						4,000-00

यादी 'क'

Statement for the Extra Item Rates in the work of Kanada Engineering Co., Ahmedabad at State Bank of India Bldg., Gujarat University, Ahmedabad-9.

Sr. No.	Item	Qnty.	Rate Rs.	Per	Amount Rs.
1	P/fixing (Chi Wood) panels on both sides for grilled gate.	5 smt.	150	Smt.	750-00
2	P/fixing sink connection	1 No.	30	No.	30-00
3	P/fixing brass C.P.Jali	10 Nos.	12	,,	120-00
4	F/F C.I. Jali for R.W.P.	21 ,,	12	,,	105-00
5	Extra for centre point fittings	20 ,,	10	,,	200-00
6	Extra over for P/F mortice lock in place of iron oxidized fittings in T.I.I. of B.No. 5.	15 ,,	37	,,	555-00
7	P/F marble partition for Urinals incl. polishing etc. complete	1.5 ,,	194-55	,,	291-82
8	P/F Urinal incl. stop cock PVC connection. PVC down take pipe C. P. Brass sockets screws, clamps etc. complete.	4 Nos.	125	,,	500-00
9	P/F brick on edge paving incl. sand, bed, cement mortar filling in joint and pointing in C.M.	150 smt.	15	smt.	2,250-00

यादी 'ड'

Sr. No.	*Item*	*Rate*	*Per.*
1.	Sanitary & Plumbing		
	(*a*) 4″ C.I. Pipe	28/-	R.M.T.
	(*b*) 3″ C.I. ,,	25/-	,,
	(*c*) 4″ A.C. ,,	10/-	,,
	(*d*) 3″ A.C. ,,	9/-	,,
	(*e*) 6″ S.W. ,,	15/-	,,
	(*f*) 4″ S.W. ,,	12/-	,,
	(*g*) 4″ C.I. Soil pipe	30/-	,,
	(*h*) 1 1/4″ Polythene Pipe	5/-	,,
	(*i*) 2 1/2″ A.C. Pipe	8/-	,,
	(*j*) 6″ A.C. Pipe	20/-	,,
	(*k*) 9″ R.C.C Pipe	25/-	,,
2.	(*a*) 1/2″ G.I. Pipe	12/-	,,
	(*b*) 3/4″ G.I. Pipe	15/-	,,
	(*c*) 1″ G.I. Pipe	20/-	,,
	(*d*) 1 1/4″ G.I. Pipe	21 -	,,
	(*e*) 1 1/2″ G.I. Pipe	25/-	,,
	(*f*) 2″ G.I. Pipe	30/-	,,
3.	Orrisa Indian W.C.	110/-	No.
4.	Wash Basin	235/-	,,
5.	Nanhi Trap 3″	17/-	,,
6.	Half Turn Flushing Valve	60/-	,,
8.	1/2″ Taps	18/-	,,

Sr. No.	*Item*	*Rate*	*Per*
9.	Man Hole		
(*a*)	Light Cover (50 kg.)	250/-	No.
(*b*)	Heavy Cover (100 kg.)	350/-	,,
10.	-Do- Inspection Chamber	225/-	,,
11.	GULLY TRAP	20/-	,,
12.	Mica Flap Valve	10/-	,,
13.	Sewer Trap	25/-	,,
14.	G.M. Wheel Valve		
	1/2"	25/-	,,
	3/4"	35/-	,,
	1"	40/-	,,
	1 1/4"	45/-	,,
	1 1/2"	70/-	,,
	2"	85/-	,,
15.	A.C. or C.I. COWL		
(*a*)	3"	5/-	,,
(*b*)	4"	8/-	,,
(*c*)	2 1/2"	4/-	,,
16.	URINALS	125/-	,,
17.	1" FERUL CONNECTION	25/-	,,

यादी 'ई'

Statement of Excess quantities in the work of Reading Centre in the University Campus

Sr. No.	*Discription*	*Quantity*		*Amount*		*Excess*
		As per Tender	*As per Execution*	*As per Tender*	*As per execution*	*Rs. p.*
1	2	3	4	5	6	7
1(2)	Providinga filling light wt. material	30 cum.	90 cum.	900	2700	1,800
2(3*a*)	Providing & laying R.C.C.M-175	315 cum.	420 cum.	107100	142800	35,700
(4)	Extra for exposed con. surface	2000 smt.	2200 smt.	26000	28600	2,600
(6)	Mild Steel	8 smt.	10 smt.	22000	27500	5,500
3(2)	Brick Partition wall	100 smt.	175 smt.	2000	3,500	1,500
4(3)	Double Polish Kotah Stone for steps etc.	20 smt.	35 smt.	2600	4550	1,950
7(1)	Sagol finish cement plaster	1000 smt.	1400 smt.	8000	11200	3,200
(2)	Water proof plaster	150 smt.	300 smt.	1500	3000	1,500
8(1)	White wash	1000 smt.	1400 smt.	1000	1400	400
					Total.....	54,850

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૫૬

યુનિવર્સિટીના બિનશિક્ષક કર્મચારીગણ માટે શ્રી. દેસાઈ પંચે આપેલ અહેવાલના આધારે રાજ્ય સરકારે પોતાના જી.આર.થી સુધારેલાં પગારધોરણ વગેરેનો લાભ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક કર્મચારીઓને આપવાથી ઊભા થતા પ્રશ્નો, તેમજ ગ્રંથપાલ, હિસાબનીશ, કૅશિયરનાં પગારધોરણ, તફાવતની ચુકવણી, અમલની તારીખ ઇત્યાદિ અંગે સુચિંતિત ભલામણો કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦-૩-૧૯૭૭ની સભામાં બાબત ક્રમાંક ૩૮ (૨) અને (૪૨)ના ઠરાવથી નિયુકત કરેલી સમિતિની સભા તા. ૨૮-૩--૧૯૭૭ના રોજ ૪--૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. આચાર્યશ્રી એમ. સી. શાહ	હાજર
૨. આચાર્યશ્રી કે. એન. શાહ	હાજર
૩. શ્રી. શરદભાઈ પટેલ	હાજર

સભાનું પ્રમુખસ્થાન આચાર્યશ્રી એમ. સી. શાહે સંભાળ્યું હતું.

શરૂઆતમાં યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓના ત્રણે ઝોનનાં મંડળોની સંકલન સમિતિના કન્વીનર શ્રી. બિપિન આર. શાહની આગેવાની હેઠળના પ્રતિનિધિમંડળે સમિતિ સમક્ષ કરેલ રજૂઆતો સાંભળવામાં આવી. તેમણે સમિતિને તેમના આવેદનપત્ર ક્રમાંક ૮૯૫૨, તા. ૨૬--૩--૧૯૭૭ની નકલ સુપરત કરી હતી.

ત્યાર બાદ ચર્ચાવિચારણાને અંતે એક્ઝિકયુટિવ કાઉન્સિલને નીચે પ્રમાણે ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું હતું :

(૧) (અ) એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૦--૩--૧૯૭૭ની સભામાં બાબત ક્રમાંક ૩૮ (૨) હેઠળ સંલગ્ન કૉલેજોના એકાઉન્ટન્ટને યુનિવર્સિટીના આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટનું પગારધોરણ આપવાના શ્રી. શરદ પટેલના પ્રસ્તાવ અંગે ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજોમાંથી એકાઉન્ટન્ટ તેમજ એકાઉન્ટ્સ કલાર્કનું કામ કરતા હોય તેવા કર્મચારીઓને શૈક્ષણિક લાયકાત, હાલમાં અપાતું પગારધોરણ, હિસાબને લગતી જે તે કામગીરી બજાવે છે ઇત્યાદિ બાબતો અંગેની માહિતી સંલગ્ન કૉલેજો-માન્ય સંસ્થાઓમાંથી મંગાવવી અને તે માહિતી આવ્યા બાદ પુનઃ આ સમિતિ સમક્ષ રજૂ કરવી. અને ત્યાર બાદ એકાઉન્ટન્ટના પગાર-ધોરણ અંગે છેવટનો નિર્ણય લેવાનું રાખવું.

(૧) (બ) હાલ જે જે સંલગ્ન કૉલેજો--માન્ય સંસ્થાઓમાં એકાઉન્ટ્સ કલાર્કના હોદ્દા પર જે કર્મચારીઓ કામ કરતા હોય તે કર્મચારીઓને શ્રી. દેસાઈ પગારપંચ પ્રમાણે આવેલા જી.આર.માં યુનિવર્સિટીના બિનશિક્ષક કર્મચારીગણ પૈકી સીનિયર કલાર્ક માટે જે પગાર-ધોરણ દર્શાવ્યું છે તે એટલે કે રૂ. ૩૩૦-૧૦-૩૮૦-ઈ.બી.-૧૨-૪૪૦-ઈ.બી. ૧૫-૫૬૦ નું પગારધોરણ લાગુ પાડવું.

(૨) (અ) સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલના સુધારવાના પગારધોરણ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન કક્ષાએ કાર્યવાહી ચાલતી હોવાથી તે બાબતમાં હાલ કાંઈ આ સમિતિએ કરવાપણું રહેતું નથી.

(૨) (બ) એકાઉન્ટન્ટના પગારધોરણ અંગે ઉપર (૧) (અ) માં જણાવ્યા પ્રમાણેની માહિતી આવ્યા બાદ વિચારણા કરવાનું રાખવું.

(૨) (ક) કૅશિયરના પગારધોરણ અંગે યુનિવર્સિટીના બિનશિક્ષક કર્મચારીઓ માટે શ્રી. દેસાઈ પંચ પ્રમાણે સુધારવામાં આવેલ પગારધોરણમાં રાજ્ય સરકારના ઠરાવમાં જુનિયર ક્લાર્ક માટે જે પગારધોરણ દર્શાવ્યું છે તે એટલે કે રૂ. ૨૬૦-૬-૩૦૮ ઈ.બી. ૬-૩૨૬-૮-૩૫૦ ઈ. બી. ૮-૩૯૦-૧૦-૪૦૦નું પગારધોરણ લાગુ પાડવું.

(૨) (ડ) પગારધોરણ તફાવતના રકમની ચુકવણી રાજ્ય સરકાર યુનિવર્સિટીના કર્મચારીઓની જેમ કરવાનું રાખવું.

(૨) (ઈ) પગારધોરણના અમલની તા. ૧-૫-૧૯૭૩થી રાખવી.

યુનિવર્સિટી કાર્યાલયના તા. ૧૮-૩-૧૯૭૪ના પરિપત્રાંક સી. ૨૮૬૫૦ માં દર્શાવ્યા છે તે મુજબ જે તે કક્ષા માટે જે પગારધોરણો નિર્દિષ્ટ કર્યાં છે તેની ગણતરી ધ્યાનમાં લઈ નવું પગારધોરણ નિયત કરવું.

(૨) (ઈ) તાજેતરમાં સંલગ્ન કૉલેજો-માન્ય સંસ્થાઓના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને રાજ્ય સરકારનો જી.આર. લાગુ પાડવા અંગે યુનિવર્સિટી કાર્યાલયના તા. ૨૨-૧-૧૯૭૭ના પરિપત્રાંક ૧૫૫૧૩૨ માં જે વિનંતી કરી છે તેના બદલે અમલ કરવો આવશ્યક છે તેમ સંલગ્ન કૉલેજો-માન્ય સંસ્થાઓને જણાવવું.

વધુમાં નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

(૩) (અ) ઈલેક્ટ્રિશિયનને જુનિયર ક્લાર્ક એટલે કે રૂ. ૨૬૦-૬-૩૦૮ ઈ.બી. ૬-૩૨૬-૮-૩૧૦ ઈ.બી. ૮-૩૯૦-૧૦-૪૦૦ નું પગારધોરણ આપવું.

(૩) (બ) ગૅસ મિકેનિક-મિકેનિકને પણ જુનિયર ક્લાર્કની એટલે કે રૂ. ૨૬૦-૬-૩૦૮ ઈ.બી. ૬-૩૨૬-૮-૩૧૦ ઈ.બી. ૮-૩૯૦-૧૦-૪૦૦ નું પગારધોરણ આપવું.

(૩) (ક) લાઈબ્રેરી ઍટેન્ડન્ટને હેડ પ્યુનનું એટલે કે રૂ. ૨૧૦-૪-૨૫૦-૫-૨૭૦ નું પગારધોરણ આપવું.

(૩) (ડ) સંલગ્ન કૉલેજોનાં પગારધોરણ સ્વીકારવાની તારીખ તથા જૂના પગારમાં રહેવા માંગે છે કે નવા પગારધોરણમાં રહેવા માંગે છે તે માટે યુનિવર્સિટીના બિનશિક્ષક કર્મચારીઓની માફક વિકલ્પ (ઓપ્શન) રાખવાની છૂટ આપવી.

(૩) (ઈ) કૅશ ઍલાવન્સ, ટાઈપિંગ ઍલાવન્સ, દૂધ ઍલાવન્સ ઈત્યાદિ ભથ્થાં યુનિવર્સિટીએ અગાઉ ઠરાવ્યા મુજબ જે જે કક્ષાના કર્મચારીઓને અગાઉ અપાય છે તે ચાલુ રાખવાં.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. દ. ત્રિવેદી
કુલસચિવ વતી

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ—૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની જૂન માસની સભા, શનિવાર, તા. ૪-૬-૧૯૭૭ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૪-૬-૧૯૭૭
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણ સંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચન્દ્ર ચંદુલાલ શાહ	હાજર
૫.	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ	હાજર
૬.	શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર
૭.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	ગેરહાજર
૯.	આચાર્ય સંતપ્રસાદ રણછોડલાલ ભટ્ટ	હાજર
૧૦.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૧.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૨.	શ્રી. નરહરિ મૂળજીભાઈ પરીખ	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૫.	શ્રી. રમેશચન્દ્ર મણિલાલ શાહ	હાજર
૧૬.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર
૧૭.	આચાર્ય ખા. એમ. પીરજાદા	હાજર
૧૮.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	ગેરહાજર
૧૯.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ ભટ્ટ	હાજર
૨૦.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૨૩-૪-૧૯૭૭ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૩-૪-૧૯૭૭ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં વૉચમેન તરીકે કામ કરતા શ્રી. આર. કે. બારૈયા તા ૨૪-૩-૧૯૭૭ ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓના ખાતે નીકળતી પ્રૉ. ફંડની રકમ પરત આપવા અંગેની તેઓની તા. ૨૨-૪-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—શ્રી બારૈયા યુનિવર્સિટીમાં તા. ૧૬-૪-૧૯૭૫ના રોજ જોડાયા હતા અને તા. ૨૪-૩-૧૯૭૭ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વૉચમેનની જગ્યા પરથી છૂટા થયેલા શ્રી. આર. કે. બારૈયાને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ તેમને પરત કરવી.

૩. યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય સેવા યોજનામાં મદદનીશ વહીવટી અધિકારી તરીકે કામ કરતા શ્રી આર. એસ. પટેલને રૂ. ૬૫૦-૩૦-૭૪૦-૩૫-૮૧૦ ઈ.બી. ૩૫-૮૮૦-૪૦-૧,૦૦૦ -ઈબી-૪૦-૧,૨૦૦ના પગારધોરણમાં રૂ. ૮૧૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) તા. ૧-૪-૧૯૭૭થી ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

રાષ્ટ્રીય સેવા યોજનાના મદદનીશ વહીવટી અધિકારી શ્રી. આર. એસ. પટેલની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. આર. એસ. પટેલને સદરહુ જગ્યા પર રૂ. ૬૫૦-૩૦-૭૪૦-૩૫-૮૧૦-ઈ.બી.-૩૫-૮૮૦-૪૦-૧,૦૦૦-ઈ.બી.-૪૦-૧,૨૦૦ના પગારધોરણમાં રૂ. ૮૧૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) તા. ૧-૪-૧૯૭૭થી ઓળંગવા માટે પરવાનગી આપવી.

૪. યુનિવર્સિટી મુદ્રણાલયમાં જુ. કમ્પોઝીટર તરીકે કામ કરતા નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે દર્શાવેલ તારીખથી રૂ. ૩૬૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય રૂ. ૨૬૦-૮-૩૦૮ ઈબી ૮-૩૪૦-૧૦-૩૬૦ ઈબી ૧૦-૪૩૦ના તેઓના પગારધોરણમાં ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) શ્રી. ડી. સી. દીક્ષિત	જુ. કંપોઝીટર	તા. ૪-૪-'૭૭ થી
(૨) શ્રી. એચ. જી. સતવારા	,,	તા. ૧૨-૪-'૭૭ થી
(૩) શ્રી. પી. એચ. પટેલ	,,	તા. ૧૫-૪-'૭૭ થી
(૪) શ્રી. જે. ડી. પટેલ	,,	તા. ૨૨-૫-'૭૭ થી

યુનિવર્સિટી મુદ્રણાલયના સદરહુ જુનિયર કંપોઝીટરોના કામગીરી અંગેના ખાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ ચારેય જુનિયર કંપોઝીટરોને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી રૂ. ૨૬૦-૮-૩૦૮-ઈ.બી.-૮-૩૪૦-૧૦-૩૬૦-ઈ.બી.-૧૦-૪૩૦ના પગારધોરણમાં રૂ. ૩૬૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) ઓળંગવા માટે પરવાનગી આપવી.

૫. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના નીચેના શિક્ષકો નિવૃત્ત થતા હોવાથી તેઓની પ્રો. ફંડની રકમ તથા ગ્રેચ્યુઇટીની રકમ આપવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) ભાષા-સાહિત્ય ભવનમાં અંગ્રેજીના પ્રાધ્યાપક પ્રો. કે. આર. ચંદ્રશેખરન તા. ૧૫-૬-૧૯૭૭થી નિવૃત્ત થતા હોઈ તેમના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ તથા સ્ટે. ૧૯૩-બી પ્રમાણે આપવાની થતી ગ્રેચ્યુઇટીની રકમ આપવા અંગેના તેમના તા. ૧૨-૫-૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—પ્રો. ચંદ્રશેખરન તા. ૭-૧૧-૧૯૬૩ના રોજ ભવનમાં જોડાયા હતા અને તા. ૧૪-૬-૧૯૭૭ના રોજ કામકાજના સમય બાદ નિવૃત્ત થાય છે.]

(૨) વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક પ્રો. પી. ડી. પાડક તા. ૧૫-૬-૧૯૭૭થી નિવૃત્ત થતા હોઈ તેઓના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ તથા સ્ટે. ૧૯૩-બી પ્રમાણે આપવાની થતી ગ્રેચ્યુઇટીની રકમ આપવા અંગેના તેઓના તા. ૧૬-૫-૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.--પ્રો. પાડક ભવનમાં તા. ૫-૧૦-૧૯૫૯ના રોજ જોડાયા હતા અને તા. ૧૪-૬-૧૯૭૭ ના રોજ કામકાજના સમય બાદ નિવૃત્ત થાય છે.]

૧. આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનના અંગ્રેજીના પ્રાધ્યાપક પ્રો. કે. આર. ચન્દ્રશેખરનને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પ્રોવિડંટ ફંડની રકમ તથા ગ્રેચ્યુઇટીની રકમ ચૂકવી આપવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક પ્રો. પી. ડી. પાડકને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પ્રોવિડન્ટ ફંડની તથા ગ્રેચ્યુઇટીની રકમ ચૂકવી આપવી.

૩. સદરહુ બાબતોના સંદર્ભમાં વધુમાં ઠરાવવામાં આવ્યું કે ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષ અને ગુજરાતીના પ્રાધ્યાપક પ્રો. અનંતરાય એમ. રાવળ પણ તા. ૧૪-૬-૧૯૭૭થી નિવૃત્ત થતા હોઈ તેમને પણ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પ્રોવિડંટ ફંડની રકમ ચૂકવી આપવી, અને હવેથી નિવૃત્ત થતા યુનિવર્સિટીના સર્વ કર્મચારીઓને નિયમ મુજબનું પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી વગેરેની ચુકવણી આપોઆપ કરવી.

૬. ગુજરાત યુનિવર્સિટી તરફથી ચલાવવામાં આવતા આઈ. એ. એસ. ટ્રેનિંગ સેન્ટરને ૧૯૭૬-૭૭ના વર્ષ માટે ચાલુ રાખ્યાના તથા સદરહુ કેન્દ્રને હાલ પૂરતું વાર્ષિક

ધોરણે ચાલુ રાખવા અંગે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે તેઓના તા. ૨૨-૪-૧૯૭૭ના પત્ર ક્રમાંક આઈ. એ. એસ. (૧૦૭૭) ૧૧૩૮૪-ખ થી મંજૂરી આપ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૭. ભારત સરકારના કૃષિ ખાતાએ તેના તા. ૨૯-૪-૧૯૭૭ના પત્ર ક્રમાંક ૪-૨-૭૫-એફઆરવાય-I થી ડૉ. બી. એસ. વૈદ્યની સંશોધન યોજના "Farm Forestry Research on Wind Breaks and Shelter Belts" માટે ૧૯૭૭-૭૮ તથા ૧૯૭૮-૭૯ના વર્ષ માટે અનુદાનની રકમ રૂ. ૮૮,૪૦૦- (રૂપિયા અઠ્યાસી હજાર ચારસો પૂરા) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી અને તે અંગે ઘટતી કાર્યવાહી કરવા માટે ડૉ. બી. એસ. વૈદ્યને જણાવવું.

૮. શિક્ષણ નિયામકશ્રી ગુજરાત રાજ્ય, અમદાવાદ તરફથી તેમના તા. ૨૯-૪-૧૯૭૭ના પત્ર નં. ૫/અનાસા/એન.એસ.એસ./ ૭૭-૭૮/ ૧૫૪-૧૭૭ (ગ્રાન્ટ) કે થી (Special Camping Programme under National Service Scheme during 1977-78 અંગે પ્રથમ હપતા તરીકે અનુદાનની રકમ રૂ. ૯૬,૦૦૦/- મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૯. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના ઉપક્રમે માઉન્ટ આબુ મુકામે મે-જૂન ૧૯૭૭ દરમિયાન યોજાનાર પર્વતારોહણ તાલીમ શિબિર માટે ભારત સરકારના શિક્ષણ અને સમાજ કલ્યાણ ખાતાના તા. ૬-૫-૧૯૭૭ના પત્રાંક એફ. ૬-૧૭/૭૭-એન.એસ.વાય-II થી રૂ. ૧૭,૨૪૨-૫૦ (રૂપિયા સત્તર હજાર બસો બેતાલીસ અને પૈસા પચાસ પૂરા) નું અનુદાન મંજૂર કર્યાની તથા તે પેટે રૂ. ૧૪,૦૦૦ (અંકે રૂપિયા ચૌદ હજાર પૂરા) on account ચૂકવવાનું મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૧૦. ગુજરાત યુનિવર્સિટીના વિજ્ઞાન ભવનના બોટાની વિભાગના રીડર ડૉ. સી. કે. શાહને સંશોધન યોજના "Histochemical Embryology of some monocotyledons-Quantitative and Qualitative studies" માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેઓના તા. ૨૧-૪-૧૯૭૭ના પત્રાંક એફ રર૩-૫૩૨/૭૬ (એસઆર-૨)થી નીચે પ્રમાણે આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત :

આવર્તક :

૧. જુ. રિસર્ચ ફેલો (ત્રણ)	રૂ. ૪૦૦-(પ્રત્યેક માસ)	દર વર્ષે રૂ. ૧૨,૦૦૦
૨. કન્ટિન્જન્સી	(ત્રણ વર્ષ માટે રૂ. ૩૬,૦૦૦)	

અનાવર્તક :

૧. વિજ્ઞાનનાં સાધનો ખરીદવા માટે રૂ. ૨૦,૦૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી અને તે અંગે ઘટતી કાર્યવાહી કરવા માટે ડૉ. સી. કે. શાહને જણાવવું.

૧૧. યુનિવર્સિટીના પ્રાણીવિજ્ઞાન વિભાગનાં ડૉ. (મિસ) એન. જે. ચિનોયની સંશોધન યોજના " Metabolic Significance of ascorbic acid in Human sperm Motility and Metabolism "—ઇન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચે તેમના તા. ૧૬-૪-૧૯૭૭ના પત્રાંક ૫/૧૦/૨૧/૭૫-RB૦૨૨૯/૧૯૭૭-૭૮ના વર્ષ માટે પત્રમાં જણાવેલ શરતોએ રૂ. ૧૭,૦૦૦નો બજેટ ખર્ચ મંજૂર કર્યાની નોંધ લેવા તેમ જ તે અંગે જરૂરી કાર્યવાહી કરવા વિચારણા કરવા બાબત.

(નોંધ.—યોજનાની મુદત દર વર્ષે રિન્યુ કરાવવાની શરતે ત્રણ વર્ષની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી અને તે અંગે ઘટતી કાર્યવાહી કરવા માટે ડૉ. (મિસ) એન. જે. ચિનોયને જણાવવું.

૧૨. હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. કાન્તિલાલ એમ. કાંટાવાલા સંશોધન એવોર્ડ અંગે મંજૂર થયેલા નિયમો પ્રમાણે આવેદનપત્રમાં નિર્ણાયક સમિતિના સભ્યોનાં નામો અગાઉથી મૂકવાનાં હોઈ સદરહુ એવોર્ડ અંગેની સમિતિ પર સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એવોર્ડ માટેની નિર્ણાયક સમિતિ પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. શ્રી. કાન્તિલાલ એમ. કાંટાવાળા (હરિ ૐ આશ્રમના પ્રતિનિધિ)
૨. ડિરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશન, ગુજરાત સ્ટેટ
૩. ડિરેક્ટર ઑફ ઈન્સ્ટિટ્યૂટ ઑફ એન્જિનિયરિંગ રિસર્ચ, વડોદરા
૪. સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયર (ડિઝાઈન), ગુજરાત સ્ટેટ
૫. આચાર્ય કે. એન. શાહ
૬. ડૉ. આર. સી. સોનપાલ.

૧૩. તા. ૭-૮-૧૯૭૬ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં બહારના પ્રેસોને મુદ્રણ તથા બાઇન્ડિંગનું કામ સોંપવા માટે જે દર નક્કી કરેલા છે તે દરે તેનું કામ જયશ્રી મુદ્રણાલયને પણ ખાસ કેસ તરીકે સોંપવા માટે તેના વ્યવસ્થાપકે કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં પ્રકાશનોનું મુદ્રણ તથા બાઈન્ડિંગનાં કામ યુનિવર્સિટીના નિયત દરે કરવા માટે જયશ્રી મુદ્રણાલયને માન્ય કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બીજાં સુસજ્જ મુદ્રણાલયો પણ યુનિવર્સિટીના નિયત દરે કામ કરવા તૈયાર હોય તો તેમને પણ નિયત દરે કામ કરવા માટે માન્ય કરવાનું રાખવું.

૧૪. ઇન્ડો-જર્મન સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમ હેઠળ વિજ્ઞાન વિદ્યાભવનના ફિઝિક્સ વિભાગના વડા પ્રો. કે. એમ. કોટડિયાને બર્લિનની સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોલર ટેરેસ્ટ્રિયલ ફિઝિક્સની ૬ અઠવાડિયાંની મુલાકાતે મોકલવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૯-૫-૧૯૭૭ના ડી.ઓ. પત્રાંક એફ ૩૯/૭/૭૭ (AM) અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—ડૉ. કોટડિયાને નોમિનેટ કરવામાં આવે તો બર્લિન જવા-આવવાનો ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવાનો રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિક વિજ્ઞાનના રીડર ડૉ. કે. એમ. કોટડિયાને સદરહુ કામ માટે મોકલવા માટેના ખર્ચમાં જરૂરી આર્થિક સહાય આપવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને વિનંતી કરવી.

૧૫. બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસાએ સ્વાયત્તતા મેળવવા કરેલી અરજી પાછી ખેંચી લીધાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૬. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧-૪-૧૯૭૭ની સભામાં વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૨૩/૨૪-૩-૧૯૭૭ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ સ્ટે. ૧૦૮ સુધારવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલ અને યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત (એ. કા. બાબત ક્રમાંક ૬):

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખા હેઠળ અપાયેલી એકચ્યુઅરિયલ સાયન્સ અને સ્ટેટિસ્ટિક્સની અભ્યાસસમિતિનું નામ 'એકચ્યુરિયલ સાયન્સ' રાખવું અને તે માટે સ્ટે. ૧૦૮માં ઘટતો સુધારો કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૦૮ એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સુધારવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી. સ્ટે. ૧૦૮નો સુધારેલો સંબંધકર્તા ભાગ નીચે મુજબ રહેશે :

Faculty of Commerce

40. Commerce

41. Accounting including Costing

42. Acturial Science.

૧૭. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧-૪-૧૯૭૭ની સભામાં વાણિજ્ય વિદ્યાશાખામાં 'ડિપ્લોમા ઇન એકાઉન્ટન્સી' (Dip. in A/C)નો એક વર્ષનો અનુસ્નાતક ડિપ્લોમા સ્થાપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલ અને યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત (એ. કા. બાબત ક્રમાંક ૮).

આથી ઠરાવવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાશાખામાં ડિપ્લોમા ઇન એકાઉન્ટન્સી (Dip. in A/C)નો એક વર્ષનો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્થાપવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

૧૮. ડિરેક્ટર ઑફ મેડિકલ એજ્યુકેશન અૅન્ડ રિસર્ચ, ગુજરાત રાજ્યના તા. ૯-૫-૧૯૭૭ના પત્રાંક એમસીજી—એડમિ.-૩૯૫ ૧૯૭૭-૯૭૪-ઇથી તબીબી કૉલેજોમાં વિદ્યાર્થીઓની બેઠકોની નીચે મુજબ ફાળવણી કરવાનો નિર્ણય સરકારશ્રીએ કરેલ છે તેની જાણ કરતા આવેલ પત્રની નોંધ લેવા બાબત :

"જૂન ૧૯૭૮થી શરૂ થતા શૈક્ષણિક વર્ષમાં પ્રથમ એમ.બી.બી.એસ. કોર્સમાં દાખલ થવા માટે જુદા જુદા બે પ્રવાહના વિદ્યાર્થીઓ પ્રવેશપાત્ર બને : (૧) એફ.વાય.બી.એસસી. પ્રી-મેડિકલ કોર્સ, તથા (૨) હાયર સેકન્ડરી કોર્સ. આ હકીકતને લક્ષમાં લઈને ૧૯૭૮ના વર્ષ દરમિયાન મેડિકલ કૉલેજો ખાતેની બેઠકોની ફાળવણી નીચે પ્રમાણે કરવાનો સરકારે નિર્ણય લીધો છે :

૧. ગુજરાત યુનિવર્સિટી	...એફ.વાય.બી.એસસી.	૧૩૧
૨. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા	...પ્રી-મેડિકલ	૫૮
૩. સરદાર પટેલ યુનિવર્સિટી	...એફ.વાય.બી.એસસી.	૩૨
૪. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી	...પ્રી-મેડિકલ	૬૨
૫. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી	...પ્રી-મેડિકલ	૭૮
		૩૬૧

આને પરિણામે કુલ ૬૭૫ની પ્રવેશ-સંખ્યામાંથી ૩૬૧ બેઠકો પ્રી-મેડિકલ, એફ.વાય.બી.એસસી.ના વિદ્યાર્થીઓ માટે અનામત રાખવામાં આવશે, બાકીની ૩૧૪ બેઠકો એપ્રિલ ૧૯૭૮માં હાયર સેકન્ડરી પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીઓને ફાળવવામાં આવશે. ૨૪ બેઠકોનો અનામત ક્વોટા પણ હાયરસેકન્ડરીના વિદ્યાર્થીઓને ફાળવવામાં આવશે. જૂન ૧૯૭૯થી પ્રી-મેડિકલ અને એફ.વાય.બી.એસસી.માંથી પ્રથમ એમ.બી.બી.એસ.માં પ્રવેશ આપવાનું સદંતર બંધ કરવામાં આવશે. "

૧. આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨. વધુમાં ઠરાવવામાં આવે છે કે બી. જે. મેડિકલ કૉલેજમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટેની સંખ્યામાં જે કાપ મૂકવામાં આવેલો છે તે પાછો ખેંચવા મેડિકલ કાઉન્સિલને વિનંતી કરવી, અને તે પાછો ખેંચાયેથી તે જગ્યાઓ આ યુનિવર્સિટીને ફાળવવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે સંલગ્ન મેડિકલ કૉલેજોમાં ૧૯૭૯ અને તે પછીનાં વર્ષોમાં પ્રવેશ માટે એફ.વાય.બી.એસસી.ની પરીક્ષામાં પાસ થવું આવશ્યક રહે તે પ્રમાણે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ નિયત કરવા માટે જરૂરી કાર્યવાહી કરવી.

૧૯. ૧૯૭૭-૭૮ના વર્ષથી બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદને પ્રથમ એમ.બી.-બી.એસ.ના અભ્યાસક્રમ માટે ૧૫૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગે સૂચના આપવા, મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ તેના તા. ૨૦-૪-૧૯૭૭ના પત્રથી જણાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. મેડિકલ કૉલેજમાં પ્રવેશ માટેની સંખ્યામાં જે કાપ મૂકવામાં આવ્યો છે તે પાછો ખેંચી લેવા માટે ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલને આગ્રહ કરવો.

૨૦. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા/મરામત કરાવવા અંગે સ્ટે. ૧૮૮(૨) પ્રમાણેની તેમના પ્રૉ. ફંડ ખાતેની લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા વિભાગ	લોનની રકમ રૂપિયા	સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	કયા કારણસર લોનની માંગણી કરી છે?
૧.	શ્રી. પી. સી. ચૌહાણ, પટાવાળા, ગ્રંથાલય	૨,૯૦૦	ના	મકાન રિપેરિંગ કરાવવા અંગે
૨.	શ્રી. એન. વી. શાહ, હરબેરિયમ આસિ., વિજ્ઞાન વિદ્યાભવન	૭,૨૦૦	હા	હા. બોર્ડના ફ્લેટમાં ભરવા અંગે
૩.	શ્રી. એમ. વી. ઝાલા, પટાવાળા, કૉમ્પ્યુટર સેન્ટર	૪,૧૦૦	ના	,,
૪.	શ્રી. એ. એચ. શાહ, જુ. ક્લાર્ક, ઑડિટ વિભાગ	૭,૬૦૦	ના	મકાન મરામત અંગે
૫.	શ્રી. પી. બી. ચૌહાણ, નાયક, ગ્રંથાલય	૬,૫૦૦	ના	વસ્ત્રાપુરમાં મકાન બાંધવા માટે
૬.	શ્રી. પી. ટી. પટેલ, સી. ક્લાર્ક, પરીક્ષા વિભાગ	૧૦,૪૦૦	હા	મકાન મરામત અંગે
૭.	શ્રી. સી. કે. પટેલ, સીનિયર ક્લાર્ક, ગ્રંથાલય	૯,૫૦૦	ના	હાઉસિંગ સોસાયટીમાં મકાન તૈયાર કરાવવા માટે
૮.	શ્રી. ડી. જે. ખાવીશી, ટાઇપિસ્ટ, યુનિવર્સિટી કાર્યાલય	૯,૪૦૦	હા	મકાન મરામત અંગે

[નોંધ.— (અ) (૧) શ્રી. પી. સી. ચૌહાણના ખાતે તા. ૩૧-૩-'૭૭ સુધીમાં રૂ. ૨,૯૦૦ (રૂ. ૨,૯૩૨-૫૨) જમા છે તેમાંથી તેઓની પ્રૉ. ફંડ લોનના રૂ. ૯૬૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૨) શ્રી. એમ. વી. શાહના ખાતે તા. ૩૧-૩-'૭૭ સુધીમાં રૂ. ૭,૨૦૦ (રૂ. ૭,૨૪૩-૨૬) જમા છે તેમાંથી તેઓના બિલ્ડિંગ લોનના રૂ. ૩,૯૧૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૩) શ્રી. એમ. વી. ઝાલાના ખાતે તા. ૩૧-૩-'૭૭ સુધીમાં રૂ. ૪,૧૦૦ (રૂ. ૪,૧૭૯-૩૫) જમા છે તેમાંથી તેઓના પ્રૉ. ફંડ લોનના રૂ. ૬૫૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૪) શ્રી. એ. એમ. શાહના ખાતે તા. ૩૧-૩-'૭૭ સુધીમાં રૂ. ૭,૬૦૦ (રૂ. ૭,૬૮૯-૩૦) જમા છે તેમાંથી તેઓના પ્રૉ. ફંડના લોનના રૂ. ૨,૮૧૫ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૫) શ્રી. પી. બી. ચૌહાણના ખાતે તા. ૩૧-૩-'૭૭ સુધીમાં રૂ. ૬,૫૦૦ (રૂ. ૬,૫૨૨-૭૭) જમા છે તેમાંથી તેઓના પ્રૉ. ફંડના લોનના રૂ. ૨,૦૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૬) શ્રી. પી. ટી. પટેલના ખાતે તા. ૩૧-૩-'૭૭ના રોજ રૂ. ૧૦,૪૦૦ (રૂ. ૧૦,૪૪૪-૮૦) જમા છે તેમાંથી તેઓના બિલ્ડિંગ લોનના રૂ. ૨,૩૬૩ તથા પ્રૉ. ફંડ લોનના રૂ. ૨,૧૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૭) શ્રી. સી. કે. પટેલ ખાતે તા. ૩૧-૩-'૭૭ના રોજ રૂ. ૯,૫૦૦ (રૂ. ૯,૫૪૩-૪૫) જમા છે. તેઓની પાસે પ્રૉ. ફંડની લોનની કોઈ રકમ બાકી નથી.

(૮) શ્રી. ડી. જે. બાવીશી ખાતે તા. ૩૧-૩-'૭૭ના રોજ રૂ. ૯,૪૦૦ (રૂ. ૯,૪૫૮-૫૯) જમા છે. તેમાંથી તેઓના બિલ્ડિંગ લોનના રૂ. ૫,૬૦૯ તથા પ્રૉ. ફંડના લોનના રૂ. ૧,૨૮૦ તથા તે બંનેનું વ્યાજ જે થાય તે રકમ કાપવાની રહેશે.]

(બ) એક્ઝિક્યુટિવ કાઉન્સિલે બીજી વાર બિલ્ડિંગ લોન આપવા અંગે તેની તા. ૨૧-૧-'૭૬ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"……વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૮૮(૨) હેઠળ પોતાના પ્રૉવિડંટ ફંડમાંથી કોઈ પણ કર્મચારીએ એક વાર લોન લીધા પછી ફરીથી લોન લેવાનો પ્રસંગ તેને માટે ઊભો થાય તો તે બાબત અંગે કોઈ ચોક્કસ ધારાધોરણ ઘડવાને બદલે પ્રત્યેક કેસના ગુણદોષ પર વિચારવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ લોનની રકમ તેમનાં પ્રૉવિડંટ ફંડ ખાતેથી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આપવી.

૨૧. યુનિવર્સિટી કાર્યાલયનો સમય શનિવારે રાજ્ય સરકારના ધોરણે બીજો અને ચોથો બંધ રાખવા તથા તેના સંદર્ભમાં ૧૨ આકસ્મિક રજા આપવા તથા શનિવારનો

સમય ૧૧-૦૦ થી ૨-૦૦ (વિરામ વગર) રાખીને ૧૫ આકસ્મિક રજા અંપત્રા અંગેના શ્રી. શરદ પટેલના તા. ૨૨-૨-૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયનો અને ભવનોનો રાબેતા મુજબના કામકાજનો સમય શનિવારે ૧૧થી ૨ (વિરામ વગર)નો રાખવો અને કર્મચારીઓ માટેની વાર્ષિક આકસ્મિક રજાઓની સંખ્યા ૧૨થી વધારીને ૧૫ કરવી.

૨૨. ગુજરાત યુનિવર્સિટીના M.D. in Cardiologyના અભ્યાસક્રમમાં જોડાનાર વિદ્યાર્થીઓ પૈકી જે બે વિદ્યાર્થીઓ સૌથી વધુ ગુણાંક મેળવીને એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હશે તેમને એમ.ડી. કાર્ડિયોલોજીના પ્રથમ વર્ષમાં સરખે હિસ્સે "બાબુભાઈ અમૃતલાલ મહેતા સ્કોલરશિપ" એનાયત કરવા માટે રૂ. ૨૦,૦૦૦/-નું પ્રદાન આપવા રોમર દાદાચનજી શેઠના એન્ડ કં. (સોલિસિટર્સ, એડવોકેટ્સ એન્ડ નોટરીઝ-મુંબઈ)ના તેમના અસીલ શ્રીમતી પૂર્ણિમા રજનીકાંત ઝવેરી, શ્રી. ચંપકલાલ ભૂખણદાસ કાપડિયા અને શ્રી. રતનશો નવરોજી કોન્ટ્રાક્ટર વતી આવેલા તા. ૧૫-૩-૧૯૭૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—એમ.ડી. કાર્ડિયોલોજીમાં જેઓ એમ.ડી. (જનરલ મેડિસિન કે પિડિયાટ્રિકસ) થયા હોય તે જ જોડાઈ શકે. તેથી તેમાં જોડાનાર વિદ્યાર્થીઓની ગુણવત્તા જોવા દાખલ થયેલા વિદ્યાર્થીઓ પૈકી જેમણે એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવેલા હોય તેમને પાત્ર ગણવો જોઈએ, કારણ એમ.ડી.માં ગુણ અપાતા નથી. શરતમાં વધુ સ્પષ્ટતા કરવી હોય તો એમ.ડી. (જનરલ કે પિડિયાટ્રિકસ)માં તેઓ પહેલી ટ્રાયલે પાસ થયેલા હોવા જોઈએ—એ શરત ઉમેરી શકાય.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાન માટે વિષયોનો અભ્યાસક્રમ નિયત કરવા માટે દાતાનાં સૂચનો મંગાવવાં.

૨૩. ડૉ. હર્ષદરાય લક્ષ્મણદાસ ધોળકિયાને આ યુનિવર્સિટીના ઓર્ડિ. ફંપ-આઈ અન્વયે 'કોમર્સ અને મૅનેજમેન્ટ'ના વિષયોમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવા અંગેની બાબત એકઝિકયુટિવ કાઉન્સિલની તા. ૩૦-૩-૧૯૭૭ની સભામાં મોકૂફ રાખેલ તે પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ડૉ. ધોળકિયા એમ. એસ. યુનિવર્સિટીના નિવૃત્ત શિક્ષક છે અને અમદાવાદમાં રહે છે. તેમને કુલ્લે ૨૫ વર્ષ ઉપરાંતનો શૈક્ષણિક અનુભવ છે. તેઓ બરોડા યુનિવર્સિટીમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક પણ હતા. આપણા વાણિજ્ય વિદ્યાભવન તરફથી મુલાકાતી શિક્ષક તરીકે તેમને શિક્ષણકાર્ય સોંપવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. હર્ષદરાય લક્ષ્મણદાસ ધોળકિયાને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરી શકાય તેમ નથી એમ તેમને જણાવવું.

૨૪. અમદાવાદ મ્યુ. કોર્પોરેશને કાંકરિયા તળાવમાંથી લીલ કાઢવા અંગેના વિજ્ઞાન વિદ્યાભવનના રીડર ડૉ. બી. એસ. વૈદ્યના પ્રોજેક્ટને (મ્યુ. સ્ટેન્ડિંગ કમિટીના તા. ૧૧-૪-૧૯૭૭ના નીચેના ઠરાવથી) મંજૂરી આપી હોઈ ડૉ. વૈદ્યને તેમના સંશોધન પ્રોજેક્ટની કામગીરી શરૂ કરવા માટે જરૂરી મંજૂરી આપવા અંગેના મ્યુ. કોર્પોરેશનના તા. ૧૯-૪-૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

"For carrying out the research of algae for Kankaria lake project Rs. 12,000/- will be paid in 4 installments within a period of 2½ years and necessary chemicals, glasswares, contingencies and fieldmen, etc. will be assisted by Municipal Laboratory,"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી અને તે અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે ડૉ. બી. એસ. વૈદ્યને જણાવવું.

૨૫. યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ (૧)(બી)(૧) અને (૨) અનુસાર સંલગ્ન કૉલેજોએ શિક્ષકોની નિમણૂક કરતી વખતે પ્રત્યેક કૉલેજની જે તે વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ હોવા આવશ્યક હતા, તેમ છતાં પણ એજ્યુકેશન કૉલેજ, દરામલીમાં શ્રી. એચ. પી. ચૌહાણની નિમણૂક યુનિવર્સિટીના પ્રતિનિધિ સિવાય કરવામાં આવી છે, તો તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ૧૯૭૪માં એજ્યુકેશન કૉલેજ, દરામલીને જોડાણ આપ્યું નહોતું. તે સમય દરમ્યાન ઉપરોક્ત નિમણૂક માટે વરણીસમિતિ પર યુનિવર્સિટી પ્રતિનિધિ કૉલેજ તરફથી માંગવામાં આવ્યા હતા. પરંતુ જોડાણ આપેલ નહીં હોવાથી અને આ બાબત ગુજરાત રાજ્યની વડી અદાલતમાં હોવાથી પ્રતિનિધિ આપ્યા ન હતા અને શિક્ષકોની નિમણૂક કરીને કૉલેજે માન્યતા માટે માહિતી મોકલેલી હતી. પરંતુ કોર્ટના ચુકાદાની રાહ જોવાનું રાખ્યું હતું. હવે કૉલેજના જોડાણનો પ્રશ્ન પતી ગયો છે.

(૨) શ્રી. એચ. પી. ચૌહાણ જોડાયા ત્યારે તે માન્યતાને પાત્ર હતા અને આજે પણ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. પી. ચૌહાણની વ્યાખ્યાતા તરીકેની નિમણૂક તેમના કેસના વિશિષ્ટ સંજોગો જોતાં માન્ય રાખવી.

૨૬. શ્રી. શરદભાઈ એમ. પટેલના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ : "યુનિવર્સિટી કર્મચારીઓના સળગતા પ્રશ્નોને લગતાં તા. ૮-૧-૧૯૭૭ની આ સભાની બાબત ક્રમાંક ૭૮ પરના મારા પ્રસ્તાવ ૧ થી ૫ અને ૯ ઉપર આ સભાએ 'રાજ્ય સરકાર પાસે ઘટતી રજૂઆત કરીને તેને અનુમતિ આપવા રાજ્ય સરકારને વિનંતી કરવાનું' ઠરાવેલું હોઈ તથા સંલગ્ન કૉલેજોના શિક્ષક અને બિનશિક્ષક કર્મચારીઓની સત્વરે સંતોષકારક નિકાલ માગતી માગણીઓ (૧) સરકાર દ્વારા સીધા પગારની ચુકવણી, (૨) સેન કમિશનનાં પગારધોરણોનો સાર્વત્રિક અમલ યુનિવર્સિટી કર્મચારીઓને લાગુ પાડવામાં આવેલ પગારધોરણો વગેરેનો કૉલેજોના કર્મચારીઓ માટે સાર્વત્રિક અમલ, (૩) જ્યુડિશિયલ ટ્રિબ્યુનલની

રચના, (૪) બંધ પડતી કૉલેજોને લઈ શિક્ષક/બિનશિક્ષક કર્મચારીઓને સંપૂર્ણ રક્ષણ વગેરે શિક્ષણ જગતના સળગતા પ્રશ્નોનો સત્વરે સંતોષકારક ઉકેલ લાવવા માટે કુલપતિશ્રીની આગેવાની હેઠળ આ સભાના બધા જ સભ્યોનું એક ઉચ્ચ કક્ષાનું પ્રતિનિધિમંડળ રાજ્ય સરકાર સમક્ષ લઈ જઈ આ પ્રશ્નોની જોરદાર અને ભારપૂર્વક રજૂઆત કરવાનું આ સભા ઠરાવે છે."

સદરહુ પ્રસ્તાવ શ્રી. શરદભાઈ એમ. પટેલે તેમના તા. ૩-૬-૧૯૭૭ના પત્રથી પાછો ખેંચી લીધેલો હોઈ તે અંગે વિશેષ કરવાપણું રહ્યું નહીં.

૨૭. શ્રી. માતાજીના જન્મ શતાબ્દી વર્ષ (ધી મધર્સ બર્થ સેન્ટિનરી યર)ને અનુલક્ષીને યુનિવર્સિટીમાં "શ્રી અરવિંદ અભ્યાસ કેન્દ્ર" ખોલવાના સંદર્ભમાં શ્રી અરવિંદ સોસાયટી, પોંડિચેરી તરફથી આવેલ તા. ૩૧-૩-૧૯૭૭ના પત્રાંક યુ. ૭૭/૩/૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૮. અંગ્રેજી-ગુજરાતી વિનીત શબ્દકોશ તૈયાર કરવાનું કામ અગાઉ (એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૮-૧૦-૧૯૭૫ની સભામાં) શ્રી. પી. જી. દેશપાંડેને સોંપેલ છે, તે અંગે તેમની સાથે કરવાના કરારનામાના મુસદ્દાને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કરારનામા માટેનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા કરારનામાના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૯. "મિસા" અથવા અન્ય કાયદા હેઠળ પકડાયેલ શિક્ષકોના જેલવાસનો સમય ફરજ તરીકેનો સમય ગણવા અને તે સમય માટે તેમને પૂરતો પગાર (ભથ્થાં સહિતનો) આપવા શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યના તા. ૨૫-૪-૧૯૭૭ના ઠરાવ નં. યુ.એસ.જી. ૧૧૭૬-ખની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવની સાભાર નોંધ લેવી.

૩૦. ગુજનેરી વિદ્યાશાખામાં ચાર વર્ષનો અભ્યાસક્રમ દાખલ કરવાને કારણે સ રહુ વિદ્યાશાખાની કૉલેજોમાં નોન-ટેકનિકલ વિષયના ફરજલ પડનાર શિક્ષકોને તેઓને મળતા પગાર અને પગારધોરણમાં હાયર સેકન્ડરી સ્કૂલ્સમાં સમાવવા બાબતની જાણ કરતા રાજ્ય સરકારના તા. ૨૫-૪-૧૯૭૭ના ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૦૭૬-સી-૩૬૫-ખ (૧)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી,

તે પછી ૧૯૭૭-૭૮ના વર્ષમાં જે કૉલેજમાં પ્રી-યુનિવર્સિટીના વર્ગો ચલાવવામાં આવે તે કૉલેજના શિક્ષકો જેઓ પ્રી-યુનિવર્સિટીના વર્ગો બંધ થતાં ૧૯૭૮માં ફારેગ થયા તેમની સેવાઓને પણ આરક્ષિત ગણવામાં આવશે તેમ જણાવતાં શિક્ષણ સંચાલકશ્રીનો તા. ૧-૬-૧૯૭૭નો પત્રાંક ઉબક-૯ (૧) ૭૭૯-૬-૨૧૦૧ પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તેની નોંધ લેવામાં આવી.

૩૧. જૂન, ૧૯૭૭થી પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદનું જોડાણ ચાલુ રાખવા બાબતમાં સદરહુ કૉલેજના આચાર્યોના તા. ૫-૫-૧૯૭૭ અને તા. ૧૦-૫-૧૯૭૭ના પત્ર તથા સદરહુ કૉલેજના સંચાલકમંડળના મૅનેજિંગ ટ્રસ્ટીના તા. ૧૦-૫-૧૯૭૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના અધ્યાપકોને તેમની લેણી રકમની પતાવટ કરવામાં આવે તે માટે કૉલેજના આચાર્યો અને સંચાલકમંડળ સાથે જરૂરી વાટાઘાટો કરીને તે પ્રશ્ન અંગે પોતાનો રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય કે. એન. શાહ
૨. આચાર્ય ડી. ડી. દેસાઈ
૩. શ્રી. નરહરિ પરીખ.

૩૨. સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજને સરદાર વલ્લભભાઈ કૉલેજના મકાનમાં સ્થળાંતર કરવા દેવા બાબતમાં સ્થાનિક તપાસસમિતિ નીમ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા સદરહુ સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી તથા સદરહુ સમિતિનો હેવાલ સ્વીકારીને સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજને ૧૫ જૂન ૧૯૭૭થી પોતાની કામગીરી સરદાર વલ્લભભાઈ કૉલેજના મકાનમાં શરૂ કરવા માટે મરવાનગી આપવી.

૩૩. સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓના શિક્ષક/બિનશિક્ષક કર્મચારીઓની સેવાની શરતો ઇત્યાદિ અંગે જે પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરીને ભલામણ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની તા. ૧૧-૪-૧૯૭૭ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો તેની પુનર્વિચારણા માટે તે સમિતિને પાછી મોકલવી.

વધુમાં સદરહુ ભલામણોમાં નિર્દિષ્ટ શિક્ષકોને ફાજલ (સરપ્લસ) શિક્ષકો તરીકે ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સમાવવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૩૪. રાજ્ય સરકારે દાખલ કરેલ ૧૦+૨+૩ની શિક્ષણની નવી તરાહને અનુલક્ષીને સંલગ્ન કૉલેજોમાં ફાજલ પડતા શિક્ષકોની બાબતમાં કોને ફાજલ ગણવા તથા તેઓને હાયર સેકન્ડરીમાં સમાવવાની બાબતમાં નક્કી કરેલાં ધોરણોના સંદર્ભમાં આવેલ રાજ્ય સરકારના તા. ૧૨-૪-૧૯૭૭ના સરકારી ઠરાવ ક્રમાંક એનજીસી. ૧૦૭૬-૧૫૩૨૭ખ(૧)ની નોંધ લેવા બાબત.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને સદરહુ બાબત અંગે રાજ્ય સરકારે ઘડેલાં ધોરણો સ્વીકારવાં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શિક્ષણની નવી તરાહનો અભ્યાસક્રમ દાખલ થવાને કારણે સંલગ્ન કૉલેજોમાંથી બિનશિક્ષક કર્મચારીઓ ફાજલ પડે તો તેમને કયા ધોરણે ફાજલ પાડવા તે માટે જરૂરી ધોરણો ઘડવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૩૫. પાંચમી પંચવર્ષીય યોજનામાં સુધારવામાં આવેલા પગારધોરણમાં પ્રાધ્યાપકનું પગારધોરણ મુકરર થયું નથી તે જોતાં સંલગ્ન કૉલેજોમાં પ્રાધ્યાપકની નિમણૂક માટે આગ્રહ રાખવો કે કેમ તે અંગે એકિઝક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦-૩-૧૯૭૭ની સભામાં નીમેલી સમિતિની તા. ૪-૪-૧૯૭૭ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોમાં હવે પ્રાધ્યાપકનું પદ રહેતું નથી તેમ સ્પષ્ટતા કરવી અને કોઈ પણ વિષય વિભાગના વડાને માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ, આ પૂર્વે પ્રોફેસરની જગા માટે જે ધોરણ હતું તે લાગુ પાડવું.

૩૬. સંલગ્ન કૉલેજોના શિક્ષકોના પ્રો. ફંડનાં નાણાંના રોકાણ અંગે ગ્રાન્ટ્સ ઇન એઇડના નિયમોમાં સૂચિત સુધારો કરી પ્રો. ફંડનાં નાણાંનું રોકાણ નીચે દર્શાવ્યા પ્રમાણે કરવાની બાબતમાં શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યે તેના તા. ૨૫-૪-૧૯૭૭ના પત્રાંક ડી.ઓ.ન. એનજીબી. ૧૩૭૬-સી-૨૬૫(ખ)થી યુનિવર્સિટીનું મંતવ્ય મોકલવા જણાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"(*i*) The college shall invest Provident Fund balances in (a) Post Office Savings Banks and Small Savings Certificates (b) Government and other trustee securities (c) Co-operative banks approved by the Registrar of Co-operative Societies.

(*ii*) 30% of the Provident Fund amounts (including the contributory part of the management) shall be invested in National Savings Certificates and Post Office Time Deposit.

(*iii*) The amount shall not be withdrawn for any purpose other than for repayment of the deposited amount of retirement, resignation, death, etc. or for granting advances from the funds to the employee as per rules framed by the University."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. સી. શાહ
૨. આચાર્ય ડી. ડી. દેસાઈ
૩. આચાર્ય બી. એમ. પીરજાદા.

૩૭. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજોના વિકાસ કાર્યક્રમો બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૮-૨-૧૯૭૭ના ડી.ઓ. પત્રાંક એફ. ૧.૬૨૭૬-(સીપી)થી જણાવવામાં આવ્યું છે કે તેની સ્થાયી સમિતિની નીચેની ભલામણો તેણે તા. ૧૮-૧૦-૧૯૭૬ની સભામાં સ્વીકારી છે, અને આ બાબતમાં કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલની રચના અંગેની ગાઇડલાઇન્સ પણ તેમના તા. ૨૩-૩-૧૯૭૭ના પત્રાંક એફ. ૧-૨૨-૭૭(સીપી)થી મોકલી આપી છે, તો સદરહુ બાબતમાં જરૂરી વિચારણા કરવા બાબત :

"University may be requested to organize workshops of Principals of eligible colleges where the objectives and details of the various schemes could be clarified to the Principals and guidance given for preparation of proposals in an acceptable form. If the Universities desired an officer of the Commission could attend such workshops. In such workshops, which may be of a duration of two days only, the proforma for supplying basic information could also be discussed.

"For proper and integrated development of affiliated colleges, the universities may be requested to take expeditious steps for the establishment of college development councils. Such a council may include members from the universities/colleges and state governments."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૮. જૂન ૧૯૭૭થી જોડાણ માંગતી નીચે જણાવેલ કૉલેજોની જોડાણઅરજીઓ ઉપર નિમાયેલી સ્થાનિક તપાસસમિતિના હેવાલો હજુ સુધી આવ્યા ન હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ
૧.	લો કૉલેજ, ગોધરા
૨.	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ-૧૫.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિઓના હેવાલો આવ્યેથી તે પર આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૯. એકેડેમિક કાઉન્સિલની તા. ૬-૧૧-૧૯૭૬ની સભાએ ઠરાવ ક્રમાંક ૩, ૯ અને ૧૬ની નીચે જણાવેલ કૉલેજોએ તેમનાં નામ સામે જણાવેલ વિષયોનું જોડાણ જે જૂન ૧૯૭૭ના રોજ પૂરું થયું હતું તે ચાલુ રાખવા માગણી કરી ન હોવાથી તે અંગે જરૂરી

ચકાસણી કરવા નિયુક્ત કરેલી સમિતિની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧-૪-૧૯૭૭ની સભામાં સ્વીકારેલ હોઈ તે ભલામણ પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	વિષય
૧.	યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ	બી.એ. (સબો.) માં સંસ્કૃત
૨.	શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ	બી.એ. (સબો.) માં અંગ્રેજી, સમાજશાસ્ત્ર, ગણિત
૩.	પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ	બી.એસસી. (જન.) નાં વનસ્પતિવિજ્ઞાન

સમિતિની ભલામણ

"ચર્ચા-વિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સંબંધકર્તા કૉલેજોના શિક્ષકો અને વિદ્યાર્થીઓ પર કોઈ પણ પ્રકારની વિપરીત અસર થતી ન હોય તે પરિસ્થિતિમાં કૉલેજ સંબંધકર્તા વિષયોનું જોડાણ આગળ ચાલુ રાખવા ન માંગતી હોય તો ઑર્ડિ. ૧૨૦-એફને આધીન જે તે વિષયનું શિક્ષણકાર્ય બંધ કરવા માટે પરવાનગી આપવા આ સમિતિ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ મંજૂર કરવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી.

૪૦. ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત દ્વારા સંચાલિત શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ ખંભાતના કર્મચારીઓ તરફથી સદરહુ કૉલેજ જૂન ૧૯૭૭થી બંધ કરવા અંગે યુનિવર્સિટી સમક્ષ થયેલી રજૂઆતના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦-૩-૧૯૭૭ની સભામાં નિયુક્ત કરેલી સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતને તેના હાલના સંચાલકો ચલાવવા સંમત છે અને વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓ એક જ કૉલેજના નેજા હેઠળ કામ કરે તેમ તેમણે સૂચવ્યું છે તેની કુલપતિશ્રીએ સભાગૃહને જાણ કરી અને તેની નોંધ લેવામાં આવી.

સદરહુ બાબતના સંદર્ભમાં શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા અને શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાતના કેસો પર પણ વિચારણા કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બેઉ લૉ કૉલેજો માટે આચાર્ય ડી. ડી. દેસાઈની બનેલી એક વ્યક્તિની સ્થાનિક તપાસસમિતિ નીમવી અને તે સમિતિનો હેવાલ આવ્યેથી તે અંગે જરૂરી નિર્ણયો કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૧. તા. ૧૫મી જૂન ૧૯૭૭થી શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજનું શિક્ષણકાર્ય ચાલુ રાખી શકાય તેમ નથી તેમ

જણાવી જોડાણ પરત કરવા અંગે પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરાના મંત્રીશ્રી તરફથી આવેલા તા. ૨૭-૪-૧૯૭૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કુલપતિશ્રીએ સભાગૃહને જાણ કરી કે સદરહુ કૉલેજ ચાલુ રાખવા માટે તેના સંચાલકમંડળે યુનિવર્સિટીને જાણ કરેલી છે.

તેથી સદરહુ બાબત અંગે વિશેષ વિચારણા કરવાની જરૂર રહી નહીં.

૪૨. ૧૮+૨+૩ની શિક્ષણની નવી તરાહ દાખલ થવાને કારણે સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક વર્ગના ફાજલ પડતા કર્મચારીઓને રક્ષણ આપવા બાબતમાં રાજ્ય સરકારના તા. ૧૩-૪-૧૯૭૭ના સરકારી ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૦૯૭/૨-૩૮-૧૪-ખ(આઈ)ની નોંધ લેવા બાબત;

અને

યુનિવર્સિટી અને સંલગ્ન કૉલેજોમાં કલાર્કો, લેબોરેટરી આસિસ્ટંટ્સ અને પટાવાળાઓની હાલમાં ખાલી હોય તે જગાઓ અને ભવિષ્યમાં ઊભી થનાર આ જગાઓ આ ફાજલ કર્મચારીગણમાંથી પૂરવા માટે સદરહુ સરકારી ઠરાવમાં જણાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના સદરહુ ઠરાવની નોંધ લેવી અને ભવિષ્યમાં યુનિવર્સિટીમાં કલાર્ક્સ, લેબોરેટરી આસિસ્ટન્ટ્સ અને પટાવાળાઓની ખાલી પડેલી જગ્યાઓ ઉપર નીચે મુજબના પસંદગીક્રમમાં નિમણૂંકો કરવાનું રાખવું :

(૧) યુનિવર્સિટીમાં કામ કરતા હંગામી કર્મચારીઓ,

(૨) શિક્ષણમાં નવી તરાહ દાખલ થવાને કારણે સંલગ્ન કૉલેજોમાંથી ફાજલ પડતા બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ.

૪૩. ડિસેંબર ૨૬થી ૨૯, ૧૯૭૭ના સમય દરમિયાન The Indian Society of Agricultural Economicsનું ૩૭મું વાર્ષિક અધિવેશન ન્યૂ દિલ્હી મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—અધિવેશનમાં ચર્ચા માટે નીચેના વિષયોની પસંદગી થઈ છે :

(1) Economics of Nutrition,

(2) Strategies for Integrated Rural Development, and

(3) Returns from Investment on Agricultural Research.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. પી. કે. દવેને મોકલવા.

૪૪. ઈન્ડિયન સાયન્સ કૉંગ્રેસનું ૬૫મું અધિવેશન જાન્યુઆરી ૧૯૭૮માં આ યુનિવર્સિટીમાં યોજાનાર છે તે માટે ભારત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિભાગ તરફથી તેઓના

તા. ૧૬-૫-૧૯૭૭ના પત્રાંક એફ. ૧૪(૮) ૭૭-એસ. આર. રથી રૂ. ૩૫,૦૦૦ની આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪૫. રાજ્ય સરકારના શિક્ષણ ખાતા તરફથી તેમના તા. ૨૧-૫-૧૯૭૭ના પત્રાંક યુ.એસ.જી/૧૩૭૭/ખ થી નીચે પ્રમાણે જણાવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"I am directed to request you not to recommend or sanction application to any new colleges for the next 3-4 years, keeping in view the need of backward area."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૬. યુનિવર્સિટી મુદ્રણાલયમાં બૉલરમેન તરીકે કામ કરતા શ્રી. મંગળભાઈ ગ. પટેલ જેઓને તા. ૨૦-૩-૧૯૭૫થી સેવામાંથી ફારેગ કરવામાં આવ્યા હતા તેઓની, નિયમ મુજબ ગ્રેચ્યુઈટીની રકમ આપવા અંગેની તા. ૬-૨-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) શ્રી. પટેલ તા. ૨૪-૪-૧૯૬૪ના રોજ મુદ્રણાલયમાં જોડાયા હતા અને તેમને તા. ૨૦-૩-૧૯૭૫ના રોજ સેવામાંથી ફારેગ કરવામાં આવ્યા હતા.

(૨) તેઓને છૂટા કરતી વખતે કાયદાના સલાહકારની સલાહ લેવામાં આવી હતી.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના મુદ્રણાલયમાંથી બૉલરમેનની જગ્યા પરથી છૂટા થયેલા શ્રી. મંગળભાઈ પટેલને તેમને ખાતે નીકળતી ગ્રેચ્યુઇટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પરત કરવી.

૪૭. ઑર્ડિ. ૯૭ અન્વયે સંલગ્ન બિનસરકારી કૉલેજોમાં આચાર્યો/શિક્ષકોની નિમણૂક કરવા અંગેની વરણીસમિતિની રચના કરવાની હોય છે. પરંતુ ઑર્ડિ. ૯૭ (૧) (સી) અને (૨)(ડી) અનુસાર નિષ્ણાતો (Experts) ની નિમણૂક કરવાની રહેતી હોવાથી જે તે વિષયના નિષ્ણાતોની યાદી (Panel of Experts) તૈયાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી ચર્ચાવિચારણા કરીને પોતાની ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. વિનયન (શિક્ષણ સહિત) વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી

૨. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી

૩. વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી

૪. કાયદાની વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી

૫. ઇજનેરી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૬. ફાર્મસી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૭. દંત વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૮. મેડિસિન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૯. આચાર્ય હરિશંકર પંડ્યા
૧૦. પ્રો. ડી. એન. પાઠક.

૪૮. એપ્રિલ ૧૯૭૭માં બેઠક નં. ૬થી એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ મારફતે ડિપ્લોમા ઇન ફાર્મસીની પરીક્ષા ઉત્તીર્ણ કરીને ૭૫૦ કલાકની જરૂરી તાલીમ પૂરી કરી ન હોવા છતાં એલ. જી. હૉસ્પિટલમાંથી તે અંગેનું બાકી ડિસ્પેન્સિંગ પ્રમાણપત્ર રજૂ કરી તેના આધારે યુનિવર્સિટીમાંથી ડિપ્લોમા ઇન ફાર્મસીનું પ્રમાણપત્ર મેળવનાર વિદ્યાર્થી શ્રી. ત્રિવેદી અમિત ભૂપતરાય સામે જરૂરી પગલાં લેવા તથા તેને આપવામાં આવેલ પ્રમાણપત્ર રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીને આપવામાં આવેલું ડિપ્લોમા ઇન ફાર્મસીનું પ્રમાણપત્ર રદ કરવું અને સદરહુ વિદ્યાર્થીને ડિપ્લોમાનું પ્રમાણપત્ર એક વર્ષ બાદ આપવું.

૪૯. શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતને એફ.વાય. ફાર્મસી અને ઈન્ટર ફાર્મસીના ડિપ્લોમાના અભ્યાસક્રમમાં બંને વર્ગમાં ત્રીસ વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા દેવા માટે પરવાનગી આપવા માટેની સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ડૉ. સી. એસ. શાહ અને શ્રી. રજનીભાઈ પટેલની સમિતિની નિમણુક કરવી અને તેનો હેવાલ આવ્યેથી તે અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૦. શ્રી. પાલનપુર શિશુશાળા, બાલમંદિર એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ, પાલનપુરના હાયરેકટરના સદરહુ ટ્રસ્ટ દ્વારા ચાલતી ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ એજ્યુકેશન, પાલનપુરને જૂન ૧૯૭૮થી બંધ કરવા દેવા અંગેની જાણ કરતા તા. ૧૬--૫--૧૯૭૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૧. યુનિવર્સિટીના કોર્ટ ખંડમાં જુદા જુદા કાર્યક્રમો પ્રસંગે સંલગ્ન કૉલેજો યા અન્ય સંસ્થાઓ પાસેથી લેવાતા સર્વિસ ચાર્જ, વીજળી વપરાશના ચાર્જમાં સુધારો કરવા અંગે તથા વાયરમેન અને પટાવાળાને તે કાર્યક્રમ પ્રસંગે ફરજ ઉપર હાજર રહેવા માટે પુરસ્કાર આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ફાઈનાન્સ કમિટીની વિચારણા માટે મોકલવી.

તે પછી સભાગૃહની સંમતિથી યુનિવર્સિટીની સભા-સમિતિઓમાં સભ્ય તરીકે રજાના દિવસે હાજર રહેતા યુનિવર્સિટીના કર્મચારીઓને સ્થાનિક વાહન ભથ્થું આપવા અંગેનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીની સભા-સમિતિઓના સભ્યો તરીકે યુનિવર્સિટીના જે કર્મચારીઓને રજાના દિવસે હાજર રહેવાનું થાય તે દિવસ માટે તેમને સ્થાનિક વાહન ભથ્થું (લોકલ કન્વેયન્સ એલાવન્સ) આપવાનું રાખવું.

૫૨. બાંધકામ સમિતિની તા. ૩૦-૫-૧૯૭૭ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩૦—૫—૧૯૭૭ની સભાની ૧૦મી ભલામણ અંગે વૉલ્ટેમ્પને બદલે વૉલ્ટાસનું ટ્રાન્સફોર્મર ખરીદવાનું રાખવું અને બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩૦-૫-૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૫૩. કોમ્પ્યુટર સેન્ટર માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તા. ૩૧-૩-૧૯૮૧ સુધી સદરહુ વિભાગના આવર્તક ખર્ચ માટેની આર્થિક સહાય આપવાનું મંજૂર કર્યાના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૯-૫-૧૯૭૭ના પત્રાંક એફ. ૧૮૧-૭૭-(એસ. આ. ૧)ની નોંધ લેવા બાબત તથા તે અંગે આગળની કાર્યવાહી હાથ ધરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી તથા તે અંગે જરૂરી કાર્યવાહી કરવાનું રાખવું.

૫૪. ફાઇનાન્સ સમિતિની તા. ૧૬-૫-૧૯૭૭ની આ સાથેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૬-૫-૧૯૭૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૬-૫-૧૯૭૭ની સભાની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૫૫. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના જે શિક્ષકો જૂના પગારમાં રહેવા માંગતા હોય તેઓની નિવૃત્તિવય પણ ૬૦ની રહે છે તેમ જણાવતા રાજ્ય સરકારના તા. ૧૩-૫-૧૯૭૭ તથા તા. ૧૯-૫-૧૯૭૭ના પત્રો અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—વધુમાં રાજ્ય સરકારે જણાવ્યું છે કે યુનિવર્સિટી જો ૬૦ વર્ષ પછી કોઈ શિક્ષકને ચાલુ રાખવા માંગતી હોય તો રાખી શકે, પરંતુ રાજ્ય સરકાર તે અંગે કોઈ ગ્રાન્ટ આપશે નહીં.)

ચથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રોની નોંધ લેવી અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં કામ કરતા શિક્ષકોને ૬૦ વર્ષ પૂરા થતાં નિવૃત્ત કરવા અને તે પછી કોઈ પણ સભ્યની સેવાઓ ચાલુ રાખવી નહીં.

૫૬. યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓની નિવૃત્તિવય નિયત કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્ય શ્રી. શરદ પટેલના તા. ૫-૫-૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—હાલ યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓની નિવૃત્તિવય ૬૦ વર્ષ પછી તબીબી તપાસના હેવાલના સંદર્ભમાં એક એક વર્ષ એમ પાંચ વર્ષ સુધી, એટલે કે ૬૫ વર્ષ સુધી, લંબાવવાનું વિચારવામાં આવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને ૬૦ વર્ષ પૂરાં થતાં નિવૃત્ત કરવા અને તે પછી કોઈ પણ સભ્યની સેવાઓ ચાલુ રાખવી નહીં.

૫૭. વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના રીડર ડો. એ. વી. ગજ્જરને યુનિવર્સિટી ઓફ મેનિટોબા, વિનિપેગ (કેનેડા)માં પ્રો. કે. સુબ્રમણ્યમ સાથેના રિસર્ચ પ્રોજેકટમાં કામ કરવા માટે ચાર માસની અભ્યાસ-રજા આપવામાં આવી હોઈ તે સંદર્ભમાં મુસાફરી વગેરે માટે રૂ. ૧૦,૦૦૦ની રકમ એડવાન્સ આપવા અંગે ડો. ગજ્જરની તા. ૨૭-૫-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.** — એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૮-૧૯૭૬ ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોને આંતર-રાષ્ટ્રીય પરિષદ/પરિસંવાદમાં ભાગ લેવા માટે પરદેશ જવાની ઇચ્છા હોય તો રૂ. ૫,૦૦૦/- સુધીની વગર વ્યાજની લોન, તે લોન ૩૬ સરખા હપતાથી પરત કરવામાં આવશે તેવી બાંયધરી સાથે અરજી આવ્યેથી મંજૂર કરવાનું સામાન્ય ધોરણ રાખવું.

વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે આ લોન હક્ક તરીકે માંગી શકાશે નહીં તથા પ્રત્યેક કેસની વિગતો તપાસીને નાણાની જોગવાઈને આધીન, આપવામાં આવશે.]

આથી ઠરાવવામાં આવે છે કે ડો. એ. વી. ગજ્જરને સદરહુ પ્રવાસ માટે રૂ. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર)ની વગર વ્યાજની લોન મંજૂર કરવી તથા તે લોન સરખા ૨૫ હપતાથી વસૂલ લેવાનું રાખવું.

૫૮. સને ૧૯૭૬-૭૭ના વર્ષ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને અગાઉ તેમના તા. ૨૮-૬-૧૯૭૬ના પત્રાંક એફ. ૧૮-૧-૭૭ (ડી. ૪. એ)થી unassigned grant માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન યુનિટ (UGC unit) સિવાય રૂ. ૧૫,૦૦૦ની આર્થિક સહાય મંજૂર કરી હતી તે હવે તેમના તા. ૨૩-૫-૧૯૭૭ના પત્રથી રૂ. ૨૫,૨૦૦ (અગાઉ તે માટે રૂ. ૧૫,૦૦૦ મંજૂર કર્યા તે સાથે) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૫૯. ગુજરાત રાજ્યમાં શિક્ષણની નવી તરાહ દાખલ થવાને કારણે પ્રી-યુનિ.ના વર્ગો હવે કૉલેજોમાંથી બંધ થતાં પ્રથમ વાર આ યુનિ.ની સંલગ્ન કૉલેજોમાં દાખલ થતા વિદ્યાર્થીઓની ઑ. ૨૦૯-અ અનુસાર દર વર્ષે લેવામાં આવતી તબીબી તપાસ ચાલુ રાખવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત :

નોંધ.—ઑ. ૧૦૯-એ નો પાઠ નીચે પ્રમાણે છે :

"If in any year the University conducts a medical examination of the students studying for a particular examination in a college affiliated to the University, such medical examination shall be compulsory for all the students included in the scheme of medical examination. Students who do not present themselves for such medical examination shall not be allowed to appear at the examination for which they are studying, whether to be a college examination or a University examination. If through illness or similar unavoidable circumstances a student fails to present himself for the medical examination conducted by the University, he shall have to undergo such an examination at his own expense and submit the form prescribed by the University for the medical examination duly filled in by a qualified Medical Practioner to the University through the Principal of his college on receipt of which only he can be permitted to appear for the examination for which he is studying."

આથી ઠરાવવામાં આવે છે કે ૧૫મી જૂન ૧૯૭૭થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી વિદ્યાર્થીઓની તબીબી તપાસની યોજના રદ કરવાનું રાખવું.

૬૦. "હરિ ૐ આશ્રમ પ્રેરિત ઍલેમ્બિક સંશોધન ઍવૉર્ડ-૧૯૭૫" આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિનાં મંતવ્યો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યાં.

તે પછી ઠરાવવામાં આવ્યું કે હરિૐ આશ્રમ પ્રેરિત ઍલેમ્બિક સંશોધન ઍવૉર્ડ ડૉ. ઍમ. ઍન. જિંદાલને આપવો.

૬૧. ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષ પ્રો. ઍ. ઍમ. રાવળ તા. ૧૫-૬-૧૯૭૭ના રોજ નિવૃત્ત થાય છે તો તેમની જગ્યાએ અને વિજ્ઞાન વિદ્યાભવનમાં ડૉ. સી. જી. ખત્રીનું રાજીનામું મંજૂર થયું હોવાથી સદરહુ ભવનોના અધ્યક્ષોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

૧. આથી ઠરાવવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનના પ્રો. એ. એમ. રાવળ નિવૃત્ત થતાં તે, ભવનમાં હાલ પ્રાધ્યાપક તરીકે કોઈ વ્યક્તિ કામ કરતી નથી તેને અનુલક્ષીને ભવનના સૌથી સીનિયર રીડર ડૉ. અંબાશંકર એસ. નાગરને સદરહુ ભવનના કાર્યકારી અધ્યક્ષ તરીકે તા. ૧૫-૬-૧૯૭૭થી નીમવા.

૨. વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ તરીકે ડૉ. વી. સી. શાહને નીમવા.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનો શૈક્ષણિક અને વહીવટી પાંખો અક્ષુણ્ણ રીતે સમન્વયથી કાર્યસિદ્ધિ હાંસલ કરી શકે તે માટેના ઉપકારક પદ્ધતિઓ અને પ્રણાલીઓ ઉપજાવવા અંગેનો સુચિંતિત હેવાલ તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. સી. શાહ
૨. આચાર્ય બી. એમ. પીરઝાદા
૩. આચાર્ય એસ. આર. ભટ્ટ
૪. પ્રો. ડી. એન. પાઠક
૫. પ્રા. કે. એસ. શાસ્ત્રી

૬૨. ૨૭ જૂન ૧૯૭૭ ના રોજ The Institute of Science, Bombay મુકામે Bioinorganic Chemistry પર યોજાનાર એક દિવસની Workshop પર યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા માટે સદરહુ ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વર્કશોપમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એમ. એન. દેસાઈને મોકલવા.

૬૩. ગુજરાત યુનિવર્સિટીના પ્રકાશન વિભાગમાં પ્રકાશન અધિકારી તરીકે કામ કરતા શ્રી. કે. ડી. પંડ્યાને સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે ગુજરાત હાઉસિંગ બોર્ડમાં ટેનામેન્ટ ખરીદવા માટે તેઓના ખાતે નીકળતી પ્રૉ. ફન્ડની લોન ત્રીજીવાર આપવા અંગેની તેઓની તા. ૨૮-૫-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.--- (૧) શ્રી. કે. ડી. પંડ્યા ખાતે તા. ૩૧-૩-૧૯૭૭ સુધી રૂ. ૨૫,૩૦૦--૦૦ (રૂ. ૨૫૩૦૫-૪૨) જમા છે તેમાંથી તેઓની રૂ. ૨૧૦૫૪-૦૦ ની બિલ્ડિંગ લોન તથા પ્રૉ. ફંડના રૂ. ૨૧૦૦ની લોન તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહે

(૨) એકિઝકયુટિવ કાઉન્સિલે બીજી વાર લોન આપવા અંગે તેની તા. ૨૧-૧-૧૯૭૬ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૮૮ (૨) હેઠળ પોતાના પ્રો. ફંડ માંથી કોઈ પણ કર્મચારીએ એક વાર લોન લીધા પછી ફરીથી લોન લેવાનો પ્રસંગ તેને માટે ઊભો થાય તો તે બાબત અંગે કોઈ ચોક્કસ ધારાધોરણો ઘડવાના બદલે પ્રત્યેક કેસ તેના ગુણદોષ ઉપર વિચારવાનું રાખવું."]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ માટે શ્રી. કે. ડી. પંડ્યાને રૂ. ૨૫,૩૦૦ની લોન તેમના પ્રૉવિડન્ટ ફન્ડ ખાતેથી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૬૪. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક પ્રો. પી. ડી. પાઠક તા. ૧૫-૬-૧૯૭૭ થી નિવૃત્ત થતા હોઈ સેન સમિતિની ભલામણોના સંદર્ભમાં રાજ્ય સરકારના તા. ૨૩-૧૧-૧૯૭૬ના ઠરાવને અનુલક્ષીને તેઓને એક વર્ષ માટે re-employ કરવા અંગેના તેઓશ્રીના તા. ૧-૬-૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે ઉપર બાબત નં. ૫૫થી જરૂરી નિર્ણય કરવામાં આવેલો હોઈ તે અંગે વિશેષ વિચારવાનું રહ્યું નહીં.

૬૫. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૦-૩-૧૯૭૭ની સભાના ઠરાવ અન્વયે વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના રીડર ડૉ. એ. વી. ગજ્જરને યુનિવર્સિટી ઑફ મેનિટોબા, વિનિપેગ (કેનેડા) જવા અંગે ચાર માસની અભ્યાસ-રજા મંજૂર કરવામાં આવી છે તે સમય દરમિયાન ડૉ. ગજ્જરને પગાર વગેરે અંગે શું આપવું તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) ડૉ. એ. વી. ગજ્જરનો મૂળ માસિક પગાર રૂ. ૧,૪૨૦/- છે.

(૨) ડૉ. ગજ્જરને પ્રોજેક્ટ માટે માસિક રૂ. ૧,૦૦૦/- ડૉલર લેખે ચાર માસના કુલ ૪,૦૦૦ + ૫૦૦ = ૪૫૦૦ ડૉલર મળશે (૪૫૦૦ @ ૮.૫૦ લેખે કુલ રૂ. ૩૮,૨૫૦) તેમાંથી તેઓને અંદાજે ૩૦૦/- ડૉલરનું ટ્રાવેલિંગ ખર્ચ પોત કરવાનુ રહેશે તેમ જ આ અંગેનો જે ખર્ચ થાય તે ભરવાનો રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના રીડર ડૉ. એ. વી. ગજ્જરને આપવામાં આવેલી સદરહુ રજાઓ દરમ્યાન તેમને યુનિવર્સિટી તરફથી કશું વેતન આપવું નહીં અને ભવિષ્યમાં પણ યુનિવર્સિટીને આ અંગે આ સભાએ તેની તા. ૧૧—૩—૧૯૭૩ની સભામાં બાબત નં. ૬૦થી ઘડેલાં ધોરણોમાં અપવાદ કરવા માટે અવકાશ રહે નહીં તે માટે સદરહુ નિયમમાંથી 'સામાન્ય રીતે' શબ્દ રદ કરવો. સુધારેલો નિયમ નીચે મુજબ વંચાશે :

(૧) જો યુનિવર્સિટીના વિદ્યાભવનના કોઈ શિક્ષકને કોઈ પગારદાર નોકરી માટે પરદેશ જવાનું થાય તો તેમને તે પરદેશની નોકરીના સમય દરમ્યાન યુનિવર્સિટી તરફથી કશું વેતન આપવું નહીં.

(૨) આવા શિક્ષકને જો તેમના પરદેશના અભ્યાસ-સંશોધન દરમિયાન તેમના નિર્વાહ માટે દૈનિક ભથ્થું આપવામાં આવે તો તેમના મૂળ માસિક પગારના ૫૦ ટકા ઉચ્ચક કે રૂ. ૪૦૦—૦૦ ઉચ્ચક—બેમાંથી જે રકમ (કોઈ પણ પ્રકારનું ભથ્થું નહીં) વધુ હોય તે માસિક વેતન તરીકે આપવી, સિવાય કે તેમનો મૂળ માસિક પગાર રૂ. ૪૦૦થી ઓછો હોય તો તેમને મૂળ માસિક પગાર (કોઈ પણ પ્રકારનું ભથ્થું નહીં) આપવો.

(૩) (ક) આવા શિક્ષકને અધ્યયન-અધ્યાપન-સંશોધન માટે ૬ માસ કે તેથી ઓછા સમય માટે પરદેશ જવા માટે યુનિવર્સિટીમાં ગેરહાજર રહેવાનું થાય તો તેમણે પાછા ફર્યા પછી ઓછામાં ઓછાં બે વર્ષ સુધી યુનિવર્સિટીની સેવામાં તેમના તે સમયના વેતનથી ચાલુ રહેવા માટે બાંયધરી આપવી જોઈએ.

(ખ) આવા શિક્ષકને અધ્યયન-અધ્યાપન-સંશોધન માટે ૬ માસથી વધુ સમય માટે પરદેશ જવા માટે યુનિવર્સિટીમાં ગેરહાજર રહેવાનું થાય તો તેમણે પાછા ફર્યા પછી ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી યુનિવર્સિટીની સેવામાં તેમના તે સમયના વેતનથી ચાલુ રહેવા માટે બાંયધરી આપવી જોઈએ.

૬૬. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડાએ તેના ગણિતશાસ્ત્ર અને રસાયણવિજ્ઞાનના શિક્ષકો યુનિ. ગ્રાન્ટ્સ કમિશનની ફેલોશિપ યોજના હેઠળ વધુ અભ્યાસાર્થે જનાર હોઈ તેમની અવેજીમાં કરેલી નિમણૂકો યુનિવર્સિટીના પ્રતિનિધિ વગર કરી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ફેલોશિપ યોજના હેઠળ વધુ અભ્યાસ માટે જનાર શિક્ષકોની ખાલી જગ્યાઓ પર સદરહુ નિમણૂકો કરવામાં આવેલી હોઈ તે માન્ય રાખવી.

૬૭. શિક્ષણની નવી તરાહમાં ૧૨ મું ધોરણ ઉત્તીર્ણ થયા પછી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને એનરોલમેન્ટ સર્ટિફિકેટ કાઢી આપવા અંગે ગુજરાત રાજ્યના કુલપતિઓના સંયુક્ત મંડળે તેની તા. ૨૫-૨-૧૯૭૭ની સભામાં (ઠરાવ ક્રમાંક ૨૭)થી નીચે પ્રમાણે ઠરાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"It was decided that the students who join the University for the first time in the first year of the Degree Course after passing the Higher Secondary Examination he asked to apply for enrolment to the University and the enrolment certificate be issued to them."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ સ્વીકારવી.

૬૮. ગુજરાત રાજ્ય સિવાયની અન્ય યુનિવર્સિટીઓમાંથી આ યુનિવર્સિટીમાં સ્થળાંતર થતા વિદ્યાર્થીઓ માટે પ્રવેશપાત્ર પ્રમાણપત્રની ફી રૂ. ૨૦થી વધારીને રૂ. ૨૫/- કરવા માટે ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓના સંયુક્ત મંડળે તેની તા. ૨૫-૨-૧૯૭૭ની સભામાં ઠરાવ ક્રમાંક ૧થી કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ભલામણ સ્વીકારવી અને તે મુજબ એલિજિબિલિટી સર્ટિફિકેટની ફી અંગેના ઑર્ડિ ૭૦માં રૂ. ૨૦ (વીસ)ની જગ્યાએ રૂ. ૨૫ (પચ્ચીસ) કરીને તે સુધારવો અને તેને ૧૫મી જૂન ૧૯૭૭થી અમલમાં મૂકવો.

૬૯. એકેડેમિક કાઉન્સિલની તા. ૨-૬-૧૯૭૭ની સભાની ભલામણ અનુસાર ડિપ્લોમા ઇન મેડિકલ લેબોરેટરી ટેકનોલોજી (ડી.એમ.એલ.ટી.) ના અભ્યાસક્રમ અંગેના નીચેના ઑર્ડિ. ડી.એમ.એલ.ટી. ૧, ૨, ૩ અને ૪ મંજૂર કરવા અંગે વિચારણા કરવા

બાબત (એ.કા.બા.ક્રં. ૮) :

O. D.M.L.T. 1 :

Every candidate for the examination for the "Diploma in Medical Laboratory Technology" must have taken the B.Sc. degree of this University with Microbiology, Chemistry or Zoology as a Principal subject or B.Sc. of another University recognised as equivalent therto with Microbiology, Chemistry or Zoology as a Principal subject.

O. D.M.L.T. 2 :

The course of study for the Diploma in Medical Laboratory Technology shall be a full-time Course and its duration shall extend over one academic year.

O. D.M.L.T. 3 :

The examination for the Diploma shall be held at the end of the course i.e. at the end of the academic year.

O. D.M.L.T. 4 :

The Diploma in Medical Laboratory Technology shall not be conferred upon a candidate unless he has passed in all the subjects of the examination and in practical work in accordance with the provisons of R 146.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑર્ડિનન્સો મંજૂર કરવા તથા તેને ૧૫ મી જૂન ૧૯૭૭થી અમલમાં મૂકવા.

૭૦. ગ્રંથાલય સમિતિએ નીમેલી તેની પેટાસમિતિની તા. ૯-૫-૧૯૭૭ ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"(૧) ગ્રંથાલયના ઉપયોગ અને વિકાસનો વિગતે અભ્યાસ કરી યોજના તૈયાર કરવા માટે જરૂરી ખર્ચની વ્યવસ્થા કરવા બાબત.

ગ્રંથાલયના ઉપયોગ અને વિકાસનો વિગતે અભ્યાસ કરી વિગતે ભલામણો તૈયાર કરવા માટે નીચે મુજબ નાણાકીય જોગવાઈ કરવાનું ઠરાવવામાં આવે છે :

અંદાજી ખર્ચ

૧. પ્રિન્ટિંગ અને સ્ટેશનરી	રૂ. ૧,૦૦૦-૦૦
૨. સ્ટાફ : ખંડ સમયના મદદનીશ ૩ માસ માટે ૩ વ્યક્તિઓ	રૂ. ૨,૦૦૦-૦૦
૩. પ્રવાસ ખર્ચ, ભથ્થાં વ.	રૂ. ૧,૫૦૦-૦૦
૪. પોસ્ટેજ ખર્ચ	રૂ. ૫૦૦-૦૦
૫. પરચૂરણ ખર્ચ	રૂ. ૫૦૦-૦૦
કુલ	રૂ. ૫,૫૦૦-૦૦

(૨) પ્રોજેક્ટ માટે જરૂરી માહિતી મેળવવા બાબત.

વાચકોની સેવાઓને કેન્દ્રમાં રાખીને આ પ્રોજેક્ટ તૈયાર કરવાનો હોવાથી યુનિવર્સિટી ગ્રંથાલય અંગેની નીચે પ્રમાણેની માહિતી તૈયાર કરી સમિતિની આગામી સભા સમક્ષ મૂકવાનું રાખવું. આ માહિતી ૧૯૭૬, ૧૯૭૬ અને ૧૯૭૭નાં વર્ષો માટેની તૈયાર કરવી :

૧. પુસ્તકોની સંખ્યા
૨. અધ્યયન વિભાગમાં વંચાયેલાં પુસ્તકોની સંખ્યા
૩. અધ્યયન વિભાગમાં વાચકોની સંખ્યા
૪. કુલ વાચકોની સંખ્યા
૫. આપ-લે વિભાગમાં ઇસ્યુ થયેલાં પુસ્તકોની સંખ્યા
૬. આપ-લે વિભાગમાં વાચકોની સંખ્યા
૭. યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટની સંખ્યા
૮. યુનિવર્સિટીના શિક્ષકોની સંખ્યા
૯. અનુસ્નાતક વિદ્યાર્થીઓની સંખ્યા
૧૦. પૂર્વ-સ્નાતકોની સંખ્યા
૧૧. કુલ નોંધાયેલા વાચકોની સંખ્યા (અધ્યાપકો, અનુસ્નાતક વિદ્યાર્થીઓ અને પૂર્વસ્નાતક વિદ્યાર્થીઓ)
૧૨. સામયિકોની સંખ્યા
૧૩. કયા ડિપાર્ટમેન્ટમાં કેટલાં અને કયાં સામયિકો મોકલવામાં આવે છે?
૧૪. છેલ્લાં, કયાં અને કયારથી સામાયકો બંધાયાં છે?
૧૫. ગ્રંથાલયનું વાર્ષિક બજેટ
૧૬. પુસ્તક ખરીદી અને સામયિક ખરીદીનું બજેટ
૧૭. સ્ટાફ : પ્રોફેશનલ, નોન-પ્રોફેશનલ, ચોથા વર્ગનો
૧૮. સ્ટાફ અંગેનું ખર્ચ

આ ઉપરાંત ઠરાવવામાં આવ્યું કે—

(૩) ગ્રંથાલયમાં વર્ષ દરમ્યાન મંગાવવામાં આવતાં સામયિકોનાં કાર્ડ તૈયાર કરી સામયિક વિભાગમાં કાર્ડ કેબિનેટમાં ગોઠવવાં.

(૪) ગ્રંથાલયની માહિતી દર્શાવતી પત્રિકા ગુજરાતીમાં તૈયાર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ગ્રંથાલય સમિતિની વિચારણા માટે મોકલવી.

૭૨. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૯-૨-૧૯૭૭ની સભામાં સ્વીકારવામાં આવેલ "સ્વ. કવિ પ્રિયકાન્ત મણિયાર સ્મૃતિચંદ્રક" ગુજરાત યુનિવર્સિટીની એમ.એ.ની

અનુસ્નાતક પદ્ધતી પરીક્ષા માટે એનાયત કરવા માટેના પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચન્દ્રક અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૭૨. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨-૬-૧૯૭૭ની સભામાં રીડર ઇન લૉની એક જગ્યા માટે તથા લેકચરર-ઇન-લૉની બે જગ્યાઓ માટે તા. ૭-૫-૧૯૭૭ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો મંજૂર કરવા ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત (એ. કા. બાબત ક્રમાંક ૨).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણો સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ રીડર ઇન લૉની જગ્યા પર શ્રી. બી. એમ. શુકલની નિમણૂક રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦-એસેસમેન્ટ-૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૨૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

વધુમાં વધુમતે ઠરાવવામાં આવ્યું કે લેકચરર ઇન લૉની બે જગ્યાઓ પર શ્રી. એચ. એસ. પાઠકની અને શ્રી. એસ. પી. તેરેદેસાઈની નિમણૂક રૂ. ૭૦૦-૪૦-૧૧૦૦-૫૦-૧૩૦૦-એસેસમેન્ટ-૫૦ ૧૬૦૦ના પગારધોરણમાં અનુક્રમે મૂળ માસિક પગાર રૂ. ૭૪૦ અને રૂ. ૭૦૦ થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિઓની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૭૩. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨-૬-૧૯૭૭ની સભામાં લેકચરર ઇન જોગ્રાફીની બે જગ્યાઓ માટે તા. ૮-૫-૧૯૭૭ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ મંજૂર કરવા ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત (એ. કા. બાબત ક્રમાંક ૩).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૪. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨-૬-૧૯૭૭ની સભામાં લેકચરર ઇન માઇક્રોબાયોલોજીની બે જગ્યાઓ માટે તા. ૧૮-૫-૧૯૭૭ના રોજ મળેલી વરણીસમિતની ભલામણો પર વિચારણા કરીને ફક્ત ડૉ. એચ. જી. દેસાઈની નિમણૂક કરવા માટે ભલામણ કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત (એ. કા. બાબત ક્રમાંક ૪).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ લેકચરર ઇન માઇક્રોબાયોલોજીની બે જગ્યાઓ પૈકી એક જગ્યા પર ડૉ. એચ. જી. દેસાઈની નિમણૂક રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૫૦-૧,૩૦૦-એસેસમેન્ટ -૫૦-૧,૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની ભલામણની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૭૫. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨-૬-૧૯૭૭ની સભામાં લેક્ચરર ઇન કોમ્પ્યુટર સાયન્સની બે જગ્યાઓ માટે તા. ૨૭-૫-૧૯૭૭ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ મંજૂર કરવા ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત (એ. કા. બાબત ક્રમાંક ૫).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી. અને તે મુજબ સદરહુ જગ્યાઓ માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી.

(સદરહુ વરણીસમિતિની ભલામણની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૭૬. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭-૨-૧૯૭૭ની સભામાં એલએલ.બી.ના અભ્યાસ-ક્રમમાં પ્રવેશ મેળવવા માટે ૪૦ ટકા ગુણ આવશ્યક હોવા, તથા એમ.એ., એમ.એસસી. અને એમ.કોમ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પહેલી એલએલ.બી.ના ક્લાસમાં પ્રવેશ નહીં આપવા ઠરાવેલ હોઈ તેના સંદર્ભમાં લૉ ઑર્ડિ. ૧ અને લૉ ઑર્ડિ. ૨ સુધારી તેને જૂન, ૧૯૭૭થી અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા ૨-૬-૧૯૭૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ. કા. બાબત ક્રમાંક ૧૧).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે મુજબ સુધારેલા લૉ ઑર્ડિનન્સ ૧ અને લૉ ઑર્ડિનન્સ ૨ મંજૂર કરવા અને તેને જૂન ૧૯૭૭થી અમલમાં મૂકવા.

(સદરહુ સુધારેલા લૉ ઑર્ડિનન્સ ૧ અને લૉ ઑર્ડિનન્સ ૨ના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૭૭. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૨ સુધારવા માટે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨-૬-૧૯૭૭ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ. કા. બાબત ક્રમાંક ૬) :

"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ નં. ૪૨ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે ઘટતી કાર્યવાહી કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

Section 42 :

No student shall be enrolled as a student of the University unless he has passed—

(*i*) The Higher Secondary Certificate Examination conducted at the end of XII years by the Higher Secondary Education Board in such subjects and with such standards of attainment as may be prescribed by the Statutes; or

(*ii*) the Entrance Examimation, if any, which may be instituted by the University with the consent of the (State) Government and held in such subjects and in such manner as may be prescribed by the Statutes; or

(*iii*) any other examination prescribed as equivlent to the examination referred to in clauses (*i*) and (*ii*), and possesses such further qualification, if any, as may be prescribed by the Statutes.

In case of candidates who have passed old S.S.C. examination conducted by S.S.C. Examination Board in such subject and with such standard of attainment as prescribed by Statues be continued to be enrolled for respective Pre-Uni. classes.

2. (Provided that no Statute shall be so made as to be inconsistent with the provisions of Section 42-A and any Statute in force immediately before the coming into force of the Gujarat University (Amendment) Act, 1972 shall, to the extent to which it is inconsistent with the said provisions, be void.)

Provided that it will be competent for the University to enrol for (1) a diploma course in Pharmacy or (*ii*) a diploma course in Fine Arts or (*iii*) such other diploma courses as may be specified by Statutes and on such conditions as may be prescribed by Statutes a student who has passed the New S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State or an examination recognised as equivalent thereto."

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૨ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા માટે રાજ્ય સરકારને ત્વરિત કાર્યવાહી કરવા માટે વિનંતી કરવી.

૭૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ભારતીય હિંદી પરિષદના ૨૮મા અધિવેશનમાં ભાષા-ભવનના હિંદીના રીડર ડૉ. એ. એસ. નાગર આ અધિવેશનની એક બેઠકના અધ્યક્ષ હોઈ તેઓને આ અધિવેશનમાં પ્રતિનિધિ તરીકે મોકલવાનું મંજૂર કર્યાના;

(૨) રાજ્ય સરકારના નાણાખાતાના જી.આર. નં. સી.ડી.એસ. ૧૦૭૭-૨૧૨ જી.એચ-૧, તા. ૧૨-૬-૧૯૭૭ અન્વયે યુનિવર્સિટીના શૈક્ષણિક વર્ગના તથા બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓના મે ૧૯૭૭ના પગારથી સી.ડી.એસ.ની કપાત બંધ કર્યાના;

(૩) એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩-૪-૧૯૭૭ની સભામાં પરીક્ષા અંગેના અનિવાર્ય અને સમયમર્યાદાના કામ માટે કર્મચારીઓને કાર્યાલયના સમય બાદ રોકવામાં આવે તો તેમને આપવામાં આવતા સુધારેલા વધુ-કામ ભથ્થાના દર પરીક્ષાની મોસમમાં ગ્રંથાલયના વાચન વિભાગની કામગીરી માટે ગ્રંથાલયના કર્મચારીગણને પણ લાગુ પાડ્યાના;

(૪) શિવાજી યુનિવર્સિટી, કોલ્હાપુરના પ્રાકૃત વિભાગના વડા ડૉ. એ. એન. ઉપાધ્યાયની ખાનગી લાઇબ્રેરીનો જૈન સાહિત્ય માટેનો સમૃદ્ધ સંગ્રહ રૂ. ૨૭,૦૦૦ (સત્તાવીસ હજાર રૂપિયા) માં ખરીદી લેવા માટે મંજૂરી આપ્યાના;

(રાજ્ય સરકારશ્રી તરફથી જૈન સાહિત્યનાં પુસ્તકો ખરીદવા માટે ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ પ્રસંગે રૂ. ૫૦,૦૦૦નું અનુદાન તા. ૩૧-૩-૧૯૭૭ સુધીમાં ખર્ચ કરવાની શરતે મંજૂર થયેલ તે ખાતે આ ખર્ચ પડશે.)

(૫) અધ્યાપક મંડળે ઉત્તરવહીઓના મૂલ્યાંકનનો બહિષ્કાર કરવા માટે આપેલ એલાનના સંદર્ભમાં ઉત્તરપત્રો એકત્રિત કરી કાર્યાલયમાં લાવવા માટે જે વ્યક્તિ કેન્દ્ર પરથી ઉત્તરપત્રો લઈને આવે તેને જવા-આવવાનું ભાડું તથા રિક્ષા કે વાહન ખર્ચ તથા મજૂરી વ. જે કાંઈ ખર્ચ થાય અને તે ઉપરાંત વ્યક્તિને રૂ. ૭-૫૦ નું દૈનિક ભથ્થું આપવાનું મંજૂર કર્યાના;

(૬) આગામી શૈક્ષણિક વર્ષ માટે ભારત સરકાર તરફથી રાજ્ય સરકાર દ્વારા આ યુનિવર્સિટીને મળેલ એન. એસ. એસ.ના વધારાના ૧૧૦૦ વિદ્યાર્થીઓની ફાળવણી કૉલેજમાં નીચે મુજબ કર્યાના;

(અ) નીચેની દસ કૉલેજોમાં હાલ ૫૦ સંખ્યાના અડધા એકમો છે અને જે કૉલેજોએ આખા એટલે કે ૧૦૦ સંખ્યાના એકમો કરવાની ઉત્કંઠા દર્શાવી છે તેમને આખા કરવા અને તે રીતે ૫૦૦ સંખ્યા ફાળવવી :

૧.	અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૫૦
૨.	એચ. એલ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૫૦
૩.	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	૫૦
૪.	સી. યુ. શાહ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૫૦
૫.	અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૫૦
૬.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા	૫૦
૭.	સૂરજબા મહિલા કૉલેજ, નડિયાદ	૫૦
૮.	શેઠ સી. એન. કૉમર્સ કૉલેજ, વીસનગર	૫૦
૯.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કપડવંજ	૫૦
૧૦.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સાવલી	૫૦

(બ) બાકી રહેલ ૬૦૮ની સંખ્યા નીચે જણાવેલ નવી કૉલેજોને જૂન, ૧૯૭૭ના શૈક્ષણિક વર્ષથી એન. એસ. એસ.ના ૫૦ની સંખ્યાના અડધા એકમો આપવા :

૧.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઊંઝા	૫૦
૨.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ	૫૦
૩.	જે. બી. કૉમર્સ કૉલેજ, ભુજ	૫૦
૪.	તોલાની કૉમર્સ કૉલેજ, આદિપુર	૫૦
૫.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહુવા	૫૦
૬.	મ્યુનિ. મેડિકલ કૉલેજ, અમદાવાદ	૫૦

૭. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલ	૫૦
૮. એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૫૦
૯. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિ., નડિયાદ	૫૦
૧૦. ભવન્સ કૉમર્સ કૉલેજ, ડાકોર	૫૦
૧૧. ડભોઈ કૉમર્સ કૉલેજ, ડભોઈ	૫૦
૧૨. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	૫૦;

(૭) સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક પ્રો. ઍમ. પી. ભટ્ટને તા. ૨૭થી ૩૦ મે, ૧૯૭૭ના અરસામાં જૂનાગઢ મુકામે યોજાયેલ "All India Seminar on Agricultural Financing"ના સેમિનારમાં મોકલ્યાના;

(૮) યુનિ. કોર્ટની તા. ૨૭/૨૮/૨૯ માર્ચ, ૧૯૭૩માં પસાર કરેલા ઠરાવ પ્રમાણે ગુજરાત યુનિ. ધારાની કલમ ૪૦ અને ૪૧માં જરૂરી સુધારો કરવા રાજ્ય સરકારને ભલામણ કરવા સામે તથા અન્ય બાબતો પરત્વે અગાઉ અમદાવાદ ઍજ્યુકેશન સોસાયટીએ (રિટ અરજી ૨૩૨/૭૩) વરિષ્ઠ અદાલતમાં રિટ અરજી કરી હતી જેમાં કટોકટી દરમ્યાન મનાઈ હુકમ રદ કરાયેલ તેના સંદર્ભમાં કામચલાઉ મનાઈહુકમ પૂર્વવત્ મેળવવા ફરીથી વરિષ્ઠ અદાલતમાં અરજી કરી છે તેમાં યુનિવર્સિટી તરફથી આપણા સ્થાનિક ઍડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાના તથા નવી દિલ્હીમાં "ખેતાન ઍન્ડ કું."ને રોકવાના તેમજ તે અંગે થનાર જરૂરી ખર્ચ મંજૂર કરવા મંજૂરી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૭૯. વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. સી. જી. ખત્રીનું અધ્યક્ષ તરીકેનું રાજીનામું મંજૂર થતાં કાર્યકારી અધ્યક્ષ ડૉ. વી. સી. શાહના નિવાસસ્થાને ટેલિફોન આપવાનો થાય, પરંતુ તેમના નામ પર તેમના નિવાસસ્થાને ટેલિફોન હોવાથી તે ટેલિફોનનું ભાડું યુનિવર્સિટી ચૂકવે તથા આ ટેલિફોન જે ફાજલ પડે તે એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ શ્રી. પી. ડી. મિસ્ત્રીના નિવાસસ્થાને યુનિવર્સિટીનાં ધારાધોરણને આધીન આપવા અંગે વિચારણા કરવા બાબત.

૧. આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. વી. સી. શાહના નિવાસસ્થાને તેમના પોતાના નામથી જે અંગત ટેલિફોન જોડાણ મળેલું છે તે જોડાણ માટેનું ખર્ચ નીચેના નિયમો મુજબ યુનિવર્સિટીએ ભરપાઈ કરવાનું રાખવું :

(૧) આ ટેલિફોનના સગવડ માટે ટેલિફોનનું જે ભાડું (Rental) ટેલિફોન ખાતાને આપવાનું થાય તે યુનિવર્સિટીએ ચૂકવવું, અને

(૨) વિના ફીના કૉલ (free calls) ઉપરાંત વધારાના જે કૉલનું ખર્ચ થાય તે, તે વ્યક્તિને શિરે રહેશે અને યુનિવર્સિટી તરફથી આપી શકાશે નહીં તેમ જણાવવું.

૨. આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટ શ્રી. પી. ડી. મિસ્ત્રીના નિવાસસ્થાને ટેલિફોન આપવાના પ્રસ્તાવની વિચારણા મોકૂફ રાખવી.

૮૦. એક્ઝિકયુટિવ કાઉન્સિલના સભ્ય શ્રી. શરદ પટેલના તા. ૧૭-૫-૧૯૭૭ના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"જે કર્મચારીઓ તા. ૧-૧-૧૯૭૩ પછી યુનિવર્સિટીમાં જોડાયા હોય તેમને, અન્ય કર્મચારીઓને વિકલ્પ આપવાની છૂટ આપવામાં આવે છે તેવી જ છૂટ એટલે કે જૂના પગાર ધોરણમાં રહેવાની છૂટ આપવાનું આ સભા ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧-૧-૧૯૭૩ અને તા. ૭-૧૧-૧૯૭૬ના વચ્ચેના સમયગાળામાં યુનિવર્સિટીની કાયમી જગ્યાઓ ઉપર જોડાયેલા કર્મચારીઓને પોતાનું જૂનું પગારધોરણ ચાલુ રાખવાનો વિકલ્પ આપવો.

૮૧. રાજ્ય સરકારના નાણાવિભાગના જી.આર. નં. પીસીઆર. ૧૦૭૭-૧૩૬-એમ, તા. ૬-૫-૧૯૭૭ના ઠરાવ અન્વયે યુનિવર્સિટીના કર્મચારીને નીચે પ્રમાણે મોંઘવારી ભથ્થું આપવા અંગેની નોંધ લેવા બાબત :

તા. ૧-૪-૧૯૭૭થી તા. ૩૧-૩-૧૯૭૮ : કેન્દ્રના ૯૦ ટકા પ્રમાણે, } આ રકમ કર્મચારીના જી.પી.
તા. ૧-૪-૧૯૭૮થી તા. ૩૧-૩-૧૯૭૯ : કેન્દ્રના ૧૦૦ ટકા પ્રમાણે } એફ.માં જમા કરવાની રહેશે.
તા. ૧-૪-૧૯૭૯થી કેન્દ્રના ૧૦૦ ટકા પ્રમાણે રોકડેથી.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી અને સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષક વર્ગના અને બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પણ ઉપરના ધોરણે મોંઘવારી ભથ્થું આપવા માટે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં કૉન્ટ્રિબ્યુટરી પ્રૉવિડન્ટ ફંડની યોજના અમલમાં હોઇ ઉપર જણાવેલ મોંઘવારી ભથ્થાનાં નાણાં કર્મચારીઓના પ્રૉવિડન્ટ ફંડમાં જમા લેવાને બદલે તેમને તેની ચુકવણી રોકડમાં આપવા માટે અનુમતિ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૮૨. ગુજરાત યુનિવર્સિટી કૅમ્પસમાં બાલમંદિર શરૂ કરવા માટે રૂ. ૫૦,૦૦૦ (અંકે રૂપિયા પચાસ હજાર)નું પ્રદાન આપવા અંગેના શેઠ અચરતલાલ ગિરધરલાલ ટ્રસ્ટના અધ્યક્ષના તા. ૨-૬-૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૮૩. યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. રામભાઈ જે. પટેલને એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૯-૫-૧૯૭૬ના ઠરાવથી આપેલા એક વર્ષના પદાધિકાર (લિયન)ની મુદતમાં વધુ એક વર્ષનો વધારો આપવા માટેની તેઓની તા. ૩૧-૫-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રામભાઇ જે. પટેલને પોતાનો પદાધિકાર ચાલુ રાખવા માટે તા. ૧-૬-૧૯૭૭થી વધુ એક વર્ષ માટે મંજૂરી આપવી.

૮૪. હિમાલયન હાઈ ઍલ્ટિટ્યૂડ ટ્રેકિંગ-કમ-ઍક્સપેડિશન અંગેનો કાર્યક્રમ યોજવા માટે થનાર કુલ અંદાજી ખર્ચ રૂ. ૨૫,૨૦૦ પૈકી રૂ. ૧૪,૦૦૦ની આર્થિક સહાય ભારત સરકાર તરફથી મંજૂર થયેલ હોઈ બાકીનો ખર્ચ રૂ. ૧૧,૨૦૦/- યુનિવર્સિટીએ વહન કરવાનો થતો હોઈ તે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ચાલુ વર્ષના અંદાજપત્ર પ્રમાણે "યુવક-કલ્યાણ યૂથ પ્રોગ્રામ"ના મથાળા હેઠળ રૂ. ૨૫,૦૦૦/-ની જોગવાઈ છે તેમાંથી આ ખર્ચ પાડી શકાશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ યોજના માટે બાકીના રૂ. ૧૧,૨૦૦/-નો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિક્યુટિવ કાઉન્સિલ/૩૨૧૯૫/૧૯૭૭

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯

ક. ચં. પરીખ
કુલસચિવ.

તા. ૨૯-૬-૧૯૭૭

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨૮

કુલસચિવ, ગુજરાત યુનિવર્સિટી હવે પછી પ્રકાશક (જે શબ્દપ્રયોગમાં સંદર્ભથી નિષિદ્ધ કે તેનાથી વિરુદ્ધ ન હોય તો યુનિવર્સિટીનો સમાવેશ થતો હોવાનું ગણવામાં આવે છે.) તરીકે જેનો ઉલ્લેખ કરવામાં આવશે તે અને શ્રી. પાંડુરંગ ગણેશ દેશપાંડે, ઉંમર વર્ષ ૭૬, ૩, પ્રજ્ઞા સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ જેનો હવે પછી લેખક (જે શબ્દપ્રયોગમાં સંદર્ભથી નિષિદ્ધ કે તેનાથી વિરુદ્ધ ન હોય તો તેમના વારસદારો, એસાઈનીઓ, એકિઝકયુટર્સ, વહીવટકર્તાઓ, પ્રતિનિધિઓ વગેરેનો સમાવેશ થતો હોવાનું ગણવામાં આવશે) તરીકે ઉલ્લેખ કરવામાં આવશે, તે બે વચ્ચે આજે તા. – –૧૯૭ ના રોજ આ કરાર કરવામાં આવે છે.

પ્રકાશકે લેખકનું પુસ્તક "અંગ્રેજી–ગુજરાતી વિનીત કોશ" છપાવીને પ્રકાશિત કરવાનું સ્વીકારેલ છે અને તે માટે પ્રકાશક અને લેખક વચ્ચે નીચે પ્રમાણે સમજૂતી થઈ છે:

૧. આ પુસ્તક લેખકની સ્વતંત્ર રચના છે અને તે ઉપર લેખકનો સંપૂર્ણ અધિકાર છે અને તેનો કોપીરાઈટ હક્ક લેખકનો છે.

૨. પ્રકાશક સદરહુ પુસ્તકની પ્રથમ આવૃત્તિમાં ૧૦,૦૦૦ (દસ હજાર) નકલ છાપશે અને તેના અવેજરૂપે લેખકને પુસ્તકની વેચાણ કિંમત પર ૧૫ ટકા રોયલ્ટી આપશે.

૩. પુસ્તકનો કોપીરાઈટ હક્ક લેખકનો રહેશે, પરંતુ આવૃત્તની નકલો ખલાસ થતાં ઉપર દર્શાવેલ કલમ (૨)માં દર્શાવ્યા પ્રમાણેની શરતે પછીની આવૃત્તિ પ્રસિદ્ધ કરવા પ્રકાશક હકદાર ગણાશે. પ્રવર્તમાન આવૃત્તિની ૫૦૦ નકલ સિલકમાં રહે ત્યારે આવૃત્તિ વ્યવહારતઃ ખલાસ થઈ ગણાશે. આ તબક્કાથી છ માસમાં નવી આવૃત્તિ છાપવા પ્રકાશકે પગલાં લેવાનાં રહેશે. જો પ્રકાશક એવી વ્યવસ્થા ન કરે તો સદરહુ પ્રકાશન અંગેના આ કરાર રદ થયા ગણાશે અને લેખક કોશ પ્રકાશિત કરવાની અન્ય વ્યવસ્થા કરી શકશે.

૪. પુસ્તક પ્રકાશિત થતાં તેની ૨૦ (વીસ) નકલો પ્રકાશક લેખકને ભેટ આપશે, બીજી તથા અન્ય આવૃત્તિની ૫ (પાંચ) નકલો ભેટ આપશે.

૫. પ્રકાશકે લેખકને રૉયલ્ટી આપવાની બાબતમાં પ્રત્યેક વર્ષે ૩૧મી માર્ચ પછીના ત્રણ માસમાં વેચાણ અંગેનો હિસાબ કરી હિસાબે નીકળતાં નાણાં લેખકને ચેક દ્વારા પહોંચતાં કરવામાં આવશે.

૬. પ્રકાશક જ્યાં સુધી આ કૉશ ઉપરની શરતોએ છાપીને પ્રકાશિત કરવા તૈયાર હશે ત્યાં સુધી લેખક બીજા કોઈ પ્રકાશકને સદરહુ પ્રકાશન પ્રકાશિત કરવા આપી શકશે નહીં.

૭. પુસ્તક મુદ્રણાલયમાં છપાતું હોય ત્યારે તેનું ત્રીજું પ્રૂફ કે જેને 'લેખકનું પ્રૂફ' કહે છે તે લેખકે વાંચીને મંજૂર કરવાનું રહેશે અને જો લેખક તે પ્રૂફ વાંચી ન શકે તો બીજા કોઈ પાસે વંચાવવાની વ્યવસ્થા કરવાની રહેશે અને તેનું ખર્ચ લેખકે ભરપાઈ કરવાનું રહેશે.

૮. પુસ્તકના કૉપીરાઈટની બાબતમાં આપરુ નુકસાની, કૉપીરાઈટના ભંગ વગેરે અંગે ત્રાહિત વ્યક્તિ, પેઢી કે સંસ્થા સાથે ઝઘડો ઊભો થાય તો તેની સંપૂર્ણ જવાબદારી લેખકની રહેશે.

૯. કરારના સ્ટેમ્પ અંગેનું ખર્ચ બેઉ પક્ષકારોએ સરખેભાગે ભોગવવાનું રહેશે.

૧૦. આ કરારની બાબતમાં કોઈ તકરાર કે મતભેદ ઊભા થાય તો અમદાવાદની કૉર્ટમાં જ કાયદેસરનાં પગલાં લઈ શકાશે.

૧૧. આ કરાર બંને પક્ષકારોએ રાજીખુશીથી કરેલ છે, જે યુનિવર્સિટીના વહીવટદારો અને લેખકના વારસદારોને બંધનકર્તા રહેશે.

સાક્ષી ..... લેખકની સહી .....

સાક્ષી ..... પ્રકાશકની સહી .....

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૫૨

બાંધકામ સમિતિની એક સભા તા. ૩૦-૫-૧૯૭૭ને સોમવારના રોજ સવારના ૯-૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. નવનીતલાલ સા. શોધન	ગેરહાજર
૩. શ્રી. પી. જે. મહેતા	હાજર
૪. શ્રી. કિશોરચંદ્ર સંઘાણી	હાજર
૫. શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર
૬. ડૉ. આર. સી. સોનપાલ	હાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૧૮-૪-૧૯૭૭ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા ૧૮-૪-૧૯૭૭ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર નીચેનાં મકાનો માટે કન્સલ્ટિંગ એન્જિનિયરની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

નં.	મકાનનું નામ	અંદાજી કિંમત	સ્થપતિનું નામ
૧.	બોયઝ હૉસ્ટેલ "જી" બ્લૉક	૫,૦૦,૦૦૦	શ્રી. એચ. સી. પટેલ
૨.	રીડર્સ ક્વાર્ટર્સ	૪,૮૫,૦૦૦	,,
૩.	માળી તથા સફાઈ કામદાર માટેનાં ક્વાર્ટર્સ	૧,૮૦,૦૦૦	,,
૪.	ગુરુ નાનક ભવન	૫,૦૦,૦૦૦	,,
૫.	માયક્રોબાયોલોજી વિભાગનું મકાન	૩,૩૦,૦૦૦	,,

આથી ઠરાવવામાં આવે છે કે નીચેનાં મકાનો માટે તેની સામે લખ્યા પ્રમાણે સ્ટ્રકચરલ એન્જિનિયરની નિમણૂક કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. બોયઝ હૉસ્ટેલ--"જી" બ્લૉક સ્ટ્રકચરલ એન્જિનિયર વકીલ-મહેતા-શેઠ

૨. રીડર્સ ક્વાર્ટર્સ ,,

૩. માળી તથા સફાઈ કામદાર માટેનાં ક્વાર્ટર્સ વકીલ—મહેતા—શેઠ
૪. ગુરુ નાનક ભવન ,,
૫. માઈક્રોબાયોલોજી વિભાગનું મકાન ,,

૩. જિમ્નેશિયમના મકાનમાં ઈલેક્ટ્રિક કામની સમયમર્યાદા વધારી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જિમ્નેશિયમના મકાનમાં ઈલેક્ટ્રિક કામના સમયમર્યાદા નીચે જણાવેલાં કારણો અનુસાર તા. ૩૧-૭-૧૯૭૭ સુધી વધારી આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(અ) ફિલિપ્સ કંપનીના લાઈટિંગ એન્જિનિયરનો સલાહ લેવામાં થયેલા વિલંબના કારણે

(બ) ઊધઈના ટ્રીટમેન્ટના કારણે

(ક) લાકડાની ફ્લોરિંગ કરવા માટેના કામના કારણે.

૪. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર ટીચિંગ સ્ટાફ માટેનાં ક્વાર્ટર્સ માટે સ્થપતિ તથા કન્સલ્ટિંગ એન્જિનિયરની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર ટીચિંગ સ્ટાફ માટેના ટાઈપ ૨ અંગેનાં રહેઠાણોના સ્થપતિ તરીકે શ્રી. હસમુખ સી. પટેલ તથા સ્ટ્રકચરલ એન્જિનિયર તરીકે મે. આર્યોન એન્જિનિયર્સની નિમણૂક કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટીના જૂના "ડી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સમાં બાથરૂમની સગવડ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના જૂના "ડી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સમાં બાથરૂમની સગવડ આપવા માટે રૂ. ૬,૦૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર "સી" ટાઈપ ક્વાર્ટર્સના બાંધકામ અંગે આવેલ ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે "સી" ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સના બાંધકામ માટે આવેલાં કુલ ૧૧ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કોન્ટ્રાકટર મે. સૌવીર કન્સ્ટ્રકશન કંપનીનું રૂ. ૨,૪૪,૧૫૨-૧૫ પૈસાનું ટેન્ડર મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. યુનિવર્સિટી કેમ્પસમાં કેન્ટીન બાંધવા માટેનો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૈદ્ધાંતિક સ્વીકાર કરેલો છે તો તે માટે સ્થપતિની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં કેન્ટીનના બાંધકામ માટે સ્થપતિ શ્રી હસમુખ સી. પટેલ તથા સ્ટ્રકચરલ એન્જિનિયર મે. આર્યોન એન્જિનિયર્સની નિમણૂક કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ કામ માટે ૨ લાખ સુધીનું અંદાજી ખર્ચ મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર માઇક્રોબાયોલોજી ડિપાર્ટમેન્ટના સ્થપતિ શ્રી હસમુખ સી. પટેલ તરફથી આવેલા પ્લાન તથા અંદાજ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માઇક્રોબાયોલોજી વિભાગના મકાન માટેનો સ્થપતિ શ્રી હસમુખ સી. પટેલે રજૂ કરેલા પ્લાન્સ મંજૂર કરવા તથા તેનું ખર્ચ રૂ. ૩,૩૦,૦૦૦ સુધીમાં આવી જાય તે પ્રમાણે સ્થપતિને જણાવવું.

૯. આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટરના મકાન બાંધકામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટરના મકાન બાંધકામ માટે આવેલાં કુલ સાત ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવે ભરનાર કોન્ટ્રાક્ટર મે. મોના એસોસિયેશનનું ટેન્ડર સ્થપતિ શ્રી એલ. જે. પુરાણીએ સુધારેલા અંદાજ પ્રમાણે ગણતાં રૂ. ૧,૬૯,૮૫૪-૨૦નું ટેન્ડર મંજૂર કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી. વધુમાં ડ્રેનેજ તથા સેનિટરી અંગેના ભાવ ઇન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ-લેબોરેટરીના મકાન માટે નક્કી થાય તે પ્રમાણે મંજૂર કરવા.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ મકાનમાં કુલ ખર્ચ રૂ. ૨ લાખની મર્યાદામાં આવી જાય તેવું સ્થપતિને જણાવવું.

૧૦. યુનિવર્સિટી કાર્યાલય માટે ૫૦ કે. વી. એ.નું ટ્રાન્સફોર્મર માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય માટે ૨૫૦ કે. વી. એ.નું ટ્રાન્સફોર્મર ખરીદવા માટે આવેલાં કુલ પાંચ ટેન્ડરો પૈકી વૉલ્ટેમ્પ ટ્રાન્સફોર્મર્સ પ્રાઈવેટ લિ.નું ટ્રાન્સફોર્મર રૂ. ૨૨,૩૦૦ની કિંમતે તેઓના તા. ૧૪-૫-૧૯૭૭ના ટેન્ડરમાં જણાવ્યા પ્રમાણે નીચેનાં કારણોસર ખરીદવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. વૉલ્ટેમ્પ કંપની જૂની અને સુવિખ્યાત છે અને ટ્રાન્સફોર્મર સારી જાતનું છે.

૨. આ ટ્રાન્સફોર્મરના લોસીસ ઓછા છે.

૩. ડિલિવરીનો સમય ઓછો છે.

૪. ગુજરાત સ્ટેટમાં જ રહેલી કંપની છે.

૧૧. ગુરુ નાનક ભવનના મકાનના બાંધકામ અંગે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર ગુરુ નાનક ભવનના બાંધકામ માટે આવેલાં કુલ ચાર ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કૉન્ટ્રાક્ટર મે. વિનોદ કન્સ્ટ્રકશન કું. નું રૂ. ૪,૦૨,૫૩૫-૫૦ પૈસાનું ટેન્ડર મંજૂર કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

કુલપતિશ્રીની મંજૂરીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૧૨. ઇન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ લેબોરેટરીના બાંધકામમાં વૉટર સપ્લાય સેનિટરીના ભાવ નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ લેબોરેટરીના બાંધકામમાં વૉટર સપ્લાય સેનિટરીના ભાવ નક્કી કરવા અંગે શ્રી. કે. કે. સંધાણી તથા શ્રી. પી. જે. મહેતાને સત્તા આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મિસ્ત્રી,
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૫૪

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૧૬–૫–૧૯૭૭ને સોમવારના રોજ સવારના ૧૦–૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી ઈશ્વરભાઈ જે. પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. રામમૂર્તિ, શિક્ષણ નિયામકશ્રી	હાજર
૩. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	ગેરહાજર
૪. ડૉ. વિનોદકાંત ચુનીલાલ શાહ	હાજર.

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૧૪–૪–૧૯૭૭ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૧૪–૪–૧૯૭૭ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે ટ્રાન્સમિટિંગ વાલ્વ્ઝ મૉસ્કોથી આયાત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે Transmitting Valves—GMI–89–10 Pcs. M/s. Electronor Ytechnica, Moscow (U.S.S.R.)થી આયાત કરવા માટે રૂ. ૭,૦૦૦ (રૂપિયા સાત હજાર) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૩. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગ માટે રેક્ટિફાઈડ સ્પિરિટ તથા આલ્કોહોલ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવન માટે ૨૭૨ લિટર રેક્ટિફાઈડ સ્પિરિટ તથા ૧૮૧ લિટર એબસોલ્યુટ આલ્કોહોલ મેસર્સ એલેમ્બિક કેમિકલ્સ વર્કસ, વડોદરા પાસેથી ખરીદવા માટે રૂ. ૩,૫૦૦ (રૂપિયા ત્રણ હજાર પાંચસો) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૪. પ્રા. ડી. એન. પાઠક અને શ્રી. પી. એન. શેઠે સરદાર વલ્લભભાઈ પટેલ અંગે લખેલ પુસ્તકની રૉયલ્ટી યુનિવર્સિટીને મળે તે માટે ઉપરોકત લેખકોને આપવા તથા તે અંગેની ૧૫૦૦ નકલ છપાવવા અંગે અધ્યક્ષશ્રી, સમાજવિદ્યા ભવનના તા. ૧૦–૨–૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૫. મનોવિજ્ઞાનમાં તૃતીય વર્ષ બી.એ.ની પ્રાયોગિક કાર્યની પરીક્ષા નિમિત્તે પરીક્ષા કેન્દ્રોને વિદ્યાર્થી દીઠ કોઈ ખર્ચ આપવો જોઈએ તે અંગે ચેરમેન, મનોવિજ્ઞાન અભ્યાસ સમિતિના તા. ૨૨-૪-૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે મનોવિજ્ઞાનમાં તૃતીય વર્ષ બી.એ.ની પ્રાયોગિક કાર્યનો યુનિવર્સિટી પરીક્ષા માટે મટિરિયલ્સ વગેરેની વપરાશ, રિપેર માટે પરીક્ષા કેન્દ્રોને વિદ્યાર્થી દીઠ તૃતીય વર્ષની બી.એસસી.ની ભૂગોળની પ્રાયોગિક પરીક્ષાના દર પ્રમાણે (એટલે કે રૂ. ૧ લેખે) આપવા.

૬. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગ માટે ફોટોગ્રાફિક પેપર્સ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગ માટે મે. આગફા ગ્રેવર્ટ પાસેથી રૂ. ૩,૦૦૦ (રૂપિયા ત્રણ હજાર) સુધીના ફોટોગ્રાફિક પેપર્સ સ્ટેટ ટ્રેડિંગ કોર્પોરેશનની પરવાનગી મુજબ ખરીદવા.

૭. યુનિવર્સિટી પરીક્ષાની બેઠકવ્યવસ્થાના વધારાના મહેનતાણા અંગે તથા પટાવાળાના મહેનતાણા અંગે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજીસ અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષકવર્ગના (અમદાવાદ શહેર) કર્મચારી મંડળના મંત્રીના તા. ૨૩-૩-૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી પરીક્ષાની બેઠકવ્યવસ્થા માટે કેન્દ્રને ૧૦૦ વિદ્યાર્થી દીઠ રૂ. ૭-૦૦ લેખે ચાર્જ આપવામાં આવે છે તેના બદલે ૧૦૦ વિદ્યાર્થી દીઠ રૂ. ૯-૦૦ લેખે ચાર્જ આપવો અને આ સુધારેલા દરનો અમલ માર્ચ-એપ્રિલ ૧૯૭૭ની પરીક્ષાઓથી કરવો.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે પટાવાળાના મહેનતાણાના દરમાં વધારો કરવાની કોઈ જરૂર નથી.

૮. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે મે. સિસ્ટોનિક્સ પાસેથી રૂ. ૬,૨૦૦ નંગની કિંમતે બે નંગ પી.એચ. મીટર ખરીદવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે મે. સિસ્ટોનિક્સ પાસેથી રેઇટ કોન્ટ્રેક્ટની શરતો મુજબ બે નંગ પી.એચ. મીટર દરેક રૂ. ૬,૨૦૦ની કિંમતે ખરીદવાં.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. થાઓ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૭૧

"સ્વ. કવિ પ્રિયકાન્ત મણિયાર સ્મૃતિચંદ્રક"

દાતાનું નામ :— શ્રીમતી રંજનબહેન પ્રિયકાન્ત મણિયાર, ૮૩, ચંદ્ર કોલોની, ઓલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

પ્રદાનની રકમ :— રૂ. ૭,૫૦૦-તથા માર્ચ ૧૯૭૭ના ચંદ્રકના વધારાના રૂ. ૫૦૦-મળી કુલ રૂ: ૮,૦૦૦

પ્રદાનનો પ્રકાર :—એક સુવર્ણમંડિત ચંદ્રક

પદાનનો સ્વીકાર :—એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૮-૩-૧૯૭૭ની સભામાં પ્રદાનનો સ્વીકાર કર્યા છે.

નિયમો

૧(અ) "સ્વ. કવિ. પ્રિયકાન્ત મણિયાર સ્મૃતિચંદ્રક" એ નામનો આશરે રૂ. ૩૪૦ની કિંમતનો સુવર્ણમંડિત ચંદ્રક આ યુનિવર્સિટીની એમ.એ.નાં અનુસ્નાતક પદવી પરીક્ષામાં નીચે દર્શાવેલ ભાષાઓ મુખ્ય વિષય તરીકે લઈ તેનાં ૬ પેપરોમાં ક્રમાનુવર્તી પ્રતિવર્ષ સૌથી વધુ ગુણ મેળવી પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવે. સદરહુ વિદ્યાર્થી એમ.એ. પાર્ટ-૨ પાસ કરે તેના આગલા વર્ષે જ તેણે એમ.એ. પાર્ટ-૧ પાસ કરેલું હોવું જોઈએ.

નોંધ.—ભાષાઓનો ક્રમ નીચે પ્રમાણે રહેશે :

(૧) ગુજરાતી (૨) સંસ્કૃત (૩) અંગ્રેજી (૪) પ્રાકૃત (૫) હિંદી (૬) ઉર્દૂ અને (૭) ભાષાશાસ્ત્ર.

૧(બ) જે વર્ષે તે વર્ષના ક્રમમાં આવતા વિષયમાં કોઈ વિદ્યાર્થી પાત્ર ન હોય તો ત્યારપછીના વર્ષના ક્રમમાં આવતા વિષયમાં સૌથી વધારે (પણ પ્રથમ વર્ગથી ઓછા નહિ) ગુણ પ્રાપ્ત કરનારને ચંદ્રક એનાયત કરવામાં આવશે.

૨. ચંદ્રક વિજેતાનું નામ બને ત્યાં સુધી પરીક્ષાના પરિણામ સાથે જાહેર કરવામાં આવશે.

૩. ચંદ્રક શક્ય હશે ત્યાં સુધી યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભમાં વિજેતાને અર્પણ કરવામાં આવશે.

૪. વિજેતાને ચંદ્રક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૫. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગે યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલને વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક ગણાશે તે ઉમેરવા માટે તેને અધિકાર રહેશે.

૬. આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૭. આ સખાવતની વાર્ષિક આવકની બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ચ(૧)"
કામકાજ ક્રમાંક ૭૨

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Law was held on Saturday the 7th May, 1977 at 10-00 a.m. at the office of the Gujarat University, Ahmedabad-9. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under:

1.	Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor	Present
2.	Dr. T. K. Tope	Present
3.	Prof. N. J. Shah	Present
4.	Mr. Justice N. H. Bhatt	Absent

The following candidates were called for interview :

1.	Shri B. M. Shukla	Present
2.	,, B. M. Gandhi	Present
3.	,, P. R. Desai	Present
4.	,, N. C. Jani	Absent
5.	,, M. D. Pancholi	Absent
6.	,, B. M. Pathak	Absent

After interviewing the candidates and judging their respective merits we recommend Shri B. M. Shukla for the post of a Reader.

Sd/- **I. J. Patel**
Sd/- **T. K. Tope**
Sd/- **N. J. Shah**

પરિશિષ્ટ "ચ(૨)"
કામકાજ ક્રમાંક ૭૨

A meeting of the Selection Committee for recommending names for appointment to the two posts of Lecturer in Law was held on Saturday, the 7th May, 1977 at 2-30 p.m. at the office of the Gujarat University, Ahmedabad. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor	Present
2. Dr. T. K. Tope	Present
3. Prof. N. J. Shah	Present

The following candidates were called for interview :

1. Shri I. R. Patel	Present
2. ,, J. B. Trivedi	Present
3. ,, M. S. Sheth	Present
4. ,, R. V. Kumar	Present
5. ,, C. R. Tripathi	Absent
6. ,, J. R. Trivedi	Present
7. ,, M. L. Vama	Present
8. ,, T. K. Acharya	Absent
9. ,, A. B. Makwana	Present
10. Miss Lilaben S. Patel	Present
11. Shri S. P. Teredesai	Present
12. ,, N. M. Thakkar	Absent
13. ,, H. S. Pathak	Present
14. ,, B. R. Pandya	Present
15. ,, S. M. Parmar	Present
16. ,, R. L. Jain	Present
17. ,, B. J. Tapodhan	Present

After interviewing the candidates and considering their respective merits we recommend the following two persons for appointment as Lecturers in Law :

1. Shri H. S. Pathak
2. Shri S. P. Teredesai

Sd/—I. J. Patel
Sd/—T. K. Tope
Sd/—N. J. Shah

Date : 7-5-1977.

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૭૪

A meeting of the Selection Committee for recommending the names for appointment to the two posts of Lecturer in Microbiology was held on Wednesday, the 18th of May, 1977 at 10-00 a.m. at the Gujarat University, Ahmedabad-9. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor	Present
2. Dr. I. V. Subbaiah	Present
3. Dr. M. V. Desai	Present
4. Dr. S. G. Desai, Invitee	Present

The following candidates were called for interview :

1. Miss Sujata M. Patel	Present
2. Miss Vishakha B. Thaker	Present
3. Miss A. A. Delhiwala	Present
4. Shri H. G. Desai	Present
5. Shri A. K. Shah	Present
6. Shri M. S. Vora	Present
7. Shri P. Rajendran	Absent
8. Smt. S. R. Shah	Present
9. Shri P. Panjarthinam	Present
10. Shri J. P. Trivedi	Present
11. Shri G. S. Patel	Absent
12. Shri K. S. Patel	Present
13. Shri H. C. Vaidya	Present
14. Shri M. B. Asani	Absent

15.	Shri R. C. Dave	Present
16.	Shri M. D. Jani	Present
17.	Miss Jyotsna P. Misra	Present
18.	Smt. Dalwadi Radium	Present
19.	Shri H. H. Patel	Absent.

After interviewing the candidates present and considering their respective merits, we recommend the following two candidates for appointment as Lecturers in Microbiology :

1. Dr. H. G. Desai
2. Dr. A. K. Shah

Sd/- I. J. Patel
Sd/- T. V. Subbaiah
Sd/- S. G. Desai
Sd/- M. V. Desai

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૩૫

A meeting of the Selection Committee for recommending names for appointment to the two posts of Lecturer in Computer Science was held on Tuesday the 17th May, 1977 at 9-00 a.m. at Gujarat University, Ahmedabad-9. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor, Gujarat University, Ahmedabad-9, presided.

The attendance of the Selection Committee members was as under :

1. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor	Present
2. Dr. Amitabha Ghose	Present
3. Dr. S. R. Thakore	Present
4. Shri R. P. Soni (Invitee)	Present

The following candidates were called for interview :

1. Dr. M. K. Kadalbajoo	Absent
2. Shri Achuthan Mohan	Absent
3. Shri M. J. M. S. Siddique	Present
4. Miss Amar Jeet Kaur	Present

After interviewing the candidates present and considering their respective merits, the Committee regrets they can recommend no one and request readvertisement.

I. J. Patel
S. R. Thakore
A. Ghose
R. P. Soni

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૭૬

Law O. 1

A candidate for the degree of LL.B. (General) – (i) must have passed a Bachelor's Degree Examination in any faculty of this University or an examination of any other University recognised as equivalent thereto and (ii) must have inter alia obtained at least 40 percent of marks in the aggregate in that examination : Such a candidate will be required to pass Four Semesters as under :

(1) First LL.B.	(1) Monsoon Semester and
	(2) Winter Semester
	OR
	(1) Winter Semester and
	(2) Monsoon Semester
(2) Second LL.B.	(1) Monsoon Semester and
	(2) Winter Semester
	OR
	(1) Winter Semester and
	(2) Monsoon Semester

N.B.—A student pursuing a course of study leading to LL.B. Degree Examination shall not be eligible to pursue a course of study leading to the M.A., M.Sc. or M.Com degree.

Law O. 2

Monsoon and/or Winter Semester Examination — First LL.B.

No candidate shall be admitted to the examination unless he has passed the Bachelor's Degree Examination in any Faculty of this University or an Examination of any other University recognised as equivalent thereto and has inter alia obtained at least 40% marks in the aggregate in that examination and has thereafter put in attendance of the requisite number of days in the Monsoon and/or the Winter Semester, as the case may be, in a Law College affiliated to this University.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ--૩૮૦૦૦૯.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની એક ખાસ સભા, રવિવાર, તા. ૧૯-૬-૧૯૭૭ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૯-૬-૧૯૭૭
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. કે. રામમૂર્તિ, શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહ	હાજર
૫.	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ	હાજર
૬.	શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર
૭.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય સંતપ્રસાદ રણછોડલાલ ભટ્ટ	હાજર
૧૦.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૧.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૨.	શ્રી. નરહરિ મૂળજીભાઈ પરીખ	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૫.	શ્રી. રમેશચંદ્ર મણિલાલ શાહ	હાજર
૧૬.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર
૧૭.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૧૮.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ	હાજર
૧૯.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ	હાજર
૨૦.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર

૧. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, એલ.ડી. આર્ટ્સ કૉલેજ, અને એમ.જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટનું જોડાણ જૂન ૧૯૭૭થી પરત કરવા અંગે અમદાવાદ એજ્યુકેશન સોસાયટી, અમદાવાદના માનદ મંત્રીશ્રીના તા. ૧૬-૬-૧૯૭૭ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે લંબાણ ચર્ચા-વિચારણાને અંતે અને તેને આધારે નીચે મુજબનો પ્રસ્તાવ તૈયાર કરીને સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો :

(૧) વિદ્યા અને વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં સદરહુ ત્રણેય કૉલેજોને ચાલુ રાખવા અમદાવાદ એજ્યુકેશન સોસાયટીને વિનંતી કરવી;

(૨) સદરહુ પત્રમાં જણાવેલ વિવિધ મુદ્દાઓ અંગે શિક્ષણના વ્યાપક હિતમાં તેની સર્વગ્રાહી વિચારણા કરવા સરકારશ્રીને વિનંતી કરવી; અને

(૩) સંલગ્ન કૉલેજોની આર્થિક જવાબદારીઓની બાબતમાં રાજ્ય સરકારની પૂર્વસંમતિ સિવાય નવો બોજો લાદી શકાય નહીં તે હકીકત તરફ અમદાવાદ એજ્યુકેશન સોસાયટીનું ધ્યાન દોરવું.

તે પછી આચાર્ય બી. એમ. પીરજાદાએ એ પ્રસ્તાવ પર નીચેનો સુધારો રજૂ કર્યો :

"આપે જે ઠરાવનો મુસદ્દો મૂકયો તેમાં નં. ૨ કાઢી નાંખવા હું સૂચવું છું."

આચાર્ય પીરજાદાના સદરહુ સુધારા પર મત લેવામાં આવતાં તે વધુમતે ઊડી ગયો.

તે પછી ઉપર મુજબ તૈયાર કરીને રજૂ કરવામાં આવેલ મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે વધુમતે મંજૂર કરવામાં આવ્યો.

૨. પ્રભુદાસ હકર કૉલેજ, અમદાવાદના જોડાણ બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૪-૬-૧૯૭૭ની સભામાં નીમેલ સમિતિના હેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં સમિતિના બે સભ્યોએ રજૂ કરેલ તા. ૧૬-૬-૧૯૭૭નો પોતાનો હેવાલ, તથા એક સભ્યે જુદો રજૂ કરેલ તા. ૧૯-૬-૧૯૭૭નો પોતાનો હેવાલ—એમ બે હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

સદરહુ હેવાલો ઉપર કેટલીક ચર્ચા-વિચારણાને અંતે વધુમતે ઠરાવવામાં આવ્યું કે, સદરહુ કૉલેજના ચાલુ જોડાણની બાબતમાં નીચે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી; પરંતુ સદરહુ કૉલેજોના શિક્ષકોના પગાર, ભથ્થાં, પ્રોવિડન્ટ ફંડ ઇત્યાદિ અંગેની બાકી નીકળતી રકમની ચુકવણી થયેથી સદરહુ સમિતિને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે જણાવવું :

(૧) આચાર્ય એસ. આર. ભટ્ટ

(૨) પ્રો. ડી. એન. પાઠક

(૩) આચાર્ય હરિશંકર પંડ્યા.

૩. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨-૬-૧૯૭૭ની સભામાં લેક્ચરર ઇન જોગ્રાફીની બે જગ્યાઓ માટે તા. ૮-૫-૧૯૭૭ના રોજ વરણીસમિતિની ભલામણ મંજૂર કરવા ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ લેક્ચરર ઇન જોગ્રાફીની જગ્યા પર ડો. (શ્રીમતી) અંજનાબહેન દેસાઈની નિમણૂક રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૫૦-૧,૩૦૦-એસેસમેન્ટ-૫૦-૧,૬૦૦ના પગાર-ધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની ભલામણની નકલ 'પરિશિષ્ટ "ક"' તરીકે સામેલ છે.)

૪. એકેડેમિક કાઉન્સિલની તા. ૮-૬-૧૯૭૭ની સભાની ભલામણ અનુસાર સંલગ્ન કૉલેજોના શિક્ષકોના કાર્યભાર બં. અંગેનો એ૦ ૧૨૦-એ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

સમયના અભાવે સદરહુ બાબતની વિચારણા હાથ ધરી શકાઈ નહીં.

એકિઝ. કાઉ./ ૩૨૧૯૪/ ૧૯૭૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
જૂન ૨૯, ૧૯૭૭.

કે. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૩

A meeting of the Selection Committee for recommending names for appointment to the two posts of Lecturer in Geography was held on Sunday the 8th May 1977 at 10-00 a.m. at the office of the Gujarat University, Ahmedabad-9. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1. Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor	Present
2. Shri P. M. Trivedi	Present
3. Prof. P. R. Pisharoty	Present

The following candidates were called for interview :

1. Shri M. U. Patel	Absent
2. Miss Manjula B. Dave	Present
3. Shri G. V. Patel	Present
4. Shri B. B. Sharma	Absent
5. Shri R. R. Joshi	Present
6. Shri B. S. Parmar	Present
7. Shri S. G. Dave	Present
8. Shri H. R. Patel	Absent
9. Shri A. T. Desai	Present
10. Shri S. B. Sarang	Absent
11. Smt. Malti I. Maligi	Present
12. Shri N. G. Dikshit	Present
13. Shri A. S. Narayanan	Absent
14. Shri A. K. Mekwan	Present

15.	Shri V. L. Bodha	Present
16.	Shri K. V. Shah	Present
17.	Shri N. M. Jani	Present
18.	Shri V. K. Mehta	Present
19.	Shri R. H. Jani	Present
20.	Shri K. N. Vyas	Present
21.	Shri V. G. Dalal	Present
22.	Dr. (Mrs.) Anjana Desai	Present.

The Committee after interviewing the candidates present and considering their respective merits recommends that Dr. (Mrs.) Anjana Desai be appointed as Lecturer in Geography. The other post be readvertised so as to attract persons with research qualifications.

I. J. Patel
P. R. Pisharoty
P. M. Trivedi

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૩૮૦૦૦૯.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ઑગસ્ટ માસની સભા, શનિવાર, તા. ૨૦-૮-૧૯૭૭ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૦-૮-૧૯૭૭
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણ સંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચંદ્ર ચંદુલાલ શાહ	હાજર
૫.	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ	હાજર
૬.	શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર
૭.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય સંતપ્રસાદ રણછોડલાલ ભટ્ટ	હાજર
૧૦.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૧.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૨.	શ્રી. નરહરિ મૂળજીભાઈ પરીખ	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૫.	શ્રી. રમેશચન્દ્ર મણિલાલ શાહ	હાજર
૧૬.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર
૧૭.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૧૮.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	ગેરહાજર
૧૯.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ	હાજર
૨૦.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. (ક) તા. ૪--૬--૧૯૭૭ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૪--૬--૧૯૭૭ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

(ખ) તા. ૧૯--૬--૧૯૭૭ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૯--૬--૧૯૭૭ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીમાં હાલના આઈ.બી.એમ. (૧૬૨૦ કૉમ્પ્યુટર) તરફથી શિક્ષણ અને સંશોધન માટે ઉત્તમ સેવા ઉપલબ્ધ થાય તે માટે વધારાનાં સાધનો (૧) લાઈન પ્રિન્ટર તથા (૨) ઑન ઈન્ટરફેઈસ બિટ્‌વીન આઈ.બી. એમ. ૧૬૨૦ ખરીદવા માટેની રૂ. ૨,૨૧,૦૦૦ની દરખાસ્ત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૩--૫--૧૯૭૭ના પત્ર ક્રમાંક એફ્. ૨૭--૧૪--૭૨ (એસ.સી.આઈ.ડી. ૪૯) થી મંજૂર કર્યા અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૩. ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે ચાલુ વર્ષમાં પશ્ચિમ હિમાલય ઉપર વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે સ્નૉ ઍન્ડ આઈસ ટ્રેઈનિંગ કૅમ્પ યોજવા માટે ભારત સરકારના શિક્ષણ અને સમાજ કલ્યાણ ખાતાએ તેમના પત્રાંક એફ્. ૬-૧૮-૭૭-એન.એસ.વાય.—૨, તા. ૨૬--૫--૧૯૭૭થી અનુદાનની રકમ રૂ. ૧૮,૬૦૦ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના નીચેના શિક્ષકોનો અજમાયશી સમય એક વર્ષ કરતાં વધુ સમયનો પૂરો થતો હોઈ તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	સ્કૂલનું નામ	એક વર્ષનો અજમાયશી સમય પૂરો થયા તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. પી. વી. દેસાઈ	રીડર	બિઝનેસ મૅનેજમેન્ટ	૧૪--૬--૧૯૭૭	૧૫--૬--૧૯૭૭
૨.	શ્રી. એ. એસ. અંબાણી	,,	,,	,,	,,
૩.	શ્રી. એચ. કે. ત્રિવેદી	રીડર અને અધ્યક્ષ	સ્કૂલ ઑફ કૉમર્સ	૧૪--૬--૧૯૭૭	૧૫--૬--૧૯૭૭
૪.	શ્રી. એચ. બી. દેસાઈ	રીડર	,,	,,	,,
૫.	શ્રીમતી મંગલા કે. મહેતા	લેક્ચરર	,,	,,	,,
૬.	શ્રી. એ. સી. બ્રહ્મભટ્ટ	,,	,,	,,	,,
૭.	ડૉ. એન. દાસગુપ્તા	રીડર	,,	૨--૭--૧૯૭૭	૩--૭--૧૯૭૭
૮.	ડૉ. એમ. એન. દેસાઈ	પ્રોફેસર	વિજ્ઞાન વિદ્યાભવન	૩૦--૬--૧૯૭૭	૧--૭--૧૯૭૭

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫. સમાજવિદ્યા ભવનના મજૂર કલ્યાણ વિભાગના લેકચરર શ્રી. વી. કે. ચાવડાને રૂ.૭૦૦-૪૦-૧,૧૦૦ ૫૦-૧,૩૦૦ એસેસમેન્ટ ૫૦-૧,૬૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૩૦૦ પછી એસેસમેન્ટ અંતરાય ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬. શ્રી. નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુરમાં ગણિતશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે ચાલુ રાખ્યાની તથા સદરહુ વિષયના સંબંધકર્તા શિક્ષકોને આપાયેલી નોટિસો પાછી ખેંચ્યાની જાણ કરતા સદરહુ કૉલેજના સંચાલકમંડળ શ્રી. વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી, છોટાઉદેપુરના માનદ-મંત્રીશ્રીના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭. ભારતની વરિષ્ઠ અદાલતના હુકમ અનુસાર સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદને ભારતના બંધારણની જોગવાઈઓના સંદર્ભમાં ધાર્મિક લઘુમતી કૉલેજ તરીકે ગણવામાં આવેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૬ (૧) કલાસ બે (બી) (I) (બી) અને (સી) મુજબ ગુજરાત યુનિવર્સિટી કોર્ટ પરની વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી માટેના ઉમેદવારીપત્રમાં ઉમેદવારી કરનાર વિદ્યાર્થીએ નીચે મુજબ નિવેદન કરવું જરૂરી હોઈ તેનો ઉમેરો કરવા વિચારણા કરવા બાબત :

IV. I further declare that I have not been a member of the Court for any two academic years.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૯. સને ૧૯૭૭--૭૮ના વર્ષમાં બોર્ડ ઑફ એકાઉન્ટ્સ પર ખાલી રહેલી બે જગ્યા પૂરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—રૂટે. ૧૨૩ પ્રમાણે આ બોર્ડ પર એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યો ન હોય તેવા ત્રણ સભ્યો હોવા જોઈએ, જે પૈકી એક સભ્ય આચાર્ય સી. સી. ત્રિવેદી કોર્ટમાંથી બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે:

St. 123 :

The Board shall consist of three ordinary fellows of the University not being members of the Executive Council. They shall be elected annually by the Court not later than 31st March.

St. 129(C) :

All vacancies on the Board occurring between two annual Elections shall be filled up by the persons appointed by the Executive Council.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૭-૭૮ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સ પર ખાલી રહેલી બે જગ્યા પર નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. આચાર્ય જશભાઈ પટેલ
૨. આચાર્ય એચ. એ. પટેલ.

૧૦. ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા કાયદાના પરિશિષ્ટ નં. ૨ ના સ્ટેચ્યૂટ ૫ હેઠળ બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની રચના કરવા માટે તેની કલમ નં. ૫ પ્રમાણે એકેડેમિક કાઉન્સિલના ત્રણથી ઓછા નહીં તેવા સભ્યો સહિત સાત સભ્યોને આ બોર્ડ પર નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર નીચેના સભ્યોની નિયુક્તિ કરવી :

૧. આચાર્ય ડી. ડી. દેસાઈ
૨. આચાર્ય એસ. આર. ભટ્ટ
૩. આચાર્ય હરિશંકર પંડ્યા
૪. આચાર્ય કે. જે. ભટ્ટ
૫. આચાર્ય બી. એમ. પીરજાદા
૬. આચાર્ય હરિહર શુકલ
૭. આચાર્ય વી. એફ. શાહ.

૧૧. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૬--૬--૧૯૭૬ની સભાના ઠરાવ નં. ૩૬ અનુસાર ૧૯૭૬--૭૭ના શૈક્ષણિક વર્ષ માટે નિયુક્ત થયેલ રાષ્ટ્રીય સેવા યોજનાની સલાહકાર સમિતિની મુદત પૂરી થતી હોઈ તેની ૧૯૭૭--૭૮ના વર્ષ માટે પુનઃરચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સલાહકાર સમિતિની રચના અંગે ભારત સરકારના પત્રાંક D.O. No. F. 19-8176 Sy., તા. ૨૨--૧--૧૯૭૬ માં નીચે મુજબ ભલામણ કરવામાં આવી છે :

"The Universities should set up advisory committees for the National Service Scheme under the chairmanship of the Vice-Chancellor. The University Advisory Committee should consist of Principals of all colleges selected for the programme, the concerned teachers, office-bearers of College N.S.S. units and the President of the University students union. The Constitution of the advisory Committee for affiliating Universities whose Colleges may be widely dispursed, may be suitably modified to suit their requirements.")

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સલાહકાર સમિતિ પર ૧૯૭૭--૭૮ના વર્ષ માટે નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. શ્રી. બબલભાઈ મહેતા
૨. શ્રી. ઈશ્વરભાઈ પટેલ
૩. આચાર્ય પી. વી. મંગળવેઢેકર
૪. આચાર્ય કેશુભાઈ પટેલ

૬. આચાર્ય વી. એ. વ્યાસ
૯. પ્રો. કે. કે. શાહ (સિટી કૉલેજ)
૭. પ્રો. અમીચંદ પટેલ (હિંમતનગર)
૮. શ્રી. આર. એસ. પટેલ (ગોધરા)
૯. શ્રી. રામભાઈ પટેલ, કો-ઑર્ડિનેટર
૧૦. વલ્લભ વિદ્યાનગરના કો-ઑર્ડિનેટર.

૧૨. બોર્ડ ઑફ સ્પોર્ટ્સની રચના અન્વયે ઑર્ડિનન્સ ૭ ની કલમ (*ii*) પ્રમાણે બોર્ડ ઑફ સ્પોર્ટ્સ પર ત્રણ વિભાગોમાંથી એક એક આચાર્યની અને કલમ (*v*) પ્રમાણે ચાર નિષ્ણાત સભ્યોની ત્રણ વર્ષ માટે નિયુકિત કરવા તેમ જ કલમ (*vi*) અને (*vii*) અન્વયે અનુક્રમે ત્રણેય વિભાગોમાંથી એક એક વ્યાયામ શિક્ષક અને એક એક વિદ્યાર્થી પ્રતિનિધિની એક વર્ષ માટે નિયુકિત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર નીચેના સભ્યોની નિયુકિત કરવી :

ઑર્ડિ. ૭ની પેટાકલમ (*ii*) હેઠળ :

૧. આચાર્ય સી. એલ. શાસ્ત્રી
૨. આચાર્ય ગિરીશ પંડ્યા
૩. આચાર્ય ડી. ડી. દેસાઈ (ઊંઝા).

ઑર્ડિ. ૭ની પેટાકલમ (*v*) હેઠળ :

૧. આચાર્ય ડી. ડી. દેસાઈ
૨. શ્રી. સુરેશ મશરૂવાળા
૩. શ્રી. જયદીપસિંહજી બારિયા
૪. શ્રી. જુગલકિશોર મિસ્ત્રી.

ઑર્ડિ. ૭ની પેટાકલમ (*vi*) હેઠળ :

૧. શ્રી. દેવેન્દ્ર સોલંકી
૨. શ્રી. કે. પી. પટેલ (પાટણ)
૩. શ્રી. સી. જે. વ્યાસ (નડિયાદ).

૧૩. તા. ૨૩ થી ૨૯ ઑકટોબર ૧૯૭૭ના સમય દરમિયાન ૧૪મી આંતરરાષ્ટ્રીય પેડિયાટ્રિકસ કૉંગ્રેસ નવી દિલ્હી મુકામે યોજનાર છે. તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—બી. જે. મેડિકલ કૉલેજના પેડિયાટ્રિકસ વિભાગના પ્રો. ડૉ. (શ્રીમતી) એ. બી. દેસાઈએ પોતાને પ્રતિનિધિ તરીકે મોકલવા વિનંતી કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉંગ્રેસના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. (શ્રીમતી) એ. બી. દેસાઈને મોકલવાં.

૧૪. યુનિવર્સિટીના કર્મચારીઓને આપવામાં આવતી પુસ્તક સહાયની મર્યાદા દેસાઈ પંચના નવા પગારોના સંદર્ભમાં રૂ. ૩૯૯/- ને બદલે રૂ. ૫૫૦/-ની કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**--દેસાઈ પંચની ભલામણના સંદર્ભમાં રાજ્ય સરકારના જી.આર. મુજબ રૂ. ૩૯૯/-નો પગાર હવે નીચે પ્રમાણે થશે :

રૂ. ૩૯૯--૦૦ મૂળ માસિક પગાર

રૂ. ૧૦૩--૦૦ મોંઘવારી ભથ્થું

રૂ. ૨૫--૦૦ વચગાળાની રાહત

રૂ. ૧૯--૨૧ વેઈટેજ

રૂ. ૫૪૬--૨૧).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૧૫. યુનિવર્સિટી કાર્યાલયમાં જુ. કલાર્ક તરીકે કામ કરતાં શ્રીમતી માલતીબહેન એસ. અમીનની તા. ૧૦--૮--૧૯૭૩થી તા. ૭--૧૦--૧૯૭૪ સુધીની હંગામી સેવાઓ પર સ્ટે. ૧૮૦ (૨) પ્રમાણે પ્રૉ. ફંડનો લાભ આપવા અંગેની તેઓની તા. ૨૯--૬--૧૯૭૭ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જુનિયર કલાર્ક શ્રીમતી માલતીબહેન એસ. અમીનની સદરહુ વિનંતી મંજૂર કરવી.

૧૬. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૪--૬--૧૯૭૭ની સભામાં યુનિવર્સિટીના કર્મચારીઓની નિવૃત્તિવય ૬૦ વર્ષની રાખવાનું ઠરાવ્યું હોઈ તેઓ જે તારીખે નિવૃત્ત થતા હોય તે મહિનામાં નિવૃત્ત થવાની તારીખ કઈ રાખવી તે અંગેના રાજ્ય સરકારના જી.આર. નં. પીસીઆર-૫૧૭૫-૩૦-એમ, તા. ૨૯--૧૦--૧૯૭૫ માં જણાવ્યા પ્રમાણે નીચે પ્રમાણે મંજૂર કરવા વિચારણા કરવા બાબત :

Date of Birth	*Date of retirement*
(1) 1st of a month	... Afternoon of the last day of the preceding month.
(2) Any other date of a month	... Afternoon of the last day of that month.

સદરહુ બાબતના સંદર્ભમાં સંલગ્ન કૉલેજોના શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિવૃત્તિની તારીખ અંગે વિચારણા કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના તેમ જ સંલગ્ન કૉલેજોના શિક્ષકવર્ગના અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટેની નિવૃત્તિવય ૬૦ વર્ષની રાખવી અને તેમની નિવૃત્તિની તારીખ અંગે રાજ્ય સરકારનું ઉપર જણાવેલ ધોરણ સ્વીકારવું.

૧૭. સ્નાતક કક્ષાના ટેકસટાઈલ કેમિસ્ટ્રીના અભ્યાસક્રમોની સગવડો દેશમાં મર્યાદિત હોવાથી, ફકત સ્થાનિક ડિપ્લોમા--હોલ્ડર્સ વિદ્યાર્થીઓને બદલે દરેક રાજ્યના વિદ્યાર્થીઓને આવા તથા અન્ય ખાસ પ્રકારના અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા જણાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨--૬--૧૯૭૭ના પત્રાંક એફ. ૫૯--૧/૭૨ (ટી) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૮. ઑકટોબર ૩ થી ૮, ૧૯૭૭ના સમય દરમિયાન દિલ્હી યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઑફ લાઈબ્રેરી સાયન્સ તરફથી ન્યૂ દિલ્હી ખાતે All India Seminar યોજવામાં આવેલ છે. તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના એક જ પ્રતિનિધિ તરીકે મદદનીશ ગ્રંથપાલ શ્રી. ડી. એન. શુકલને મોકલવા.

૧૯. ઍકેડેમિક પ્લાનિંગ બોર્ડની રચના માટે સ્ટેચ્યૂટ ૧૦(૩) પ્રમાણે એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૯--૧૧--૧૯૭૬ની સભામાં નીચેના સભ્યોની ત્રણ વર્ષ માટે નિમણૂક કરવામાં આવેલી છે, જે પૈકી પ્રો. કે. આર. ચંદ્રશેખરન નિવૃત્ત થયેલા હોઈ તેમની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. પ્રો. ડી. એન. પાઠક
૨. પ્રો. કે. આર. ચંદ્રશેખરન
૩. ડૉ. એમ. એન. દેસાઈ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર પ્રો. કે. આર. ચન્દ્રશેખરનની જગ્યાએ ડૉ. અંબાશંકર નાગરને નીમવા.

૨૦. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના બધા વર્ગોનો સમય જૂન ૧૯૭૭થી સવારનો કરવામાં આવ્યો છે તે મતલબની જાણ સદરહુ કૉલેજે તેના તા. ૬--૬--૧૯૭૭ના પત્રાંક ૩૧૯ થી કરી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે સભાગૃહને જાણ કરવામાં આવી કે તે કૉલેજમાં પ્રી-યુનિવર્સિટી સિવાયના વર્ગોનો સમય બપોરનો રાખવામાં આવેલો છે તેથી તે અંગે વિશેષ કાંઈ કરવાપાત્ર રહ્યું નહીં.

૨૧. ઊંઝા કેળવણી મંડળ, ઊંઝા સંચાલિત શેઠ વી. એસ. લાં કૉલેજના કામકાજનો સમય સાંજને બદલે સવારનો કરવા માટે પરવાનગી માંગતા સદરહુ મંડળના માનદ મંત્રીશ્રીના તા. ૯--૬--૧૯૭૭ના પત્રાંક એફ્રિ.-૩-૨૮-૭૭-૭૮ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને પોતાનું શિક્ષણકાર્ય સાંજને બદલે સવારના સમયે કરવા માટે મંજૂરી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને તેમની સેવાનું સાતત્ય ચાલુ રાખવા માટે તેને સૂચના આપવી.

૨૨. શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝાને વિશિષ્ટ સંજોગોમાં અપવાદ તરીકે જૂન ૧૯૭૭થી બી.એ. (સબો.)માં સંસ્કૃત વિષય શીખવવા માટે એડ-હૉક જોડાણ આપવા આચાર્યે તેમના તા. ૨૫--૬--૧૯૭૭ ના પત્રથી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.-પ્રી--યુનિ.નો વર્ગ બંધ થતાં સંસ્કૃત ફક્ત ફરજિયાત વિષય તરીકે શીખવાતાં સંસ્કૃતના વ્યાખ્યાતા સંખ્યાધિક બને છે, જ્યારે બી.એ.(સબો.)માં સંસ્કૃત માટે પરવાનગી આપવામાં આવે તો તે શિક્ષક સંખ્યાધિક બનતા નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જૂન ૧૯૭૭ થી બી.એ.માં સંસ્કૃતનો વિષય ગૌણ (Subordinate) વિષય તરીકે શીખવવા માટે પરવાનગી આપવી.

૨૩. નીચે જણાવેલ કૉલેજોનું જોડાણ તા. ૧૪--૬--૧૯૭૮ના રોજ પૂરું થતું હોવાથી જૂન ૧૯૭૮થી આગળ જોડાણ ચાલુ રાખવા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અન્વયે તા. ૩૧--૩--૧૯૭૭ પહેલાં જોડાણઅરજી મોકલવી જોઈતી હતી, પરંતુ તે સમયમર્યાદા બહાર આવી હોઈ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અન્વયે શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સ્વીકારવાની કુલપતિશ્રીએ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	**કૉલેજનું નામ**
(૧)	સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૨)	શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત
(૩)	શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા
(૪)	વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોની ચાલુ જોડાણ માટેની અરજીઓ સ્વીકારવી અને તે અંગે સ્થાનિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૪. જૂન ૧૯૭૮ થી ચાલુ/વધારાના જોડાણ માટે આવેલી અરજીઓ પરત્વે સ્થાનિક તપાસસમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જોડાણ અરજીઓની બાબતમાં સ્થાનિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૫. સરદાર વલ્લભભાઈ સમાજ સેવા ટ્રસ્ટ, નડિયાદ સંચાલિત યુનિવર્સિટી ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદનું જોડાણ ચાલુ રાખવાનું જણાવતા સદરહુ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીના તા. ૬--૬--૧૯૭૭-ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૬. સરદાર પટેલ ઈન્સ્ટિટયૂટ ઑફ ઈકોનોમિક ઍન્ડ સોશિયલ રિસર્ચ, અમદાવાદને જૂન ૧૯૭૭થી અર્થશાસ્ત્રમાં પીએચ.ડી. પદવી માટે સંશોધન કરવા માટે ચાલુ માન્યતા આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ ઈન્સ્ટિટયૂટ ઑફ ઈકોનોમિક ઍન્ડ સોશિયલ રિસર્ચ, અમદાવાદને તા. ૧૫ મી જૂન ૧૯૭૭થી અર્થશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી. પદવી માટે સંશોધન કરવા માટેની કાયમી માન્યતા આપવી.

૨૭. બી.એમ. ઈન્સ્ટિટયૂટ, અમદાવાદને ડિપ્લોમા ઈન સાયન્ટિફિક સ્ટડી ઑફ ધી ડેવલપમેન્ટલી હેન્ડિકેપ્ડ (ડી.એસ.એસ.ડી.એચ.)ના વિષયો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૬થી પશ્ચાદ્‌વર્તી માન્યતા આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી.એમ. ઈન્સ્ટિટયૂટ, અમદાવાદને તા. ૧૫--૬--૧૯૭૬ થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધી ડિપ્લોમા ઈન સાયન્ટિફિક સ્ટડી ઑફ ધી ડેવલપમેન્ટલી હેન્ડિકેપ્ડ (ડી.એસ.એસ.ડી.એચ.)ના વિષયો શીખવવા માટેની માન્યતા ચાલુ રાખવી.

૨૮. સને ૧૯૭૭--૭૮ના શૈક્ષણિક વર્ષ દરમિયાન સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનો અંગે ત્રિવાર્ષિક તપાસ કરી અહેવાલ આપવા માટે ત્રિવાર્ષિક તપાસસમિતિઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ત્રિવાર્ષિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૯. સુધારેલા ઓ. ૧૨૦--બી અન્વયે સંલગ્ન કૉલેજોની ત્રણ વિદ્યાશાખાઓ ભેગી કરવાની અરજીઓ પરત્વે કાર્યપદ્ધતિ નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

અને

૩૦. ઈ. એમ. હાઈસ્કૂલ ટ્રસ્ટ, બોરસદના ચેરમેનના તેઓના ટ્રસ્ટ સંચાલિત વિનયન અને વાણિજ્યની અને વિજ્ઞાનની કૉલેજોને ભેગી કરી ત્રણે કૉલેજોનું એક સંકુલ બનાવવા પરવાનગી માંગતા તા. ૪--૭--૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

અને

૧૧૭. શ્રી. સી. ડી. પટેલ મહાવિદ્યા મંડળ, તરોદના મંત્રીના તેમના મંડળ દ્વારા ચાલતી (૧) વિનયન અને વાણિજ્યની તથા (૨) વિજ્ઞાનની કૉલેજોનું એક સંકુલ કરવાની પરવાનગી માગતાં તા. ૩--૮--૧૯૭૭ના પત્રાંક ૨૪૨ પર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૨૯ના સંદર્ભમાં બાબત નં. ૩૦ અને ૧૧૭ની વિચારણા પણ સાથે કરવામાં આવી.

તે પછી તે ત્રણે બાબતો અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતો અંગેની કાર્યપદ્ધતિ અને ધોરણો નિયત કરવા માટે પોતાની ભલામણો રજૂ કરવા માટે અને તે ભલામણોના સંદર્ભમાં સંબંધકર્તા કૉલેજોની અરજીઓ જોઈ--તપાસીને પોતાનો સુવિચિંતિત અહેવાલ આપવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ
૨. આચાર્ય કે. એન. શાહ
૩. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૪. શ્રી. શરદભાઈ પટેલ.

૩૦. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૨૯ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ ઉપર દર્શાવવામાં આવી છે.

૩૧. **વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓની પ્રી-યુનિ. અને પ્રથમ વર્ષના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીએ શારીરિક તાલીમ લેવી કે એન.સી.સી.માં જોડાવું ફરજિયાત છે, પરંતુ હાયર સેકન્ડરીનો અભ્યાસક્રમ થતાં પ્રી-યુનિ.ના વર્ગ બંધ થાય છે તેના સંદર્ભમાં સદરહુ બાબત અંગે જરૂરી વિચારણા કરવા બાબત.**

અને

૩૭. **શારીરિક શિક્ષણ અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬-૬-૧૯૭૬ની સભામાં નીમેલી સમિતિનો લેવાલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૧-૯-૧૯૭૬ની સભામાં રજૂ કરવામાં આવતાં સદરહુ લેવાલ ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓના સંયુક્ત મંડળ સમક્ષ રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું હતું તેના સંદર્ભમાં કુલપતિઓના બોર્ડે તેની તા. ૨૫-૨-૧૯૭૭ની સભામાં ઠરાવ ક્રમાંક ૭ થી નીચે પ્રમાણે ઠરાવ્યું તે પર વિચારણા કરવા બાબત:**

> "It was decided that each University should decide its own policy with regard to the position of physical training after the introduction of 10 + 2 pattern of Education. In implementing that policy, if there is any surplus personnel in the colleges, the State Government should be requested to absorb them in the Higher Secondary stream as may be done in the case of other College teachers."

બાબત નં. ૩૧ અને ૩૭ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે પ્રી-યુનિવર્સિટીના વર્ગો બંધ થયા પછી પણ પદવી કક્ષાના વર્ગોમાં પણ શારીરિક તાલીમ લેવી કે એન.સી.સી.માં જોડાવું હાલ ફરજિયાત છે તે મુજબ તે ફરજિયાત રાખવું.

૩૨. **ગુજરાત રાજ્યના શિક્ષણ ખાતાના તા. ૨૭-૬-૧૯૭૭ના નીચે ટાંકેલ નોટિફિકેશન ક્રમાંક જીએચ-એચ.એચ. એન.જી.સી. ૧૧૭૫-૧૦૯૦૩૫-ખ ની નોંધ લેવા બાબત:**

> " In exercise of the powers conferred by sub-section (2) of Section 8 of the Provident Fund Act, 1975 (XIX of 1975), the Govt. of Gujarat hereby directs that the provisions of the said Act shall apply to the Provident Fund established for the benefit of the employees of non-government colleges affiliated to the Gujarat University, Ahmedabad established by the Gujarat University Act, 1949."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૩. **યુનિવર્સિટીની પરીક્ષાઓનાં પરિણામો મોડાં થવાથી વિદ્યાર્થીઓનો કૉલેજ-પ્રવેશ પણ મોડો પડયો હોઈ સત્ર ફી પરત કરવાની બાબતમાં ઘડેલા નિયમો પરત્વે સને ૧૯૭૭-૭૮ના વર્ષ પૂરતી યોગ્ય વિચારણા કરવા માટેના એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદના આચાર્યના તા. ૨૧-૬-૧૯૭૭ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ દરમિયાન જે વિદ્યાર્થીઓએ તા. ૧૫મી જુલાઈ ૧૯૭૭ સુધીમાં ફી પરત કરવા માટે અરજી કરી હોય તેઓ, ફી પરત કરવા માટેના નિયમોને આધીન, ફી પરત મેળવવા પાત્ર રહેશે.

૩૪. વિજ્ઞાન વિદ્યાભવનના અવકાશવિજ્ઞાનના પ્રાધ્યાપક ડૉ. એસ. ડી. વર્માને યુ.જી.સી.ના પત્રાંક ડી.ઓ.એફ્. ૨૭-૪-૧૯૭૭ (એસ.આર. ૨), તા. ૧૦--૪--૧૯૭૭ થી બલ્ગેરિયા મુકામે આગામી તા. ૧૩--૮--૧૯૭૭-થી તા. ૨૬--૮--૧૯૭૭ના અરસામાં યોજાનાર ૧૧ મી ઇન્ટરનેશનલ કૉસ્મિક રેઝ કૉન્ફરન્સમાં મોકલવાની તથા તે અંગેનો જરૂરી ખર્ચ આપવાની મંજૂરી આપેલ હોઈ તેઓ તે સમયની ગેરહાજરીને લીવ ઑન ડ્યુટી ગણી રજા આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં ડૉ. એસ. ડી. વર્માને તા. ૧૦--૮--૧૯૭૭થી તા. ૩૦--૮--૧૯૭૭ સુધી ફરજ ઉપરની રજા કુલપતિશ્રીએ મંજૂર કરી છે તેની સભાગૃહને જાણ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૫. ભાષા-સાહિત્ય ભવનના અંગ્રેજીના પ્રાધ્યાપક પ્રો. કે. આર. ચંદ્રશેખરનને જૂના પગારધોરણને બદલે નવું પગારધોરણ સ્વીકારવાનો વિકલ્પ બદલવાની પરવાનગી આપવા અંગેના તેઓના તા. ૧૩--૬--૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—વિકલ્પ (option) અંગે રાજ્ય સરકારના ઠરાવનો સંબંધકર્તા ભાગ નીચે મુજબ છે:

"The teachers in the Universities and colleges shall have the option to come to the revised scale from 1-1-1973 or the dates convenient to them thereafter. The University and the college teachers will be required to exercise their option by 31st Jan. 1977 and the option once exercised shall be final.]

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. કે. આર. ચન્દ્રશેખરનને નવું પગારધોરણ સ્વીકારવાને વિકલ્પ બદલવા માટે પરવાનગી આપવી.

૩૬. સંલગ્ન કૉલેજોમાં વ્યાખ્યાતાઓ/આચાર્યોની નિમણૂક અંગે ઑ. ૯૭(૧)(સી) અને (૨)(ડી) અનુસાર વરણીસમિતિ પર નિષ્ણાતોની નિમણૂકની પેનલ (Panel of Experts) તૈયાર કરવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૪--૬--૧૯૭૭ની સભામાં નીમેલી સમિતિની તા. ૨૩--૬--૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, ઑ. ૯૭ (૧) (સી) અને (૨) (ડી) અનુસાર વરણીસમિતિ પર નિષ્ણાતોની નિમણૂક અંગે પેનલ બનાવવાની બાબત જુદી જુદી વિદ્યાશાખા દ્વારા નક્કી થઈને આવે તો જે તે વિદ્યાશાખાની ભલામણ પરત્વે આ સમિતિ યોગ્ય વિચારણા કરીને સર્વગ્રાહી એવી નિષ્ણાતોની પેનલ તૈયાર કરી શકે તો આ અંગે વિદ્યાશાખાની સભાઓ સત્વરે બોલાવવી અને તેની ભલામણો આવ્યેથી આ સભા પુનઃ બોલાવવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વિદ્યાશાખાની સભામાં ઍડ-હૉક કમિટીના ચેરમૅનને પણ આમંત્રણ આપવું."

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(૨) ઉપર (૧)માં જણાવેલ કાર્યવાહી પૂરી થાય તે દરમિયાન વચગાળાના સમય માટે નિષ્ણાતોની નામાવલિ (panel of experts) ઘડવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૭. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૧ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૩૮. યુનિવર્સિટી ધારાની કલમ ૩૩--એ અનુસાર સંલગ્ન કૉલેજોમાં તેના સંચાલકમંડળની રચના કર્યા પછી તેને કાર્યાન્વિત કરવા સામે તથા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૭--૨૮--૨૯ માર્ચ, ૧૯૭૩ની સભાની બા. ક. ૧૪૪ અને ૧૪૫ પર થયેલ ઠરાવોનો અમલ કરવા સામે વરિષ્ઠ અદાલતે તા. ૭--૬--૧૯૭૭થી આપેલ મનાઈ હુકમની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૯. ૧૦+૨+૩ની નવી તરાહના અમલને કારણે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (Scheduled Castes and Scheduled Tribes)ના શિક્ષકોને ફાજલ ગણવામાંથી મુકિત આપવાની બાબતમાં આવેલા તા. ૪--૧૦--૧૯૭૭ના સરકારી ઠરાવ ક્રમાંક એનજીસી--૧૦૭૬ (ખ) (આઈ)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૦. એકેડેમિક કાઉન્સિલની તા. ૮--૬--૧૯૭૭ની સભાની ભલામણ અનુસાર સંલગ્ન કૉલેજોના શિક્ષકોના કાર્યભાર ઇત્યાદિ અંગેનો ઑ. ૧૨૦--એ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૦-એ સભાગૃહમાં સૂચવાયેલા સુધારા સાથે મંજૂર કરવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(મંજૂર કરવામાં આવેલા ઑર્ડિ. ૧૨૦-એ ની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૪૧. એકેડેમિક કાઉન્સિલની તા. ૮--૬--૧૯૭૭ની સભાની ભલામણ મુજબ સત્રોની વ્યવસ્થા અંગેનો ઑ. ૭૫ સુધારવા અંગે વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક. ૩).

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૭--૭૮ ના શૈક્ષણિક વર્ષ માટે સત્રોની વ્યવસ્થા નીચે મુજબ રાખવી :

	First Term		Second Term	
Faculty	*Date of commencement*	*Date of conclusion*	*Date of commencement*	*Date of conclusion*
1	2	3	4	5
In the Faculties of Arts including Education, Science and Commerce	15th June	29th October	21st November including of holidays from 25th December to 1st January.	31st March
In the Faculty of Law	15th June	29th October	1st December (inclusive of holidays from 25th December to 1st January)	15th April

1	2	3	4	5
In the Faculty of Technology including Engineering except in the Post-Diploma Degree Course in Engineering	15th June Semester I, III, V & VII No Christmas Holidays	29th October	1st December Semester II, IV, VI & VIII	31st March
For Post-Diploma Degree Course in Engineering	1st December Semester I, III, V & VII No Christmas Holidays	31st March	15th June Semester II, IV, VI, & VIII	29th October
In the Faculties of Medicine, Pharmacy and Dental Surgery	15th June	29th October	21st November (inclusive of holidays from 5th December to 1st January)	15th April

વધુમાં ઠરાવવામાં આવે છે કે સત્રોની વ્યવસ્થા અંગેના ઓર્ડિ. ૭૫ ની કંડિકા (૧) નીચે મુજબ સુધારવી અને તેને જૂન ૧૯૭૮ થી અમલમાં મૂકવી :

O. 75 :

(i) The following is the arrangements of terms :

First Term			Second Term	
Faculty	*Date of commencement*	*Date of conclusion*	*Date of commencement*	*Date of conclusion*
1	2	3	4	6
In the Faculties of Arts including Education, Science and Commerce	15th June	15th October	10th November (inclusive of holidays from 25th December to 1st January)	31st March

1	2	3	4	5
In the Faculty of Law	15th June	15th October	1st December (inclusive of holidays from 25th December to 1st January)	15th April
In the Faculty of Technology including Engineering except in the Post-Diploma Degree Course in Engineering	15th June	15th October	1st December	31st March
	Semester I, III, V & VII No Christmas Holidays		Semester II, IV, VI & VIII	
For Post-Diploma Degree Course in Engg.	1st December	31st March	15th June	15th October
	Semester I, III, V & VII No Christmas Holidays.		Semester II,IV,VI,& VIII	
In the Faculties of Medicine, Pharmacy and Dental Surgery	15th June	15th October	10th November (Inclusive of holidays from 25th December to 1st January)	15th April

૪૨. સંલગ્ન કૉલેજોમાં જોડાણની શરતોનું પરિપાલન સંતોષપૂર્વક થયું છે કે કેમ તે જોવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮–૧–૧૯૭૭ની સભામાં નીમેલી સમિતિની તા. ૩–૬–૧૯૭૭ની સભાની તથા તા. ૩૦–૬–૧૯૭૭ની સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

અને

૯૧. સંલગ્ન કૉલેજોમાં જોડાણની શરતોનું પરિપાલન સંતોષપૂર્વક થયું છે કે કેમ તે જોવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮–૧–૧૯૭૭ની સભામાં નીમેલી સમિતિની તા. ૨૯–૭–૧૯૭૭ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૪૨ અને ૯૧ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતો અંગે સભાગૃહમાં થયેલી ચર્ચાવિચારણાને અનુલક્ષીને સંબંધકર્તા કૉલેજોના જોડાણની બાબતમાં જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ગ્રેચ્યુઈટી માટે પણ રાજ્ય સરકારશ્રીને લખવું.

૪૩. એમ.એ. (એકસ્ટર્નલ) અને એમ.કૉમ. (એકસ્ટર્નલ)ના ઑર્ડિ. ૬ સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા ઑર્ડિ. એમ.એ. (એકસ્ટર્નલ) ૬ અને ઑર્ડિ. એમ.કૉમ. (એકસ્ટર્નલ) ૬ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ ઑર્ડિનન્સોની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૪૪. બાંધકામ સમિતિની તા. ૨૭–૬–૧૯૭૭ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૭–૬–૧૯૭૭ની સભાની ભલામણો પૈકી નીચેની ભલામણ ઉપર વિચારણા મોકૂફ રાખવી અને તે સિવાયની બાકીની ભલામણો મંજૂર કરવી :

"૨. યુનિવર્સિટીના રીડર ક્વાર્ટર્સ પાસે સ્કૂટર પાર્કિંગ માટે ગૅરેજ બનાવી આપવા માટે શ્રી. એમ. પી. ભટ્ટ તરફથી આવેલા તા. ૬–૬–૧૯૭૭ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રીડર ક્વાર્ટર્સ પાસે સ્કૂટર પાર્કિંગ માટે ગૅરેજ બનાવી આપવાની સદરહુ વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી તેમ દિલગીરીપૂર્વક જણાવવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

(સદરહુ સમિતિની તા. ૨૭–૬–૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૪૫. ભારત સરકારના કેળવણી ખાતા તરફથી ૧૯૭૭--૭૮ના વર્ષ માટે મળેલ રૂ. ૫,૫૬,૮૦૦ની એન.એસ.એસ.ની ગ્રાન્ટમાંથી નીચે મુજબનો અંદાજી ખર્ચ મંજૂર કરવા બાબત :

૧.	વહીવટી, પ્રોજેક્ટ અને તેની સાધનસામગ્રીનું ખર્ચ	રૂ. ૩,૬૪,૮૦૦--૦૦
૨.	શિબિરો અને શિબિરોની સાધનસામગ્રીનું ખર્ચ	રૂ. ૧,૯૨,૦૦૦--૦૦
		રૂ. ૫,૧૬,૮૦૦--૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૪૬. સંલગ્ન કૉલેજોના શિક્ષકો અંગેની નીચે પ્રમાણેની યાદીઓની નોંધ લેવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજોમાં માન્ય થયેલા શિક્ષકોની યાદી.

(૨) આ અગાઉ માન્ય થયેલા શિક્ષકો જેઓ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી સંલગ્ન કૉલેજમાં જોડાય છે તેની યાદી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.

૪૭. યુનિવર્સિટી વિસ્તારમાં પ્રાથમિક શાળા માટે મકાનની સગવડ કરી આપવા અંગે મ્યુનિસિપલ કૉર્પોરેશનના શાસનાધિકારી તરફથી આવેલા તા. ૯--૬--૧૯૭૭ ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન અને/અથવા મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના સત્તાવાળાઓ સાથે વિચારવિમર્શ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૮. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૩૦--૬--૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"બી.એડ., ભાગ ૨ ની પરીક્ષા ફેબ્રુઆરી માસના ત્રીજા સોમવારથી તેમ જ બી.એડ., ભાગ ૧ ની પરીક્ષા માર્ચ માસના ચોથા સોમવારથી યોજવાની વ્યવસ્થા કરવા યુનિવર્સિટીનાં સત્તામંડળોને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષા માટેની તારીખો નિયત કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૯. ઑક્ટોબર ૧૯૭૭ની પરીક્ષાઓ માટે પ્રાધ્રિનકો/પરીક્ષકોની નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી ચર્ચાવિચારણા કરીને પોતાની ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી અને સદરહુ સમિતિનો હેવાલ આવ્યેથી ઑક્ટોબર ૧૯૭૭ની પરીક્ષા માટે પ્રાધ્રિનકો/પરીક્ષકો નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ	૭. આચાર્ય બી. એમ. પીરજાદા
૨. આચાર્ય ડી. ડી. દેસાઈ	૮. આચાર્ય એમ. સી. શાહ
૩. શ્રી. કે. એસ. શાસ્ત્રી	૯. આચાર્ય એચ. પી. પંડ્યા
૪. ડૉ. એમ. એન. દેસાઈ	૧૦. પ્રો. આર. એમ. શાહ
૫. આચાર્ય કે. એન. શાહ	૧૧. શ્રી. આર. વી. પટેલ
૬. ડૉ. પી. પી. મહેતા	૧૨. શ્રી. નરહરિ એમ. પરીખ.

૫૦. વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત વિવેકાનંદ આર્ટ્સ કૉલેજમાંથી ફાજલ પડેલા શ્રી. એન. એન. બ્રહ્મભટ્ટને વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદમાં શિક્ષણના વ્યાખ્યાતા તરીકે યુનિવર્સિટીની સંમતિની અપેક્ષાએ ટ્રાન્સફર કર્યા છે તેઓને શિક્ષણના વ્યાખ્યાતા માટે ૪ વર્ષનો પોસ્ટ--બી.એડ. પ્રાઈમરી સ્કૂલ અથવા હાઈસ્કૂલનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે જે ઊણપને ક્ષમ્ય ગણીને માન્ય કરવા અંગેના સદરહુ ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટીના તા. ૧૫--૬--૧૯૭૭ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. એન. એન. બ્રહ્મભટ્ટ, બી.એ. બીજો વર્ગ અને એમ.એ. પાસ વર્ગ ધરાવે છે તથા બી.એડ.માં બીજો વર્ગ ધરાવે છે અને હાઈસ્કૂલના શિક્ષક તરીકેનો એક વર્ષનો પોસ્ટ--બી.એડ. શૈક્ષણિક અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી અને જૂન ૧૯૭૮થી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

૫૧. સંલગ્ન બિનસરકારી કૉલેજોમાં શિક્ષક/આચાર્યની નિમણૂક માટેની વરણીસમિતિ અંગેના ઑર્ડિ. ૯૭માં નીચે પ્રમાણેની જોગવાઈ ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત:

"Provided further that it will not be necessary to appoint a representative of the University for the following types of appointments:

(*i*) when an appointment is to be made for a period of less than a year in place of a permanent teacher proceeding on leave or for an officiating appointment in a temporary vacancy on purely temporary basis; or

(*ii*) when a part-time teacher is to be made a full-time teacher in the same category; or

(*iii*) when there is a transfer of a teacher from one college to another college under the same management in the same category."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૯૭માં નીચે મુજબ પ્રોવિઝો ઉમેરીને તે સુધારવો અને આ સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં મૂકવા :

"Provided further that the following types of appointments may be made without the recommendation of the Selection Committee:

(*i*) when an appointment is to be made for a period of less than a year in place of a permanent teacher proceeding on leave or for an officiating appointment in a temporary vacancy on purely temporary basis; or

(*ii*) when a part-time teacher is to be made a full-time teacher in the same category; or

(*iii*) when there is a transfer of a teacher from one college to another college under the same management, in the same category."

૫૨. શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતને એફ. વાય. ફાર્મસી તથા ઈન્ટર ફાર્મસીના ડિપ્લોમાના અભ્યાસક્રમમાં બન્ને વર્ગમાં થઈને ત્રીસ (૩૦) વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે માંગેલ પરવાનગીના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૪--૬--૧૯૭૭ની સભામાં નીમેલ સમિતિએ સદરહુ વિનંતી નામંજૂર કરવા અંગે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સદરહુ કૉલેજને સખેદ જણાવવું કે વધુ ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટેની તેમની વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી.

૫૩. જાપાનની ઓતેમોન ગાકુઈન યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટી વચ્ચે પ્રતિવર્ષ ચાલતો વિદ્યાર્થી-વિનિમય કાર્યક્રમ ભારત સરકારની મંજૂરીને આનુલક્ષીને વધુ પાંચ વર્ષ ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થી-વિનિમય કાર્યક્રમ ૧૯૭૭--૭૮થી ૧૯૮૦--૮૧ના શૈક્ષણિક વર્ષ સુધી ચાલુ રાખવો અને તે અંગે જરૂરી કાર્યવાહી અને ખર્ચ મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જાપાનની ઓતેમન ગાકુઈન યુનિવર્સિટી સાથે અધ્યાપક વિનિમયનો કાર્યક્રમ વિકસાવવા માટે ભારત સરકારની અનુમતિ લઈને જરૂરી કાર્યવાહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૪. 'વિદ્યા'--સી (લેંગ્વેજીસ) ઑગસ્ટ ૧૯૭૬ અને જાન્યુઆરી ૧૯૭૭ના અંકનું મેટર સમયસર મળી શકયું ન હોઈ સદરહુ તંત્રીમંડળના અધ્યક્ષશ્રીની વિનંતીને આનુલક્ષીને તે બેઉ અંકોના મેટરને એક અંક ગણીને પ્રકાશિત કરવા માટે કુલપતિશ્રીએ આપેલ મંજૂરીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૫૫. 'વિદ્યા'--બી (સાયન્સીઝ)ના તંત્રીમંડળ પર તેના આવાહક તરીકે ડૉ. સી. જી. ખત્રીએ રાજીનામું આપેલું હોઈ તે ખાલી પડેલ જગાએ તથા ભૌતિકવિજ્ઞાન વિભાગમાંથી પ્રો. પી. ડી. પાઠક નિવૃત્ત થયેલા હોઈ તે ખાલી પડેલી જગ્યાએ જરૂરી નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ તંત્રીમંડળના આવાહક તરીકે ડૉ. સી. જી. ખત્રીને બદલે ડૉ. વી. સી. શાહને નીમવા તથા તેના એક સભ્ય તરીકે પ્રો. પી. ડી. પાઠકની જગ્યાએ ડૉ. એસ. ડી. વર્માને નીમવા.

૫૬. યુનિવર્સિટી જર્નલ 'વિદ્યા'--સી (લેંગ્વેજીસ)ના તંત્રીમંડળ પર નિયુકત કરેલા નીચેના સભ્યો પૈકી પ્રો. ઓ. એમ. રાવળ અને પ્રો. કે. આર. ચંદ્રશેખરન નિવૃત્ત થયેલ હોઈ તેમની જગ્યાએ અન્ય સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(નોંધ.—હાલ સદરહુ તંત્રીમંડળ પર નીચેના સભ્યો છે:

૧. પ્રો. અનંતરાય મ. રાવળ
૨. પ્રો. કે. આર. ચંદ્રશેખરન
૩. ડૉ. ઓ. એસ. નાગર
૪. ડૉ. ઈ. ઓ. સોલોમન
૫. આચાર્ય એસ. આર. ભટ્ટ)

અને

૫૭. 'વિદ્યા'--એ (હ્યુમેનિટીઝ)માં કાયદાના વિષયને સમાવવા તથા તેના તંત્રીમંડળ પર યુનિવર્સિટીના ધારાશાસ્ત્ર વિદ્યાભવનના વડા શ્રી. બી. એમ. શુકલને નિયુકત કરવા અંગે વિચારણા કરવા બાબત.

બાબત નં. ૧૬ અને ૫૭ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના જર્નલ 'વિદ્યા'ના ભાષાઓ અને માનવવિદ્યાઓ (લેંગ્વેજીસ એન્ડ હ્યુમેનિટીઝ)ના અંકો હવે પછી જુદા ન રાખતાં તેનો સંયુકત અંક પ્રસિદ્ધ કરવાનું રાખવું અને ધારાશાસ્ત્રના વિષયનો પણ તેમાં સમાવેશ કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ સંયુકત અંકોના તંત્રીમંડળમાં પ્રો. અનંતરાય રાવળ અને પ્રો. ચંદ્રશેખરનના સ્થાને ડૉ. રમણલાલ જોશી અને શ્રી. બી. એમ. શુકલને નીમવા.

૫૮. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા/મરામત કરાવવા અંગે સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા હોદ્દો	લોનની રકમ રૂ.	સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	કયા કારણસર લોનની માંગણી કરી છે?
૧.	શ્રી. એસ. એ. ત્રિવેદી, આસિ. વૉર્ડન	૮,૩૧૦	ના	હા. સો. માં ટેનામેન્ટ ખરીદવા અંગે
૨.	શ્રી. પી. ડી. ખત્રી, નાયક	૪,૬૦૦	ના	ગુ. હા. બોર્ડમાં ફ્લેટ લેવા માટે
૩.	શ્રી. કે. જી. શાહ, કુલસચિવશ્રીના અંગત સચિવ-કમ-કાર્યાલય નિયામક	૨૧,૦૦૦	હા	સોસાયટીના મકાનમાં રિપેરિંગ કરાવવાનું હોવાથી
૪.	શ્રી. વી. એમ. વ્યાસ, કાર્યાલય નિયામક	૨૧,૦૦૦	હા	,,
૫.	શ્રી. એસ. ડી. ભટ્ટ	૧૩,૯૦૦	હા	ગુ. હા. બોર્ડમાં પૈસા ભરવાના હોવાથી.

[નોંધ--(૧) શ્રી. એસ. એ. ત્રિવેદીના ખાતે તા. ૩૧--૩--૧૯૭૭ સુધીમાં રૂ. ૮,૩૧૦ (રૂ. ૮,૩૬૭--૭૭) જમા છે, તેમાંથી તેઓની પ્રોવિડંટ ફંડ લોનના રૂ. ૧,૭૧૦--૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૨) શ્રી. પી. ડી. ખત્રીના ખાતે તા. ૩૧--૩--૧૯૭૭ સુધીમાં રૂ. ૪,૬૦૦ (રૂ. ૪,૬૧૬--૬૭) જમા છે. તેમાંથી તેઓની પ્રોવિડંટ ફંડ લોનના રૂ. ૯૭૧ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૩) શ્રી. કે. જી. શાહના ખાતે તા. ૩૧--૩--૧૯૭૭ સુધી રૂ. ૨૧,૦૦૦ (રૂ. ૩૯,૯૨૧--૮૨) જમા છે, તેમાંથી તેઓની પ્રોવિડંટ ફંડ લોનના રૂ. ૨,૧૦૦ તથા બિલ્ડિંગ લોનના રૂ. ૪,૧૪૧ તથા તે બન્ને પર જે વ્યાજ થાય તે રકમ કાપીને આપવાની રહેશે.

(૪) શ્રી. વી. એમ. વ્યાસ ખાતે તા. ૩૧--૩--૧૯૭૭ સુધી રૂ. ૨૧,૦૦૦ (રૂ. ૨૩,૧૨૯--૫૭) જમા છે તેમાંથી તેઓની બિલ્ડિંગ લોનના રૂ. ૪,૬૯૧ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

(૧) શ્રી. એસ. ડી. ભટ્ટ ખાતે તા. ૩૧-૩-૧૯૭૭ સુધી રૂ. ૧૩,૯૦૦ (રૂ. ૧૩,૬૪૯-૩૩) જમા છે. તેમાંથી તેઓની બિલ્ડિંગ લોનના રૂ. ૮,૭૧૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલે બીજી વાર લોન આપવા અંગે તેની તા. ૨૧-૭ ૧૯૭૬ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"...વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૯૮ (૨) હેઠળ પોતાના પ્રોવિડંટ ફંડમાંથી કોઈ પણ કર્મચારીએ એક વાર લોન લીધા પછી ફરીથી લોન લેવાનો પ્રસંગ તેના માટે ઊભો થાય તો તે બાબત અંગે કોઈ ચોક્કસ ધારાધોરણો ઘડવાને બદલે પ્રત્યેક કેસ તેના ગુણદોષ ઉપર વિચારવાનું રાખવું." |

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલી રકમની લોન તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતેથી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આપવી.

૧૯. **ઑક્ટોબર ૮ થી ૧૦, ૧૯૭૭ ના સમય દરમિયાન રાજસ્થાન વિદ્યાપીઠ, ઉદેપુર મુકામે 'ઇન્ડિયન એડલ્ટ એજ્યુકેશન ઍસોસિયેશન' દ્વારા ૩૦ મું અખિલ ભારતીય એડલ્ટ એજ્યુકેશનનું અધિવેશન યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૬૦. **શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૩૦-૬-૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :**

"બી.એડ.ના અભ્યાસક્રમમાં કૉમર્સના નવા વિષયો દાખલ થવાથી અને તે વિષયના જાણકાર અધ્યાપકો શિક્ષણ-કૉલેજોમાં ન હોવાથી તેમના વિષયવસ્તુને શીખવનાર વધારાના અધ્યાપકોની જરૂર રહેશે. આ માટે ખંડ સમયના લાયક અધ્યાપકોની નિમણૂક માન્ય કરવા અને તેવા અધ્યાપકોનો પગાર ગ્રાન્ટ માટે માન્ય કરવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો અને તે મુજબ રાજ્ય સરકારને ભલામણ કરતી વખતે સ્પષ્ટતા કરવી કે આવા ખંડ સમયના શિક્ષકોને અધ્યાપન કૉલેજોમાં શિક્ષક-વિદ્યાર્થી ૧ : ૧૨ ના પ્રમાણ ઉપરાંત ગ્રાન્ટને પાત્ર ગણવાનું રાખવું જોઈએ.

૬૧. **"ડૉ. શ્રીમતી હરગંગાબહેન નૌતમભાઈ વ્યાસ ઉપલેટાવાળા સુવર્ણચંદ્રક" અને "સ્વ. ડૉ. શ્રીમતી હરગંગાબહેન નૌતમભાઈ વ્યાસ ઉપલેટાવાળા પારિતોષિક" અંગે સુધારેલા નીચેના નિયમો મંજૂર કરવા બાબત :**

(૧) "સ્વ. ડૉ. શ્રીમતી હરગંગાબહેન નૌતમલાલ વ્યાસ ઉપલેટાવાળા ચંદ્રક" એ નામનો આશરે રૂ. ૩૪૦ની રકમનો એક ચંદ્રક પ્રતિવર્ષ આ યુનિવર્સિટીની દંત વિદ્યાશાખાની સ્નાતક પદવી પરીક્ષાના ત્રીજા વર્ષની માર્ચ-એપ્રિલ પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થઈ "ઑર્થોડોન્શિયા—Orthodontia"ના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવના વિદ્યાર્થીને આપવામાં આવશે.

આ પરીક્ષામાં જો પ્રથમ પ્રયત્ને "ઑર્થોડોન્શિયા"ના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર એક કરતાં વધુ વિદ્યાર્થીઓ હશે તો આવા વિદ્યાર્થીઓ પૈકી ત્રીજા વર્ષની પરીક્ષામાં બધા વિષયોમાં થઈને કુલ સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને સદરહુ ચંદ્રક એનાયત કરવામાં આવશે.

(૨) "સ્વ. ડૉ. શ્રીમતી હરગંગાબહેન નૌતમલાલ વ્યાસ ઉપલેટાવાળા પારિતોષિક"ઓ નામનું રૂ. ૧૦૧ની રકમનું એક પારિતોષિક પ્રતિવર્ષ આ યુનિવર્સિટીની દંત વિદ્યાશાખાની સ્નાતક પદવી પરીક્ષાના ત્રીજા વર્ષની માર્ચ-એપ્રિલની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવનાર ઉપર શરત ૧ના ચંદ્રકવિજેતા પછીનો ક્રમાંક ધરાવનાર વિદ્યાર્થીને આપવામાં આવશે. આ પ્રમાણે ઉત્તીર્ણ થનાર એક કરતાં વધુ વિદ્યાર્થીઓ હશે તો પારિતોષિકની રકમ તેઓના વચ્ચે સરખે ભાગે વહેંચવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પારિતોષિક અંગેના સુધારેલા ઉપરના નિયમો મંજૂર કરવા.

૬૨. જિમ્નેશિયમના મકાનમાં ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૨૫,૦૦૦ના વધારાના ખર્ચની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૬૩. યુનિવર્સિટી પ્રેસના બજેટમાં ફર્નિચર તથા સાધનસામગ્રી ખાતે ચાલુ વર્ષના બજેટમાં રૂ. ૧૦,૦૦૦ના ખર્ચની વધારાની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૬૪. યુ.જી.સી.ની સહાયક યોજનાઓનો લાભ કૉલેજ લઈ શકે તે માટે એક વધુ વિદ્યાર્થીને પ્રવેશ આપવા દેવા મંજૂરી માંગતા બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસાના આચાર્યના તા. ૧૨-૭-૧૯૭૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

અધ્યાપનની કૉલેજોમાં શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ ૧ : ૧૦ ને બદલે ૧ : ૧૨નું તાજેતરમાં કરવામાં આવેલું છે તે જોતાં સદરહુ પ્રસ્તાવ પર વિચારણા કરવાનું રહ્યું નથી.

૬૫. યુનિવર્સિટીનાં જુદાં જુદાં મકાનોની અમદાવાદ મ્યુનિ. કૉર્પોરેશને કરેલી વાર્ષિક ભાડાની આકારણી સામે વાંધાઅરજી, અપીલ વગેરે કરવા માટે ઍડવોકેટ શ્રી. કુલિનસિંહ એમ. શેઠ જેઓ ઘણાં વર્ષોથી તદર્થ ધોરણે આ કામ કરે છે તેમની આ કામ માટે મુદતી નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની જમીન-જાયદાદ વગેરેની બાબતમાં અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન પાસે વાંધાઅરજી, અપીલ ઇત્યાદિ કાનૂની કાર્યવાહી કરવા માટે યુનિવર્સિટીના વકીલ શ્રી. કુલિનસિંહ એમ. શેઠની બે વર્ષ માટે નિયુક્તિ કરવી.

૬૬. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ તરફથી આવેલ માંગણી અન્વયે "સામાજિક મનોવિજ્ઞાન" (લે. શ્રી. વી. એસ. વણિકર) પુસ્તકની બીજી સંશોધન આવૃત્તિ પ્રસિદ્ધ કરવા માટે બોર્ડને નીચેની શરતોએ પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત :

શરતો —

(૧) પુસ્તકની વેચાણકિંમત પર ૧૦ ટકા લેખે રૉયલ્ટીનું ધોરણ રહેશે અને પ્રત્યેક નાણાકીય વર્ષને અંતે તે મુજબ નાણાની ચુકવણી બોર્ડ તરફથી યુનિવર્સિટીને કરવાની રહેશે.

(૨) પુસ્તકના અંદરના ઊઘડતા પાનાની પાછળ '© ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯' અને

'આ પુસ્તક ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ--૯ની અનુમતિથી પ્રકાશિત કરવામાં આવે છે.'— એમ લખાણ બોર્ડ છાપવાનું રહેશે.

(૩) સંશોધિત બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાની પરવાનગી આપ્યાનો ઉલ્લેખ પ્રસ્તાવનામાં કરવાનો રહેશે.

(૪) પુસ્તકની ૧૦ નકલ યુનિવર્સિટીને અને ૧૦ નકલ લેખકને બોર્ડે આપવાની રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૬૭. (ક) ઑક્ટોબર માસમાં લેવાનાર પરીક્ષાઓ માટે (૧) અમદાવાદ (૨) નડિયાદ (૩) ગોધરા (૪) વીસનગર અને (૫) ભૂજ કેન્દ્રો હોય છે. તે ઉપરાંત વિનયન અને વાણિજ્યની પ્રી-યુનિ. પરીક્ષાઓ માટે મહેસાણા, ડભોઈ, મોડાસા તથા ખંભાત કેન્દ્રો પણ વધારાનાં કેન્દ્રો તરીકે આ પરીક્ષાઓ પૂરતાં જ રાખવા; (ખ) ઑક્ટોબર ૧૯૭૭માં લેવાનાર પ્રી-યુનિ. વિજ્ઞાનની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓની સંખ્યાની દૃષ્ટિએ ફક્ત અમદાવાદ કેન્દ્ર જ રાખવા; અને (ગ) ઑક્ટોબર માસમાં લેવાનાર પરીક્ષાઓ શરૂ કરવાની કાર્યાલયે સૂચવેલ તારીખો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવો મંજૂર કરવા.

૬૮. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ આજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો પર તેમ જ પ્રાધ્યાપકો--પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૧--૭--૧૯૭૭ની પરીક્ષાયુક્તિ સમિતિની પાંચમી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૧--૭--૧૯૭૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૧--૭--૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૬૯. સ્ટે. ૧૩૧--બી નીચે પ્રમાણે વંચાય તે રીતે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

St. 131-B :

"The following shall be the minimum qualifications for the post of Registrar :

(1) A Master's degree at least in Second Class and / or a Bachelor's degree in Law of a statutory Indian University or a degree recognised as equivalent thereto;

(2) A person to be appointed to the post of Registrar shall have to his credit :

(*a*) at least ten years' administrative experience in a responsible executive position in an educational Institution, preferably in a University or in a Government department;

OR

(*b*) at least five years' teaching experience in a college or a University department and five years' administrative experience.

(3) Proficiency in the regional language :

The Executive Council may relax the prescribed qualifications, experience and age--limit in suitable cases, but this shall be clearly indicated in the advertisement. The relaxation in qualifications may be Bachelor's degree with wide experience of University administration for a period of 20 years. At the time of appointment, the candidate for the post of Registrar shall not be below 35 years and above 50 years of age. This age limit shall not apply to a candidate who is already in the service of the University.

Provided that the provisions under this Statute shall not affect the appointment of the present incumbent or an incumbent appointed temporarily for performance of duties of the Registrar under Statute 131."

આથી ઠરાવવામાં આવે છે કે નીચેનો સ્ટે. ૧૩૧--બી મંજૂર કરવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી :

St. 131–B :

"The following shall be the minimum qualifications for the post of Registrar :

(1) A Master's degree at least in Second Class and a Bachelor's degree in Law of statutory Indian University or a degree recognised as equivalent thereto

(2) A person to be appointed to the post of Registrar shall have to his credit :

(*a*) at least ten years' administrative experience in a responsible executive position in an educational institution, preferably in a University or in a Government department;

OR

(*b*) at least five years' teaching experience in a college or a University department and five years' administrative experience.

(3) Proficiency in the regional language :

The Executive Council may relax the prescribed qualifications, experience and age limit in suitable cases, but this shall be clearly indicated in the advertisement. The relaxation in qualifications may be Bachelor's degree with wide experience of University administration for a period of 20 years. At the time of appointment, the candidate for the post of Registrar shall not be below 35 years and above 50 years of age. This age limit shall not apply to a candidate who is already in the service of the University.

Provided that the provisions under this Statute shall not affect the appointment of the present incumbent or an incumbent appointed temporarily for performance of duties of the Registrar under Statute 131."

૭૦. આચાર્યશ્રી કે. એન. શાહના નીચેના પ્રસ્તાવ પરત્વે વિચારણા કરવા બાબત :

"Resolved that part-time teachers who are taking the nine lectures should be given the grade of Rs. 300-20-800 plus all allowances."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સમગ્ર રીતે તપાસીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય ડી. ડી. દેસાઈ
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. ડૉ. પી. પી. મહેતા
૪. આચાર્ય કે. એન. શાહ
૫. શ્રી. કે. એસ. શાસ્ત્રી.

૭૧. યુનિવર્સિટીમાં તા. ૧૫-૬-૧૯૭૭ થી શરૂ થતા કાયદા શાખાના અનુસ્નાતક વિદ્યાભવન માટે હાલ બે માસ માટે દૈનિક ધોરણે નીચેના સ્ટાફની હંગામી નિમણૂકો કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા તથા કાયમી ધોરણે જગ્યાઓ ઊભી કરવા વિચારણા કરવા બાબત :

(૧) જુનિયર ક્લાર્ક ... એક જગ્યા
(૨) ટાઈપિસ્ટ ... એક જગ્યા
(૩) પટાવાળા ... બે જગ્યા

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી તથા યુનિવર્સિટીના ધારાશાસ્ત્ર વિદ્યાભવન માટે ઉપર મુજબની કાયમી જગ્યાઓ સ્થાપવી.

૭૨. રાજ્ય સરકારના પત્રાંક યુ.એસ.જી. ૩૬૭૨૭ કે.એચ., તા. ૧૬-૬-૧૯૭૭ના સંદર્ભમાં બિન-શિક્ષક વર્ગના તેમ જ શિક્ષક વર્ગના કર્મચારીઓને બઢતી આપતી વખતે એક ઈજાફો આપી સ્ટેઈજ-અપ કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—એક્ઝિક્યુટિવ કાઉન્સિલે સ્થાયી સમિતિની તા. ૪-૧૧-૧૯૭૬ની નીચેની ભલામણ તેની તા. ૯-૧૧-૧૯૭૬ની સભામાં મંજૂર રાખી હતી :

"સરકારશ્રીના જી.આર. પ્રમાણે કોઈ પણ કર્મચારીને જ્યારે પ્રમોશન આપવામાં આવે ત્યારે તેને તેની નવી જગ્યાના પગારધોરણમાં જે તે પગથિયે ફિક્સ્ડ કરી પછી તે પગારધોરણમાં એક વધારાનો ઈજાફો આપવામાં આવે છે તેનો લાભ ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓને સરકારશ્રીના ઠરાવની તારીખથી આપવા અંગે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે કુલપતિશ્રીએ રાજ્ય સરકારને લખેલા તા. ૨-૧૧-૧૯૭૬ના પત્રની નોંધ લેવામાં આવી તથા તે અંગેનો રાજ્ય સરકારશ્રીનો જવાબ આવે તે ઉપર યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી."

કુલપતિશ્રીએ ઉપર પ્રમાણે મંજૂર કર્યું હોવાથી હવે બાકીના કર્મચારીઓ અંગે નિર્ણય લેવાનો રહે છે.]

(૧) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓને બઢતી આપતી વખતે એક ઈજાફો આપવાનો જે લાભ તા. ૧--૧--૧૯૬૧થી આપવામાં આવેલો છે તે તેથી ઉપલા વર્ગના તમામ કર્મચારીઓ(શિક્ષકવર્ગના અને બિનશિક્ષક વર્ગના)ને પણ આપવાનું રાખવું; અને

(૨) યુનિવર્સિટીના જે કર્મચારીઓને ઉપર નં. (૧)માં જણાવેલ ઈજાફાનો લાભ બઢતી વખતે આપવામાં આવે ત્યારે ઉપલી જગ્યા પરના તેમના ભવિષ્યના ઈજાફા માટેની તારીખ બઢતીની તારીખને બદલે નીચલી જગ્યા પરના ઈજાફાની તારીખ રાખવા માટે તેમને વિકલ્પ આપવો. વધુમાં તારીખના આ વિકલ્પનો લાભ તા. ૧--૧--૧૯૬૧થી આજદિન સુધી એટલે કે તા. ૨૦--૮--૧૯૭૭ સુધીમાં બઢતી પામેલા હોય તેમને જ આપવો અને ભવિષ્યમાં આ વિકલ્પનો લાભ આપવામાં આવશે નહીં તેની સ્પષ્ટતા કરવી.

(**નોંધ.**--ઉપરોકત ફેરફારને લીધે જો કોઈ લાગતાવળગતા કર્મચારીને પોતે અગાઉ લીધેલા વિકલ્પમાં હવે કોઈ ફેરફાર કરવો હોય તો તે કરવાની છૂટ રહેશે.)

૭૩. ફાઈનાન્સ સમિતિની તા. ૧૨--૭--૧૯૭૭ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ તેની તા. ૧૨--૭--૧૯૭૭ ની સભામાં બાબત નં. ૪ ઉપર કરેલી ભલામણ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવી :

"(૪) યુનિવર્સિટી પ્રકાશનોના વેચાણ માટે વિતરક નીમવા માટે મંગાવેલાં ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીનાં પ્રકાશનોના વેચાણ માટે ટેન્ડરમાં જણાવેલ શરતો પ્રમાણે મે. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અને ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઓપરેટિવ સ્ટોર્સ લિમિટેડને ત્રણ વર્ષ માટે યુનિવર્સિટીનાં પ્રકાશનોના વિતરકો તરીકે નીમવા."

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ બાબત નં. ૮ ઉપર કરેલી ભલામણ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવી :

"(૮) એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૪--૬--૧૯૭૭ ની સભામાં ઠરાવ નં. ૧૧૧ થી નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ છે તે પર વિચારણા કરવા બાબત :

'યુનિવર્સિટી કોર્ટ ખંડમાં જુદા જુદા કાર્યક્રમો પ્રસંગે સંલગ્ન કૉલેજો યા અન્ય સંસ્થાઓ પાસેથી લેવાતા સર્વિસ ચાર્જ, વીજળી વપરાશના ચાર્જમાં સુધારો કરવા અંગે તથા વાયરમેન અને પટાવાળાને તે કાર્યક્રમ પ્રસંગે ફરજ ઉપર હાજર રહેવા માટે પુરસ્કાર આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સાથેના પરિશિષ્ટ 'ક' પ્રમાણે યુનિવર્સિટીના કોર્ટ ખંડ, એન. આર. એસ. હૉલ, જિમ્નેશિયમ તથા સિન્ડરટ્રેક વાપરવા માટેનો સર્વિસ ચાર્જ લેવો તથા તેમાં જણાવ્યા પ્રમાણે કર્મચારીઓને મહેનતાણું આપવું.

વધુમાં, સદરહુ રાહતના દરનો લાભ યુનિવર્સિટીના તેમજ સંલગ્ન કૉલેજોના કર્મચારીઓના સંઘોને પણ આપવાનું રાખવું.'

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૨--૭--૧૯૭૭ની સભાની બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૨--૭--૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૭૪. વેધ્યકીય વનસ્પતિ અને કૃષિસંવર્ધન કેન્દ્ર અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧--૭--૧૯૭૭ની સભામાં નીમેલ સલાહકાર સમિતિની તા. ૧૧--૬--૧૯૭૭ની સભાની ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સલાહકાર સમિતિની તા. ૧૧--૬--૧૯૭૭ની સભાની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૧--૬--૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૭૫. રાજ્ય સરકારના ઠરાવ નં. પીસીઆર ૩૦૭૫, તા. ૨૩--૬--૧૯૭૬ અન્વયે ટાઇપિસ્ટોને રાજ્ય સરકારના ધોરણે સ્પેશિયલ પે આપવાનું સ્વીકાર્યું હોવાથી જે તે ટાઇપિસ્ટોનો દૈનિક ટાઇપ શબ્દોની ચકાસણી કરી રૂ. ૨૦નું માસિક ભથ્થું આપવામાં આવેલું. પણ રાજ્ય સરકારના આ અંગેના ઠરાવ નં. પીસીઆર-૧૧૭૬--એમ, તા. ૧૯--૨--૧૯૭૬ માં આ ભથ્થાનો અમલ તા. ૧--૧--૧૯૭૬ થી કરવો તેમ જણાવેલ હોઈ તે ભથ્થું તે તારીખથી આપવા અંગે કર્મચારી સંઘના તા. ૪--૫--૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભથ્થું તા. ૧--૧--૧૯૭૬ થી સંબંધકર્તા ટાઇપિસ્ટોને આપવાનું રાખવું.

૭૬. સંલગ્ન કૉલેજોના આચાર્યોને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની (૧) ફેકલ્ટી ઇમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ, (૨) રેમેડિયલ કોર્સિસ (૩) સ્ટુડન્ટ્સ એઈડ ફંડ (૪) કૉમ્યુનિટી સર્વિસ યોજનાઓ હેઠળ આર્થિક લાભ લેવા કુલપતિશ્રીએ તા. ૧૧--૭--૧૯૭૭ના રોજ લખેલા પત્રાંક ડી.ઓ. નં. વીસી--૧૬૧૫--૧૯૭૭ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૭. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં સુધારેલ પગારધોરણના સંદર્ભમાં રાજ્ય સરકારના તા. ૨૩--૧૧--૧૯૭૬ ના સરકારી ઠરાવ પરથી ઊભા થતા પ્રશ્નો અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭--૨--૧૯૭૭ ની સભામાં નિયુક્ત કરેલી સમિતિના હેવાલના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮--૬--૧૯૭૭ની સભામાં કરેલી નીચેની ભલામણો ૩, ૪ અને ૬ પર વિચારણા કરવા બાબત :

"૩ શિક્ષકના મૂલ્યાંકન (એસેસમેન્ટ) માટે નીચેની પદ્ધતિ અખત્યાર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(ક) શિક્ષકનું મૂલ્યાંકન (૧) વિભાગના વડા (હેડ ઑફ ધી ડિપાર્ટમેન્ટ) અને (૨) ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનના પ્રતિનિધિ અથવા બીજી યુનિવર્સિટીના બે નિષ્ણાતો પાસે કરાવવું. પ્રાથમિક હેવાલ શિક્ષકની તરફેણમાં હોય તો સમિતિ પાસે જવાની જરૂર નથી.

(ખ) વિભાગીય વડાનું મૂલ્યાંકન (૧) સંસ્થાના વડા અને (૨) ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનના પ્રતિનિધિ અને તે માટે નિશ્ચિત થયેથી નિષ્ણાતની યાદીમાંથી ઉમેદવારની પસંદગીના સભ્ય એમ ત્રણ જણની સમિતિ કરશે.

૪. યુનિવર્સિટીના તથા સંલગ્ન કૉલેજોની જુદી જુદી કક્ષાના શિક્ષકોના પગારધોરણમાં મૂલ્યાંકનની જોગવાઈ છે ત્યાં જે તે શિક્ષકના સદરહુ મૂલ્યાંકન માટે નીચે પ્રમાણેની સમિતિની રચના કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) શિક્ષક જે વિષયનું શિક્ષણકાર્ય કરતા હોય તે વિષયના બે તજ્જ્ઞો (તજ્જ્ઞોની યાદી જે તે વિષયની અભ્યાસસમિતિ તૈયાર કરે) જેમાંથી એક તજ્જ્ઞની નિમણૂક યુનિવર્સિટીનાં સત્તામંડળો કરે જ્યારે તજ્જ્ઞોની સદરહુ યાદીમાંથી જે શિક્ષકનું મૂલ્યાંકન થનાર છે તેના તરફથી સૂચવાયેલ ત્રણ તજ્જ્ઞો પૈકી એક જેની નિમણૂક યુનિવર્સિટીનાં સત્તામંડળ કરે.

(૨) શિક્ષણનિયામક તરફથી નિયુકત થયેલ એક પ્રતિનિધિ મૂલ્યાંકન અંગે નીચે પ્રમાણેની જોગવાઈ પણ ઉમેરવામાં આવે :

૧. સુધારેલા પગારધોરણમાં મૂલ્યાંકનનું પગથિયું આ અગાઉ આવી ગયું હોય પરંતુ મૂલ્યાંકન થયું ન હોય તેવા દાખલામાં જ્યારે મૂલ્યાંકન થાય ત્યારે તેની અસર જે તારીખે મૂલ્યાંકન થવું જોઈએ તે તારીખથી પશ્ચાદ્‌વર્તી રીતે ગણી પગારધોરણની રકમની આકારણી કરવામાં આવે.

૨. મૂલ્યાંકન સમિતિના હેવાલ ઉપર પોતાને રજૂઆત કરવાની વાજબી તક મળે તે હેતુથી સદરહુ હેવાલ જે શિક્ષકનું મૂલ્યાંકન થયું છે તેને ઉપલબ્ધ કરવામાં આવે તથા તેની રજૂઆતને અનુલક્ષીને સમિતિ નક્કી કરે તે મુદતે પરંતુ ઓછામાં ઓછા એક વર્ષથી મોડું નહીં તે મર્યાદામાં સદરહુ શિક્ષકનું પુનઃમૂલ્યાંકન કરવું.

૬. સરકારી ઠરાવની કંડિકા ૧૪ માં દર ત્રણ વર્ષે મૂલ્યાંકન કરવાનું જે સૂચન છે તે મૂળ હેવાલથી જુદું હોવાથી તે સદરહુ ઠરાવમાંથી રદ કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી અને ઉપરની ભલામણો પૈકી ત્રણ વર્ષે મૂલ્યાંકન કરવાનું રદ કરવા માટે રાજ્ય સરકારને જે ભલામણ કરેલી છે તેમાં મૂળ હેવાલ એટલે કે સેન કમિટીનો હેવાલ એમ રાજ્ય સરકારને સ્પષ્ટતા કરવી.

૭૮. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદને તા. ૧૧–૬–૧૯૭૭થી તા. ૧૪–૬–૧૯૭૮ સુધીનું જોડાણ આપેલું હોઈ સદરહુ કૉલેજ પાસેથી જૂન ૧૯૭૮ થી ચાલુ જોડાણ માટેની અરજી સ્વીકારવા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩–એ અન્વયે શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ કુલપતિશ્રીએ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરેલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજનું સાયન્સ વિભાગનું જોડાણ બંધ થયું છે તેની નોંધ લેવી અને બીજી બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૨૪(૮) સાથે કરવાનું રાખવું.

૭૬. એમ.એ. (એકસ્ટર્નલ) અને એમ.કૉમ.(એકસ્ટર્નલ)ના ઑર્ડિ. ૧૫ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત :

O. M.A. (Ext.) 5 :
O. M.Com. (Ext.) 5 :

A candidate desiring registration for M.A./M.Com. (Ext.) Part I or Part II, as the case may be, shall apply in the form prescribed in this behalf by the University togetherwith a registration fee or Rs. 100/- *in case of a fresh candidate provided that a candidate who offer registration has either not appeared at the examination or failed to pass the concerned examination, shall be required to renew his registration for the examination, for which purpose the re-registration fee shall be Rs. 25/- only for each part separately. Furthermore, every candidate who applies for registration or re-registration shall* also pay examination fee of Rs. 50/- prescribed for each part separately plus Rs. 5/- fee for markstatement for the examination concerned, provided that all these fees totalling Rs. 155/- *for fresh candidate and Rs. 80/- for a candidate renewing his registration* shall be paid in one single instalment alongwith the application for registration.

Note.—Fees for eligibility certificate shall be payable separately as per University rules.

આથી દરાવવામાં આવે છે કે ઑર્ડિ. એમ.એ.(એકસ્ટર્નલ) ૧૫ અને ઑર્ડિ. એમ.કૉમ.(એકસ્ટર્નલ) ૧૫ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

૮૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦--૩--૧૯૭૭ની સભામાં ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસ-ક્રમમાં નવી એસ.એસ.સી. (દસમા ધોરણની) પરીક્ષા પાસ થયેલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા રૂલે. ૧૭૬ માં નીચે મુજબ પ્રોવિઝો ઉમેરવા ભલામણ કરી હતી, પરંતુ રૂલેબુકમાં હજુ સુધી સુધારો થઈ શકયો નથી તે સંજોગોમાં ચાલુ વર્ષે તે ધોરણે પ્રવેશ આપવાનું મંજૂર કર્યાના :

"Notwithstanding anything contained above, for admission to the First Year Diploma in Pharmacy, a candidate must have passed the New S.S.C. Examination of the 10th Standard conducted by the Secondary School Examination Board of the Gujarat State or an examination considered equivalent thereto in at least seven subjects provided that he has passed it with Algebra- Geometry, Physics, Chemistry and Biology."

(૨) રાજ્ય સરકારના શિક્ષણ ખાતાના સંયુકત સચિવના તા. ૨૯–૬–૧૯૭૭ના પત્રાંક યુ.એસ.જી. ૪૨૭૭–કેએચના સંદર્ભમાં સંલગ્ન કૉલેજોમાં લેવાતી સત્ર-ફી અંગેના ઑર્ડિ. ૧૫૯ નીચે જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધાર્યાના :

O. 159 :

(1) The following shall be the rates of fees per term in Arts, Science and Commerce Colleges with effect from 15th June, 1977 :

(*i*) Tuition fees	...	Rs. 200/–
(*ii*) Laboratory fees in Science colleges	...	Rs. 50/–

Provided that none of the aforementioned colleges shall charge tuition fees in excess of Rs. 40/– over and above the fees charged by them in the academic year 1976–77 subject to a maximum Rs. 200/– per term.

(2) No affiliated college shall alter its tuition fees without prior permission of the Executive Council. An application seeking permission to alter the tuition fees should reach the Uni. office before 31st December preceding the academic year from which the change is to take place.

(૩) ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮–૬–૧૯૭૭ની સભામાં સત્ર-ફી અને વિદ્યાર્થી-સંખ્યા અંગે અનુક્રમે સુધારેલા ઑર્ડિ. ૧૫૯ અને ઑર્ડિ. ૧૨૦–બી મંજૂર કરી સંલગ્ન કૉલેજોને પરિપત્રિત કર્યાના;

(૪) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩–એ (૧) (બી) (૧) (૨) અનુસાર સંલગ્ન કૉલેજોમાં શિક્ષકની નિમણૂક કરતી વખતે કૉલેજની વરણીસમિતિ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ લેવા જરૂરી છે, પરંતુ ૧૯૭૪માં એજ્યુકેશન કૉલેજ, દરામલીમાં શિક્ષણના પ્રાધ્યાપક તરીકે નિમાયેલ શ્રી. આઈ. કે. સુથારની નિમણૂક માટે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં જોડાણની બાબત અંગે રિટ અરજી થયેલ હોવાથી કૉલેજ પ્રતિનિધિ માંગ્યા હોવા છતાં આપ્યા ન હતા અને ચુકાદાની રાહ જોવાનું રાખ્યું હતું. હવે પ્રશ્ન પતી ગયો હોઈ શ્રી. સુથારની નિમણૂક માન્ય કર્યાના;

(**નોંધ.**—શ્રી. આઈ. કે. સુથાર પ્રાધ્યાપક પદ માટે જરૂરી લાયકાત ધરાવતા હતા. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૪–૬–૧૯૭૭ની સભામાં ઠરાવ ક્રમાંક ૨૫ થી આ કૉલેજના શ્રી. એમ. પી. ચૌહાણની નિમણૂક આવા કારણને લઈને માન્ય કરી છે.)

(૫) થર્ડ બી.એ., બી.એસસી., બી.કૉમ. પરીક્ષા માટે ક્રેડિટ ગુણ નક્કી કરતી વખતે નવનિર્માણના આંદોલનને કારણે એફ.વાય. અથવા એસ.વાય.ની પરીક્ષા પૈકી ગમે તે પરીક્ષાના આંતરિક ગુણ જે વિદ્યાર્થીઓના કેસમાં ન લેવાય તેના તેણે આ બે પરીક્ષા પૈકી જે પરીક્ષામાં જેટલા ટકા ક્રેડિટ ગુણ મેળવ્યા હોય તેટલા જ બીજી પરીક્ષા કે જેમાં નવનિર્માણને કારણે ક્રેડિટ ગુણ નથી તેના ગણવા મંજૂરી આપ્યાના;

(૬) સેન્ટર ફૉર મૅનેજમેન્ટના વિદ્યાર્થીઓને છાત્રાલયમાં પ્રવેશ આપવા અંગેની નીચેની દરખાસ્ત મંજૂર કર્યાના :

(૧) સેન્ટરનાં સત્રો હવે જાન્યુઆરીથી જૂન ૩૦ સુધી અને ૧ લી જુલાઈથી ૩૦ ડિસેમ્બર સુધી ચાલે છે.

(૨) તેઓ પૂરા છ માસ છાત્રાલયનો ઉપયોગ કરે છે, જ્યારે અન્ય વિદ્યાર્થીઓ વધુમાં વધુ ૪ થી ૪॥ માસ ઉપયોગ કરે છે.

(૩) અત્યારે સામાન્ય સત્ર પૂરું થતાં સેન્ટરના વિદ્યાર્થીઓને બીજી સત્ર ફી કે રોજના રૂ. ૧--૩૦ લેખે ફી ભરવાની થાય છે. છતાં માનસિક સંતોષ થતો નથી.

(૪) આથી સેન્ટરના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે ત્યારે તેમના લાંબા નિવાસને ધ્યાનમાં લઈ રૂ. ૨૫ જેટલી વધુ ફી લેવામાં આવે; એની ફાળવણી નીચે પ્રમાણે કરવામાં આવે :

છાત્રાલયનું ભાડું	...	૭૫ ને બદલે ૯૦
પંખાનું ભાડું	...	૧૫ ને બદલે ૨૦
વીજળીનો ખર્ચ	...	૨૫ ને બદલે ૩૦

(૫) ૩૦મી જૂન પછી કે ૩૧ મી ડિસેમ્બર પછી વિદ્યાર્થીને જો રહેવાનું થાય તો તે અંગે યુનિવર્સિટીના જે નિયમો અન્ય વિદ્યાર્થીઓને લાગુ પડે છે તે ચાલુ રહે;

(૭) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદને ૧૯૭૭--૭૮ ના શૈક્ષણિક વર્ષમાં બી.એસસી. (જનરલ)-નો અભ્યાસક્રમ શીખવવા માટે પરવાનગી આપ્યાના;

(૮) ભક્ત વલ્લભ ઘેાળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને બાપાશાસ્ત્રીની ખડકી, સાંકડી શેરી, અમદાવાદના મકાનમાં સ્થળાંતર કરવાની પરવાનગી આપવાનો બાબતમાં સ્થાનિક તપાસ-સમિતિ નીમ્યાના, તથા સદરહુ સમિતિના હેવાલને અનુલક્ષીને સદરહુ કૉલેજને સ્થળાંતર માટે નીચેની શરતે મંજૂરી આપ્યાના :

શરત : "વિદ્યાર્થી દીઠ ઓછામાં ઓછી આઠ ચોરસ ફૂટની જગ્યા ઉપલબ્ધ થાય તે રીતે ગણતાં વિદ્યાર્થીની પ્રવેશની સંખ્યા મર્યાદિત રાખવામાં આવે."

(૯) વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ લૉ, અમદાવાદને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા તૃતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જૂન ૧૯૭૭ થી કાયમી જોડાણ આપવા માટેનું જાહેરનામું બહાર પાડવાના;

(૧૦) વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના રીડર શ્રી. એ. વી. ગજજરને યુનિ. ઑફ મેનીટોબા, વીનીપેગ કેનેડા જવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે મે થી ઑગસ્ટ ૧૯૭૭ ની ચાર માસની અભ્યાસ-રજા મંજૂર કરી હતી તેને બદલે હવે જુલાઈ ૧૯૭૭ થી ઑકટોબર ૧૯૭૭ ના સમય માટે તે રજાઓ મંજૂર કર્યાના;

(૧૧) યુનિવર્સિટી ગ્રંથાલયમાં વધેલા કામના નિકાલ માટે બે ટેકનિકલ આસિસ્ટન્ટ, બે જુનિયર કલાર્ક તથા ત્રણ પટાવાળાની તા. ૧૧--૬--૧૯૭૭ થી તા. ૧૪--૮--૧૯૭૭ ના બે માસ માટેના સમય માટે કામચલાઉ નિયુકિત કરવાની મંજૂરી આપ્યાના;

(૧૨) નીચે દર્શાવેલાં પ્રદાનોનો સાભાર સ્વીકાર કર્યાના :

(૧) હરિ ૐ આશ્રમ સંશોધન-શિષ્યવૃત્તિ અંગે મળેલાં નીચે મુજબનાં પ્રદાનો :

રૂ.
૧,૦૦૦--૦૦ કે. શશિકાન્ત એન્ડ કું., કલકત્તા
૨,૭૩૭--૩૧ અમદાવાદ સાયન્સ કૉલેજ
૨,૨૪૩--૫૦ અમદાવાદ કૉમર્સ કૉલેજ
૯૩૪--૫૦ અમદાવાદ આર્ટ્સ કૉલેજ
૫,૦૦૧--૦૦ ધી યુનાઈટેડ કો-ઑપરેટિવ બૅન્ક લિ., અમદાવાદ;

(૨) સરદાર વલ્લભભાઈ વાચનકેન્દ્ર માટે ધી અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપની લિ. તરફથી રૂ. ૧૦,૦૦૦ નું મળેલ પ્રદાન

(૩) અખિલ ભારતીય એન્જિનિયરિંગ સર્વિસીઝ અને રોડ સર્વિસીઝના તાલીમવર્ગો માટે શ્રી. ચિમનલાલ મુન્શા ટ્રસ્ટ ફંડ તરફથી મળેલ રૂ. ૧,૦૦૦ તથા શ્રી. એ. જી. ચૅરિટી ટ્રસ્ટ તરફથી મળેલ રૂ. ૧,૦૦૦નું પ્રદાન;

(૧૩) બિઝનેસ મૅનેજમેન્ટ સ્કૂલમાં રીડર તથા લેક્ચરરની જગ્યાના ઉમેદવાર ડૉ. આનંદ શાહે ગુજરાત હાઈકોર્ટમાં તે અંગેની વરણીસમિતિની પસંદગી અંગે કરેલી રિટ અંગે કુલપતિશ્રીએ ઍડવોકેટ ગિરિરાજ દેસાઈને રોકયાના;

(૧૪) ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થી શ્રી. ત્રિવેદી રાજીવ હર્ષદરાયે કૉલેજ દ્વારા ૧૯૭૪ માં લેવાયેલ એફ.વાય. બી.એસસી.ની પરીક્ષા પાસ કર્યાને આધારે શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજમાં પ્રથમ એમ.બી.બી.એસ.ના વર્ગમાં પ્રવેશ માટે અરજી કરતાં કૉલેજ દ્વારા તેને પ્રવેશ નહીં અપાતાં તેણે કરેલ રિટ પિટિશન અંગે યુનિવર્સિટી પક્ષે શ્રી. સુરેશભાઈ એન. શેલતની કરેલ નિમણૂક મંજૂર રાખી તે અંગેના ખર્ચ મંજૂર કર્યાના;

(૧૫) તા. ૯--૧૧--૧૯૭૭ ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં લેખકો સાથે કરવાના કરાર માટેના મુસદ્દામાં પરિચ્છેદ ૮ માં છેલ્લી બે લીટીમાં "not" શબ્દ રહી જવાથી થયેલી એ છાપભૂલ નીચે પ્રમાણે સુધાર્યાના :

....and in consideration thereof the publisher shall retain it and the author shall not make any use whatsoever of it.

(૧૬) પ્રભુદાસ ઠક્કર કૉલેજ, અમદાવાદને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, રાજ્ય-નીતિશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને બી.એ.(ગોણ)માં હિન્દી, અંગ્રેજી અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૭ થી તા. ૧૪--૬--૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા અંગેનું જાહેરનામું બહાર પાડવાના;

(૧૭) ભાષા-સાહિત્ય ભવનમાં લિંગ્વિસ્ટિક્સના વ્યાખ્યાતાની વરણીસમિતિના સભ્ય શ્રી. વી. જે ભાયાણીને બદલે પ્રો. એચ. સી. ભાયાણીનો છાપભૂલ સુધાર્યાના;

(૧૮) સને ૧૯૭૭-૭૮ ના શૈક્ષણિક વર્ષ માટે નિયત ૧૧૫૦ ની ગુરુતમ વિદ્યાર્થી-સંખ્યાને આધીન નીચેની સંલગ્ન કૉલેજોને તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણે વિદ્યાર્થી-પ્રવેશ અંગે છૂટછાટ આપ્યાના :

ક્રમાંક	કૉલેજનું નામ	વિદ્યાર્થી-પ્રવેશ અંગે છૂટછાટની વિગત
(૧)	ભવન્સ શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ	... સ્થાનિક અન્ય કૉલેજના એક પણ વિદ્યાર્થીને પ્રવેશ ન આપવાની શરતે પ્રથમ બી.એસસી.માં પાંચમો વર્ગ ખોલવા તથા પ્રત્યેક વર્ગમાં ૧૨૧ વિદ્યાર્થીને પ્રવેશ આપવા પરવાનગી આપી.
(૨)	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	... સ્થાનિક અન્ય કૉલેજના એક પણ વિદ્યાર્થીને પ્રવેશ ન આપવાની શરતે પ્રથમ બી.એસસી.માં પાંચમો વર્ગ ખોલવાની પરવાનગી આપી.
(૩)	સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ	... સ્થાનિક અન્ય કૉલેજના એક પણ વિદ્યાર્થીને પ્રવેશ ન આપવાની શરતે પ્રથમ બી.એસસી.ના પ્રત્યેક ડિવિઝનમાં ૧૨૧ વિદ્યાર્થીઓને પ્રવેશ માટે પરવાનગી આપી.
(૪)	અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ	... સ્થાનિક કૉલેજના એક પણ વિદ્યાર્થીને પ્રવેશ ન આપવાની શરતે પ્રથમ બી.એસસી.માં પાંચમો વર્ગ ખોલવા તથા પ્રત્યેક ડિવિઝનમાં ૧૨૧ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા પરવાનગી આપી.
(૫)	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	... પોતાની કૉલેજના ૬૪ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની શરતે પ્રથમ વર્ષ બી.કૉમ.માં ૨૧ વિદ્યાર્થી-પ્રવેશ માટે પરવાનગી આપી.
(૫-અ)	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	... સ્થાનિક કૉલેજના એક પણ વિદ્યાર્થીને પ્રવેશ ન આપવાની શરતે પ્રથમ બી.કૉમ.માં પાંચમો વર્ગ તથા પ્રત્યેક ડિવિઝનમાં ૧૦ વધુ વિદ્યાર્થી-પ્રવેશ માટે પરવાનગી આપી.
(૬)	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	... સ્થાનિક અન્ય કૉલેજના વિદ્યાર્થીઓને પ્રવેશ ન આપવાની શરતે પ્રથમ વર્ષ બી.એસસી.ના પ્રત્યેક ડિવિઝનમાં ૧૨૧ વિદ્યાર્થીને પ્રવેશ આપવા પરવાનગી આપી.
(૭)	ગુજરાત કૉલેજ, અમદાવાદ	... સ્થાનિક અન્ય કૉલેજના વિદ્યાર્થીઓને પ્રવેશ ન આપવાની શરતે પ્રથમ બી.એસસી.ના પ્રત્યેક ડિવિઝનમાં ૧૨૧ વિદ્યાર્થીને પ્રવેશ આપવા પરવાનગી આપી.

(૮) સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ ... સ્થાનિક અન્ય કૉલેજના વિદ્યાર્થીઓને પ્રવેશ ન આપવાની શરતે પ્રથમ બી.કૉમ.માં પાંચમો વર્ગ ખોલવા પરવાનગી આપી.

(૯) આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ ... પ્રથમ બી.કૉમ.નો પાંચમો વર્ગ ખોલવા તથા પ્રત્યેક ડિવિઝનમાં ૧૦ વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા પરવાનગી આપી.

(૧૦) સી. યુ. શાહ સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ ... પ્રથમ વર્ષ બી.કૉમ.ના પ્રત્યેક ડિવિઝનમાં દસ વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા પરવાનગી આપી.

(૧૧) સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ ... સ્થાનિક અન્ય કૉલેજના વિદ્યાર્થીઓને પ્રવેશ ન આપવાની શરતે પ્રથમ બી.કૉમ.નો પાંચમો વર્ગ ખોલવા પરવાનગી આપી.

(૧૨) એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ ... સ્થાનિક અન્ય કૉલેજના વિદ્યાર્થીઓને પ્રવેશ ન આપવાની શરતે પ્રથમ બી.કૉમ.ના પ્રત્યેક વર્ગમાં ૧૦ વધુ વિદ્યાર્થી-પ્રવેશ માટે પરવાનગી આપી;

(૧૯) એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮–૬–૧૯૭૭ની સભામાં ઘડેલા ઑર્ડિ. ૬૬–એ મંજૂર રાખ્યાના;

(૨૦) એકેડેમિક કાઉન્સિલની તા. ૮–૬–૧૯૭૭ ની સભામાં સુધારવામાં આવેલ ઑર્ડિ. ૧૫૧–સી ના મુસદ્દામાં રાજ્ય સરકારના તા. ૨૯–૬–૧૯૭૭ના પત્રાંક યુ.એસ.જી. ૪૨૭૭–કેએચને અનુલક્ષીને આ સાથે વંચાય તે રીતે તે ઑર્ડિનન્સ સુધારીને મંજૂર રાખ્યાના;

(૨૧) હાલમાં બી.એડ. પરીક્ષામાં બેસવા માટે વિદ્યાર્થીએ પહેલી પદવી લીધેલી હોવી આવશ્યક ગણવામાં આવે છે. તેને બદલે પહેલી પદવી પરીક્ષા તેમણે પાસ કરી હોય તો તે પર્યાપ્ત ગણી સ્નાતક કક્ષાનું પદવી પ્રમાણપત્ર મેળવવાનું બાકી હોય તેવા વિદ્યાર્થીઓનાં બી.એડ. પરીક્ષાનાં અનામત રાખેલ પરિણામો સ્નાતક પરીક્ષાનું પદવી પ્રમાણપત્ર રજૂ કરવાની શરતનું પાલન થાય ત્યાં સુધી પદવીદાન અટકાવવાની શરતે ઍડહૉક ધોરણે જાહેર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

(સદરહુ સુધારેલા ઑર્ડિ. ૧૫૯, ૧૨૦-બી અને ૧૫૧-સી તથા નવા ઘડેલ ઑર્ડિ ૬૬-એની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૮૧. ગુજરાત યુનિવર્સિટી કોર્ટ પર નીચેના મતદારવિભાગોની પેટાચૂંટણી કરવાની થાય છે તેના માટે ચૂંટણી મથકો અમદાવાદમાં અને બહારગામ સાથેની યાદી પ્રમાણે સૂચવેલ છે તો તે મંજૂર કરવા વિચારણા કરવા સારુ :

(૧) વિદ્યાર્થી પ્રતિનિધિઓના મતદારવિભાગ ... ૧૧ જગ્યા

(૨) સંલગ્ન કૉલેજોના આચાર્યોના મતદારવિભાગ

(અ) શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા ... ૧ જગ્યા

(બ) વાણિજ્ય વિદ્યાશાખા ... ૧ જગ્યા

(૩) શિક્ષક મતદાર વિભાગ (સંલગ્ન કૉલેજોના આચાર્યો અને જે તે વિદ્યાશાખાના ટીના સિવાય)

(અ) શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા ... ૧ જગ્યા (દશ વર્ષ કરતાં ઓછો શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોમાંથી)

(બ) તબીબી વિદ્યાશાખા ... ૧ જગ્યા (દશ વર્ષ કરતાં વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોમાંથી)

(૪) બોર્ડ ફૉર સ્ટુડન્ટ વેલ્ફેર પર ખાલી પડેલ જગ્યાઓ માટે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પેટાચૂંટણી માટેનાં ચૂંટણી મથકોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી યાદીની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૮૨. ફાઈનાન્સ સમિતિની તા. ૧૫-૮-૧૯૭૭ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૫-૮-૧૯૭૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૫-૮-૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૮૩. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી અને કૉલેજોના શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણોને આનુષંગિક અન્ય બાબતો જેવી કે વેકેશન, પરીક્ષાનું મહેનતાણું, શિક્ષકોની નિમણૂકો, આચારસંહિતા ઈત્યાદિ પગારધોરણના અમલની સાથોસાથ અસરકારક બનાવવામાં આવી છે કે કેમ તે અંગે પૂછપરછ કરતા રાજ્ય સરકારના શિક્ષણ ખાતાના સચિવશ્રીના તા. ૨૯-૪-૧૯૭૭ના પત્રાંક એમ.આઈ.એસ. ૧૦૭૭-૨૮૫૬૧ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રના જવાબમાં યથાતથ હકીકત રાજ્ય સરકારને લખી જણાવવી.

૮૪. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી અને સંલગ્ન કૉલેજોના શિક્ષકોના સુધારેલ પગારધોરણ અંગેના રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૨૩-૧૧-૧૯૭૬ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૭૫-૪૯૪૭-ખમાં તેઓની નિવૃત્તિવયમર્યાદા અંગેની કંડિકા ૭ બાબતમાં રાજ્ય સરકારે તેના તા.૧૩-૫-૧૯૭૭-ના પત્રાંક એમ.આઈ.એસ. ૧૦૭૬-૧૩૦૦-કે.ઓસ.થી નીચે પ્રમાણે સ્પષ્ટતા કરેલ હોઈ સંલગ્ન કૉલેજોના શિક્ષકોની નિવૃત્તિ વયમર્યાદા અંગેના યુનિવર્સિટીના હાલના નિયમો અંગે પુનર્વિચારણા કરવા બાબત:

"..... the provision (7) in Government Resolution Education Dept. No. Mis/1075/4947/Kh dt. 23-11-76 about the age of superannuation of teachers is applicable to all teachers irrespective of his option to be in the revised order pay-scales."

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના કર્મચારીઓ(શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગ)ની નિવૃત્તિ-વયમર્યાદા ૬૦ વર્ષની રાખવી અને રાજ્ય સરકારના સદરહુ પત્રની નકલ સંલગ્ન કૉલેજોને પરિપત્રિત કરવી.

૮૫. શિડ્યુલ્ડ કાસ્ટ તથા શિડ્યુલ્ડ ટ્રાઇબ્ઝ માટે યુનિવર્સિટીમાં લેકચરરની જગ્યા અનામત રાખવા અંગે ગુજરાત રાજ્યના યુનિવર્સિટીઓના કુલપતિઓની સંયુક્ત બોર્ડની તા. ૨૫--૨--૧૯૭૭ની સભાએ તેના ઠરાવ ક્રમાંક ૮ થી કરેલ નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"It was decided that each University may take its own decision with regard to the reservation of teaching posts for the members of the scheduled castes and scheduled tribes in terms of the instructions of the U.G.C. in this behalf."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી અને તેની સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોની ભરતીની બાબતમાં અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓના ઉમેદવારોને, અન્ય વસ્તુઓ સમાન હોય (other things being equal), પસંદગી આપવાનું ધોરણ સ્વીકારવું.

૮૬. વિનયન વિદ્યાશાખામાં ગૃહવિજ્ઞાન, મનોવિજ્ઞાન અને ભૂગોળવિજ્ઞાનના વિષયોમાં પ્રાયોગિક કાર્ય પણ સમાવિષ્ટ હોઈ તે માટે લેબોરેટરી ફી નિયત કરવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સર્વગ્રાહી વિચારણા કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. એમ. એન. દેસાઈ
૨. આચાર્ય કે. એન. શાહ
૩. ડૉ. વી. સી. શાહ
૪. આચાર્ય એસ. આર. ભટ્ટ
૫. શ્રી. નરહરિ પરીખ.

૮૭. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૨--૭--૧૯૭૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે તૃતીય વર્ષ બી.એ. પ્રાયોગિક પરીક્ષા જે કેન્દ્રમાં લેવાય તે કેન્દ્રને જો યુનિવર્સિટી પ્રાયોગિક કાર્ય માટે જરૂરી સામગ્રી પૂરી પાડે તો પરીક્ષાર્થી દીઠ રૂપિયા ત્રણ આપવા અને જો તમામ સાધનસામગ્રી કેન્દ્રે પૂરી પાડવાની હોય તો કેન્દ્રને પરીક્ષાર્થી દીઠ રૂપિયા પાંચ આપવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઉપર બાબત નં. ૮૬ હેઠળ નિમાયેલ સમિતિની વિચારણા માટે મોકલવી.

૮૮. ઑકટોબર ૧૯૭૭માં લેવાનાર આ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પરીક્ષા સમિતિ કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યો હોવા છતાં પરીક્ષકો તરીકે સૂચવાયા હોવાથી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨(૧૩)(૩) અન્વયે તેમની નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

(સદરહુ પ્રસ્તાવમાં જણાવેલી યાદી આ સાથે સામેલ કરવામાં આવી નથી.)

૯૯. પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૧૫--૩--૧૯૭૭ની સભાની બાબત નં. ૧૧ અને ૧૩ અંગેની ભલામણો પરની વિચારણા એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૦--૩--૧૯૭૭ની સભામાં મોકૂફ રહેલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણો પરીક્ષાશુદ્ધિ સમિતિની પુનર્વિચારણા માટે મોકલવી.

૯૦. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ આજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિક પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૧--૭--૧૯૭૭, તા. ૨૮--૭--૧૯૭૭ અને તા. ૪--૮--૧૯૭૭, તા. ૧૧--૮--૧૯૭૭-ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની સભાઓની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૧--૭--૧૯૭૭, ૨૮--૭--૧૯૭૭, તા. ૪--૮--૧૯૭૭ અને તા. ૧૧--૮--૧૯૭૭ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૧--૭--૧૯૭૭, ૨૮--૭--૧૯૭૭, ૪--૮--૧૯૭૭ અને ૧૧--૮--૧૯૭૭ની સભાઓની કાર્યવાહીની નોંધની નકલો સામેલ કરવામાં આવી નથી.)

૯૧. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૪૨ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૯૨. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાંથી ડૉ. એમ. એન. જિંદાલની એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરમાં બદલી થતાં તેમની જગ્યાએ ડૉ. બી. એન. મજમુદારની ગ્રુપ ૨ ના નિયત વિષયો માટેના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નિમણૂક કરવા અંગે ડીનની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિષયોના શિક્ષણ માટેના અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે ડૉ. બી. એન. મજમુદારને નીમવા.

૯૩. ઑગસ્ટ ૧૬ થી ૧૮, ૧૯૭૭ના સમય દરમિયાન "ભારતી પરિષદ" દ્વારા અલ્હાબાદ મુકામે યોજાનાર અખિલ ભારતીય સંસ્કૃત અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ પરિષદનું ચાલુ વર્ષનું અધિવેશન આ પહેલાં મળી ગયેલું હોઈ તે અંગે વિચારવાપાત્ર રહ્યું નહીં.

૯૪. ૨૯ થી ૩૧ જાન્યુઆરી ૧૯૭૮ના સમય દરમિયાન ઈન્સ્ટિટ્યૂટ ઑફ માર્કેટિંગ ઍન્ડ મૅનેજમેન્ટ તરફથી ન્યૂ દિલ્હી મુકામે "ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ ઍન્ડ ઇકોનોમિક ડેવલપમેન્ટ" વિષય પર યોજાનાર પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા અંગેની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એમ. પી. કક્કરને મોકલવા.

૯૫. પ્રો. એ. એમ. ત્રિવેદી મેમોરિયલ ફંડ તરફથી દર વર્ષે પ્રી-યુનિ. વિજ્ઞાનની પરીક્ષામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને ચંદ્રક આપવા માટે રૂ. ૭,૭૫૦નું પ્રદાન આપવામાં આવ્યું હતું તો હવે પ્રી-યુનિ. વિજ્ઞાનને બદલે હાયર સેકન્ડરી વિજ્ઞાન શાખામાં સૌપ્રથમ આવનાર વિદ્યાર્થીને આ ચંદ્રક આપવા માટે લઈ જવા અંગે સદરહુ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીના તા. ૨૯--૬--૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનની રકમ પ્રો. એ. એમ. ત્રિવેદી મેમોરિયલ ટ્રસ્ટને તેમની માંગણી પ્રમાણે પાછી આપવી.

૯૬. સ્વ. ચિમનલાલ મગનલાલ વૈદ્યની સ્મૃતિમાં બુટાલા એન્ડ કં. વડોદરા તરફથી નીચેનાં પ્રદાનો સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) સ્વ. ચિમનલાલ મગનલાલ વૈદ્યે ભેગી કરેલી પ્રાચીન કૃતિઓ (અંદાજ કિંમત રૂ. ૨૫,૦૦૦) યુનિવર્સિટીના ગુજરાતી વિભાગને ભેટ આપવા બાબત.

(૨) પ્રાચીન કૃતિઓના આધારે દર વર્ષે એકથી બે પ્રકાશનો લખાવીને પ્રકાશિત કરવા માટે રૂ. ૨૧,૦૦૦નું ટ્રસ્ટ આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

(નોંધ.—દરમિયાન સદરહુ ટ્રસ્ટને સભાગૃહમાં થયેલી ચર્ચાવિચારણાને અનુલક્ષીને ઘટતો પત્ર લખવા માટે કુલપતિશ્રીને વિનંતી કરવામાં આવી હતી.)

૯૭. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા-મરામત કરાવવા અંગે સ્ટે. ૧૮૮(૨) પ્રમાણેની તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા વિભાગ	લોનની રકમ	સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	કયા કારણસર લોનની માંગણી કરી છે?
(૧)	શ્રી. એમ. જી. રાવળ, પટાવાળા, વિભાગીય ગ્રંથાલય, ભાષા-સાહિત્યભવન	રૂ. ૨,૯૦૦	ના	મકાન મરામત અંગે
(૨)	પ્રો. ડી. એન. પાઠક, અધ્યક્ષ સમાજવિદ્યા ભવન	રૂ. ૩૬,૦૦૦	ના	તેઓના સોસાયટીના મકાન પર એક માળ લેવા અંગે

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન તેમના પ્રોવિડન્ટ ફન્ડ ખાતામાંથી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આપવી.

૯૮. યુનિવર્સિટી કાર્યાલયમાં હેડક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. એમ. ડી. સોનીને રૂ. ૪૨૫-૧૫-૫૦૦ ઈ.બી. ૧૫-૫૬૦-૨૦-૭૦૦ ઈ.બી. ૨૫-૮૦૦ના પગારધોરણમાં રૂ. ૫૦૦ પછીના પગારમાં તા. ૧--૬--૧૯૭૭ થી કાર્યક્ષમતા અંતરાય (એફિસિયન્સી બાર) ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

હેડક્લાર્ક શ્રી. એમ. ડી. સોનીની કામગીરી અંગેના ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એમ. ડી. સોનીને તેમના હાલના પગારધોરણમાં રૂ. ૫૦૦ પછીના પગથિયે કાર્યક્ષમતા અંતરાય તા. ૧--૬--૧૯૭૭થી ઓળંગવા માટે પરવાનગી આપવી.

૯૯. યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ હિસાબનીશ તરીકે કામ કરતા શ્રી. એચ. સી. દોશીને રૂ. ૫૦૦-૨૫-૭૦૦ ઈ.બી. ૨૫-૭૫૦-૩૦-૯૦૦ના પગારધોરણમાં તા. ૧૭–૮–૧૯૭૭ થી રૂ. ૭૦૦ પછીના પગારમાં કાર્યક્ષમતા-અંતરાય (efficiency-bar) ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

મદદનીશ હિસાબનીશ શ્રી. એચ. સી. દોશીની કામગીરી અંગેના ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એચ. સી. દોશીને તેમના હાલના પગારધોરણમાં રૂ. ૭૦૦ પછીના પગથિયે કાર્યક્ષમતા-અંતરાય તા. ૧૭–૮–૧૯૭૭ થી ઓળંગવા માટે પરવાનગી આપવી.

૧૦૦. યુનિવર્સિટી ગ્રંથાલયમાં અને વિજ્ઞાન વિદ્યાભવનમાં કલાર્ક તરીકે કામ કરતા અનુક્રમે સર્વશ્રી જે. એમ. દવે, અને શ્રી. એન. એન. ઠક્કરને રૂ. ૧૧૩-૫-૧૮૩-૧૦-૨૪૩ ઈ.બી. ૧૧-૪૦૮-૧૯-૪૬૫ના પગારધોરણમાં અનુક્રમે તા. ૧–૭–૧૯૭૭થી અને તા. ૨૩–૯–૧૯૭૪ થી રૂ. ૨૪૩ના પગાર પછીની કાર્યક્ષમતા અંતરાય (efficiency-bar) ઓળંગવા પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે :

(૧) શ્રી. જે. એમ. દવેને તેમના હાલના પગારધોરણમાં રૂ. ૨૪૩ પછીના પગથિયે કાર્યક્ષમતા-અંતરાય તા. ૧–૭–૧૯૭૭થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

(૨) શ્રી. એન. એન. ઠક્કરને કાર્યક્ષમતા-અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપી શકાય તેમ નથી તે માટે તેમને કારણદર્શક (show cause) નોટિસ આપવી.

૧૦૧. ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે અમદાવાદમાં સરસપુર, ઓઢવ તથા સાબરમતી ખાતે અભ્યાસ કેન્દ્રો (Study centre) શરૂ કરવાની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૩–૭–૧૯૭૭ના પત્ર ક્રમાંક એફ. ૮૨-૫૧-૭૦ (એસએ-આઈ.ડી.એચએ.)થી મંજૂરી આપેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી તથા યુનિવર્સિટીના ઉપક્રમે અમદાવાદમાં સરસપુર, ઓઢવ અને સાબરમતી ખાતે અભ્યાસકેન્દ્રો સ્થાપવાં અને તે માટે જરૂરી કર્મચારી-ગણની જગ્યાઓ ઊભી કરવી તથા તે અંગે જરૂરી કાર્યવાહી અને ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૨. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજ આચાર્ય મંડળના મંત્રીશ્રીએ સદરહુ સંસ્થાની સામાન્ય સભામાં થયેલ નીચેનો ઠરાવ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :

"આ આચાર્યમંડળ એવું દૃઢ મંતવ્ય ધરાવે છે કે આચાર્યોના પગારધોરણમાં ભિન્નપણું ન હોવું જોઈએ અને રનિંગ ગ્રેડ રૂ. ૧,૨૦૦-૨,૫૦૦ બધાને આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવ સ્વીકારવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૦૩. એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય શ્રી. શરદ પટેલના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"જે જે કર્મચારીઓને તા. ૧–૧–૧૯૭૩ પછી યુનિવર્સિટીમાં બઢતી આપવામાં આવી હોય તેમને હાલ દેસાઈ પંગવાળાં પગારધોરણો સ્વીકારવાની તારીખ અંગે જે વિકલ્પ કર્મચારીઓએ માંગ્યો હતો અને યુનિવર્સિટીએ સ્વીકારીને પે ફિક્સેશન કરેલ છે તે વિકલ્પ આપવાની જોગવાઈ ચાલુ રાખવાનું આ સભા ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો અને તેમાં જણાવેલ વિકલ્પનો લાભ આજદિન સુધી એટલે કે તા. ૨૦-૮-૧૯૭૭ સુધી બિનશિક્ષકવર્ગના જે કર્મચારીઓને બઢતી આપવામાં આવેલી હોય તેમને આપવો અને સ્પષ્ટતા કરવી કે ભવિષ્યમાં બઢતી પામનાર કર્મચારીઓને તેનો લાભ આપી શકાશે નહિ.

૧૦૪. પ્રો. એસ. બી. વોરાનાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

(૧) અત્યારે કૉલેજનું યુનિવર્સિટીનું કોઈ ઓફિસિયલ કામ હોય તો શિક્ષકની ડ્યૂટી લીવ ગણાય છે. મારું સૂચન એમ છે કે સરકાર માન્ય કોઈ પણ સંસ્થાનું કામ કરવાનું પ્રાધ્યાપકને આપે તો એ સમયે તેને રજા મળવી જોઈએ તથા તે રજાને ડ્યૂટી લીવ ગણવી જોઈએ. દા.ત. સ્કૂલોમાં ઇન્ટરવ્યૂ લેવા જવાનું હોય, અન્ય યુનિવર્સિટીનું પરીક્ષાનું કામ હોય, બોર્ડ, ફેકલ્ટીની મીટિંગ હોય તે ઉપરાંત કેળવણી ખાતાએ માન્ય કરેલ સાંસ્કૃતિક, રમતગમતની પ્રવૃત્તિમાં સમય આપવાનો હોય તો ડ્યૂટી લીવ ગણવી જોઈએ. એકાદ દાખલો આપું તો ગુજરાત રાજ્ય સ્પોર્ટ્સ કાઉન્સિલની કે ઑલ-ઇન્ડિયા વિમેન્સ હૉકી ઍસોસિયેશનની કોઈ પણ કાર્યવાહીમાં ભાગ લેવા જવાનું હોય તો રજા મળે અને ડ્યૂટી લીવ ગણાય તો જ આવી સારી પ્રવૃત્તિમાં ભાગ લઈ શકાય.

(૨) કૉલેજોમાં એલ.આઈ.સી.ની જેમ ૨૧ કેજ્યુઅલ લીવ આપવી જોઈએ.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના કર્મચારીઓ (શિક્ષકવર્ગના અને બિનશિક્ષકવર્ગના) માટે પ્રોવિડન્ટ ફન્ડના નિયમો તથા રજાના નિયમો અંગે વિચારણા કરીને પોતાનો સુચિંતિત લેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. સી. શાહ

૨. આચાર્ય એસ. આર. ભટ્ટ

૩. આચાર્ય કે. એન. શાહ

૪. ડૉ. એમ. એન. દેસાઈ

૫. શ્રી. કે. એસ. શાસ્ત્રી

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ નં. ૨ મંજૂર કરવો નહીં.

૧૦૫. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડાને ૧૯૭૭-૭૮ના વર્ષ માટે બી.એડ.ના વર્ગમાં ૩૬ વધુ વિદ્યાર્થી-પ્રવેશ માટે પરવાનગી આપવા સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ વધારાના શિક્ષકોની નિમણૂક કરવામાં આવે તે શરતે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૧૦૬. સને ૧૯૭૭-૭૮ના ચાલુ વર્ષમાં યુનિવર્સિટી મુદ્રણાલયના બજેટમાં "ટાઈપ, મેટલ વગેરે" ખર્ચના મથાળે રૂ. ૩૦,૦૦૦(અંકે રૂપિયા ત્રીસ હજાર પૂરા)ની વધુ જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૧૦૭. જૂન ૧૯૭૮થી ઑર્ડિ. ૧૨૦-એફ અન્વયે બી.એ.(સબો.)માં સંસ્કૃતનું શિક્ષણકાર્ય બંધ કરવા માટે પરવાનગી માંગતા દેસાઈ સી. એચ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામના આચાર્યના તા. ૧૯-૪-૧૯૭૭ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિચારણા કરીને પોતાનો લેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) આચાર્ય સી. એલ. શાસ્ત્રી
(૨) શ્રી. અંબુભાઈ દેસાઈ

બાબત નં. ૧૦૮ અને ૧૨૮ની વિચારણા સાથે કરવામાં આવી.

૧૦૮. એમ.એ. એક્સ્ટર્નલ પરીક્ષાઓ માટે નોંધાતા વિદ્યાર્થીઓ માટે પરદેશની યુનિવર્સિટીઓમાં વર્ગો ભરવાની (ઑડિટ કરવાની) જોગવાઈ છે તેવી જોગવાઈ યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં જે તે વિષયના વર્ગોમાં હાજરી ભરવા માટે એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓને તે પરવાનગી આપવા માટેના તથા તે માટે તેમની પાસેથી વધારાની ફી લેવા અંગે સમાજવિદ્યા ભવન તરફથી આવેલ સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

૧૨૮. બી.એ., બી.એસસી. અને બી.કૉમ.ની પરીક્ષાઓમાં ત્રીજા વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થીઓને પણ નિયમિત વિદ્યાર્થી તરીકે પદવી પરીક્ષામાં મુખ્ય વિષય રાખ્યો હોય તે વિષય લેવાની શરતે એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ આપવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૮-૧૯૭૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (ઍકેડેમિક કાઉન્સિલ બાબત ક્રમાંક ૧૮ અને ૨૭).

તે પછી બાબત નં. ૧૨૮ અંગે ઠરાવવામાં આવ્યું કે ઍકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સુધારેલા ઑર્ડિ. એમ.એ. ૧, એમ.એસસી. ૧ અને એમ. કૉમ. ૧ મંજૂર કરવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

બાબત નં. ૧૨૮ ઉપર કરવામાં આવેલો ઠરાવ જોતાં બાબત નં. ૧૦૮ અંગે કશું કરવાની જરૂર રહી નહીં.

૧૦૯. નીચેની બાબતોની નોંધ લેવા બાબત :

(૧) ગુજરાત રાજ્ય સચિવાલય, ગાંધીનગરના શિક્ષણ ખાતાના ઠરાવ નંબર આઈએએસ. ૧૦૭૭-૪૩૩૨૫-કેએચ તા. ૮-૭-૧૯૭૭ થી ગુજરાત યુનિવર્સિટીના આઈ.એ.એસ.ના તાલીમાર્થીઓ માટે લેંગ્વેજ લેબોરેટરીની તાલીમ માટે વધારાના અનુદાનની રૂ. ૧,૧૦૦ (રૂપિયા પંદરસો પૂરા)ની રકમ મંજૂર કર્યાની;

(૨) ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે જાન્યુઆરી ૧૯૭૮ ના અરસામાં યોજાનાર ઈન્ડિયન સાયન્સ કૉંગ્રેસના અધિવેશન માટે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે તેના પત્રાંક Resolution No. U.G.C. 1177/356/2 તા. ૧૮-૭-૧૯૭૭ થી રૂ. ૩૦,૦૦૦ (અંકે રૂપિયા ત્રીસ હજાર પૂરા)નું અનુદાન મંજૂર કર્યાની;

(૩) ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે જાન્યુઆરી ૧૯૭૮ માં યોજાનાર ઈન્ડિયન સાયન્સ કૉંગ્રેસ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧૩-૭-૧૯૭૭ના પત્ર ક્રમાંક એફ. ૩-૩-૭૭(એફ.આઈ.પી.)થી ગુજરાત યુનિવર્સિટીને રૂ. ૧૦,૦૦૦ની આર્થિક સહાય મંજૂર કર્યાની;

(૪) ડૉ. બિહારીલાલ કનૈયાલાલ તરફથી અગાઉ માયક્રોબાયોલોજીના સંશોધન અર્થે ડૉ. બિહારીલાલ કનૈયાલાલ માયક્રોબાયોલોજી ભવન અંગે રૂ. ૩,૦૦,૦૦૦ નું પ્રદાન સ્વીકારવાની એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૯--૧૧--૧૯૭૬ ની સભામાં મંજૂર થયું હતું તે અંગે તેઓએ હવે રૂ. ૩,૩૦,૦૦૦નું કૉન્ટ્રિબ્યુશન આપવાનું મંજૂર કર્યાના તેઓના તા. ૧૪--૭--૧૯૭૭ના પત્રની;

(૫) યુનિવર્સિટીને યુ. ગ્રા. કમિશન તરફથી દર વર્ષે અનએસાઈન્ડ ગ્રાન્ટ મળે છે તે ફકત યુનિ. ના અનુસ્નાતક વિદ્યાભવનોના શિક્ષકો માટેની જ છે તે અંગેના કમિશનના તા. ૨૯--૭--૭૭ ના પત્ર ક્રમાંક એફ. ૧૮--૧--૭૬ (ડી. ૪--એ) ની;

(૬) શિક્ષકોને છૂટા કરવાની બાબતમાં યુનિવર્સિટીએ ધડેલા ઑર્ડિ. ૧૨૦-ડી-ઈ ની સાર્થકતાને પડકારતી રિટ પિટિશન (સ્પે. સી.એ. ક્રમાંક ૪૫--૭૩) નડિયાદ એજ્યુકેશન બોર્ડે કરેલી તે તેણે પાછી ખેંચી લીધી છે તેની;

(૭) કૉલેજના જોડાણની બાબતમાં ઊંઝા એજ્યુકેશન બોર્ડે બાર કાઉન્સિલ તેમ જ યુનિવર્સિટી વિરુદ્ધ ગુજરાત હાઈકોર્ટમાં કરેલી રિટ પિટિશન (સ્પે. સી.એ. ક્રમાંક ૬૬૬--૭૭) સદરહુ બોર્ડે પાછી ખેંચી લીધી છે તેની;

(૮) આ યુનિવર્સિટીની અમદાવાદની (૧) એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીમાં ચાલતા ડિપ્લોમા કોર્સ માટે જૂન ૧૯૭૭માં પૂરા થતા વર્ષ માટે ૧૧૦ની પ્રવેશમર્યાદા અને જૂન ૧૯૭૭થી શરૂ થતા ૧૯૮૦માં પૂર્ણ થતા ત્રણ વર્ષ માટે ૧૦૦ની પ્રવેશમર્યાદા તેમ જ (૨) ખંભાતની ફાર્મસી કૉલેજમાં ડિપ્લોમા કોર્સ માટે જૂન ૧૯૮૦ સુધીના ચાર વર્ષ માટે ૬૦ની પ્રવેશમર્યાદા નક્કી કરતા અને બન્ને કૉલેજો દ્વારા ચલાવાતા ડિપ્લોમા કોર્સને માન્યતા અંગે ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના તા. ૩૦--૩--૧૯૭૭ના પત્રાંક ૧૭--૧--૧૯૭૭ પીસીઆઈ-૩ની;

(૯) ચાલુ શૈક્ષણિક વર્ષથી નીચેની કૉલેજોએ એન.એસ.એસ. એકમ ચલાવવાની અનિચ્છા દર્શાવતાં તેમની સામે દર્શાવેલ કૉલેજોને નવા એકમ ફાળવવામાં આવ્યા છે તેની:

એકમ બંધ કરનાર કૉલેજ	નવો એકમ ફાળવવામાં આવેલ કૉલેજ
૧. પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ, જિ. ખેડા ૫૦ સંખ્યાનો અડધો એકમ	એમ. જી. સાયન્સ કૉલેજ, અમદાવાદ આખો એકમ
૨. સાવલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સાવલી (આખાનો અડધો એકમ)	
૩. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા આખાનો અડધો એકમ	જે. બી. ડાકર કૉમર્સ કૉલેજ, ભૂજ (કચ્છ) અડધાનો આખો એકમ

(૧૦) યુનિવર્સિટીના કર્મચારીઓ રાજ્ય સરકારના કર્મચારીઓના પેરાગ્રે સરકારી હૉસ્પિટલમાં તથા મ્યુનિસિપલ દવાખાનામાં તબીબી સહાયને પાત્ર છે તેમ દર્શાવતા ડાયરેકટરેટ ઑફ હેલ્થ સરવીસીઝ-ના પત્રાંક ડી--૨/એમ.ટી. યુનિવર્સિટી/૧૯૭૭ ૨--૭--૧૯૭૭ ના પત્ર બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતોની નોંધ લેવી.

૧૧૦. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮--૮--૧૯૭૭ની સભામાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનોની નીચેની જગ્યાઓ માટેની વરણીસમિતિઓની ભલામણો અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણો પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	ભવન	જગ્યાનું નામ	કેટલી જગ્યા	વરણીસમિતિની તારીખ
૧.	ભાષા-સાહિત્ય ભવન	પ્રોફેસર ઑફ ઇંગ્લિશ	એક જગ્યા	૧૧--૭--૧૯૭૭
		લેક્ચરર ઇન ઇંગ્લિશ	બે જગ્યા	૧૧--૭--૧૯૭૭
		પ્રોફેસર ઑફ હિન્દી	એક જગ્યા	૧૩--૭--૧૯૭૭
		લેક્ચરર ઇન હિન્દી	બે જગ્યા	૧૩--૭--૧૯૭૭
		પ્રોફેસર ઑફ ગુજરાતી	એક જગ્યા	૧૧--૭--૧૯૭૭
		રીડર ઇન ગુજરાતી	એક જગ્યા	૧૧--૭--૧૯૭૭
૨.	સમાજવિદ્યા ભવન	પ્રોફેસર ઑફ હિસ્ટરી	એક જગ્યા	૧૪--૭--૧૯૭૭
		રીડર ઇન હિસ્ટરી	એક જગ્યા	૧૪--૭--૧૯૭૭
		લેક્ચરર ઇન હિસ્ટરી	એક જગ્યા	૧૪--૭--૧૯૭૭
		રીડર ઇન ઇકોનોમિક્સ	બે જગ્યા	૧--૮--૧૯૭૭
		લેક્ચરર ઇન ઇકોનોમિક્સ	એક જગ્યા	૧--૮--૧૯૭૭
		પ્રોફેસર ઑફ સોશિયોલોજી	એક જગ્યા	૪--૮--૧૯૭૭
		રીડર ઇન સોશિયોલોજી	એક જગ્યા	૪--૮--૧૯૭૭
		લેક્ચરર ઇન જોગ્રોફી	એક જગ્યા	૧૪--૮--૧૯૭૭
૩.	ભાષા-સાહિત્ય ભવન	પ્રોફેસર ઑફ સંસ્કૃત	એક જગ્યા	૧૦--૮--૧૯૭૭
		લેક્ચરર ઇન સંસ્કૃત	એક જગ્યા	૧૦--૮--૧૯૭૭
		લેક્ચરર ઇન ગુજરાતી	બે જગ્યા	૪--૮--૧૯૭૭
૪.	વિજ્ઞાન	પ્રોફેસર ઑફ ફિઝિક્સ	એક જગ્યા	૨--૮--૧૯૭૭
		રીડર ઇન ફિઝિક્સ	એક જગ્યા	૨--૮--૧૯૭૭

સદરહુ બાબતના સંદર્ભમાં બાબત નં. ૧૨૪ માં જણાવેલ શ્રી. નરહરિ પરીખના પેટાપ્રસ્તાવ નં. (૩) પર પણ સાથે વિચારણા કરવામાં આવી તથા આચાર્ય બી. એમ. પીરજાદાનો તા. ૧૮--૮--૧૯૭૭નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

૧૨૪(૩). આથી ઠરાવવામાં આવે છે કે હાલ યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં ખાલી પડેલી કે નવી કોઈ પણ શૈક્ષણિક જગ્યાઓ ભરવી નહિ.

સદરહુ બાબત અંગે લાંબાણ ચર્ચાવિચારણા થઈ તે દરમિયાન શ્રી. કે. એસ. શાસ્ત્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના જુદા જુદા વિભાગોના શિક્ષકોના કાર્યબોજના સંદર્ભમાં નવી નિમણૂકોની જરૂરિયાત જોઈ-તપાસીને પોતાનો હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી અને સદરહુ સમિતિના હેવાલ ઉપર વિચારણા કરીને આખરી નિર્ણય લેવાય તે દરમિયાન સદરહુ જગ્યાઓ ઉપરની નિમણૂકો અંગેની ભલામણો પર વિચારણા કરવાનું મોકૂફ રાખવામાં આવે :

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ
૨. આચાર્ય કે. એન. શાહ
૩. ડૉ. એમ. એન. દેસાઈ.

શ્રી. કે. એસ. શાસ્ત્રીના સદરહુ પ્રસ્તાવ પર કેટલીક વિચારણાને અંતે મત લેવામાં આવતાં તે વધુમતે નામંજૂર કરવામાં આવ્યો.

તે પછી લંબાણ ચર્ચાવિચારણાને અંતે વધુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ પ્રોફેસર ઓફ ઇંગ્લિશની જગ્યા પર ડૉ. આર. ઓ. માલાગ્રીની નિમણૂક રૂ. ૧,૧૦૦-૬૦-૧,૮૦૦-૧૦૦-૨,૦૦૦-૧૨૫/૨-૨,૧૦૦ ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૫૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(૨) સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ લેકચરર ઇન ઇંગ્લિશની બે જગ્યાઓ પૈકી એક જગ્યા પર ડૉ. (કુ.)એ.આઈ. અમીનની નિમણૂક રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૫૦-૧,૩૦૦-એસેસમેન્ટ-૫૦-૧,૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(૩) સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ પ્રોફેસર ઓફ હિન્દીની જગ્યા પર ડૉ. એ. એસ. નાગરની નિમણૂક રૂ. ૧,૧૦૦--૬૦-૧,૮૦૦-૧૦૦-૨,૦૦૦-૧૨૫/૨-૨,૧૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૬૮૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(૪) સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ લેકચરર ઇન હિન્દીની બે જગ્યાઓ પર ડૉ. આર.જી. ગુપ્તા અને શ્રી. આર.ડી. ચૌધરીની નિમણૂક રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૫૦-૧,૩૦૦-એસેસમેન્ટ-૫૦-૧,૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦ થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(૫) સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ પ્રોફેસર ઓફ ગુજરાતીની જગ્યા પર ડૉ. આર. જે. જોષીની નિમણૂક રૂ. ૧,૧૦૦-૬૦-૧,૮૦૦-૧૦૦-૨,૦૦૦-૧૨૫/૨-૨,૧૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૧૬૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(૬) સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ રીડર ઇન ગુજરાતીની જગ્યા પર ડૉ. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની નિમણૂક રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦-એસેસમેન્ટ-૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧૨૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(૭) સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ પ્રોફેસર ઓફ હિસ્ટરીની જગ્યા પર ડૉ. આર. કે. ધારેપાની નિમણૂક રૂ. ૧,૧૦૦--૬૦-૧,૮૦૦-૧૦૦-૨,૦૦૦-૧૨૫/૨-૨,૧૦૦ ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૧૬૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(૮) સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ રીડર ઇન હિસ્ટરીની જગ્યા પર શ્રી. આર. એલ. રાવળની નિમણૂક રૂ. ૧,૨૦૦-

-૧૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦-એસેસમેન્ટ-૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૨૧૦ થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(૯) સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ લેક્ચરર ઇન હિસ્ટરીની જગ્યા પર ડૉ. (કુ.) ઉષા જ. ભટ્ટની નિમણૂક રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૧૦-૧,૩૦૦-એસેસમેન્ટ-૧૦-૧,૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦ થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(૧૦) રીડર ઇન ઇકોનોમિક્સ (Econometrics/Quantitative Methods)ની બે જગ્યાઓ પૈકી એક જગ્યા માટે ડૉ. ઇન્દિરા એ. હીરવેની નિમણૂક કરવા માટે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલે કરેલી ભલામણ, Econometrics Quantitative Methodsની વિશિષ્ટ જરૂરિયાત(Speciality requirements)ને અનુલક્ષીને, મંજૂર કરવી નહીં અને સદરહુ બે જગ્યાઓ પૈકી એક જગ્યા પર શ્રી. બી. બી. જાનીની નિમણૂક રૂ. ૧૨૦૦-૧૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦-એસેસમન્ટ-૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૨૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(૧૧) સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ લેક્ચરર ઇન ઇકોનોમિક્સની જગ્યા પર શ્રી. પી. સી. વોરાની નિમણૂક રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૧૦-૧,૩૦૦-એસેસમેન્ટ-૧૦-૧,૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(૧૨) સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ પ્રોફેસર ઑફ સોશિયોલોજી(રિસર્ચ મેથોડોલોજી)ની જગ્યા પર ડૉ. વી. પી. શાહની નિમણૂક રૂ. ૧,૧૦૦-૬૦-૧,૮૦૦-૧૦૦-૨,૦૦૦-૧૨૫/૨-૨,૧૦૦ ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૬૨૦ થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(૧૩) સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ રીડર ઇન સોશિયોલોજીની જગ્યા પર ડૉ. ઈ. જે. મશીલીની નિમણૂક રૂ. ૧,૨૦૦-૧૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦-એસેસમેન્ટ-૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૨૧૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(૧૪) સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ લેક્ચરર ઇન જિયોગ્રોફીની જગ્યા પર ડૉ. કે. એમ. કુલકર્ણીની નિમણૂક રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૧૦-૧,૩૦૦-એસેસમેન્ટ-૧૦-૧,૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(૧૫) સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ પ્રોફેસર ઑફ સંસ્કૃતની જગ્યા પર ડૉ. ઓસ્તર એ. સોલોમનની નિમણૂક રૂ. ૧,૧૦૦-૬૦-૧,૮૦૦-૧૦૦-૨,૦૦૦-૧૨૫/૨-૨,૧૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૬૮૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(૧૬) સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ લેક્ચરર ઈન સંસ્કૃતની જગ્યા પર ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યાની નિમણૂક રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૫૦-૧,૩૦૦-એસેસમેન્ટ-૫૦-૧,૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦ થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(૧૭) સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ લેક્ચરર ઈન ગુજરાતીની બે જગ્યા પર ડૉ. સુમનચન્દ્ર જી. શાહ અને શ્રી. ધીરુભાઈ આઈ. પરીખની નિમણૂક રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૫૦-૧,૩૦૦-એસેસમેન્ટ-૫૦-૧,૬૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦ થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(૧૮) સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ પ્રોફેસર ઑફ ફિઝિકસ(Ionosphere)ની જગ્યા પર ડૉ. કે. એમ. કોટડિયાની નિમણૂક રૂ. ૧,૧૦૦-૬૦-૧,૪૦૦-૧૦૦-૨,૦૦૦-૧૨૫/૨-૨,૧૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૬૨૦ થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(૧૯) સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ રીડર ઈન ફિઝિકસ(Theoretical Solid State Physics)ની જગ્યા પર ડૉ. વી. બી. ગોવિલની નિમણૂક રૂ. ૧,૨૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦-એસેસમેન્ટ-૬૦-૧,૯૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૨૦૦ થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિઓની ભલામણોની નકલ **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.)

૧૧૧. સ્કૂલ ઑફ લૉમાં નિમાયેલા નીચેના શિક્ષકોને સેન સમિતિનાં પગારધોરણોમાં તેઓને જે પગાર મળતો હતો તે ધ્યાનમાં લઈને પગાર નક્કી કરવા અંગે આવેલી તેઓની અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો તથા વિભાગ	જોડાયા તારીખ	જોડાયા ત્યારે મળતો મૂળ માસિક પગાર
૧.	શ્રી. બી. એમ. શુકલ	કાયદાશાસ્ત્રના રીડર	૧૧-૬-૧૯૭૭	રૂ. ૧,૨૦૦
૨.	શ્રી. એસ. પી. તેરેદેસાઈ	કાયદાશાસ્ત્રના વ્યાખ્યાતા	જોડાયા નથી	રૂ. ૭૦૦

(**નોંધ.**—ઉપરોકત બાબત પરત્વે રાજ્ય સરકારના સંયુકત શિક્ષણનિયામકના તા. ૯-૨-૧૯૭૭ના પત્રથી ગુજરાત રાજ્યની કોઈ કૉલેજ કે યુનિવર્સિટીમાંથી નવાં આ પગારધોરણોના અમલ કરવાનું સરકારશ્રીએ ઠરાવેલ છે ત્યાંથી જો શિક્ષક આવતા હોય તો તેનો છેલ્લો પગાર માન્ય રાખી શકાય તેમ જણાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એમ. શુકલનો મૂળ માસિક પગાર રૂ. ૧,૨૦૦ને બદલે રૂ. ૧,૪૮૦ નિયત કરવો અને તેનો અમલ તા. ૧૧-૬-૧૯૭૭થી કરવો અને શ્રી. એસ. પી. તેરેદેસાઈનો મૂળ માસિક પગાર રૂ. ૭૦૦ને બદલે રૂ. ૯૪૦ નિયત કરવો અને તેનો અમલ તેઓ જોડાય તે તારીખથી કરવો

૧૧૨. બાંધકામ સમિતિની તા. ૧૫--૮--૧૯૭૭ ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૫--૮--૧૯૭૭ની સભાની ભલામણો વધુમતે મંજૂર કરવી.

(**નોંધ.**—સદરહુ સમિતિની **તા.** ૧૫--૮--૧૯૭૭ની સભાની ભલામણ નં. ૪ વધુમતે મંજૂર કરવામાં આવી હતી.)

(સદરહુ સમિતિની તા. ૧૫--૮--૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૧૧૩. ગુજરાત સરકારે બિનસરકારી કૉલેજનાં આર્થિક પાસાંઓ અંગેના પ્રશ્નો તપાસવા ડૉ. પોલના અધ્યક્ષપદે નીમેલ સમિતિએ કરેલ ભલામણો પરત્વેના સરકારશ્રીના નિર્ણયોની જાણ કરતા ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ તરફથી આવેલા તા. ૨૭ જુલાઈ, ૧૯૭૭ ના સરકારી ઠરાવ ક્રમાંક એન. જી. સી.--૧૩૭૭ ખની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના વહીવટી ખર્ચ તથા તેના શિક્ષકવર્ગ અને બિન-શિક્ષકવર્ગના કર્મચારીઓની ગ્રેચ્યુઈટી, ઇત્યાદિ પ્રશ્નો અંગે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે કુલપતિશ્રીના અધ્યક્ષપદે નીચેના સભ્યોનું પ્રતિનિધિમંડળ નીમવું :

૧. કુલપતિશ્રી
૨. આચાર્ય એસ. આર. ભટ્ટ
૩. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૪. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૫. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૬. વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી.

૧૧૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૭--૮--૧૯૭૭ ના રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૧૭--૮--૧૯૭૭ની સભાની નીચેની બાબતો ઉપરની ભલામણો મંજૂર કરવી :

બાબત ક્રમાંક ૨, ૩, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭.

બાકીની ભલામણો અંગ નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૪) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાના જે શિક્ષકો ૧૯૭૬--૭૭ના વર્ષમાં અનુસ્નાતક શિક્ષકો/મદદનીશ અનુસ્નાતક શિક્ષકો તરીકે માન્ય થયેલા હોય તેમની માન્યતા વધુ બે વર્ષ માટે એટલે કે ૧૯૭૭--૭૮ અને ૧૯૭૮--૭૯ના વર્ષ માટે ચાલુ રાખવી.

(૫), (૬) બાબત નં. ૫ અને ૬ સદરહુ બોર્ડ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલી હોઈ તે કાઉન્સિલની ભલામણની રાહ જોવી.

(૭) સદરહુ બોર્ડની બાબત નં. ૭ ઉપરની ભલામણની નોંધ લેવી.

સદરહુ બોર્ડની તા. ૧૭--૮--૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ " ડ "** તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહની સંમતિથી ચાલુ વર્ષ દરમિયાન દિવાળીની અને નાતાલની રજા અંગે વિચારણા કરવામાં આવી.

૧૧૪—અ તે પછી ઠરાવવામાં આવ્યું કે ચાલુ વર્ષે દિવાળીના તહેવારોને અનુલક્ષીને દિવાળીનું વેકેશન તા. ૩૦મી ઑકટોબરથી ૨૦ મી નવેમ્બર સુધી રાખવું અને ભારતીય વિજ્ઞાન પરિષદનું આગામી અધિવેશન આ યુનિવર્સિટીના ઉપક્રમે અમદાવાદ ખાતે મળી રહ્યું છે તેના ઉપલક્ષમાં સ્થાનિક કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનો માટે નાતાલની રજાઓ રદ કરવી અને તેને બદલે ૧લી જાન્યુઆરી ૧૯૭૮થી ૮મી જાન્યુઆરી ૧૯૭૮ સુધી રજાઓ રાખવી.

૧૧૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ગુજરાત રાજ્યના શિક્ષણ ખાતાના તા. ૨૭--૭--૧૯૭૭ના સરકારી ઠરાવ ક્રમાંક એનજીસી-૧૩૭૭-અ અન્વયે સંલગ્ન શિક્ષણની કૉલેજોમાં વિદ્યાર્થી : શિક્ષક પ્રમાણ ૧૨ : ૧ રાખવા અંગેની જોગવાઈ ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી સ્વીકાર્યાના;

(૨) સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્રના વ્યાખ્યાતાની વરણીસમિતિના સભ્ય શ્રી. એમ. બી. દેસાઈની ગેરહાજરીના કારણે આ જ સમિતિના પ્રો. જે. સી. સાંડેસરાને વરણીસમિતિની તા. ૧--૮--૧૯૭૭ના રોજ મળેલી સભામાં હાજર રાખ્યાના;

(૩) "હરિ ૐ આશ્રમ પ્રેરિત કવિ નાનાલાલ દલપતરામ ગુજરાતી પ્રતિભા શોધ પારિતોષિક યોજના" અંગેનું કામ આ સભાગૃહના તા. ૨૦--૧૨--૧૯૭૫ના ઠરાવ અન્વયે ગુજરાત વિદ્યાપીઠને સોંપવામાં આવ્યું હતું. વિદ્યાપીઠે એ કામ ચાલુ રાખવાની અશકિત જાહેર કરી એટલે એ કાર્ય ભાષા-સાહિત્ય ભવનમાં ગુજરાતી વિભાગને સોંપ્યાના;

(૪) કૉમ્પ્યુટર સેન્ટરમાં સીનિયર ઓપરેટર તરીકે કામ કરતા શ્રી. પી. પી. મહેતાને તેઓના રૂ. ૪૨૫--૭૦૦ના પગારધોરણને અનુલક્ષીને અધિક સમયના ભથ્થાનો કલાકનો રૂ. ૩--૫૦નો દર તા. ૧૩--૬-૧૯૭૭ થી મંજૂર કર્યાના;

(૫) સુધારેલા ઑ. ૧૨૦--બી અન્વયે ૧૯૭૭--૭૮ના શૈક્ષણિક વર્ષ માટે કૉલેજની ગુરુતમ વિદ્યાર્થી-સંખ્યા ૧૧૫૦ નિયત કરવામાં આવી હતી પરંતુ રાજ્ય સરકારે તેના તા. ૩૦--૭--૧૯૭૭ના સરકારી ઠરાવ ક્રમાંક એનજીસી-૧૩૭૭-૩૦૩૩૩--ખથી તે સુધારેલ હોઈ સદરહુ સરકારી ઠરાવ સ્વીકાર્યાના;

(૬) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને કન્ટિન્યૂઇંગ પ્રોગ્રામ હેઠળ રશિયન, જાપાનીસ, જર્મન, અને અરેબિક પરદેશી ભાષાઓ પ્રત્યેક માટે મંજૂર કરેલ નીચે દર્શાવેલ અંદાજી ખર્ચ મંજૂર કર્યો તે

પ્રમાણે તથા તે પૈકી અરેબિક ભાષાના વર્ગો સેન્ટર ફોર પ્રોફેશનલ ટ્રેનિંગના ઉપક્રમે ગુજરાત કૉલેજમાં ચલાવવા મંજૂર કર્યાના :

	Rs.
100 hrs × Rs. 20 per hrs	2,000–00
Books and Translation Materials	600–00
Contigencies and Services	700–00
	Rs. 3,300–00

(૭) એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬–૬–૧૯૭૬ની સભામાં વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર–લેક્ચરર ઈન બોટાનીની જગ્યા માટેની વરણીસમિતિ પર શ્રી. એ. આર. મહેતાને બદલે શ્રી. આર. એસ. મહેતા છપાયું છે તે છાપભૂલ સુધારવાના;

(૮) હરિ ૐ આશ્રમના દાનથી તૈયાર થતા વિજ્ઞાનકોશ લેઠળ તૈયાર થયેલ ગણિતશાસ્ત્રની હસ્તપ્રતને મુદ્રણ તથા બાઈન્ડિંગ માટે આણંદ મિશન પ્રેસ, આણંદને તેમના તા. ૨–૬–૧૯૭૭ના પત્રમાં જણાવ્યા મુજબના દરે સોંપ્યાના;

[**નોંધ**—ગણિતશાસ્ત્ર વિજ્ઞાનકોશનું કામ ખાસ પ્રકારનું છે. આણંદ મિશન પ્રેસ આવા કામ માટે અદ્યતન મશીનરી, ટાઈપ ધરાવે છે. આથી તે કામ ઝડપી અને ઉત્કૃષ્ટ બને તે હેતુથી સદરહુ પ્રેસને આ કામ નીચેના દરે અને શરતોથી આપવાનું ઠરાવ્યું છે :

(૧) કંપોઝ અને પ્રિન્ટિંગના ૧/૮ રોયલ કદના એક પાનાના ભાવ રૂ. ૪૧/–, ૩,૦૦૦ નકલના.

(૨) બાઈન્ડિંગ ફુલ ક્લોથ—પ્રત્યેક નકલના રૂ. ૨–૧૦ કવર પર ફાઈલ એમ્બોઝ કરવાના ૧ સ્કવેર ઈંચના રૂ. ૦–૦૧ પૈસા (ક્લોથ બાઉન્ડ ઉપરનું સ્ક્રીન પ્રિન્ટિંગ તથા ગોલ્ડ એમ્બોઝિંગ યુનિવર્સિટી પ્રેસમાં કરવાનું રહેશે.)

(૩) જેકેટ ત્રણ રંગમાં—કાગળ સાથે—આર્ટ પેપર પર છાપીને તથા વૉર્નિશ કરીને રૂ. ૧,૧૦૦/– (ત્રણ હજાર નકલના)

(૪) ગાણિતિક નવી જ સંજ્ઞા આવે તો તે માટે પ્રત્યેક મેટ્રિસ દીઠ રૂ. ૬૦/- વધારે આપવાના

(૫) કાગળ (વેસ્ટેજ ૧૫ ટકા ગણીને) તથા બ્લોક યુનિવર્સિટીએ પૂરા પાડવાના રહેશે.]

(૯) એકેડેમિક કાઉન્સિલની તા. ૮–૬–૧૯૭૭ ની સભામાં સુધારવામાં આવેલ ઑર્ડિ. ૧૫૧–સીના મુસદ્દામાં રાજ્ય સરકારના તા. ૨૯–૬–૧૯૭૭ના પત્રાંક યુ.એસ.જી. ૪૨૭૭–કેએચને અનુલક્ષીને તે ઑર્ડિ. ૧૫૧–સી સુધાર્યાના.

[**નોંધ.**—"(*A*) Tuition fees" વાળો ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવામાં આવ્યો છે :

(*A*) **Tition fees**

(1) (*a*) For courses of studies leading to M.A., M.Ed., M.L.W., M.A. / M.Sc. (Mathematics), M.Com., LLM. degree Examinations and Ph.D. degree. ... Rs. 165/—

(*b*) M.A. (Home Science), M.A. (Geography), M.Sc., M.A. (Statistics), M.Pharm., M.D., M.S., All diploma courses in the Medical faculty, M.D.S., M.Sc. (Med.) for non-medical courses, and Ph.D. degree ... Rs. 190/—

(*c*) Diploma in Linguistics ... Rs. 115/—

(*d*) All other diploma courses run at the B. M. Institute, Ahmedabad and Ph.D. degree ... Rs. 165/—

(2) For courses of studies leading to M.B.A. degree Examinations and Ph.D. degree ... Rs. 375/—

(3) M.Sc. (other than Mathematics and Statistics), M.E. and Ph.D. degree. ... Rs. 200/—]

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૧૬. "ગુજરાત યુનિવર્સિટી એફિલિયેટેડ કૉલેજીસ" પ્રિન્સિપાલ્સ એસોસિયેશનની તા. ૧૭ મી જલાઈએ મળેલી સામાન્ય સભામાં થયેલો નીચેનો ઠરાવ સદરહુ એસોસિયેશનના મંત્રીશ્રીએ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત :

ઠરાવ :

ત્રણ વિદ્યાશાખાનું એકીકરણ ત્રણ વર્ષ પછી જ કરવું અને ત્યારે પણ ફાજલ થતા આચાર્યનું પગારધોરણ વગેરે રક્ષિત ગણવું. ગુજરાત યુનિવર્સિટીને વિનંતી કરવામાં આવે છે કે ઑર્ડિનન્સ ૧૩૦--બીને હાલ મુલતવી રાખવો.

(**નોંધ.**—ઠરાવમાં 'ઑર્ડિ. ૧૨૦--બી'ને બદલે 'ઑર્ડિ. ૧૩૦--બી' લખ્યું છે.)

સદરહુ બાબતના સંદર્ભમાં આ પ્રકારના આચાર્ય એસ. આર. ભટ્ટના પ્રસ્તાવ અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮--૮--૧૯૭૭ની સભામાં ઠરાવ ક્રમાંક ૧૯ થી નોંધ લીધાની સભાગૃહને જાણ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૧૭. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨૯ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૧૮. The United States Educational Foundation in Indiaની Research scholar grant for post-doctoral research in the U.S. for 1978-79 માટે મજૂર કલ્યાણ શિક્ષણ વિભાગના વડા પ્રો. પરેશ મજમુદારની અરજી યુનિવર્સિટી મારફતે મોકલી આપવા અંગે ભવનના અધ્યક્ષની ભલામણથી આવેલી તેમની વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

અરજી મોકલવાની શરત

Only those who can obtain leave from their institutions will be permitted to apply for these grants. Candidates must apply through proper channels.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના મજૂર કલ્યાણ વિભાગના પ્રાધ્યાપક ડૉ. પરેશ મજમુદારની અરજી યોગ્ય ભલામણ સાથે United States Educational Foundation in Indiaને મોકલી આપવી તથા તે અંગે ભારત સરકારને ઘટતી જાણ કરવી.

૧૧૯. યુનિવર્સિટીની માર્ચ/એપ્રિલ ૧૯૭૭ની પરીક્ષાઓના પરીક્ષકો-પ્રાધ્નિકોને મહેનતાણું ચૂકવવાની બાબતમાં વિચારણા કરવા માટે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના અને વિદ્યાભવનોના શિક્ષકોને માર્ચ-એપ્રિલ ૧૯૭૭ની પરીક્ષાઓ માટે ૨૫૦ સુધીની ઉત્તરવહીઓ તપાસવા માટે કશો પુરસ્કાર આપવો નહીં પરંતુ ૨૫૦ ઉપરાંતની જે બીજી ઉત્તરવહીઓ જેમણે તપાસી હોય તેમને યુનિવર્સિટીએ નિયત કરેલા દરે પુરસ્કાર આપવો.

૧૨૦. ઑક્ટોબર ૧૯૭૭ માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાધ્નિકો-પરીક્ષકોની નિમણૂકો કરવા માટે જુદી જુદી વિદ્યાશાખાઓની જે તે પરીક્ષાસમિતિઓએ કરેલી ભલામણો અને તે અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણો પરત્વે વિચારણા કરીને પ્રાધ્નિકો-પરીક્ષકોની નિમણૂકો કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા ઉપર બાબત નં. ૪૯ હેઠળ કરવામાં આવેલી હોઈ વિશેષ કરવાપાયું રહ્યું નહીં.

૧૨૧. પગાર (માનનીય શ્રી દેસાઈ) પંચના હેવાલને આધારે સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓના બિનશિક્ષક કર્મચારીગણના સુધારેલા પગારધોરણ બાબતમાં ઊભા થતા પ્રશ્નો અંગે વિચારણા કરીને ભલામણો રજૂ કરવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦-૩-૧૯૭૭ની સભામાં નિયુક્ત કરેલ સમિતિની તા. ૨૧-૬-૧૯૭૭ના રોજ મળેલ સભાએ એકાઉન્ટન્ટ(હિસાબનીશ)ના પગારધોરણ અંગે કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

> "ચર્ચાવિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજોમાં કામ કરતા બિનશિક્ષક વર્ગના જુદી જુદી કક્ષાના કર્મચારીઓ માટે પગારધોરણ નિયત થયાં છે. પરંતુ એકાઉન્ટન્ટ માટેનું પગારધોરણ નિયત કરવાનું બાકી હોઈ સંલગ્ન કૉલેજોમાં એકાઉન્ટન્ટ(હિસાબનીશ)ની જગ્યા ઉપર કામ કરતા કર્મચારીને રૂ. ૪૨૫-૧૧-૫૦૦ ઈ.બી. ૧૧-૧૬૦-૨૦-૩૦૦ ઈ.બી.૨૧-૮૦૦નું પગારધોરણ આપવા આ સભા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે તથા ભવિષ્યમાં આ જગા ઉપર જે કર્મચારીની નિમણૂક થાય તેમના માટે બી.કૉમ.ની શૈક્ષણિક લાયકાત નક્કી કરવામાં આવે છે. આ સુધારેલું પગારધોરણ રાજ્ય સરકાર અનુદાનને પાત્ર ગણે ત્યાર બાદ આપવાનું રહેશે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૨૨. સંલગ્ન કૉલેજ/માન્ય સંસ્થાઓના શિક્ષકો/બિનશિક્ષક કર્મચારીઓની સેવાની શરતો ઇત્યાદિ અંગે જે પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરીને ભલામણ કરવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની તા. ૧૮-૭-૧૯૭૭ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૮--૭--૧૯૭૭ની સભાની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

"બાબત નં. ૬ થી કરવામાં આવેલી ભલામણ અંગે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવી અને રાજ્ય સરકારની મંજૂરી મળ્યેથી તેના અમલ કરવાનું રાખવું."

(સદરહુ સમિતિની તા. ૧૮--૭--૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ણ"** તરીકે સામેલ છે.)

૧૨૩. યુનિવર્સિટીના ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન શ્રી. વી. પી. મહેતા જેઓ ૬૦ વર્ષ પૂરાં થયે તા. ૧૮--૮--૧૯૭૭ના રોજ નિવૃત્ત થાય છે તેમની નિવૃત્તિની તારીખ, રાજ્ય સરકારના જી.આર. ને અનુલક્ષીને, તે માસના અંત સુધી, એટલે કે તા. ૩૧--૮--૧૯૭૭ સુધી, રાખ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૨૪. શ્રી. નરહરિ એમ. પરીખ અને આચાર્ય કે. એન. શાહના નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

(ક) શ્રી. નરહરિ એમ. પરીખના પ્રસ્તાવો :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં પ્રવેશ માટે ઇન્ટરવ્યૂની પ્રથા બંધ કરવી. નિયત કરેલી સમયમર્યાદા દરમ્યાન પ્રવેશ માટે જે પ્રવેશપત્ર મળે તેમને સ્નાતક પરીક્ષામાં પ્રાપ્ત કરેલ ગુણ અનુસાર પ્રવેશ આપવો. નિયત સમયમર્યાદા પૂરી થયા બાદ કોઈ વિદ્યાર્થીને પ્રવેશ આપવો નહિ. મેડિકલ અને ઇજનેરી કૉલેજોની પ્રથા અહીંયાં અપનાવવી. વધારામાં ૧૫ ટકા જગ્યાઓ પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે અનામત રાખવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલય માટે બધાં પુસ્તકો, સામયિકો વગેરે યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ સ્ટોર્સ લિ. મારફતે ખરીદવાં.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે હાલ યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં ખાલી પડેલી કે નવી કોઈ પણ શૈક્ષણિક જગ્યાઓ ભરવી નહિ.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ભવનોમાં કામ કરતા શિક્ષકોમાંથી દરેક વિષયવાર દર વર્ષે એક શિક્ષકને આખા વર્ષ દરમિયાન ફક્ત સંશોધનનું કામ જ સોંપવું. બાકીના શિક્ષકોને તે વર્ષે શિક્ષણકાર્ય સોંપવું. આ પ્રમાણે રોટેશનથી દરેક શિક્ષક માટે કરવું.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકે જે શિક્ષકો દસ વર્ષથી અનુસ્નાતક શિક્ષણકાર્ય કરતા હોય તેમને માન્ય કરવા. આ નિયમો હાલના નિયમો ઉપરાંત વધારાના નિયમો તરીકે (*OR*)માં મૂકવા.

(૬) આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક શિક્ષક કે મદદનીશ શિક્ષક તરીકે માન્યતા માટે જરૂરી સંશોધન લેખોને બદલે જે શિક્ષકો, અનુસ્નાતક શિક્ષકો કે મદદનીશ શિક્ષકની માન્યતા પાંચ વર્ષથી ધરાવતા હોય તેમને અનુસ્નાતક શિક્ષક કે મદદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવી.

(૭) આથી ઠરાવવામાં આવે છે કે અત્યાર સુધી ખંડ સમયના કૉલેજ--શિક્ષકને પૂર્ણ સમયના શિક્ષકોના પ્રમાણમાં અર્ધું વેતન મળતું હતું. ઉપરાંત અન્ય નાણાકીય સગવડો જેવી કે પી.એફ., એચ.આર.એ. વગેરે મળતું હતું. હવે જ્યારે સેન કમિશનના પગાર અમલમાં આવ્યા છે ત્યારે ઉપરના ન્યાય પ્રમાણે તેમને સેન કમિશન પ્રમાણેનાં પગારધોરણો મુજબ અર્ધો પગાર અને બીજાં ભથ્થાં આપવાં.

(૮) આથી ઠરાવવામાં આવે છે કે પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજને તેમનું જોડાણ પૂરું થયું હોવાથી તેમને નવું જોડાણ મળ્યું નથી તેવી જાહેરાત છાપાઓમાં આપવી.

(ખ) પ્રિન્સિ. કે. એન. શાહ તથા શ્રી. નરહરિ એમ. પરીખના પ્રસ્તાવો :

Resolutions :

(1) If the agenda of Executive Council is not completed in one day it should be continued for the second day also.

(2) Resolved that the admissions to M.B.A. Course should start only after the declaration of the results of all graduate courses (i.e. B.A., B.Com. & B.E., etc.) and should be given according to the Marks in the final examinations. No entrance examination may be held for this purpose.

(3) Fees from Ph.D. students should be taken only for four terms.

(ક) શ્રી. નરહરિ એમ. પરીખના સદરહુ પ્રસ્તાવો અંગે ક્રમવાર નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) યુનિવર્સિટીના વ્યવસ્થાપન વિદ્યાભવન(બિઝનેસ મૅનેજમેન્ટ)ના અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ માટે હાલ જે કાર્યપદ્ધતિ દાખલ કરવામાં આવી છે તે ચાલુ રાખવી; પરંતુ તે સિવાયના અન્ય અભ્યાસક્રમો પૈકી કોઈ પણ અભ્યાસક્રમમાં યુનિવર્સિટીની સંબંધકર્તા પરીક્ષામાં વિદ્યાર્થીને મળેલા ગુણાંકને આધારે જ પ્રવેશ આપવાનું રાખવું અને તેમાં વિદ્યાર્થીની મૌખિક પરીક્ષા (interview) પણ રાખવી નહીં, અને તેનો અમલ બરાબર થાય તે જોવા માટે યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનોના અધ્યક્ષોને જણાવવું.

(૨) સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો નહીં.

આ તબક્કે યુનિવર્સિટી ગ્રંથાલયમાં પુસ્તકોની ખરીદીની બાબતમાં એક સભ્યે કેટલીક રજૂઆત કરી, તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે શી હકીકત છે તે શોધીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે (facts finding) સમિતિ નીચે મુજબ નીમી :

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ

૨. આચાર્ય બી. એમ. પીરજાદા

૩. ડૉ વી. સી. શાહ.

(૩) ઉપર બાબત નં. ૧૧૦ અંગે થયેલી કાર્યવાહી જોતાં સદરહુ પ્રસ્તાવ અંગે વિશેષ વિચારવાપણું રહેતું નથી.

(૪) સદરહુ બાબત અંગે યુનિવર્સિટીની જુદી જુદી વિદ્યાશાખાઓ અને અનુસ્નાતક વિદ્યાભવનોના અધ્યક્ષોનો અભિપ્રાય લખી પુછાવવો.

(૫) સદરહુ પ્રસ્તાવ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અને રિસર્ચની વિચારણા માટે મોકલવો.

(૬) યુનિવર્સિટીએ માન્ય કરેલા અનુસ્નાતક શિક્ષકો અને મદદનીશ શિક્ષકોની માન્યતાની મુદત વધુ બે વર્ષ, એટલે કે ૧૯૭૭–૭૮ અને ૧૯૭૮–૭૯ ના વર્ષ માટે લંબાવવી.

(૭) ઉપર બાબત નં. ૭૦ પર કરવામાં આવેલ ઠરાવ જોતાં સદરહુ બાબત અંગે વિશેષ કરવાપણું રહ્યું નહીં.

(૮) સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

(ખ) આચાર્ય કે. એન. શાહ અને શ્રી. નરહરિ એમ. પરીખના સદરહુ પ્રસ્તાવો અંગે ક્રમવાર નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સદરહુ પ્રસ્તાવની નોંધ લેવી.

(૨) ઉપર ક (૧) અંગે કરવામાં આવેલો ઠરાવ જોતાં સદરહુ બાબત અંગે વિશેષ કરવાપણું રહેતું નથી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે એમ.બી.એ.ના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓના પ્રવેશ અંગે આખરી નિર્ણય લેતાં પહેલાં યુનિવર્સિટીની પદવી પરીક્ષામાં તેમને મળેલા ગુણાંક ધ્યાનમાં લેવા માટે તે ભવનના અધ્યક્ષને જણાવવું.

(૩) સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો નહીં.

૧૨૫. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ આજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો ઉપર તેમ જ પરિનક, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા ૧૯૭૭ના વર્ષ માટેની પરીક્ષા સમિતિની તા. ૧૮–૮–૧૯૭૭ ના રોજ મળેલ નવમી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૮–૮–૧૯૭૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૮–૮–૧૯૭૭ની કાર્યવાહીની નોંધ સામેલ કરવામાં આવી નથી.)

૧૨૬. થર્ડ એમ.બી.બી.એસ. પરીક્ષા માટેનો "પૃથ્વીશ કે. દેસાઈ ચંદ્રક" ઑક્ટોબર અને એપ્રિલમાં લેવામાં આવતી થર્ડ એમ.બી.બી.એસ. પરીક્ષામાં જે વિદ્યાર્થી સૌથી વધુ ગુણ મેળવે તેને એનાયત કરવામાં આવે છે.

ઑક્ટોબર ૧૯૭૬ અને એપ્રિલ ૧૯૭૭ માં લેવાયેલ થર્ડ એમ.બી.બી.એસ. પરીક્ષામાં નીચે જણાવેલ વિદ્યાર્થીઓ એક સરખા ગુણ મેળવતા હોઈ સદરહુ ચંદ્રક કોને એનાયત કરવો તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) બેઠક નંબર ૧૦૮ ઑક્ટોબર ૧૯૭૬—મુનશી સંજય પ્રફુલભાઈ

(૨) બેઠક નંબર ૮૨ એપ્રિલ ૧૯૭૭—શાહ અનિલ શરદકુમાર.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની હકીકત જોતાં વધુ એક ચંદ્રક તૈયાર કરાવીને સદરહુ બેઉ વિદ્યાર્થીઓને એક એક ચંદ્રક આપવાનું રાખવું, અને તે માટે જરૂર જણાય તો યુનિવર્સિટીના ખર્ચે વધારાનો એક ચંદ્રક બનાવવો.

૧૨૭. થર્ડ એલએલ.બી. પરીક્ષાના "શ્રી ગોવિંદલાલ દામોદરદાસ શાહ" તથા "સ્વ. જસ્ટિસ શ્રી. એન.જી. શેલત" સુવર્ણચંદ્રકો જે વિદ્યાર્થી પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં આવે તેને એનાયત કરવામાં આવે છે.

ઑકટોબર ૧૯૭૬ અને એપ્રિલ ૧૯૭૭ માં લેવાયેલ થર્ડ એલએલ.બી. પરીક્ષામાં નીચે જણાવેલ વિદ્યાર્થીઓ સરખા ગુણ મેળવતા હોઈ સદરહુ ચંદ્રકો કોને એનાયત કરવા તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) બેઠક નંબર ૭૭૧ ઑકટોબર ૧૯૭૬—ત્રિવેદી કમલ બાલકૃષ્ણ

(૨) બેઠક નંબર ૭૫૧ એપ્રિલ ૧૯૭૭—રાજુ સૂર્યપ્રકાશ.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની હકીકત જોતાં વધુ એક ચંદ્રક તૈયાર કરાવીને સદરહુ બેઉ વિદ્યાર્થીઓને એક એક ચંદ્રક આપવાનું રાખવું, અને તે માટે જરૂર જણાય તો યુનિવર્સિટીના ખર્ચે વધારાનો એક ચંદ્રક બનાવવો.

૧૨૮. બી.એ., બી.એસસી. અને બી.કૉમ.ની પરીક્ષાઓમાં ત્રીજા વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થીઓને પણ નિયમિત વિદ્યાર્થી તરીકે પદવી પરીક્ષામાં મુખ્ય વિષય રાખ્યો હોય તે વિષય લેવાની શરતે એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ આપવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૮--૯--૧૯૭૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (ઍકેડેમિક કાઉન્સિલ બાબત ક્રમાંક ૧૮ અને ૨૭)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ બી.એ., બીએસસી. અને બી.કૉમ.ની પરીક્ષામાં ત્રીજા વર્ગમાં પાસ થયેલા વિદ્યાર્થીઓને પણ અનુક્રમે એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ના અભ્યાસક્રમમાં પ્રવેશપાત્ર ગણવા, પરંતુ સ્નાતકકક્ષાએ પાસ વર્ગ મેળવતા વિદ્યાર્થીઓ અનુસ્નાતક અભ્યાસ માટે પોતાનો વિષય બદલી શકશે નહીં એમ સ્પષ્ટતા કરવી.

ઉપરના ઠરાવને અનુલક્ષીને સુધારેલા ઑર્ડિનન્સો મંજૂર કરવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

૧૨૯. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૯--૭--૧૯૭૭ની સભાની નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮--૯--૧૯૭૭ ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત (ઍકેડેમિક કાઉન્સિલ બાબત ક્રમાંક ૨૩) :

"આ વિદ્યાશાખા સર્વાનુમતે ઠરાવે છે કે પરીક્ષકો વિવિધ હોય ત્યારે તેમના પરીક્ષણકાર્યમાં એકરૂપતા જળવાય અને સબ્જેકિટવ એલિમેન્ટના પરિણામે વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તે માટે દ્વિતીય વર્ષ બી.કૉમ. અને તૃતીય વર્ષ બી.કૉમ.ની પરીક્ષાઓ માટે મોડરેશનની પદ્ધતિ રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી, અને બી.એ., બી.એસસી.ના બીજા ત્રીજા વર્ષની પરીક્ષાઓ માટે તે પદ્ધતિ અપનાવવી.

૧૩૦. શ્રીમતી ભલીબહેન અરવિંદલાલ ઝાલા મેમોરિયલ ચંદ્રક એમ.એ.ની પદવી પરીક્ષામાં હોમ સાયન્સના વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવનારને એનાયત કરવાનો હોય છે. માર્ચ--એપ્રિલ ૧૯૭૭ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૮૨૬ અને ૮૩૧ને સરખા ગુણાંક મળતા હોઈ આ ચંદ્રક એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— વિદ્યાર્થી નં. પાર્ટ ૧ પાર્ટ ૨ કુલ ગુણ

૮૨૬ ૨૧૦ + ૨૩૬ = ૪૪૬

૮૩૧ ૧૯૧ + ૨૫૧ = ૪૪૬)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની હકીકત જોતાં વધુ એક ચંદ્રક તૈયાર કરાવીને સદરહુ બેઉ વિદ્યાર્થીઓને એક એક ચંદ્રક આપવાનું રાખવું, અને તે માટે જરૂર જણાય તો યુનિવર્સિટીના ખર્ચે વધારાનો એક ચંદ્રક બનાવવો.

૧૩૧. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષ પ્રા. અંબુભાઈ ટી. દેસાઈના નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

(૧) "સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, બરોડા યુનિવર્સિટી વગેરે ગુજરાતની યુનિવર્સિટીઓએ ૧૯૭૫--૭૬ અને ૧૯૭૬--૭૭ના વર્ષની પરીક્ષાઓમાં નિમાયેલ આંતરિક પરીક્ષકોને પરીક્ષાનું મહેનતાણું ચૂકવી દીધું છે, તેમ આપણી યુનિવર્સિટી પણ તે પ્રમાણે ચૂકવી આપવાનું વિચારે તેમ આ સભા ઠરાવે છે."

(૨) "માર્ચ--એપ્રિલ ૧૯૭૭ની પરીક્ષામાં નિમાયેલા કૉલેજ શિક્ષકોને સરકારે સૂચવ્યા પ્રમાણે પરીક્ષાનું મહેનતાણું ચૂકવી આપવાનું આ સભા ઠરાવે છે."

(૩) "સેન પગારધોરણોનો કૉલેજોમાં સંપૂર્ણ રીતે અમલ થતાં પરીક્ષાનું ચૂકવેલ મહેનતાણું (૧૯૭૬-૭૭ના વર્ષનું) મજરે આપવાનું થાય ત્યારે યુનિવર્સિટીએ ઠરાવેલાં ધોરણો પ્રમાણે ૩૦૦ ઉત્તરવહીઓ પરીક્ષક માટે અને ૨૫૦ ઉત્તરવહીઓ પ્રાક્ટિકલ અને પરીક્ષક માટે ન્યૂનતમ પરીક્ષાનો કાર્યભાર ગણીને તેટલી જ રકમ કાપવાની ગણીને તે ઉપરાંતની કાર્યભારની રકમ જે તે પરીક્ષકને ચૂકવવા પાત્ર ગણવા આ સભા ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર બાબત નં. ૧૧૯ પર કરવામાં આવેલો ઠરાવ જોતાં સદરહુ બાબત અંગે વિશેષ વિચારવાપણું રહ્યું નહીં.

૧૩૨. આચાર્ય કે. એન. શાહ અને શ્રી. કે. એસ. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"The Rules regarding Provident Fund, Gratuity, Leaves and other service conditions of teachers in affiliated colleges should be the same as those in the University Departments."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૦૪ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૧૩૩. ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની કૉલેજોમાં સત્ર ફી નિયત કરવા બાબત.

આથી વધુ મને ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોમાં સત્ર દીઠ વિદ્યાર્થીની ટયૂશન ફી રૂ. ૧૧૦--૦૦ (રૂપિયા એકસો પચાસ) રાખવી, અને આ ઠરાવને જૂન ૧૯૭૭થી અમલી થયેલો ગણવો.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ./૬૫૯૬૭/૧૯૭૭
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ--૩૮૦ ૦૦૯.
સપ્ટેંબર ૧૪, ૧૯૭૭.

કં. ચં. પરીખ
કુલસચિવ

પરિશિષ્ટ " ક "
ક્રમાંક ક્રમાંક ૪૦

Ordinance 120--A.

1. In affiliated Arts, Science and Commerce Colleges, there shall be at least one full-time Lecturer in every subject offered at any of the three years of the degree course. In case, however, it is found necessary to appoint a part-time teacher in any subject, not more than one part-time Lecturer shall be appointed, provided, however, that a college may, if it so desires, appoint one more additional part-time teacher in a subject, if the total work-load of teaching in the subject can be fully met with by all full-time teachers and one part-time teacher without the assistance of such additional part-time teachers.

Provided, however, that a part-time Lecturer shall be considered adequate in the following subjects :

(*a*) In affiliated Arts Colleges : Hindi, Persian, Arabic, Urdu and Prakrit.

(*b*) In affiliated Commerce Colleges : Accountancy (where C. A. is employed), Mercantile Law and Statistics (if offered at T. Y.B.Com. as compulsory subject only).

2. In affiliated Education Colleges the students teacher ratio shall be 12 : 1.

3. The maximum-workload per week for the Principal and full-time and part--time teachers in affiliated Arts, Eucation, Science, Commerce and Lew Colleges shall be as under :

(*i*)	Principals :	9 periods of 45 (40+5) minutes each.
(*ii*)	Lecturers :	21 periods of 45 (40+5) minutes each of which lectures shall not exceed 15.
(*iii*)	Lecturers who are recognised as guides for Ph.D. :	15 periods of 45 (40+5) minutes each of which each of which lectures shall not exceed 10.
(*iv*)	Tutors :	22 periods of 45 (40+5) minutes each of which lectures shall not exceed 9.
(*v*)	Demonstrators :	25 periods of 45 (40+5) minutes each. (A Demonstrator with a Post-graduate degree may be assigned lecture or tutorials not exceeding 6 periods.)

(*vi*) Part-time Lecturers : 9 periods (including tutorials) of 45 (40+5) minutes each.

(*vii*) Part-time tutors : 9 periods of 45 (40+5) minutes each in which lectures shall not exceed 4.

(*viii*) Part-time Demonstrators : 12 periods of 45 (40 + 5) minutes each of which lectures/tutorials shall not exceed 4.

Note.—(1) If a teacher is invited to teach as Post-graduate level, he shall be permitted to take not more than two lectures. One lecture delivered at post-graduate level will be counted as two at under-graduate level and the workload will be reduced accordingly.

(2) Work-load shown against 2 (*iii*) is meant for those post-graduate teachers who are actually guiding Ph.D. students.

Notwithstanding anything contained above in the case of a department where total workload in any subject/or a group of subjects exceeds by one or two periods, one additional lecture can, with the permission of the Vice-Chancellor, be allotted to any one teacher or one each to two teachers, provided that the total work-load of such teacher or teachers shall be 16 periods plus 4 tutorials.

4. The maximum work-load in the Faculty of Technology including Engineering per week for a full-time teacher for the following categories shall be as under :

(*i*) Lecturers/Professors : 23 periods of 45 (40+5) minutes each of which lectures shall not exceed 14.

(*ii*) Demonstrators (Asstt. Lecturers) : 26 periods of 45 (40 + 5) minutes each of which lectures shall not exceed 14.

5. (*i*) Daily attendance of not less than four hours shall be compulsory for every full-time teacher on all working days. It is however, understood that teachers in affiliated colleges would be available to students for individual guidance as well as for co-curricular activities beyond the period mentioned above.

(*ii*) Daily attendance of not less than four hours shall be compulsory for every part-time teacher who is required to work for two or less than two days on his working day or days.

Attendance of not less than 12 hours per week shall be compulsory for every part-time teacher who is required to work for more than two days.

The above provision shall not apply to part-time teachers who are also engaged in a profession.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૪૩

O. M.A. (Ext.) 6 :

O. M.Com. (Ext. 6) :

The fees prescribed for being registered once paid by a candidate shall be refunded as under :

1. If a candidate is found not eligible for registration, full fees *including examination fee and marks-statement fee* shall be refunded at his cost.
2. It a candidate expires prior to the date of commencement of the Examination full fees shall be refunded to the first claimant being his kith and kin at his cost.
3. Where a candidate remains absent at the M.A./M.Com. External Part I or Part II examination, as the case may be, an amount of Rs. 25/— only will be refunded to him at his cost.
4. If a candidate fails to submit the required documents such as marksheets, *Final Eligibility Certificate* and/or required affidavit in respect of residence etc. on or before 31st October, he will be considered ineligible and only examination fee together with the fee for marks-statement will be refunded at his cost.
5. If a candidate informs regarding cancellation of his registration on or before 31st December, he will be refunded half registration fees and full examination fees together with the fees for the marks-statement paid by him. This amount will be refunded within the period of three months from 31st December, at his cost.
6. If a candidate informs regarding his inability for appearing in the examination on or before 31st January, he will be refunded only examination fee together with the fee for the marks-statement at his cost.

પરિશિષ્ટ "ગ"

કામકાજ ક્રમાંક ૪૪

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૭-૬-૧૯૭૭ ને સોમવારના રોજ બપોરના ૩-૦૦ વાગે મળી હતી તેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. નવનીતલાલ સા. શોધન	હાજર
૩.	શ્રી. પી. જે. મહેતા	હાજર
૪.	શ્રી. કિશોરચંદ્ર સંઘાણી	હાજર
૫.	શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર
૬.	શ્રી. આર. સી. સોનપાલ	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૩૦—૫—૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધને મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૩૦-૫-૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીના રીડર ક્વાર્ટર્સ પાસે સ્કૂટર પાર્કિંગ માટે ગેરેજ બનાવી આપવા માટે શ્રી. એમ. પી ભટ્ટ તરફથી આવેલા તા. ૬-૬-૧૯૭૭ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રીડર ક્વાર્ટર્સ પાસે સ્કૂટર પાર્કિંગ માટે ગેરેજ બનાવી આપવાની વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી તેમ દિલગીરીપૂર્વક જણાવવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. ફિઝિકસ વિભાગના વિકાસ-બાંધકામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફિઝિકસ વિભાગના વિકાસ-બાંધકામ માટે આવેલાં કુલ ચાર ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કોન્ટ્રાક્ટર જય બિલ્ડર્સનું રૂ. ૨,૫૦,૬૮૬-૨૫ પૈસાનું ટેન્ડર મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. મેથેમેટિકસ વિભાગના વિકાસ-બાંધકામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મેથેમેટિકસ વિભાગના વિકાસ-બાંધકામ માટે આવેલાં કુલ ચાર ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કોન્ટ્રાક્ટર મૂળજીભાઈ એન્ડ કું.નું રૂ. ૨,૯૦,૪૩૦-૦૦નું ટેન્ડર મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. સફાઈ કામદારના રહેઠાણ માટેના પ્લાન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૬. બાલ ભવનના પ્લાન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થપતિ શ્રી હસમુખ સી. પટેલ તરફથી આવેલ બાલભવનનો સ્કેચ પ્લાન મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી અને આ પ્લાન તેઓએ માનદ ધોરણે બનાવી આપ્યા તેની સાભાર નોંધ લેવી.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૭૩

ફાઈનાન્સ સમિતિની એક સભા તા. ૧૨--૭--૧૯૭૭ ને મંગળવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

	2. Kum. Nirmala Wilkhoo	Hand writting and Personality

4	5	6
Miss. N. J. Chinoy, Ahmedabad-9.	1. Dr. Amiya B. Kar Lucknow. 2. Dr. K. A. Laumas, New Delhi-16.	1. Dr. Averett S. Tombes Glemson, South Curolina-- 29631-U.S.A. 2. Dr. Russel Hilf Rochester, N.Y. 14642, U.S.A. 3. Dr. Grover C. Stephens California, 92664, U.S.A
Dr. A. B. Vyas, Ahmedabad-9.	1. Prof. U. S. Shrivastava, Allahabad. 2. Prof. K. N. Saxena, Delhi-1.	1. Dr. H. Pohunkeva Prague, Czechoslovakia. 2. Dr. G. Levi, Jerusalem, Israel 3. Dr. Michel Emerit, Montpepellier (Herault), France.
Dr. Kusum K. Bhatt	1. Dr. Amita D. Chattarjee, Kharagpur (Bengal). 2. Dr. B. N. Mukherjee, Delhi-1. 3. Dr. A. Edwin, Harper Jr., Allahabad (UP). 4. Dr. V. K. Singh, New Delhi-16. 5. Dr. B. C. Muthayya, Hyderabad-1. 6. Dr. O. P. Tayal, Kanpur (U.P.).	Nil
Dr. C. T. Bhopatkar, Ahmedabad-9.	1. Dr. E. G. Parmeshwaran, Hyderabad (M.P.). 2. Dr. B. Krishnan, Mysore (Karnatak). 3. Dr. L. B. Tripathi, Gorakhpur (U.P.). 4. A. S. Patel, Baroda.	

1	2	3
3.	Shri R. B. Mankad	An Analytical study of Problems of Adolescence in Rajkot
4.	Miss Mallika V. Sarabhai	Psychosocial Maturity and the Power Motive Dynamics and Development
5.	Miss Bella Burjar Mody	Differential effect of Development T. V. on Rural Aspirations as a function of Economic Class a one Village Study
		Logic
1.	Shri P. R. Dave	Shri Aurobindo's Theory of Knowledge

4	5	6
Dr. H. D. Badami, Ahmedabad-9.	1. Dr. C. K. Basu, New Delhi-16. 2. Dr. S. V. Kale, Bombay-29. 3. Dr. M. N. Palsane, Poona-7. 4. P. N. Dave, Ajmer (Rajasthan). 5. Dr. M. B. Buch, Baroda-2. 6. Dr. N. M. Shukla, Bombay-56. 7. Dr. H. G. Desai, Bhavnagar. 8. Dr. G. B. Shah, Surat. 9. Dr. H. S. Ashtana, Saugar (M.P.).	
Dr. Udai Pureek (IIM)	1. Dr. Prayag Mehta, New Delhi-26. 2. Prof. Durganand Sinha, Allahabad. 3. E. G. Parmeswarn, Hyderabad. 4. Dr. S. K. Mitra, New Delhi.	1. Dr. David C. Meclelland, Cambridge Mass-02175 U.S.A. 2. Dr. Winter David C., Mass-02278 U.S.A. 3. Dr. Abel Stewarat, Beston Mass-82215 U.S.A. 4. Dr. Howard Baumgarlet, Lawrence U.S.A.
Dr. C. T. Bhopatkar, Ahmedabad-9.	1. Prof. K. E. Eapen Bangalore (Karnataka) 2. Prof. Chaudhari 3. Dr. Shib K. Thitra, New Delhi-16.	1. Prof. Everett Rogers, California, U.S.A. 2. Prof. Wilber Schramm, Hong-Kong (China). 3. Dr. Philip. J. Tichener, Minipolis, U.S.A. 4. Dr. Edward D. Palmar, New York, U.S.A.
Dr. J. A. Yajnik	1. Dr. R. S. Mishra, Banaras. 2. Dr. V. M. Reddy Osmania-Hyderabad. 3. Dr. R. K. Tripathi, Banaras 4. Dr. L. G. Chincholkar, Katol-Nagpur.	

1	2	3
2.	Shri M. D. Kotecha	Shri Aurobindo's Theory of Knowledge
		Pharmacy
1.	Shri M. R. Patel	Pharmacy of New Medicine Compounds
		Physics
1.	Shri V. H. Gandhi	Some problems in Terrestrial Magnetism
2.	Shri B. G. Rao	Studies on the Dynamics of the Equatorial Ionosphere
3.	Shri J. N. Goswami	Nuclear tracks in Extra-terrestrial silioate Grains.
4.	Shri P. B. Chakraborty	Asymmetry of Mass and Charge Distribution in low energy fission and fissile material Indentification Techniques.

4	5	6
Dr. J. A. Yajnik	1. Shri S. R. Bhatt, Delhi 2. Dr. B. G. Desai, Baroda 3. Dr. H. M. Joshi, Rajkot 4. Prin. R. V. Pandya, Junagadh.	
Dr. B. M. Trivedi, Ahmedabad.	1. Prof. S. N. Sharma, Sagar (M.P.). 2. Prof. A. K. Dorle, Nagpur. 3. Dr. T. G. Rajagopalan, Bombay.	1. Dr. N. H. Reavely Cenlwell, Pennsylvania 19034–U.S.A. 2. Dr. K. Borah, Bostan Mass. U.S.A.
Dr. R. Pratap P.R.L., Ahmedabad.	1. Dr. B. V. Krishna Murthy Thuma, Trivandrum 2. Prof. P. B. Rao Trivandrum–Kerala 3. Dr. Sriramarao Waltair (A.P.) 4. Dr. B. P. Singh, Bombay.	1. Dr. M. Sugnirafright Meryland–U.S.A. 2. Dr. D. Mohlmann DDR–15 Potsdam.
Dr. R. Raghavrao P.R.L., Ahmedabad.	1. Dr. A. P. Mitra, New Delhi 2. Prof. J. N. Bhar, Calcutta 3. Dr. C. Abhirama Reddy, Trivandrum–Kerala.	1. Dr. H. Rishbeth England. 2. Dr. M. Sugivra Maryland–U.S.A. 3. Dr. G. Martelli Brighton–U.K.
Prof. D. Lal P.R.L., Ahmedabad.	1. Prof. S. Biswas, Bombay. 2. Prof. P. S. Goel, Kanpur.	1. Prof. P. B. Price, California 2. Prof. M. Mourette, France.
Dr. A. K. Ganguly, Bombay.	1. Dr. A. Chatterji, Calcutta 2. Dr. S. Mukherjee, Kanpur 3. Prof. L. S. Kothari, New Delhi.	1. Prof. A. C. Pappas Blindern, Norway. 2. Prof. H. C. Pauli, Federal Republic of Germany. 3. Prof. J. R. Huizenga, New York–U.S.A.

1	2	3
		Mathematics
1.	Shri P. Trimurthy	Constributions to the Study of Arithmetic Function
2.	Shri P. V. Bhatt	Solutions of field equations of Relativity admitting kerr-Type or Nut-Type Null congruences.
		Education
1.	Shri S. K. Dave	An Investigation into the New Dimensions of Basic Education
		Chemistry
1.	Shri G. T. Desai	Studies on the Preparation and application of Inorganic materials as
2.	Shri J. M. Pandya	Studies in Corrosion of Aluminium and its Alloys
3.	Shri T. J. D'Souza	Physiochemical studies on Gamma-Emitting Fission Product radionuclides and Neutron activated nuclides in Ty.

4	5	6
Dr. A. M. Vaidya, Ahmedabad.	1. Prof. C. S. Venkataraman, Trichur.	1. Prof. A. A. Gioia, Kalamazoo, U.S.A.
	2. Prof. J. Hanumanthachari, Tirupati (A.P.)	2. Prof. M. V. Subbarao Canada.
Dr. L. K. Patel	1. Dr. J. V. Narlikar, Bombay.	1. Dr. W. B. Bonnor, England
	2. Dr. A. K. Raychaudhuri, Calcutta.	2. Dr. A. Schild Texas, U.S.A.
	3. Dr. S. I. Husain Aligarh (U.P.).	3. Dr. A. Papapetron Paris-5 PARIS.
Dr. R. G. Bhatt	1. Prof. H. B. Mazumdar, Shantiniketan (West Bengal)	
	2. Dr. Salamatulla, New Delhi	
	3. Dr. G. Chaupasia, Bhopal (MP)	
	4. Prof. J. K. Shukla.	
Dr. D. R. Baxi, Bhavnagar	1. Dr. S. L. Bafana, Baroda.	1. Dr. A. Dyer, U. K.
	2. Dr. T. S. Murthy Trombay-Bombay.	2. Dr. M. Streat, London.
Dr. J. D. Talati	1. Dr. N. Subramanyam, Tamilnadu	1. Dr. J. C. Soully, Leeds U.K.
	2. Dr. J. Sundarajan, Bangalore	2. Dr. Hector Garreta Cordoma, Argantina
Dr. K. B. Mistry, Bombay	1. Dr. S. P. Raychaudhari, New Delhi.	1. Prof. I. Fredriksson, Sweden
	2. Prof. G. S. Sekhon, Ludhiana	2. Dr. C. Myttenetra, Italy.

પરિશિષ્ટ "ણ"
કામકાજ ક્રમાંક ૧૨૨

સંલગ્ન કૉલેજો--માન્ય સંસ્થાઓના શિક્ષક--બિનશિક્ષક કર્મચારીગણની સેવાની શરતો ઇત્યાદિ અંગે ઊભા થતા પ્રશ્નો અંગે વિચારણા કરી ઉકેલ આપવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૮--૧--૧૯૭૭ની સભામાં નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની એક સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૮--૭--૧૯૭૭ના રોજ બપોરના ૧૨--૦૦ કલાકે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. આચાર્યશ્રી એસ. આર. ભટ્ટ	ગેરહાજર
૨. આચાર્યશ્રી. એચ. પી. પંડ્યા	ગેરહાજર
૩. પ્રા. કે. એસ. શાસ્ત્રી	હાજર
૪. પ્રા. એન. એમ. પરીખ	હાજર
૫. શ્રી. શરદ પટેલ	હાજર

સભાગૃહની સંમતિથી સભાનું પ્રમુખસ્થાન પ્રા. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું.

ત્યાર બાદ નીચેની બાબતો અંગે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું :

૧. આ સમિતિએ તેની તા. ૧૧--૪--૧૯૭૭ની સભાની ભલામણો કે જે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૪--૬--૧૯૭૭ની સભામાં વિચારણા માટે મોકલતાં તે આ સમિતિને પુનઃ વિચારણા માટે (રિફર-બૅક) કરવા ઠરાવેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સમિતિની તા. ૧૧--૪--૧૯૭૭ની સભાની ભલામણો ન્યાયી અને વાજબી છે તેમ જ શૈક્ષણિક શુદ્ધિ, યુનિવર્સિટી નિયમોનું પાલન અને શિસ્તની સ્થાપના માટે જરૂરી છે. તેમાં કોઈ ફેરફાર કે પુનઃ વિચારણાને માટે આવશ્યકતા રહેતી નથી; બલકે તેના તાત્કાલિક અમલ કરવાને બદલે વિલંબ થયો છે તેની આ સમિતિ સખેદ નોંધ લે છે.

૨. નવજીવન આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, દાહોદમાંથી છૂટાં કરવામાં આવેલ અર્થશાસ્ત્રનાં ટયૂટર શ્રીમતી એસ. જે. સોનીને વૅકેશનનો પગાર ચૂકવ્યો નથી ઇત્યાદિ અંગે આવેલ ફરિયાદ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એસ. જે. સોનીની ફરિયાદ અંગે અગાઉ આ સમિતિએ તેની તા. ૧૧--૪--૧૯૭૭ની સભામાં ઠરાવ્યા મુજબની કાર્યવાહી કરવા પુનઃ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, હાલોલમાંથી હિંદી વિષયના ખંડ સમયના વ્યાખ્યાતા શ્રી. આઈ. સી. ઉપાધ્યાયને કૉલેજ છૂટા કર્યાની ફરિયાદ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આઈ. સી. ઉપાધ્યાય અને આચાર્યશ્રીને જે કંઈ રજૂઆતો કરવી હોય તે માટે આ સમિતિની આગામી સભા સમક્ષ પુરાવા સહિત હાજર રહેવા જણાવવું. તેઓની રજૂઆતો સાંભળ્યા બાદ નિર્ણય લેવો.

૪. મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદમાં સેવા બજાવતા હિંદીના વ્યાખ્યાતા શ્રી. નરેશભાઈ ત્રિવેદીને કેટલાક માસથી પગાર ચૂકવાયો નથી તે અંગેની તેઓની આવેલ ફરિયાદ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. નરેશભાઈ ત્રિવેદી અને આચાર્યશ્રીને જે કાંઈ રજૂઆતો કરવી હોય તો તે માટે આ સમિતિની આગામી સભા સમક્ષ પુરાવા સહિત હાજર રહેવા જણાવવું. તેઓની રજૂઆતો સાંભળ્યા બાદ નિર્ણય લેવો.

૫. આર્ટ્સ--કૉમર્સ કૉલેજ, બોરસદનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા કુ. ઈન્દિરાબહેન આર. શાહને સને ૧૯૭૩થી કૉલેજે મુદતી નિમણૂક આપી હોઈ તેમ જ શિક્ષણની નવી તરાહને કારણે ફાજલ ગણેલ હોઈ તે પરત્વેની આવેલ ફરિયાદ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુ. ઈન્દિરાબહેન આર. શાહની ફરિયાદ અંગે સમિતિના સર્વે સભ્યોએ કૉલેજની મુલાકાતે જવું અને ત્યાર બાદ તેના અહેવાલને આધારે નિર્ણય લેવો.

૬. શ્રી. દેસાઈ પંચના અહેવાલને આધારે રાજ્ય સરકારે સુધારેલ પગારધોરણોમાં લેબોરેટરી આસિસ્ટન્ટના પગારધોરણમાં રહેલ વિસંગતતાઓ દૂર કરવાની બાબતમાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ લેબોરેટરી સ્ટાફ યુનિયનના હોદ્દેદારો તરફથી આવેલ તા. ૨૭--૧--૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

ઉપરોકત યુનિયનનો તા. ૨૭--૧--૧૯૭૭નો પત્ર સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. સદરહુ યુનિયનના બે પ્રતિનિધિઓને સમિતિ સમક્ષ રજૂઆતો કરવા બોલાવેલ હતા તેઓની રજૂઆતો સાંભળી અને ત્યાર બાદ લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

જૂનાં પગારધોરણો અને સૂચિત સુધારેલ પગારધોરણોની સરખામણી કરતાં નવાં પગારધોરણો બે રીતે અન્યાયી સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. ઈજાફાના દરમાં વિપરીત અસર થાય છે અને મોંઘવારી ભથ્થું ભેળવેલ નવા પગારધોરણમાં સીલિંગ ઊંચી લાવવાને બદલે નીચી લાવવામાં આવેલ છે. કોઈ પણ પગારસુધારણામાં આવી વિપરીત અસર અન્યાયી ગણાય.

ઍસોસિયેશનના પ્રતિનિધિ મંડળની માંગણી છે કે તેમને સ્ટોરકીપરનું પગારધોરણ રૂ. ૪૨૫--૭૦૦ નું મળવું જોઈએ. સમગ્ર રીતે જોતાં એમ જણાય છે કે જૂના પગારધોરણમાં કેટલીક કેડરો એક જ પગારધોરણમાં હતી જેવી કે જુનિયર ક્લાર્ક, ટાઈપિસ્ટ, ક્લાર્ક-ટાઈપિસ્ટ, કેશિયર, ટેલિફોન ઓપરેટર, લેબો. આસિસ્ટન્ટ, પ્લાન્ટ કલેકટર, લરબેરિયમ આસિસ્ટન્ટ, કમ્પાઉન્ડર.

આ કેડરમાંથી નવાં પગારધોરણો નક્કી કરતી વખતે કેટલીક વિસંગતતાઓ ઊભી થઈ છે તેથી લેબોરેટરી આસિસ્ટન્ટ અને અન્ય સંબંધિત કેડરોના પગારધોરણ અંગે સમિતિ નીચે પ્રમાણે ભારપૂર્વક ભલામણ કરે છે :

૧. લેબોરેટરી આસિસ્ટન્ટ, જુ. ક્લાર્ક, ક્લાર્ક-ટાઈપિસ્ટ્સ, પ્લાન્ટ કલેકટર, લરબેરિયમ આસિસ્ટન્ટનું પગારધોરણ રૂ. ૨૮૧-૧-૩૦૦-૧૦-૪૦૦ ઈ.બી. ૧૧-૧૧૦-૨૦-૬૩૦નું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. દ. ત્રિવેદી
કુલસચિવ વતી

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ--૩૮૦૦૦૯.

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની સપ્ટેંબર માસની સભા, શનિવાર, તા. ૧૭-૯-૧૯૭૭ ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખ-સ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૭—૯—૧૯૭૭
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણ સંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચન્દ્ર ચંદુલાલ શાહ	ગેરહાજર
૫.	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ	હાજર
૬.	શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર
૭.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય સંતપ્રસાદ રણછોડલાલ ભટ્ટ	હાજર
૧૦.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૧.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૨.	શ્રી. નરહરિ મૂળજીભાઈ પરીખ	હાજર
૧૩.	શ્રી કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૫.	શ્રી રમેશચન્દ્ર મણિલાલ શાહ	હાજર
૧૬.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર
૧૭.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૧૮.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૧૯.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ	હાજર
૨૦.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર

૧. તા. ૨૦-૮-૧૯૭૭ના રોજ મળેલ એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૦-૮-૧૯૭૭ ના રોજ મળેલી એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

બાબત નં. ૪૨ અને ૯૧ પરના સંયુક્ત ઠરાવમાં "કૉલેજોના જોડાણની બાબતમાં" અને "જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી" એ શબ્દોની વચ્ચે "સંબંધકર્તા સમિતિઓ (જો હોય તો) ના રિપોર્ટને આધારે" એ શબ્દો મૂકવા

૨. કૉમ્પ્યુટર સેન્ટરમાં જુનિયર પ્રોગ્રામર તરીકે કામ કરતા શ્રી. બી. વી. મહેતાનો એક વર્ષનો અજમાયશી સમય તા.. ૩૧-૧૦-૧૯૭૭ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧-૧૧-૧૯૭૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

જુનિયર પ્રોગ્રામર શ્રી. બી. વી. મહેતાની કામગીરી અંગેનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. બી. વી. મહેતાને સદરહુ જગ્યા પર તા. ૧-૧૧-૧૯૭૭થી કાયમ કરવા.

૩. ઑક્ટોબર ૧૩થી ૧૬, ૧૯૭૭ના સમય દરમ્યાન ઇન્ડિયન એસોસિયેશન ઑફ ટીચર્સ એજ્યુકેટર્સનું ૨૦મું વાર્ષિક અધિવેશન અમૃતસર મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે રાખેતા મુજબની શરતોએ ડૉ. ચંપાબહેન ભટ્ટને મોકલવાં.

આ સાથે યુ. જી. સી.ના પત્ર નં. F18-1/76(D-4a), તા. 29-7-77ની નોંધ લેવામાં આવી કે અનએસાઈન્ડ ગ્રાન્ટ માત્ર યુનિવર્સિટીના વિભાગોના શિક્ષકો માટે જ વાપરી શકાય અને એ સંદર્ભમાં ભવનોનાં બજેટોમાં પરિષદો વ.માં મોકલવાની રકમ ત્યાંની રદ થયેલી ગણવી.

૪. ઑક્ટોબર ૨૪થી ૨૬, ૧૯૭૭ના સમય દરમિયાન "ઇન્ડિયન એસોસિયેશન ફૉર મૅનેજમેન્ટ ડેવલપમેન્ટ એન્ડ ઇન્ટર-યુનિવર્સિટી કાઉન્સિલ ફૉર કૉમર્સ એન્ડ રિસર્ચ"નું વાર્ષિક અધિવેશન જોધપુર મુકામે યોજાનાર તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે રાખેતા મુજબની શરતોએ સર્વશ્રી એચ. કે ત્રિવેદી અને પી. વી. દેસાઈને મોકલવા.

૫. ડિસેમ્બર ૨૮થી ૩૦, ૧૯૭૭ના સમય દરમ્યાન "ઇન્ડિયન ઇકોનોમિક એસોસિસિયેશન" તેમનો હીરક મહોત્સવ પરિષદ મદ્રાસ મુકામે યોજાનાર છે. તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી હીરક મહોત્સવ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે રાખેતા મુજબની શરતોએ સર્વશ્રી જે. એલ. ધોળકિયા અને જે. આઈ લાલીવાલાને મોકલવા.

૬. નવેમ્બર ૧૭થી ૨૦, ૧૯૭૭ના સમય દરમિયાન ઇન્સ્ટિટ્યૂટ ઑફ હિસ્ટોરિકલ સ્ટડીઝ" નું ૧૫મું વાર્ષિક અધિવેશન મદુરાઈ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઇન્સ્ટિટ્યૂટના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે રાખેતા મુજબની શરતોએ ડૉ. આર. કે. ધારૈયાને મોકલવા.

૭. યુનિવર્સિટી ગ્રંથાલયના બજેટમાં નીચેનાં વિદ્યાભવનો—વિભાગોમાં પુસ્તકખરીદી માટે કુલ્લે રૂ. ૧,૫૦,૦૦૦ની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત :

	રૂ.
(૧) સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ માટે	૭૫,૦૦૦
(૨) ભૂગોળ શિક્ષણ અનુસ્નાતક વિભાગ માટે	૪૫,૦૦૦
(૩) કાયદા શિક્ષણ અનુસ્નાતક વિભાગ માટે	૨૫,૦૦૦
(૪) માઇક્રોબાયોલોજી વિભાગ માટે	૨,૦૦૦
(૫) કૉમ્પ્યુટર સાયન્સ વિભાગ માટે	૨,૦૦૦
(૬) ઍનેલેટિકલ કેમિસ્ટ્રી વિભાગ માટે	૧,૦૦૦
કુલ	૧,૫૦,૦૦૦

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયના ચાલુ વર્ષના અંદાજપત્રમાં જુદાં જુદાં વિદ્યાભવનો / વિભાગો માટે પુસ્તક ખરીદી માટે વધુ રૂ. ૧,૫૦,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર)ની જોગવાઈ ઉપરની વિગતે કરવાનું રાખવું.

૮. યુનિવર્સિટી કાર્યાલયમાં નિવૃત્તિના કારણે છૂટા થતા ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનની તથા મદદનીશ કુલસચિવની ખાલી પડેલી જગ્યા અંગે જાહેરખબર આપી અરજીઓ મંગાવવામાં આવી છે તો આ જગ્યાઓ અંગે વરણીસમિતિની રચના કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનની ખાલી પડેલી જગ્યા માટેની વરણીસમિતિની રચના નીચે મુજબ કરવી :

૧. કુલપતિશ્રી—અધ્યક્ષ
૨. આચાર્ય ડી. ડી. દેસાઈ
૩. આચાર્ય એસ. આર. ભટ્ટ
૪. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૫. શ્રી. જયદીપસિંહજી ગારિયા.

(૨) મદદનીશ કુલસચિવની ખાલી પડનાર જગ્યા માટેની વરણીસમિતિની રચના નીચે મુજબ કરવી :

૧. કુલપતિશ્રી—અધ્યક્ષ
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. આચાર્ય કે. એન. શાહ
૪. ડૉ. બિહારીભાઈ કનૈયાલાલ
૫. શ્રી. કુલસચિવ.

૯. ભાષા-સાહિત્ય ભવનમાં લેક્ચરર ઇન તામિલની જગ્યા માટેની વરણીસમિતિ પર એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩-૪-૧૯૭૭ની સભામાં શ્રી. કે. રામમૂર્તિ અને શ્રીમતી સગુણા રામનાથનની સભ્યો તરીકે નિમણૂંકો કરી હતી, પરંતુ આ બન્ને સભ્યોએ સભ્યો તરીકે કામ કરવાની અશક્તિ દર્શાવેલ હોઈ સદરહુ વરણીસમિતિ પર બીજા સભ્યો નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે કે સદરહુ જગ્યા માટેની વરણીસમિતિની નીચે મુજબ નવેસરથી રચના કરવી :

૧. ડૉ. ટી. કે. જયરામન (એરિયા ડેવલપમેન્ટ કમિશનર, ગુજરાત સ્ટેટ)
૨. શ્રી. ટી. કે. મહાદેવન (ટાઇમ્સ ઑફ ઇન્ડિયા).

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રોફેસર ઑફ ફિઝિકસની જગ્યા માટેની વરણીસમિતિ પર એક સભ્ય સિવાય બાકીના સભ્યોએ કામ કરવાની અશક્તિ દર્શાવી હોઈ સદરહુ વરણી-સમિતિ પર બીજા સભ્યો નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિ પર ડૉ. જી. કે. એન. મેનન અને પ્રો. એસ. ધવનની ખાલી પડેલી જગ્યા પર ક્રમાનુવર્તી નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. ડૉ. કે. આર. રામનાથન
૨. ડૉ. રાજારામ રમન્ના.

૧૧. એમ.એ., એમ.કૉમ. (એકસ્ટર્નલ)ના અનુક્રમે ઑર્ડિ. એમ.એ. (એકસ્ટર્નલ) ૮ અને એમ.કૉમ. (એકસ્ટર્નલ) ૧૦ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત :

O. M.A. (Ext.) 8 :

"A candidate who has passed M.A. (Ext.) Part I Examination of this University will, at his option, be admitted to Part II as a regular student even if he/she has obtained pass class at the Bachelor of Arts Examination. Such a candidate has to register himself/herself afresh by paying Rs. 10/- as registration fee and tuition fees for both the terms as per rules laid down in this behalf."

O. M.Com. (Ext.) 10 :

" A candidate who has passed M.Com. (Ext.) Part I Examination of this University will, at his option, be admitted to Part II as a regular student even if he/ she has obtained pass class at the Bachelor of Commerce Examination. Such a candidate has to register himself / herself afresh by paying Rs. 10/- as registration fees and tutiion fees for both the terms as per rules laid down in this behalf."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના ઑર્ડિનન્સો ઑર્ડિ. એમ.એ. એકસ્ટર્નલ–૮ અને ઑર્ડિ. એમ.કૉમ.. એકસ્ટર્નલ-૧૦ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૭થી અમલમાં મૂકવા.

૧૨. શારીરિક ખોડખાંપણવાળા વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીઓમાં પ્રવેશ અંગે ૩ ટકા જગ્યાઓ અનામત રાખવા સૂચન કરતા ભારત સરકારના શિક્ષણ તથા સમાજ કલ્યાણ મંત્રી ડૉ. પ્રતાપચંદ્ર ચુંદ્રરના તા. ૨૩-૮-૧૯૭૭ના ડી.ઓ. પત્રાંક એફ. ૧૨-૬૨-૭૭ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્ર સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને પરિપાત્રિત કરવો.

૧૩. સંલગ્ન કૉલેજો / માન્ય સંસ્થાઓના શિક્ષક બિનશિક્ષક કર્મચારીઓની પગારધોરણો, સેવાઓની શરતો, ઇત્યાદિ અંગે જે પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરીને ભલામણો રજૂ કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની તા. ૩૦-૭-૧૯૭૬ના રોજ મળેલ સભાની નોંધ પર વિચારણા કરવાં બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો રિપોર્ટ નવી રચાયેલી સમિતિની વિચારણા માટે મોકલવો.

૧૪. આચાર્ય એમ. સી. દેસાઈ ચંદ્રક ૧૯૭૪–૭૫ના વર્ષ માટે (સમાજ વિજ્ઞાન વિદ્યા) એનાયત કરવા માટે આવેલ સંશોધનો તપાસીને અભિપ્રાય આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૩-૯-૧૯૭૫ની તથા તા. ૨૧-૨-૧૯૭૬ની સભામાં નિયુક્ત થયેલી નિષ્ણાત સમિતિના સભ્યોના આવેલા અભિપ્રાયોને અનુલક્ષીને જરૂરી વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિના સભ્યોના અભિપ્રાયો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ૧૯૭૪–૭૫ના વર્ષ માટેનો 'આચાર્ય એમ. સી. દેસાઈ ચંદ્રક' શ્રીમતી ઉષાબહેન કન્હારેને આપવો.

૧૫. આચાર્ય ડૉ. કે. જી. નાયક ચંદ્રક ૧૯૭૫-૭૬ના વર્ષ માટે (વિનયન વિદ્યાશાખા) એનાયત કરવા માટે આવેલ સંશોધનો તપાસીને અભિપ્રાય આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૮-૧૯૭૭ની સભામાં નિયુક્ત થયેલી નિષ્ણાત સમિતિના સભ્યોના આવેલા અભિપ્રાયોને અનુલક્ષીને જરૂરી વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિના સભ્યોના અભિપ્રાયો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ૧૯૭૫-૭૬ના વર્ષ માટેનો 'આચાર્ય ડૉ. કે. જી. નાયક ચંદ્રક' ડૉ. એસ્તરબહેન સોલોમનને આપવો.

૧૬. એસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝની સ્થાયી સમિતિની તા. ૨૬ જૂન ૧૯૭૭ની સભાનાં બાબત ક્રમાંક ૨ અને ૩ અંગે થયેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણોની નોંધ લેવી.

૧૭. ગુજરાત યુનિવર્સિટી કોર્ટની તા. ૨૯/૩૦-૩-૧૯૭૭ના રોજ મળેલ વાર્ષિક સભામાં યુનિવર્સિટીના વાર્ષિક હેવાલ તથા અંદાજપત્રની ચર્ચા-વિચારણા દરમ્યાન થયેલાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સૂચનો અને તે પરના ઠરાવો પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.

૧૮. સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ગાંધીનગરમાં હિન્દીનાં ટ્યૂટર તરીકે કામ કરતાં શ્રીમતી એચ. કે. માંકડની નિમણૂક માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂક અપવાદ તરીકે માન્ય રાખવી.

૧૯. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૭-૮-૧૯૭૭ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"વાણિજ્ય વિદ્યાશાખાની આ સભા ઠરાવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયમાં Reprography Services મળી રહે તે માટે જાણીતી કંપનીનું Zerography મશીન વસાવવા અને તેની સેવા પડતર ભાવે યુનિવર્સિટી અને સંલગ્ન સંસ્થાઓના અધ્યાપકો અને વિદ્યાર્થીઓને મળી રહે તે માટે સત્વરે નિર્ણય કરવા આગ્રહ કરે છે."

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કુલપતિશ્રીએ સભાગૃહને જાણ કરી કે જરૂરી મશીન ખરીદવા માટેની કાર્યવાહી હાલ ચાલુ છે એટલે એ અંગે હાલ વિશેષ કરવાપણું નથી.

૨૦. હરિ ૐ આશ્રમ પ્રેરિત "જયકૃષ્ણ ઇન્દ્રજી એવોર્ડ ફોર બોટાની" ના પ્રદાન અંગેની કાર્યવાહી વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગને સોંપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૨૧. યુનિવર્સિટી કોર્ટના ભૂતપૂર્વ વિદ્યાર્થી સભ્યો સર્વશ્રી કે. સી. ખંભાલિયા અને મહેશ એ. પરીખે યુનિવર્સિટી કોર્ટની તા. ૨૯/૩૦-૩-૧૯૭૭ની સભા માટે રજૂ કરેલા નીચેના પ્રસ્તાવોની વિચારણા તે સભામાં થઈ શકી ન હતી તો તે પર વિચારણા કરવા બાબત :

(ક) શ્રી. કે. સી. ખંભાલિયાના પ્રસ્તાવ

(૧) આ સભા આથી ભલામણ કરે છે કે ૧૯૭૪માં નવનિર્માણ આંદોલનમાં શહીદ થયેલા વિદ્યાર્થીઓના સ્મરણાર્થે રચવામાં આવનાર સૂચિત શહીદ સ્મારક અંગે શ્રી. રવિશંકર મહારાજના અધ્યક્ષપદે એક વગદાર સમિતિની રચના માનનીય કુલપતિશ્રી સહિતના અન્ય અગિયાર સભ્યોની બનેલી સમિતિની આગામી કાર્યવાહીનો રિપોર્ટ અને તે અંગેની ઘટતી સક્રિય કાર્યવાહી કરવા અંગે.

(૨) આ સભા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરે છે કે આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને (ઈ.બી.સી.) મળતી શિષ્યવૃત્તિમાં જે ટકાવારીનું ધોરણ અપનાવવામાં આવ્યું છે તે કાઢી નાખવું અને ઈ.બી.સી. શિષ્યવૃત્તિ મેળવવા પ્રાપ્ત થતા પૂર્વસ્નાતક તેમ જ અનુસ્નાતક દરેક વિદ્યાર્થીઓને તેનો લાભ આપવો.

(૩) કેટલીક વખત બહારગામની તેમ જ અમદાવાદની સ્થાનિક કોલેજોમાં ચાલતી ગેરરીતિઓ અને આંતરિક મૂલ્યાંકન ગુણમાં વિદ્યાર્થીઓને થતી અન્યાયની ફરિયાદો સાંભળવામાં આવે છે તે સંદર્ભમાં આ સભા જણાવે છે કે યુનિવર્સિટીએ એક ઉચ્ચ કક્ષાની સમિતિ નીમી આખી પદ્ધતિનો અભ્યાસ કરીને તેમાંથી થતી ગેરરીતિઓને અટકાવવા અંગેનાં પગલાં સૂચવે.

(૪) આ સભા યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે કે યુનિવર્સિટી કોર્ટ વિદ્યાર્થી સભ્યોની અને બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલફેરના સભ્યોની થતી ચૂંટણીમાં આચરાતી ગેરરીતિઓ અને બોગસ મતદાન અટકાવવા માટે જરૂરી એવું વ્યવસ્થાતંત્ર ગોઠવી ગેરરીતિઓ અટકાવવી.

(નોંધ.—ગત વર્ષે "જનસત્તા"માં આવેલા રિપોર્ટ પર ધ્યાન દોરવામાં આવે છે)

(૫) ગયા વર્ષથી યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોમાં વિદ્યાર્થી પ્રવૃત્તિઓ સદંતર બંધ કરવામાં આવી છે. આ સંદર્ભમાં આ સભા ભલામણ કરે છે કે આવતી સાલથી ગુજરાત યુનિવર્સિટીની તમામ સંલગ્ન કોલેજોમાં સ્ટુડન્ટ્સ યુનિયનની ચૂંટણીઓ યોજવી અને વિદ્યાર્થીઓની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો ફરીથી યોજી શકાય.

(૬) યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી પરીક્ષા ફીમાં જો ઘટાડો શકય ન હોય તો અધ્યાપકોને પરીક્ષા અંગેનું મહેનતાણું આપવું અને આ સંદર્ભમાં તાત્કાલિક અમલ થાય તે માટે આ સભા ભલામણ કરે છે.

(૭) ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરે છે કે કાયદાકીય જોગવાઈઓ કરી યુનિવર્સિટી કોર્ટમાં વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ વધારવું અને એક્ઝિકયુટિવ કાઉન્સિલમાં પણ ઓછામાં ઓછા એક વિદ્યાર્થી પ્રતિનિધિને સ્થાન આપવું.

(૮) યુનિવર્સિટી કોર્ટ પરના વિદ્યાર્થી સભ્યની અત્યારે જે એક વર્ષની મુદત છે તે બે વર્ષની કરવી જેથી વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની વિવિધ સત્તાઓમાં અસરકારક પ્રતિનિધિત્વ ભજવી શકે, તેવી આ સભા ભલામણ કરે છે.

(નોંધ.—ઉપરોક્ત ઠરાવોના ઉકેલ માટે એક ઉચ્ચ કક્ષાની વગદાર કમિટી નીમવી અને તે અંગેના કાર્યવાહી ઝડપી બનાવવી.)

(ખ) શ્રી. મહેશ એ. પરીખના પ્રસ્તાવો

(૧) વિદ્યાર્થી સભ્ય માટે અત્યારની મુદત એક વર્ષની છે તે યોગ્ય નથી. વિદ્યાર્થીનું પ્રતિનિધિત્વ વધારવું અને એકિઝકયુટિવ કાઉન્સિલમાં પણ ઓછામાં ઓછા એક વિદ્યાર્થીને સ્થાન આપવું એમ આ સભા સત્તામંડળને ભલામણ કરે છે.

(૨) ગયા વર્ષની યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં વિદ્યાર્થી પ્રવૃત્તિઓ સદંતર બંધ કરવામાં આવી છે તેના સંદર્ભમાં આ સભા ભલામણ કરે છે કે આવતી સાલથી ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોમાં સ્ટુડન્ટ યુનિયનની ચૂંટણીઓ યોજવી અને વિદ્યાર્થીઓની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો ફરીથી યોજવા.

(૩) અત્યાર સુધી પ્રશ્નપત્રની ઉત્તરવહીની ફેરતપાસણી પદ્ધતિ બિલકુલ યોગ્ય નથી. વિદ્યાર્થીમાં બિલકુલ અસંતોષ છે. તો આ સભા ભલામણ કરે છે કે આ સંદર્ભમાં ચર્ચા કરીને હાલની પદ્ધતિને સ્થાને કોઈ યોગ્ય પદ્ધતિ અપનાવવી.

(૪) આવતી સાલથી એફ.વાય. તેમ જ એસ વાય.ની પરીક્ષાઓ કોલેજે લેવાના વિચાર તરફ યુનિવર્સિટીનો પ્રયત્ન બિલકુલ યોગ્ય નથી. તો આ સભા ભલામણ કરે છે કે પરીક્ષાઓ યુનિવર્સિટીએ જ લેવી જોઈએ.

(૫) હાલમાં હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને તેમનાં નાણાંનું પૂરતું વળતર મળતું નથી. તેમની યોગ્ય સગવડો પણ પૂરી થતી નથી, તો આ સભા ભલામણ કરે છે કે યુનિવર્સિટી આ બાબતમાં તાકીદે પંચ નીમીને હોસ્ટેલના પ્રશ્નોને સમજી શકાય તેટલા બધા જ પ્રશ્નને ઉકેલવાનો તાકીદે નિર્ણય લેવો જરૂરી છે.

(૬) કેટલાક અનુભવો ને સાબિતીઓ દ્વારા પુરવાર થયું છે કે કોલેજોમાં (અમદાવાદ તેમ જ બહારની) ઇન્ટર્નલ ઇવેલ્યુએશનમાં ઘણા પ્રકારની ગેરરીતિઓ ચાલે છે તેથી સારી કોલેજોના વિદ્યાર્થીઓ તેનો ભોગ થઈ પડે છે, તો યુનિવર્સિટી આ બાબતની તપાસ અર્થે પંચ નીમીને ગેરરીતિઓને દૂર કરીને તેને નવું સ્વરૂપ આપવું તેવી આ સભા ભલામણ કરે છે.

(૭) અનુભવો દ્વારા જાણવામાં આવ્યું છે કે હાલમાં વિદ્યાર્થી સેનેટની પ્રવૃત્તિમાં કે જેમાં ફક્ત વિદ્યાર્થીઓને જ રસ લેવાનો હક છે, પરંતુ કોલેજોના આચાર્યો તેમ જ પ્રોફેસરો પણ ખૂબ જ રસ લે છે તો આ સભા ભલામણ કરે છે કે યુનિવર્સિટીએ સંલગ્ન કોલેજો તેમ જ લાગતાં વળગતાંઓને આ બાબતમાં ખૂબ જ યોગ્ય રહેવા માટે વિનંતી કરવી.

(૬) શ્રી. કે. સી. ખંભાલિયાના પ્રસ્તાવો ઉપર નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સદરહુ સ્મારક તાન્જેતરમાં રચવામાં આવ્યું છે એમ કુલપતિશ્રીએ સભાગૃહને જાણ કરી. તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે વિશેષ કરવાપણું રહેતું નથી.

(૨) સદરહુ પ્રસ્તાવ સ્વીકારવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૩) આંતરિક મૂલ્યાંકનમાં કશી ગેરરીતિઓ થાય નહીં તે જોવા માટે કૉલેજોના આચાર્યશ્રી-ઓને ઘટતો પરિપત્ર મોકલવો.

(૪) સદરહુ બાબતની નોંધ લેવી.

(૫) કૉલેજોના વિદ્યાર્થીમંડળોની રચનામાં ચૂંટણીનું તત્ત્વ ચાલુ વર્ષથી પુનઃ દાખલ કરવામાં આવેલું છે તે જોતાં હવે સદરહુ પ્રસ્તાવ અંગે વિશેષ કરવાપણું રહેતું નથી.

(૬) આ અંગે કુલપતિશ્રીએ જણાવ્યું કે પરીક્ષાઓનો પુરસ્કાર આપવાનો પ્રશ્ન હાલ સરકારની વિચારણામાં છે.

(૭) આ અંગે સરકારશ્રીને લખ્યું છે.

(૮) સદરહુ પ્રશ્ન અંગે રાજ્ય સરકારને આ પહેલાં એકથી વધુ વખત લખવામાં આવેલું જ છે.

(ખ) શ્રી. મહેશ એ. પરીખના પ્રસ્તાવો અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) ઉપર શ્રી. કે. સી. ખંભાલિયાના પ્રસ્તાવો નં. (૭) અને (૮) ઉપરના ઠરાવો જોતાં સદરહુ બાબત અંગે વિશેષ વિચારવાપણું રહેતું નથી.

(૨) કૉલેજોનાં વિદ્યાર્થીમંડળોની રચનામાં ચૂંટણીનું તત્ત્વ ચાલુ વર્ષથી પુનઃ દાખલ કરવામાં આવેલું છે તે જોતાં હવે સદરહુ પ્રસ્તાવ અંગે વિશેષ વિચારવાપણું રહેતું નથી.

(૩) સદરહુ બાબતનાં વિવિધ પાસાંની સમગ્ર રીતે તપાસ કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ, આહ્વાહક
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. પ્રો. ડી. એન. પાઠક
૪. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૫. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષ
૬. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષ
૭. વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષ
૮. શ્રી. પરીક્ષા નિયામક.

(૪) સદરહુ બાબતની નોંધ લેવી.
(૫) વિદ્યાર્થીઓ કલબ પદ્ધતિ અનુસરે તો આ પ્રશ્નનું નિરાકરણ વહેલું થાય.
(૬) સદરહુ બાબતની નોંધ લેવી.
(૭) સદરહુ બાબતની નોંધ લેવી.

૨૨. ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૭૭-૭૮ના અંદાજપત્ર પર પ્રા. પી. સી. પટેલ અને આચાર્ય બી. એમ. પીરઝાદાએ રજૂ કરેલા નીચેના પ્રસ્તાવોની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૨૯/૩૦-૩-૧૯૭૭ની સભામાં થઈ શકી ન હતી તો તે પર વિચારણા કરવા બાબત :

(ક) પ્રા. પી. સી. પટેલના પ્રસ્તાવો :

૧. "યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓને તબીબી રાહત યોજના લાગુ પાડવામાં આવી તે પહેલાં તેમને માંદગીની રજાઓ જે ધોરણે મળતી હતી તે આજે પણ યથાવત્ મળે છે એમ છતાં પ્રેસ-કર્મચારીઓને કામદાર વીમાયોજનાને કારણે તેમને મળતી માંદગીની સાત રજાઓ પાછી ખેંચી લેવાઈ છે. આથી એક જ સંસ્થાના કર્મચારીઓ વચ્ચે ભેદભાવની પરિસ્થિતિ પ્રવર્તે છે. બધા જ કર્મચારીઓ વચ્ચે સમાનતા સ્થાપિત કરવા પ્રેસ-કર્મચારીઓને માંદગીની સાત રજાઓનો લાભ યથાવત્ આપવા માટે આ સભા એકિઝકયુટિવ કાઉન્સિલને વિનંતી કરે છે. આના સંદર્ભમાં ૧૯૭૭-૭૮ના અંદાજપત્રના પૃષ્ઠ ૩ ઉપર યુનિવર્સિટી મુદ્રણાલયનો કુલ ખર્ચ રૂ. ૮,૨૮,૫૦૦-૦૦ અંદાજવામાં આવ્યો છે, તેમાં પ્રતીક તરીકે રૂ. ૧૦૧નો ખર્ચ વધુ અંદાજવા વિનંતી કરી આ સભા અંદાજપત્રની નોંધ લે છે."

૨. "તા. ૨૪/૨૫/૨૬-૩-૧૯૭૨ની યુનિવર્સિટી કોર્ટની સભાના ઠરાવનો એકિઝકયુટિવ કાઉન્સિલે સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે તે ધ્યાનમાં લઈને યુનિવર્સિટી કાર્યાલયના ત્રીજા-ચોથા વર્ગના કર્મચારીઓની બાબતમાં બન્યું છે તેમ યુનિવર્સિટી પ્રેસના પણ ત્રીજા-ચોથા વર્ગના કર્મચારીઓ માટે નિવાસસ્થાનની તૈયારી કરવાની યુનિવર્સિટી કોર્ટની આ સભા યુનિવર્સિટી એકિઝકયુટિવ કાઉન્સિલને વિનંતી કરે છે. આના સંદર્ભમાં સને ૧૯૭૭-૭૮ના અંદાજપત્રના પૃષ્ઠ ૨૭ ઉપર બાબત નં. ૨૩ અને ૨૪માં પ્રત્યેકમાં દર્શાવેલ ખર્ચમાં પ્રતીક તરીકે રૂ. ૧-૮૦ વધુ ઉમેરવાની વિનંતી કરી આ સભા અંદાજપત્રની નોંધ લે છે."

૩. "ગુજરાત યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓના પગારધોરણમાં મોંઘવારી ભથ્થાનો અંશતઃ ભાગ તા. ૧-૪-૧૯૭૧ થી ભેળવવામાં આવેલો તે વખતે પ્રેસના જુનિયર કંપોઝીટરો અને પંપ ઓપરેન્ટનું પગારધોરણ રૂ. ૧૦-૩-૮૦ ઈ.બી. ૪-૧૦૦ હતું. તેનું મર્જ્ડ પગારધોરણ રૂ. ૧૦૪—૫—૧૧૪ ઈ.બી. ૧૭૯ થયેલું. પરંતુ યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓના રાજ્ય સરકારના એજ્યુકેશન એન્ડ લેબર ડિપાર્ટમેન્ટના પત્રાંક યુ.એસ.જી. ૧૧૬૯-૫૮૮૮૩ કે. એચ., તા. ૨૯-૩-૧૯૭૧ પ્રમાણે યુનિવર્સિટીની ૨૮ (અઠ્ઠાવીસ) કેડરોનાં પગારધોરણો (સીલિંગ) સુધારેલાં તેનો અમલ તા. ૧૨-૫-૧૯૭૩ની સિન્ડિકેટની સભાએ બાબત નં. ૪૦ થી તા. ૧-૪-૧૯૭૧થી અમલ કરવામાં આવેલો છે તેને બદલે આ

નવા સુધારેલા પગારધોરણ રૂ. ૧૦૪-૬-૧૧૬-૬-૧૬૪-૭-૨૦૬નો અમલ તા. ૧-૬-'૬૭થી વાસ્તવિક અમલ કરવા વિનંતી છે. આ મોંઘવારી ભથ્થું ચૂકવવામાં એક જ સંસ્થામાં એક જ પ્રેસમાં કામ કરતા કર્મચારી-કર્મચારી વચ્ચે જે ભેદભાવ ઊભો કર્યો છે તે દૂર કરવા આ સભા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વિનંતી કરે છે. પ્રેસના ફક્ત ૨૫ જુનિયર કંપોઝીટરોને તા. ૧-૬-૧૯૬૭ થી તા. ૩૧-૧૨-૧૯૭૨ના ગાળા દરમિયાન મોંઘવારી ભથ્થાનો ડિફરન્સ ચૂકવી આપી આ ભેદભાવ દૂર કરવો જોઈએ તેના સંદર્ભમાં ૧૯૭૭-૭૮ના અંદાજપત્રના પૃષ્ઠ ૪૯ ઉપર યુનિવર્સિટી મુદ્રણાલયનો કુલ ખર્ચ રૂ. ૮,૨૮,૫૦૦ અંદાજવામાં આવ્યો છે તેમાં પ્રતીક તરીકે રૂ. ૧૧નો ખર્ચ વધુ અંદાજવા વિનંતી કરી આ સભા અંદાજપત્રની નોંધ લે છે."

૪. "તે વખતના કાર્યકારી પ્રેસ-મેનેજરશ્રીની સૂચના મુજબ ખાસ ટ્રક ભાડે રાખીને યુનિવર્સિટી પ્રેસના જુનિયર બાઈન્ડર શ્રી. પી. બી. પ્રજાપતિએ પરીક્ષા કેન્દ્રો ઉપર કોરી ઉત્તરવહીઓ પહોંચાડવાનું કામ તા. ૬-૩-૧૯૭૩ થી તા. ૧૩-૩-૧૯૭૩ દરમિયાન કરેલું. પ્રેસ-મેનેજરે યુનિવર્સિટી કાર્યાલય ઉપર તા. ૩૧-૫-૧૯૭૩ના રોજ મોકલેલા પ્રસ્તાવમાં પ્રમાણિત કર્યું છે તે મુજબ સદર દિવસોનું ૬ થી ૮ કલાક પ્રમાણે ઓવરટાઈમ વેતન શ્રી. પ્રજાપતિને ચૂકવવાનું થાય છે. પ્રેસ મેનેજરે પ્રમાણિત કર્યા મુજબ શ્રી. પ્રજાપતિને સદર દિવસોનું ઓવરટાઈમ વેતન ચૂકવવા આ સભા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વિનંતી કરે છે તેના સંદર્ભમાં યુનિવર્સિટીના ૧૯૭૭-૭૮ના અંદાજપત્રના પૃષ્ઠ ૪૯ ઉપર અધિક સમય તથા ભથ્થાંના મથાળા સામે કોલમ ૫માં રૂ. ૫૦,૦૦૦-૦૦નો ખર્ચ અંદાજવામાં આવ્યો છે તેમાં પ્રતીક તરીકે રૂ. ૧૧-૦૦ (અગિયાર) વધુ અંદાજવાની વિનંતી કરી આ સભા અંદાજપત્રની નોંધ લે છે."

(ખ) આચાર્ય બી. એમ. પીરજાદાનો પ્રસ્તાવ :

"કોર્ટની આ સભા, ૧૯૭૭-૭૮ના અંદાજપત્ર ઉપરની નોંધના પાના નં. ૧૨ પર યુનિવર્સિટીની આર્થિક સ્થિતિ સંતોષકારક નથી તેવી નોંધને ચિંતાની નજરે જુએ છે અને યુનિવર્સિટી શિક્ષણ વિકાસ, અભ્યાસેતર પ્રવૃત્તિ અને સ્વાસ્થ્યખાતામાં સૂચવેલા ખર્ચાઓને બહાલી આપતાં પહેલાં જે તે ખર્ચાઓની યોગ્યતાના Norms ના આધારે તેની યોગ્યતા ચકાસવા અને તે અંગે પુનઃ વિચારણા કરે તે માટે યુનિવર્સિટીનાં સત્તામંડળોને અનુરોધ કરે છે."

(ક) (૧) શ્રી. પી. સી. પટેલના સદરહુ પ્રસ્તાવ અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારવો નહીં.

(૨) યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓ માટે રહેઠાણો બાંધવા માટે પ્રસ્તાવ તૈયાર કરીને રાજ્ય સરકારને મોકલવાનું રાખવું.

(૩) યુનિવર્સિટી પ્રેસના જુનિયર કંપોઝીટરોને મર્જ્ડ પગારધોરણનો લાભ તા. ૧-૪-૧૯૭૧થી આપવામાં આવ્યો છે તેને બદલે તા. ૧-૬-૧૯૬૭થી આપવાનું રાખવું.

(૪) સદરહુ બાબત અંગે જરૂરી વિચારણા કરીને યોગ્ય નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(ખ) આચાર્ય બી. એમ. પીરજાદાનો સદરહુ પ્રસ્તાવ ફાઇનાન્સ કમિટી બજેટ તૈયાર કરતી વખતે નજરમાં રાખે તે ભલામણ સહ ફાઇનાન્સ સમિતિને મોકલવો.

૨૩. પૉલિવેલેન્ટ એડલ્ટ એજ્યુકેશન સેન્ટર, ગુજરાતની સલાહકાર સમિતિની તા. ૧૯-૭-૧૯૭૭ ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પૉલિવેલન્ટ એડલ્ટ એજ્યુકેશન સેન્ટરની સલાહકાર સમિતિની ભલામણ નં. ૧માં નીચેના સુધારા સહિત મંજૂર કરવી :

(૧) સેન્ટરના સંચાલકશ્રીની જગ્યા માટે ઠરાવ નં. ૧ માં સદરહુ સલાહકાર સમિતિએ સૂચવેલી વરણીસમિતિ પર નીચેના સભ્યોને વધારાના સભ્યો તરીકે નીમવા :

આચાર્ય એસ. આર. ભટ્ટ

ડૉ. બિહારીલાલ કનૈયાલાલ

શ્રી કે. એસ. શાસ્ત્રી.

૨૪. પોતાની કૉલેજના પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ પૈકી ૧૫૫ ને દ્વિતીય વર્ષ બી.કૉમ.માં પ્રવેશ આપી બીજા વર્ગ માટે જરૂરી કાર્યવાહી કરવા છતાં શિક્ષકો ન મળવાથી, ચાલુ વરસ પૂરતા ખાસ કેસ તરીકે ૧૫૫ વિદ્યાર્થી-ઓની સંખ્યાના એક વર્ગ માટે મંજૂરી આપવા એસ.ડી. આર્ટ્સ એન્ડ બી.આર. કૉમર્સ કૉલેજ, માણસાના આચાર્યે તેમના તા. ૩૦-૮-૧૯૭૭ના પત્રથી કરેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી સ્વીકારવી નહીં.

૨૫. રાજ્ય સરકારના નાણા વિભાગના ઠરાવ નં. પીસીઆર (૩૦૭૭) ૧૪૫/એમ., તા. ૧૭-૮-૧૯૭૭ અન્વયે યુનિવર્સિટીના બિનશિક્ષકગણના કર્મચારીઓને દ્વસાઈ પંચની ભલામણોના સંદર્ભમાં રાજ્ય સરકારે મંજૂર કરેલા સુધારેલા પગારધોરણના સંદર્ભમાં આપવાનો થતો તફાવત રોકડમાં ચૂકવવાનું મંજૂર કર્યું તે પ્રમાણે કર્મચારીઓને તે ચુકવણી કરવાની રાજ્ય સરકારે આપેલી મંજૂરી અન્વયે ચુકવણી કરવામાં આવી રહી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૨૬. યુનિવર્સિટી કાર્યાલયમાં કુલપતિશ્રીના અંગત સચિવ-કમ-મદદનીશ કુલસચિવ તરીકે કામ કરતા શ્રી.બી. એમ વૈશ્યને રૂ. ૭૦૦-૪૦-૯૮૦ ઈ.બી. ૪૦-૧૧૦૦-૫૦-૧૨૦૦ ઈ.બી.૫૦-૧૩૦૦ના પગારધોરણમાં રૂ. ૯૮૦ પછીથી કાર્યક્ષમતા અંતરાય (ઍફિશિયન્સી બાર), તા. ૧૨-૧૦-૧૯૭૭ થી ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

કુલપતિશ્રીના અંગત સચિવ તથા મદદનીશ કુલસચિવ શ્રી. બી. એમ વૈશ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. બી. એમ. વૈશ્યને સદરહુ જગ્યા પર અને સદરહુ પગારધોરણમાં રૂ. ૯૮૦/- પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૨૭. સમાજવિદ્યા ભવનના મજૂર કલ્યાણ વિભાગના લેકચરર શ્રી. વી. કે. ચાવડાને રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦-૫૦-૧,૩૦૦ એસેસમેન્ટ ૫૦-૧,૬૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૩૦૦ પછી એસેસમેન્ટ અંતરાય ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૮. યુનિવર્સિટી વિદ્યાભવનોના નીચેના શિક્ષકોનો અજમાયશી સમય એક વર્ષ કરતાં વધુ સમયનો પૂરો થતો હોઈ તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	સ્કૂલનું નામ	એક વર્ષનો અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમી કરવાની તારીખ
૧.	શ્રી. પી. વી. દેસાઈ	રીડર	બિઝનેસ મેનેજમેન્ટ	૧૪-૬-૧૯૭૭	૧૫-૬-૧૯૭૭
૨.	ડૉ. એ. એસ. અખાની	,,	,,	,,	,,
૩.	શ્રી. એચ. કે. ત્રિવેદી	રીડર અને અધ્યક્ષ	સ્કૂલ ઑફ કૉમર્સ	,,	,,
૪.	શ્રી. એચ. બી. દેસાઈ	રીડર	,,	,,	,,
૫.	શ્રીમતી મંગલા કે. મહેતા	લેકચરર	,,	,,	,,
૬.	શ્રી. એ. સી. ભટ્ટભટ્ટ	,,	,,	,,	,,
૭.	ડૉ. એન. દાસગુપ્તા	રીડર	,,	૨-૭-૧૯૭૭	૩-૭-૧૯૭૭
૮.	ડૉ. એમ. એન. દેસાઈ	પ્રોફેસર	વિજ્ઞાનભવન	૩૦-૬-૧૯૭૭	૧-૭-૧૯૭૭.

સદરહુ બાબતના સંદર્ભમાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં અજમાયશી ધોરણે નિમાયેલા શિક્ષકોને તેમની જગ્યાએ કાયમ કરવાની બાબતમાં સર્વસામાન્ય ધોરણે શી કાર્યવાહી કરવી તે બાબત પર લંબાણપૂર્વક ચર્ચાવિચારણા કરવામાં આવી અને તે બાબતમાં નીચે મુજબ કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યું :

(૧) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં અજમાયશી ધોરણે નિમાયેલા અધ્યાપકોની કામગીરી અંગેના ખાનગી હેવાલ જે તે શિક્ષકના વિભાગીય વડા દ્વારા અને વિભાગીય વડાની બાબતમાં વિદ્યાભવનના અધ્યક્ષ દ્વારા અને વિદ્યાભવનના અધ્યક્ષની બાબતમાં કુલપતિશ્રી દ્વારા નિમણૂક પછી એક વર્ષ પૂરું થયેથી મંગાવવાનું રાખવું.

(૨) ઉપર નં. (૧)માં જણાવેલા હેવાલો આવ્યેથી કુલપતિશ્રીએ તે વહીવટી રાહે તપાસી જોવા અને જો કોઈ કેસમાં એ હેવાલ તેઓશ્રીને સંતોષકારક જણાય નહીં તો તે હેવાલ આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું અને બાકીના કેસોમાં અજમાયશી સમય પૂરો થવાના બેથી ત્રણ માસ અગાઉ ફરીથી હેવાલો મંગાવીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

(૩) વધુમાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. એ. એસ. અંબાણીની કામગીરી અંગે જે ન્યૂનતા જણાય છે તે તરફ તેમનું ધ્યાન ખેંચવું અને જણાવવું કે તે બાબતમાં ઘટતી સુધારણા થવી આવશ્યક છે, જેથી તેમને તેમની જગ્યા પર ચાલુ રાખવા માટે વિચારી શકાય.

૨૯. ગુજરાત યુનિવર્સિટીમાં કામ કરતાં નીચેનાં કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલાં કારણોસર મકાન બંધાવવા-મરામત કરાવવા માટે સ્ટે. ૧૮૮ (૨) હેઠળ તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

કર્મચારીનું નામ હોદ્દો વિભાગ	લોનની રકમ રૂ.	સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	કયા કારણસર લોનની માંગણી કરી છે
શ્રીમતી એ. વી. સોલંકી, જુ. કલાર્ક પી. જી. વિભાગ	૯,૦૦૦	ના	મકાન બાંધકામ માટે

[**નોંધ.**—૧. શ્રીમતી એ. વી. સોલંકી ખાતે તા. ૩૧-૩-૧૯૭૭ સુધીમાં રૂ. ૯,૦૦૦ (રૂ. ૯,૨૮૬-૮૯) જમા છે તેમાંથી તેમની પ્રોવિડંટ ફંડના રૂ. ૧,૭૪૫-૦૦ તથા બિલ્ડિંગ લોનના રૂ. ૧,૧૧૩ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

૨. એકિઝકયુટિવ કાઉન્સિલે બીજીવાર લોન આપવા અંગે તેની તા. ૨૧-૧-૧૯૭૬ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

'.....વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૮૮(૨) હેઠળ પોતાના પ્રોવિડંટ ફંડમાંથી કોઈ પણ કર્મચારીએ એકવાર લોન લીધા પછી ફરીથી લોન લેવાનો પ્રસંગ તેને માટે ઊભો થાય તો તે બાબત અંગે કોઈ ચોક્કસ ધારાધોરણો ઘડવાને બદલે પ્રત્યેક કેસ તેના ગુણદોષ ઉપર વિચારવાનું રાખવું.']

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એ. વી. સોલંકીને સદરહુ કામ માટે રૂ. ૯,૦૦૦/-ની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ તેમના પ્રોવિડન્ટ ફન્ડ ખાતેથી આપવી.

૩૦. સને ૧૯૭૬-૭૭ના વર્ષ માટે આચાર્ય ડો. કે. જી. નાયક ચંદ્રક વિજ્ઞાન વિદ્યાશાખાના વિષયો માટે એનાયત કરવાની બાબતમાં નીચે જણાવેલ નિયમ પ્રમાણે સમિતિ રચવા વિચારણા કરવા બાબત :

Rule

"A Medal named 'Principal Dr. K. G. Naik Medal' of the value of Rs. 190 shall be awarded annually alternately, by turns in the Faculty of Science and Faculty of Arts to a person amongst the teachers in affiliated colleges or recognised institutions or in Departments of the Gujarat University whose research work published during the five years preceding the convocation

at which the medal is to be awarded is adjudged to be of the highest merit by a special committee of experts, who have made their mark in their respective fields of work, but not necessarily confined to the Gujarat University. The committee shall be appointed by the Executive Council of the Gujarat University every year and its decision shall be final."

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૬-૭૭ના વર્ષ માટે "આચાર્ય ડૉ. કે. જી. નાયક ચંદ્રક" એનાયત કરવા માટે સમિતિ નીમવા માટે નીચેના સભ્યોની પેનલ રચવી અને સંબંધકર્તા ઉમેદવારોના વિષયોને અનુરૂપ સભ્યોની બનેલી સમિતિ તે પેનલમાંથી રચવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

૧. ડૉ. સુરેશ શેઠના
૨. ડૉ. એ. આર. પટેલ
૩. ડૉ. જે. જે શાહ
૪. ડૉ. પી. સી. વૈદ્ય
૫. ડૉ. એન. એમ. ભટ્ટ
૬. ડૉ. આર. વી. શાહ.

૩૧. સને ૧૯૭૬-૭૭ના વર્ષ માટે આચાર્યશ્રી એમ. સી. દેસાઈ ચંદ્રક સમાજ-વિજ્ઞાનના વિષયો માટે એનાયત કરવાની બાબતમાં નીચે જણાવેલ નિયમ પ્રમાણે સમિતિ રચવા વિચારણા કરવા બાબત :

Rule

"A medal in the name of 'Principal M. C. Desai Medal' of the value of about Rs. 200 shall be awarded in any subject in Social Sciences viz. Economics, History, Politics, Sociology, Psychology, Philosophy and Education, etc. annually to a teacher who is working in any affiliated college of the University or a recognised Institution of the University or any Post-graduate department of the Gujarat University and whose Research work published during the two calendar years preceding the convocation is adjudged to be of the highest merit by a special committee of Experts who have made their mark in their respective fields of work. This committee shall be appointed by the Executive Council of the Gujarat University every year and the decision of the committee shall be final."

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૬-૭૭ના વર્ષ માટે "આચાર્ય એમ. સી. દેસાઈ ચન્દ્રક" એનાયત કરવા માટે સમિતિ નીમવા માટે નીચેના સભ્યોની પેનલ રચવી અને સંબંધકર્તા ઉમેદવારોના વિષયોને અનુરૂપ સભ્યોની બનેલી સમિતિ તે પેનલમાંથી રચવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી :

૧. ડૉ. સાંડેસરા (મુંબઈ અર્થશાસ્ત્રના પ્રોફેસર)
૨. ડૉ. એ. આર. દેસાઈ, મુંબઈ
૩. ડૉ. આલુ દસ્તૂર, મુંબઈ
૪. ડૉ. એસ. એન. મિશ્ર, વડોદરા
૫. ડૉ. ડી. એમ. દેસાઈ, વડોદરા
૬. ડૉ. જાવડેકર, વડોદરા
૭. ડૉ. એસ. કે. મિત્ર (દિલ્હી).

૩૨. સ્ટાફના વહીવટી પ્રશ્નો અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની તા. ૫-૯-૧૯૭૭ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૫-૯-૧૯૭૭ની સભાની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

(૧૪) ભલામણ નં. ૧૪ના સંદર્ભમાં ઠરાવવામાં આવ્યું કે દૈનિક ધોરણે નિમાતા કારકુનો અને તેની સમકક્ષ કર્મચારીઓના દૈનિક વેતનનો દર હાલ રૂ ૧૨/-નો છે તે વધારીને રૂ ૧૫/-નો કરવાનુ રાખવું.

(૧૫) અને (૨૬) સદરહુ બાબતો અંગેની ભલામણ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવી :

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૭ની પરીક્ષાઓ દરમિયાન વિશિષ્ટ પરિસ્થિતિ ઉપસ્થિત થતાં પરીક્ષા કાર્યના સંચાલન માટે ચાલુ દિવસોએ મોટા પ્રમાણમાં વધારાનું કામ કરવાનું થયું તથા રવિવાર અને રજાના દિવસોએ પણ તેમને કામગીરી બજાવવી પડી તે માટે અપવાદરૂપે આ મોસમ પૂરતું પરીક્ષા વિભાગના નીચેના સભ્યોને તદર્થ ધોરણે દરેકને રૂ. ૫૦૦/-નું ખાસ ભથ્થું અથવા તેને વિકલ્પે ખાસ પ્રકારની ૧૫ ઉક રજાઓ આપવી :

શ્રી. જે. એમ. મહેતા, પરીક્ષા નિયામક

શ્રી. એસ. વી. શાસ્ત્રી, મદદનીશ કુલસચિવ

શ્રી. કે. આર. જનેશી, કાર્યાલય નિયામક

શ્રી. પી પી. શાહ, કાર્યાલય નિયામક.

(૨૩) સદરહુ બાબત અંગેની ભલામણ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયના જે કર્મચારીઓને તહેવારના દિવસે ફરજ ઉપર બોલાવવામાં આવે તેમને તે દિવસ માટે તેમના મૂળ માસિક પગાર વત્તા મોંઘવારી ભથ્થાની જે રકમ થતી હોય તેની સરેરાશના એક દિવસના જેટલી રકમ વધારાના વેતન તરીકે આપવાનું રાખવું.

(સદરહુ સ્થાયી સમિતિની તા. ૫-૯-૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૩૩. ફાઇનાન્સ સમિતિની તા. ૧૪-૯-૧૯૭૭ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪-૯-૧૯૭૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૪-૯-૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૩૪. સને ૧૯૭૬-૭૭ના વર્ષનો ૨૭ મો વાર્ષિક હેવાલ તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૬-૭૭નો ૨૭ મો વાર્ષિક હેવાલ તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. કુલપતિશ્રી — અધ્યક્ષ
૨. આચાર્ય એસ. આર. ભટ્ટ
૩. પ્રો. ડી. એન. પાઠક
૪. આચાર્ય કે. એન શાહ
૫. શ્રી. કે. એસ શાસ્ત્રી.

૩૫. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ભલામણો અંગેના કેસો ઉપર તેમજ પ્રાશ્નિક, પરીક્ષક, નિરીક્ષક અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની તા ૧-૯-૧૯૭૭ અને તા. ૮-૯-૧૯૭૭ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં સદરહુ સમિતિની તા. ૧૫-૯-૧૯૭૭ની સભાની ભલામણો પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની તા. ૧-૯-૧૯૭૭, તા ૮-૯-૧૯૭૭ અને તા. ૧૫-૯-૧૯૭૭ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(ઉપરની સભાઓની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૩૬. માર્ચ એપ્રિલ ૧૯૭૬માં લેવાનાર પરીક્ષાઓ માટે પરીક્ષા નિયામકશ્રીએ કરેલાં સૂચનો પર વિચારણા કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૬-૧૦-૧૯૭૫ની સભાએ નીમેલી સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનોની નોંધ લેવી.

૩૭. ઓકટોબર ૧૯૭૭માં યોજાનાર પદવીદાન સમારંભમાં નીચે દર્શાવેલ પદવીઓ પ્રથમ વાર અર્પણ કરવાની હોવાથી તે અંગેનાં પદવી પ્રમાણપત્રોના મુસદ્દાઓ મંજૂર કરવા બાબત :

(1) M.A. (External)
(2) M.Com. (External)
(3) Dip. in Space Science & Their Applications
(4) Dip. in Space Science & Their Applications First with Distinction.
(5) Dip. in Scientific study of the Developmentally Handicapped.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પદવી પ્રમાણપત્રના મુસદ્દાઓ મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા મુસદ્દાઓની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૩૮. પીએચ.ડી. પદવી માટે સંશોધન શિષ્યવૃત્તિઓ એનાયત કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૯-૯-૧૯૭૭ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહૂ સમિતિની તા. ૯-૯-૧૯૭૭ ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહૂ સમિતિની તા. ૯-૯-૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૩૯. અનુસ્નાતક વિદ્યાભવનોના કાર્યભારજ અંગે ઑર્ડિ. ૬૬—એ સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૮-૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ. કા. બાબત ક્રમાંક ૩૮) :

"આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૬-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

O. 66—A :

(1) It shall be a duty of every full-time teacher to remain present in his department for not less than four hours on every working day;

(2) The work load per week for every full-time teacher in University Department shall be 10 periods of 60 minutes each, of which lectures shall not exceed eight.

(Explanation : The above quantum of work shall include practical work. For the purpose of counting work load one unit of practical work not exceeding 1½ hours shall be considered equivalent to one period of 60 minutes.)"

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૬-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

O. 66-A :

(1) It shall be a duty of every full-time teacher to remain present in his department for not less than four hours on every working day;

(2) The work load per week for every full-time teacher in a University Department shall be 10 periods of 60 minutes each, of which lectures shall not exceed eight.

Explanation : The above quantum of work shall include practical work. For the purpose of counting work load one unit of practical work shall be considered equivalent to one period of 60 minutes.)

૪૦. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૭-૮-૧૯૭૭ની સભાની નીચેની ભલામણ એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮-૮-૧૯૭૭ની સભામાં મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક્ર. ૩૫) :

"આથી ભલામણ કરવામાં આવે છે કે "ડિપ્લોમા ઇન સેક્રેટરીશિપનો બે વર્ષના ગાળાનો પૂરા સમયનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવો અને આ ડિપ્લોમા અભ્યાસક્રમ યુનિવર્સિટીના વાણિજ્ય ભવનમાં શીખવવો. આ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે કોઈ પણ વિદ્યાશાખાના બે વર્ગમાં સ્નાતકની પરીક્ષા પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો. પ્રવેશની પદ્ધતિઓ અંગે વિગતો તૈયાર કરતી વખતે ભલામણ કરવામાં આવશે. આ અભ્યાસક્રમ શીખવવા માટે જરૂરી શિક્ષકોની નિમણૂક કરવાની રહેશે અને આ અભ્યાસક્રમના ચાર્જમાં ઓછામાં ઓછા રીડર કક્ષાના અધ્યાપક રાખવા. આ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ બીજો કોઈ અભ્યાસક્રમ એક સાથે કરી શકશે નહીં."

આથી ઠરાવવામાં આવે છે કે ડિપ્લોમા ઇન સેક્રેટરીશિપનો બે વર્ષનો પૂરા સમયનો અભ્યાસક્રમ સ્થાપવો અને સ્ટે. ૧૭૯માં જરૂરી સુધારા કરવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

૪૧. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૩૦-૬-૧૯૭૭ની સભાની નીચેની ભલામણ એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮-૮-૧૯૭૭ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"વધુમતે ઠરાવવામાં આવ્યું કે પૅાલ સમિતિના હેવાલમાં પ(૨) (૩) કરેલ ભલામણ પ્રમાણે શિક્ષણની સંલગ્ન કૉલેજમાં વિદ્યાર્થી-શિક્ષકનું પ્રમાણ ૧૨ : ૧નું રાખવાની ભલામણ આ સભા જે તે સત્તામંડળને કરે છે. આ જોગવાઈ પ્રમાણે સંલગ્ન શિક્ષણની કૉલેજમાં વિદ્યાર્થી-શિક્ષકના પ્રમાણથી વધારાના ૧૦ ટકા વિદ્યાર્થીઓ લેવાની પરવાનગી ન આપવાની ભલામણ આ સભા જે તે સત્તામંડળને કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી, અને ઑ. ૧૨૦-બીની કંડિકા (*viii*) ૨૬ કરવી તથા કંડિકા (*ix*) અને (*x*)ને અનુક્રમે ક્રમાંક (*viii*) અને (*ix*) આપવા.

૪૨. શિક્ષણની નવી તરાહના સંદર્ભમાં વ્યાયામ શિક્ષકની નિમણૂક સંલગ્ન કૉલેજમાં આવશ્યક રાખવા અંગેનાં ધોરણોમાં પુનર્વિચારણા કરવા અંગેના રાજ્ય સરકારના શિક્ષણખાતા તરફથી આવેલા તા. ૨૯-૩-૧૯૭૭ના પત્રાંક એનજીસી. ૧૧૭૭-૪૫-૧૫૦ ખ(૧) પર વિચારણા કરી એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮-૮-૧૯૭૭ની સભામાં નીચે મુજબ ભલામણ કરી છે તે અંગે વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક્ર. ૨૯) :

"આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં વ્યાયામ શિક્ષકોને વિદ્યાર્થીઓની શારીરિક તાલીમ ઉપરાંત પણ રમતગમત અને અન્ય અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ સંભાળવાની હોય છે તે હકીકત તરફ રાજ્ય સરકારનું ધ્યાન ખેંચીને તેમની નિમણૂક ચાલુ રાખવા અને માન્ટને પાત્ર ગણવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

[**નોંધ.**—વધુમાં વ્યાયામ શિક્ષકનો કાર્યબોજ રાજ્ય સરકારની ગ્રાન્ટ માટેની ૧૬ તાસની મર્યાદામાં ન ગણતાં તેની જગ્યા વધારાની ગણીને ગ્રાન્ટને માટે તે ગણતરીમાં લેવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.] "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ સ્વીકારવી.

૪૩. એમ.એ. નિયમિત વિદ્યાર્થી માટે ઓર્ડિ. એમ.એ.-૧ (બી)ના પેરા ૧ પછી તથા એમ.એ. (એકસ્ટર્નલ)ના ઓર્ડિ. એમ.એ. (એકસ્ટર્નલ)૯ના પેરા ૧ પછી નીચેનો પ્રોવિઝો ઉમેરી તે ઓર્ડિનન્સો નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૮-૧૯૭૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક્ર. ૧૧) :

" Provided that a candidate who thus re-appears at the M.A. Part-II Examination with Group F, i.e. Sociology shall offer the following four papers :

(1) Sociology of Family
(2) Industrial Sociology
(3) Rural Sociology
(4) Urban Sociology."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. એમ.એ. ૧(બી)ની પેટાકલમ (૧) પછી તથા ઑર્ડિ. એમ.એ. (એકસ્ટર્નલ) ૯ની પેટાકલમ (૧) પછી ઉપર મુજબ પ્રોવિઝો ઉમેરીને સદરહુ ઑર્ડિનન્સો સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

૪૪. એજ્યુ. ઑ. ૧ માં નીચેની પેટાકલમ (૩) ઉમેરવા અને તે મુજબ સુધારેલા સદરહુ ઑર્ડિનન્સને મંજૂર કરીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૮-૧૯૭૭ની સભાની ભલામણ વિચારણા કરવા બાબત (અં.કા. બા. ક્રમાંક ૧૭) :

" Notwithstanding anything contained above, a candidate who has passed the B.Ed. Degree Examination of this University shall not be awarded the said degree unless the first degree on the basis of which he was admitted to the B.Ed. course is conferred upon him/her. "

આથી ઠરાવવામાં આવે છે કે એજ્યુ. ઑર્ડિ. ૧માં ઉપર મુજબ પેટાકલમ (૩) ઉમેરવી અને તે મુજબ સુધારેલો સદરહુ ઑર્ડિનન્સ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૪૫. તબીબી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે હાયર સેકન્ડરીની પરીક્ષા વિજ્ઞાનના વિષયો ઉપરાંત અંગ્રેજી વિષય સાથે પણ પાસ કરી હોવી જોઈએ તેમ ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલની ભલામણ પરથી તબીબી વિદ્યાશાખાએ સૂચવ્યું છે તેના સંદર્ભમાં યુનિ. ધારાની કલમ ૪૨-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની રાજ્ય સરકારને ભલા-

મણ કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૮-૧૯૭૭ ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૫) :

Section 42-A : " No student shall be ineligible for enrolment as a student in the Faculties of Arts, Science and Commerce of the University merely on the ground that he has not passed the examination, which he is required to pass for such enrolment with English as one of its subjects."

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૨-એ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા માટે જરૂરી કાર્યવાહી ત્વરિત કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૪૬. યુનિ. સાથે જોડાયેલી કૉલેજોમાં વૈકલ્પિક વિષયો શીખવવા બાબતમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૧૮-૮-૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ. કા. બાબત ક્રમાંક ૪ અને ૧૩) :

" ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓની કૉલેજોમાં કામ કરતા અધ્યાપકોને તેમના અનુસ્નાતક કક્ષાના મુખ્ય વિષય ઉપરાંત ફક્ત પ્રથમ વર્ષ એફ.વાય.ની કક્ષાએ તેમનો ગૌણ કે પૂરક વિષય શીખવવા માટે પણ પાત્ર ગણવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

૪૭. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદને તાજેતરમાં જ તા. ૧૫-૬-૧૯૭૭ થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું જોડાણ આપેલું હોઈ સદરહુ કૉલેજની જૂન ૧૯૭૮ થી ચાલુ જોડાણ મેળવવા માટેની અરજી સ્વીકારવા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩-એ અન્વયે શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ કુલપતિશ્રીએ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરેલી હોઈ તે પર

તથા

શ્રી. એન. એમ. પરીખે એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૭૭ની સભામાં રજૂ કરેલો નીચેનો પ્રસ્તાવ જે સદરહુ સભામાં મુલતવી રહ્યો હતો, તે પર વિચારણા કરવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજને તેમનું જોડાણ પૂરું થયું હોવાથી તેમને નવું જોડાણ મળ્યું નથી તેવી જાહેરાત છાપાંઓમાં આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની જોડાણ અરજી સ્વીકારવી અને તે માટે જરૂરી સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૮. યુનિવર્સિટી કાર્યાલયમાં, ભવનોમાં વગેરેમાં શૈક્ષણિક કે બિનશૈક્ષણિક જગ્યાઓ પૂરવા અંગે રાજ્ય સરકાર સિવાય બીજી સંસ્થાઓની આર્થિક સહાયથી ઊભી કરવામાં આવેલી જગ્યાઓ કે જેનો આર્થિક બોજો રાજ્ય સરકાર ઉપર તાત્કાલિક કે ભવિષ્યમાં

પડતો ન હોય તો તે અંગે રાજ્ય સરકારની મંજૂરીની કોઈ જરૂર નથી તેમ સ્પષ્ટતા કરતા રાજ્ય સરકારના પત્રાંક યુ.એસ.જી. ૧૧૭૭-કે.એચ., તા. ૮-૯-૧૯૭૭ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં શિક્ષકગણની જગ્યા પૂરવા તથા તેની જરૂરિયાત જોઈ-તપાસી જવાના સંદર્ભમાં કેટલાક એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યોની રજૂઆતના સંદર્ભમાં કુલપતિશ્રીએ નીચેની સમિતિ નીમ્યાના;

૧. શ્રી. એસ આર. ભટ્ટ
૨. શ્રી. એમ. સી. શાહ
૩. શ્રી. એચ. પી. પંડયા
૪. શ્રી. કે. એન. શાહ
૫. શ્રી. એમ. એન. દેસાઈ
૬. શ્રી. એન. એમ પરીખ.

(૨) સને ૧૯૭૭-૭૮ના શૈક્ષણિક વર્ષમાં કેટલાક કેસોમાં વિદ્યાર્થીઓની અગવડ લક્ષમાં લઈને તેમના પ્રવેશ અંગે સંલગ્ન કોલેજોને છૂટછાટ આપ્યાના;

(૩) હવે પાસ વર્ગવાળા સ્નાતકને પણ એમ.એ., એમ.કોમ. અને એમ.એસસી.ના વર્ગમાં જોડાવા પાત્ર ગણ્યા હોવાથી આવા જે વિદ્યાર્થી એમ.એ. કે એમ.કોમ. એકસ્ટર્નલ પરીક્ષા માટે નોંધાવા હોય તેમને તાજેતરમાં સુધારેલા નિયમો મુજબ એમ.એ. કે એમ.કોમ ના વર્ગમાં નિયમિત વિદ્યાર્થી તરીકે જોડાવાની સગવડ કરવામાં આવેલી છે, તેના ઉપલક્ષ્યમાં તેમને ફી ભર્યાનો દાખલો રજૂ કર્યેથી તેમણે એમ.એ. કે એમ.કોમ. (એકસ્ટર્નલ) પરીક્ષા માટે ભરેલ પૂરી ફી (રજિસ્ટ્રેશન ફી, પરીક્ષા ફી તથા ગુણપત્રક ફી સહિત) પરત કરવાનું રાખ્યાની મંજૂરી રાખ્યાના;

(૪) શ્રી. એસ. એચ. ભગવતી, ચેરમેન, એસોસિયેટેડ ટેકસ્ટાઈલ એન્જિનિયર્સ, મુંબઈ તરફથી "શ્રી. હરિલાલ ભગવતી ભૂગોળ સંશોધન ભવન" માટે રૂ. ૨,૦૦,૦૦૦/– (રૂપિયા બે લાખ પૂરા)નું દાન સ્વીકાર્યાના;

(૫) ઊંઝા એજ્યુકેશન બોર્ડ, ગુજરાત યુનિવર્સિટી તથા અન્ય સામે ગુજરાત હાઈકોર્ટમાં કરેલી રિટ અરજી (સ્પે. સિ. એપ્લિ. નં. ૬૬૬/૭૭)માં યુનિવર્સિટી તરફથી એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને નીમ્યાના તથા તે બાબતમાં જરૂરી ખર્ચ કરવાની મંજૂરી આપ્યાના;

(૬) સીડ સર્ટિફિકેશન એજન્સી ગુજરાત રાજ્યને ચાર એકર જમીન સંકર-૪ કપાસ બીજના નમૂનાનો ફીલ્ડ ટેસ્ટ અંગે ઉપયોગી કરવા માટે યુનિવર્સિટીની જમીન ફાળવી આપ્યાના;

(૭) વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ તરીકે ડૉ. સી જી. ખત્રીના નિવાસસ્થાને જે ટેલિફોન હતો તે ટેલિફોન વિજ્ઞાન પરિષદને માટે સેક્રેટરી તરીકે હંગામી ધોરણે ડૉ. એમ. એન. દેસાઈના નિવાસસ્થાને મૂકવા માટે મંજૂરી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૫૦. ઑકટોબર ૨૯ થી ૩૧, અથવા નવેમ્બર ૫ થી ૭ ૧૯૭૭ના સમય દરમિયાન ગુજરાત સ્ટેટિસ્ટિકલ એસોસિયેશનનું છઠ્ઠું વાર્ષિક અધિવેશન પાટણ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે રાખેતા મુજબની શરતોએ સર્વશ્રી આઈ. ડી. પટેલ અને વાય. કે. શાહને મોકલવા.

૫૧. 'સરદાર વાંચન કેન્દ્ર" માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૨૬-૮-૧૯૭૭ના પત્ર ક્રમાંક એફ. ૨૨-૫૫-૭૦ (એસ.એ.-આઈ-ડી-૪ એ)થી આઉટ-સાઇડથી ફિફ્થ પ્લાન એલોકેશન તરીકે આવર્તક અને અનાવર્તક અનુદાન ૧૦૦ ટકા પ્રમાણે અથવા એકચ્યુઅલ એકસપેન્ડિચ્યુર તે બેમાંથી જે ઓછા હોય તે પ્રમાણે નીચે દર્શાવેલ વિગત પ્રમાણે (સ્ટાફ સહિત) પાંચમી યોજનાના સમય માટે મંજૂર કર્યાની નોંધ લેવા બાબત :

Staff :

Technical Assistant	One
Clerk	One
Peon	Three
Sweeper	One

Non-recurring :

(*i*) Books	Rs. 30,000
(*ii*) Staeks	Rs. 15,000

Recurring :

(per annum till the end of V Plan)

(*i*) Staff	Rs 15,000
(*ii*) Contingencies	Rs. 4,500

(including electricity charges etc.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા યુનિવર્સિટી ગ્રન્થાલયમાં ઉપર મુજબની જગ્યાઓ પાંચમી પંચવર્ષીય યોજનાના સમય માટે હંગામી ધોરણે ઊભી કરવી.

૫૨. ભાષા-સાહિત્ય ભવનમાં ટ્યૂશન ફીમાં થયેલી ગેરરીતિના સંદર્ભમાં ભવનના જૂ. કલાર્ક શ્રી કે. એલ. મહેતા સામે શાં પગલાં લેવાં તે અંગેના એડવોકેટ શ્રી એસ. એન. શેલતના અભિપ્રાયને અનુલક્ષીને ઘટતી વિચારણા કરવા બાબત.

આછી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૩. ગુજરાત યુનિવર્સિટી સંચાલિત આઈ.એ.એસ.ના વર્ગ સને ૧૯૭૭-૭૮ના વર્ષ માટે ચાલુ રાખવા અંગે ગુજરાત સરકારના શિક્ષણ ખાતાએ તેમના તા. ૮-૯-૧૯૭૭ના પત્ર ક્રમાંક આઈ.એ.એસ. ૧૦૭૭-૬૦૧૮૯-કેએચ થી મંજૂરી આપ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૫૪. (૧) ઓક્ટોબર માસમાં લેવાનાર સેકન્ડ એલએલ.બી.ની પરીક્ષા તા. ૧-૧૧-૧૯૭૭ને બદલે તા. ૨-૧૧-૧૯૭૭ના રોજથી શરૂ કરવા બાબત;

તથા

(૨) એમ.બી.બી.એસ. તથા બી.ડી.એસ.ની પરીક્ષાઓ કે જે તા. ૧૭-૧૦-૧૯૭૭ થી થનાર છે તેની તારીખ લંબાવવા માટે વિદ્યાર્થીઓની તા. ૧૪-૯-૧૯૭૭ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે –

(૧) ઑક્ટોબર ૧૯૭૭ માં લેવાનાર સેકન્ડ એલએલ.બી.ની પરીક્ષા તા. ૧-૧૧-૧૯૭૭ને બદલે તા. ૨-૧૧-૧૯૭૭ થી શરૂ કરવાનું રાખવું

(૨) ઑક્ટોબર ૧૯૭૭ માં લેલાનાર એમ.બી.બી.એસ. તથા બી.ડી.એસ.ની પરીક્ષાઓ તા. ૧૭-૧૦-૧૯૭૭ને બદલે તા. ૨૪-૧૦-૧૯૭૭ થી શરૂ કરવાનું રાખવું.

૫૫. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની રચના અંગેના ઑર્ડિ ૭ પ્રમાણે દક્ષિણ વિભાગમાંથી પ્રિ. કે. એમ. તલાટીને ત્રણ વર્ષ માટે અને યુનિવર્સિટીના ત્રણેય વિભાગો (અમદાવાદ, ઉત્તર અને દક્ષિણ)માંથી નીચે પ્રમાણેના એક એક વિદ્યાર્થી પ્રતિનિધિની એક વર્ષ માટે સદરહુ બોર્ડ ઉપર નિયુક્તિ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

૧. અમદાવાદ વિભાગ ... શ્રી. અનિલ શ્રોફ
૨. ઉત્તર વિભાગ ... કુ. રેવા એલ. દેસાઈ
૩. દક્ષિણ વિભાગ ... શ્રી. કે. એન. રણિકા

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૫૬. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૫-૯-૧૯૭૭ની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

(૧) "આથી ઠરાવવામાં આવે છે કે આંતર-વિભાગીય ખેલકૂદ સ્પર્ધા યોજવા માટે જરૂરી પગલાં લેવાની સત્તા દક્ષિણ વિભાગ સ્થાનિક રમતગમતના અધ્યક્ષ અને બોર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખ તેમ જ મંત્રીને આપવી તથા આંતર-વિભાગીય રમતો માટે મંજૂર થયેલ રૂ. ૮,૦૦૦ (અંકે રૂપિયા આઠ હજાર)ની રકમમાંથી અંતર-વિભાગીય રમત સ્પર્ધાના માટેના યંત્રો વગેરેના ખર્ચના રૂ. ૪,૦૦૦ (ચાર હજાર)ની જુદા રાખીને બાકી રહેલ રૂ. ૪,૦૦૦ (ચાર હજાર)ની રકમમાંથી આંતર-વિભાગીય ખેલકૂદ સ્પર્ધા માટે નિયમ પ્રમાણે જરૂરી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખ અને મંત્રીને આપવા આ બોર્ડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતા હરીફો માટે યુનિ. ફોર્મ, ક્રેસ્ટ, રમતનાં જરૂરી સાધનો યુનિ. ટીમના ફોટોગ્રાફ્સ પ્રશિક્ષણ વગેરે માટે જરૂરી ખર્ચ કરવાનું તેમજ રાજ્ય કક્ષાની આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ સ્પર્ધાઓ અને રાજ્ય કક્ષાના ખુલ્લા વિભાગની સ્પર્ધાઓમાં ભાગ લેવા તથા કમ્બાઈન્ડ યુનિવર્સિટી ટીમની પસંદગી માટે યોજનાર પસંદગી મુકાબલામાં ભાગ લેવા ખેલાડીઓને મોકલવા વગેરે માટે આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓ અંગે મંજૂર થયેલ રૂ. ૩૦,૦૦૦ (ત્રીસ હજાર)ની રકમમાંથી જરૂરી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના અધ્યક્ષથી અને મંત્રીને આપવા તથા બંનેની સહીથી બિલોને મંજૂર થયેલા ગણવા આ બોર્ડ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે ઉત્તર અને દક્ષિણ વિભાગમાં આવેલ કૉલેજો માટેના મુસાફરી તથા ભોજન ખર્ચને લક્ષમાં લઈને આંતર-કૉલેજ ખેલકૂદ સ્પર્ધાઓ માટે મંજૂર થયેલ રૂ. ૧૩,૦૦૦ (તેર હજાર)ની ગ્રાન્ટ વિભાગવાર નીચે પ્રમાણે વહેંચવા આ બોર્ડ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૪) વધુમાં ઠરાવવામાં આવે છે કે આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓમાં ભાગ લેવા જતા ખેલાડીઓને અને મૅનેજરોના દૈનિક ભથ્થામાં અનુક્રમે રૂ. ૨ અને રૂ. ૨–૫૦નો વધારો થયેલ હોઈ આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓ માટે બજેટમાં ફાળવવામાં આવેલ રૂ. ૩૦,૦૦૦ની રકમમાંથી વધારો કરી રૂ. ૩૫,૦૦૦ની બજેટમાં જોગવાઈ કરવા આ બોર્ડ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ નં. (૧), (૨) અને (૩) મંજૂર કરવી તથા ભલામણ નં. (૪) મંજૂર કરવી નહીં.

૫૭. બાંધકામ સમિતિની તા. ૧૪–૯–૧૯૭૭ ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪–૯–૧૯૭૭ ની સભાની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૪–૯–૧૯૭૭ ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝ. કાઉ./૭૩૧૬૮/૧૯૭૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૩૮૦૦૦૯.
તા. ૭–૧૦–૧૯૭૭

ઈ. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૭

યુનિવર્સિટી કોર્ટની તા. ૨૯/૩૦-૩-૧૯૭૭ની વાર્ષિક સભામાં યુનિવર્સિટીના વાર્ષિક હેવાલ અને અંદાજ-પત્ર પરની ચર્ચા દરમ્યાન થયેલાં સૂચનો અને તે પર એકિઝકયુટિવ કાઉન્સિલના ઠરાવો :

(૧) પૂર્વસ્નાતક શિક્ષણને લગતાં સૂચનો

સૂચનો	ઠરાવો
(૧) પૂર્વસ્નાતક કક્ષાએ શિક્ષણનું ધોરણ સુધારવું જોઈએ.	(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન સાથે આ સભાગૃહ સંમત છે.
(૨) કૉલેજોમાં વધુ વૈકલ્પિક વિષયોની વ્યવસ્થા કરવી જોઈએ.	(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન સાથે આ સભાગૃહ સંમત છે.
(૩) રેમેડિયલ કોર્સીઝની વ્યવસ્થા કરવી જોઈએ.	(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન સાથે આ સભાગૃહ સંમત છે. આ અંગે યુ.જી.સી. કૉલેજોને ગ્રાન્ટ આપે છે તેનો લાભ કૉલેજોએ લેવો.

(૨) પરિસંવાદને લગતું સૂચન

(૧) પરિસંવાદોમાં કૉલેજોના શિક્ષકોને પણ મોકલવા જોઈએ	(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન સાથે આ સભાગૃહ સંમત છે. આ અંગે યુ.જી.સી. કૉલેજોને ગ્રાન્ટ આપે છે તેનો લાભ લેવો.

(૩) વાર્ષિક હેવાલને લગતાં સૂચનો

(૧) વાર્ષિક હેવાલમાં સંલગ્ન કૉલેજોને લગતી માહિતી આપવી જોઈએ.	આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનો નં. (૧)થી (૪) વાર્ષિક હેવાલ અંગેની સમિતિની વિચારણા માટે મોકલવાં.
(૨) વાર્ષિક હેવાલમાં સંલગ્ન કૉલેજોના શિક્ષકો સંશોધન કરતા હોય તે અંગેની માહિતી આપવી જોઈએ.	
(૩) વાર્ષિક હેવાલમાં યુનિવર્સિટીના નિયમોના ભંગ અંગેની માહિતી આપવી જોઈએ.	
(૪) વાર્ષિક હેવાલમાં યુનિવર્સિટી કોર્ટની સભામાં થયેલાં સૂચનો અંગે લીધેલાં પગલાંની નોંધ આપવી જોઈએ.	

(૪) યુનિવર્સિટી કોર્ટની સભા બોલાવવા અંગેનું સૂચન

(૧) યુનિવર્સિટી કોર્ટની સભાઓ વધુ વખત બોલાવવી જોઈએ.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.

(૫) છાત્રાલયો અંગેનું સૂચન

(૧) સંલગ્ન કૉલેજોનાં છાત્રાલયોમાં રહેવા, જમવા ઈત્યાદિ અંગે પૂરતી સુવિધાઓ હોવી જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન સાથે આ સભાગૃહ સંમત છે. આ અંગે ક્લબ પદ્ધતિ અપનાવવી હિતકર છે.

(૬) યુનિવર્સિટીનાં સત્તામંડળો પર વિદ્યાર્થી પ્રતિનિધિત્વ અંગેનું સૂચન

(૧) યુનિવર્સિટી કોર્ટ પર વિદ્યાર્થીઓના સભ્યપદની મુદત વધારવા અંગે સરકારશ્રી સમક્ષ રજૂઆત કરવી જોઈએ.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવામાં આવેલી હોઈ વિશેષ કાંઈ કરવાની જરૂર જણાતી નથી.

(૨) એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં વિદ્યાર્થીઓને પ્રતિનિધિત્વ આપવું જોઈએ.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.

(૭) શિક્ષકોની છટણી અંગેનું સૂચન

(૧) શિક્ષણની નવી તરાહના બહાને વધારાના સ્ટાફને ખોટી રીતે છૂટા ના કરે તે જોવું જોઈએ.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન તરફ કૉલેજોનું ધ્યાન ખેંચવું.

(૮) પરીક્ષાને લગતાં સૂચનો

(૧) બહારના પરીક્ષકો અંગેની પૂરતી માહિતી હોવી જોઈએ અને પરીક્ષા સમિતિઓને તે ઉપલબ્ધ કરવી જોઈએ.

(૨) પરીક્ષાઓના સુપરવાઈઝરો માટે નોમ્સ તૈયાર કરવા જોઈએ.

(૩) ડમી નંબરનો પ્રથા શકય તેટલી પરીક્ષાઓમાં દાખલ કરવી જોઈએ.

(૪) પ્રશ્નપત્રો ફરીથી તપાસવાની પ્રથા દાખલ કરવી જોઈએ.

(૫) શિક્ષકોની ગેરરીતિઓ થતી હોય તો તેની પણ જાહેરાત કરવી જોઈએ.

(૬) વિદ્યાર્થીઓનું ધ્યાન દોરાય તે રીતે સુવર્ણચન્દ્રકો અંગેની માહિતી કૉલેજોને મોકલવી જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનો નં. (૧)થી (૬) શ્રી. પરીક્ષા નિયામકને ઘટતી વિચારણા માટે મોકલવાં.

(૯) અનુસ્નાતક શિક્ષણને લગતાં સૂચનો

(૧) ઉત્તર તેમ જ દક્ષિણ વિભાગમાં અનુ-સ્નાતક કેન્દ્રો શરૂ કરવાં જોઈએ.	(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી. આ અંગે યુ.જી.સી. સમક્ષ રજૂઆત કરી છે.
(૨) અનુસ્નાતક કક્ષાએ ગ્રેડ્ઝની પદ્ધતિ દાખલ કરવી જોઈએ.	(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓની વિચારણા માટે મોકલવું.
(૩) મજૂર કલ્યાણના અભ્યાસક્રમનું મૂલ્યાંકન કરવું જોઈએ.	(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન તરફ સમાજવિદ્યા ભવનની ત્રિવાર્ષિક તપાસ-સમિતિનું ધ્યાન ખેંચવું.

(૧૦) વહીવટી અને નાણાકીય બાબતો અંગેનાં સૂચનો

(૧) કર્મચારીઓનાં પગારધોરણોમાં સુધારો કરતી વખતે પગારધોરણ ઘટાડવાં જોઈએ નહીં.	(૧) સદરહુ સૂચન અંગે રાજ્ય સરકાર સાથે વિચાર-વિમર્શ ચાલુ છે.
(૨) શિક્ષક અને બિનશિક્ષક બન્ને વર્ગના કર્મચારીઓની નિવૃત્તિ વયમર્યાદા સમાન ધોરણે રાખવી જોઈએ.	(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન સ્વીકારવામાં આવેલું હોઈ હવે તે અંગે કોઈ કરવાપણું રહેતું નથી
(૩) રોજિંદા (ડેઈલી વેજીસ) દરે કર્મચારી-ઓની નિમણૂંકો બંધ કરવી જોઈએ.	(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન અંગે ઘટતું કરવું.
(૪) કર્મચારીગણ અંગેના તથા જાહેરાતના ખર્ચમાં કરકસર કરવી જોઈએ.	(૪) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની સાથે આ સભાગૃહ સંમત છે.
(૫) એકેડેમિક જગ્યાઓ સ્થાપવા બાબતમાં વિદ્યાશાખાઓને પૂછવું જોઈએ.	(૫) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.
(૬) યુનિવર્સિટી પ્રેસ આર્થિક રીતે સ્વાવ-લંબી થાય તે વિચારવું જોઈએ.	(૬) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.
(૭) કોમ્પ્યુટર સેન્ટરમાં આવક વધે તે માટે પ્રયત્નો કરવા જોઈએ.	(૭) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.
(૮) કોમર્શિયલ સેન્ટર ઊભું કરવું જોઈએ.	(૮) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.
(૯) સેન્ટર ફૉર મૅનેજમેન્ટ એડહૉક બેઝિઝ પર ના ચલાવવું જોઈએ.	(૯) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.

(૧૦) સંલગ્ન કૉલેજોને ઓછા કે વાજબી દરે લોન આપવા વિચારવું જોઈએ.	(૧૦) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન રાજ્ય સરકારની વિચારણા માટે મોકલ્યું છે, એટલે હવે કશું કરવાપણું નથી.
(૧૧) બોર્ડ ઓફ એકાઉન્ટ્સની મુદત ત્રણ વર્ષની કરવી જોઈએ.	(૧૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડના સભ્યપદની મુદત બે વર્ષની રાખવા માટે યુનિવર્સિટીના સંબંધકર્તા સ્ટેચ્યૂટમાં જરૂરી સુધારો કરવા માટે કાર્યવાહી હાથ ધરવી.
(૧૨) સરવૈયામાં એસેટ્સ–લાયેબિલિટીઝ વિગતે આપવી જોઈએ જેથી મિસ-એપ્રોપ્રિયેશનનો અવકાશ ના રહે.	(૧૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન ફાઈનાન્સ સમિતિને અંદાજપત્ર તૈયાર કરતી વખતે વિચારણા માટે મોકલવું.
(૧૩) બજેટ નોંધ વધુ વિસ્તૃત રીતે આપવી જોઈએ.	(૧૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન ફાઈનાન્સ સમિતિની વિચારણા માટે મોકલવું.
(૧૪) અંદાજપત્રમાં વ્યકિતઓના પગાર-ધોરણ અંગેની માહિતી આપવી જોઈએ.	(૧૪) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન ફાઈનાન્સ સમિતિની વિચારણા માટે બજેટ તૈયાર કરતાં લક્ષમાં લેવા મોકલવું.

(૧૧) રમતગમત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને વિદ્યાર્થી સ્વાસ્થ્ય ઈત્યાદિને લગતાં સૂચનો

(૧) રમતગમત માટે જુદા જુદા તાલીમ આપનાર હોવા જોઈએ.	(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી. સરકારે નીમેલા કોચોની સેવાઓ ઉપલબ્ધ છે તે લેવી.
(૨) યુવક મહોત્સવ પ્રવૃત્તિઓ શરૂ કરવી જોઈએ.	(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.
(૩) તાલીમ શિબિર પહેલાંની જેમ ફરીથી શરૂ કરવા જોઈએ.	(૩) આથી ઠરાવવામાં આવે છે કે હાલ તાલીમ શિબિરો યોજાય છે એટલે વિશેષ કરવાપણું નથી.
(૪) યુનિવર્સિટી થિયેટરની સ્થાપના કરવી જોઈએ.	(૪) આથી ઠરાવવામાં આવે છે કે ઓપન એર થિયેટર તૈયાર છે.
(૫) સ્કૂલ ઑફ ફાઈન આર્ટ્સ શરૂ કરવી જોઈએ.	(૫) સદરહુ વિદ્યાભવન સ્થાપવાનું શકય નથી.
(૬) વિદ્યાર્થીઓની દાકતરી તપાસ છેલ્લા વર્ષે પણ કરાવવી જોઈએ.	(૬) આથી ઠરાવવામાં આવે છે કે તબીબી તપાસ રદ કરવાનો નિર્ણય તાજેતરમાં લેવાયો છે.

(૭) વિદ્યાર્થી સ્વાસ્થ્યમાં રાષ્ટ્રીય કક્ષાએ ધોરણો સુધારવાં જોઈએ.	(૭) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.
(૮) કૉલેજોની ચૂંટણીઓમાં ભ્રષ્ટાચાર દૂર કરવો જોઈએ.	(૮) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.

(૧૨) ગ્રંથાલય અંગેનાં સૂચનો

યુનિવર્સિટી ગ્રંથાલયમાં કર્મચારીગણ વધારવો જોઈએ અને ઠંડા પાણીના તથા પંખા ઇત્યાદિની સુવિધાઓ વધારવી જોઈએ.	આથી ઠરાવવામાં આવે છે કે કર્મચારીગણમાં જરૂર મુજબ વધારો કરવામાં આવે છે. વધુમાં, અન્ય સગવડો પણ શકય તેટલા પ્રમાણમાં આપવાનું રાખવું.

(૧૩) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને લગતાં સૂચનો

(૧) યુનિવર્સિટી વિદ્યાભવનોના શિક્ષકો માટે કાર્યભાર નિયત કરવો જોઈએ.	(૧) સદરહુ બાબતમાં જરૂરી નિર્ણય તાજેતરમાં જ કરવામાં આવ્યો છે.
(૨) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો માટે ગુજરાતીનું જ્ઞાન મેળવવું આવશ્યક છે તો તેનું પાલન કરવું જોઈએ.	(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન યુનિવર્સિટીનાં તમામ વિદ્યાભવનોને પરિપત્રિત કરીને તેનો શકય તેટલો અમલ કરવા જણાવવું. વધુમાં ઠરાવવામાં આવે છે કે વિદ્યાભવનોના બિનગુજરાતીભાષી અધ્યાપકો માટે ગુજરાતી ભાષાના વર્ગો ચલાવવા માટે ભાષાભવનને સૂચવવું.
(૩) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો માટે કન્સલ્ટન્સી અંગેના નિયમો કરવા જોઈએ.	(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓના સંયુકત બોર્ડની વિચારણા માટે મોકલવું.

(૧૪) તાલીમી પરીક્ષાઓને લગતું સૂચન

આઇ.એ.એસ., યુ.પી.એસ.સી.ની બધી પરીક્ષાઓ માટે તાલીમ આપવી જોઈએ.	આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનની નોંધ લેવી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩૨

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની એક સભા સોમવાર, તા. ૧૫-૯-૧૯૭૭ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી ઈશ્વરભાઈ જે. પટેલે લીધું હતું :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિ	હાજર
૨. આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર
૩. પ્રો. ડી. એન. પાઠક	હાજર
૪. આચાર્ય હરિશંકર પી. પંડ્યા	હાજર
૫. શ્રી. મણિભાઈ જી. બ્રહ્મભટ્ટ	હાજર
૬. શ્રી. નરહરિ એમ. પરીખ	હાજર
૭. શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર.

૧. તા. ૨૨-૩-૧૯૭૭ની સમિતિની સભાની નોંધ લેવા બાબત.

તા. ૨૨-૩-૧૯૭૭ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીએ સ્ટેન્સિલ કટિંગ કરવા અંગે ખરીદેલા સ્કેનર મશીનની કામગીરી સંભાળવા માટે યોગ્ય મહેનતાણું આપવા અંગે સ્ટેનોગ્રાફર શ્રી. બી. ટી. પઠાણની તા. ૧૨-૧-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીનાં સ્ટેન્સિલ કટિંગ કરવા માટેનાં સ્કેનર મશીનની કામગીરી સંભાળવા માટે સ્ટેનોગ્રાફર શ્રી. બી. ટી પઠાણને માસિક રૂ. ૧૫ લેખે ભથ્થું આપવું.

૩. યુનિવર્સિટીમાં જમાદાર તરીકે કામ કરતા શ્રી. ટી. આર. કડિયાનું જૂનું પગારધોરણ અગાઉ પ્યુન-કમ-એટેન્ડન્ટ, પટાવાળા, મશીનમેન વગેરે કરતાં ઊંચું હતું; પણ દેસાઈ પંચની ભલામણ પ્રમાણે રાજ્ય સરકારે તે પગારધોરણ રૂ. ૨૧૦-૪-૨૫૦-૫-૨૭૦ રાખ્યું છે. જમાદારની જગ્યા વગેરે જવાબદારી જોતાં ઊંચું પગારધોરણ આપવા અંગેની શ્રી. કડિયાની તા. ૧૦-૩-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

૧. પગારપંચની ભલામણો પર વિચાર કરીને રાજ્ય સરકારે કરેલા ઠરાવ (તા. ૨૩-૬-૧૯૭૬ના જી. આર.) અન્વયે આ સભાગૃહના તા ૯-૧૧-૧૯૭૬ના ઠરાવ અન્વયે સુધારવામાં આવેલ પોતાના

પગારધોરણ તથા પરીક્ષા ભથ્થાની બાબતમાં પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડ્યાએ ગુજરાત હાઈકોર્ટમાં કરેલી અરજી (Sp. C.A. 1965-1976) પરથી થયેલી કાર્યવાહીના સંદર્ભમાં તેમના તરફથી આવેલ તા. ૨-૨-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

૬. યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ તરફથી નવાં પગારધોરણોના સંદર્ભમાં આવેલી રજૂઆતો પર વિચારણા કરી જરૂરી કાર્યવાહી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— રાજ્ય સરકારના શિક્ષણ ખાતાએ તેઓના પત્રાંક ડી. ઓ. નં. યુએનજી. ૧૧૭૫-૮૧૪૧૧ કેએચ, તા. ૧-૯-૧૯૭૬થી કર્મચારીઓ તરફથી પગારધોરણોના સંદર્ભમાં આવેલી રજૂઆતો જોઈ-તપાસી તે સંબંધે યુનિ.ની ભલામણો આપેલા પ્રફોર્મામાં સરકારશ્રીને વિચારણા માટે મોકલી આપવા સૂચવ્યું છે.)

૭. યુનિ. કાર્યાલયમાં કુલસચિવના અંગત મદદનીશ-કમ-કાર્યાલય નિયામકની જગ્યા પર કામ કરતા શ્રી. કે. જી. શાહને અંગત મદદનીશનું પગારધોરણ આપવું કે કાર્યાલય નિયામકનું પગારધોરણ આપવું તથા કુલપતિશ્રીના અંગત સચિવ-કમ-મદદનીશ કુલસચિવને તથા કુલસચિવશ્રીના અંગત મદદનીશ-કમ-કાર્યાલય નિયામકને અનુક્રમે રૂ. ૯૦ તથા રૂ. ૭૦નું માસિક ભથ્થું આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા કેસો ઉપરાંત બીજા કેસો હોય તો તે બધાની બાબતમાં આવેલી રજૂઆતો તથા કોઈ કક્ષા(કેટેગરી)માં નવા પગારધોરણના સંદર્ભમાં કોઈ વિસંગતિઓ-રજૂઆત હોય તો તે તપાસીને તેનું સ્ટેટમેન્ટ કાર્યાલયે તૈયાર કરીને આ સમિતિ સમક્ષ વિચારણા માટે મૂકવું.

વધુમાં કુલપતિશ્રીઓનું જોઈન્ટ બોર્ડ પણ આ અંગે સાથોસાથ કો-ઓપ્ટ સમિતિ આગળ આ અંગે રજૂઆત કરે તેમાં આ બધાનો સમાવેશ કરવા ભલામણ કરવી.

૪. એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦-૩-૧૯૭૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત:

શ્રી. શરદભાઈ પટેલના નીચેના પ્રસ્તાવો ઉપર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ ૧

"યુનિવર્સિટીના એકેડેમિક વિભાગમાં કાર્યાલય નિયામક તરીકે હાલમાં સેવાઓ આપતા શ્રી. વી. એમ. વ્યાસને ૧૯૫૫થી તેમની સીનિયોરિટીને આંચ આપીને વખતોવખત જુદી જુદી કક્ષા પરની બઢતી માટે વિપરીત અસર પહોંચાડીને યુનિ.એ આર્થિક ગેરલાભ તથા સીનિયોરિટીના ધોરણે મળતા અન્ય લાભોને નુકસાન થાય તે રીતે તેમની સર્વિસ કારકિર્દીને અસર કરી છે તેમને થયેલા આ અન્યાયોને દૂર કરવા તેમનો આ કેસ વિગતે પુનઃ તપાસી તેમની રજૂઆતો સાંભળી આ અંગેની પોતાની સુગ્રથિત ભલામણો આ સભાને સુપરત કરવા આ સભાની બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને રિફર કરવાનું ઠરાવે છે."

પ્રસ્તાવ ૨ :

" યુનિવર્સિટીમાં અગાઉ બીજા અને ચોથા શનિવારે રજા તથા ૧૨ આકસ્મિક રજાઓ આપવામાં આવતી હતી. ત્યાર બાદ તમામ શનિવારો અડધા દિવસના કર્યા છતાં આકસ્મિક રજાઓ ૧૫ને બદલે ૧૨ જ રાખવામાં આવી. આ બાબતમાં મે. કુલસચિવશ્રીને અગાઉ પત્ર લખી રાજ્યની અન્ય યુનિવર્સિટીઓમાં તથા સરકારશ્રીમાં શું પરિસ્થિતિ પ્રવર્તે છે તેની માહિતી મંગાવવા લખેલું. તેના સંદર્ભમાં કાર્યાલય પાસે આવેલ માહિતી ઉપર વિચારણા કરી આ બાબત અંગે રાજ્ય સરકારમાં યા મહદ્ અંશે રાજ્યની અન્ય યુનિવર્સિટીઓમાં જે પ્રથા અમલમાં છે તે મુજબ આ યુનિવર્સિટીમાં પણ શનિવારોની તથા આકસ્મિક રજાઓની પ્રથા રાખવાનું આ સભા ઠરાવે છે."

૪-૧. યુનિવર્સિટીના એકેડેમિક વિભાગમાં કાર્યાલય નિયામક તરીકે સેવાઓ આપતા શ્રી. વી. એમ. વ્યાસને રૂબરૂ સાંભળવામાં આવ્યા. ત્યાર બાદ લંબાણ વિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૪-૨. આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૪-૬-૧૯૭૭ની સભામાં બાબત ક્રમાંક ૨૧થી ઘટતો નિર્ણય લેવાઈ ગયો છે તે જોતાં હવે વિશેષ કાંઈ કરવાનું રહેતું નથી.

૮. યુનિવર્સિટીના કર્મચારી જે તે માન્ય દવાખાનામાં સ્પેશિયલ વૉર્ડમાં સારવાર લે તે તેઓને સ્પેશિયલ વૉર્ડના તથા અન્ય ખાસ સારવારનાં બિલો તેઓને કયા ધોરણે આપવાં તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત વિચારણા માટે હવે પછીની સભા સમક્ષ રજૂ કરવી.

૯. અંગ્રેજી સાથે ગુજરાતી ટાઇપિંગ કરનારને કોઈ માસિક ભથ્થું આપવામાં આવે છે કે કેમ તેના સંદર્ભમાં રાજ્ય સરકાર પાસેથી માહિતી મંગાવતાં રાજ્ય સરકારના પત્રાંક પીસીઆર ૧૦૭૭-૧૮૪-એમ, તા. ૧-૨-૧૯૭૭માં આ અંગે કોઈ ખાસ સ્પષ્ટતા મળેલ નહીં હોવાથી આ અંગે શાં પગલાં લેવાં તેના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૦. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં એક સીનિયર કલાર્કની જગ્યા ઊભી કરવા અંગેનો અધ્યક્ષશ્રીનો તા. ૧૭-૩-૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નવી જગ્યાઓ ઊભી કરવા અંગેની માગણીઓ જોઈતપાસીને તે બાબતમાં જરૂરી પ્રસ્તાવ તૈયાર કરીને રજૂ કરવાનું રાખવું

૧૧. યુનિવર્સિટી પ્રેસના કલાર્ક-ટાઇપિસ્ટ કે જેઓ કલેરિકલ કામ કરે છે તેઓને રાજ્ય સરકારના ઠરાવ પ્રમાણે ટાઇપિંગ ઍલાવન્સ આપવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિ. પ્રેસના ક્લાર્ક-ટાઇપિસ્ટ શ્રી. કાન્તિલાલ ખી. પંડયાને સ્પીડ અંગેનો તેમનો ટાઇપિંગ ટેસ્ટ લઇને નિયમ પ્રમાણે ટાઇપિંગ ભથ્થું (ઍલાવન્સ) આપવું.

૧૨. યુનિવર્સિટી કાર્યાલયના જુનિયર ક્લાર્ક શ્રી. ખી. જે. પંડયા અગાઉ જુનિયર ઓપરેટર હતા તેથી તેઓને દેસાઈ પંચ પ્રમાણે તે સૂચવેલ પગારધોરણ આપવા અંગે તેમની તા. ૨૦-૪-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૩. ઈલેક્ટ્રિકલ એન્જિનિયર શ્રી. જે. સી. પટેલને પોતાની ફરજે જોતાં માસિક રૂ. ૭૫નું સ્કૂટર ભથ્થું આપવા અંગે તેમની તા. ૨૨—૪—૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના ઇલેક્ટ્રિકલ એન્જિનિયરને તેમની ફરજે જોતાં, માસિક રૂ. ૭૫નું સ્કૂટર ભથ્થું યુનિ.ના નિયમો પ્રમાણે આપવું.

૧૪. એસ્ટેટ વિભાગના હંગામી માળી-મજૂરોને હાલ દૈનિક રૂ. ૬ અપાય છે તે વધારવા અંગે તેઓની તા. ૩૦-૧૧-૧૯૭૭ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે એસ્ટેટ વિભાગના હંગામી બાગ મજૂરો તથા હંગામી ધોરણે કામ કરતા પટાવાળા, માળી, સફાઈ કામદાર, ચોકીદાર વગેરેને હાલ દૈનિક રૂ. ૬નું વેતન અપાય છે તે દૈનિક રૂ. ૮ લેખે આપવું.

વધુમાં એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે હાલમાં બાગ મજૂરો પૈકી જેટલી જગ્યાઓ કાયમ કરવા જેવી લાગે તે જગ્યાઓ કાયમ કરવા માટે રાજ્ય સરકારને લખવું અને રાજ્ય સરકારની સંમતિ આવ્યે આ બાબત આ સમિતિ સમક્ષ વિચારણા માટે મૂકવી.

૧૫. કાર્યાલય નિયામકથી નીચેની કક્ષાના કર્મચારીઓને માસિક પરીક્ષા ભથ્થું ઉપરાંત ઓવરટાઇમ ભથ્થું પણ મળે છે. પરીક્ષાની આ મોસમમાં વિશિષ્ટ પરિસ્થિતિ ઉપસ્થિત થઈ તે માટે તેઓ સવારના ૮-૦૦થી સાંજના ૮-૦૦ વાગ્યા સુધી અને તમામ રજાના દિવસોએ પણ આવવાનું થયું છે તે ધ્યાનમાં લઈ ઓવરટાઈમ ભથ્થું આપવા અથવા માસિક ભથ્થું વધારવા અંગેની તા. ૨૦-૧૦-૧૯૭૭ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

અને

૨૬. ચાલુ વર્ષે પરીક્ષાના વિશિષ્ટ સંજોગોમાં રજાઓના કુલ ૨૧ દિવસો કામ કર્યું હોવાથી તે દિવસોની એક રજા આપવા અથવા પગાર આપવા અંગેની પરીક્ષા વિભાગના પરીક્ષા નિયામકશ્રી, મદદનીશ કુલસચિવ અને કાર્યાલય નિયામકશ્રીની તા. ૭-૭-૧૯૭૭ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૭ની પરીક્ષાઓ દરમિયાન વિશિષ્ટ પરિસ્થિતિ ઉપસ્થિત થતાં પરીક્ષાકાર્યના સંચાલન માટે ચાલુ દિવસોએ મોટા પ્રમાણમાં વધારાનું કામ કરવાનું થયું, તથા રવિવાર તથા રજાના દિવસોએ પણ તેમને કામગીરી બજાવવી

પડી તે માટે અપવાદ રૂપે આ મોસમ પૂરતું પરીક્ષા વિભાગના નીચેના સભ્યોને તદર્થ ધોરણે દરેકને રૂ. ૫૦૦નું ખાસ ભથ્થું આપવું :

શ્રી. જે. એમ. મહેતા	પરીક્ષા નિયામક
શ્રી. એસ. વી. શાસ્ત્રી	મદદનીશ કુલસચિવ
શ્રી. કે. આર. જોશી	કાર્યાલય નિયામક
શ્રી. પી. પી. શાહ	કાર્યાલય નિયામક.

૧૬. રાજ્ય સરકારના તા. ૫-૫-૧૯૭૭ના ઠરાવ પ્રમાણે સ્ટેનો-ટાઇપિસ્ટની કેડર રદ કરી તેની જગ્યાએ રૂ. ૩૫૦-૨૦-૪૫૦ ઈ.બી. ૨૫-૫૦૦નાં પગારધોરણોમાં સ્ટેનોગ્રાફર ગ્રેડ. ૩ની નવી કેડર દાખલ કરી છે. યુનિવર્સિટીના સ્ટેનો-ટાઇપિસ્ટની જગ્યાઓને સ્ટેનોગ્રાફર ગ્રેડ. ૩માં ફેરવવા અંગે હેડ ટાઇપિસ્ટની તા. ૭-૬-૧૯૭૭ની નોંધ અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સ્ટેનો-ટાઇપિસ્ટની કેડર રદ કરી તેની જગ્યાએ રૂ. ૩૫૦-૨૦-૪૫૦ ઈ.બી. ૨૫-૫૦૦ના પગારધોરણમાં સ્ટેનોગ્રાફર ગ્રેડ ૩ની નવી કેડર દાખલ કરવા રાજ્ય સરકારનો જી.આર. ક્રમાંક ભારત/૧૧૭૭/તા.૫-૫-૧૯૭૭ યુનિવર્સિટીના સ્ટેનો-ટાઇપિસ્ટો માટે લાગુ પાડવા માટે પ્રથમ રાજ્ય સરકારની અનુમતિ મેળવવી અને તે સંબંધે રાજ્ય સરકારની મંજૂરી મળેથી આ બાબત ફરીથી આ સમિતિ સમક્ષ વિચારણા માટે મૂકવી.

વધુમાં એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સ્ટેનોગ્રાફરની હાલની કેટલીક જગ્યાને ગ્રેડ ૧માં ફેરવવા માટે રાજ્ય સરકારની મંજૂરી મેળવવી અને તે સંબંધે રાજ્ય સરકારની અનુમતિ મળ્યેથી આ બાબત વિચારણા માટે આ સમિતિ સમક્ષ રજૂ કરવી.

૧૭. યુનિવર્સિટી મહિલા છાત્રાલયના વધેલા કામકાજને ધ્યાનમાં લઈને વધુ એક જુનિયર ક્લાર્કની જગ્યા સ્થાપવા અંગે વૉર્ડનના તારીખ ૨૦-૬-૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિ. મહિલા છાત્રાલયના વધેલા કામકાજને ધ્યાનમાં લઈને વધુ એક જુનિયર ક્લાર્કની જગ્યા સ્થાપવાનું મંજૂર કરવા માટે રાજ્ય સરકારને લખી જણાવવું.

૧૮. રાજ્ય સરકારના પત્રાંક યુ.એસ.જી. ૪૨૭૭—૨૨૦૬૭—કે.એચ. તારીખ ૧૩-૫-૧૯૭૭થી રેન્ટ ફ્રી ઍકોમોડેશન કોને કોને આપવું તથા કઈ શરતોએ આપવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રાજ્ય સરકારના પત્રાંક યુ.એસ.જી. ૪૨૭૭—૨૨૦૬૭—કે.એચ. તા. ૧૩-૫-૧૯૭૭થી રેન્ટ ફ્રી ઍકોમોડેશન કોને કોને આપવી અને કઈ શરતોએ આપવી તે અંગે યુનિવર્સિટીમાં હાલ જેઓને રેન્ટ ફ્રી ઍકોમોડેશન અપાતી હોય તેની યાદી સાથે આ બાબત જોઈન્ટ બોર્ડ ઑફ વાઈસ-ચાન્સેલર્સ સમક્ષ વિચારણા માટે મોકલવી.

૧૯. યુનિવર્સિટી ડ્રાઈવરનો હાલ પટાવાળાઓને અપાય છે તે દરે ઓવરટાઈમ આપવામાં આવે છે. રાજ્ય સરકારના ઠરાવ પ્રમાણે ડ્રાઈવરનું પગારધોરણ જુનિયર ક્લાર્કની જગ્યાની સમકક્ષ થયું હોવાથી જુનિયર ક્લાર્કને અપાતા દરે ઓવરટાઈમ આપવા અંગે શ્રી. કે. ડી. કડિયા ડ્રાઈવરની તા. ૧૦-૫-૧૯૭૭નો અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત મુલતવી રાખવી.

૨૦. આરોગ્ય કેન્દ્ર સતત ત્રણ દિવસ બંધ રહેતું ન હોવાથી તથા શનિવારના રોજ આરોગ્ય કેન્દ્રનો સમય સવારના ૮—૩૦થી ૧૨—૦૦ અને સાંજના ૪—૦૦થી ૫—૦૦નો રહેતો હોવાથી તેઓને ૧૫ આકસ્મિક રજા ઉપરાંત વધુ ત્રણ આકસ્મિક રજા તથા બદલાની રજાઓ આપવા અંગે ગુજરાત યુનિવર્સિટી કર્મચારી સંઘના તા. ૧૧-૭-૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આરોગ્યકેન્દ્ર સતત ત્રણ દિવસ બંધ રહેતું ન હોવાથી અને શનિવારના રોજ આરોગ્યકેન્દ્રનો સમય સવારે ૮-૩૦થી ૧૨-૦૦ અને સાંજના ૪-૦૦થી ૫-૦૦નો રહેતો હોવાથી તે લક્ષમાં લઈને આરોગ્યકેન્દ્રના કર્મચારીઓને વર્ષમાં ત્રણ બદલાની રજાઓ આપવી.

૨૧. યુનિવર્સિટીના કર્મચારીઓને આપવામાં આવતી બઢતી ન સ્વીકારે તો તેવા કર્મચારીઓની સીનિયોરિટી રાજ્ય સરકારના તા. ૩૦—૧૧—૧૯૬૫ના ઠરાવને ધ્યાનમાં લઈ નક્કી કરવા અંગે કાર્યાલયની તા. ૧૮-૬-૧૯૭૭ની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓ તેઓને આપવામાં આવતી બઢતી ન સ્વીકારે તો તેવા કર્મચારીઓ એક વર્ષ માટે તેમની સીનિયોરિટી ગુમાવે છે, તેમ નક્કી કરવું.

૨૨. કોમ્પ્યુટર સિસ્ટમ સુપરિન્ટેન્ડન્ટ શ્રી. આર. પી. સોનીને તેઓની ફરજોનો સમય ધ્યાનમાં લઈને વાહન ભથ્થું આપવા અંગેની તા. ૯-૮-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે કોમ્પ્યુટર સિસ્ટમ સુપરિન્ટેન્ડન્ટને, તેઓની ફરજો જોતાં, માસિક રૂ. ૭૫નું સ્કૂટર ભથ્થું યુનિવર્સિટી નિયમ પ્રમાણે આપવું.

૨૩. યુનિવર્સિટી ગ્રંથાલયના કર્મચારીઓને જાહેર રજાના દિવસોએ કામ કરવા અંગે પગાર તથા ઓવરટાઈમ ભથ્થું આપવા અંગે ગ્રંથપાલશ્રીના તા. ૧૧-૫—૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયના કર્મચારીઓને જાહેર રજાના દિવસોએ ફરજ પર બોલાવવામાં આવે તો તેઓને નીચે પ્રમાણે વેતન આપવું :

જુ. ક્લાર્ક અને તેથી ઉપરની કક્ષા	...	રૂ. ૧૫-૦૦ દૈનિક
જુ. ક્લાર્કથી નીચેની કક્ષા	...	રૂ. ૮-૦૦ ,,

[**નોંધ.**—એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૩-૪-૧૯૭૭ની સભાનો બાબત ક્રમાંક ૩૪(૧૩)નો ઠરાવ હવે ઉપર પ્રમાણે સુધરે છે.]

૨૪. યુનિવર્સિટી કાર્યાલયમાં હાલ ૧૩ ચોકીદારની જગ્યાઓ છે તે પૈકી બે જગ્યાઓ સિકયોરિટી સુપરવાઈઝર અને હેડ સિકયોરિટી ગાર્ડની જગ્યાઓમાં ફેરવવા અંગે એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટના તા. ૧૭-૫-૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં હાલ ચોકીદારની ૧૩ જગ્યાઓ છે તે પૈકી બે જગ્યાઓ સિકયોરિટી સુપરવાઈઝર અને હેડ સિકયોરિટી ગાર્ડની જગ્યાઓમાં ફેરવવા અંગેના એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટના તા. ૧૭-૫-૧૯૭૭ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરી સુચિંતિત અહેવાલ આપવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ
૨. શ્રી. કે. સી. પરીખ, કુલસચિવ
૩. શ્રી. બી. એમ. પટેલ, વિકાસ અધિકારી.

૨૫. યુનિવર્સિટીના કોચ શ્રી. નિહાલસીંગ બેનીલાલને રૂ. ૭૦/- પર્સનલ પે અપાતો હતો પરંતુ દેસાઈ પંચની ભલામણ પ્રમાણે તેઓનું પગારધોરણ સુધરતાં તે પગારમાં મર્જ કરવામાં આવ્યું છે તે રૂ. ૭૦ સ્પેશિયલ પગાર તરીકે આપવા અંગે તેઓની તા. ૫-૫-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૨૭. શ્રી. શરદ પટેલના તા. ૭-૮-૧૯૭૭ના પત્ર પ્રમાણે નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

પ્રસ્તાવ :

"રાજ્ય સરકારશ્રીના જી.આર. એમ.બી.એસ. ૨૧૬૬-૪૨૯૮-જે, તા. ૧૫-૧૦-૧૯૬૬માં જણાવેલી શરતોને આધીન યુનિ.ના કર્મચારીઓને તથા તેમનાં કુટુમ્બીજનોને-આશ્રિતોને (૧) ચોથા વર્ગના કર્મચારીઓ સિવાયના કર્મચારીઓને ૪૦૦ કિલેમીટરથી વધુ હોય તો (૨) ચોથા વર્ગના કર્મચારીઓને ૧૬૦ કિલોમીટરથી વધુ હોય તો દર ૨ વર્ષે એક વખત વતનમાં જવા-આવવાનું મુસાફરી ભાડું આપવાનું આ સભા ઠરાવે છે."

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રાજ્ય સરકારશ્રીના નિયમો પ્રમાણે રાજ્ય સરકારશ્રીના યુનિવર્સિટીના કર્મચારીઓને તથા તેમનાં કુટુમ્બીજનો-આશ્રિતોને દર બે વર્ષે એક વખત વતનમાં જવા-આવવાનું મુસાફરી ભાડું આપવાનું મંજૂર કરવા રાજ્ય સરકારની અનુમતિ મળ્યેથી આ બાબત વિચારણા માટે રજૂ કરવી.

નીચેની બાબત પ્રમુખશ્રીની પરવાનગીથી વિચારણા માટે મૂકવામાં આવી :

૨૮. સમાજવિદ્યા ભવનના ભૂગોળવિદ્યા વિભાગની પ્રયોગશાળા માટે પટાવાળાની એક જગ્યા ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં ભૂગોળવિદ્યા વિભાગની પ્રયોગશાળા માટે પટાવાળાની એક જગ્યા હાલ હંગામી ધોરણે ઊભી કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ

પરિશિષ્ટ "ગ"

કામકાજ ક્રમાંક ૩૩

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૧૪-૯-૧૯૭૭ ને બુધવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી ઈશ્વરભાઈ જે. પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિ	હાજર
૨. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૩. ડૉ. વિનોદકાન્ત સી. શાહ	હાજર
૪. શ્રી. કે. રામમૂર્તિ—શિક્ષણનિયામક	હાજર

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૫-૮-૧૯૭૭ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૫-૮-૧૯૭૭ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કેમ્પસની ૧૧૦૦૦ વૉલ્ટની ઓવરહેડ લાઈનના સમારકામ અંગે ધી અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કં. લિ.ના તા. ૬-૮-૧૯૭૭ ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસની ૧૧૦૦૦ વૉલ્ટની ઓવરહેડ લાઈનનું સમારકામ ધી અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કં. લિ. પાસે તેઓના પત્ર નં. ૨-૧૧૫૫, તા. ૬-૮-૧૯૭૭માં જણાવેલ શરતોએ રૂ. ૮,૭૬૦ના ખર્ચે કરાવવું.

૩. મે. વૉલ્ટાસ લિ. પાસેથી ટ્રાન્સફૉર્મર માટે એચ. ટી. કેબલ બૉક્ષ તથા એલ. ટી. કેબલ બૉક્ષ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીએ વૉલ્ટાસ લિ. પાસેથી ટ્રાન્સફૉર્મર ખરીદવાનું નક્કી કરેલ છે. તેથી તેઓની પાસેથી એચ. ટી. કેબલ બૉક્ષ રૂ. ૫૦૦ તથા એલ. ટી. કેબલ બૉક્ષ રૂ. ૭૫૦ના ખર્ચે તેઓના પત્ર નં. ઈ. એલ. ૬૨૧૮-જી.એ-૨૪૨૯-૫, તા. ૧-૮-૧૯૭૭માં જણાવેલ શરતોએ ખરીદવાં.

૪. યુનિવર્સિટી કેમ્પસમાં ઇન્ટર-કૉમ ટેલિફોન એક્ષચેન્જ નાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે અગાઉ નક્કી થયા પ્રમાણે ૫૦ (પચાસ) લાઈનનું એક એવાં બે ઓટોમેટિક એક્ષચેન્જ મે. ઇન્ડિયન ટેલિફોન ઇન્ડસ્ટ્રીઝ લિ. પાસેથી ખરીદવાં અને આ એક્ષચેન્જ ૧૦૦ લાઈનનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ અંગે જરૂરી કેબલ માટે ટેન્ડરો મંગાવવાનું રાખવું.

૫. રસાયણવિજ્ઞાન વિભાગ માટે એક વૉટરકૂલર મે. વૉલ્ટાસ લિ. પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રસાયણવિજ્ઞાન વિભાગ માટે એક તથા ભાષા-સાહિત્ય ભવન માટે એક એમ બે વૉટરકૂલર ખરીદવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી તથા તે માટે ટેન્ડરો મંગાવવાં.

વધુમાં ઉપરોક્ત ખરીદી માટે ભાષા-સાહિત્ય ભવનના બજેટમાં રૂા. ૧૩,૦૦૦(દસ હજાર)ની વધુ જોગવાઈ કરવી.

૬. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગને લેબોરેટરી ઉપયોગ માટે Alab solid state Regulated Power Supply Model. M/s. Applied Electronics Ltd. પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે M/s. Applied Electronics Ltd. પાસેથી Alab Solid State Regulated Power Supply Model No. 7331 ખાસ પ્રકારનું હોવાથી અને તેઓ તેના બનાવનાર હોવાથી રૂ. ૪,૪૦૦ વત્તા ટેક્ષની કિંમતે તેઓના તા. ૬-૭-૧૯૭૭ના પત્રમાં જણાવેલ શરતોએ ખરીદવું.

૭. વિજ્ઞાન વિદ્યાભવનની સેન્ટ્રલ લેબોરેટરી માટે સાધનો ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરો અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સેન્ટ્રલ લેબોરેટરી માટે નીચે પ્રમાણેનાં સાધનો જે તે વેપારીના ટેન્ડરના પત્રમાં જણાવેલ શરતોએ અને અધ્યક્ષ, વિજ્ઞાન વિદ્યા-ભવનની ભલામણ અનુસાર ખરીદવાં.

Equipment for Central Laboratory

No.	*Company's Name*	*Name of Equipment*	*Type*		*Price*
1.	M/s. Systronics, Ahmedabad.	Ultra Violet/ Visible Spectro-photometer	Backmann Model 26 UV-Vis Scanning System with accessories spares	$	12,990
2.	M/s. Systronics, Ahmedabad	Infra Red Spectro-photometer	Backmann Model Acculab-6 with Spares & accessories	$	12,900
3.	M/s. Rahoul Siemssen Engg. Pvt. Ltd., New Delhi	Gas Chroma-tography	Packard Gas-Chroma-tograph Model GC 421-8053 Dutch Guilds DFIS 52,000/- (Approx)	Rs.	1,70,000 (approx.)

4.	M/s Toshniwal Bros. Pvt. Ltd., Bombay.	Gas Chromatography	Indian-RL 0405-A Spares & accessories	Rs 40,552 Rs. 7,841
5.	M/s. Industrial & Research Instrumental Co., Bombay	CH NO Analyser	Elemental Analyser Model 1106 Italian Automatic Sampler for 50 Samples. Accessories Spares	Rs. 2,10,000 (Approx.)
6.	M/s. Electronics Corpon. of India Ltd., Hyderabad	Mossbauer Spectrometer	MBS-35 Cobalts 57 cource Indian	Rs. 97,970 Rs. 3,330
7.	Rohoul Siemssen Engg. Pvt. Ltd., New Delhi	Liquid Scintilation counter and ITS Accessories	C.I.F. Bombay	$ 26.547 US dollars
8.	M/s. Systronic for Beckman Swtz.	Ultracentrifuga (pc. one)	C.I.F., Bombay Basic Inst.	$ 26,500
9.	M/s. Scientific Instrument Co., Bombay	Fluorescent Microscope (pc. one)	C.I.F., Bombay	Rs. 54,377

(**નોંધ.**—કુલ ખર્ચ લગભગ રૂ. ૧૬,૦૦,૦૦૦ (સોળ લાખ) થશે.)

૮. યુનિવર્સિટી કાર્યાલયનાં જૂનાં ટાઇપરાઇટરોનો નિકાલ કરવા અંગે મંગાવેલ ટેન્ડરો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં જૂનાં ટાઇપરાઇટરો નીચે પ્રમાણે વેચી દેવાં અને સ્ટોક રજિસ્ટરમાંથી કમી કરવાં :

	ટાઇપરાઇટર નંબર	વેચાણ રાખનાર વેપારીનું નામ	કિંમત રૂ.	નોંધ
૧.	ગોદરેજ, ૮-૫૧૮૬	મે. માહિર એન્ડ કેર એન્જીનીઝ, અમદાવાદ	૫૫૧-૦૦	સૌથી વધુ ભાવ હોવાથી
૨.	ગોદરેજ, ૮-૮૨૭૪	,,	૧૫૫-૦૦	,,
૩.	અન્ડરવુડ, ૧૪-૬૫૮૧૦૬૪	,,	૬૦૦-૦૦	,,
૪.	ગોદરેજ, ૮-૫૨૦૮	ડી. સી. બાદલાની	૩૦૧-૦૦	,,

૯. આંતર-યુનિવર્સિટી હરીફાઈમાં ભાગ લેવા જતા ખેલાડીઓ માટે ક્રેસ્ટ બનાવવા અંગે મંગાવેલ કોટેશન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આંતર-યુનિવર્સિટી હરીફાઈમાં ભાગ લેવા જતા ખેલાડીઓ માટે ક્રેસ્ટ બનાવવાના આવેલા ભાવમાંથી મે. અંજના કામિની એગ્રેાયડરી, અમદાવાદના ભાવ રૂ. ૬-૪૦ સૌથી ઓછા હોવાથી જરૂર પ્રમાણે તેઓ પાસેથી ખરીદવા.

૧૦. યુનિવર્સિટીની જૂની મોટરકાર જી.જે.જી. ૬૫૬૮ના વેચાણ અંગે મંગાવેલ ટેન્ડરો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની મોટરકાર જી.જે.જી. ૬૫૬૮ના વેચાણ માટે આવેલ ટેન્ડરમાંથી સૌથી વધુ ભાવ આપનાર મે. સ્ટર્લિંગ ફૂડ પ્રોડક્ટ્સ (શ્રી. યોગેશ સુતરિયા), અમદાવાદને રૂ. ૧૨,૧૦૧ (બાર હજાર પાંચસો એક પૂરા) વત્તા ૧૫ ટકા વધુના દરે વેચી દેવી તથા સ્ટોકપત્રમાંથી કમી કરવી.

૧૧. યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનો તથા વિભાગો માટે વૂડન ફર્નિચર તથા સ્ટીલ ફર્નિચર ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરો અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીનાં જુદાં જુદાં ભવનો માટે **પરિશિષ્ટ "અ"**માં બતાવ્યા પ્રમાણે ફર્નિચર ખરીદવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી

પરિશિષ્ટ "અ"

વૂડન ફર્નિચર : ફર્નિચર ખરીદવાની ભલામણ કરેલ યાદી

ક્રમાંક	ફર્નિચરનું નામ	ભાવ	વેપારીનું નામ	માઈક્રો-બાયોલોજી	સ્કૂલ ઑફ કૉમર્સ	જોગ્રોફી ડિપાર્ટ-મેન્ટ	સમાજ-વિદ્યા ભવન	ભાષા-સાહિત્ય ભવન	બિઝનેસ મૅનેજમેન્ટ સેન્ટર	કેમિસ્ટ્રી વિભાગીય ગ્રંથાલય	નોંધ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
		રૂા.		નંગ	નંગ	નંગ	નંગ	નંગ	નંગ	નંગ	
૧.	ટાઈપિસ્ટ ટેબલ ૪'×૨'×૨'-૬"	૨૮૧--૦૦	શ્રી અંબિકા ફર્નિચર માર્ટ	૪	૪	—	—	—	—	—	ભાવ ઓછા હોવાથી તથા ફર્નિચર સારી જાતનું અને કામ સંતોષકારક હોવાથી
૨.	સાગી લાકડાની હાથાવાળી ખુરશી	૫૩--૦૦	શ્રી અંબિકા ફર્નિચર માર્ટ	૨૦	૮૫	૨૦	૧૦	૨૪	—	—	ભાવ ઓછા હોવાથી
૩.	ઈઝી ચેર	૧૪૧--૦૦	શ્રી અંબિકા ફર્નિચર માર્ટ	૨	૧૨	—	—	૬	—	—	ફર્નિચર સારી જાતનું તથા કામ સંતોષકારક હોવાથી
૪.	ખાનાં વગરનાં સાદાં ટેબલ ૪'×૨'×૨'-૬"	૧૩૮--૦૦	અમરીશ ફર્નિચર માર્ટ	—	૬	—	—	—	—	—	ભાવ ઓછા હોવાથી

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૫.	પ્લેટ ગ્લાસનાં શટરવાળાં નોટિસબોર્ડ ૪'×૩'	૨૪૫--૦૦	એડલ્ટ ટ્રેનિંગ સેન્ટર ફૉર ધી બ્લાઈન્ડ	—	૫	—	—	—	—	—	ભાવ ઓછા હોવાથી
	૨'×૩'	૧૨૨--૫૦	,,	૨	—	—	—	—	—	—	ભાવ ઓછા હોવાથી
૬.	ન્યૂઝ પેપર સ્ટેન્ડ	૧૭૦--૦૦	ન્યૂ ફર્નિચર માર્ટ	—	૧	—	—	—	—	—	ભાવ ઓછા હોવાથી
૭.	સ્પીકર ડેસ્ક	૧૩૭--૫૦	એડલ્ટ ટ્રેનિંગ સેન્ટર ફૉર ધી બ્લાઈન્ડ	—	૧	—	—	—	—	—	ભાવ ઓછા હોવાથી
૮.	ગ્લાસ બ્લેક બોર્ડ	૧૭--૦૦ ચો.ફૂટ	શ્રી અંબિકા ફર્નિચર માર્ટ	—	૨૫૦ ચો.ફૂટ	—	—	—	—	—	ભાવ ઓછા હોવાથી
૯.	વૂડન ટેબલ ૫'×૩'×૨'-૬"	૩૯૬--૦૦	શ્રી અંબિકા ફર્નિચર માર્ટ	—	—	—	૧૦	૬	—	—	ભાવ ઓછા હોવાથી
૧૦.	લાઈબ્રેરી ટેબલ	૩૩૫--૦૦	શ્રી અંબિકા ફર્નિચર માર્ટ	—	૨૦	—	—	—	—	—	ભાવ ઓછા હોવાથી
૧૧.	વૂડન સાઈડ રેક	૧૧૭--૬૦	સી. એમ. પઢિયાર	૨	૯	—	—	—	—	—	ભાવ ઓછા હોવાથી
૧૨.	કમિટી ટેબલ ૬'×૩'×૨'-૬"	૩૧૦--૦૦	અમરીશ ફર્નિચર	—	૩	—	—	—	—	—	ફર્નિચર સારી જાતનું તથા કામ સંતોષકારક હોવાથી
૧૩.	પ્યૂન સ્ટૂલ	૩૦--૦૦	સી. એમ. પઢિયાર	—	૩	—	—	—	—	—	ભાવ ઓછા હોવાથી
૧૪.	મેગેઝીન મૂકવાનું	૭૦૦--૦૦	શ્રી અંબિકા ફર્નિચર માર્ટ	—	૧	—	—	—	—	—	ભાવ ઓછા હોવાથી

૧૫.	સાગી લાકડાના બાંકડા	૧૬૫--૦૦	શ્રી અંબિકા ફર્નિચર માર્ટ	૧	—	—	—	—	—	—	ભાવ ઓછા હોવાથી
૧૬.	વૂડન પ્લેટફૉર્મ ૧૪'×૬'× ૦'--૧૦"	૧૨૬૦--૦૦	શ્રી અંબિકા ફર્નિચર માર્ટ	—	૨	—	—	—	—	—	ભાવ ઓછા હોવાથી
	૮'×૪'×૦'--૧૦"	૫૩૫--૦૦	શ્રી અંબિકા ફર્નિચર માર્ટ	—	૨	—	—	—	—	—	ભાવ ઓછા હોવાથી
	૧૫'×૨'× ૨'—૯"	૭૦૦--૦૦	શ્રી અંબિકા ફર્નિચર માર્ટ	૨	—	—	—	—	—	—	ભાવ ઓછા હોવાથી
૧૭.	લેબોરેટરી સ્ટૂલ	૩૫--૦૦	સી. એમ. પઢિયાર	૧૫	—	—	—	—	—	—	ભાવ ઓછા હોવાથી
૧૭.	લેબોરેટરી સ્ટૂલ ૫'-૦"	૬૦--૦૦	હેમ ઈન્ડસ્ટ્રીઝ	૧	—	—	—	—	—	—	ભાવ ઓછા હોવાથી

સ્ટીલ ફર્નિચર

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	અન્ય વિભાગ ૧૨	નોંધ ૧૩
૧.	સ્ટીલ કબાટ સ્ટોર વેલ ૭૮"×૩૬"× ૧૯"	૮૯૨--૫૫ વત્તા ઓકટ્રોય ખીરા યુટિલિટી કબાટ	ખીરા ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.	૮	૬	૩	૧૫	૬	—	—	નંગ ૩ પરીક્ષા વિભાગ નંગ ૫ સ્કૂલ ઑફ લૉ	સ્ટીલ ફર્નિચર સારી જાતનું તથા કામ સંતોષકારક હોવાથી

૨.	સ્ટીલ ફાઈલિંગ કેબિનેટ	"ખીરા" ફાઈલિંગ કેબિનેટ ૮૯૨--૫૫ વત્તા ઑક્ટ્રોય	ખીરા ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.	૧	૧	૧	—	—	૪	—	નંગ ૨ સ્કૂલ ઑફ લૉ	—સદર—
૩.	ગ્લાસ ડૉર સ્ટીલ કબાટ	૧૦૨૬--૧૩ વત્તા ઑક્ટ્રોય "ખીરા" ગ્લાસડૉર કબાટ	ખીરા ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિમિટેડ	૩	૩	—	—	—	—	—	—	—સદર—
૪.	સ્લોટેડ ઍંગલ સ્ટીલ રેકસ	૩૧૭--૯૮	કિલિક નિકસન લિમિટેડ	—	૪	—	—	—	—	—	નંગ ૨ સ્કૂલ ઑફ લૉ માટે	ભાવ ઓછા હોવાથી

પરિશિષ્ટ "ઘ"
ક્રમકોલ ક્રમાંક ૩૭

We, the Chancellor, Vice-Chancellor and Members of the Court of the Gujarat University certify.....that the withinsigned..... having been examined for the Degree of Master of Arts (External) in..... .....and having passed the Examination in the.....class

the Degree of

MASTER OF ARTS

(External)

has been conferred on h at Ahmedabad, on the.....day of the month of.....in the year one thousand nine hundred and.....

In Testimony whereof are set the Seal of the said University and the signature of the said

Chancellor.

.....
Chancellor

* * *

We, the Chancellor, Vice-Chancellor and Members of the Court of the Gujarat University certify.....that the withinsigned..... .....having been examined for the Degree of Master of Commerce (External) and placed in the.....Class,

the Degree of

MASTER OF COMMERCE

(External)

has been conferred on h at Ahmedabad. on the.....day of the month of.....in the year one thousand nine hundred and seventy .....

In Testimony whereof are set the Seal of the said University and the signature of the said

Chancellor

.....
Chancellor

* * *

We, the Chancellor, Vice-Chancellor, and Members of the Court of the Gujarat University certify.....that the withinsigned ..... having undergone an advanced Post-graduate Diploma Course in Space-Science and their Applications at the.....and having been examined and adjudged to have passed in the.....Class,

the said,

DIPLOMA IN
SPACE SCIENCE AND THEIR APPLICATIONS

has been conferred on h at Ahmedabad, on the.....day of the month of.....in the year one thousand nine hundred and .....

In Testimony whereof are set the Seal of the said University and the signature of the said

Chancellor

.....
Chancellor

* * *

We, the Chancellor, Vice-Chancellor and Members of the Court of the Gujarat University certify ..... that the withinsigned ..... having undergone an advanced Post-graduate Diploma Course in Space-Science and Their Applications at the ..... and having been examined and adjudged to have passed in the First Class with Distinction, the said

DIPLOMA IN
SPACE SCIENCE AND THEIR APPLICATIONS

has been conferred on h at Ahmedabad, on the..... day of the month of..... ....in the year one thousand nine hundred and.....

In Testimony whereof are set the Seal of the said University and the signature of the said

Chancellor.

.....
Chancellor

* * *

We, the Chancellor, Vice-Chancellor and Members of the Court of the Gujarat University certify.....that the withinsigned .....

having undergone a Post-graduate Course for the Diploma in Scientific Study of the Developmentally Handicapped at the.....
and having been examined and adjudged to have passed in the.....Class, the said

DIPLOMA IN
SCIENTIFIC STUDY OF THE DEVELOPMENTALLY HANDICAPPED

has been conferred on h at Ahmedabad, on the.....day of the month of.....in the year one thousand nine hundred and.....

In Testimony whereof are set the Seal of the said University and the signature of the said

Chancellor

.....
Chancellor

પરિશિષ્ટ "ચ"

કામકાજ ક્રમાંક ૩૮

અનુસ્નાતક અભ્યાસ માટે સંશોધન શિષ્યવૃત્તિઓ માટે આવેલ અરજીઓ પર વિચારણા કરી પોતાની ભલામણો કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની વર્ષ ૧૯૭૭-૭૮ની પ્રથમ સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શુક્રવાર, તા. ૯-૯-૧૯૭૭ના રોજ બપોરના ૧૧-૩૦ કલાકે કુલપતિ શ્રી ઈશ્વરભાઈ જે. પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઈશ્વરભાઈ જે. પટેલ, કુલપતિશ્રી	હાજર
૨. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૩. શ્રી. જે. એ. યાજ્ઞિક	હાજર
૪. ડૉ. એ. એસ. નાગર	હાજર
૫. પ્રો. ડી. એન. પાઠક	ગેરહાજર.

૧. સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૨૦-૩-૧૯૭૭ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવા બાબત.

સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૨૦-૩-૧૯૭૭ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. પાંચમી યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી વિશ્વવિદ્યાલયોમાં ઉચ્ચ શિક્ષણ તથા રિસર્ચ ડેવલપમેન્ટ માટે વિઝિટિંગ કમિટીની ભલામણને અનુલક્ષીને માસિક રૂ. ૪૦૦ અને તે ઉપરાંત રૂ. ૧,૫૦૦ની વાર્ષિક કન્ટિન્જન્સી ગ્રાન્ટવાળી ૨૫ ફેલોશિપ મંજૂર કરવામાં આવી છે. તે ફેલોશિપની ગાઈડલાઈન્સની કલમ ૫ મુજબ સંશોધન શિષ્યવૃત્તિ—ફેલોશિપ માટે બજેટમાં જે જોગવાઈ છે તે યુ.જી.સી.ના તા. ૨૧-૭-૧૯૭૭ના પત્રના સંદર્ભમાં ચાલુ રાખવા વિચારણા કરવા બાબત.

તા. ૨૩-૮-૧૯૭૭ના રોજ મળેલ સંશોધન શિષ્યવૃત્તિ સમિતિએ યુનિવર્સિટી સંસ્થાપિત ૨૦ સંશોધન શિષ્યવૃત્તિને પાંચમી યોજના હેઠળની યુ.જી.સી.ની પુરસ્કૃત રૂ. ૪૦૦ માસિક વત્તા રૂ. ૧,૫૦૦ વાર્ષિક કન્ટિન્જન્સી ગ્રાન્ટવાળી જુનિયર રિસર્ચ ફેલોશિપમાં ફેરવી છે તેથી હવે તે પર પુનર્વિચારણા કરવાની જરૂર રહેતી નથી એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. પાંચમી યોજના હેઠળની આપવામાં આવેલ યુ.જી.સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ, ગુજરાત સરકારની સંશોધન શિષ્યવૃત્તિ તથા યુનિ. ગ્રાન્ટ્સ કમિશનના ફંડમાંથી યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ જુનિયર રિસર્ચ ફેલોશિપ આ સાથેની યાદીમાં જણાવેલ જે વિદ્યાર્થીઓને આપવામાં આવેલ તે તેમના માર્ગદર્શક શિક્ષકની ભલામણ અનુસાર બીજા, ત્રીજા કે ચોથા વર્ષ માટે ચાલુ રાખવા દેવા અંગે વિચારણા કરવા બાબત.

૧૯૭૪-૭૫, ૧૯૭૫-૭૬, ૧૯૭૬-૭૭ના વર્ષ દરમ્યાન આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ વિદ્યાર્થીઓને પાંચમી યોજના હેઠળની યુ.જી.સી.ની જુનિયર ફેલોશિપ ગુજરાત સરકારની સંશોધન શિષ્યવૃત્તિ તથા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીની જુનિયર રિસર્ચ ફેલોશિપ પીએચ.ડી.ના સંશોધન કાર્ય માટે આપવામાં આવેલ તે અંગે નીચે મુજબ પગલાં લેવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) જે વિદ્યાર્થીઓને પાંચમી યોજના હેઠળની યુ.જી.સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ આપવામાં આવી છે તેમનાં નામ સામે જણાવેલ તારીખ સુધી ચાલુ રાખવી.

યાદીના ક્રમાંક ૧૧—કુ. વર્ષા નટવરલાલ શાહના માર્ગદર્શક શિક્ષકનો તેમના કાર્યનો વાર્ષિક મળ્યેથી તથા ફેલોશિપ ચાલુ રાખવાની ભલામણ મળ્યેથી તે તા. ૩૦-૬-૧૯૭૮ સુધી ચાલુ રાખવી.

(૨) જે વિદ્યાર્થીઓને ગુજરાત સરકારની સંશોધન શિષ્યવૃત્તિઓ આપવામાં આવેલી છે તે તેમના માર્ગદર્શક શિક્ષકની ભલામણ અનુસાર તેમનાં નામ સામે જણાવેલ તારીખ સુધી ચાલુ રાખવી.

વધુમાં યાદીના ક્રમાંક--૨૧ શ્રી પંકજ પી. વૈષ્ણવને આપવામાં આવેલ ગુજરાત સરકારની સંશોધન શિષ્યવૃત્તિ ચોથા વર્ષ માટે ચાલુ રાખવાની કાર્યાલયે શિક્ષણનિયામકશ્રીને કરેલ ભલામણ શિક્ષણનિયામકશ્રી મંજૂર કર્યેથી ચોથા વર્ષ માટે તા. ૧૦—૮-૧૯૭૭થી તા. ૯-૮-૧૯૭૮ સુધી લંબાવી આપવી.

(૩) જે વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા અપાતી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીની જુનિયર રિસર્ચ ફેલોશિપ આપવામાં આવી છે તે પૈકી (૧) જેમનો એક વર્ષનો સમય પૂરો થયો છે તેમને માર્ગદર્શક શિક્ષકની ભલામણ અનુસાર બીજા વર્ષ માટે, (૨) જેમનો બે વર્ષનો સમય પૂરો થયો છે તેમને માર્ગદર્શક શિક્ષકની ભલામણ અનુસાર ત્રીજા વર્ષ માટે તથા (૩) જેમનો ત્રણ વર્ષનો સમય થયો છે તેમને માર્ગદર્શક શિક્ષકની ભલામણ અનુસાર જુનિયર ફેલોશિપ ચોથા વર્ષ માટે ચાલુ રાખવી.

(૪) નીચેના વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીની જુનિયર રિસર્ચ ફેલોશિપ મલ્યાને ચાર વર્ષનો સમય તેમના નામ સામે જણાવેલ તારીખે પૂરો થતો હોવાથી તે તારીખથી ફેલોશિપ બંધ થશે તેમ જણાવવું :

ક્રમાંક	યાદીનાં ક્રમાંક	નામ	ચોથું વર્ષ પૂરું થવાની તારીખ
૧.	૪૧	શ્રી દત્તકુમાર આઈ. ભટ્ટ	૧૪-૧૧-૧૯૭૭
૨.	૪૨	શ્રી. મહેશકુમાર બી. દેસાઈ	૧૪-૧૧-૧૯૭૭
૩.	૪૪	શ્રી. ભરત આર. દેસાઈ	૩૧-૧૨-૧૯૭૬
૪.	૪૫	શ્રી. હરીશ જી. દેસાઈ	૧૯-૧૧-૧૯૭૭.

(પરિશિષ્ટમાં ઉપર મુજબની વિગત જે તે વિદ્યાર્થીના નામ સામે આપવામાં આવી છે.)

૪. ૧૯૭૭-૭૮ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજ/સંસ્થામાંથી પી.એચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા ધરાવતા શિક્ષકોના માર્ગદર્શન હેઠળ નોંધાવવા માટે જેઓએ અરજી કરી છે તેવા તથા નોંધાયેલા વિદ્યાર્થીઓ તરફથી શિષ્યવૃત્તિ—ફેલોશિપ મેળવવા માટે આવેલ અરજીઓ પર વિચારણા કરી શિષ્યવૃત્તિ—ફેલોશિપ એનાયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકિઝકયુટિવ કાઉન્સિલને નીચે મુજબ ભલામણ કરવી :

(૧) માસિક રૂ. ૪૦૦ વત્તા વાર્ષિક રૂ ૧,૫૦૦ની કન્ટિન્જન્સી ગ્રાન્ટ સહિતની પાંચમી યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી કુલ ૨૫ ફેલોશિપમાંથી ફાજલ પડેલ ૫ ફેલોશિપ નીચેના વિદ્યાર્થીઓને તેઓ ફેલોશિપના સમય દરમિયાન નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહીં તે શરતે તથા ફેલોશિપના નિયમો અને શરતોને આધીન નીચે જણાવેલ જે તે વિદ્યાર્થીઓને તા. ૧-૪-૧૯૭૭ કે તેઓ જે તારીખથી પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા હોય તે તારીખ—એ બેમાંથી જે મોડી હોય તે તારીખથી હાલ પ્રથમ તબક્કે બે વર્ષ માટે એનાયત કરવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષકો	કૉલેજ/સંસ્થા
૧.	શ્રી. કરસન રામજી પટેલ	ફિલોસોફી	ડૉ. જે. એ. યાજ્ઞિક	યુનિ. મનોવિજ્ઞાન ભવન
૨.	શ્રી. શંકરલાલ લેલાપતજી મીનેરિયા	કૉમર્સ	ડૉ. એમ દાસગુપ્તા	યુનિ વાણિજ્ય ભવન
૩.	શ્રી. બ્રહ્માનંદ નિજ્જનંદજી સાધુ	ફિલોસોફી	ડૉ. એ. જે. યાજ્ઞિક	યુનિ. મનોવિજ્ઞાન ભવન
૪.	શ્રી. ઉજમ માવજીભાઈ પટેલ	હિન્દી	ડૉ. એ એસ. નાગર	યુનિ. ભાષા-સાહિત્ય ભવન
૫.	કુ. અસ્મા મોહંમદભાઈ માંકડ	ગુજરાતી	ડૉ. રમણભાઈ જોશી	—સદર—

(૨) ગુજરાત રાજ્ય સરકારની ફક્ત વિજ્ઞાનના વિષયો માટેના પીએચ.ડી. સંશોધન માટે નોંધાયેલા વિદ્યાર્થીઓ માટેની માસિક રૂ. ૨૫૦ની એક એવી ત્રણ—સંશોધન શિષ્યવૃત્તિઓ નીચેના વિદ્યાર્થીઓને તેઓ શિષ્યવૃત્તિના સમય દરમિયાન નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહીં તેમ જ તે શિષ્યવૃત્તિ ચાલુ રહે ત્યાં સુધી બીજી અન્ય સંસ્થાની શિષ્યવૃત્તિ માટે માગણી કરશે નહીં તથા મજકૂર શિષ્યવૃત્તિના નિયમોને આધીન તા. ૧૫-૬-૧૯૭૭ કે તેઓ જે તારીખથી પીએચ.ડી. પદવી માટે નોંધાયા હોય તે તારીખ—એ બેમાંથી જે મોડી હોય તે તારીખથી ત્રણ વર્ષ માટે એનાયત કરવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષક	કૉલેજ/સંસ્થા
૧.	શ્રી. અશ્વિનકુમાર ભાઈલાલભાઈ પટેલ	ઝૂલોજી	ડૉ. વી. સી. શાહ	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન
૨.	શ્રી. રાકેશ કન્સાલ	બોટાની	ડૉ. ઓ. પી. સકસેના	—સદર—
૩.	કુ. અંજની વસંત પેઠે	કેમિસ્ટ્રી	ડૉ. પી. સી. મહેતા	અમદાવાદ ટેકસ્ટાઇલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન, અમદાવાદ

(૩) યુ. જી. સી. તરફથી યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી માસિક રૂ. ૪૦૦ વત્તા વાર્ષિક રૂ. ૧,૫૦૦ની કન્ટિન્જન્સી ગ્રાન્ટવાળી કુલ ૯ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીની જુનિયર રિસર્ચ ફેલોશિપ નીચેના વિદ્યાર્થીઓને, તેઓ ફેલોશિપના સમય દરમિયાન નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહીં તે શરતે તથા મજકૂર ફેલોશિપના નિયમોને આધીન, તા. ૧૫-૬-૧૯૭૭ કે તેઓ જે તારીખથી પીએચ.ડી. માટે નોંધાયા હોય તે—બેમાંથી જે મોડી હોય તે તારીખથી હાલ પ્રથમ તબક્કે બે વર્ષ માટે એનાયત કરવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષક	કૉલેજ / સંસ્થા
૧.	શ્રીમતી મંગલ દીપક ભોપટકર	મૅથેમેટિક્સ	ડૉ. ડી. એસ. બસન	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન
૨.	શ્રી. ઉપેન્દ્રકુમાર કનૈયાલાલ દવે	સ્ટેટિસ્ટિક્સ	ડૉ. એમ. સી. જયસ્વાલ	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન
૩.	કુ. રેખા કાન્તિલાલ શાહ	સંસ્કૃત	ડૉ. એન. જે. શાહ	એલ. ડી. ઇન્સ્ટિ. ઑફ ઇન્ડોલોજી
૪.	કુ. ચેતના કનુભાઈ માંડવિયા	બૉટાની	ડૉ. બી. એસ. વૈદ્ય	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન
૫.	શ્રી. રવિકુમાર કે. જી. કે. આર. નૈયર	ફિઝિક્સ	ડૉ. કે. એમ. કોટડિયા	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન
૬.	શ્રી. સુરેન્દ્ર દોલતરાવ વાડેકર	કેમિસ્ટ્રી	ડૉ. જે. જે. ત્રિવેદી	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ
૭.	કુ. કોકિલા જેઠાલાલ દોશી	ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી	ડૉ. એમ. બી. દેવાણી	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી
૮.	શ્રી. રાજેશકુમાર હરિપ્રસાદભાઈ આચાર્ય	કેમિસ્ટ્રી	ડૉ. આઈ. જી. વશી	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન
૯.	શ્રી. અરુણકુમાર કાન્તિલાલ પરમાર	મૅથેમેટિક્સ	ડૉ. આઈ. એચ. શેઠ	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન

નોંધ.—ઉપર જણાવેલ ક્રમાંક ૯—શ્રી. અરુણકુમાર કાન્તિલાલ પરમારને તા. ૧૫-૧૧-૧૯૭૭ કે તે જે તારીખથી પીએચ.ડી. માટે નોંધાયા હોય તે—બેમાંથી જે મોડી હોય તે તારીખથી ફેલોશિપ આપવાનું રાખવું.

૫. પીએચ.ડી.ના સંશોધન માટે યુનિવર્સિટી મારફતે આપવામાં આવતી સંશોધન શિષ્યવૃત્તિના સંદર્ભમાં નિયત ફોર્મમાં ફાઇનેન્શિયલ ગેરન્ટી લેવામાં આવે છે. તે ઍડવોકેટે સૂચવ્યા અનુસાર રૂ. ૧૬-૫૦ના સ્ટેમ્પ પેપર પર લેવાનું રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી મારફતે પીએચ.ડી.ના સંશોધન માટે જે શિષ્યવૃત્તિ—ફેલોશિપ આપવામાં આવે છે તે અંગે જમીન આપનાર વ્યક્તિની જમીનગીરી તે માટે વખતો-

વખતના કાયદેસરના સ્ટેમ્પ પેપર પર લેવી, જેઓને આ અગાઉ ફેલોશિપ–શિષ્યવૃત્તિ આપવામાં આવી છે અને જેઓની ફેલોશિપ–શિષ્યવૃત્તિ રિન્યુ કરવામાં આવી છે કે લંબાવી આપવામાં આવી છે તેઓના જમીન થનારાઓની જમીનગીરી પણ કાયદેસરના સ્ટેમ્પ પેપર પર લેવી.

૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ફંડમાંથી યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ યુ.જી.સી.ની જુનિયર ફેલોશિપનો સમય બે વર્ષનો થયેથી નીચેના વિદ્યાર્થીઓને ફેલોશિપ માસિક રૂ. ૫૦૦ના દરે ચૂકવવા માટેની મંજૂરી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મલ્યાની નોંધ લેવા તથા તેઓના નામ સામે જણાવેલ તારીખથી માસિક રૂ. ૫૦૦ના દરે ફેલોશિપ ચૂકવ્યાના કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	શિક્ષક	કૉલેજ / સંસ્થા	ફેલોશિપ માસિક રૂ. ૫૦૦ના દરે ચૂકવવાની તારીખ
૧.	કુ. એમ. બી. દેસાઈ	ડૉ. એમ. એન. દેસાઈ	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન	૧૯–૧૧–૧૯૭૫
૨.	શ્રી. એચ. જી. દેસાઈ	,,	,,	૨૦–૧૧–૧૯૭૫
૩.	શ્રી. એસ. આર. ધ્રુવ	ડૉ. જે જે. ત્રિવેદી	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ	૧૬–૮–૧૯૭૬

કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. નીચેના વિદ્યાર્થીઓને આપવામાં આવેલ શિષ્યવૃત્તિ.ફેલોશિપ તેમના નામ સામે જણાવેલાં કારણોસર પાછી બેંચ્યાના–બંધ કર્યાના તથા તેઓ પીએચ.ડી. માટેનો મહાનિબંધ આ યુનિવર્સિટીમાં નિયત સમયમાં રજૂ કરશે તે શરતે તેમને ચૂકવવામાં આવેલ શિષ્યવૃત્તિ-ફેલોશિપની રકમ પરત કરવામાંથી તેમને મુક્ત કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા તથા તેને બહાલી આપવા બાબત :

ક્રમ	નામ	શિક્ષક તથા કૉલેજ	શિષ્યવૃત્તિ	શિષ્યવૃત્તિનો સમય	પાછા બેંચ્યા–બંધ કર્યાની તારીખ	ચૂકવેલ રકમ	પાછા બેંચ્યા બંધ કર્યાનું કારણ
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧.	કુ મહેતા નયના પ્રાણલાલ	ડૉ. એન. જે. શાહ, એલ.ડી. ઇન્સ્ટિ. ઑફ ઇન્ડોલોજી	પાંચમી યોજના હેઠળની યુ.જી.સી. ની જુનિ. રિસર્ચ ફેલોશિપ	૧૩–૭–'૭૬ થી ૧૨–૭–'૭૮	૪–૭–'૭૭	રૂ. ૨૬૪૫–૧૬ તારીખ ૧૩–૭–'૭૬ થી ૩૧–૧–'૭૭	તા. ૪–૭–'૭૭ થી પાર્ટ-ટાઇમ બેંકની નોકરી સ્વીકારી હોવાથી

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૨.	શ્રી. ચોધરી રમેશચંદ્ર કનુભાઈ	ડૉ. એન. એમ. કંસારા, ગુજરાત કૉલેજ	—ઉપર મુજબ—	૫-૭-'૭૬ થી ૪-૭-'૭૮	૫-૭-'૭૬	—	સંશોધન-કાર્ય માટે જોડાયા નહિ હોવાથી.
૩.	શ્રી. દવે ગૌતમ ઈશ્વરલાલ	એમ.જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ	—ઉપર મુજબ—	૮-૭-'૭૬ થી ૭-૭-'૭૯	૧-૧-'૭૬	૧૫૦૯-૬૮	સી.એસ. આઈ.આર. જુનિયર રિસર્ચ ફેલોશિપ સ્વીકારી હોવાથી.

કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજીના ડૉ. દલસુખ માલવણિયાના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. માટે નોંધાયેલાં શ્રીમતી બકુલા ધીરુભાઈ પટેલને તેઓ જે તારીખથી પીએચ.ડી. માટે નોંધાયાં હોય તે કે પીએચ.ડી. માટેના સંશોધનકાર્યમાં જોડાયા હોય તે બેમાંથી જે મોડી હોય તે તારીખથી માસિક રૂ. ૪૦૦ની યુનિવર્સિટી દ્વારા અપાયેલ યુ.જી.સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ, તેઓ જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા નહિ હોવાથી, તા. ૨૪-૧૨-૧૯૭૬ના રોજ મળેલ સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની ભલામણ અનુસાર પાછી ખેંચવામાં આવેલ છે તે અંગે પુનર્વિચારણા કરવા શ્રી. રામલાલ પરીખ તરફથી આવેલ તા. ૧૩-૭-૧૯૭૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

શ્રીમતી બકુલા ધીરુભાઈ પટેલને આપવામાં આવેલ યુ.જી.સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ તા. ૨૪-૧૨-૧૯૭૬ના રોજ મળેલ સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની ભલામણ અનુસાર પાછી ખેંચી લેવામાં આવી છે તે પર પુનર્વિચારણા કરવા માટેના શ્રી. રામલાલ પરીખના તા. ૧૮-૭-૧૯૭૭ના પત્ર અંગે દિલગીરી દર્શાવવી.

૯. ગુજરાત યુનિવર્સિટીમાં ગ્રાન્ટ્સ કમિશનની રૂ. ૪૦૦ની શિષ્યવૃત્તિની સંખ્યા ૨૫ છે એમાં પસંદ થતાં વિદ્યાર્થીઓને રૂ. ૪૦૦ મળે છે, જ્યારે રાજ્ય સરકારના ૩ સ્કૉલરોને માત્ર રૂ. ૨૫૦ મળે છે. આને કારણે ઘણું મનદુઃખને વ્યથા દરેક કક્ષાએ પેદા થાય છે. રાજ્ય સરકાર માટે શિષ્યવૃત્તિની સંખ્યા જોતાં આ રકમ ઘણી મોટી કહી શકાય તેમ નથી તો તે રકમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને સમકક્ષ પગારધોરણોની જેમ રૂ. ૪૦૦ની કરવા કુલપતિશ્રીએ તા. ૧૩-૭-૧૯૭૭ના પત્રથી ગુજરાત સરકારના મંત્રીશ્રીને કરેલ વિનંતીના સંદર્ભમાં શિક્ષણ વિભાગના ઉપસચિવશ્રીએ તેમના

તા. ૧૮-૭-૧૯૭૭ના પત્રથી જણાવ્યું છે કે આ બાબતને ચકાસવામાં આવી છે અને સંશોધન શિષ્યવૃત્તિ રૂ. ૨૫૦થી વધારીને રૂ. ૪૦૦ કરવાની દરખાસ્ત સ્વીકારી શકાય તેમ નથી તેમ જણાવ્યું છે જેની નોંધ લેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતની નોંધ લેવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. વી. શાસ્ત્રી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ

વર્ષ ૧૯૭૪-૭૫, ૧૯૭૫--૭૬ અને ૧૯૭૬--૭૭ દરમ્યાન નોંધાયેલા વિદ્યાર્થીઓ પૈકી જેમને પીએચ.ડી. પદવીના સંશોધન માટે (૧) યુનિવર્સિટી સંસ્થાપિત કે હવે પાંચમી યોજના હેઠળની યુ.જી.સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ તરીકે ઓળખાય (૨) ગુજરાત રાજ્ય સરકારની (૩) યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી યુ.જી.સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ આપવામાં આવેલી તે વિદ્યાર્થીઓને તેમના માર્ગદર્શક શિક્ષકની ભલામણ અનુસાર જે તે શિષ્યવૃત્તિ-ફેલોશિપના નિયમોને આધીન તેમનાં નામ સામે છેલ્લા કૉલમમાં જણાવ્યા અનુસાર લંબાવી આપ્યા--ચાલુ રાખ્યાનું તારણ :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	શિક્ષકનું નામ	કૉલેજ / સંસ્થા	શિષ્યવૃત્તિ / સંસ્થાનું નામ	સમય	શિષ્યવૃત્તિ / ફેલોશિપ ચાલુ રાખવા ખાતરી આપ્યાનો સમય	નોંધ
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧.	શ્રી. વિજયકુમાર પી. કાલીન્થા	ડૉ. આઈ. જી. વશી	યુનિ. વિજ્ઞાન ભવન	પાંચમી યોજના હેઠળની યુ.જી.સી.-ની જુનિયર રિસર્ચ ફેલોશિપ	૧--૪--'૭૬થી ૨૨--૬--'૭૭	૨૨--૬--'૭૮	તા. ૨૩--૬--'૭૪થી તા. ૩૧--૩--'૭૬ સુધી યુનિ.ની સંશોધન શિષ્યવૃત્તિ આપી છે.
૨.	શ્રી. વી. સી. થૉમસ	ડૉ. એમ. એસ. દુબલે	,,	,,	૧--૪--'૭૬થી ૧૯--૭--'૭૭	૧૯--૭--'૭૮	તા. ૨૦--૭--'૭૪થી તા. ૩૧--૩--'૭૬ સુધી યુનિ.ની સંશોધન શિષ્યવૃત્તિ આપી છે.
૩.	શ્રી. રજનીકાંત એ. સોની	ડૉ. બી. જે. ઝવેરી	આર. આર. લાલન કૉલેજ, ભૂજ હાલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા	,,	૧--૪--'૭૬થી ૨૬--૧૨--'૭૭	૩૦--૬--'૭૮	તા. ૨૭--૧૨--'૭૪થી તા. ૩૧--૩--'૭૬ સુધી યુનિ.ની સંશોધન શિષ્યવૃત્તિ આપી છે.

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૪.	શ્રી. સુધીર આર. દેસાઈ	ડૉ. આર. કે. શાહ	યુનિ. વિજ્ઞાન ભવન	પાંચમી યોજના લેકળની યુ.જી.સી.-ની જુનિયર રિસર્ચ ફેલોશિપ	૧--૪--'૭૬થી ૩૦--૬--'૭૭	૩૦--૬--'૭૮	તા. ૧૬--૨--'૭૫થી તા. ૩૧--૩--'૭૬ સુધી યુનિ.ની સંશોધન શિષ્યવૃત્તિ આપી છે.
૫.	કુ. ઈલા સુભાષ જોશી	ડૉ. સી. ટી. ભોપટકર	યુનિ. મનોવિજ્ઞાન ભવન	,,	૧--૪--'૭૬થી ૨૮--૬--'૭૭	૩૦--૬--'૭૮	તા. ૨૯--૧૧--'૭૪થી તા. ૩૧--૩--'૭૬ સુધી યુનિ.ની સંશોધન શિષ્યવૃત્તિ આપી છે.
૬.	શ્રી. સમીર વી. મશરૂવાલા	ડૉ. જે. જે. ત્રિવેદી	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ--૯	,,	૧--૪--'૭૬થી ૧૫--૮--'૭૭	૧૫--૮--'૭૮	તા. ૧૬--૮--'૭૪થી તા. ૩૧--૩--'૭૬ સુધી યુનિ.ની સંશોધન શિષ્યવૃત્તિ આપી છે.
૭.	શ્રી. એસ. બી. શ્રીકુમારી	ડૉ. સી. કે. શાહ	યુનિ. વિજ્ઞાન ભવન	,,	૧--૪--'૭૬થી ૧૬--૭--'૭૭	૧૬--૭--'૭૮	તા. ૧૭--૭--'૭૫થી તા. ૩૧--૬--'૭૬ સુધી યુનિ.ની સંશોધન શિષ્યવૃત્તિ આપી છે.
૮.	શ્રી. મુકેશ એમ. પંડ્યા	ડૉ. એમ. એન. દેસાઈ	,,	,,	૧--૪--'૭૬થી ૨૬--૧૧--'૭૭	૩૦--૬--'૭૮	તા. ૨૭--૧૧--'૭૫થી તા. ૩૧--૩--'૭૬ સુધી યુનિ.ની સંશોધન શિષ્યવૃત્તિ આપી છે.
૯.	શ્રી. પી. કે. ગોપાલકૃષ્ણ	ડૉ. એ. બી. વોરા	,,	,,	૧--૪--'૭૬થી ૨૫--૬--'૭૭	૨૫--૬--'૭૮	તા. ૨૬--૬--'૭૫થી તા. ૩૧--૩--'૭૬ સુધી યુનિ.ની સંશોધન શિષ્યવૃત્તિ આપી છે.
૧૦.	કુ. વર્ષા એન. શાહ	શ્રી. એમ. પી. ભટ્ટ	યુનિ. સમાજવિદ્યા ભવન	,,	૧--૪--'૭૬થી ૧૯--૧૨--'૭૭	૩૦--૬--'૭૮	તા. ૨૦--૧૨--'૭૫થી તા. ૩૧--૩--'૭૬ સુધી યુનિ.ની સંશોધન શિષ્યવૃત્તિ આપી છે. માર્ગદર્શક શિક્ષકની ભલામણ આવ્યેથી શિષ્યવૃત્તિ ચાલુ રાખવી.

૧૧	શ્રી જેકોબ અબ્રાહમ	ડૉ. આર. કે. શાહ	યુનિ. વિજ્ઞાન ભવન	,,	૧--૬--'૭૬થી ૩૧--૫--'૭૮	૩૧--૫--'૭૮	—
૧૨.	કુ. પુનિતાદેવી એમ. શાહ	ડૉ. એમ. એસ. દુબલે	,,	,,	૨૮--૬--'૭૬થી ૨૭--૬--'૭૮	૨૭--૬--'૭૮	—
૧૩.	કુ. નયના જે. શાહ	ડૉ. એમ. બી. નાયક	ગુજરાત કૉલેજ, અમદાવાદ	,,	૨--૭--'૭૬થી ૧--૭--'૭૮	૧--૭--'૭૮	—
૧૪.	શ્રી. ધીરેન્દ્ર પી. દાણી	ડૉ. કે. પી. સોની	યુનિ. વિજ્ઞાન ભવન	,,	૧--૪--'૭૬થી ૩૧--૩--'૭૭	૩૧--૩--'૭૮	તા. ૧--૧૦--'૭૩થી તા ૩૧--૩--'૭૫ સુધી જી.એસ.આઈ.આર ની રિસર્ચ ફેલોશિપ તથા તા. ૧--૬--'૭૫થી તા. ૩૧--૩--'૭૬ સુધી યુનિ.ની સંશોધન શિષ્યવૃત્તિ આપી છે.
૧૫.	કુ. સુહાસકુંવરબા યુ. જાડેજા	ડૉ. ઈ. એ. સોલોમન	યુનિ. ભાષા-ભવન	,,	૨૨--૭--'૭૬થી ૨૧--૭--'૭૮	૨૧--૭--'૭૮	—
૧૬.	કુ. સરવાર ટી. ખંભાતા	પ્રો. કે. આર. ચંદ્રશેખરન્ (હાલ નિવૃત્ત)	,,	,,	૧૪--૭--'૭૬થી ૧૩--૭--'૭૮	૧૩--૭--'૭૮	—
૧૭.	શ્રી. સંજય એ. નાયક	ડૉ. પરેશ મજમુદાર	યુનિ. સમાજવિદ્યા ભવન	,,	૩૧--૭--'૭૬થી ૩૦--૭--'૭૮	૩૦-૭--'૭૮	—
૧૮.	કુ. ભારતી ટી. સાવન	ડૉ. એન. જે. શાહ	એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજી, અમદાવાદ	,,	૯--૭--'૭૬થી ૮--૭--'૭૮	૮--૭--'૭૮	—

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧૯.	શ્રી. ચૈતન્ય જી. દવે	ડૉ. પી. આર. શાહ	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	પાંચમી પંચવર્ષીય યોજના હેઠળની યુ.જી.સી.ની જૂનિયર રિસર્ચ ફેલોશિપ	૫--૫--'૭૭થી ૪--૫--'૭૮	૪--૫--'૭૮	—
૨૦.	શ્રી. કિશોર જી. અગ્નિહોત્રી	ડૉ. પી. આર. શાહ	,,	,,	૨૩--૫--'૭૭થી ૨૨--૫--'૭૯	૨૨--૫--'૭૮	—
૨૧.	શ્રી. પંકજ પી. વૈષ્ણવ	ડૉ. જે. જે. ચિનોય	યુનિ. વિજ્ઞાન ભવન	ગુજરાત રાજ્ય સરકારની સંશોધન શિષ્યવૃત્તિ	૧૦--૮--'૭૯ ૯--૮--'૭૭	૯--૮--'૭૭	ગુજરાત રાજ્ય સરકારના શિક્ષણ શિષ્યામકશ્રીની મંજૂરી મળ્યેથી શિષ્યવૃત્તિ લંબાવી આપવી.
૨૨.	શ્રી. ગીરીશ વી. શાહ	ડૉ. એમ. એન. દેસાઈ	યુનિ. વિજ્ઞાન ભવન	ગુજરાત રાજ્ય સરકારની સંશોધન શિષ્યવૃત્તિ	૧૪--૭--'૭૫થી ૧૩--૭--'૭૮	૧૩--૭--'૭૮	—
૨૩.	શ્રી. વેંકટેશ્વરરાય એચ. જગલામૌડી	ડૉ. એમ. મિશ્રા	,,	,,	૩૦--૭--'૭૫થી ૨૯--૭--'૭૮	૨૯--૭--'૭૮	—
૨૪.	કુ. જયશ્રી એમ. શાહ	ડૉ. બી. એમ. દેસાઈ	એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	,,	૨૫--૭--'૭૫થી ૨૪--૭--'૭૮	૨૪--૭--'૭૮	—
૨૫.	શ્રી. નારાયણરાવ વી. ગાદીપર્થિ	ડૉ. યુ. એમ. રાવલ	યુનિ. વિજ્ઞાન ભવન	,,	૧૨--૭--'૭૬થી ૧૧--૭--'૭૯	૧૧--૭--'૭૮	—
૨૬.	કુ. બિંદુ કે. ત્રિવેદી	ડૉ. જે. જે. ત્રિવેદી	એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ	,,	૧૦--૭--'૭૬થી ૯--૭--'૭૮	૯--૭--'૭૮	—
૨૭.	શ્રીમતી ગોપાલન શાન્તિ પ્રસન્ના	ડૉ. આઈ. એચ. શેઠ	યુનિ. વિજ્ઞાન ભવન	,,	૨૯--૭--'૭૬થી ૨૮--૭--'૭૯	૨૮--૭--'૭૮	—

૨૮.	શ્રીમતી કમલેશ એમ. સીંગ	ડૉ. એ. એસ. નાગર	યુનિ. ભાષા-ભવન	યુનિ. દ્વારા અપાતી યુ.જી.-સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ	૧૫--૬--'૭૪થી ૧૪--૬--'૭૮ ૧૪--૬--'૭૭	
૨૯.	કુ. લીલાવતી કે. અમ્લાણી	ડૉ. જે. એ. યાજ્ઞિક	યુનિ. મનોવિજ્ઞાન ભવન	,,	૨૯-૧૧-'૭૪થી ૩૦--૬--'૭૮ ૨૮-૧૧-'૭૭	
૩૦.	કુ. જાગૃતિ એસ. પંડ્યા	ડૉ. ટી. એસ. નાન્દી	યુનિ. ભાષા-ભવન	,,	૨૬--૭--'૭૪થી ૨૫--૭--'૭૮ ૨૫--૭--'૭૭	
૩૧.	કુ. કોકિલા એસ. શાહ	ડૉ. એન. એમ. કંસારા	ગુજરાત કૉલેજ અમદાવાદ	,,	૧૨--૮--'૭૪થી ૧૧--૮--'૭૮ ૧૧--૮--'૭૭	--
૩૨.	કુ. કલા કે. ચંદ્રશેખરન	ડૉ. આર. જી. છાબરિયા (હાલ નિવૃત્ત)	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સાબરમતી	,,	૧૧--૭ -'૭૫થી ૧૦--૭--'૭૮ ૧૦--૭--'૭૮	—
૩૩.	કુ. અંજના ડી. દેસાઈ	ડૉ. એન. એમ. કંસારા	ગુજરાત કૉલેજ, અમદાવાદ	,,	૧૬-૧૨-'૭૪થી ૩૦--૬--'૭૮ ૧૫-૧૨-'૭૭	—
૩૪.	શ્રી. સુરેશચંદ્ર એન. જહા	ડૉ. એ. એસ. નાગર	યુનિ. ભાષા ભવન	યુનિ. દ્વારા અપાતી યુ.જી.-સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ	૧--૬--'૭૬થી ૧૧--૫--'૭૮ ૩૧--૫--'૭૮	—
૩૫.	શ્રીમતી અનુરાધા એસ. શર્મા	ડૉ. જી. ડી. શર્મા	સરકારી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	,,	૧૨--૭--'૭૬થી ૧૧--૭--'૭૮ ૧૧--૭--'૭૮	—
૩૬.	કુ. પારૂલ કે. માંકડ	ડૉ. ટી. એસ. નાન્દી	યુનિ. ભાષા ભવન	,,	૧--૭--'૭૫થી ૩૧--૬--'૭૮ ૩૦--૬--'૭૮	—
૩૭.	શ્રીમતી સીમા એલ. શર્મા	પ્રો. કે. આર. ચંદ્રશેખરન (હાલ નિવૃત્ત)	,,	,,	૧૫-૧૨-'૭૬થી ૩૦--૬--'૭૮ ૧૪-૧૨-'૭૮	—

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૩૮.	શ્રી. શૈલેષ આર. ધ્રુવ	ડૉ. જે. જે. ત્રિવેદી	એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	યુનિ. દ્વારા અપાતી યુ.જી.-સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ	૧૬--૮--'૭૪થી ૧૫--૮--'૭૭	૧૫--૮--'૭૮	—
૩૯.	કુ. કૃષ્ણા સી. ભટ્ટ	ડૉ. જે. જે. ચિનોય	યુનિ. વિજ્ઞાન ભવન	,,	૨૨--૭--'૭૪થી ૨૧--૭--'૭૭	૨૧--૭--'૭૮	—
૪૦.	શ્રી. પંકજકુમાર કે. ગઢિયા	ડૉ. વી. સી. શાહ	,,	,,	૨૭--૭--'૭૪થી ૨૬--૭--'૭૭	૨૬--૭--'૭૮	—
૪૧.	શ્રી. દત્તકુમાર આઈ. ભટ્ટ	ડૉ. આર. કે. શાહ	,,	,,	૧૫-૧૧-'૭૩થી ૩૦--૬--'૭૭	૧૪-૧૧-'૭૭	—
૪૨.	શ્રી. મહેશકુમાર બી. દેસાઈ	ડૉ. એમ. એન. દેસાઈ	,,	,,	૧૫-૧૧-'૭૩થી ૩૦--૬--'૭૭	૧૪--૧૧--'૭૭	—
૪૩.	શ્રી. ચંદ્રશેખર એન. નૈયર	ડૉ. એમ. એસ. દુબલે	,,	,,	૮--૮--'૭૪થી ૭--૮--'૭૭	૭--૮--'૭૮	—
૪૪.	શ્રી. ભરત આર. દેસાઈ	ડૉ. એમ. એન. દેસાઈ	,,	,,	૧--૧--'૭૩થી ૩૧-૧૨-'૭૬		૩૧--૧૨--'૭૬ના રોજ ચાર વર્ષ પૂરાં થતાં હોવાથી લંબાવી આપવા નહીં.
૪૫.	શ્રી. હરીશ જી. દેસાઈ	ડૉ. એમ. એન. દેસાઈ	,,	,,	૨૦-૧૧-'૭૩થી ૧૯-૧૧-'૭૬	૧૯-૧૧--'૭૭	—
૪૬.	શ્રી. લક્ષ્મણ બી. ઉત્તરવર	ડૉ. બી. એસ. વૈદ્ય	,,	,,	૧૭-૧૧-'૭૬થી ૧૬-૧૧-'૭૮	૩૦--૬--'૭૮	—
૪૭.	શ્રી. રમેશબાબુ એસ. ચિન્તલપૌડી	ડૉ. આઈ. જી. વશી	,,	,,	૧--૪--'૭૪થી ૩૧--૩--'૭૭	૩૧--૩--'૭૮	—

પરિશિષ્ટ " છ "
કામકાજ ક્રમાંક ૫૭

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૪-૯-૧૯૭૭ ને બુધવારના રોજ બપોરના ૩-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. તેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. નવનીતલાલ સા. શેાધન	ગેરહાજર
૩.	શ્રી. એચ. એન. શાહ	ગેરહાજર
૪.	શ્રી. કિશેારચંદ્ર સંઘાણી	ગેરહાજર
૫.	શ્રી. એમ. સી. શાહ	હાજર
૬.	શ્રી. આર. સી. સેાનપાલ	હાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૫-૮-૧૯૭૭ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૫-૮-૧૯૭૭ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી છાત્રાલયના આસિ. વૉર્ડનના ક્વાર્ટર્સમાં કબાટની સગવડ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી છાત્રાલયના આસિ. વૉર્ડનના ક્વાર્ટર્સમાં ૨૧ ચેા. ફૂટ સુધીનું લાકડાનું કબાટ દીવાલમાં કરી આપવા માટે રૂ. ૧,૦૦૦ સુધીનું ખર્ચ મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. જિમ્નેશિયમના મકાનમાં વૂડન ફ્લેારિંગ માટે નીચે આર.સી.સી. સ્લૅબનું કામ સેન્ટર ફૅાર મૅનેજમેન્ટના ભાવથી કરાવી લેવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— ૧. અગાઉ તા. ૭-૧-૧૯૭૭ની બાંધકામ સમિતિની સભામાં સ્કૂલ ઑફ કૉમર્સના ભાવથી આ કામ કરાવી લેવા રૂ. ૨૫,૫૦૦નું ખર્ચ મંજૂર કરવામાં આવેલું છે.

૨. સેન્ટર ફૅાર મૅનેજમેન્ટના ભાવથી આ કામ કરાવતાં ખર્ચ રૂ. ૨૧,૩૦૦-૮૪ પૈસા જેટલું થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે જિમ્નેશિયમના મકાનમાં વૂડન ફ્લેારિંગ માટે નીચે આર. સી. સી. સ્લૅબ વગેરેનું કામ સેન્ટર ફૅાર મૅનેજમેન્ટના ભાવથી રૂ. ૨૧,૩૦૦-૮૪ પૈસાના ખર્ચે મે. કનડા એન્જિનિયરિંગ કું.ને સેાંપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. વિદ્યાર્થીઓના છાત્રાલય બ્લોક "સી" તથા "ડી" અને તેના કોમન રૂમ તથા ભોજનાલયના સ્લેબ ઉપર વૉટર પ્રૂફિંગ કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૨૭,૦૦૦ જેટલું થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના છાત્રાલયના બ્લોક "સી" તથા "ડી" તથા તેના કોમન રૂમ અને ભોજનાલયના સ્લેબ ઉપર વૉટર પ્રૂફિંગ કરવાનું કામ ટેકસ્ટાઈલ ઍન્ડ જનરલ એન્જિનિયરિંગ કું.ને તેના જૂના રૂ. ૧૧૦/૧૦૦ ચો.ફૂટના (દસ વર્ષની ગેરંટી) દરે સોંપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. જિમ્નેશિયમના મકાનમાં વૂડન ફ્લોરિંગના કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જિમ્નેશિયમના મકાનમાં વૂડન ફ્લોરિંગના કામ માટે આવેલ કુલ ત્રણ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કૉન્ટ્રાક્ટર મે. આર. શાહ ઍન્ડ કું.નું રૂ. ૯૦,૮૦૦નું ટેન્ડર મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. જિમ્નેશિયમના મકાનમાં ફ્લોરિંગ ઉપર વૉટર પ્રૂફિંગ ટ્રીટમેન્ટ કરાવવાના કામ અંગે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ કામ માટે ફક્ત એક જ પાર્ટીનું ટેન્ડર આવેલ છે. સદરહુ ટેન્ડરના ભાવથી ગણતરી કરતાં ૧૦ વર્ષની ગેરંટી સાથે ખર્ચ રૂ. ૧૧,૪૦૦ તથા પંદર વર્ષની ગેરંટી સાથે ખર્ચ રૂ. ૧૪,૨૫૦ જેટલું થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે જિમ્નેશિયમના મકાનમાં ફ્લોરિંગ ઉપર વૉટર પ્રૂફિંગની ટ્રીટમેન્ટ કરવા માટેનું કામ ટેકસટાઈલ જનરલ એન્જિનિયરિંગ કું.ને તેના જૂના ભાવ રૂ. ૧૧૦/— ૧૦૦ ચો.ફૂટના (દસ વર્ષની ગેરંટી) દરે સોંપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર રીડર્સ ક્વાર્ટર્સના બાંધકામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર રીડર્સ ક્વાર્ટર્સના બે બ્લોકના બાંધકામ માટે આવેલાં કુલ નવ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કૉન્ટ્રાક્ટર મે. ઍસોસિયેટેડ એન્જિનિયર્સનું દરેક બ્લોકના રૂ. ૪,૯૪,૯૬૮–૫૦ (બે બ્લોકના રૂ. ૯,૬૩,૨૦૮–૭૨ નં. ૨) બાદ ૨.૭ ટકાનું ટેન્ડર મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. યુનિવર્સિટીના "સી" ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સના બાંધકામ માટેની સાઈટ નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—૧. અગાઉ આ સાઈટ રિસર્ચ હૉસ્ટેલની સામેની જગ્યાએ નક્કી કરવામાં આવેલી હતી, પરંતુ ત્યાં બ્લેક કૉટન સૉઈલ હોવાથી સાઈટ બદલવાની જરૂરિયાત છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર "સી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સના બાંધકામ માટેની સાઇટ "બી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સ નં. બી-૧૦ની સામે સભાગૃહમાં રજૂ થયેલા પ્લાન પ્રમાણે રાખવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૯. યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલ સેન્ટ્રલ લેબોરેટરીના મકાન બાંધકામમાં અમુક આઈટમના જથ્થામાં વધારો થાય છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસમાં બંધાઈ રહેલ સેન્ટ્રલ લેબોરેટરીના મકાન બાંધકામમાં જે આઈટમના જથ્થામાં વધારો થાય છે તે આ સાથેની યાદી "અ" પ્રમાણે મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૦. યુનિવર્સિટીનાં બાંધકામો માટે સ્થપતિની નિમણૂક અંગે માર્ગદર્શન આપતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ પત્ર નં. એફ. ૨/૮-૬૯.સીડી-સી.પી.પી.ટી. ૨, તા. ૨૬-૮-૧૯૭૭ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિ. ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા પત્ર નં. એફ/ ૨-૮-૬૯ (સીડી—સીપી) પીટી. ૨, તા. ૨૬—૮—૧૯૭૭ની નોંધ લેવી.

૧૫. યુનિ. કેમ્પસમાં બંધાઈ રહેલ સેન્ટર ફોર મેનેજમેન્ટના મકાન બાંધકામમાં અમુક આઈટમના જથ્થામાં વધારો થાય છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિ. કેમ્પસમાં બંધાઈ રહેલા સેન્ટર ફોર મેનેજમેન્ટના મકાન બાંધકામમાં જે આઈટમના જથ્થામાં વધારો થાય છે તે આ સાથેની યાદી "બ" પ્રમાણે મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. જોગ્રોફીના મકાન બાંધકામ માટે સ્થપતિ શ્રી હસમુખ સી. પટેલ તરફથી આવેલા પ્લાન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જોગ્રોફીના મકાન અંગે સ્થપતિએ તૈયાર કરેલા પ્લાન, સભા દરમ્યાન થયેલ ચર્ચાના સંદર્ભમાં જરૂરી સુધારા સાથે રૂ. ૨ લાખનો અંદાજી ખર્ચ સાથે પ્લાન મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી.

યાદી "અ"

Statement of Excess Quantity in the work of Central Laboratory

Contractor : M./s. Bhagirath Construction Co.

Item No.	*Description*	*Rate Per*	*Quantity*		*Amount*		*Excess Amount*	*Remarks*
			As per Tender	*As per execution*	*As per Tender Rs.*	*As per execution Rs.*	*Rs.*	
Bill No. 1 Item No. 3	Filling in plinth with Sand	Rs. 16 Cmt.	50 Cmt.	225 Cmt.	800	3,600	2,800	
Bill No. 2 Item No. 2	P.C.C. 1 : 4 : 8	Rs. 190 Cmt.	5 Cmt.	33 Cmt.	950	6,200	5,320	
Bill No. 3 Item No. 3	Brick Paving	Rs. 18 Smt.	120 Smt.	281 Cmt.	2,160	5058	2,898	
Bill No. 7 Item No. 2	Cement Plaster for Waterproof Plaster	Rs. 10 Smt.	100 Smt.	162 Smt.	1,600	1,620	620	
						Total Rs.	11,638	
						Less 13.53 % as per tender condition ...	1574.62	
							10,063.38	

યાદી "ब"

Statement of excess quantity in the work of Centre for Management

Contractor : M/s. Kanada Engineering Co.

Item No.	*Description*	*Rate Per*	*Quantity*		*Amount*		*Excess Amount*	*Remarks*
			As per tender	*As per execution*	*As per tender Rs*	*As per execution Rs.*	*Rs.*	
Bill No. 2 Item No. 4	Mild Steel	2,600 M.Tons	7.5 M.Ton	8.5 M.Tons	19,500	22,100	2,600	This is as per design of structural Engineer.
Bill No. 3 Item No. 3	Extra for exposed Masonary	7.00 Smt.	750 Smt.	790 Smt	5,250	5,530	280	—do—
Item No. 4	Brick Pointing	3.00 ,,	750 Smt.	790 Smt.	2,250	2,370	120	—do—
Item No. 5	Applying Water Repellant Paint	3.50 ,,	750 Smt.	790 Smt.	2,625	2,715	140	
Bill No. 5 Item No. 1	Penall Door	250 Smt.	40 Smt.	50 Smt.	10,000	12,500	2,500	
Item No. 3	Lovered Windows	250 Smt.	60 Smt.	100 Smt.	15,000	25,000	10,000	

Gujarat University Press, Navrangpura, Ahmedabad-380009

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની ઑકટોબર માસની સભા, શનિવાર, તા. ૨૨–૧૦–૧૯૭૭ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખ-સ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૨–૧૦–૧૯૭૭
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચન્દ્ર ચંદુલાલ શાહ	હાજર
૫.	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ	ગેરહાજર
૬.	શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર
૭.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય સંતપ્રસાદ રણછોડલાલ ભટ્ટ	હાજર
૧૦.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૧.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૨.	શ્રી. નરહરિ મૂળજીભાઈ પરીખ	હાજર
૧૩.	શ્રી કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૫.	શ્રી રમેશચન્દ્ર મણિલાલ શાહ	હાજર
૧૬.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૧૭.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ ભટ્ટભટ્ટ	ગેરહાજર
૧૮.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૧૭–૯–૧૯૭૭ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૭–૯–૧૯૭૭ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીમાં મદદનીશ ડી.પી.ઈ. તરીકે કામ કરતા શ્રી. એલ. એ. ઠક્કરને રૂ. ૬૫૦–૩૦–૭૪૦–૩૫–૮૧૦–ઈ. બી–૩૫–૮૮૦–૪૦–૧,૦૦૦–ઈબી–૪૦–૧,૨૦૦ના પગાર-ધોરણમાં તા. ૧–૧૦–૧૯૭૬ થી રૂ. ૮૧૦/–પછીના કાર્યક્ષમતા-અંતરાય (Efficiency-Bar) ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટીમાં મદદનીશ ડી. પી. ઈ. તરીકે કામ કરતા શ્રી. એલ. એ. ઠક્કરની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એલ. એ. ઠક્કરને રૂ. ૬૫૦–૩૦–૭૪૦–૩૫–૮૧૦–ઈ.બી.–૩૫–૮૮૦–૪૦–૧,૦૦૦–ઈ.બી.–૪૦–૧,૨૦૦ના પગારધોરણમાં રૂ. ૮૧૦ આગળ તા. ૧–૧૦–૧૯૭૬થી કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૩. યુનિવર્સિટીના મદદનીશ ડી.પી.ઈ (યૂથ વેલ્ફેર) શ્રી. કે. એચ. દવેને રૂ. ૬૫૦–૩૦–૭૪૦–૩૫–૮૧૦–ઈ.બી. ૩૫–૮૮૦–૪૦–૧,૦૦૦ ઈ.બી. ૪૦–૧,૨૦૦ના પગારધોરણમાં રૂ. ૮૧૦ પછીના પગથિયે કાર્યક્ષમતા–અંતરાય (Efficiency Bar) તા. ૧–૧૦–૧૯૭૭ થી ઓળંગવા માટે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટીમાં મદદનીશ ડી.પી.ઈ. (યૂથ વેલ્ફેર) તરીકે કામ કરતા શ્રી. કે. એચ. દવેની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. કે. એચ. દવેને રૂ. ૬૫૦–૩૦–૭૪૦–૩૫–૮૧૦ ઈ.બી.–૩૫–૮૮૦–૪૦–૧,૦૦૦–ઈ.બી.–૪૦–૧,૨૦૦ના પગારધોરણમાં રૂ. ૮૧૦ આગળ તા. ૧–૧૦–૧૯૭૭થી કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૪. સમાજ વિદ્યાભવનમાં ફીલ્ડ વર્ક સુપરવાઈઝર તરીકે કામ કરતા શ્રી ડી. એમ. ધોળકિયા તા. ૧૫-૫-૧૯૭૭ થી રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓને ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ આપવા અંગેની તેઓની તા. ૮-૧૦-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—શ્રી. ધોળકિયા તા. ૧૬-૬-૧૯૭૧ના રોજ ભવનમાં જોડાયા હતા અને તા. ૧૫-૫-૧૯૭૭ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.]

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં ફીલ્ડ વર્ક સુપરવાઈઝરની જગ્યા પરથી છૂટા થયેલ શ્રી. ડી. એમ. ધોળકિયાને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ચૂકવી આપવી.

૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં ઇલેક્ટ્રિશિયન તરીકે કામ કરતા શ્રી. વિષ્ણુભાઈ એમ. શુકલ તા. ૧૫–૭–૧૯૭૫ થી રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓના ખાતે નીકળતી

પ્રૉ. ફંડની રકમ આપવા અંગેની તેમની તા. ૧૦-૯-૧૯૭૭ની અરજી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—શ્રી. શુકલ તા. ૭-૧-૧૯૭૪ના રોજ ભવનમાં જોડાયા હતા અને તા. ૧૫-૭-૧૯૭૫ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.]

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં ઇલેક્ટ્રિશિયનની જગ્યા પરથી છૂટા થયેલ શ્રી. વી. એમ. શુકલને તેમના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પરત કરવી.

૬. યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં નિમાયેલ નીચેના શિક્ષકોને સેન સમિતિના પગારધોરણમાં તેઓને જે પગાર મળતો હતો તે ધ્યાનમાં લઈને પગાર નિયત કરવા અંગે તેઓની અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો તથા ભવન	જોડાયા તારીખ	જોડાયા ત્યારે મળતો મૂળ માસિક પગાર
૧.	ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યા	લેક્ચરર ઇન સંસ્કૃત, ભાષા-સાહિત્ય ભવન	તા. ૧-૯-૧૯૭૭	૭૦૦
૨.	ડૉ. આર. જી. ગુપ્તા	લેક્ચરર ઇન હિંદી, ભાષા-સાહિત્ય ભવન	તા. ૧-૯-૧૯૭૭	૭૦૦
૩.	ડૉ. સુમન જે. શાહ	લેક્ચરર ઇન ગુજરાતી, ભાષા-સાહિત્ય ભવન	તા. ૧-૯-૧૯૭૭	૭૦૦
૪.	ડૉ. આર. એ. મલાવી	પ્રોફેસર ઇન ઇંગ્લિશ ભાષા-સાહિત્ય ભવન	તા. ૨૬-૯-૧૯૭૭	૭૦૦

[**નોંધ.**—ઉપરોક્ત બાબત પરત્વે રાજ્ય સરકારના સંયુક્ત શિક્ષણનિયામકના તા. ૯-૨-૧૯૭૭ના પત્રથી ગુજરાત રાજ્યની કોઈ કૉલેજ કે યુનિવર્સિટીમાંથી આ નવા પગાર-ધોરણનો અમલ કરવાનું સરકારશ્રીએ ઠરાવેલ છે. ત્યાંથી જે શિક્ષક આવતા હોય તો તેના છેલ્લા પગાર માન્ય રાખી શકાય તેમ જણાવેલ છે.]

અને

૬૨. સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના રીડર શ્રી. આર. એલ. રાવળ ચોથી પંચવર્ષીય યોજનાના સિલેકશન ગ્રેડ રૂ. ૭૦૦-૧,૦૦૦માં કૉલેજમાં રહ્યા હોત તો વધુ મળતો હોત તે હદે આરક્ષિત કરવા અંગેના તેઓના તા. ૭-૧૨-૧૯૭૬ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૬ના સંદર્ભમાં બાબત નં. ૬૨ અંગે પણ વિચારણા કરવામાં આવી.

તે પછી કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ શિક્ષકો અહીં જોડાતાં પહેલાં જે સંસ્થામાં કામ કરતા હતા તે સંસ્થામાં તેમને મળતો પગાર, પગારધોરણ અને ભથ્થાં અંગેની માહિતી મંગાવવી અને તે આવ્યેથી સદરહુ બાબત આ સભાગૃહ સમક્ષ પુનઃ રજૂ કરવી.

૭. **નવેમ્બર ૨૬ અને ૨૭, ૧૯૭૭ના સમય દરમિયાન મીઠીબાઈ કોલેજના રાજનીતિ-શાસ્ત્રનો વિભાગ અને Western Regional Centre of the Indian Council of Social Science Research, Bombayના સંયુક્ત ઉપક્રમે મુંબઈ મુકામે "Emerging Pattern of Political Party System in India પર પરિસંવાદ યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.**

[**નોંધ.**—ચર્ચાવિચારણાના મુદ્દાઓ :

(1) The Model–A revaluation
(2) Problems of Party Building—Indian Experience
(3) Party patterns in the states.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિની પસંદગી કરીને તેમને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮. **નવેમ્બર ૧૯૭૭ના સમય દરમિયાન ગુજરાતીના અધ્યાપક સંઘ બોટાદકર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બોટાદના ઉપક્રમે ૨૮મું વાર્ષિક સંમેલન યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.**

[**નોંધ.**—ચર્ચાના વિષયો નીચે પ્રમાણે છે :

૧. "ઉચ્ચ શિક્ષણમાં માતૃભાષાના શિક્ષણનું સ્થાન અને તેનું સ્વરૂપ
૨. "સાંપ્રત ગુજરાતી કથા સાહિત્યમાંથી ઊપસતો નૈતિકતાનો ખ્યાલ."]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વાર્ષિક સંમેલનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિની પસંદગી કરીને તેમને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯. **ડિસેમ્બર ૧૬થી ૧૮, ૧૯૭૭ના સમય દરમિયાન ઇન્ડિયન સોસાયટી ઓફ એગ્રિ-કલ્ચરલ સ્ટેટિસ્ટિક્સનું ૩૧મું વાર્ષિક અધિવેશન, ન્યૂ દિલ્હી મુકામે યોજાનાર છે તેમાં યુનિ-વર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.**

[**નોંધ.**—અધિવેશનમાં નીચેના વિષયો પર પરિસંવાદ યોજનાર છે :

(*i*) Assessment of livestock development programmes in relation to small and marginal farmers, and

(*ii*) Model Building in Agriculture.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૦. **જાન્યુઆરી ૨૨થી ૨૪, ૧૯૭૮ના સમય દરમિયાન Faculty of Commerce વડોદરા મુકામે Banking Education, Training and Research in India પર એક રાષ્ટ્રીય પરિસંવાદ યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિની પસંદગી કરીને તેમને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧. જાન્યુઆરી ૧૯૭૮ના સમય દરમિયાન ગુજરાત યુનિવાર્સિટીના ઉપક્રમે અમદાવાદ મુકામે યોજાનાર Indian Science Congress ના અધિવેશનમાં ગ્રામવિસ્તારની વિજ્ઞાનની કૉલેજોના શિક્ષકો ઉપરોક્ત અધિવેશનમાં ભાગ લઈ શકે તે માટે ગ્રામ-વિસ્તારની કૉલેજોમાં પણ નાતાલનું વેકેશન જાન્યુ. ૧થી ૮, ૧૯૭૭નું રાખવાનું સૂચન કરતા શ્રી. સી. એન. પટેલ ફરતીકુઈવાળા આર્ટ્સ કૉલેજ એન્ડ ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈના આચાર્યશ્રીના પત્ર અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦–૮–૧૯૭૭ની સભામાં અમદાવાદ શહેર વિસ્તારની કૉલેજોમાં નાતાલ વેકેશન જાન્યુઆરી ૧ થી ૮નું રાખવાનું ઠરાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન અમદાવાદ બહારની સંલગ્ન કૉલેજોમાં પણ સ્થાનિક કૉલેજોની જેમ નાતાલની રજાઓ રદ કરીને તા. ૫–૧–૧૯૭૮થી તા. ૮–૧–૧૯૭૮ સુધી રજાઓ રાખવી

૧૨. ફેબ્રુઆરી ૨૩થી ૨૬, ૧૯૭૮ના સમય દરમિયાન Haffkine Institute for Training Research and Testing તેમ જ ઇન્ડિયન સોસાયટી ફોર પેરેસિટોલોજીના સંયુક્ત ઉપક્રમે, મુંબઈ મુકામે 'Asian Congress of Parasitologyનો પરિસંવાદ યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૩. Bhandarkar Oriental Research Instituteની હીરક જયંતી ઉજવણી પ્રસંગે મે ૧૯૭૮ના સમય દરમિયાન ઑલ-ઇન્ડિયા ઓરિયેન્ટલ કૉન્ફરન્સનું ૨૯મું સત્ર પૂના મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત,

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી હીરક જયંતી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. ટી. એસ. નાન્દીને મોકલવા.

૧૪. પરીક્ષા નિયામક શ્રી. જે. એમ. મહેતા તા. ૩૧–૧–૧૯૭૮ના રોજ નિવૃત્ત થતા હોઈ તે જગ્યા પૂરવા અંગેની વરણીસમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટે નીચે મુજબ વરણીસમિતિ રચવી :

૧. કુલપતિશ્રી
૨. આચાર્ય એસ. આર. ભટ્ટ
૩. શ્રી. કે. એસ. શાસ્ત્રી
૪. આચાર્ય કે. એન. શાહ
૫. ડૉ. એમ. એન. દેસાઈ
૬. આચાર્ય હરિશંકર પંડ્યા
૭. આચાર્ય એમ. સી. શાહ
૮. શ્રી. કુલસચિવ.

૧૫. ઑર્ડિ. ૪૧ અન્વયે રચાયેલ "ફોરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યુરો" અંગેની સમિતિના એક સભ્ય ડૉ. રમણભાઈ જી. ભટ્ટ યુનિવર્સિટી સેવામાંથી નિવૃત્ત થયા હોઈ તેમના સ્થાને એક સભ્યની તા. ૮–૯–૧૯૭૮ના સમય સુધી નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સમિતિના અન્ય સભ્યોનાં નામ નીચે મુજબ છે :

૧. કુલપતિશ્રી
૨. ડૉ. સી. જી. ખત્રી
૩. ડૉ. વી. સી. શાહ
૪. પ્રિ. કે. જે. ભટ્ટ
૫. પ્રિ. જે. સી. ત્રિવેદી
૬. ડૉ. જે. એલ. ભટ્ટ
૭. પ્રિ. પી. આર. દેસાઈ
૮. ડૉ. કે. ભાર્ગવ]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બ્યૂરો પર ડૉ. રમણભાઈ જી. ભટ્ટની જગ્યા પર તા. ૮-૯-૧૯૭૮ સુધીના બાકીના સમય માટે પ્રો. એમ. પી. ભટ્ટને નીમવા.

૧૬. ઑર્થો. એમ.બી.બી.એસ. ૧૮ અને ૧૯ મુજબ જનરલ હૉસ્પિટલ, બાપુનગર, અમદાવાદને મેડિસિન, સર્જરી ઍન્ડ ગાયનેકૉલોજી દરેક વિભાગ માટે ૫ ઇન્ટર્નીઝ (કુલ ૧૫) મોકલવા માટે માન્યતા આપેલી છે તેના અનુસંધાનમાં દરેક વિભાગ માટે ૧૦ ઇન્ટર્નીઝ (કુલ ૩૦) મોકલવા માટે માન્ય કરવા તે હૉસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટશ્રી તરફથી તા. ૨૨-૮-૧૯૭૭ના પત્રથી આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાયી તપાસસમિતિ નીમવી :

૧. ડૉ. પી. પી. મહેતા
૨. ડૉ. સી. આઈ. ઝાલા.

૧૭. રાજ્ય સરકારના ઠરાવ નં. યુ.એસ.જી. ૧૧૭૭-કેએમ, તા. ૨૦-૯-૧૯૭૭માં જણાવ્યા પ્રમાણે યુનિવર્સિટીના બિન-શિક્ષકગણના કર્મચારીઓને રાજ્ય સરકારના ધોરણે Travelling Allowance including leave travel concession આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના બિનશિક્ષકગણના કર્મચારીઓને રાજ્ય સરકારના ધોરણે લીવ ટ્રાવેલ કન્સેશન સહિતના પ્રવાસ ભથ્થા (Travelling allowance including Leave Travel Concession)નો લાભ આપવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ લાભ યુનિવર્સિટીના શિક્ષકવર્ગના કર્મચારીઓને તેમ જ કૉલેજના શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પણ આપવામાં આવે તે માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૮. તલોદની કૉલેજોનું સંચાલન કરનાર મંડળનું નામ "સાબરકાંઠા મહાવિદ્યા-મંડળ" માંથી ફેરવીને તા. ૧૮-૮-૧૯૭૪ના ઠરાવથી "શ્રી. સી. ડી. પટેલ મહાવિદ્યા-મંડળ" રાખ્યા અંગેની જાણ કરતા સદરહુ મંડળના મંત્રીશ્રીના તા. ૧૪-૯-૧૯૭૭ના પત્રની નોંધ લેવા બાબત.

(**નોંધ.**—મંડળના નામમાં કરેલા ફેરફારની જાણ યુનિવર્સિટીને કરવાની સરતચૂકથી રહી ગયાનું મંત્રીશ્રીએ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૯. સંલગ્ન કૉલેજોમાં ઇ.બી.સી.ની મર્યાદામાં વધારો કરવા, ફીનું ધોરણ સમકક્ષ કરવા ઇત્યાદિ બાબતમાં એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૮-૬-૧૯૭૭ની સભામાં કરેલ ભલામણ અન્વયે કુલપતિશ્રીને ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રીને લખેલ પત્રના સંદર્ભમાં શિક્ષણ વિભાગના ઉપસચિવે તેમના તા. ૯-૯-૧૯૭૭ના પત્રાંક એન. જી. સી. ૧૩૭૭-૪૫૭૬૧ ખ-૧ થી નીચે મુજબ જણાવ્યું છે તેની નોંધ લેવા બાબત :

"ઇ.બી.સી. મર્યાદામાં વધારો કરવાનાં સૂચનો પર પૂરી વિચારણા કરવામાં આવી છે અને આ સૂચનોનો સ્વીકાર થઈ શકે તેમ નથી, જે કૉલેજોમાં ફીનું ધોરણ સૂચિત ધોરણથી ઊંચું હોય ત્યાં ફીનું ધોરણ અન્ય કૉલેજોની સમકક્ષ કરવાના સૂચનનો પણ સ્વીકાર થઈ શકે તેમ નથી. ફી વધારાને કારણે કોઈ કૉલેજ શિક્ષકને સરપ્લસ કરે નહીં તેની તકેદારી રાખવાના સૂચનની નોંધ લીધી છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે પુનર્વિચારણા કરવા માટે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવી.

૨૦. ડૉ. અંબાશંકર નાગર ભાષા-સાહિત્ય ભવનના કાર્યકારી અધ્યક્ષ હોવાથી તેમના નિવાસસ્થાને ટેલિફોન આપવાનો થાય છે, પરંતુ તેમના નામ પર તેમના નિવાસ-સ્થાને ટેલિફોન હોવાથી તે ટેલિફોનનું ભાડું યુનિવર્સિટી તરફથી તેમને યુનિવર્સિટીનાં ધારાધોરણને આધીન ભરપાઈ કરવાનું રાખવા માટે મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૨૧. "હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. જયકૃષ્ણ ઇન્દ્રજી સંશોધન એવોર્ડ ફોર ઝૂલોજી" ૧૯૭૫ના વર્ષ માટે નિષ્ણાત સમિતિના સભ્યોનાં મળેલાં મંતવ્યો અનુસાર અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિના સભ્યોનાં મંતવ્યો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યાં.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ૧૯૭૫ના વર્ષ માટેનો સદરહુ સંશોધન એવોર્ડ ડૉ. વી. સી. શાહને આપવો.

૨૨. સૈફી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર તરફથી જૂન ૧૯૭૮થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત અને અરેબિકના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી સમયમર્યાદા બહાર છે પરંતુ તેવા વિદ્યાર્થીઓને નવા વિષયોના વિકલ્પની સુવિધા મળતી હોઈ, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૧) અન્વયે તે સ્વીકારવા માટે કુલપતિશ્રીએ કરેલ ભલામણને અનુલક્ષીને વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જોડાણઅરજી સ્વીકારવી અને તે અંગે સ્થાનિક તપાસ-સમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજને પૈકી કોઈ કૉલેજ કે કૉલેજોમાં નવા વિષયના શિક્ષણકાર્ય માટે જોડાણ આપવાનું યુનિવર્સિટીનાં સત્તામંડળો ઠરાવે તો તે કૉલેજોને આવા જોડાણને કારણે જે વધારાનું ખર્ચ થાય તેને આપોઆપ અનુદાનને પાત્ર ગણીને ગ્રાહ્ય રાખવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૨૩. ઇડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ ઍન્ડ પી. એન. પટેલ કૉમર્સ કૉલેજ, ઇડર તરફથી જૂન ૧૯૭૮ થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી અંગે પોલ કમિટીનો હેવાલ અમલમાં આવતાં અને તે સંદર્ભમાં કૉલેજની વહીવટી પરિસ્થિતિને અનુલક્ષીને વિદ્યાર્થીઓને વિશિષ્ટ લાભ આપવાના હેતુથી કરેલ અરજી પર ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૧) અન્વયે કુલપતિશ્રીએ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરેલ હોઈ સદરહુ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જોડાણઅરજી સ્વીકારવી અને તે અંગે સ્થાનિક તપાસ-સમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૪. શેઠ એમ. એમ. લૉ કૉલેજ, પાટણને દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૭ થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે મૂકેલી શરતોના પરિપાલનના હેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત :

(નોંધ.—૧. આચાર્યશ્રીની નિમણૂક કરી નથી.

૨. મોંઘવારી ભથ્થાનું એરિયર્સ ચૂકવવાનું બાકી છે.

૩. ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવ્યું નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને બીજી એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૧-૧૯૭૭ થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધી ચાલુ જોડાણ આપવું.

દરમ્યાન ઉપર નોંધમાં જણાવેલ શરતોના પરિપાલન માટેનો આગ્રહ જારી રાખવો.

૨૫. શ્રી. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાતની જૂન ૧૯૭૭થી દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજીની બાબતમાં જોડાણ માટેની નિયત શરતોના પરિપાલનના હેવાલના સંદર્ભમાં વિચારણા કરવા બાબત :

(નોંધ.— ૧. પાત્રતા ધરાવતા આચાર્યશ્રીની નિમણૂક સિવાયની તમામ શરતોનું પરિપાલન થાય છે. આચાર્યે પોતાની નિમણૂક ચાલુ જોડાણના વર્ષમાં માન્ય રાખવા વિનંતી કરી છે.

૨. આચાર્યની જગ્યા માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની પાત્રતા ધરાવતી વ્યક્તિ જોઈએ. હાલના આચાર્ય એલએલ.બી. બીજો વર્ગ અને એલએલ.એમ. બીજો વર્ગ છે. તેઓને ૭ વર્ષનો શૈક્ષણિક અનુભવ જોઈએ, જ્યારે ૪ વર્ષનો શૈક્ષણિક અનુભવ છે. આથી ૩ વર્ષનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે.

૩. જૂન ૧૯૭૪થી અત્યાર સુધી પ્રતિવર્ષ આચાર્યશ્રીની નિમણૂક કૅન્ડોન થતી આવી છે.

૪. બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હી દ્વારા થનારી તપાસના હેવાલના આધારે જોડાણ આપવાનું છે. બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ કૉલેજની અનુકૂળતા પુછાવી છે. ત્યાર બાદ તપાસ માટે જશે તેમ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને બીજી એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૧-૧૯૭૭ થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધી ચાલુ જોડાણ આપવું.

દરમ્યાન ઉપર નોંધમાં જણાવેલ શરતોના પરિપાલન માટેનો આગ્રહ જારી રાખવો.

૨૬. શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતને ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૭ થી તા. ૧૪-૬-૧૯૭૮ સુધીના ચાલુ જોડાણ માટેની શરતોના પરિપાલનના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) પ્રૉ. ફંડનાં નાણાં તે માટેના ટ્રસ્ટ ખાતે જમા કરાવવાની શરત સિવાયની તમામ શરતોનું પરિપાલન થયું છે. ગ્રાન્ટ મળ્યેથી પ્રૉ. ફંડ ખાતે રકમ જમા કરાવવામાં આવશે તેમ આચાર્યશ્રીએ જણાવ્યું છે.

(૨) કૉલેજના શિક્ષકો તરફથી ફરિયાદ મળી છે કે ૭ માસનો પગાર બાકી છે તે માટે આચાર્યનું વક્તવ્ય મંગાવવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૭ થી તા. ૧૪—૬—૧૯૭૮ સુધીનું ચાલુ જોડાણ આપવું.

દરમ્યાન ઉપર નોંધમાં જણાવેલ શરતોના પરિપાલન માટેનો આગ્રહ જારી રાખવો.

૨૭. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી અને સંલગ્ન કૉલેજ શિક્ષકોના સુધારેલ પગારધોરણના સંદર્ભમાં રાજ્ય સરકારના તા. ૨૩-૧૧-૧૯૭૬ના સરકારી ઠરાવમાં સંલગ્ન કૉલેજોના આચાર્યોનાં જે બે પગારધોરણો દર્શાવ્યાં છે તેમાં મૂલ્યાંકન અંગેની જોગવાઈ પણ સૂચવી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—રાજ્ય સરકારના તા. ૨૩-૧૧-૧૯૭૬ના સરકારી ઠરાવમાંથી ઉપસ્થિત થતા મુદ્દાઓ અંગે વિચારણા કરી અહેવાલ આપવા એકેડેમિક કાઉન્સિલે નિયુક્ત કરેલ સમિતિની ભલામણોના ઉપલક્ષ્યમાં આચાર્ય સિવાયના શિક્ષકો માટે મૂલ્યાંકન માટે ધારાધોરણ બાબતમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૮-૬-૧૯૭૭ની સભાની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦-૮-૧૯૭૭ સભામાં ઠરાવ ક્રમાંક ૭૭થી મંજૂર કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૮. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી અને સંલગ્ન કૉલેજ શિક્ષકોના સુધારેલ પગારધોરણના સંદર્ભમાં સંલગ્ન કૉલેજના આચાર્યોમાંથી ૧૫ ટકાને રૂ. ૧,૫૦૦-૨,૨૦૦નું પગારધોરણ આપવા અંગેની યાદી તૈયાર કરીને સરકારની મંજૂરી માટે મોકલવા અંગના રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૨૩-૮-૧૯૭૭ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૭૫-બ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કુલપતિશ્રીએ સભાગૃહને જાણ કરી કે સદરહુ બાબત જોઈતપાસીને આચાર્યોનાં નામોની જરૂરી યાદી તૈયાર કરવા માટે નીચે જણાવેલા

સભ્યોની સમિતિ પોતે નીમી છેઃ

૧. પ્રો. ડી. એન. પાઠક
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. શ્રી. કે. એસ. શાસ્ત્રી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી અને સમિતિએ તૈયાર કરેલી યાદી રાજ્ય સરકારને મોકલી આપવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૯. ૧૦+૨+૩ની નવી તરાહના સંદર્ભમાં ફાજલ પડતા કૉલેજ-શિક્ષકોની બાબતમાં આવેલ રાજ્ય સરકારના તા. ૨-૯-૧૯૭૭ના ઠરાવ ક્રમાંક એનજીસી. ૧૦૭૭-૪૮૧૭૨-ખ(આઈ)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ગુજરાત રાજ્યમાં શિક્ષણની નવી તરાહ દાખલ કરવાને કારણે કૉલેજોના ખંડ સમયના જે કર્મચારીઓ (શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના) ફાજલ પડવા પામે તેમને પણ અન્યત્ર સમાવી લેવા માટે તેમ જ તેમના પગાર અને પગારધોરણોને સુરક્ષિત કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૩૦. સંલગ્ન કૉલેજોના ખંડ સમયના અધ્યાપકોનાં પગારધોરણ, પી.એફ., એચ.આર.એ. ઇત્યાદિ અંગે વિચારણા કરી અહેવાલ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦-૮-૧૯૭૭ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો અહેવાલ નીચેના સુધારા સાથે સ્વીકારવો; અને તે મુજબ સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓના ખંડ સમયના અધ્યાપકોના પગાર, પગારધોરણ, પ્રોવિડન્ટ ફંડ, એચ.આર.એ. ઇત્યાદિ અનુદાનને માટે પાત્ર તરીકે ગ્રાહ્ય રાખવા રાજ્ય સરકારને ભલામણ કરવા, તથા તે પ્રમાણે ભલામણો રાજ્ય સરકાર તરફથી સ્વીકારવામાં આવે ત્યારે તેનો અમલ કરવા માટે સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓને જણાવવું :

૧. કંડિકા નં. ૧(બી)માં પ્રાધ્યાપક માટે જે પગારધોરણ દર્શાવ્યું છે તે વ્યાખ્યાતા માટે રાખવું, અને વ્યાખ્યાતાનું પગારધોરણ રદ ગણવું.

૨. કંડિકા નં. ૪માંથી નીચેના શબ્દો રદ કરવા :

'In case of a Lecturer or a Professor who is doing work for seven periods or more per week he shall be entitled to any early increment during the probation period.'

૩. કંડિકા નં. ૫માંની ત્રીજી લીટીમાંથી "that may be" શબ્દો રદ કરવા.

૪. કંડિકા નં. ૭-એ માં ચોથી લીટીમાં Prefixed or suffixedને બદલે Prefixed & suffixed વંચાય તેમ સુધારવું.

(ખંડ સમયના શિક્ષકોનાં પગારધોરણ ઇત્યાદિ અંગેના સૂચિત સુધારેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૩૧. સરકારી ગ્રાન્ટને પાત્ર ન હોય તેવી આર્થિક જવાબદારી વધારતા નિયમો કરીને તેનું પાલન કરવા સંલગ્ન કૉલેજો દબાણ ન કરવા અંગેના ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના તા. ૨૭–૯–૧૯૭૭ના પત્રાંક એનજીસી. ૧૩૭૭–ખ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના અને તેના કર્મચારીઓ (શિક્ષકવર્ગ તેમ જ બિનશિક્ષકવર્ગ) ને લગતા કેટલાક આર્થિક પ્રશ્નો અંગે રાજ્ય સરકાર પાસે ઘટતી રજૂઆત કરવા માટે આ સભાગૃહે તેની તા. ૮–૧–૧૯૭૭ની સભામાં બાબત નં. ૨૨ થી જે સમિતિ નીમેલી છે તે સમિતિની રજૂઆત માટે સદરહુ બાબત મોકલવી, અને એક માસમાં એ અંગે રજૂઆત કરવી.

૩૨. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના (આયુર્વેદ અને એગ્રિકલ્ચર સિવાય) અધિનિયમોમાં સુધારા જરૂરી છે કે કેમ તેની તપાસ માટે સમિતિની રચના કર્યાની જાણ કરતા ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના તા. ૨૨–૯–૧૯૭૭ના સરકારી ઠરાવ યુએસજી. ૪૨૭૭ –કેએચ. (આઈ)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી અને તે સમિતિ જે કોઈ બાબતો પરત્વે સર્વાનુમતે જે ભલામણો કરે તે જ ભલામણો રાજ્ય સરકારને મોકલવાનું રાખવું :

૧. આચાર્ય એમ. સી. શાહ
૨. આચાર્ય એસ. આર. ભટ્ટ
૩. આચાર્ય ડી. ડી. દેસાઈ
૪. શ્રી કે એસ. શાસ્ત્રી
૫. ડૉ. એમ. એન. દેસાઈ
૬. આચાર્ય બી. એમ. પીરજાદા
૭. શ્રી. શરદભાઈ એમ. પટેલ.

૩૩. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં વર્ષ ૧૯૭૫–૭૬ના બીજા સત્રનાં ખોવાઈ ગયેલાં હાજરીપત્રકો ઇત્યાદિ બાબતો અંગે તપાસ કરી પોતાનો સુચિંતિત અહેવાલ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૯–૫–૧૯૭૬ની સભાએ નીમેલી સમિતિની તા. ૧૪–૭–૧૯૭૭ની સભાએ રજૂ કરેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો અહેવાલ સ્વીકારવો.

(સદરહુ સમિતિના અહેવાલની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૩૪. સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇંગ્લિશ એન્ડ ફોરેન લેંગ્વેજીસ, હૈદરાબાદ ખાતે નવેમ્બર, ૧૯૭૭માં યોજાનાર "વર્કશૉપ ઑન સિલેબસ એન્ડ એકઝામિનેશન ઇન ઇંગ્લિશ"માં યુનિવર્સિટીના બેથી ત્રણ પ્રતિનિધિઓ મોકલવા અંગે તેમના તા. ૧૭–૯–૧૯૭૭ના આવેલ પત્રાંક સીઆઈઈએફ એલ. ઈએસ.ડી. ૭૭–૪૭૮૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વર્કશૉપમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૩૫. રાજ્ય સરકારના નાણા ખાતાના જી.આર. નં. પીએફઆર.-૧૦૭૫-૨૬૭૫-સીએચ, તા. ૨૯-૧૦-૧૯૭૫ મુજબ કર્મચારીઓના પ્રૉ. ફંડની રકમ ઉપર Incentive Bonus આપવા અંગે વિચારણા કરવા બાબત.

[રાજ્ય સરકારના જી.આર.નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ છે :

In order to detract Government employees from withdrawing amounts from their Provident Fund Accounts and to encourage them to increase the rates of subscription and also keep larger balance in their Provident Fund Account, Government is now pleased to introduce an incentive bonus scheme for Government employees as well as Panchayat employees who do not withdraw any amount (Temporary advance or part-final withdrawal) from their Provident Fund Accounts during a financial year as follows :

(1) The Incentive Bonus Scheme from subscriber to the Provident Fund shall come into force with effect from the financial year beginning on 1st April, 1975.

(2) During financial year commencing from 1st April, 1975, any Government employee or Panchayat employee who does not withdraw any amount (temporary advance or part-final withdrawals) from his Provident Fund Account will be entitled to a bonus on the subscription made during the year.

(3) The bonus will be calculated at the rate of 3 % for employees drawing emoluments upto Rs. 500 /- per month and 1 % for employees drawing emoluments above Rs. 500/- per month. The total amount of Bonus should be rounded to the nearest whole rupee (fifty paise counting as the next higher rupee).]

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોવિડન્ટ ફન્ડ પરના વ્યાજની બાબતમાં રાજ્ય સરકારના ધોરણે "ઇન્સેન્ટિવ બોનસ" યોજનાનો લાભ આ યુનિવર્સિટીના કર્મચારીઓને પણ આપવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના સદરહુ જી.આર.નો ઉપરનો સંબંધકર્તા ભાગ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને પરિપત્રિત કરવો.

૩૬. સંલગ્ન કૉલેજોના શિક્ષકોના પ્રોવિડંટ ફંડનાં નાણાંના રોકાણ અંગે ગ્રાન્ટ ઇન-એઇડના નિયમોમાં સૂચિત સુધારો કરી પ્રોવિડંટ ફંડનાં નાણાંનું રોકાણ કરવાની બાબતમાં કેટલાંક સૂચનો અંગે શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય તરફથી આવેલ તા. ૨૫-૪-૧૯૭૭ના પત્રાંક એનજી.સી. ૧૩૭૬-સી-૨૬૫-અથી આ યુનિવર્સિટીનું મંતવ્ય માંગવામાં આવતાં સદરહુ બાબત અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૪-૬-૧૯૭૭ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો હેવાલ સ્વીકારવો અને રાજ્ય સરકારને મંજૂરી માટે મોકલી આપવો.

(સદરહુ સમિતિના અહેવાલની નકલ **પારિશષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૩૭. ૧૦+૨+૩ની શિક્ષણની નવી તરાહના સંદર્ભમાં અભ્યાસક્રમના માળખામાં થનાર ફેરફારને લીધે રાજ્ય સરકાર પર વાસ્તવિક (Substantial) નાણાકીય બોજો વધે નહીં તે ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમમાં ફેરફાર કરવાનું સૂચવતા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના સંયુક્ત સચિવના તા. ૮-૯-૧૯૭૭ના પત્રાંક યુ. એસ. જી. ૪૨૭૭-૫૫૯૨૪-કેએચ. પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની સલગ્ન કોલેજોને અને તેના કર્મચારીઓ-(શિક્ષકવર્ગ તેમજ બિનશિક્ષકવર્ગ)ને લગતા કેટલાક આર્થિક પ્રશ્નો અંગે રાજ્ય સરકાર પાસે ઘટતી રજૂઆત કરવા માટે આ સભાગૃહે તેની તા. ૮-૧-૧૯૭૭ની સભામાં બાબત નં. ૨૨થી જે સમિતિ નીમેલી છે તે સમિતિની રજૂઆત માટે સદરહુ બાબત મોકલવી.

૩૮. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રી મારફતે મજૂર કલ્યાણ વિષયના પ્રોફેસર પરેશ મજમુદારના તા. ૧૨-૯-૧૯૭૭ના પત્ર પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૯. ફાઈનાન્સ સમિતિની તા. ૧૭-૧૦-૧૯૭૭ની સભાના ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૭-૧૦-૧૯૭૭ની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે એક તેમજ બી. કે. સ્કૂલ ઑફ મૅનેજમેન્ટ માટે પણ એક એમ બે વધુ વૉટરકૂલરો સદરહુ સમિતિએ બાબત નં. ૬ હેઠળ મંજૂર કરેલા દરે ખરીદવાનું મંજૂર કરવું.

૪૦. ઑક્ટોબર ૨૩ થી ૨૯, ૧૯૭૭ના સમય દરમ્યાન ન્યૂ દિલ્હી મુકામે યોજાનાર International Congress of Pediatrics ના ૧૪મા અધિવેશનમાં શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચના માનદ પ્રાધ્યાપક ડૉ. વી. કે. ગાંધીને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા અંગે સદરહુ સ્કૂલના અધ્યક્ષ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત :

[**નોંધ.**— ૧. ડૉ. ગાંધીને સહ-અધ્યક્ષ તરીકે કામ કરવા માટે આ પરિષદમાં નિમંત્રણ મળેલું છે.

૨. સદરહુ અધિવેશનમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦-૮-૧૯૭૭ની સભામાં ડૉ. (શ્રીમતી) એ. બી. દેસાઈને મોકલવાનું ઠરાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉંગ્રેસના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના વધારાના પ્રતિનિધિ તરીકે ડૉ. વી. કે. ગાંધીને, તેઓ સદરહુ પરિષદની એક બેઠક માટે સહઅધ્યક્ષ તરીકે કામ કરવા માટે પસંદગી પામેલા છે તે બાબત લક્ષમાં લઈને, મોકલવા.

૪૧. શ્રી. બી. કે. પટેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલીને ત્રણ-ત્રણ વખત જાહેરાત આપવા છતાં અને ઇન્ટરવ્યુ રાખ્યા, છતાં વાણિજ્ય વિષયના લાયકાત ધરાવતા બંડ સમયના વ્યાખ્યાતા મળ્યા ન હોવાથી ચાલુ સત્ર પૂરતું મુલાકાતી વ્યાખ્યાતા દ્વારા શિક્ષણકાર્ય કરવા દેવાની પરવાનગી આપવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને વાણિજ્યના વિષયમાં મુલાકાતી શિક્ષકથી ચલાવવા માટે ચાલુ સત્ર પૂરતી જ મંજૂરી આપવી, અને આચાર્યશ્રીને જણાવવું કે નવેમ્બર ૧૯૭૭થી યોગ્ય લાયકાત ધરાવતા વાણિજ્યના પૂરા સમયના શિક્ષકની નિમણૂક કરવી આવશ્યક રહેશે, અને જો તેમ કરવામાં આવશે નહીં તો નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૪૨. શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ એમ. કે. પટેલ કૉમર્સ કૉલેજ, પેટલાદને તર્કશાસ્ત્ર વિષયના શિક્ષણકાર્ય માટે લાયકાત ધરાવતા શિક્ષક મળ્યા નહીં હોવાથી, તેમની કૉલેજના મનોવિજ્ઞાનનાં વ્યાખ્યાતા કુ. આઈ. બી. પટેલને ચાલુ વર્ષ પૂરતું તે વિષયના તાસ લેવાની પરવાનગી આપવાની સદરહુ કૉલેજના કાર્યકારી આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—મનોવિજ્ઞાનના વિષયમાં ટ્યુટોરિયલના ૩ તાસ લેતાં કુ. આઈ. બી. પટેલનો કુલ કાર્યભાર ૨૦ તાસ થાય છે એમ આચાર્યશ્રીએ જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તર્કશાસ્ત્રના શિક્ષણકાર્ય માટે ઉપર મુજબની વ્યવસ્થા ફક્ત ચાલુ વર્ષ પૂરતી જ ગ્રાહ્ય રાખવી અને આચાર્યશ્રીને જણાવવું કે જૂન ૧૯૭૮થી યોગ્ય લાયકાત ધરાવતા લેક્ચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે, અને જો તેમ કરવામાં આવશે નહીં તો તે વિષય માટે નવા વિદ્યાર્થીઓને કૉલેજમાં દાખલ કરી શકાશે નહીં.

૪૩. રાજ્ય સરકારના તા. ૨૩-૬-૧૯૭૬ના ઠરાવ નં. પીસીઆર. ૩૦૭૫-૮૬ એમ.ના સંદર્ભમાં સીનિયર ક્લાર્કની ૨ જગ્યાઓને અને જુ. ક્લાર્કની ૨૮ જગ્યાઓને સિલેક્શન ગ્રેડમાં ફેરવવા અંગે વિચારણા કરવા બાબત.

[સદરહુ જી.આર.નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ છે :

Sr. No.	*Designation*	*Scales accepted by Government*	*Selection Grades recommended by the Commission*	*Selection Grades accepted by Government*
1	2	3	4	5
1.	Sr. Clerks	330–560	490–15–550 EB 20–650 (For 15 percent posts)	425–15–500 EB 15–560–20–580–EB 20–640 (For 15 present posts)

1	2	3	4	5
2.	Jr. Clerks / Typist / Steno typist / Typist-cum-clerk etc.	260–400	350–12–410–EB–12–470–15–500 (For 15 percent posts)	350–12–410–EB–12–470–15–500 (For 15 percent posts)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં કાર્યાલયો, વિદ્યાભવનો, ગ્રન્થાલય ઇત્યાદિ વિભાગોમાં થઈને જુનિયર ક્લાર્કની જગ્યાઓ પૈકીની ૨૮ જગ્યાઓને પસંદગીના પગારધોરણમાં (સિલેક્શન ગ્રેડમાં) અને સીનિયર ક્લાર્કોની જગ્યાઓ પૈકી બે જગ્યાઓને પસંદગીના પગારધોરણમાં (સિલેક્શન ગ્રેડમાં) ફેરવવી.

૪૪. માર્ચ, ૧૯૭૭માં લેવાયેલ એફ.બી.એસસી. પરીક્ષાના વિદ્યાર્થી નં. ૧૬૫૯ શ્રી ખોડાભાઈ એસ. નાયીએ પોતાના અસલ ગુણપત્રકમાં સુધારા કરી મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવવા માટે કરેલ ગેરરીતિ અંગે તેમના તારીખ વગરના ખુલાસાના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ખોડાભાઈ એસ. નાયીને આ યુનિવર્સિટીમાં કોઈ અભ્યાસક્રમ કે પરીક્ષામાં ભવિષ્યમાં પ્રવેશ આપવો નહીં.

૪૫. શ્રીમતી એચ. સી. પટેલ કંડારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મિયાંગામ -કરજણને નીચેના વિષયોમાં તેમનાં નામ સામે દર્શાવેલ શિક્ષકને ૧૫ કરતાં વધારે તાસ સોંપવા માટે ૧૯૭૮ થી પ્રી-યુનિ.ના વર્ગો બંધ થતા હોઈ ચાલુ વર્ષ પૂરતી પરવાનગી આપવા સદરહુ કોલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૮–૯–૧૯૭૭ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત:

ક્રમાંક	વિષય	શિક્ષકનું નામ	કાર્યભાર સોંપવા માટેની વિગત
			કુલ
૧.	હિન્દી	પ્રિ. આર. આર. શર્મા	૯+૧=૧૦
૨.	અર્થશાસ્ત્ર	૧. કુ. કે. જે. જેટલી	૧૬+૪=૨૦
	,,	૨. કુ. આર. ડી. ઠાકર	૧૭+૩=૨૦
	,,	૩. શ્રી ડી. આઈ. ગોસ્વામી	૧૬+૪=૨૦
૩.	કોમર્સ	૧. શ્રી એચ. જે. શાહ	૧૮+૪=૨૨
		૨. શ્રી એચ. એમ. ગદાણી	૧૮+૪=૨૨

[**નોંધ.** — (૧) ઑ. ૧૨૦-એ ની જોગવાઈ મુજબ કોઈ વિષય/વિષયોમાં ૨ તાસનો કાર્યભાર વધતો હોય તો તે વિષયના શિક્ષકને ૧ વધારે તાસ સોંપવા કુલપતિશ્રી પરવાનગી આપી શકે છે.

(૨) ઉપરોક્ત પરવાનગી આપતાં તે શિક્ષકના કાર્યભાર ૧૬ + ૪થી વધવો જોઈએ નહીં.

(૩) આચાર્ય ૯ તાસ કરતાં વધારે તાસનું શિક્ષણકાર્ય કરી શકે નહીં.

(૪) ઑ. ૧૨૦-એ ની જોગવાઈ મુજબ શિક્ષકોનો કાર્યભાર ૧૫+૭=૨૨થી વધવો જોઈએ નહીં.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની ઉપરની વિનંતી માન્ય કરવી નહીં, અને આચાર્યશ્રીને કપંકા આપી જણાવવું કે નવેમ્બર ૧૯૭૭થી શરૂ થતા ચાલુ વર્ષના બીજા સત્રથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ જરૂરી વધારાની નિમણૂંકો કરીને યુનિવર્સિટી કાર્યાલયને ત્વરિત જાણ કરવી.

૪૬. પ્રી-યુનિવર્સિટીના વર્ગો કૉલેજોમાં બંધ થતાં વ્યાયામ શિક્ષકોનો કાર્યભાર ઘટ્યો છે તેના સંદર્ભમાં વ્યાયામ શિક્ષકોને રાષ્ટ્રીય સેવા યોજનાની કામગીરી સોંપવાને માટે પાત્ર ગણવા માટે આ સભાગૃહના તા. ૯-૭-૧૯૭૨ની સભાના નીચેના ઠરાવ પર પુનર્વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલી કૉલેજોમાં સ્થાપવામાં આવેલા એન.એસ.એસ. એકમોના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે તેમનાં નામ સામે જણાવેલ વ્યક્તિની નિમણૂક તેઓ વ્યાયામ શિક્ષકની કે એન.સી.સી અંગેની કામગીરી કરતા ન હોય તો અને તેની ખાતરી કરીને કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે કોઈ પણ સંલગ્ન કૉલેજમાં એન.એસ એસ.ના એકમનાં પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે કોઈ સુપાત્ર અધ્યાપક મળી શકે તેમ ના હોય તો તે કામગીરી વ્યાયામ શિક્ષકને સોંપવામાં આવે તો હરકત નથી.

૪૭. ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ એજ્યુકેશન, પાલનપુરે યુ.જી.સી. યોજનાનો લાભ મળી શકે તેને અનુલક્ષીને વધુ ૩ શિક્ષકોની નિમણૂકો કરે તે શરતે વધુ વિદ્યાર્થી પ્રવેશ આપવા પરવાનગી માગતો પત્ર શિક્ષણનિયામકશ્રીને લખ્યો છે અને તે પત્રની નકલ યુનિવર્સિટીને જાણ તથા યોગ્ય કરવા સારુ મોકલી છે તેના સંદર્ભમાં સદરહુ કૉલેજને વધુ વિદ્યાર્થી પ્રવેશ માટે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—કૉલેજ શરૂ થઈ ત્યારે ૬૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પરવાનગી અપાઈ હતી. હાલ ૪ શિક્ષકો તથા ૪૮ વિદ્યાર્થી સંખ્યા છે. વધુ ૩ શિક્ષકો નીમે તો ૩૬ વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકે એટલે કુલ ૮૪ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જૂન ૧૯૭૮થી ૮૪ વિદ્યાર્થીઓને દાખલ કરવા માટે પરવાનગી આપવી.

૪૮. બાંધકામ સમિતિની તા. ૧૭-૧૦-૧૯૭૭ની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૭-૧૦-૧૯૭૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(તા. ૧૭-૧૦-૧૯૭૭ની સભાની ભલામણોની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૪૯. સંલગ્ન કૉલેજોના શિક્ષક તથા બિનશિક્ષક વર્ગના કર્મચારીઓની ફરિયાદોના ઉપાય માટે ટ્રિબ્યુનલ રચવાના રાજ્ય સરકારના ૧૯૭૭ના વટહુકમ ક્રમાંક ૬ ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોને અને તેના કર્મચારીઓ (શિક્ષકવર્ગ તેમજ બિનશિક્ષકવર્ગ)ને લગતા કેટલાક આર્થિક પ્રશ્નો અંગે રાજ્ય સરકાર પાસે ઘટતી રજૂઆત કરવા માટે આ સભાગૃહે તેની તા. ૮–૧–૧૯૭૭ ની સભામાં બાબત નં. ૨૨ થી જે સમિતિ નીમેલી છે તે સમિતિની રજૂઆત માટે સદરહુ બાબત મોકલવી.

૫૦. યુનિવર્સિટીના જે કર્મચારીઓ યુનિવર્સિટી કૅમ્પસ બહાર વસતા હોય તેવા કર્મચારીઓ માટે યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રના ડૉક્ટરને પોતાને ત્યાં બોલાવવા અંગેના વિઝિટના દર નક્કી કરવા અંગેના નિવાસી તબીબી અધિકારીએ તેમના તા. ૧૩-૧૦-૧૯૭૭ના પત્રથી કરેલ સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૅમ્પસ બહાર વસતા યુનિવર્સિટીના કર્મચારીઓને માટે યુનિવર્સિટીના રેસિડેન્ટ મેડિકલ ઑફિસરના વિઝિટિંગના દર નીચે મુજબ નિયત કરવા :

દિવસના વિઝિટ ફી	રૂ. ૧૦–૦૦
રાત્રિના વિઝિટ ફી	રૂ. ૧૫–૦૦

૫૧. (૧) યુનિવર્સિટીએ અનુસ્નાતક કેન્દ્રની બચતમાંથી કૉલેજોને પુસ્તકો અને સાધનો ખરીદવા આર્થિક સહાય આપેલી તે; તથા (૨) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના અનુસ્નાતક અભ્યાસના વિકાસ માટેની આર્થિક સહાયની યોજના હેઠળ કૉલેજોને પુસ્તકો, સાધનો અને મકાનના બાંધકામ માટે આર્થિક સહાય મળેલી તેની સામે યુનિવર્સિટીએ તેના અનુસ્નાતક કેન્દ્રની બચતમાંથી મૅચિંગ શેર તરીકે જે તે કૉલેજોને આપેલી રકમની નોંધ લેવા બાબત.

[**નોંધ.**—યાદીમાં જણાવેલ કૉલેજોને પુસ્તકો અને સાધનો ઇત્યાદિ માટે આર્થિક સહાય મળેલી તે કૉલેજોએ હજી પુસ્તકો, સાધનો ઇત્યાદિ યુનિવર્સિટીમાં જમા કરાવ્યાં નથી, જ્યારે ખંભાતની બી. સી. જે. સાયન્સ કૉલેજને કેમિસ્ટ્રીના મકાનના બાંધકામ પેટે યુનિવર્સિટીએ રૂ. ૩૨,૦૦૦ ચૂકવ્યા છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને જણાવવું કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાયથી ખરીદવામાં આવેલાં પુસ્તકો અને સાધનો યુનિવર્સિટીને વિનાવિલંબે સુપરત કરવાં.

૫૨. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા/મરામત કરાવવા અંગે સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે પ્રોવિડંટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

"ક્રમાંક	કર્મચારીનું નામ તથા હોદ્દો	લોનની રકમ	સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	કયા કારણસર લોનની માગણી કરી છે?
૧.	શ્રીમતી ભદ્રાબહેન જોશી, વૉર્ડન, લેડીઝ હૉસ્ટેલ	રૂ. ૧૨,૫૦૦	ના	મકાન ઉપર માળ બાંધવા
૨.	ડૉ. એ. બી. વ્યાસ. લેકચરર વિજ્ઞાન વિદ્યાભવન	રૂ. ૧૮,૫૦૦	ના	હાઉસિંગ બોર્ડમાં ભરવા
૩.	શ્રી. બા. જે. મકવાણા, જુ. કલાર્ક, પી. જી. વિભાગ	રૂ. ૧,૨૦૦	હા	મકાન-રિપેરિંગ માટે
૪.	શ્રી. આર. આર. ભાવસાર	રૂ. ૯,૩૭૦	હા	સોસાયટીમાં મકાનના ભરવા માટે

[**નોંધ.**— ૧ (અ) શ્રીમતી ભદ્રાબહેન જોશી ખાતે લોન પેટે કોઈ રકમ બાકી નથી.

(બ) ડૉ. એ. બી. વ્યાસ ખાતે લોન પેટે કોઈ રકમ બાકી નથી.

(ક) શ્રી. બી. જે. મકવાણા ખાતે તા. ૩૧-૩-૧૯૭૭ સુધી રૂ. ૮,૯૦૭-૯૬ પૈસા જમા છે, તેમાંથી તેઓની પ્રો. ફંડની રૂ. ૫૮૦ની લોન તથા રૂ. ૭,૧૫૩ની બિલ્ડિંગ લોનના તથા તે બન્નેનું વ્યાજ થાય છે તે રકમ કાપવાની રહેશે.

(ડ) શ્રી. આર. આર. ભાવસાર ખાતે તા. ૩૧-૩-૧૯૭૭ સુધી રૂ. ૯,૩૭૨-૩૭ પૈસા જમા છે. તેઓના ખાતે બિલ્ડિંગ લોનના રૂ. ૫,૧૩૭-૦૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.]

૨. એક્ઝિકયુટિવ કાઉન્સિલે બીજી વાર લોન આપવા અંગે તેની તા. ૨૧-૧-૧૯૭૬ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"……વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૮૮(૨) હેઠળ પોતાના પ્રૉવિડંટ ફંડમાંથી કોઈ પણ કર્મચારીએ એક વાર લોન લીધા પછી ફરીથી લોન લેવાનો પ્રસંગ તેના માટે ઊભો થાય તો તે બાબત અંગે કોઈ ચોક્કસ ધારાધોરણો ઘડવાને બદલે પ્રત્યેક કેસ તેના ગુણદોષ ઉપર વિચારવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કર્મચારીઓને તેમના પ્રૉવિડંટ ફંડ ખાતેથી યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ તેમનાં નામ સામે દર્શાવેલ રકમની લોન મંજૂર કરવી.

૫૩. સ્વામી રામાનંદ સરસ્વતી ટી.બી. ક્લિનિક એન્ડ જનરલ હૉસ્પિટલ, વીજાપુર તરફથી ઑર્ડિનન્સ ૨૭૨ અને ૨૭૨ એ મુજબ સદરહુ હૉસ્પિટલને ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ માટેની માન્યતા માટેની તેમની તા. ૧૨-૧૦-૧૯૭૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ડૉ. પી. પી. મહેતાને સ્થાનિક તપાસ કરીને પોતાનો હેવાલ આપવા માટે જણાવવું.

૫૪. યુનિવર્સિટી કૅમ્પસમાં ટી.પી. સ્કીમ નં. ૬૨નો રસ્તો પસાર થાય છે તે ટી.પી. રસ્તાની જમીનનો કબજો સોંપવા અંગેની મ્યુનિસિપલ કૉર્પોરેશન તરફથી આવેલા પત્ર નં. ઈ.ટી.એસ. ટી.પી.એસ. ઈ.એકસ.સી. ૩૧–૮, તા. ૩૦–૯–૧૯૭૭ પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—૧૩૨ ફૂટના રસ્તામાં કુલ ૬૦,૯૪૩ ચો. મીટર જમીન કપાય છે તે પેટે રૂ. ૪,૯૯,૬૨૭નો બેટરમેન્ટ ટૅક્સ બાદ કરતાં યુનિવર્સિટીને ચોખ્ખી રકમ રૂ. ૫,૯૮,૫૯૯ લેવાની થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સાથે જરૂરી વિચારવિનિમય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૫. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી અને સંલગ્ન કૉલેજ શિક્ષકોના સુધારેલા પગારધોરણ અંગેના રાજ્ય સરકારના શિક્ષણ ખાતાના તા. ૨૩–૧૧–૧૯૭૬ના સરકારી ઠરાવની કંડિકા (૧૪)માં શિક્ષકોના દર ત્રણ વર્ષે થનાર મૂલ્યાંકન અંગેની જે જોગવાઈ છે તે અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦–૮–૧૯૭૭ની સભામાં ઠરાવ ૭૭થી નિયમો નિયત કર્યા છે અને સાથોસાથ સદરહુ કંડિકાની જોગવાઈ રદ કરવાની બાબતમાં રાજ્ય સરકારને ભલામણ કરવા પણ ઠરાવેલ છે. તો રાજ્ય સરકાર એકિઝકયુટિવ કાઉન્સિલની સદરહુ ભલામણ પરનો નિર્ણય ઉપલબ્ધ થાય તે દરમ્યાનના વચગાળામાં આવી ત્રિવાર્ષિક તપાસ અંગેના રાજ્ય સરકારે ઘડેલા નિયમો લાગુ પાડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોને અને તેનાં કર્મચારીઓ-(શિક્ષકવર્ગ તેમ જ બિનશિક્ષકવર્ગ)ને લગતા કેટલાક આર્થિક પ્રશ્નો અંગે રાજ્ય સરકાર પાસે ઘટતી રજૂઆત કરવા માટે સભાગૃહે તેની તા. ૮–૧–૧૯૭૭ની સભામાં બાબત નં. ૨૨થી જે સમિતિ નીમેલી છે તે સમિતિની રજૂઆત માટે સદરહુ બાબત મોકલવી.

૫૬. માર્ચ-એપ્રિલ, ૧૯૭૭ની પરીક્ષાઓ માટે જે પ્રાશ્નિક–પરીક્ષકોને સેન સમિતિનાં પગારધોરણોનો લાભ મળતો હોય તેવા પરીક્ષકોના મહેનતાણામાંથી ૨૫૦ જેટલા જવાબ-પત્રો તપાસવાની થતી રકમ બાદ કરીને તે રકમ ચૂકવવી એમ એ.કા.એ તેની તા. ૨૦–૮–૧૯૭૭ની સભામાં બાબત નં. ૧૧૯થી ઠરાવ્યું છે તેના સંદર્ભમાં પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષકો, મોડરેટરો, પ્રાશ્નિકો વગેરેના મહેનતાણાનાં બિલોની ચુકવણી અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં બાબત નં. ૫૭ અને ૬૩ની વિચારણા તેની સાથે કરવામાં આવી.

૫૭. Revision of Salary Scale of University and College Teachers Vth Five-Year Plan Scheme of હેઠળ આ સાથેના ગવર્નમેન્ટ જી.આર.નં. એમ.આઈ.એસ. ૧૦૭૫-ખ, તા. ૩૦–૯–૧૯૭૭ મુજબ ઑકટોબર, ૧૯૭૭ અને ત્યાર પછીની પરીક્ષાઓ માટે પરીક્ષાની આવક તથા ખર્ચ બાદ રહે નહિ તે શરતે પરીક્ષણકાર્ય માટે મહેનતાણું આપવાનું નક્કી કર્યું છે તે અંગે વિચારણા કરવા બાબત.

૬૩. યુનિ. પરીક્ષાકાર્યનું સંચાલન સરળતાથી થાય તે હેતુ લક્ષમાં લઈ ગુજરાત સરકારે યુનિવર્સિટીની પરીક્ષાઓમાં કામ કરનાર શિક્ષકોને પુરસ્કાર આપવા અંગેના જી.આર. પર ફેર-વિચારણા કરી છે અને તે જી.આર. નં. એમ.આઇ એસ. ૧૦૭૫-ખ, તા. ૩૦-૯-'૭૭થી સુધારો કરી યુનિવર્સિટી દ્વારા લેવામાં આવનાર ઑક્ટોબર ૧૯૭૭ અને ત્યાર પછીની પરીક્ષાઓમાં તે અંગેની જે તે ફરજો બજાવનાર શિક્ષકોને નીચેની શરતે પુરસ્કાર આપવાનું ઠરાવેલ હોઈ તેને અનુલક્ષીને ઘટતી વિચારણા કરવા બાબત :

> "Government has decided that the examination remuneration may be paid for the examination to be conducted from October 1977 onwards subject to the condition that no assistance will be available to the Universities/Colleges from Government. If there is a gap between examination fee income and expenditure in the examination to be conducted in March/April 1978 onwards."

તે પછી ઠરાવવામાં આવ્યું કે ૧૯૭૭ના માર્ચ-એપ્રિલમાં લેવાયેલી આ યુનિવર્સિટીની પરીક્ષાઓ અંગે સેન સમિતિની ભલામણો મુજબ સુધારેલાં પગારધોરણો જે શિક્ષકોને લાગુ પડતાં હોય તે શિક્ષકોને પરીક્ષાકાર્યના પુરસ્કારરૂપે યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ જે રકમ મળવાપાત્ર થતી હોય તે રકમમાંથી રૂ. ૧૭૫ જેટલી કપાત કરીને (રૂ. ૧૭૫ સુધીનું પરીક્ષાકાર્ય પુરસ્કારને પાત્ર ગણવું નહીં તે ધોરણે) બાકીની રકમની તેમને ચુકવણી કરવી, અને આવી ચુકવણી કરતી વખતે અગાઉ તેમને પુરસ્કાર પેટે જે કોઈ રકમ ચૂકવવામાં આવી હોય તો તે મજરે લેવાનું રાખવું.

ઉપરનો ઠરાવ ગમે તે હોય તો પણ પરીક્ષણકાર્ય કરનાર કોઈ પણ શિક્ષકને કમમાં કમ નીચે મુજબનો પુરસ્કાર આપવાનું રાખવું :

(ક) ૫૦ કે તેથી ઓછી સંખ્યાના વિદ્યાર્થીઓનાં ઉત્તરપત્રો તપાસવા માટે રૂ. ૫૦-૦૦, અને ૫૧થી ઓછા નહીં પણ ૧૦૦થી વધુ નહીં તેટલી સંખ્યાના વિદ્યાર્થીઓનાં ઉત્તરપત્રો તપાસવા માટે ઓછામાં ઓછો પુરસ્કાર રૂ. ૧૦૦-૦૦.

નોંધ.—પરીક્ષાકાર્યમાં ઉત્તરપત્રોનું પરીક્ષણ, મોડરેશન કે અધ્યક્ષ-આહૂવાક તરીકેની કામગીરીનો, આ ઠરાવના હેતુ માટે સમાવેશ થયેલો ગણાશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઑક્ટોબર ૧૯૭૭ અને તે પછીની પરીક્ષાઓ માટે પરીક્ષણ/મોડરેશન/નિરીક્ષણ ઇત્યાદિ પરીક્ષાકાર્ય માટે યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ નિયત દરે પુરસ્કાર આપવાનું ચાલુ રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૭ના અગાઉના વચગાળાના સમય દરમ્યાન કરવામાં આવેલા પરીક્ષણકાર્ય માટે પુરસ્કાર આપવાની બાબતમાં રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવી.

૫૭. સદરહુ બાબતની વિચારણા ઉપર બાબત નં. ૫૬માં કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે કમમાં દર્શાવવામાં આવી છે.

૫૮. જૂન, ૧૯૭૭થી ચાલુ જોડાણની બાબતમાં નીચે જણાવેલ કૉલેજો તરફથી હજુ સુધી બધી શરતોનું યથાર્થ પરિપાલન થયું ન હોવાથી તેઅંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	પરિપાલન થયું હોય તેવી શરતો અંગેની વિગત
૧.	યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ	(૧) પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂ. ૨,૦૦૦ અને ગૌણ વિષય દીઠ રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કર્યાની વિગતો મોકલી નથી. (૨) છેલ્લા મોંઘવારી ભથ્થાનું એરિયર્સ ચૂકવવાનું બાકી છે.
૨.	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	(૧) ગણિત-આંકડાશાસ્ત્ર વિભાગમાં જરૂરી નિમણૂક થયાની જાણ કરી નથી. (૨) વનસ્પતિવિજ્ઞાન મુખ્ય અને જીવવિજ્ઞાન ગૌણ સાથે બી.એસસી. થયેલા શિક્ષકની નિમણૂક કરી જાણ કરી નથી.
૩.	સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સાબરમતી	(૧) ગ્રંથાલય પાછળ કૉલેજે અત્યાર સુધીમાં રૂ. ૭૯,૦૦૦નો ખર્ચ કરવો જરૂરી હતો તેને બદલે કૉલેજે રૂ. ૫૭,૫૮૪-૫૯નો જ ખર્ચ કર્યો છે. (૨) પ્રૉ. ફંડના રૂ. ૮૬,૦૦૦માંથી રૂ. ૧૬,૦૦૦ જમા કરાવ્યા છે. રૂ. ૩૫,૦૦૦ ડિસેમ્બર, ૧૯૭૭ સુધીમાં અને રૂ. ૩૫,૦૦૦ માર્ચ, ૧૯૭૮ સુધીમાં જમા કરાવવા કૉલેજે પરવાનગી માગી છે.
૪.	અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવી નથી.
૫.	શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા	(૧) ગ્રંથાલયમાં કુલ રૂ. ૨૫,૫૭૦-૯૩નો ખર્ચ કર્યો છે. શરતો અનુસાર રૂ. ૨૮,૦૦૦નો ખર્ચ કરવો જરૂરી છે. (૨) શિક્ષકોની લેણી રકમની ચુકવણી અંગે પુછાવ્યું છે પણ પ્રત્યુત્તર નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને જોડાણની બાકી રહેલી શરતોનું યથાર્થ પરિપાલન ત્વરિત કરીને તા. ૩૧-૧૨-૧૯૭૭ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવા માટે જણાવવું.

૫૯. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણમાં ઑર્ડિ. ૧૨૦-એફ્ અન્વયે જૂન ૧૯૭૮ થી બી.એ. (સબૅ.)માં મનોવિજ્ઞાનનું શિક્ષણકાર્ય બંધ કરવા માટે પરવાનગી માંગતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

નોંધ.—(૧) કૉલેજે ઑર્ડિ. ૧૨૦-એફ્ની કંડિકા ૭ અનુસાર આ અંગે વિદ્યાર્થીઓને જણાવવાની જાણ કરી છે; જ્યારે શિક્ષક અંગે સદરહુ વિષયના શિક્ષક અહીંથી છૂટા થઈને વડોદરા હાયર સેકન્ડરી શાળામાં જોડાયા છે તેમ જણાવ્યું છે.

(૨) હાલમાં ચાલુ વિદ્યાર્થીઓ માટે કુ. ડી. એમ. પટેલની નિમણૂક કરી છે. કૉલેજે આપેલ માહિતી પરથી માનસશાસ્ત્ર વિષયનાં છેલ્લાં ત્રણ વર્ષમાં નીચે પ્રમાણે વિદ્યાર્થીસંખ્યા હતી :

વર્ષ	પ્ર. વ. બી.એ.	દ્વિતીય વર્ષ
૧૯૭૪-૭૫	૧૫	૧૦
૧૯૭૫-૭૬	૪	૧૫
૧૯૭૬-૭૭	૫	૪

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી તપાસ કરીને પોતાનો હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ
૨. શ્રી. નરહરિભાઈ પરીખ.

૬૦. માર્ચ-એપ્રિલ ૧૯૭૭ની થર્ડ બી.ડી.એસ.ની પરીક્ષામાં "ઑર્થોડોન્શિયા"ના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને ડૉ. રૂપેશ ગોડિયાવાલા તરફથી ચંદ્રક એનાયત કરવા માટે રૂ. ૩૪૦-૦૦ના પ્રદાનની દરખાસ્ત અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સ્વ. ડૉ. શ્રીમતી હરગંગાબહેન નાતમલાલ વ્યાસ ઉપલેટાવાળા તરફથી ફાઇનલ બી.ડી.એસ.ની પરીક્ષામાં ઑર્થોડોન્શિયા વિષય માટે ચંદ્રક જાહેર થાય છે. પરંતુ તે વિષય ટ્રાન્સફર થયો હોવાથી ૧૯૭૭ માર્ચ-એપ્રિલની પરીક્ષામાં થર્ડ બી.ડી.એસ. તથા ફાઇનલ બી.ડી.એસ. (બંને પરીક્ષામાં) ઑર્થોડોન્શિયાની પરીક્ષા લેવામાં આવેલી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૬૧. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણાની બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હી દ્વારા થયેલી તપાસના હેવાલમાં આપેલ નીચેની નોંધના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

" ..... Insistence must be made on two points : Firstly, on acquiring a separate and sizable site and constructing their own building. The present premises not only not congenial from the point of view of location but also inadequate.

Secondly, the Law Faculty must have its own Principal well qualified in law."

[**નોંધ.**—(અ) ઉપરની બાબતમાં કાયદાની વિદ્યાશાખાના અધ્યક્ષનો અભિપ્રાય માગતાં તેઓએ નીચે પ્રમાણે સૂચવ્યું છે :

૧. બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ જણાવ્યા પ્રમાણે સ્વતંત્ર કૉલેજ તરીકે સ્થાપના કરવી.

૨. યોગ્ય લાયકાતવાળા આચાર્યશ્રીની નિમણૂક કરવી.

(બ) કૉલેજના આચાર્ય બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીને મોકલી આપેલ વક્તવ્યમાં નીચે પ્રમાણે જણાવ્યું છે :

As regards the building of the college we have to submit that we have shifted to another suitable building in good location. Our new building is adequate for our class-rooms and other requirements. We pay nearly Rs. 40,000/- (Forty thousand rupees) as yearly rent. Thus in comparison with old building we pay nearly 150 % Rent and we have acquired better building. We have asked for government free revenue land and we intend to build our own building in near future.

For the second point we submit that our college is Education & Law College and as such there is one Principal for both the faculties. For the separation of faculties, the necessary process is going on at University level, and we shall definitely appoint our own Principal for Law Faculty when it is separated from Education Faculty.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૨. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૬ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૩. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૫૬ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૪. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૮-૧-૧૯૭૭ની સભામાં માન્ય સંસ્થાઓના શિક્ષકોને સેન સમિતિની ભલામણોનો લાભ આપવો અને રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવા અને ડેમોન્સ્ટ્રેટર તથા લેકચરરનાં પગારધોરણો અનુક્રમે ૫૦૦-૯૦૦ તથા ૭૦૦-૧,૩૦૦ કરવા ઠરાવ્યું છે પરંતુ હજુ તેનો અમલ થયો નહીં હોઈ બી. એમ. ઇન્સ્ટિટ્યૂટમાં સ્થાપવામાં આવેલા અનુસ્નાતક કેન્દ્રમાં વ્યાખ્યાનો આપતા શિક્ષકોને મહેનતાણું ચૂકવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માન્ય સંસ્થાઓના શિક્ષકોને સેન સમિતિની ભલામણ મુજબનાં સુધારેલાં પગારધોરણોનો લાભ આપવાનું રાજ્ય સરકારે હજુ સુધી મંજૂર કર્યું નથી તેના ઉપલક્ષમાં સદરહુ માન્ય સંસ્થાઓના શિક્ષકોને અનુસ્નાતક શિક્ષણકાર્ય માટે યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ ચૂકવવાને પાત્ર થતી પુરસ્કારની રકમ ચૂકવી આપવી અને તે મુજબ પુરસ્કાર આપવાનું ભવિષ્યમાં ચાલુ રાખવું.

૬૫. યુનિવર્સિટી ધારાશાસ્ત્ર વિદ્યાભવનમાં સત્રોની વ્યવસ્થા અંગે સદરહુ ભવનના અધ્યક્ષ તરફથી આવેલા તા. ૨૯-૧૦-૧૯૭૭ના પત્રાંક ૬૩૬ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ધારાશાસ્ત્રની વિદ્યાશાખામાં અનુસ્નાતક શિક્ષણ માટે સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરવામાં આવી નથી તે હકીકતને અનુલક્ષીને યુનિવર્સિટીના ધારાશાસ્ત્ર વિદ્યાભવનમાં સત્રો અને વેકેશનની વ્યવસ્થા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોની જેમ જ રાખવી, અને તે બાબત ઑર્ડિનન્સમાં જરૂરી સુધારો કરવા માટેની કાર્યવાહી કરવી

૬૬. ડિસેમ્બર ૨૯થી ૩૧ ૧૯૭૭ના સમયદરમ્યાન "ઑલ-ઇન્ડિયા ઇંગ્લિશ ટીચર્સ" નું ૨૮મું વાર્ષિક અધિવેશન અલીગઢ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા બાબતમાં જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૭. (૧) હરિઓમ્ આશ્રમ પ્રેરિત શ્રી. ગોકુલદાસ ખાભરેડાઈ સંશોધન ઍવોર્ડ અંગે તૈયાર કરવામાં આવેલ નિયમો તથા સૂચવેલા નિર્ણાયક સમિતિના સભ્યોનાં નામોની પૅનલ મંજૂર કરવા બાબત; તથા

(૨) ૧૯૭૭ના વર્ષ માટે સદરહુ ઍવોર્ડ અંગે અરજીઓ મંગાવવાની કાર્યવાહી જાન્યુ. '૭૭માં કરવાની હોય છે પરંતુ તે અંગે વિલંબ થયેલ હોવાથી હવે તે અંગેની તારીખ નક્કી કરવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૮ના વર્ષ માટેના ઍવોર્ડ માટે નિર્ણાયક સમિતિના સભ્યો તરીકે નીચેની વ્યક્તિઓની નિમણૂક કરવી :

રસાયણ	ભૌતિક
૧. ડૉ. સુખદેવ	૧. ડૉ. સુધીર પંડ્યા
૨. ડૉ. સુરેશ શેઠના	૨. ડૉ. એ. આર. પટેલ
૩. ડૉ. આર. ડી. પટેલ	૩. પ્રો. પી. ડી. પાઠક
૪. ડૉ. ડી. જે. મહેતા	૪. ડૉ. એન. આર. પંડ્યા (વડોદરા
૫. ડૉ. આર. ડી. દેસાઈ	૫. ડૉ આર. ડી. દેસાઈ

૬૮. (૧) એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગરમાં નિવૃત્તિ-વયમર્યાદા વટાવી ગયેલ આચાર્ય વાય. ડી. ભાવેની જગ્યાએ ૧૯૭૬-૭૭ના શૈક્ષણિક વર્ષના બીજા સત્રથી નવા આચાર્યની નિમણૂક કરવાને બદલે તા. ૧૨-૭-૧૯૭૭થી નવા આચાર્યશ્રીની નિમણૂક કરવામાં આવી છે તેની નોંધ લેવા બાબત.

(૨) શ્રી પાલનપુર શિશુશાળા, બાલમંદિર એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ, પાલનપુર ડાયરેક્ટરના સદરહુ ટ્રસ્ટ દ્વારા ચાલતી ડી. ડી. ચોકસી કૉલેજ ઑફ એજ્યુકેશન, પાલનપુરને જૂન ૧૯૬૭થી બંધ કરવાની જાણ કરી હતી

પરંતુ હવે કૉલેજોને આપવાના અનુદાન અંગેના રાજ્ય સરકારના તાજેતરમાં થયેલા ઠરાવના સંદર્ભમાં સદરહુ કૉલેજ ચાલુ રાખવાની ઇચ્છા દર્શાવતા તેમ જ તેમનો તા. ૧૧–૫–૧૯૭૭નો પત્ર પાછો ખેંચતા માનદ મંત્રીશ્રીના તા. ૨૬–૯–૧૯૭૭ના પત્રની નોંધ લેવા બાબત.

(૩) એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થી શ્રી. ત્રિવેદી રાજીવ હર્ષદરાયે ૧૯૭૩–૭૪ના નવનિર્માણ વર્ષમાં ફર્સ્ટ બી.એસસી. પરીક્ષાના પરિણામના આધારે પ્રથમ એમ.બી.બી.એસ.ના વર્ગમાં પ્રવેશ ન આપવા સામે એન. એચ. એલ. મ્યુનિ મેડિકલ કૉલેજ સામે ગુજરાત હાઇકોર્ટમાં કરેલ રૂપે. સિવિલ અરજી નં. ૭૫૨/૧૯૭૭ પર આવેલ ચુકાદાની નોંધ લેવા બાબત.

(૪) ભારત સરકારના શિક્ષણ અને સમાજકલ્યાણ વિભાગ તરફથી તેમના તા. ૨૦–૯–૧૯૭૭ના પત્ર ક્રમાંક એફ. ૧૦–૧૮–૭૭ એસવાયથી ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનને વર્ષ ૧૯૭૭–૭૮ માટે "**Organising Regional meetings/seminars under the planning forums scheme**" રૂ. ૧૧,૦૦૦ (રૂપિયા અગિયાર હજાર પૂરા) ની આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

(૫) યુનિવર્સિટી સર્વિસ સેન્ટરમાં અનાજ દળવાની ઘંટી ચાલુ કરવા અંગે કુલપતિશ્રીએ **SAC-PRK Gns-Co-op-Stores Ltd.** ને રૂ. ૫,૦૦૦ (અંકે પાંચ હજાર પૂરા) લોન તરીકે આપવાની મંજૂરી આપી તેની નોંધ માટે.

(૬) યુનિ. માટે ફર્નિચર અને ઇક્વિપમેન્ટ ખરીદવાની જરૂરિયાતને લક્ષમાં લઈને વધારાની બ્લૉક ગ્રાન્ટ રાજ્ય સરકાર પાસેથી મેળવવા માટે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવાનું યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૮–૧–૧૯૭૭ની સભામાં ઠરાવેલ તેના સંદર્ભમાં રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરતા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે તેમના તા. ૨૬–૯–૧૯૭૭ના પત્ર નં ડી. ઓ. યુ. એસ. જી. ૧૧૭૩/કએચ થી જણાવ્યા પ્રમાણે યુનિવર્સિટી વર્ષે રૂ. ૫૦,૦૦૦ (રૂપિયા પચાસ હજાર) સુધીનો ખર્ચ ફર્નિચર અને ઇક્વિપમેન્ટ ખરીદવા અંગે કરી શકશે અને તેથી વધુ ખર્ચ કરવો જરૂરી હોય તો રાજ્ય સરકારને દરખાસ્ત મોકલી મંજૂરી મંગાવવાની રહેશે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતોની નોંધ લેવી.

૬૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેના કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) પીએચ.ડી. પદવી માટે નીચે જણાવેલા વિદ્યાર્થીઓના મહાનિબંધો સ્વીકૃત ગણ્યાના :

Sr. No.	*Name of the candidate*	*Subject/ Faculty*	*Title of the theses*	*Name of the Guide*
1	2	3	4	5
1.	Shri M. H. Bhatt	Chemistry Science	"Synthesis of compounds of Medicinal Interest"	Prin. J. J. Trivedi, M. G. Science Institute, Ahmedabad.
2.	Shri P. Muralikrishna	Physics Science	"Studies in Educ. Equatorial Aeronomy"	Dr. Satya Prakash, P.R.L., Ahmedabad.
3.	Smt. M. K. Patel	Gujarati Arts	"A study of the short stories of Dhumketu & Dwiref."	Dr. C. S. Trivedi, St. Xavier's College, Ahmedabad.
4.	Shri H. C. Naik	Hindi Arts	हिन्दी भाव सापेक्ष्य एवम् यथार्थ सापेक्ष गद्यरूपोंका स्वरूप विकास	Dr. P. C. Sharma, Gujarat College, Ahmedabad–6.
5.	Smt. N. K. Parikh	Physics	Ionospheric electron Densities and their (parities)	Dr. K. M. Kotadia, Gujarat University, Ahmedabad.
6.	Shri V. S. Vaidya	Chemistry Science	Studies in Environmental Pollution	Dr. R. K. Shah, Uni. School of Sciences, Ahmedabad–9.
7.	Shri J. C. Patel	—do—	Studies in Hydraulic conductivity in soils of South Gujarat (including infiltration rates)	—do—
8.	Shri I. G. Ojha	History	Kutch during the period of Mirja Maharav Raighanji Second (B C. 1778–1813)	Dr. R. K. Dharaiya, Uni. School of Social Sciences, Ahmedabad–9.
9.	Shri Rizwan Haq	Physics Science	Application of Distribution Methods to symmetries in Nuclei	Dr. J. C. Parikh P.R.L., Ahmedabad-9

1	2	3	4	5
10.	Shri M. R. Mankad	Chemistry Science	Studies in ground waters (including hydro-geochemical indices for prediction of oil fields)	Dr. R. K. Shah, Uni. School of Sciences, Ahmedabad-9.
11.	Shri J. N. Patel	Botany	Effect of Temperature and retreatment with Ascorbic Acid H_2O_2 of cumin seeds on its growth and Metabolism.	Dr. J. J. Chinoy, University School of Sciences, Ahmedabad-9.

(૨) "શ્રી ચતુરભાઈ ત્રિકમભાઈ પટેલ ટ્રસ્ટ શિષ્યવૃત્તિ" એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કર્યાના;

(૩) યુનિવર્સિટી કેમ્પસમાં ખર્ચના ૫૦ ટકાના ધોરણે બી-ટાઈપ તથા ડી-ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સ માટે સ્ટ્રીટ લાઈટના કામ અંગે કુલપતિશ્રીએ રૂ. ૪,૪૮૭-૫૦ના ખર્ચને મંજૂરી આપ્યાના;

(૪) સેકન્ડરી ટીચર્સ ટ્રેઇનિંગ કૉલેજ, અમદાવાદને શિક્ષકના ૧૨ : ૧ના પ્રમાણ કરતાં ૧ વધુ વિદ્યાર્થીને તેના પિતાની બદલીને કારણે ખાસ કેસ તરીકે પ્રવેશ આપવાની પરવાનગી આપ્યાના;

(૬) એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૭૭ની સભાની બાબત ક્રમાંક ૩૨માં ગુજરાત રાજ્યના શિક્ષણ ખાતાના નોટિફિકેશન ક્રમાંક જીએચ-૧૧૭૫-૧૦૯૦૩૫-ખ ની બીજી લીટીમાં આવતા શબ્દો.....of the Provident Fund Act, 1925 (XIX of 1925)ને બદલે 1975 છપાયું છે તે છાપભૂલ સુધાર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૭૦. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષક/બિનશિક્ષક કર્મચારીઓની સેવાની શરતો, ઇત્યાદિ અંગે ઊભા થતા પ્રશ્નો અંગે વિચારણા કરી હેવાલ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની તા. ૯-૯-૧૯૭૭ અને તા. ૧૫-૯-૧૯૭૭ના રોજ મળેલ સભાઓની ભલામણો પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની નીચેની ભલામણો મંજૂર કરવી :

(૧) શરૂઆતમાં ઉપરોક્ત ફરિયાદ કરનાર શિક્ષક ભાઈશ્રી ઉપાધ્યાય અને કૉલેજના આચાર્યશ્રીની અલગ અલગ રજૂઆતો સાંભળી, શ્રી. ઉપાધ્યાયની માંગણી લેણી નીકળતી પગારની રકમ પૂરતી મર્યાદિત હોઈ રૂબરૂમાં જણાવતાં જે પરત્વે ભલામણ કરવામાં આવી કે શ્રી. આઈ. સી. ઉપાધ્યાયને સને ૧૯૭૬-૭૭ના વર્ષની પગાર સહિતની મળવાપાત્ર રકમ તાત્કાલિક ચૂકવી આપવા કૉલેજને જણાવવું.

(૨) મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદમાં સેવા બજાવતા હિંદી વિષયના વ્યાખ્યાતા શ્રી. નરેશભાઈ ત્રિવેદીની બાબતમાં ઉભયપક્ષે કરેલ રજૂઆત ઉપર વિચારણા કર્યા પછી આ બાબત હવે પછીની સભા સમક્ષ રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

(૩) આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. એમ. એમ. ચાવડાને નીચલી પાયરી પર ઉતારવાનું કૉલેજનું પગલું યુનિવર્સિટી ધારાની કલમ ૫૧-એ નો ભંગ કરનાર હોવાથી તેમ જ તે અનુસારની કાર્યવાહી આ બાબતમાં થઈ ન હોવાથી શ્રી. એમ. એમ. ચાવડાને સેવાનું સાતત્ય જળવાય તે રીતે ચાલુ રાખીને તેની જાણ કરવા કૉલેજને જણાવવું.

(૫) આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં કામ કરતા બિનશિક્ષક કર્મચારીગણને સને ૧૯૭૭ના વર્ષથી બાર (૧૨) આકસ્મિક-કેજ્યુઅલ રજાને બદલે ૧૫ (પંદર) આકસ્મિક-કેજ્યુઅલ રજાઓ આપવા માટે કૉલેજને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની નીચેની ભલામણો સ્વીકારવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી અને રાજ્ય સરકારની મંજૂરી મળ્યેથી તેનો અમલ કરવાનું રાખવું :

(૪) આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સંલગ્ન વિજ્ઞાનની કૉલેજોમાં કામ કરતા લેબોરેટરી મિકેનિક-કમ-મિસ્ત્રીને રૂ. ૩૫૦-૧૨-૪૧૦ ઈ.બી. ૧૨-૪૭૦ ઈ.બી. ૧૫-૫૬૦નું પગારધોરણ નિયત કરવામાં આવે તેમ જ સદરહુ પગાર-ધોરણનો અમલ તા. ૧-૫-૧૯૭૩થી કરવામાં આવે.

(૬) આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલનું પગારધોરણ રૂ. ૫૫૦-૨૫-૭૦૦-ઈ.બી. ૨૫-૭૫૦-૩૦-૯૦૦ પ્રમાણે સુધારવું તથા તેનો અમલ તા. ૧-૫-૧૯૭૩ થી કરવા માટે કૉલેજોને જણાવવું.

ગ્રંથપાલનું સદરહુ સુધારેલું પગારધોરણ આર્થિક સહાયને પાત્ર બને તેવી જોગવાઈ કરવા રાજ્ય સરકારને વિનંતી કરવી.

૭૧. સંલગ્ન કૉલેજોના શિક્ષકો અંગેની નીચે પ્રમાણેની યાદીઓની નોંધ લેવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજોના માન્ય થયેલા શિક્ષકોની યાદી

(૨) આ અગાઉ માન્ય થયેલા શિક્ષકો જેઓ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી સંલગ્ન કૉલેજમાં જોડાયા છે તેની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.

૭૨. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદના આચાર્ય તરફથી બી.એ.-(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી વિદ્યાર્થીઓને એક વધુ વૈકલ્પિક વિષયની સુવિધા પ્રાપ્ત થતી હોઈ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૧) અન્વયે તે પર વિચારણા કરવા કુલપતિશ્રીએ ભલામણ કરેલી હોઈ સદરહુ અરજી પર વિચારણા કરવા બાબત;

અને

૭૩. શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોરલીના આચાર્ય તરફથી જૂન ૧૯૭૮થી બી.એ.(સબો.)માં સંસ્કૃતનો વિષય શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી વિદ્યાર્થીઓને એક વધુ વૈકલ્પિક વિષયની સુવિધા મળતી હોઈ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૧) અન્વયે તે પર વિચારણા કરવા કુલપતિશ્રીએ ભલામણ કરેલી હોઈ સદરહુ અરજી પર વિચારણા કરવા બાબત;

અને

૭૪. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૮થી બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ અને બી.એ.(સબો.)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી વિદ્યાર્થીઓને વધુ વૈકલ્પિક વિષયોની સુવિધા મળતી હોઈ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ (૧) અન્વયે તે પર વિચારણા કરવા કુલપતિશ્રીએ ભલામણ કરેલ હોઈ સદરહુ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જોડાણઅરજીઓ સ્વીકારવી અને તે બાબતમાં જરૂરી સ્થાનિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૫. ઑક્ટોબર ૧૯૭૭ની એમ.ડી. બ્રાંચ-૩ પરીક્ષામાં પરીક્ષક તરીકે ડૉ. એમ. આર. પરીખની નિમણૂક કરી ન હોવાથી તેમણે ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સિવિલ એપ્લિકેશન/રિટ અરજી દાખલ કરેલ હોઈ તે અંગે યુનિવર્સિટી તરફથી વકીલ તરીકે શ્રી. સુરેશભાઈ નાનુભાઈ શેલતને રોકવા અંગે તેમ જ આ રિટ અંગે થનાર ખર્ચ કરવાની મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૭૬. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદે સંસ્કૃત, ઇતિહાસ અને અર્થશાસ્ત્રના એક એક શિક્ષકને ૧૬ તાસ અને ૫ ટ્યુટોરિયલ્સનો કાર્યભાર સોંપ્યો છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—ઑ. ૧૨૦-એ માં ૧૬ તાસ અને ૪ ટ્યુટોરિયલ્સનો કાર્યભાર સોંપવા અંગે જોગવાઈ છે પરંતુ ૧૬ તાસ અને ૫ ટ્યુટોરિયલ્સનો કાર્યભાર આપી શકાય નહીં.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની વિનંતી આ સત્ર પૂરતી માન્ય રાખવી.

૭૭. વિનયન વિદ્યાશાખામાં પ્રાયોગિક કાર્યનો સમાવેશ થતા વિષયો જેવા કે ગૃહવિજ્ઞાન, ભૂગોળ તથા મનોવિજ્ઞાન ઇત્યાદિ માટે પ્રયોગશાળા ફી નિયત કરવા બાબતમાં એકિઝક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦–૮–૧૯૭૭ની સભામાં નીમેલી સમિતિની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) અનુસ્નાતક કક્ષાએ હાલ ઑ. ૧૫૧–સી. પ્રમાણે લેબોરેટરી ફી લેવામાં આવે છે તે મુજબ ફી લેવાનું ચાલુ રાખવું.

(૨) સ્નાતક કક્ષાએ મુખ્ય વિષય તરીકે શીખવાતા ગૃહવિજ્ઞાન અને ભૂગોળ વિષય માટે રાજ્ય સરકારના પરિપત્ર મુજબ જે રૂ. ૫૦-૦૦ પ્રયોગશાળા ફી લેવા જણાવેલું છે તે મુજબ પ્રયોગશાળા ફી રાખવી.

(૩) મોટાભાગની કૉલેજોમાં મનોવિજ્ઞાન ગૌણ વિષય તરીકે શીખવાતો હોઈ તે વિષય માટે પ્રયોગશાળા માટેની કોઈ ફી રાખવા સમિતિ ભલામણ કરી શકતી નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો બહુમતીથી સ્વીકારવી.

૭૮. ૧૯૭૭ના નવેમ્બરમાં ગુજરાત એતીવાડી યુનિવર્સિટી "Integrated Rual Development with special reference to Kutch District પર બે દિવસનો પરિસંવાદ યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૭૯. ડિસેમ્બર, ૧૯૭૭ના સમય દરમિયાન ન્યૂ દિલ્હી મુકામે યોજાનાર International statistics Instituteના અધિવેશનમાં વિજ્ઞાન વિદ્યાભવનના પ્રા. સી. જી. ખત્રીને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા અંગે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૦. નવેમ્બર ૧૯૭૭ના સમય દરમ્યાન The Numismatic Society of Indiaનું ૬૫મું વાર્ષિક અધિવેશન "શિલોંગ" મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

તે પછી કુલપતિશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૮૧. શ્રી. એમ. એમ. મારોલની પ્રથમ એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં વધુ એક ટ્રાયલ આપવાની વિનંતી પર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે ઑર્ડિ. એમ.બી.બી.એસ.-૯ની જોગવાઈઓ સ્પષ્ટ હોઈ વધુ એક "ટ્રાયલ" આપવા માટેની શ્રી. મારોલની વિનંતી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી તેમ તેમને જણાવવું.

૮૨. યુનિવર્સિટીની એમ.એ.ની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થી શ્રી. એફ્. કે. પાવરીનો દેહવિલય થયેલો હોઈ તેમના હસ્તાક્ષર પોતાની પાસે, પોતાના એકના એક પુત્રની યાદગીરી રૂપે પોતાની પાસે રાખી શકાય તે માટે સ્વ. શ્રી. એફ્. કે. પાવરીના ઉત્તરપત્રો પોતાને આપવા માટે શ્રી. કે. એસ. પાવરીએ કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્વ. શ્રી. એફ્. કે. પાવરીના મૂલ્યાંકનવિહીન ઉત્તરપત્રનું એક પાન સ્મરણચિહ્ન તરીકે નમૂના રૂપે આપવું.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ./૯૭૨૩૩/૧૯૭૭.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
નવેંબર ૨૧, ૧૯૭૭.

કં. ચં. પરીખ
કુલસચિવ

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૩૦

સંલગ્ન કૉલેજોના ખંડ સમયના અધ્યાપકોના પગારધોરણ, પી.એફ., એચ.આર.એ. ઇત્યાદિ અંગે વિચારણા કરીને અહેવાલ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦-૮-૧૯૭૭ની સભામાં નીમેલી સમિતિની સભા તા. ૭-૯-૧૯૭૭ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. તેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. આચાર્ય કે. એન. શાહ	હાજર
૨. આચાર્ય એમ. સી. શાહ	હાજર
૩. આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર
૪. પ્રા. કે. એસ. શાસ્ત્રી	હાજર
૫. ડૉ. પી. પી. મહેતા	ગેરહાજર

સભાગૃહની સંમતિથી સભાનું પ્રમુખસ્થાન આચાર્ય કે. એન. શાહે સંભાળ્યું હતું.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના ખંડ સમયના શિક્ષકોના પગાર, પી.એફ. ઇત્યાદિની બાબતમાં ખંડ સમયના શિક્ષકોની સેવાઓ આ સાથેના Appendix 'A' મુજબ વંચાય તેમ સુધારવામાં આવે.

(૨) સુધારેલાં પગારધોરણો સરકારશ્રી પાસેથી માન્ય કરાવવા કાર્યવાહી કરવી તથા તેને રાજ્ય સરકાર તરફથી મંજૂરી મળ્યેથી સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓને અમલ કરવા જણાવવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. દ. ત્રિવેદી
કુલસચિવ વતી

* * *

APPENDIX 'A'

Terms and Conditions of Service of Part-Time Teachers in the Affiliated Colleges and Recognised Institutions

The following shall be the terms and conditions of service of part-time teachers in affiliated colleges and recognised institutions :

1. (*a*) The minimum remuneration payable to part-time teachers engaged exclusively in the teaching profession shall be as follows :

Tutor, Demonstrator : Rs. 250—10—350—12½—450 Plus Allowaces
Lecturer : Rs. 350—20—550—25 —800 Plus Allowances.

The part-time teachers working at two colleges will be subject to the service conditions including those laid down in G.R. No. MIS-1075-4947-KH dated 23-11-1976.

(*b*) The minimum remuneration payable to part-time teachers who are also engaged in a profession other than the teaching one shall be as follows :

Lecturer : (*a*) doing work for not more than six periods per week .. Rs. 250
(*b*) doing work for seven periods or more per week .. Rs. 300

Those who work in Arts / Science and Commerce Colleges under this catagory shall be paid Rs. 50 more in those colleges only.

2. Subject to the under mentioned provision, a part-time teacher in an affiliated college or in a recognised institution who cases to be a part-time teacher shall be paid the vacation salaries in accordance with the following :

(*a*) If he has served for the major part* of the whole academic year** he shall be paid three months' emoluments as vacation salary.

(*b*) If he has served for the major part* in any of terms he shall be paid one month's emoluments as vacation salary.

3. Maximum teaching load of a part-time teacher shall be as prescribed under O. 120-A in force from time to time.

---

* Major part means more than one half.

** Academic year means the period between 15th June of year and the 14th June of the following year and inclusive of Diwali and Summer Vacations.

4. No person appointed as a part-time teacher in an affiliated college or recognised institution shall be required to put in more than two years' service as a probationer before he is confirmed.

5. Part-time teachers in an affiliated college or a recognised institution who have been confirmed shall be entitled to the benefit of provident fund as per rules that may be framed by the University from time to time provided that this benefit may not be extended to the part-time teachers working in a Government college.

6. Every part-time teacher while being appointed shall be issued an appointment order, the terms and conditions of which shall not be repugnant to those prescribed by the University from time to time.

7. Leave rules shall be so framed as would provide for the following minimum leave which every part-time permanent teacher shall be entitled to, with a clear understanding that no leave can be claimed as a matter of right :

(*a*) A part-time teacher shall be entitled only to casual leave of 7 days in the aggregate in a year but for not more than five days at a time provided that he shall not be entitled to have such casual leave prefixed and suffixed to Sunday and / or holidays and / or a vacation.

(*b*) A part-time teacher in addition to the casual leave shall be entitled to sick leave on production of a medical certificate for 7 days on full average pay or 15 days on half average pay in a year which can be accumulated upto 45 days.

(*c*) A female employee being a part-time teacher in the permanent employment of a college shall be entitled to maternity leave for a period of three months from the date of the commencement of leave or six weeks from the date of confinement, whichever is earlier on half average pay provided that only one month's leave shall be admissible in the case of a miscarriage.

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૩૩

મનોવિજ્ઞાન વિદ્યાભવનના વર્ષ ૧૯૭૫–૭૬ના બીજા સત્રનાં ખોવાઈ ગયેલાં હાજરીપત્રકો તથા વિદ્યાર્થીઓની ફરિયાદ તથા માર્ચ ૧૯૭૬ની કોર્ટની સભામાં, યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં જુદા જુદા વિભાગોમાં અધ્યાપકોએ કરેલા શિક્ષણકાર્ય અંગે પ્રશ્નો પૂછવાની નોટિસ આપવામાં આવી હતી તેના ઉત્તરમાં જે માહિતી આવી તે જોઈતપાસી યથાતથ શી હકીકત છે તે જોઈતપાસી અહેવાલ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તા. ૨૯–૫–૧૯૭૬ની સભાએ નીમેલી સમિતિની એક સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં બુધવાર, તા. ૧૪–૯–૧૯૭૭ના રોજ બપોરના ૩–૩૦ કલાકે મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. આચાર્યશ્રી એમ. સી. શાહ	હાજર
૨. આચાર્યશ્રી દર્શનસીંગ શીખ	હાજર
૩. પ્રો. વી. સી. શાહ	હાજર
૪. ડૉ. જે. એન. પટેલ	ગેરહાજર

સભાનું પ્રમુખસ્થાન આચાર્યશ્રી એમ. સી. શાહે લીધું હતું.

તા. ૯–૯–૧૯૭૬ના રોજ મળેલી સમિતિની સભામાં નક્કી થયા મુજબ ઉપરના સભ્યોની સમિતિ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાનનાં વિદ્યાભવનોની મુલાકાતે તા. ૧૫–૯–૧૯૭૬ના રોજ ગઈ હતી અને તે સમયે આચાર્યશ્રી એમ. સી. શાહ અને ડૉ. જે. એન. પટેલ ગયા હતા.

ઉપરની સમિતિએ તા. ૧૫–૯–૧૯૭૬ના રોજ મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાનના વિદ્યાભવનની મુલાકાત લઈને રૂબરૂ તપાસ કરી હતી. ડૉ. ભોપટકરની પાસેથી તથા ભવનના અધ્યક્ષ પાસેથી હકીકત મેળવી હતી અને પૂરેપૂરી તપાસ કરી હતી તે તપાસનો અહેવાલ આચાર્યશ્રી એમ. સી. શાહે ઉપર્યુક્ત સમિતિના અન્ય સભ્યોને આપ્યો હતો.

આ સમિતિ એ તારણ પર આવી છે કે,

(૧) ભવનમાં ખોવાયેલાં હાજરીપત્રકો એ એક આકસ્મિક બનાવ બન્યો હોય તેમ જણાય છે અને તેથી તે અંગે હવે કાંઈ કરવા જેવું જણાતું નથી. આમ છતાં આ હકીકત ગંભીર હોઈ ભવિષ્યમાં આ અને આવા ઉપયોગી દસ્તાવેજો પૂરી ચોકસાઈથી રાખવામાં આવે તેમ ડિપાર્ટમેન્ટને જણાવવું જોઈએ.

(૨) વિદ્યાર્થીઓને, ભવનના કેટલાક શિક્ષકોએ આપેલી ધમકી અંગે ખાસ તથ્ય જણાયું નથી.

(૩) યુનિવર્સિટી કોર્ટની માર્ચ ૧૯૭૬ની સભામાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં શિક્ષકોએ કરેલ શિક્ષણકાર્ય અંગે જે પ્રશ્નો પૂછેલા તે અંગે કાંઈ કરવાની જરૂર હવે રહેતી નથી.

ઉપરની હકીકતે હવે આ પ્રશ્ન અંગે કાંઈ કરવાનું રહેતું નથી એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામ પૂરું થયું હતું.

એસ. વી. શાસ્ત્રી
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૩૬

સંલગ્ન કૉલેજોના શિક્ષકોના પ્રૉવિડંટ ફંડનાં નાણાંના રોકાણ અંગે ગ્રાન્ટ-ઇન-એઈડના નિયમોમાં સૂચિત સુધારો કરી પ્રૉવિડંટ ફંડનાં નાણાંનું રોકાણ નીચે પ્રમાણે કરવાની બાબતમાં શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય તરફથી આવેલ તા. ૨૫-૪-૧૯૭૭ના પત્રાંક એનજીસી.-૧૩૭-સી ૨૬૫-ખથી યુનિવર્સિટીનું મંતવ્ય મંગાવવામાં આવ્યું હતું તે પર એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૪-૬-૧૯૭૭ની સભામાં નીમેલી સમિતિ તારીખ ૨૬-૯-૧૯૭૭ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી :

(*i*) The college shall invest Provident Fund balances in (*a*) Post Office Savings Bank and Small Savings Certificates, (*b*) Government and other Trustee securities, (*c*) Co-operative banks approved by the Registrar of Co-operative Societies.

(*ii*) 30% of the Provident Fund amounts (including the contributory part of the management) shall be invested in National Savings Certificates and Post Office Time Deposit.

(*iii*) The amount shall not be withdrawn for any purpose other than for repayment of the deposited amount of retirement, resignation, death etc. or for granting advances from the funds to the employees, as per the rules framed by the University.

સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. આચાર્ય એમ. સી. શાહ	હાજર
૨. આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર
૩. આચાર્ય ખી. એમ. પીરજાદા	ગેરહાજર

સભાનું પ્રમુખસ્થાન આચાર્ય ડી. ડી. દેસાઈએ સંભાળ્યું હતું.

ચર્ચાવિચારણાને અંતે એક્ઝિકયુટિવ કાઉન્સિલને નીચે મુજબ ભલામણ કરવાનું ઠરાવ્યું હતું :

૧. શિક્ષણ વિભાગનો પત્ર તપાસતાં એમ લાગે છે કે ૧૯૨૫ના પ્રૉવિડંટ ફંડના કાયદામાં નાણાં રોકવા અંગેની જે જોગવાઈ છે તે રાખવી જોઈએ અને (*i*)માં યુ. યુ. ઍકટની કલમ ૫૩-અ મુજબ "(d) Scheduled Bank/ Nationalised Bank"માં પણ નાણાં રોકવા અંગેની જોગવાઈ ઉમેરવી જોઈએ એવી ભલામણ છે.

૨. ગુ. યુનિ.એ જે પ્રોવિડંટ ફંડના નિયમો કૉલેજોને પરિપત્રિત કર્યા છે તે જે કૉલેજો/સંસ્થાએ માન્ય કર્યા હોય અને અપનાવ્યા હોય તે અંગેનું ઑથેન્ટિકેશન સર્ટિફિકેટ ગુ. યુનિ.એ આપવું અને તે અંગે સદરહુ પ્રોવિડંટ ફંડ, ૧૯૨૫ના કાયદા મુજબ માન્ય કરવામાં આવે અને ગેઝેટમાં તે અંગેની જાહેરાત સરકાર કરે તે માટે જરૂરી કાર્યવાહી કરવા ગુ. યુનિ.ને ભલામણ છે. દરેક કૉલેજ–સંસ્થાને પ્રૉવિડંટ ફંડ, ૧૯૨૫ના કાયદા હેઠળ માન્યતા મેળવવા ફરજિયાત કાર્ય કરવું જોઈએ જેથી દરેક કર્મચારીને તેનો લાભ મળે.

૩. જ્યાં ટ્રસ્ટીઓ નિમાયા હોય અને ગુ. યુનિ.ના પ્રૉવિડંટ ફંડના નિયમો પ્રમાણે નાણાં રોકાયાં હોય તેને તે કાર્યને માન્ય કરાવવા સરકારશ્રી સાથે યોગ્ય કરવા યુનિવર્સિટીને ભલામણ છે.

૪. જે સંસ્થા એક કરતાં વધુ કૉલેજો ચલાવતી હોય અને તે બધી કૉલેજોનું એક કેન્દ્રીય પ્રૉવિડંટ ફંડ અને ટ્રસ્ટીઓ હોય તેમ જ જે નિયમ મુજબ હોય અને વર્તુળ હોય તો તેને પણ માન્ય કરવા અને કરાવવા ભલામણ છે.

મ. દ. ત્રિવેદી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૪૮

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૭-૧૦-૧૯૭૭ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. નવનીતલાલ શોધન	ગેરહાજર
૩.	શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર
૪.	શ્રી. આર. સી. સોનપાલ	હાજર
૫.	શ્રી. કિશોર સંઘાણી	ગેરહાજર
૬.	શ્રી. એચ. એન. શાહ	હાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૧૪-૯-૧૯૭૭ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત :

બાંધકામ સમિતિની તા. ૧૪-૯-૧૯૭૭ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સ્કૂલ ઑફ કૉમર્સના મકાન-બાંધકામમાં પહેલે માળે પાછળના ભાગમાં બે રૂમોનું બાંધકામ હાલના કૉન્ટ્રાક્ટરના ટેન્ડર ભાવથી કરાવી લેવા વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—૧. આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૬૫,૦૦૦ જેટલું થશે.
૨. આથી મકાનનું કુલ ખર્ચ રૂ. ૬,૩૨,૦૦૦ જેટલું થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સ્કૂલ ઑફ કૉમર્સના મકાન-બાંધકામમાં પહેલે માળે પાછળના ભાગમાં બે રૂમોનું બાંધકામ હાલના કૉન્ટ્રાક્ટર મે. બી. પટેલ ઍન્ડ કંપનીના ટેન્ડર ભાવથી કરાવવા અને તે અંગે રૂ. ૬૫,૦૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. યુનિવર્સિટી કૅમ્પસમાં બાંધવામાં આવનાર માધ્યકોળાયેલોજી ડિપાર્ટમેન્ટના બાંધકામ માટે આવેલાં ટેન્ડરો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૅમ્પસમાં બાંધવામાં આવનાર માધ્યકોળાયેલોજી ડિપાર્ટમેન્ટના બાંધકામ માટે આવેલાં નવ ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. વાદી ઍન્ડ પટવાનું રૂ. ૨,૭૩,૪૬૭-૭૦ (રૂ. ૨,૯૦,૯૨૩ બાદ ૬ ટકા દરેક આઈટમમાંથી)ની રકમનું ટેન્ડર મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટી કૅમ્પસમાં બાંધવામાં આવનાર ટેક્ષટાઈલ કેમિસ્ટ્રીના બાંધકામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ટેક્ષટાઈલ કેમિસ્ટ્રીના મકાનના બાંધકામ માટે આવેલાં નવ ટેન્ડરોમાંથી સાથી ઓછા ભાવ ભરનાર પેઢી મે. વાદી ઍન્ડ પટવાનું રૂપિયા ૫,૫૮,૪૦૭ (રૂ. ૫,૯૪,૦૫૦ બાદ ૬ ટકા પ્રત્યેક આઈટમમાંથી)ની રકમનું ટેન્ડર મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટી કૅમ્પસમાં બાંધવામાં આવનાર વિદ્યાર્થીઓના છાત્રાલયનાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉય્ઝ હૉસ્ટેલના બાંધકામ માટે આવેલાં આઠ ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ભરનાર પેઢી મેસર્સ ન્યૂ કન્સ્ટ્રકશન કંપનીનું રૂ. ૫,૪૯,૨૫૮-૯૨ (રૂ. ૫,૭૫,૪૪૧ બાદ ૪·૫૫ ટકા પ્રત્યેક આઇટેમમાંથી ટેન્ડર મુજબ) ટેન્ડર મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. યુનિવર્સિટી કૅમ્પસમાં બાંધવામાં આવનાર બાલભવનના બાંધકામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૅમ્પસમાં બાંધવામાં આવનાર બાલભવનના બાંધકામ માટે આવેલાં સાત ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ભરનાર પેઢી મે. જય એન્ટરપ્રાઇસીસનું રૂ. ૫૧,૫૫૫-૮૮ (રૂ. ૫૬,૦૩૯ બાદ ટેન્ડર મુજબ પ્રત્યેક આઇટેમમાંથી આઠ ટકા)નું ટેન્ડર સદરહુ ટેન્ડરની શરતો મુજબ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. સેન્ટર ફૉર મૅનેજમેન્ટના મકાનમાં પહેલા માળે વધારાના ચાર કલાસરૂમનું બાંધકામ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટર ફૉર મૅનેજમેન્ટના મકાનમાં પહેલે માળે વધારાના ચાર રૂમનું બાંધકામ હાલના ચાલુ કૉન્ટ્રાકટર મે. કનડા એન્જિનિયરિંગ કંપની પાસેથી તેઓના ટેન્ડરના ભાવે કરાવવા અને તેનો રૂ. ૬૫,૦૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

કુલપતિશ્રી તરફથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૮. ઇન્ડસ્ટ્રિયલ ઍનાલિટિકલ લેબોરેટરીના મકાનમાં બહાર સૅન્ડ-ફેઇસ પ્લાસ્ટર કરવા અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે કંત્રાટી મે. મોના ઍસોસિયેટ્સનો મોરબી બ્રિક ફેઇસની આઇટેમનો ટેન્ડર ભાવ વધારે હોવાથી તે આઇટેમ રદ કરવી અને ખર્ચમાં બચાવના હેતુથી આખા જ મકાનનું બહારની બાજુએ સૅન્ડ-ફેઇસ પ્લાસ્ટર કરવાનું રાખવું.

નોંધ.—બહારની બાજુના સૅન્ડ-ફેઇસ પ્લાસ્ટરનો ભાવ રૂ. ૧૨/- ચોરસ મીટરનો છે તે વાજબી છે.

દીપક મુતરિયા,
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ—૩૮૦૦૦૯.

બાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની ડિસેમ્બર માસની સભા, શનિવાર, તા. ૧૦–૧૨–૧૯૭૭ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખ-સ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૦–૧૨–૧૯૭૭
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	ડૉ. મહેન્દ્ર નાનુભાઈ દેસાઈ	હાજર
૪.	શ્રી. પ્રફુલ્લચન્દ્ર ચંદુલાલ શાહ	હાજર
૫.	શ્રી. રજનીકાન્ત વિઠ્ઠલભાઈ પટેલ	હાજર
૬.	શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર
૭.	પ્રો. દેવવ્રત નાનુભાઈ પાઠક	હાજર
૮.	ડૉ. વિનોદકાન્ત ચૂનીલાલ શાહ	હાજર
૯.	આચાર્ય સંતપ્રસાદ રણછોડલાલ ભટ્ટ	હાજર
૧૦.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર
૧૧.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૨.	શ્રી. નરહરિ મૂળજીભાઈ પરીખ	હાજર
૧૩.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૪.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૫.	શ્રી. રમેશચન્દ્ર મણિલાલ શાહ	હાજર
૧૬.	આચાર્ય ડી. ડી. દેસાઈ	હાજર
૧૭.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૧૮.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ શાહ	હાજર
૧૯.	શ્રી. મણિભાઈ ગોરધનભાઈ ભટ્ટ	હાજર
૨૦.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર.

૧. તા. ૨૨-૧૦-૧૯૭૭ના રોજ એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૨-૧૦-૧૯૭૭ના રોજ મળેલી એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા (જે તા. ૬-૧૨-૧૯૭૭ના રોજ પરિપત્રિત કરવામાં આવ્યા હતા) સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

પૃષ્ઠ	બાબત ક્રમાંક	સુધારો
૧	હાજરી	'આચાર્ય ડી. ડી. દેસાઈ અને આચાર્ય બી. એમ. પીરજાદા'ને હાજર રહેલા વાંચવું.
૮ અને ૯	૨૪ અને ૨૫	ઠરાવમાં 'તા. ૧૫-૧-૧૯૭૭'ને બદલે 'તા. ૧૫-૬-૧૯૭૭' વાંચવું.
૧૧	૩૧	ઠરાવમાં 'તા. ૮-૧-૧૯૭૭ની સભામાં બાબત નં. ૨૨'ને બદલે 'તા. ૨૦-૮-૧૯૭૭ની સભામાં બાબત નં. ૧૧૩' વાંચવું.
૧૧	૩૨	ઠરાવમાં 'સમિતિના સભ્યોમાં પ્રા. ડી. એન. પાઠકનુ નામ ક્રમાંક ૮થી ઉમેરવું.
૧૩	૩૭	ઠરાવમાં 'તા. ૮-૧-૧૯૭૭ની સભામાં બાબત નં. ૨૨'ને બદલે 'તા. ૨૦-૮-૧૯૭૭ની સભામાં બાબત નં. ૧૧૩' વાંચવું.
૧૭	૪૯	ઠરાવમાં 'તા. ૮-૧-૧૯૭૭ની સભામાં બાબત નં. ૨૨'ને બદલે 'તા. ૨૦-૮-૧૯૭૭ની સભામાં બાબત નં. ૧૧૩' વાંચવું.
૧૯	૫૧	ઠરાવમાં 'તા. ૮-૧-૧૯૭૭ની સભામાં બાબત નં. ૨૨'ને બદલે 'તા. ૨૦-૮-૧૯૭૭ની સભામાં બાબત નં. ૧૧૩' વાંચવું.

૨. બોર્ડ ઑફ એકાઉન્ટ સના સભ્યપદની મુદત બે વર્ષની રાખવા માટે સંબંધકર્તા સ્ટેટયૂટમાં જરૂરી સુધારો કરવાનું એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧૭-૯-૧૯૭૭ની સભામાં બાબત ક્રમાંક ૧૭ થી ઠરાવ્યું હોઈ હાલના સ્ટે. ૧૨૯-એમાં નીચે પ્રમાણે સુધારો કરવા માટે વિચારણા કરવા બાબત :

હાલનો સ્ટે. ૧૨૯ (a)	સૂચિત સ્ટે. ૧૨૯ (a)
The members of the Board shall hold office for a period of twelve months immediately following their election.	The members of the Board shall hold office for a period of two years immediately following their election.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૨૯-એ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

૩. ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓએ પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ) કઢાવ્યું નહીં હોવાથી મજકૂર પ્રમાણપત્ર કઢાવવા માટેની મુદત લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન બહારગામથી આવેલા જે વિદ્યાર્થીઓએ પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર હજી સુધી કઢાવ્યું હોય નહીં તેમને તે કઢાવવાની મુદત તા. ૩૧મી માર્ચ ૧૯૭૮ સુધી લંબાવી આપવી.

૪. સૈફી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, સિદ્ધપુરને ૧૯૭૭-૭૮ના શૈક્ષણિક વર્ષના બીજા સત્રથી કૉલેજનો સમય સવારનો કરવા માટે પરવાનગી આપવા સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૧૭-૧૦-૧૯૭૭ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ચાલુ શૈક્ષણિક વર્ષના બીજા સત્રથી પોતાના શિક્ષણકાર્યનો સમય સવારે રાખવા માટે મંજૂરી આપવી.

૫. વિવેકાનંદ પૉલિક્લિનિક નર્સિંગ હોમ, અમદાવાદને ઑર્ડિ. એમ.બી., બી.એસ. ૧૮ અને ૧૯ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા માટેની સદરહુ સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. ડૉ. એમ. એસ. કાન્વિન્દે
૨. ડીન, બી. જે. મેડિકલ કૉલેજ

૬. એસ. ડી. શેઠિયા એજ્યુકેશન કૉલેજ, મુંદ્રાને ઇતિહાસના ટ્યૂટર નહીં મળતા હોવાથી શ્રી. એસ. એ. વૈદ્ય જેઓ નિવૃત્ત શિક્ષક છે તેમની સેવાઓ બીજા સત્ર પૂરતી ચાલુ રાખવા દેવાની પરવાનગી આપવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની ઉપરની વિનંતી મંજૂર કરવી નહીં.

૭. શ્રીમતી આર. ડી. શાહ એન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકામાં શૈક્ષણિક કાર્ય કરી ગયેલ શ્રી. જે. આર. પટેલની સેવાઓનું સાતત્ય જળવાય તે રીતે નોકરીમાં પાછા લેવા અંગેની બાબતમાં ધોળકા એજ્યુકેશન સોસાયટી, ધોળકાની કારોબારીએ નીચેનો ઠરાવ કર્યો છે તો તે પરત્વે વિચારણા કરવા બાબત :

"આ સંસ્થાના માજી વ્યાખ્યાતા શ્રી. જે. આર. પટેલ સંબંધમાં ગુજરાત યુનિવર્સિટીના કુલસચિવશ્રીની સહીથી તા. ૧૯-૭-૧૯૭૭ના રોજ પત્ર ક્રમાંક એકેડેમિક ૬૬૧૪૫-૧૯૭૭ આપણી કૉલેજને મોકલવામાં આવેલો છે તે પત્ર આ સભા સમક્ષ વાંચવામાં આવ્યો. શ્રી. પટેલ આ સંસ્થામાં તા. ૧૫-૬-૧૯૭૫ના રોજ પૂરા સમયના વ્યાખ્યાતા તરીકે નોકરીમાં દાખલ

થયા હતા અને તા. ૧૪-૬-૧૯૭૬ સુધી તે સ્થાને ચાલુ રહ્યા હતા. ત્યાર બાદ સંખ્યા ઓછી થતાં તા. ૧૫-૬-૧૯૭૬થી તેઓએ ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે તા. ૨૨-૮-૧૯૭૬ સુધી કામ કર્યું. ત્યારબાદ તા. ૨૩-૮-૧૯૭૬થી કૉલેજમાં તાસ વધવાને કારણે તેઓને ફરીથી પૂર્ણ સમયના વ્યાખ્યાતા બનાવવામાં આવ્યા અને ત્યારબાદ ૧૦+૨+૩ ને કારણે તેઓ ફાજલ અધ્યાપકોની યાદીમાં આવતાં તેઓની નિમણૂક શેઠ હસનઅલી હાઈસ્કૂલમાં તા. ૧૫-૬-૧૯૭૭થી થઈ છે અને તેમને અંચથી તા. ૧૪-૬-૧૯૭૭ સાંજેથી છૂટા કરેલા છે.

શ્રી. પટેલે ગુજરાત યુનિવર્સિટીને પોતાની નોકરીનું સાતત્ય મેળવવા અરજી કરેલી જે મુજબ યુનિવર્સિટીએ પત્રવ્યવહાર કરી વિગતો મંગાવેલી જે અંચથી મોકલી આપેલી.

ઉપર મુજબ વિગતો આપ્યા પછી ગુજરાત યુનિવર્સિટીએ ઉપર્યુક્ત પત્ર દ્વારા પત્રના પેરા (અ) અને (બ) માં તેઓની સેવાઓનું સાતત્ય જળવાઈ રહે તે રીતે ચાલુ રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલે મંજૂરી આપેલી છે. આ મંજૂરીમાં ગુજરાત સરકારનો કોઈ નિર્દેશ નથી કૉલેજને ગુજરાત સરકાર તરફથી ગ્રાન્ટ આપવામાં આવે છે અને તેમાં એકાઉન્ટન્ટ-જનરલ અને ડી.ઈ.ના ઑડિટમાં કરોટા ગણતી વખતે સરકારનો હુકમ ન હોય તો ગ્રાન્ટ કપાય છે, જેથી સાતત્ય જળવાયે જે આર્થિક બોજો આવે તે સરકાર ચૂકવશે એવી ખાતરી આ સભાને થતી નથી તેથી ઉપરના સંજોગો ધ્યાનમાં લઈ શ્રી. પટેલને પગાર ચૂકવવા યુનિવર્સિટીના પત્રની પહેલા બે ફકરાનો નકલ સાથે આ ઠરાવ શ્રી. પટેલના એલ. પી. સી. સાથે શેઠ હસનઅલી હાઈસ્કૂલને મોકલવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેસમાં વેણકા એજ્યુકેશન સોસાયટીની કારોબારીએ કરેલો ઉપરનો ઠરાવ રાજ્યના શિક્ષણસંચાલકશ્રીને મોકલીને તે બાબતમાં શ્રી. જે. આર. પટેલની સેવાઓનું સાતત્ય જળવવા માટે તેમની નિમણૂક અનુદાનને પાત્ર ગણવા માટે ભલામણ કરવી.

૮. વિજ્ઞાન વિદ્યાભવનમાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. એમ. એસ. મજમુદાર તા. ૩૧-૮-૧૯૭૭ થી રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓના ખાતે નીકળતી પ્રૉ. ફંડની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૩૧-૮-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—શ્રી. મજમુદાર તા. ૧૦-૧૧-૧૯૭૬ના રોજ ભવનમાં જોડાયા હતા અને તા. ૩૧-૮-૧૯૭૭ના રોજ રાજીનામું આપી છૂટા થયા હતા.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. એસ. મજમુદારને તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફન્ડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૯. સમાજવિદ્યા ભવનના ભૂગોળ વિભાગ માટે એક ફીલ્ડ-વર્ક સુપરવાઇઝર તથા એક લેબોરેટરી આસિસ્ટન્ટની જગ્યાઓ ઊભી કરવા અંગેના અધ્યક્ષશ્રીના તા. ૪-૧૦-૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં સભાગૃહનું ધ્યાન બાબત નં. ૬૧ની પેટાબાબત નં. (૧૧) તરફ ખેંચવામાં આવ્યું.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સમાજવિદ્યા ભવનમાં ભૂગોળ વિભાગ માટે ફીલ્ડ-વર્ક સુપરવાઈઝરની એક ખંડ સમયની જગ્યા તા. ૧-૧૨-૧૯૭૭થી ઊભી કરવી તથા તે જગ્યા માટેનો ઉચ્ચક માસિક પગાર રૂ. ૪૦૦નો નિયત કરવો. દરમ્યાન આ જગ્યા ઉપર કુલપતિશ્રીએ તા. ૧-૧૨-૧૯૭૭થી કરેલી નિમણૂકની નોંધ લેવી.

વધુમાં સમાજવિદ્યા ભવનમાં ભૂગોળ વિભાગ માટે એક લેબોરેટરી આસિસ્ટન્ટની જગ્યા કાયમી ધોરણે ઊભી કરવી.

[**નોંધ.** - ફીલ્ડ-વર્ક સુપરવાઈઝરની ખંડ સમયની ઉપરની જગ્યા માટે ઉચ્ચક માસિક રૂ. ૪૦૦ ઉપરાંત કોઈ પણ જાતનું ભથ્થું આપવામાં આવશે નહીં એમ સ્પષ્ટતા કરવી.]

૧૦. યુનિવર્સિટીના ભાષા ભવનના વ્યાખ્યાતા શ્રી. ટી. આઈ. પરીખને સેન સમિતિના પગારધોરણમાં તેઓને જે પગાર મળતો હોય તે ધ્યાનમાં લઈને પગાર નિયત કરવા અંગેની તેઓની તા. ૧૩-૧૦-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—શ્રી. પરીખ તા. ૧-૯-૧૯૭૭ થી રૂ. ૭૦૦ના શરૂઆતના મૂળ માસિક પગારથી જોડાયા છે. કૉલેજમાંથી તેઓની સેવાઓ તા. ૧૪-૬-૧૯૭૭થી સુપરન્યુમરરી ગણીને ટર્મિનેટ કરવામાં આવી હતી.]

અને

૧૧. યુનિવર્સિટી સ્કૂલ ઑફ્ લોમાં વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. એચ. એસ. પાઠકને તેઓને પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦ને બદલે વધુ મૂળ પગાર આપવા અંગેની તેઓની તા. ૧૩-૧૦-૧૯૭૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

અને

૧૮. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૨-૧૦-૧૯૭૭ની સભામાં નીચેના શિક્ષકો અહીં જોડાતાં પહેલાં જે સંસ્થામાં કામ કરતા હતા તે સંસ્થામાં તેમને મળતો પગાર, પગારધોરણ અને ભથ્થાં અંગેની માહિતી મંગાવી અને તે આવ્યેથી સદ્દરહુ બાબત પુનર્વિચારણા માટે રજૂ કરવાનું ઠરાવ્યું છે તે અંગે પુનર્વિચારણા કરવા બાબત.

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો તથા ભવન	જોડાયા તારીખ	જોડાયા ત્યારે આપવામાં આવતો મૂળ માસિક પગાર
૧	૨	૩	૪	૫
૧.	ડૉ. બી. પી. પંડ્યા	સંસ્કૃતના વ્યાખ્યાતા ભાષા ભવન	૧-૯-૧૯૭૭	રૂ. ૭૦૦/-થી
૨.	ડૉ. આર. જી. ગુપ્તા	હિન્દીના વ્યાખ્યાતા ,,	,,	રૂ. ૭૦૦/-થી
૩.	ડૉ. સુમન જે. શાહ	ગુજરાતીના વ્યાખ્યાતા ,,	,,	રૂ ૭૦૦/-થી

૧	૨	૩	૪	૫
૪.	શ્રી. આર. ડી. ચૌધરી	હિન્દીના વ્યાખ્યાતા	ભાષાભવન તા. ૧–૯–૧૯૭૭	રૂ. ૭૦૦/–થી
૫.	ડૉ. આર. એ. મલ	સંસ્કૃતના વ્યાખ્યાતા	,, ,,	રૂ. ૧,૧૦૦/–થી
૬.	શ્રી. ડી. આઈ. પરીખ	ગુજરાતીના વ્યાખ્યાતા	,, ,,	રૂ. ૭૦૦/–થી

નોંધ. ઉપરોક્ત બાબત પરત્વે રાજ્ય સરકારના સંયુક્ત શિક્ષણ નિયામકના તા. ૯–૨–૧૯૭૭ના પત્રથી ગુજરાત રાજ્યની કૉઈ કૉલેજ કે યુનિવર્સિટીમાંથી ત્યાં આ પગારધોરણનો અમલ કરવાનું કરાવ્યું છે ત્યાંથી જે શિક્ષક આવતા હોય તો છેલ્લો પગાર માન્ય રાખી શકાય તમ જણાવ્યું છે.

બાબત નં. ૧૦, ૧૧ અને ૬૮ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી કરાવવામાં આવ્યું કે સદરહુ બાબતોની વિચારણા મોકૂફ રાખવી અને તે બાબતો, કાર્યાલયની વિસ્તૃત નોંધ સભ્યોને અગાઉથી મોકલીને, આ સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૧૨. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી અને સંલગ્ન કૉલેજ શિક્ષકોના સુધારેલ પગારધોરણના સંદર્ભમાં રાજ્ય સરકારના તા. ૨૩–૧૧–૧૯૭૬ના સરકારી ઠરાવમાં સંલગ્ન કૉલેજોના આચાર્યોનાં જે બે પગારધોરણો દર્શાવ્યાં છે તેમાં મૂલ્યાંકન અંગેની જોગવાઈ પણ સૂચવી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—રાજ્ય સરકારના તા ૨૩–૧૧–૧૯૭૬ના સરકારી ઠરાવમાંથી ઉપસ્થિત થતા મુદ્દાઓ અંગે વિચારણા કરી હેવાલ આપવા ઍકેડેમિક કાઉન્સિલે નિયુક્ત કરેલ સમિતિની ભલામણોના ઉપલક્ષમાં આચાર્ય સિવાયના શિક્ષકો માટે મૂલ્યાંકન માટેનાં ધારાધોરણ બાબતમાં ઍકેડેમિક કાઉન્સિલની તા. ૮–૬–૧૯૭૭ની સભાની ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૦–૮–૧૯૭૭ની સભાએ ઠરાવ ક્રમાંક ૭૭ થી મંજૂર કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના આચાર્યોના પગારધોરણમાં મૂલ્યાંકનની જોગવાઈ છે ત્યાં જે તે આચાર્યના સદરહુ મૂલ્યાંકન માટે નીચે પ્રમાણેની સમિતિની રચના કરવી:

(૧) આચાર્ય જે વિષયનું શિક્ષણકાર્ય કરતા હોય તે વિષયના બે તજ્જ્ઞો (તજ્જ્ઞોની યાદી જે તે વિષયની અભ્યાસસમિતિ તૈયાર કરે) જેમાંથી એક તજ્જ્ઞનો નિમણૂક યુનિવર્સિટીનાં સત્તામંડળો કરે, જ્યારે તજ્જ્ઞોની સદરહુ યાદીમાંથી જે આચાર્યનું મૂલ્યાંકન થનાર હોય તેના તરફથી સૂચવાયેલ ત્રણ તજ્જ્ઞો પૈકી એક જેની નિમણૂક યુનિવર્સિટીનાં સત્તામંડળ કરે.

(૨) શિક્ષણનિયામક તરફથી નિયુક્ત થયેલ એક પ્રતિનિધિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મૂલ્યાંકન અંગે નીચે પ્રમાણેની જોગવાઈ પણ ઉમેરવી :

(૧) સુધારેલાં પગારધોરણમાં મૂલ્યાંકનનું પગથિયું આ અગાઉ આવી ગયું હોય પરંતુ મૂલ્યાંકન થયું ન હોય તેવા દાખલામાં જ્યારે મૂલ્યાંકન થાય ત્યારે તેની અસર જે તારીખે મૂલ્યાંકન

થવું જોઈએ તે તારીખથી પશ્ચાદ્‌વર્તી રીતે ગણી પગારધોરણની રકમની આકારણી કરવામાં આવે.

(૨) મૂલ્યાંકન સમિતિના હેવાલ ઉપર પોતાને રજૂઆત કરવાની વાજબી તક મળે તે હેતુથી સદરહુ હેવાલ જે આચાર્યનું મૂલ્યાંકન થયું છે તેને ઉપલબ્ધ કરવામાં આવે તથા તેની રજૂઆતને અનુલક્ષીને સમિતિ નક્કી કરે તે મુદતે, પરંતુ ઓછામાં ઓછું એક વર્ષથી મોડું નહીં તે મર્યાદાને આધીન, સદરહુ આચાર્યનું પુનઃમૂલ્યાંકન કરવું.

૧૩. તા. ૧-૧-૧૯૭૩થી સંલગ્ન ઇજનેરી કૉલેજના શિક્ષકોનાં પગારધોરણો (તે અંગેના સરકારી ઠરાવની નિર્દિષ્ટ શરતોને આધીન) નીચે પ્રમાણે સુધાર્યાની જાણ કરતા રાજ્ય સરકારના તા. ૨૫ ઑક્ટોબર ૧૯૭૭ના ઠરાવ ક્રમાંક ઈએમ. ૧૬૭૪-૩૬૩૨૯-કે. એચ. ૫૨ વિચારણા કરવા બાબત.

Engineering Colleges		*University Grants Commission's Scale Rs.*	*Remarks*
1		2	3
Teachers (Technical)			
1. Principal		1,500-60-1,800-100 2,000-125/2-2,500	
2. Professors		—do—	
3. Associate Prof.	to be redesignated as Asst. Prof.	1,100-50-1,300-60-1,600-assessment-60-1,900	Existing incumbent may continue their designation if they desire so.
4. Asst. Prof.			
5. Reader			
6. Lecturer		700-40-100-50-1,300-assessment-50-1,600	
7. Asst. Lecturer		650-30-740-35-810-EB-35-880-40-1,040	
8. Demonstrator		500-25-700-EB-25-750—30—900	

1	2	3
Teachers (Non-tecnnical subjects)		
1. Professor, Associate Professor, Reader — to be redesignated as Asst. Prof.	1,200-50-1,300-60-1,600-Assessment-60-1,900	Existing incumbent may continue their designation if they desire so.
2. Lecturer	700-40-1,100-50-100-Assessment-50-1,300	
3. Asst. Lecturer	550-25-700-EB-25-750-30-900	
4. Demonstrator	500-25-650-EB-25-750-30-900	

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના સદરહુ ઠરાવની નોંધ લેવી તથા આ યુનિવર્સિટી સાથે સંલગ્ન ઇજનેરી વિદ્યાશાખાની એકમાત્ર બિનસરકારી કૉલેજને શિક્ષકોનાં ઉપર મુજબ સુધારેલાં પગારધોરણો અનુદાનને પાત્ર ગણવા અંગે રાજ્ય સરકારનું અનુમોદન મળ્યેથી તેનો અમલ કરવા માટે તે કૉલેજને જણાવવું.

૧૪. ડિસેમ્બર ૨૦ થી ૨૨, ૧૯૭૭ના સમય દરમિયાન મુંબઈ મુકામે યોજાનાર International Cen-on Optimisation in Statistics માં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સદરહુ અધિવેશનમાં પ્રા. બી. બી. જનીને મોકલવા માટે સમાજ વિદ્યાભવનના અધ્યક્ષશ્રીએ ભલામણ કરેલ છે અને પોતાને મોકલવા વિનંતી કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવાની બાબતમાં કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૧૫. ડિસેમ્બર ૨૮ થી ૩૦, ૧૯૭૭ના સમય દરમિયાન બેંગલોર મુકામે યોજાનાર Anatomical Society of India ના રજતમા વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહીં.

૧૬. ડિસેમ્બર ૩૧, ૧૯૭૭ અને ૧લી જાન્યુઆરી ૧૯૭૮ના સમય દરમ્યાન ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૯મું સત્ર મુંબઈ મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—નીચેના મુદ્દાઓ પર ચર્ચા થનાર છે:

1. Literary Criticism.
2. Linguistic and Literary research
3. Seminar on Literature Journalism and mass media.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવાની બાબતમાં કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૧૭. ડિસેમ્બર ૨૦ થી ૩૦, ૧૯૭૭ના સમય દરમિયાન ભારત સરકારનો અણુશક્તિ વિભાગ પૂના મુકામે Nuclear Physics and Solid State Physics પર પરિસંવાદ યોજે છે. તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવાની બાબતમાં કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૧૮. ઝૂલોજી વિષયમાં પીએચ.ડી. પદવી માટે મહાનિબંધ રજૂ કરનાર શ્રી. એન. જી. પટેલના નિમાયેલા પરીક્ષકોના આવેલા મૌખિક પરીક્ષા સહિતના હેવાલો પર વિચારણા કરી પરિણામ જાહેર કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે શ્રી. એન. જી. પટેલનો મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે સ્વીકાર્ય ગણવો.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ભવિષ્યમાં કોઈ પણ વિદ્યાર્થીનો મહાનિબંધ એક વખત રજૂ કર્યા પછી તે ફરીથી સુધારીને રજૂ કરવામાં આવે તો અને ત્યારે તે સુધારેલો મહાનિબંધ સંબંધકર્તા તમામ રેફરીઓને તેમના અભિપ્રાય માટે મોકલવાનું રાખવું.

૧૯. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રી મારફતે મજૂર-કલ્યાણ વિષયના પ્રોફેસર પરેશ મજમુદારના તા. ૧૨-૯-૧૯૭૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૦. એકિઝકયુકિવ કાઉન્સિલે તેની તા. ૧૭-૯-૧૯૭૭ની સભામાં ઠરાવ ક્રમાંક ૧૭ (૧૩) (૩) થી યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો માટે કન્સલ્ટન્સી અંગેના નિયમો કરવાની ભલામણ ગુજરાત રાજ્યના કુલપતિઓના સંયુક્ત મંડળની વિચારણા માટે મોકલી હતી તેના ઉપલક્ષ્યમાં સદરહુ મંડળે તેની તા. ૨૫-૧૦-૧૯૭૭ની સભામાં "કન્સલ્ટન્સી વર્ક" ના જે નિયમો સ્વીકાર્યા છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો માટે સલાહ-સેવા (consultancy) અંગેના નિયમોની બાબતમાં કુલપતિશ્રીઓના સંયુક્ત બોર્ડની તા. ૬-૧૦-૧૯૭૭ની સભાની ભલામણો, કોઈ પણ સેવાકાર્ય સ્વીકારવા માટે કુલપતિશ્રીની મંજૂરીને પાત્રે એક્ઝિકયુટિવ કાઉન્સિલની મંજૂરી આવશ્યક ગણવી તે સુધારા સાથે મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલા સુધારેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૨૧. બાંધકામ સમિતિની તા. ૧૮-૧૧-૧૯૭૭ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૮-૧૧-૧૯૭૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૮-૧૧-૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૨૨. ઑર્ડિનન્સ ૧૦૯-બી મુજબ આરોગ્યકેન્દ્રની સ્થાયી સમિતિ પર એક્ઝિકયુટિવ કાઉન્સિલ તરફથી બે સભ્યો નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત.

[ઑર્ડિ. ૧૦૯-બી (૩):

Two members nominated by the Executive Council.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રની સ્થાયી સમિતિ ઉપર એક્ઝિકયુટિવ કાઉન્સિલના પ્રતિનિધિ તરીકે નીચેના બે સભ્યોની નિમણૂક કરવી :

૧. ડૉ. પી. પી. મહેતા

૨. બી. જે. મેડિકલ કૉલેજના આચાર્યશ્રી.

૨૩. અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશનના સભ્ય થવા અંગે બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટના અધ્યક્ષશ્રીના તા. ૨-૧૨-૧૯૭૭ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—આ અંગે પ્રવેશ ફીના રૂ. ૨૫૦ તથા દર વર્ષે લવાજમના રૂ. ૩૦૦ તરીકે ભરવાના થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશનનું સભ્યપદ યુનિવર્સિટીએ સ્વીકારવું અને તે માટે જરૂરી પ્રવેશ ફી અને વાર્ષિક લવાજમનું ખર્ચ મંજૂર કરવું.

૨૪. રાજ્ય સરકારના શિક્ષણ ખાતાએ તેના તા. ૯-૧૧-૧૯૭૭ના પત્રાંક એમ. આઈ. એસ. ૧૦૭૭-બ થી નીચે પ્રમાણે જણાવ્યું છે તેની નોંધ લેવા બાબત :

"I am directed to state that Government has prescribed the qualifications for appointment of Lecturers in Universities and colleges under Government Resolution Education Department No. Mis-1075/4947-KH,

dated 23-2-1976. It is therefore necessary that all the appointments made after the said orders should be in accordance with the qualifications prescribed therein. In case the persons with lesser qualification have been appointed or are appointed the pay and allowances of such persons shall not be held admissible for purposes of grant-in-aid. This may be brought to the notice of the affiliated colleges under your jurisdiction also."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું છે કે--

(૧) રાજ્ય સરકારના તા. ૨૩-૧૧-૭૬ ના ઠરાવ નં. ૧૦૭૫/૪૯૪૭/કે.એચ. અને ઉપરોક્ત ઠરાવના વચગાળા દરમિયાન યુનિવર્સિટી અને સંલગ્ન કૉલેજોમાં જે નિમણૂકો કરવામાં આવેલી હોય તે અનુદાનને માટે પાત્ર ગણવા રાજ્ય સરકારને જણાવવું.

(૨) યુનિવર્સિટીમાં કે સંલગ્ન કૉલેજોમાં કોઈ વિષયમાં નિયત લાયકાત મુજબના શિક્ષકો ઉપલબ્ધ ન હોય તો પસંદગી સમિતિની ભલામણ પરથી કરવામાં આવેલી નિમણૂક અનુદાનને પાત્ર ગણવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૩) સંલગ્ન કૉલેજોને જણાવવાનું કે શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણોના સંદર્ભમાં કોઈ પણ ટ્યૂટર કે ડેમોન્સ્ટ્રેટરની નિમણૂક કરવી નહીં અને તેવી નિમણૂક માન્ય કરી શકાશે નહીં.

(૪) ભવિષ્યમાં સંલગ્ન કૉલેજોમાં લેકચરરની જગ્યા ખાલી પડે તો અને ત્યારે તે જગ્યા પર નીચે મુજબ પસંદગીના ક્રમમાં નિમણૂકો કરવાનું રાખવું :

૧. સંખ્યાધિક શિક્ષકો

૨. ટ્યૂટર/ડેમોન્સ્ટ્રેટર.

૨૫. રાજ્ય સરકારે તેમના તા. ૫-૧૧-૧૯૭૭ના પત્રાંક ઇ.બી.સી. ૧૦૭૭-૭૪૭૧૧-ઘથી આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિમાં જે ટકાવારી ઘોરણ છે તે કાઢી નાખવાની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૭-૯ ૧૯૭૭ની સભાની ભલામણ સ્વીકારી શકાય તેમ નથી તેમ જણાવ્યું છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૬. ફેબ્રુઆરી ૨ થી ૪, ૧૯૭૮ના સમય દરમિયાન ભારત સરકારના અણુશક્તિ વિભાગ તરફથી તિરુપતિ મુકામે "Nuclear techniques in studies of Metabolism effects and degradation of pesticides" પર પરિસંવાદ યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવાની બાબતમાં કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૨૭. ફેબ્રુઆરી ૬ થી ૯, ૧૯૭૮ના સમય દરમ્યાન પૂના યુનિવર્સિટીના ગણિત અને આંકડાશાસ્ત્ર વિભાગ તરફથી યુ.જી.સી.ની સહાયથી "Probability and Statistical Inference" પર પરિસંવાદ યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવાની બાબતમાં કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૨૮. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને રાજસ્થાન યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે "Progress of Botany during the last Decade (1965—1975)" પર અખિલ ભારતીય પરિસંવાદ યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—પરિસંવાદના કન્વીનરે વનસ્પતિવિજ્ઞાન વિભાગના ડૉ. સી. કે. શાહ અને ડૉ. એ. પી. સકસેનાને મોકલવા સૂચવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવાની બાબતમાં કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૨૯. ડિસેમ્બર ૨૫ થી ૨૭, ૧૯૭૭ના સમય દરમિયાન The Indian Mathematical Society નું ૪૩મું વાર્ષિક અધિવેશન અલીગઢ મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સોસાયટીના માનદ મંત્રીશ્રીએ સદરહુ અધિવેશનમાં વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગના પ્રો. એ. એમ. વૈદ્યને મોકલવા જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવાની બાબતમાં કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૩૦. જાન્યુઆરી ૮ થી ૧૦, ૧૯૭૮ના સમય દરમિયાન The Indian Association of Pathologists and Microbiologists નું ૨૬મું વાર્ષિક અધિવેશન હિસ્સારગઢ મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવાની બાબતમાં કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૩૧. જાન્યુઆરી ૨૧ થી ૨૪, ૧૯૭૮ના સમય દરમિયાન The Association of Physicians of India નું વાર્ષિક અધિવેશન અન્ય તબીબી મંડળો સાથે ભોપાલ મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવાની બાબતમાં કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૩૨. ડિસેમ્બર ૨૯ થી ૩૧, ૧૯૭૭ના સમય દરમિયાન "Indian Political Science Association"નું ૩૭મું વાર્ષિક અધિવેશન બેંગલોર મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.— અધિવેશનમાં નીચેના વિષયો ચર્ચાનાર છે :

1. Politics and Ethics in Indian Thought or Modern Political Theory
2. Re'evance of Political Sociology to Political Theory
3. Federal Polity : A comparative study
4. Bureaucracy and Political Development in India
5. India and Regional Co-operation
6. Lok Sabha and Vidhan Sabha Elections, 1977
7. Government and Politics in the State of Kernataka.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવાની બાબતમાં કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૩૩. ડિસેમ્બર ૩૦-૩૧, ૧૯૭૭ અને જાન્યુઆરી ૧, ૧૯૭૮ના સમય દરમિયાન "The Indian Commerce Association"નું ૩૧મું અધિવેશન જયપુર મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.— અધિવેશનમાં નીચેના વિષયો ચર્ચાનાર છે :

(1) Inflation Accounting

(2) Consumer Problems in India

(3) Bonus and Productivity in India

તદુપરાંત "Strategy of Industrialisation for 1980" પર પરિસંવાદ પણ થનાર છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવાની બાબતમાં કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૩૪. ડિસેમ્બર ૨૭ થી ૩૦, ૧૯૭૭ના સમય દરમિયાન અખિલ ભારતીય દર્શન પરિષદનું ૨૩મું વાર્ષિક અધિવેશન વૃંદાવન મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવાની બાબતમાં કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૩૫. હરિ ૐ આશ્રમ પ્રેરિત એકેડેમિક સંશોધન એવોર્ડ ૧૯૭૮ના વર્ષ માટે તૈયાર કરવામાં આવેલ નિયમો તથા સૂચવેલ નિર્ણાયક સમિતિના સભ્યોનાં નામોની પેનલ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એવોર્ડ માટેના નિયમો મંજૂર કરવા.

વધુમાં સદરહુ એવોર્ડ માટે ૧૯૭૮ના વર્ષ માટે નિર્ણાયક સમિતિના સભ્યોની નીચે મુજબ નામાવલિ (પેનલ) મંજૂર કરવી :

(એ) મેડિકલ	(બી) સર્જિકલ
૧. ડૉ. આર. કે. દેસાઈ	૧. ડૉ. જે. બી. હરિભક્તિ
૨. ડૉ. બી. ટી. દવે	૨. ડૉ. આર. સી. શાહ
૩. ડૉ. એન. એસ. દલાલ	૩. ડૉ. અમરીશ પરીખ
૪. ડૉ. સુમન્ત એમ. શાહ	૪. ડૉ. સુમન્ત એમ. શાહ

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૩૬. હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી જયકૃષ્ણ ઇન્દ્રજી સંશોધન એવોર્ડ ફોર બોટની ૧૯૭૮ના વર્ષ માટે તૈયાર કરવામાં આવેલ નિયમો તથા સૂચવેલ નિર્ણાયક સમિતિના સભ્યોનાં નામોની પેનલ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એવોર્ડ માટેના નિયમો મંજૂર કરવા.

વધુમાં સદરહુ એવોર્ડ માટે ૧૯૭૮ના વર્ષ માટે નિર્ણાયક સમિતિના સભ્યોની નીચે મુજબ નામાવલિ (પેનલ) મંજૂર કરવી :

૧. ડૉ. આનંદ સારાભાઈ	૪. પ્રો. એ. કે. માંકડ
૨. ડૉ. આર. ડી. આડતિયા	૫. પ્રો. જે. ડી. ઓઝા
૩. ડૉ. સી. કે. શાહ	૬. ડૉ. જે. જે. શાહ

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૩૭. હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. કાન્તિલાલ એમ. કાંટાવાલા સંશોધન એવોર્ડ ૧૯૭૮ના વર્ષ માટે શ્રી. કે. એમ. કાંટાવાલાએ (1) Public Health Engineering (2) Hydraulics and Hydrodynamics બન્ને વિષયોના એવોર્ડને અનુલક્ષીને સૂચવેલા નિષ્ણાત સમિતિના સભ્યોનાં નામોની પેનલ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. શ્રી. કે. એમ. કાંટાવાલા
૨. શ્રી. એસ. બી. કુમતા
૩. ડૉ. રાસબિહારી એન. વકીલ
૪. શ્રી. સી. ડી. થટ્ટે
૫. શ્રી. એસ. કે. શાહ (ચીફ એન્જિ., પબ્લિક હેલ્થ)
૬. ડૉ. આર. સી. સોનપાલ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એવૉર્ડ માટે ૧૯૭૮ના વર્ષ માટે નિર્ણાયક સમિતિના સભ્યોની નીચે મુજબ નામાવલિ (પેનલ) મંજૂર કરવી :

૧. શ્રી. કે. એમ. કાંટાવાળા
૨. શ્રી. એસ. બી. કુમતા
૩. ડૉ. રાસબિહારી એન. વકીલ
૪. ડૉ. આર. એન. દવે (પ્રિન્સિપાલ, બિરલા મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર)
૫. શ્રી. એસ. કે. શાહ (ચીફ એન્જિ., પબ્લિક હેલ્થ)
૬. ડૉ. આર. સી. સોનપાલ.

૩૮. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજોમાં શિક્ષણકાર્યની વધુ સગવડ પ્રાપ્ય થાય તે માટે ગ્રંથાલયનાં પુસ્તકો અને પ્રયોગશાળાનાં સાધનો ખરીદવા કૉલેજોને વર્ષ ૧૯૭૭–૭૮ માટે ફાળવવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧૭-૧૨-૧૯૭૭ના પત્રાંક એફ ૨૨-૪/૭૭ (ડી. ૪ બી)થી રૂ. ૧૬,૦૦,૦૦૦ (રૂપિયા સોળ લાખ) (On account) ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૯. સને ૧૯૭૮ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટી કાર્યાલય તથા પ્રેસ માટેની રજાઓ નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય, પ્રેસ, ગ્રંથાલય તથા યુનિવર્સિટીનાં જુદાં જુદાં ભવનો માટે રજાઓની યાદી મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સ્થાપના દિન નિમિત્તે યુનિવર્સિટી કાર્યાલય, પ્રેસ તથા ગ્રંથાલય માટે ૨૩ નવેમ્બર ૧૯૭૮ના રોજ રજા રાખવી, જ્યારે યુનિવર્સિટીનાં વિદ્યાભવનો અને સંલગ્ન કૉલેજો માટે વિદ્યાર્થીના રમતોત્સવની પૂર્ણાહુતિ પછીના બીજે દિવસે રજા રાખવી.

(મંજૂર કરવામાં આવેલી રજાઓની યાદીની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે)

૪૦. યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે દેસાઈ પંચની ભલામણોના સંદર્ભમાં રાજ્ય સરકારની ભલામણો યુનિવર્સિટીએ સ્વીકારી હોઈ યુનિવર્સિટીના કર્મચારીઓ માટે પેન્શન યોજના દાખલ કરવા અંગે એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૬૦-૩-૧૯૭૭ની તથા તા. ૨૩-૪-૧૯૭૭ની સભામાં સ્ટે. ૧૮૮(૨૦) નીચે પ્રમાણે મંજૂર કરવા કોર્ટને ભલામણ કરી છે. મજકૂર સ્ટેચ્યૂટ સુધરે નહીં ત્યાં સુધી હાલના પ્રો.ફંડના સ્ટેચ્યૂટ મુજબની કાર્યવાહી ચાલુ રાખવાની બાબતમાં કાર્યાલયની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—સ્ટે. ૧૮૦ (સી) એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૦-૩-૧૯૭૭ તથા તા. ૨૩-૪-૧૯૭૭ની સભામાં નીચે પ્રમાણે મંજૂર કરવા યુનિ. કોર્ટને ભલામણ કરી હતી :

A non-teaching employee of the University shall be entitled to the benefits of Pension Scheme inclusive of Family Pension, Gratuity and General Provident Fund according to the rules of the Gujarat State Government applicable to its employees from time to time.

Notwithstanding anything contained elsewhere in the Statutes, a non-teaching employee of the university who has already been in the employment of this University on or before 31st December, 1976 shall be entitled to exercise his option either to opt for the above provision of Pension Scheme or to continue to draw the benefits of Provident Fund and Gratuity as are available under Statute 180–181–182–183–184–185–186–187–188 and Statute 193-A; provided that such an option is exercised within a period of six months from the date on which this Statute comes into force.

In case where the employees opt for the scheme of Pension, etc. the contribution of the University together with interest thereon will be credited to the University.]

આથી કરાવવામાં આવે છે કે સદરહુ પરિસ્થિતિ તરફ રાજ્ય સરકારનું ધ્યાન ખેંચીને તેનું માર્ગદર્શન અને મદદ મેળવવાનું રાખ્યું. દરમ્યાન હાલનો સ્ટે. ૧૮૦-સી અમલમાં રહેશે એ સ્પષ્ટ છે.

૪૨. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામો સામે જણાવેલ કારણોસર મકાન બાંધવા-મરામત કરાવવા અંગે સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે પ્રોવિન્ડટ ફંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ તથા હોદ્દો	લોનની રકમ	સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે?	કયા કારણસર લોનની માંગણી કરી છે.
૧.	શ્રી. યુ. જે. ત્રિવેદી, જુ. ક્લાર્ક, એકેડેમિક વિભાગ	૯,૩૦૦	ના	મકાન ઉપર બે રૂમ લેવા માટે
૨.	શ્રી. જે. એસ. શાહ, હેડ ક્લાર્ક, સામાન્ય વિભાગ	૧૦,૦૦૦	હા	મકાનમાં આર. સી. સી. સીડી, ધાબામાં ટાઇલ્સ વિ. કરાવવા માટે
૩.	શ્રી. કૂલા મેલા પરમાર, સફાઈ કામદાર	૧,૩૦૦	હા	મકાન મરામત કરાવવાનું હોવાથી

[નોંધ.—(૧) ૧. શ્રી. યુ. જે. ત્રિવેદી પાસે લોન પેટે કોઈ રકમ લેણી નથી.

૨. શ્રી. જે. એસ. શાહ ખાતે તા. ૩૧-૩-૧૯૭૭ સુધી રૂ. ૧૦,૦૦૦ (રૂ. ૧૦,૩૩૯-૭૬) જમા છે તેમાંથી તેઓના બિલ્ડિંગ લોનના રૂ. ૧,૭૪૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ કાપવાની રહેશે.

૩. શ્રી. કુલા મેલા પરમાર ખાતે તા. ૩૧-૩-૧૯૭૭ સુધી રૂ. ૫,૩૦૦ (રૂ. ૫,૩૫૧—૧૦) જમા છે તેમાંથી તેઓના બિલ્ડિંગ લોનના રૂ. ૧,૮૬૧ તથા પ્રોવિડન્ટ ફંડ લોનના રૂ. ૧,૩૫૦ તથા તે પર જે વ્યાજ થાય તે રકમ વસૂલ લેવાની રહેશે.

(૨) એકિઝક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૨૧-૧-૧૯૭૬ની સભામાં બીજી વખત લોન આપવા અંગે નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"...વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૮૮(૨) હેઠળ પોતાના પ્રો. ફંડમાંથી કોઈ પણ કર્મચારીએ એક વાર લોન લીધા પછી ફરીથી લોન લેવાનો પ્રસંગ તેના માટે ઊભો થાય તો તે બાબત અંગે કોઈ ચોક્કસ ધારાધોરણો ઘડવાને બદલે પ્રત્યેક કેસ તેના ગુણદોષ ઉપર વિચારવાનું રાખવું."]

સદરહુ બાબતના સંદર્ભમાં પ્રોવિડન્ટ ફન્ડમાંથી લોન મેળવવા માટેની સીનિયર ક્લાર્ક શ્રી. એન. આર. જોશીની અરજી પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યુ કે સદરહુ ચારેય સભ્યોને તેમના પ્રોવિડન્ટ ફન્ડ ખાતેથી તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મંજૂર કરવી.

૪૨. યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોના નીચેના કર્મચારીઓનો તેમનાં નામ સામે જણાવેલ તારીખોએ અજમાયશી સમય પૂરો થતો હોઈ તે તારીખોથી તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	વિભાગ	અજમાયશી સમય પૂરો થયા તારીખ	કાયમ કરવાની તારીખ
૧	૨	૩	૪	૫	૬
૧.	શ્રી. જે. વી. શુક્લ	સી. ક્લાર્ક	પરીક્ષા વિભાગ	૭-૧-'૭૮	૮-૧-'૭૮
૨.	શ્રી. જે. એ. પટેલ	,,	ડી.પી.ઈ.	૭-૧-'૭૮	૮-૧-'૭૮
૩.	શ્રી. કે. ટી. ચાંલ્લાવાળા	,,	પરીક્ષા વિભાગ	૭-૧-'૭૮	૮-૧-'૭૮
૪.	શ્રી. વી. બી. પટેલ	,,	,,	૭-૧-'૭૮	૮-૧-'૭૮
૫.	શ્રી. કે. બી. શાહ	,,	મનોવિજ્ઞાન વિદ્યાભવન	૭-૧-'૭૮	૮-૧-'૭૮

૧	૨	૩	૪	૫	૬
૬.	શ્રી. બી. આર. ચૌહાણ	સી. ક્લાર્ક	પરીક્ષા વિભાગ	૭-૧-'૭૮	૮-૧-'૭૮
૭.	શ્રી. વિશ્વનાથ ઇન્દ્રદાસ મહાલે	પટાવાળા	ડી.પી.ઈ.	૩૧-૧-'૭૮	૧-૨-'૭૮
૮.	શ્રી. જે એસ. રાવ	સ્ટેનોગ્રાફર	બી.કે. સ્કૂલ ઑફ બિઝ. મૅનેજમેન્ટ	૩૧-૧-'૭૮	૧-૨-'૭૮
૯.	શ્રી. એ. આઈ. વાળંદ	પટાવાળા	,,	૩૧-૧-'૭૮	૧-૨-'૭૮
૧૦.	શ્રી. કે. બી. રાઠોડ	,,	સ્કૂલ ઑફ કૉમર્સ	૩૧-૧-'૭૮	૧-૨-'૭૮
૧૧.	શ્રી. એમ. એલ. ડાંકોર	,,	,,	૩૧-૧-'૭૮	૧-૨-'૭૮
૧૨.	શ્રી. વૃંદાવન કડિયા	,,	સેન્ટર ફૉર મૅનેજમેન્ટ	૩૧-૧-'૭૮	૧-૨-'૭૮
૧૩.	શ્રી. રામપ્યારે યાદવ	,,	,,	૩૧-૧-'૭૮	૧-૨-'૭૮

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યો નં. ૧થી ૮ને તથા નં. ૧૦થી ૧૩ને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા; તથા સભ્ય નં. ૯ શ્રી. અરવિંદ આઈ. વાળંદનો અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવવો અને તેમને જણાવવું કે આ લંબાવેલા અજમાયશી સમય દરમ્યાન તેમની વિશ્વસનીયતા અને કામગીરી બાબતમાં યોગ્ય સુધારો થયેલો જણાશે નહીં તો તેમને યુનિવર્સિટીની સેવામાંથી છૂટા કરવામાં આવશે.

૪૩. યુનિવર્સિટી મુદ્રણાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓને તેમનાં નામો સામે જણાવેલાં પગારધોરણમાં અને દર્શાવેલ તારીખથી જે તે પગાર પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	પગારધોરણ રૂ.	હાલનો પગાર	ઈ.બી. ઓળંગવાની તારીખ
૧.	શ્રી. સી. એસ. પટેલ	પ્રૂફરીડર "સી"	૨૬૦-૮-૩૦૮-ઈબી ૮-૩૪૦-૧૦-૩૬૦ ઈબી ૧૦-૪૩૦	રૂ. ૩૦૮ પછીનો અંતરાય ઓળંગવા માટે	૧—૧૨—'૭૭થી
૨.	શ્રી. બી. કે. શાહ	જુ. કમ્પો.	૨૬૦-૮-૩૦૮-ઈબી ૮-૩૪૦-૧૦-૩૬૦ ઈબી ૧૦-૪૩૦	રૂ. ૩૬૦ પછીનો અંતરાય ઓળંગવા માટે	૨૨-૧૧-'૭૭થી

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ પગારધોરણમાં અનુક્રમે રૂ. ૩૦૮ અને રૂ. ૩૬૦ પછીના પગથિયે કાર્યક્ષમતા-અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૪૪. યુનિવર્સિટી કાર્યાલયમાં માળી તરીકે કામ કરતા શ્રી. મોહન સીતલાદીનનું તા. ૨૪–૧૦–૧૯૭૭ના રોજ અવસાન થયું હોવાથી યુનિવર્સિટીના નિયમ પ્રમાણે પ્રોવિડન્ટ ફંડ અને ગ્રેચ્યુઇટીની રકમ ચૂકવવા અંગે વિચારણા કરવા બાબત.

(તેઓ યુનિવર્સિટીમાં તા. ૧૯–૧૧–૧૯૬૬ થી જોડાયા હતા અને તા. ૨૪–૧૦–૧૯૭૭ના રોજ અવસાન પામ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મોહન સીતલાદીન માળીને આપવા પાત્ર થતી પ્રોવિડંટ ફંડની અને ગ્રેચ્યુઇટીની રકમ તેમની વિધવાને ચૂકવવી.

૪૫. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૨૬–૧૦–૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીના બી.એડ.ના અભ્યાસક્રમ મુજબ બધી બી.એડ. કૉલેજોમાં-(Block-Teaching off-Campus)ના કાર્યક્રમો ગોઠવવામાં આવે છે. આ કાર્યક્રમોમાં શિક્ષણની કૉલેજોના અધ્યાપક કે અધ્યાપકોને તેમની ફરજના એક ભાગરૂપે ભાગ લેવાનો હોય છે. આ કાર્યક્રમોમાં ફરજના ભાગરૂપ ભાગ લેનાર જે તે અધ્યાપકને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ટી.એ., ડી.એ. આપવા યુનિવર્સિટીનાં જે તે સત્તામંડળોને ભલામણ કરવામાં આવે છે અને આ ટી.એ. અને ડી.એ. માટે થતા ખર્ચને ગ્રાન્ટને પાત્ર ગણવા માટે સરકારશ્રીને પણ ભલામણ કરવા જે તે સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવ રાજ્ય સરકારને આ સભાગૃહની ભલામણ સાથે મોકલી આપવો.

૪૬. એસ. એલ. યુ. કૉલેજ ફૉર વિમેન (આર્ટ્સ), અમદાવાદમાં સંસ્કૃતનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા તરીકે જોડાયેલાં શ્રી. નયનાબહેન પી. મહેતાની નિમણૂક માન્ય કરવા અંગેના સદરહુ કૉલેજના આચાર્યના તા. ૧૫–૧૦–૧૯૭૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—ઑર્ડિ. ૧૨૦–એ પ્રમાણે સંસ્કૃતમાં પૂર્ણ સમયના વ્યાખ્યાતા હોવા જોઈએ.]

ચાલુ વર્ષમાં સંસ્કૃત વિષયનો કાર્યભાર અને તેની વહેંચણીની વિગતો નીચે પ્રમાણે છે :

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય અને પદ	સોંપેલ કાર્યભાર		
૧.	શ્રી. નયનાબહેન પી. મહેતા	સંસ્કૃતનાં ખંડ સમયનાં વ્યાખ્યાતા	વ્યાખ્યાન ૯	ટ્યુટો. —	કુલ = ૯
૨.	શ્રી. જયાબહેન આર. બેટાઈ	વ્યાખ્યાતા	૩	૬	= ૯
					૧૮

શ્રી. જયાબહેન આર. બેટાઈ સંસ્કૃત અને સમાજશાસ્ત્ર એ બે વિષયોમાં અનુસ્નાતકની પદવી ધરાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂક માન્ય કરવી નહીં અને તેમની જગ્યાએ સંસ્કૃતના પૂરા સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

વધુમાં સદરહુ કૉલેજને તે માટે ઘટતો ઠપકો આપવો.

૪૭. ડીસા નગરપંચાયત આર્ટ્સ-કોમર્સ કૉલેજ, ડીસામાંથી સંસ્કૃતના પૂર્ણ સમયના પ્રાધ્યાપક શ્રી. ડી. પી. પટેલ સ્વેચ્છાએ છૂટા થઈ જતાં તેમની ખાલી પડેલ જગ્યાએ સંસ્કૃતના પૂર્ણ સમયના વ્યાખ્યાતાને સ્થાને ચાલુ વર્ષ પૂરતું જ ખંડ સમયના વ્યાખ્યાતા દ્વારા શિક્ષણકાર્ય કરવા દેવાની પરવાનગી માંગતા સદરહુ કૉલેજના આચાર્યના તા. ૪-૧૧-૧૯૭૭ના પત્રાંક ૪૮૦ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—ચાલુ વર્ષે સંસ્કૃત વિષયનો કાર્યભાર માત્ર નવ વ્યાખ્યાનોનો છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂક માન્ય કરવી નહીં અને તેમની જગ્યાએ લેકચરરને ત્વરિત નીમવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

૪૮. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટના અધ્યક્ષ ડૉ. એમ. પી. કેકરને તા. ૨૧-૧૧-૧૯૭૭ થી તા. ૨૪-૧૧-૧૯૭૭ સુધીની આકસ્મિક રજા અગત્યના કૌટુંબિક લગ્ન પ્રસંગે તેમને તા. ૨૧-૧૧-૧૯૭૭ના રોજ હાજર રહેવાનું હોઈ વૅકેશન સાથે જોડવાની પરવાનગી આપવા અંગેના તેઓના તા. ૩-૧૧-૧૯૭૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટના અધ્યક્ષ ડૉ. એમ. પી. કેકરને તા. ૨૧-૧૧-૧૯૭૭થી તા. ૨૪-૧૧-૧૯૭૭ સુધીની આકસ્મિક રજાઓ વૅકેશન સાથે જોડવા મંજૂરી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં વૅકેશન સાથે રજા જોડવાની બાબતમાં તે મંજૂર કરવા માટે કુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૪૯. ફાઈનાન્સ સમિતિની તા. ૧૮-૧૧-૧૯૭૭ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૮-૧૧-૧૯૭૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૮-૧૧-૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૫૦. ડિસેમ્બર ૨૭ થી ૨૯, ૧૯૭૭ના સમય દરમિયાન કેરાલા યુનિવર્સિટીના પ્રાણીવિજ્ઞાન વિભાગના ઉપક્રમે "Environmental Biology" પર પરિસંવાદ યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—પરિસંવાદના કન્વીનરે ડૉ. એન. જે. ચિનોયને મોકલવા જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૫૧. સંલગ્ન કૉલેજોના બિનશિક્ષકવર્ગના કોઈ કર્મચારી જરૂરી નોટિસ આપ્યા વિના છૂટા થાય તો નોટિસની અવેજીમાં એટલા સમયગાળાનો પગાર સંસ્થા વસૂલ કરી શકે તેવી જોગવાઈ, સંલગ્ન કૉલેજો-માન્ય સંસ્થાના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની સેવાના નિયમોમાં ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓના નિયમોમાં નિયમ ૯ થી આવી જોગવાઈ કરવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષકવર્ગના કોઈ કર્મચારી જરૂરી નોટિસ આપ્યા વિના પોતાની સેવામાંથી છૂટા થવા ઇચ્છે તો નોટિસની અવેજીમાં એટલા સમયગાળાનો પગાર સંસ્થાને ચૂકવીને પોતે છૂટા થઈ શકે તેવી જોગવાઈ કરવી અને તે માટે તેમની સેવાઓની શરતોમાં નીચેનો નિયમ ઉમેરવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો :

> "No employee shall leave the employment without giving to the authorities three months' notice if he is confirmed or one month's notice if he is temporary or on probation. In case, however, he does not give the required notice the college authorities shall be entitled to claim from him an amount not exceeding the salary and such allowance as may be payable to him for the period of notice."

૫૨. બાંધકામ સમિતિની તા. ૯-૧૨-૧૯૭૭ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૯-૧૨-૧૯૭૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૯-૧૨-૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૫૩. આજ સુધીમાં યુનિવર્સિટીએ પ્રકાશિત કરેલ તમામ પ્રકાશનોના પાંચ-પાંચ સેટ જે સંલગ્ન કૉલેજો-સંસ્થાઓ ખરીદે તેને ૩૫ ટકાને બદલે ૪૦ ટકા કમિશન આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— તા. ૨૯-૯-૧૯૭૭ના રોજ મળેલ પ્રકાશન વહીવટી સમિતિએ નીચે મુજબનો ઠરાવ કરેલ છે :

"૨. યુનિવર્સિટીએ પ્રકાશિત કરેલ પુસ્તકો કે જે હાલ વેચાણમાં છે તે તમામ પુસ્તકોની સામે સ્ટોકમાં રહેલ નકલોની યાદી તૈયાર કરી તેના એક કે વધુ સેટોની ખરીદી માટે રાહતના ભાવ નિયત કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં પ્રકાશનોના પાંચ સેટ જે સંલગ્ન કોલેજને કે સંસ્થાઓ ખરીદે તેને તેમની ખરીદી ઉપર ૩૧ ટકાને બદલે ૪૦ ટકાનું વળતર આપવાનું રાખવું.

૫૪. ફાઇનાન્સ સમિતિની તા. ૩૦-૧૧-૧૯૭૭ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩૦-૧૧-૧૯૭૭ની સભાની ભલામણ નં. ૩ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવી અને બાકીની ભલામણો મંજૂર કરવી :

યુનિવર્સિટી કેમ્પસમાં ગટર માટેની પી. વી. સી. પાઈપ્સના ભાવમાં મે. ટ્રેડ લિન્ક એજન્સી પોતે ટાંકેલા ભાવમાં તેના ૨૦ ટકા જેટલું વળતર કાપી આપવા માટે તૈયાર હોય તો તે પાઈપ્સ તેની જણાવેલી અન્ય શરતોએ ખરીદવાનું રાખવું, અગર જો તેમ ન થઈ શકે તો શિવશક્તિ એન્ટરપ્રાઈઝીઝ પાસેથી નીચેના ભાવે ખરીદવાનું રાખવું :

1. PVC Pipes :	110 mm	4 Kg/cm².	600 Mtrs.	28.40 Mtr.	17,040.00
	90 mm	4 Kg/cm².	400 Mtrs.	19.75 ,,	7,900.00
	160 mm	4 Kg/cm².	100 Mtrs.	61.45 ,,	6,145.00
					31,085.00

2. Special Fittings:

ELBOWS: Wavin India Ltd., do not manufacture Elbows in 90,110 and 160 mm. We, therefore, offer BENDS in all these sizes in place of Elbows which are generally used by all our clients:

Bends :	90 mm	25 nos.	50 nos.	21.10	1055.00
	90 mm	25 nos. in place of Elbow			
	110 mm	25 nos.			
		25 nos. in place of Elbows			
			50 nos.	43.40	2170.00
	160 mm	25 nos.			
		25 ,, in place of Elbows			
			50 nos.	128.00	6400.00
					9625.00

COUPLINGS : (Wavin offers Cement Sockets) and we quote for Cement sockets :

90 mm	150 Nos.	9·50 each	1425.00
110 mm	150 Nos.	17·50 „	2700.00
160 mm	150 Nos.	32.10 „	4950.00
			9075.00

NIPPLES : Wavin do not manufacture NIPPLES at all. Wavin Cement Sockets are generally used in place of Nipples and we quote for same :

Cement Sockets (in place of Nipples)

90 mm	25 Nos.	9.50 each	237.50
110 mm	25 Nos.	17·10	427·50
160 mm	25 Nos.	32·10	802.50
			1467.50

In case, however, you want to go in for our "Threaded Pieces" in Place of nipples (price list and catalogue enclosed for your perusal, we can offer 'Threaded piece in 90 and 110 mm but for 160 mm, we offer Flanged Tail piece with C. I. Flange and quote below :

Threaded piece 90 mm	25 Nos.	9·55	238.75
110 mm	25 Nos.	14·75	368.75
160 mm Flanged tail piece with C. I. Flange	25	62·80	1570.00
			2177·50

TEES : 90 mm	25 Nos.	31·95	798·75
110 mm	25 Nos.	50·75	1266·25
160 mm : This tees will be of cast iron with rubber rings	25 Nos.	180·00	4500.00
			6565·00

3. Solution for connection of above pipes and fittings :

Wavin Cement in 1 litre 4 litres 40% Rs. per litre. 160·00

(સદરહુ સમિતિની તા. ૩૦-૧૧-૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૫૫. સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારીગણનાં પગારધોરણો તેમ જ તે પર અનુદાન આપવા અંગેના રાજ્ય સરકારના તા. ૧૯-૧૦-૧૯૭૭ અને તા. ૭-૧૧-૧૯૭૭ના સરકારી ઠરાવો ક્રમાંક એન.જી.સી. ૧૩૭૭-ખ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સરકારી ઠરાવોની નોંધ લેવી.

વધુમાં આ સભા ઠરાવે છે કે સને ૧૯૭૩ના ગુજરાત યુનિવર્સિટી એકટ નં. ૬થી સુધારાયેલી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની કંડિકા ૩૯થી આ સભાને મળેલી સત્તાને આધારે સભાએ અગાઉ સંલગ્ન કૉલેજોના અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓનાં પગારધોરણો, સેવાની શરતો વગેરે અંગે લીધેલ નિર્ણયો લક્ષમાં રાખીને તેને તાત્કાલિક અનુદાનને પાત્ર ગણવા રાજ્ય સરકારને ભારપૂર્વક ભલામણ કરવી અને તેનો લાભ હાલમાં જે કર્મચારીઓ કૉલેજોની સેવાઓમાં ચાલુ છે તે તમામને લાગુ પાડવાનું રાખ્યું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. કુલપતિશ્રી
૨. આચાર્ય એસ. આર. ભટ્ટ
૩. આચાર્ય એમ. સી. શાહ
૪. આચાર્ય કે. એન. શાહ
૫. શ્રી. શરદભાઈ પટેલ.

૫૬. સરકારી ઇજનેરી કૉલેજોમાં પ્રવેશ માટેનાં સુધારેલાં ધોરણો અંગેના રાજ્ય સરકારના તા. ૭-૧૧-૧૯૭૭ના સરકારી ઠરાવ ક્રમાંક જીઇસી ૧૦૭૭-૭૧૫૫૮-ઘ ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૭. યુનિવર્સિટી દ્વારા લેવાતી પરીક્ષાઓમાં બેસતા વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા માટે સ્થાનિક કૉલેજોનાં મકાનો તેમ જ પ્રયોગશાળા મેળવવામાં છેલ્લાં કેટલાંક વર્ષોથી પડતી મુશ્કેલીઓ લક્ષમાં લેતાં આ અંગે કોઈ ધોરણ કે નિયમ ઘડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત જોઈતપાસીને પોતાની સુચિંતિત ભલામણો રજૂ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય ડી. ડી. દેસાઈ
૨. આચાર્ય કે. એન. શાહ
૩. આચાર્ય એસ. આર. ભટ્ટ
૪. આચાર્ય બી. એમ. પીરજાદા.

૫૮. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ભલામણો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાશ્નિકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૪-૧૧-૧૯૭૭ અને તા. ૧-૧૨-૧૯૭૭ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની સભાઓની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૪-૧૧-૧૯૭૭ અને તા. ૧-૧૨-૧૯૭૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૪-૧૧-૧૯૭૭ અને તા. ૧-૧૨-૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધોની નકલો સામેલ કરવામાં આવી નથી.)

૫૯. ફેબ્રુઆરી ૧૨ થી ૧૪, ૧૯૭૮ના સમય દરમિયાન રાષ્ટ્રીય હિન્દી પ્રસાર સંસ્થાન, અલ્હાબાદ મુકામે ત્રણ દિવસ માટે હિન્દી સંમેલન યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૦. નીચેની બાબતોની નોંધ લેવા બાબત :

(૧) યુનિવર્સિટીના જિમ્નેશિયમમાં "વુડન ફ્લોરિંગ તથા વધારાની લાઈટ"ની સુવિધા અંગેનો કુલ અંદાજી ખર્ચ રૂ. ૧,૫૦,૦૦૦નો માન્ય રાખી તે સામે યુ. ગ્રા. કમિશનના ૫૦ ટકા પ્રમાણેના ફાળા તરીકેની આર્થિક સહાય મંજૂર કર્યા અંગેના કમિશનના તા. ૪—૧૧—૧૯૭૭ના પત્ર ક્રમાંક એફ. ૧૮—૨—/૭૭(ડી ૪ એ)ની;

(૨) ઓક્ટોબર ૧૯૭૭ની પરીક્ષામાં એમ.ડી. બ્રાંચ ૩માં પ્રાશ્નિક-પરીક્ષક તરીકે ડૉ. એસ. આર. પરીખને નિમણુક મળવી જોઈએ તે અંગે ગુજરાતની વરિષ્ઠ અદાલતમાં રિટ અરજી નં. ૧૪૫૧ કરી હતી જે તેઓએ પાછી ખેંચી લેાઈ તે અંગે વરિષ્ઠ અદાલતે કરેલ નીચેના હુકમની :

"Mr. S. N. Shelat, Advocate for respondent-University, states that solely due to the exigencies of the examination work, the petitioner could not be appointed an examiner for M.D. Examination held by Gujarat University in October, 1977 and that he will be considered for the said appointment in future on merits as per rules. Thereupon Mr. M. R. Anand seeks leave to and is permitted to withdraw the petition. Rule is discharged with no order as to costs."

(૩) Adult / Continuing Education Programme હેઠળ યુ. ગ્રા. કમિશન તરફથી Electronicsનો અભ્યાસક્રમ સેન્ટ ઝેવિયર્સ કૉલેજ દ્વારા ચલાવવા માટે સને ૧૯૭૭-૭૮

અને ૧૯૭૮-૭૯ના બે વર્ષ માટે આવર્તક રૂ. ૨૦,૦૦૦ તથા અનાવર્તક રૂ. ૪૫,૦૦૦ મળી કુલ રૂ. ૬૫,૦૦૦/—ના અંદાજી ખર્ચના ૭૫ ટકા પ્રમાણે કમિશનના ફાળા તરીકેની રૂ. ૪૮,૭૫૦/—ની આર્થિક સહાય મંજૂર કર્યા અંગેના યુનિ. ગ્રાન્ટસ કમિશનના તા. ૫-૧૧-૧૯૭૭ના પત્રાંક એફ. ૭ ૩-/૭૧ (એચ. આઈ.) ઈ. આર.ની.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતોની નોંધ લેવી.

૬૧. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નવેમ્બર ૨૬ અને ૨૭, ૧૯૭૭ના સમય દરમિયાન મુંબઈ મુકામે યોજનાર Emerging Patterns of Political Party System in India ના પરિસંવાદમાં વિષયને અનુરૂપ પેપર પરિષદમાં સ્વીકારાયું હોવું જોઈએ તે બરતે શ્રી. પી. એન. શેઠની યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નિમણૂક કરવામાં આવી હતી પરંતુ પેપર રજૂ કરવા માટે ઓછા સમય હોવાથી તેઓને તેમાંથી મુક્તિ આપવા અંગેની તેમની વિનંતી મંજૂર કર્યાના;

(૨) નવેમ્બર ૨૮ થી ૩૦, ૧૯૭૭ના સમય દરમિયાન હિસાર (હરિયાણા કૃષિ યુનિવર્સિટી) મુકામે યોજનાર Environmental Pollution & Toxicology ના પરિસંવાદમાં ડૉ. એ. બી. વ્યાસને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલ્યાના;

(૩) તા. ૨૮-૧૧-૧૯૭૭થી તા. ૬-૧૨-૧૯૭૭ દરમ્યાન હૈદરાબાદ મુકામે મળનાર "વર્કશોપ ઓન સિલેબસ એન્ડ એકઝામિનેશન ઇન ઈંગ્લિશ"માં યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનના પ્રા. પી. કે. ઠાકર અને પ્રા. ટી. જે. પુરોહિતને ભાગ લેવા મોકલવા અંગેની પ્રો. આર. એ. મલાણીની ભલામણ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના તથા તેમને ટી.એ.-ડી.એ. આપવાનું મંજૂર કર્યાના;

[**નોંધ**.—યુ.જી.સી. તરફથી તેમને ટી.એ., ડી.એ. ન મળે તે સંજોગોમાં તે આપવાનુ થાય છે.]

(૪) નવેમ્બર ૪ થી ૭, ૧૯૭૭ના સમય દરમિયાન લખનૌ મુકામે યોજાયેલ Indian Societies of Endocrinology ની બીજી સભામાં હાજરી આપવા માટે યુનિ-વર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. (કુ.) એન. જે. ચિનોયને મોકલ્યાના;

(૫) ઑકટોબર ૨૯ થી ૩૧, ૧૯૭૭ના સમય દરમિયાન દાહોદ મુકામે યોજાયેલ Gujarat Economic Conference માં પ્રો. એમ પી. ભટ્ટે હાજરી આપ્યાનું માન્ય રાખ્યાના;

(૬) ઑકટોબર ૨૪ થી ૨૬, ૧૯૭૭ના સમય દરમિયાન જોધપુર મુકામે યોજાયેલ Indian Association for Management Development and Inter-University Council for Commerce and Research ના વાર્ષિક અધિવેશનમાં ડૉ. માધવ કેસ્કરને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નિમણૂક કર્યાના;

(૭) નવેમ્બર ૧૫ થી ૧૭, ૧૯૭૭ના સમય દરમિયાન વડનગર મુકામે યોજાયેલ ગુજરાત ઇતિહાસ પરિષદના નવમા અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. આર. એલ. રાવળને મોકલ્યાના;

(૮) પીએચ.ડી. પદવી માટે સાથેના પરિશિષ્ટ મુજબના વિદ્યાર્થીઓના મહાનિબંધ સ્વીકૃત ગણ્યાના;

(૯) ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે અમદાવાદ મુકામે અખિલ ભારતીય વિજ્ઞાન પરિષદનું ૬૫મું અધિવેશન યોજનાર હોઈ પરિષદમાં હાજર રહેનારાઓને કૉલેજનાં છાત્રાલયોમાં રહેઠાણની સુવિધા પ્રાપ્ત થઈ શકે તે માટે સલમ હજનેરી કૉલેજોમાં પણ તા. ૧ લી જાન્યુઆરી ૧૯૭૮ થી તા. ૮ મી જાન્યુઆરી ૧૯૭૮ સુધી શૈક્ષણિક કાર્ય બંધ રખાવવાના;

(૧૦) માર્ચ-એપ્રિલ ૧૯૭૭માં લેવાયેલ ફર્સ્ટ બી.કોમ. પરીક્ષાના વિદ્યાર્થી નં. ૪૬૩૦ શ્રી. કમલેશ શાહને આ પરીક્ષામાં ગેરરીતિ અજમાવ્યાના કારણે તા. ૩૧-૫-૧૯૭૮ સુધી આ યુનિવર્સિટીની કોઈપણ પરીક્ષા કે અભ્યાસક્રમમાં પ્રવેશ આપવાની મનાઈ ફરમાવવામાં આવેલી છે તે અંગે વિદ્યાર્થીએ ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૩૩૪/૧૯૭૭થી રિટ કરેલ તે કામમાં યુનિવર્સિટી તરફથી એડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ એન. શેલતને રોકયાના તેમ જ આ અંગેનું ખર્ચ મંજૂર કર્યાના;

[નોંધ.—વિદ્યાર્થીએ તેની રિટ અરજી પાછી ખેંચી લીધી છે.]

(૧૧) સમાજવિદ્યા ભવનના ભૂગોળ વિભાગ માટે પ્રાયોગિક કામ ત્વરિત શરૂ કરવાનું હોઈ હાલ ઉંગામી ધોરણે રૂ. ૪૦૦ના ઉચ્ચક માસિક પગારે તા. ૧-૧૨-૧૯૭૭ થી તા. ૩૧-૩-૧૯૭૮ના સમય માટે વિભાગના વડાની ભલામણને અનુલક્ષીને ફીલ્ડવર્ક સુપરવાઇઝર તરીકે શ્રીમતી અવંતિકા કે. પ્રજાપતિની નિમણૂક કર્યાના;

(૧૨) યુનિવર્સિટી કાર્યાલય, ભવનો, ગ્રંથાલય તથા યુનિવર્સિટી મુદ્રણાલયના શિક્ષકવર્ગના તથા બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને અનાજ, તેલ વગેરે જીવન-જરૂરિયાતની વસ્તુઓ ખરીદવા માટે ૧૦ સરખા હપતામાં વસૂલ થાય તે રીતે બે મૂળ માસિક પગાર અથવા વધુમાં વધુ રૂ. ૬૦૦ની મર્યાદાને આધીન રકમનું તસલ્લમાન (એડવાન્સ) આપ્યાના;

(૧૩) ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોના સુધારેલા પગારધોરણના સંદર્ભમાં યુનિવર્સિટીએ પ્રા. એમ. જી. પાઠકજીને રૂ. ૭૦૦-૧૧૦૦ના સીનિયર પગાર-ધોરણને પાત્ર ઠાદીમાં સામેલ ન કર્યા તે અંગે યુનિવર્સિટી અને અન્યની વિરુદ્ધ ગુજરાતની વડી અદાલતમાં કરેલી રિટ અરજી (ક્રમાંક ૧૩૪૭) પરત્વે યુનિવર્સિટી તરફથી એડવોકેટ તરીકે શ્રી સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાના તથા આ અંગે થનાર જરૂરી ખર્ચ મંજૂર કર્યાના;

(૧૪) એમ.એ. પાર્ટ-૧ પરીક્ષા માર્ચ-એપ્રિલ ૧૯૭૭ના વિદ્યાર્થી નં. ૨૮૭૪ શ્રી. રતિલાલ શામળભાઈ પટેલે ગુણ ચકાસણીના સંદર્ભમાં તેમને જે જવાબ મોકલ તેથી સંતોષ ન થતાં ઉત્તરવહી ફરી ચકાસવા માટે હાઈકોર્ટમાં સ્પે. સિવિલ એપ્લિ. નં. ૧૬૦૮ થી રિટ કરેલ જે ગુજરાત રાજ્યની વડી અદાલતે કાઢી નાખી છે તેની નોંધ લેવા બાબત તથા એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકયાના અને તે અંગેના ખર્ચ મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવા.

૬૨. સમાજવિદ્યાની વિદ્યાશાખામાં સંશોધન અંગેનું ઉત્કૃષ્ટ કાર્ય કરવા બદલ સને ૧૯૭૨ના વર્ષ માટેના 'આચાર્ય એમ. સી. દેસાઈ ચંદ્રક' માટેની તે અંગેની સમિતિની ભલામણ પરથી ડૉ. રમણલાલ કકલભાઈ ધારૈયાને પાત્ર જાહેર કરવામાં આવેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

